# બાપાશ્રીની વાતોનું એકીકરણ

સંકલન : અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૩૭

આદ્ય સંસ્થાપક : અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
નારણપુરા, અમદાવાદ - ૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

***જમણા ચરણકમળમાં નવ ચિહ્નો:**

**સ્વસ્તિક** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઈશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ** અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

### *ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો:

**મીન** સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ- સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ** ભગવત્સ્વરૂપની સર્વોપરિતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતારહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# બાપાશ્રીની વાતોનું એકીકરણ


: સંકલન :

❋ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ❋



સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૩૭

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
સર્વજીવહિતાવહ ગ્રંથમાળા
* પ્રકાશન સમિતિ *
: પ્રેરક - માર્ગદર્શક:
* અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર *


©શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

*પ્રથમ આવૃત્તિ*
પ્રત : ૩૦૦૦
૧૯૯૯, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૫૫ મહા વદ અમાસ

*સેવા મૂલ્ય* : રૂ.૨૫/-

*પ્રકાશક :*
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩

*મુદ્રક :*
ભગવતી ઓફસેટ
બારડોલપુરા, અમદાવાદ



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા **શ્રી સ્વામિનારાયણ ભગવાનના** આદર્શ તત્ત્વજ્ઞાનને સમજાવનારા, એ દિવ્ય સ્વરૂપની સર્વોપરિતા સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ મુક્તની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા- આ રીતે સમગ્ર માનવકુળ પર મહદ્ ઉપકાર કરનાર


પરમ કૃપાળુ

**અનાદિ મુક્તરાજ પ. પૂ.**

**શ્રી અબજીબાપાશ્રીના**

ચરણકમળોમાં સાદર

સમર્પિત.



રહસ્યજ્ઞાન પ્રદાતા અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા

# સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત -સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્યસુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી,

આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ -સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
**નારાયણભાઈ ગી. ઠક્કર**
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સ.૨૦૪૨, શ્રીહરિ જયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

આદ્ય સંસ્થાપક



અનાદિ મુક્તરાજ
પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

# નિવેદન

શ્રીજીમહારાજે પોતાનું સર્વોપરીપણું પ્રવર્તાવવા મચ્છ, કૃચ્છથી લઈને રામ, કૃષ્ણ આદિ અવતારોને પૃથ્વી પર પ્રગટ કર્યા, પરંતુ સામાન્ય કોટીના જીવો તે અવતારોમાં પોતાના કરતા વિશેષ ઐશ્વર્યશક્તિનાં દર્શન થવાથી તે અવતારોને ભગવાન સમજી તેમનું ભજન કરવા લાગ્યા. અંતે પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા અનંત મુક્તોને સાથે લઈ સર્વોપરી સનાતન ધર્મનું સ્થાપન કરવા પૃથ્વી પર પ્રગટ થયા.

તે સમયે અગાઉ અવતરી ચૂકેલા અવતારોની ઉપાસનાનું જોર ઘણું હતું. શ્રીજીમહારાજે જીવોને સમાધિ કરાવી પૂર્વેના સર્વે અવતારોને પોતાનામાં લીન કરી દેખાડ્યા ને પોતાનું સર્વોપરીપણું પ્રસ્થાપિત કર્યું. મુક્તોએ પણ તે કાર્યને જીવનમંત્ર બનાવી દીધો. આથી સર્વોપરી ધર્મના સ્થાપનનો કાર્યભાર મુક્તોના શિરે સોંપી શ્રીજીમહારાજ સ્વસ્વરૂપમાં લીન થયા- જો કે મુક્તો થકી પણ કર્તા તો પોતે જ હતા. શ્રીજીમહારાજના સ્વધામગમન બાદ પોતાના અવતારી કાર્યને વેગવંતુ કરવા શ્રીજીમહારાજે સ્વસંકલ્પે કરીને મહાસમર્થ અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીનું પ્રાગટ્ય કર્યું. પરમ પૂજ્ય બાપાશ્રીનું તો એક જ લક્ષ્ય હતું- વધુ ને વધુ જીવોને શ્રીજીમહારાજનું સર્વોપરીપણું દૃઢ કરાવી તેઓને શ્રીજીમહારાજની મૂર્તિના સુખભોક્તા કરવા એટલે કે અનાદિમુક્તની સ્થિતિ પમાડવી. તે માટે બાપાશ્રીએ અદ્‌ભુત અલભ્ય જ્ઞાનવાર્તા રૂપી પોતાની અખંડ સરવાણી વહેતી મૂકી.

શ્રીજીમહારાજના હૃદગત અભિપ્રાયને જેમ છે તેમ જાણનાર અ. મુ. સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના પટ્ટશિષ્ય સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીના પટ્ટશિષ્ય સ. ગુ. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીએ બાપાશ્રીની અમૃતવાણીને તે જ સ્વરૂપે પુસ્તકરૂપે લોકભોગ્ય

બનાવી, જે બાપાશ્રીની વાતો ભાગ-૧ અને ૨ સ્વરૂપે પ્રકાશિત થયેલ છે. બાપાશ્રીની અમૃતવાણીનો ધોધ અવિરત વહેતો હોવાથી તેમાં સર્વોપરી જ્ઞાનનાં વિવિધ પાસાઓ જેવા કે ભગવાનનું સર્વોપરી સ્વરૂપ. મહિમા. નિશ્ચય, આજ્ઞાપાલન, અનુભવજ્ઞાન, મુક્તોના ભેદ-સ્થિતિ-લક્ષણ. પંચવિષય ત્યાગ, ધ્યાનની લટક વગેરે તાણાવાણાની જેમ ગૂંથાયેલા છે. તેથી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના લાડીલા અનાદિ મુક્તરાજ પ. પૂ. શ્રી નારાયણભાઈ ઠક્કરે બાપાશ્રીની વાતોમાં સમાયેલા જ્ઞાનગાંભિર્યનું સુસ્પષ્ટ વર્ગીકરણ કરી તેને આ પુસ્તકરૂપે એક નવો ઓપ આપ્યો. આમાં દરેક વિષયને લગતી બાપાશ્રીની વાતોને એકત્ર કરી યોગ્ય શીર્ષક હેઠળ મૂકી, તેથી આ પુસ્તકનું-'બાપાશ્રીની વાતોનું એકીકરણ' એવું નામકરણ કર્યું.

અનાદિ મુક્તરાજ પ. પૂ. શ્રી નારાયણભાઈએ તો સત્સંગ તેમ જ માનવસમાજને અનેક રીતે ઉપકૃત કર્યો છે ને સમગ્ર માનવકુળ મળીને પણ તેનો બદલો વાળવા અસમર્થ છે. આજે જ્યારે પૂજ્યશ્રી નારાયણભાઈ મનુષ્યરૂપે બિરાજતા નથી ત્યારે આ મહાભિયોગ બદલ તેઓશ્રીનો આભાર માની હૃદયાંજલિ અર્પીએ. શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામવા ઇચ્છતા જ્ઞાનપિપાસુ મુમુક્ષુઓ માટે આ પુસ્તક એક અદ્વિતીય માર્ગદર્શિકારૂપ સાબિત થાય તેમ છે.

આ પુસ્તકના પ્રકાશનકાર્યમાં તન-મન-ધનથી સેવારૂપ થનાર હરકોઈ પર શ્રીજીમહારાજ ને તેમના મુક્તોની પ્રસન્નતા સદાય વરસતી રહે એ જ અભ્યર્થના.

૧૯૯૯, ૧૬ ફેબ્રુઆરી
સં. ૨૦૫૫, મહા વદ અમાસ

પ્રકાશન સમિતિ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
અમદાવાદ

☆ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈની દિવ્ય સ્મૃતિમાં આ પુસ્તક તેઓશ્રીના જન્મદિને [તા.૧૬ ફેબ્રુઆરી] પ્રકાશિત કરવામાં આવ્યું છે.

# અનુક્રમણિકા


| અનુ. | વિષય | પાન |
|---|---|---|
| ૧. | ભગવાનનું સ્વરૂપ-મૂર્તિ એ જ સર્વસ્વ | ૧ |
| ૨. | શ્રીહરિની સર્વોપરીતા | ૪૧ |
| ૩. | ભગવાનના સ્વરૂપનો નિશ્ચય | ૭૩ |
| ૪. | ભગવાનના પ્રતિમા-સ્વરૂપમાં પ્રત્યક્ષભાવ | ૮૩ |
| ૫. | ધ્યાન-અંતર્વૃત્તિ-સમાધિ | ૯૦ |
| ૬. | અનુભવ જ્ઞાન એ જ ખરું જ્ઞાન | ૧૦૭ |
| ૭. | ભગવાન ને સંત ઓળખવા એ તો જબરી ઘાંટી! | ૧૧૭ |
| ૮. | મુક્તોના ભેદ-લક્ષણ : તેમનો મહિમા-સમાગમ | ૧૨૮ |
| ૯. | દ્રોહનો નિષેધ-દ્રોહ કરવાનું પરિણામ | ૨૧૨ |
| ૧૦. | દાસત્વભાવમાં શ્રીહરિની પ્રસન્નતા | ૨૨૨ |
| ૧૧. | નિષ્કામીપણાની દૃઢતા | ૨૩૬ |
| ૧૨. | પંચવર્તમાનની દૃઢતા | ૨૪૫ |
| ૧૩. | 'સિંહણનું દૂધ તો હેમના પાત્રમાં જ રહે' | ૨૫૬ |
| ૧૪. | આમ વર્તે તે સાધુ પુરુષ | ૨૭૪ |

| | | |
|---|---|---|
| ૧૫. | રહસ્યાર્થ પ્રદીપિકા સહ વચનામૃત -અગમ્ય સુગમ થયું | ૨૯૧ |
| ૧૬. | દેવનો ધર્માદો ને દેવમિલકતની સ્પષ્ટતા | ૩૧૫ |
| ૧૭. | શ્રીહરિની ચરણરજની પ્રસાદીનો મહિમા | ૩૨૦ |
| ૧૮. | ગૂઢાર્થવાળાં જોડકણાં અને પંક્તિઓની આધ્યાત્મિક સમજૂતી | ૩૨૧ |
| ૧૯. | મુક્ત પુરુષોના પ્રેરક પ્રસંગો | ૩૨૫ |
| ૨૦. | પ્રસંગ અંતર્ગત બોધકથન | ૩૩૯ |
| ૨૧. | પ્રકીર્ણ આધ્યાત્મિક વાતો | ૩૮૯ |
| ૨૨. | ન્યાલકરણ બાપાશ્રી | ૪૧૪ |
| ૨૩. | બાપાશ્રીનો દિવ્ય પ્રભાવ | ૪૩૭ |
| ૨૪. | બાપાશ્રીના અંતિમ દર્શન : કલ્યાણમસ્તુ | ૪૪૮ |
| ૨૫. | બાપાશ્રીનાં અલૌકિક સંસ્મરણો | ૪૫૯ |


નોંધ : આ પુસ્તકમાં એક જ વિષયને લગતાં લખાણ જુદી જુદી વાર્તામાંથી તારવવામાં આવ્યાં છે. દરેક લખાણને લખાણની શરૂઆતમાં ક્રમ આપવામાં આવ્યો છે અને લખાણને અંતે બાપાશ્રીની વાતો (ત્રીજી આવૃત્તિ)નો ભાગ (૧ કે ૨) / વાર્તાનો ક્રમાંક / પાન નંબર તેનો ઉલ્લેખ આપવામાં આવેલ છે. તો તેની નોંધ લેવા વિનંતી.

# ૧

# ભગવાનનું સ્વરૂપ-મૂર્તિ એ જ સર્વસ્વ

સાધને કરીને મૂર્તિ સિદ્ધ કરવી.
પછી સાધનને મૂકી દેવાં. મૂર્તિ મળ્યા પછી એ સાધન
રાખવાં નહિ, એક મૂર્તિ જ રાખવી.

૧. જો મૂર્તિના સુખમાં ઊતરે તો સાધન માત્ર તે ભેળાં જ સિદ્ધ થઈ જાય છે પણ મૂર્તિને મૂકીને અનંત કલ્પ સુધી સાધન કરે તો પણ કાંઈ સિદ્ધ થાય નહિ. જેમ ઘાંચીનો બળદિયો ફર્યા કરે પણ પંથ ખૂટે નહિ તેમ એકલા સાધનથી પાર આવે નહિ. મૂર્તિ આવે તો કાંઈ અધૂરું રહે જ નહિ, જેમ સૂર્ય ઊગે ત્યારે રાત્રિ રહે જ નહિ તેમ. ૧/૪/૧૦

૨. નદી, તળાવ, સમુદ્ર તે પાણીને રહેવાનાં પાત્ર છે તેમાં સમુદ્ર શ્રેષ્ઠ પાત્ર છે. માટે સમુદ્ર જેવો પાત્ર થાય ત્યારે મહારાજની મૂર્તિ દેખાઈ આવે. જેમ વીજળીનો સંચો ચાલે છે તેના દીવા થઈને પ્રકાશ થાય છે ને જ્યારે સંચો બંધ થઈ જાય છે ત્યારે દીવાનો પ્રકાશ પાછો વળી જાય છે તેમ. એ દૃષ્ટાંતનું રહસ્ય એ છે જે સંચાને ઠેકાણે શ્રી મહાપ્રભુજીની મૂર્તિ છે, વીજળીને ઠેકાણે શ્રીજીમહારાજનું સુખ છે ને દીવાને

ઠેકાણે મુક્ત છે. જેમ દીવો પ્રકાશ કરી આપે છે તેમ મુક્ત મહારાજનું સુખ લઈને જીવોને આપે છે. મુક્ત વિના પરબારું મહાપ્રભુજીનું સુખ કોટી સાધને પણ મળતું નથી. તે પણ પાત્ર પ્રમાણે મળે છે. જો ગ્રહણ કરનાર પાત્ર ન હોય તો જેમ દીવાનો પ્રકાશ પાછો સંચામાં વળી જાય છે તેમ એ સુખ પાછું મહારાજ પાસે જતું રહે છે. વળી બીજું દૃષ્ટાંત : જેમ વીજળીનો ઝબકારો પૃથ્વી ઉપર આવીને પાછો આકાશમાં મેઘની ઘટામાં જતો રહે છે તેમ. ૧/૧૩/૩૨

૩. સાધુ કે સત્સંગીનો વેષ કરીને બેસીએ તો વેષમાં સુખ ન આવે. તે વેષ તે શું તો કંઠી, તિલક કરીને સત્સંગીનો વેષ લીધો ને ભગવાં લૂગડાં પહેરીને સાધુનો વેષ લીધો પણ સાધુનાં તથા સત્સંગીનાં લક્ષણ ન આવ્યાં હોય ત્યાં સુધી વેષ લીધો કહેવાય. માટે કંઠી ને તિલક એમ બે-ચાર પૈસાનો સત્સંગ ન કરવો. આત્માને વિષે શ્રીજીમહારાજ પધરાવવા. તો જ સત્સંગ કર્યો જાણવો. ૧/૧૫/૩૬

૪. શ્રીજીમહારાજની મૂર્તિમાં અનંત પ્રકારનાં સુખ, અનંત પ્રકારનાં ઐશ્વર્ય રહ્યાં છે તે સિદ્ધદશાવાળાને સર્વે ભેળાં આવે (અનુભવાય) છે; જેમ પાકમાં ઘી, ગોળ, સાકર, એલચી, તજ, લવિંગ એ સર્વેનો જુદે જુદે પ્રકારે ભેળો સુગંધ આવે છે તેમ. સાધનદશાવાળાને કારણ અને કાર્ય તે સર્વેનું નોખું નોખું સુખ આવે છે. મહારાજની મૂર્તિ અને એ મૂર્તિમાં રસબસ રહેલા મુક્ત કારણ છે અને સાધુ, બ્રહ્મચારી, આચાર્ય, સત્સંગી, ઉત્સવ, સમૈયા, ઘોડા, હાથી, રથ, વિમાન, પાલખી, બાગ, બગીચા એ સર્વે કાર્ય છે. ૧/૧૬/૩૯

૫. મૂર્તિનું સુખ આવે તો સર્વે વિષય, માન, મહોબત, સેવાભક્તિ તે જેમ પાણીમાં ભારે વસ્તુ નાખીએ તે દેખાય જ

નહિ તેમ વીસરી જાય અને એક મૂર્તિ જ દેખાય. રાગમાં, રંગમાં, કથામાં, વાર્તામાં મૂર્તિની સ્મૃતિ ભૂલી જવાય તો ચાળે ચઢી ગયા એમ જાણવું. શાસ્ત્ર ભણીને પાનું ઝાલીને કથા વાંચે ને જો મૂર્તિ ભુલાય નહિ તો તો ઠીક. જો મૂર્તિ ભૂલી જવાય તો જેમ રાંડીને ખૂણે બેઠી એવું કહેવાય. માટે અખંડ તેલધારાવૃત્તિ મૂર્તિમાં રાખવી. મહારાજની મૂર્તિ તેને મૂકીને કાર્ય જે સત્સંગની સેવા થાય તો તે મહારાજની મૂર્તિરૂપી નિશાનને ચુકાવી દે છે. શ્રીજીમહારાજે કાંકરિયાની ચોરાસી કરી ને પછી એ પ્રવૃત્તિ ટાળી નાખી એ વાત પોતાના એકાંતિક ભક્તને અર્થે મધ્ય પ્રકરણના ૨૨મા વચનામૃતમાં કહી છે. એકાંતિક (ભક્ત)ને કાર્યમાં સમાસ નથી અને નવા આદરવાળાને (કાર્ય) સમાસ કરનારું છે, શા માટે તો એથી બીજબળ થાય છે. આત્યંતિક કલ્યાણ તો મૂર્તિથી જ થાય છે. કાર્ય તો જેમ આકાશમાં રીંછડીઓ એટલે (ડુવાળા) બધે ભરાઈ જાય છે અને વરસાદ થાય એવો ભાવ જણાવે છે પણ વરસે નહિ, અને કદાપિ વરસે તો પૃથ્વી ભીની કરે પણ રેલ ચલાવે નહિ- એવું છે. કારણ જે મૂર્તિ તે તો જેમ મૂશળધાર વરસાદ વરસે તે પૃથ્વી દેખાય જ નહિ એવી રેલ ચઢાવે ને એકલું જળ જળ થઈ રહે તેમ જળને ઠેકાણે મૂર્તિ છે તે એકલી મૂર્તિ અણુ અણુ પ્રત્યે ભાસે એવું છે. ૧/૨૦/૪૫

૬. પરભાવની વાતોમાં જીવ (અંતરાત્મા) રાજી થાય છે અને આ લોકની વાતોમાં ઇન્દ્રિયો રાજી થાય છે. જપ, તપ આદિક સાધનથી કામાદિક શત્રુ ટળે નહિ અને ટાઢું પણ થાય નહિ. એ તો (સાથે સાથે) શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવાથી અંતરમાં ટાઢું થાય અને અંતઃશત્રુ વેરાભાઈની પેઠે નાશ થઈ જાય. તે તો જીવ કરતો નથી અને મોટા મુક્ત કેમ દોષ ટાળતા નથી એમ (વાંક કાઢે છે) સંકલ્પ કરે છે. બહારની કથા (એટલે

કે મૂર્તિ વિનાની અન્ય વાતો) જીવમાં ટાઢું ન કરે, એણે કરીને તો ઇન્દ્રિયોમાં ટાઢું થાય. કાર્યથી જુદો પડીને (મોટાનો જોગ કરી) મૂર્તિ પકડે તો સદા સુખિયો થઈ જાય. મોટાનો જોગ કરીને મૂર્તિ પામવી. જોગ કર્યાનું ફળ તો જ મળ્યું જાણવું. ૧/૨૯/૫૩

૭. જેમ શાળ ઉપર ફોતરું હોય છે તેણે કરીને દાણા પાકે છે. પછી જેમ ચોખા કાઢી લઈને ફોતરાનો ત્યાગ કરીએ છીએ તેમ સાધને કરીને મૂર્તિ સિદ્ધ કરવી. પછી સાધનને મૂકી દેવાં. મૂર્તિ મળ્યા પછી એ સાધન રાખવાં નહિ, એક મૂર્તિ જ રાખવી, કેમ જે મૂર્તિ અંગી છે ને સાધન અંગ છે. જેમ પંખી અંગી છે ને પાંખો અંગ છે તેમ કારણ (મૂર્તિ) તે અંગી કહેવાય અને કાર્ય તે અંગ કહેવાય. સાધને કરીને મૂર્તિની પ્રાપ્તિ થાય છે પણ સાધનનો ખખા (ભાર) રાખવો નહિ. જો ખખા રાખે તો (તે) મૂર્તિમાં ચોંટવા દે નહિ. જેમ જળમાં લાકડું નાખીએ તો જળથી બહાર નીકળી જાય પણ પથ્થર બહાર નીકળે નહિ તેમ. સાધનનો ખખા ન રાખીએ ને એક મૂર્તિ જ રાખીએ તો મૂર્તિથી બહાર નીકળાય નહિ. મૂર્તિ મૂકીને વિદ્યા, સાધન એ આદિકને સંભારે છે તે હલર-વલર (ચૂંથાચૂંથ) કરે છે, જ્યારે મહાપ્રભુજી અને મોટા મુક્ત તે એમ જાણે જે આ બાળકિયા (મૂર્તિમાં સ્થિર ન થવાય એવા) સ્વભાવ કરે છે. પદાર્થ (સાધન-સામગ્રી) પોતે ભેળાં કરે અને તેણે કરીને ઉત્સવ, સમૈયા કરે ને તેને સંભારીને રાજી થાય તે કાર્ય કહેવાય પણ એકાંતિક ભાવવાળાને એણે કરીને સુખ ન થાય. આ વાત જે મૂર્તિમાં રહેતા હોય તેની છે. ૧/૨૯/૫૩

૮. જેમ ઉપવાસીને જમવાની ત્વરા થાય છે તે રસોઈનો સામાન ભેળો કરીને રસોઈ કરે છે તેમ તત્પર થઈને જો વિધિ (ભક્તિ) એટલે (પ્રસન્નતાના) સાધન કરે તો દોષ બળી જાય.

જીવને મૂર્તિ ધારવામાં શ્રદ્ધા (ટકતી) નથી અને આળસ રાખે છે એટલે મૂર્તિ સિદ્ધ થાતી નથી. ખબડદાર થઈને પુરુષપ્રયત્ન કરે તો મૂર્તિ દેખાય. ૧/૨૮/૫૭

૯. આ જીવને મહારાજના અલૌકિક સુખમાં વૃત્તિ ચોંટતી નથી ને માયિક દુઃખમાં વળગી રહે છે. તેણે આત્માને નુકસાન કર્યું માટે આત્મઘાતી થયો તે પંચ મહાપાપીથી પણ ઘણો પાપી છે; શા માટે જે ચોરાશીમાં આથડવું પડે. મહાપ્રભુજી વિના બીજે હેત રહે તે મોટું પાપ છે. જેમ ભરતજીને મૃગનો દેહ લેવો પડ્યો તેમ. રબારીનો છોકરો મરે ત્યારે રુએ તે એમ બોલે જે, કાગડો થઈને દૂધ પીવા આવજે અને વાઘ થઈને બકરું ઉપાડવા આવજે -એવું અજ્ઞાન છે. તેમ જ સાધુને શિષ્ય મરે ત્યારે શોક કરે જે એવો નહિ મળે; ને પદાર્થ, પુસ્તક, આસન, તુંબડી એ આદિક પદાર્થ સારુ કજિયા (કલેશ-કંકાસ) કરે તે પણ રબારી જેવો જ અજ્ઞાની છે. ૧/૪૭/૯૦

**૧૦.** મહારાજની મૂર્તિમાંથી તરેહ તરેહનાં અનંત સુખ આવે છે. જેમ મહારાજની વાતો એકની એક નિત્યે કરીએ તો આનંદ ન આવે અને જો નિત્ય નવી નવી વાતો થાય તો આનંદ વધતો જાય તેમ. મહારાજનું સુખ નવું નવું છે ને અનંત પ્રકારનું છે. તે સુખને મૂકીને જીવ છે તે કાર્યમાં સુખ માને છે ને મૂર્તિને પડી મૂકે છે. જેમ શ્રીજીમહારાજના બાળકેશ ઉતરાવ્યા ત્યારે ધર્મપિતા અને ભક્તિમાતા બ્રાહ્મણોને જમાડવાની સરભરામાં રહ્યાં ને મહારાજને ભૂલી ગયાં તો કાળીદત્તે આવીને વિઘ્ન કર્યું. તેમ મહારાજને જીવ ભૂલી જાય એટલે કામ, ક્રોધાદિક શત્રુ છે તે જીવને વિઘ્ન કરે છે. ૧/૫૦/૯૬

**૧૧.** મહારાજની મૂર્તિ વિના બીજું વર્ણન છે તે તો નાવ વિના સમુદ્રમાં પડ્યા જેવું છે. એ તો મરી જવાય એટલે

કરનારનો કે સાંભળનારનો મોક્ષ ન થાય; માટે પ્રગટ શ્રીહરિના ઉપાસકને તો પ્રગટના પ્રસંગની વાતો કરવી. જ્યારે મહારાજની વાતો કે કથા થાતી હોય ત્યારે મહારાજ અને મુક્ત આવીને વિરાજમાન થાય છે ને બહુ રાજી થાય છે. (પ્રસન્નતા વરસાવે છે), અને મહારાજ વિના બીજો પ્રસંગ આવે તો બહુ કુરાજી થાય છે -જે આવા મોટા મુક્ત તે જીવોને મળ્યા તો પણ માયિક આકારને સંભારે છે. તે કેવું કરે છે તો જેમ ચક્રવર્તી રાજા આગળ પટેલની મોટપ વર્ણવે તેમ કરે છે. માટે મહારાજની કથા-વાર્તા થાતી હોય ત્યાં બીજી પરોક્ષ વાત ન કરવી. આપત્કાળ વિના જો મહારાજના પ્રસંગ વિના બીજો પ્રસંગ કાઢે (ઉચ્ચારાય) તો જેમ કોઈકને જમવા બેસારીને પીરસે નહિ તો તે નિરાશ થઈને ઊઠી જાય ને તેને જેવું વસમું લાગે તેવું મહારાજને તથા મુક્તને વસમું લાગે છે. ૧/૫૧/૯૮

૧૨. જેમ આપણાં નેત્ર ઉઘાડીએ, ત્યારે નદી, ઝાડ, પહાડ, સમુદ્ર, સૂર્ય, ચંદ્ર, તારા, આકાશ, મનુષ્ય, પશુ, પક્ષી આદિક અનેક પદાર્થ દેખવામાં આવે અને નેત્ર મીંચીએ (અંતર્વૃત્તિ કરીએ) તો કાંઈ દેખાય નહિ; એક મૂર્તિ જ દેખાય છે, તેમ બહાર દૃષ્ટિવાળાને અનંત ઐશ્વર્ય, ધામ, લોક, ભોગ એ સર્વ દેખવામાં આવે છે. અંતર્દૃષ્ટિવાળો નેત્ર મીંચે કે તુરત જ મૂર્તિ, ધામ ને મુક્તને દેખે અને તે વિના બીજું કાંઈ છે જ નહિ એવું થઈ જાય. માટે મૂર્તિમાં જ નિમગ્ન રહેવું. મૂર્તિમાં રહીને કથા-વાર્તા કરવી અને વાતમાં મૂર્તિનું બીજ લાવવું પણ બીજે ડોળે ફરવા (ચડી) જાવું નહિ. ૧/૫૨/૯૯

૧૩. જેમ રાજા પાસે જાવું હોય તે પ્રથમ ઘરે ઘરે ફરીને છેલ્લીવારે રાજાને સલામ ભરે તો તે રાજા રાજી થાય નહિ. તેમ બધું સંભારતાં સંભારતાં છેલ્લીવારે મહારાજને

સંભારે તો મહારાજ રાજી થાય નહિ. માટે ક્ષણવાર પણ મૂર્તિ ન ભૂલવી. ૧/૫૨/૯૯

**૧૪.** (જે) એક મૂર્તિમાં જ જોડાઈ જાય એને મહારાજના જ્ઞાનની ને સુખની વાતોનાં જીવમાં સાર પડી જાય ને જીવ સરાઈ જાય તે મૂર્તિ વિના રહી શકે નહિ. સુખ મહારાજમાં છે અને માગવા બીજે જાય છે, એટલે કાર્યમાં સુખ માને છે ત્યાં સુખ ક્યાંથી હોય? જેમ રાજાને પડ્યા મૂકીને વસ્તી પાસે સુખ માગે તે ક્યાંથી મળે? માટે કાર્યને પડ્યું મૂકીને કારણ જે મૂર્તિ તેમાં ચોંટી પડે તો સુખ મળે. ૧/૫૨/૧૦૦

**૧૫.** જો શ્રોતા-વક્તા બે યની આતુરતા હોય તો મૂર્તિરૂપી ફળ પ્રાપ્ત થાય પણ નપુંસકથી ન થાય, તે કરોડ જન્મે પણ ન થાય. તે શ્રોતા-વક્તાની વિક્તિ જે જેને મોટા મુક્તની વાતમાં વિશ્વાસ ને શ્રદ્ધા (આસ્તિકપણું) ન હોય ને સંશય થાય તે નપુંસક શ્રોતા જાણવો; તેને જોગ-સમાગમનું સુખ ન આવે, અને જેને વિશ્વાસ હોય, શ્રદ્ધા હોય ને સંશય ન થાય તે શ્રોતા ઉત્તમ જાણવો, તેને સમાગમનું સુખ આવે. જે વક્તાને મહાપ્રભુજીની મૂર્તિનો સંબંધ ન હોય તે વક્તા નપુંસક જાણવો અને જે વક્તાને મૂર્તિનો સાક્ષાત્ સંબંધ હોય તે વક્તા ઉત્તમ જાણવો. મહારાજના સંબંધ વિનાની જે જે વિદ્યા ભણવી, કથા કરવી, વાર્તા કરવી, સેવાભક્તિ કરવી તે સર્વે નપુંસક છે ને નિર્બિજ છે. જે સત્સંગ કરે છે ને મહારાજને કર્તા ને અંતર્યામી જાણે છે છતાં પણ મનમાં ખોટા ઘાટ થાય છે અને તેને ઉપજવા દે છે તેણે મહારાજની અને મુક્તની મર્યાદા ન રાખી, માટે તે પણ નપુંસક ને નિર્બીજ છે. જે મહારાજને અને મોટાને સદાય અંતર્યામી જાણે ને ભેળા સમજે ને ખોટા ઘાટ ન થવા દે ને મર્યાદા રાખે તે સબીજ ને આસ્તિક છે. ૧/૬૩/૧૨૧

૧૬. જીવમાં મહારાજ પધરાવ્યા ક્યારે કહેવાય? 'બાપાશ્રી' બોલ્યા જે, જ્યારે મોટા મુક્ત મળે ને નવો જન્મ આપે, આશીર્વાદ આપે ને (ચૈતન્યમાં) મૂર્તિ પધરાવી દે ત્યારે મહારાજની મૂર્તિનું ધ્યાન કરે તો મૂર્તિનો સાક્ષાત્કાર થાય અને ધ્યાન ન કરે તો અંત સમયે મોટા મૂર્તિનો મેળાપ કરાવે. ૧/૭૪/૧૩૭

૧૭. જેમ બાજરો વાવીને પકવીને પેદા કરતો હોય તેને કોઈ હજારો પારસમણિઓ આપે તો તે બીજા ઉદ્યમ કરવા પડ્યા મૂકે, તેમ ઘણાક પ્રકારની વાસના હોય પણ મૂર્તિ મળે તો તે સર્વે બળી જાય છે. આ મોંઘી વસ્તુના ઘરાક થવું. બીજું બધું મળે પણ આ વસ્તુ જે શ્રીજીમહારાજ તથા મુક્ત તે ન મળે.

૧૮. મહારાજની મૂર્તિનું સુખ આપણને મળ્યું છે તેને ભૂલી જવું નહિ. એને ભુલાવનાર ઘણા છે; અંતર ભુલાવે, બહાર ભુલાવે, લોક ભુલાવે, મા-બાપ ભુલાવે અને સત્સંગી પણ ભુલાવે -એવાં ઘણા વિઘ્ન છે જે એ માર્ગ હાથ ન આવવા દે. તેથી મૂર્તિ વિના બીજું પ્રધાન જણાય તો એટલું અધૂરું જાણવું. ૧/૨૪/૫૨

૧૯. જ્યારે પોતાપણું કાંઈ ન રહે ત્યારે તે પતિવ્રતાનું અંગ જાણવું. આવું અંગ થાય તે જ સુખિયા થાય છે અને જે પોતાપણું રાખે તે દુ:ખિયા રહે છે. જેને મહાપ્રભુજીની મૂર્તિમાં તાન હોય તેનો પાકો પાયો કહેવાય. જેને રાગ, રંગ, વિલાસમાં તાન હોય તેનો પાકો પાયો ન કહેવાય. ૧/૭૮/૧૪૩

૨૦. જેને દૃઢ આત્મનિષ્ઠા થઈ હોય ને શ્રીજીમહારાજની મૂર્તિને આકારે દૃષ્ટિ થઈ હોય તેને પ્રસાદી ને વગર પ્રસાદી બે ય સરખું છે. ને તેનો જ પાકો પાયો છે. જેને દેહાભિમાન હોય તે ચેલા પાસે સેવા કરાવવા સારુ પગલાં-પ્રસાદી રાખે ને પ્રસાદીનો મહિમા વધારે પણ પ્રસાદી તો કાર્ય છે ને મૂર્તિ તો કારણ છે. માટે મૂર્તિ આકારે વૃત્તિ કરવી. એ જ અવશ્ય કરવાનું

છે. જેને મૂર્તિ આકારે દૃષ્ટિ ન થઈ હોય ને નવા આદરવાળા હોય તેને એ પ્રસાદી પવિત્ર કરે છે ને મહારાજની સ્મૃતિ કરાવે છે. જેને મૂર્તિમાં જોડાવું હોય તેને તો કાર્ય માત્રને વિસારીને એક મૂર્તિમાં જ દૃષ્ટિ રાખવી. પ્રસાદીની વસ્તુમાં પણ હેત રહે ને અંત વખતે સાંભરી આવે તો મોક્ષમાં વાંધો આવે. મૂર્તિ વિના બીજું સર્વે બંધનકારી છે. ૧/૭૮/૧૪૩

**૨૧.** આ જીવને મંદવાડ છે તે ભજિયાં-વડાં ભાવે છે. તે શું તો મહારાજની મૂર્તિ વિના અન્ય પદાર્થમાં રુચિ તે જ મંદવાડ છે. તે આ ફેરે મહારાજ ને મોટા મળ્યા છે તે રહેવા દેશે નહિ. ૧/૮૯/૧૬૩

**૨૨.** જેને આત્મનિષ્ઠા ન હોય તેને મહારાજ અથવા મુક્ત સમાધિ કરાવે ને તેને તેજનો સમૂહ દેખાય તો લાડકીબાઈની પેઠે બીક લાગે; જેમ વરસાદમાં કડાકા થાય ત્યારે બાળક બીએ તેમ. સ્વરૂપનિષ્ઠાવાળાને તો ધ્યાનમાર્ગમાં એ કાંઈ આડું આવતું નથી. એને તો વ્યતિરેક મૂર્તિ એક જ રહે છે; અને જે સમાધિ માર્ગમાં જાય છે તેને પ્રણવ અને નાદ આડા આવે છે. તે પર્વતભાઈ મયારામ ભટ્ટને કહેતા જે તુર્યા અવસ્થા ને મહાકારણ દેહ તે શ્રીજીમહારાજના ધામથી ઓરાં છે. તમે તુર્યા અવસ્થા ને મહાકારણ દેહ તેની વાત પ્રત્યક્ષ મૂર્તિને મૂકીને શું કૂટ્યા કરો છો? તુર્યા અવસ્થા તો ધામમાં જતાં માર્ગમાં આવે છે. તે અમે ભાળી છે, એમાં કાંઈ માલ નથી. શ્રીજીમહારાજની મૂર્તિ વિના સર્વે કાચું છે અને પ્રણવ ને નાદ તે પણ મૂળપુરુષના અંગૂઠામાંથી નીકળે છે ને એ સર્વે મૂળપુરુષનું કાર્ય છે. માટે એને સંભારવાં નહિ. ૯૦/૧૬૫

**૨૩.** મહારાજનો મહિમા જણાય તો સાધનનો ભાર રહે નહિ અને મહિમા ન જણાય તો જપ, તપ, ત્યાગ, વૈરાગ્ય આદિ

સાધનનો ભાર જણાય. જેમ ભાતુ બાંધીને ચાલ્યો તે ભારે મરે અને તેને ખાવાના સંકલ્પ કર્યા કરે, અને જે ખાઈ ગયો તેને ભાર પણ ન રહે ને સંકલ્પ પણ ન થાય; તેમ જેને મહાપ્રભુજીનો મહિમા છે ને સ્વરૂપનિષ્ઠાવાળો છે તે તો મહારાજની મૂર્તિના સુખરૂપી સમુદ્રમાં ઝીલ્યા કરે ને એને કોઈ વિઘ્ન આડું આવે નહિ. સાધનના ભારવાળાને તો કોઈ મોટાનો અવગુણ પણ આવી જાય તથા ભૂંડા દેશકાળ પણ લાગી જાય ને કલ્યાણના માર્ગમાં મોટું વિઘ્ન આવી જાય ને સાધન કરેલાં હોય તે પણ જતાં રહે. સાધન છે તે માગેલાં ઘરેણાં જેવાં છે. તે કોઈક લઈ પણ જાય. માટે સાધનનો ભાર ન રાખવો. મૂર્તિ મુખ્ય રાખવી. ૧/૯૧/૧૬૬

૨૪. બાળ અવસ્થામાંથી એકદમ વૃદ્ધ થઈ જાવું ને મૂર્તિમાં જોડાઈ જાવું ને એક મૂર્તિ ને મુક્ત તે જીવન માનવું. જેમ માછલાંને જળ જીવન મનાણું છે તો મોટા મોટા મગર ને મોટા મોટા હાથી તણાઈ જાય પણ માછલું ઘણે ઊંચેથી ધારોડો પડતો હોય તેના સામું ચઢી જાય છે, તેમ મહારાજનું સુખ લેવામાં બળ આવે. ૧/૯૮/૧૭૮

૨૫. બધા ગુણ શ્રીજીમહારાજના છે. કદાપિ શ્રીજીમહારાજ પોતાના ગુણ કોઈકને કિંચિત આપે તો તે પોતાના ન માનવા. ધણીના માનવા. ધૂળ ઘાલી તે શું થાય? આ ધૂળ નથી ઘાલી. આ તો શ્રીજીમહારાજની ચૂંદડી ઓઢી છે. તે ધન્ય ભાગ્ય છે; જેટલું રાજાનું એટલું રાણીનું રાજ્ય થઈ ગયું છે. જુઓ તો ખરા, ભીખ માગી ખાતા હતા તે મટી ગયું; એ મહારાજનો પ્રતાપ છે. આવો અવસર ફરી નહિ આવે. ૧/૧૦૩/૧૮૭

૨૬. માંડવીનો ભાટિયો પરણીને આવતો હતો, તે દરિયામાંથી તો પાર ઊતર્યો પણ ધામધૂમ કરવા રહ્યો એટલામાં નદી આવી તે તાણી ગઈ. માટે ધામધૂમ કરવા ન રહેવું. પુસ્તક,

ચેલા, ધર્માદા આદિક નવાં નવાં ચરિત્ર કરવાં તે સર્વે ધામધૂમ છે. તે ધામધૂમરૂપી કાર્યમાં રખડવું (અટવાઈ જવું) નહિ. તેને મૂકીને મૂર્તિમાં જોડાવું. બેઠે બેઠે તરંગ કરવા નહિ. યાત્રા કરવા જાવું, સભાઓ જીતવી, સમૈયા કરવા તે સર્વે ધામધૂમ છે. મૂર્તિને વિસારીને તે ન કરવું. ૧/૧૦૩/૧૮૭

૨૭. મહારાજને સન્મુખ રાખે તો સાધનની મહત્તા ટળી જાય. ઠરાવવાળો દુઃખિયો અને અંત અવસ્થાવાળો સુખિયો માટે જાણપણારૂપ દરવાજે ઊભા રહીને મહારાજને સંભારવા. જો એકલું સેવાભક્તિરૂપ થઈ જવાય તો પણ બંધન કરે. અધિકારવાળો પણ દુઃખિયો. ૧/૧૦૪/૧૮૯

૨૮. જીવની અંતર્ગત ઈશ્વર એટલે મૂળપુરુષ જે શ્રીકૃષ્ણ તે રહ્યા છે અને તેની અંતર્ગત શ્વેતદ્વીપપતિ વાસુદેવબ્રહ્મ રહ્યા છે ને તેની અંતર્ગત અક્ષર રહ્યા છે અને તે અક્ષરથી પર ને તેના કારણ અને પોતાના તેજવડે કરીને તેમના આધાર ને અંતર્યામી ને કારણ ને નિયંતા એવા શ્રી પુરુષોત્તમ ભગવાન તે શ્રીજીમહારાજ છે; તેમની સાક્ષાત્કાર પ્રાપ્તિ જીવને શી રીતે થાય? બાપાશ્રી બોલ્યા જે જ્યારે પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામેલા મુક્તનો જોગ થાય ત્યારે તે મુક્તને પ્રતાપે કરીને શ્રી પુરુષોત્તમની દૃઢ ઉપાસના થાય, ત્યારે તેને પડદા (આવરણો) રહેતા નથી; અને પુરુષ તથા બ્રહ્મ તથા અક્ષર તે કોઈનો ભાર કે મહત્તા કે સારપ રહેતી નથી. એક શ્રી પુરુષોત્તમ જે શ્રીજીમહારાજ તેમની જ સારપ ને મહત્તા રહે છે. એ તો છતે દેહે જ શ્રી પુરુષોત્તમ પાસે પહોંચી ચૂક્યો છે. આજ મોટા પુરુષોએ એવી રચના બાંધી દીધી છે કે સર્વે ટૂંકામાં લાવી દીધું છે. આજ તો પરબાર્યો સીધો રસ્તો મળ્યો છે; ક્યાંય ફરવા જવું પડે તેમ નથી. બધું જ્ઞાન કહેવા જઈએ તો પાર આવે નહિ. આ ત્રણ શબ્દ "પુરુષ, બ્રહ્મ

ને અક્ષર" એ જુદા કાઢી નાખીએ એટલે તરત શ્રી પુરુષોત્તમની સમીપે પહોંચીએ. માટે પોતાને શ્રી પુરુષોત્તમના તેજરૂપ માનીને, એ તેજમાં મૂર્તિ જોવી. અર્થાત્ શ્રી પુરુષોત્તમના તેજમાં પોતાના આત્માને લીન કરીને એ તેજમાં મૂર્તિ ધારવી અથવા અનાદિમુક્તરૂપ માનીને મૂર્તિમાં રહીને મૂર્તિ જોવી પણ મૂર્તિમાન મૂળઅક્ષરરૂપ માનવું નહિ. કેમકે જે વસ્તુરૂપ થઈએ તે વસ્તુની પ્રાપ્તિ થાય. આમ શ્રી પુરુષોત્તમ વડે જ શ્રી પુરુષોત્તમનું દર્શન થાય, પણ મૂળઅક્ષરરૂપ થવાથી શ્રી પુરુષોત્તમનું દર્શન થાય નહિ. માટે પોતાને પુરુષોત્તમરૂપ માનવું. ૧/૧૦૫/૧૯૦

૨૯. ભક્તિ કરતાં જો ઈર્ષ્યા આવે તો ભક્તિ નિષ્ફળ થઈ જાય. જેમ ઝાડ વાવીને પાણી પાય પણ જો કવા આવે તો ફળ ન આવે તેમ થાય. જો જીવને હુંપણું ટળી જાય તો સર્વે દોષ નાશ થઈ જાય. આત્મા શુદ્ધ થાય ત્યારે મૂર્તિ દેખાય. મૂર્તિરૂપી અમૃત મૂકીને વિષ ન ખાવું. મૂર્તિ વિના બીજું સર્વે વિષ જેવું છે. "અમૃત રસ મેલી રે વિષ હું શીદ ચાખું". ૧/૧૦૬/૧૯૨

૩૦. શેદલાના પ્રાણજીવનભાઈએ પૂછ્યું જેઃ જેમ આ લૌકિક પદાર્થ સર્વે દેખાય છે તેમ જ (જો) મહારાજ દેખાય તો જીવ મહારાજને મૂકે નહિ. ત્યારે બાપાશ્રી બોલ્યા જે આ જગ્યાએ દ્રવ્યનો ભંડાર દાટ્યો છે એમ કોઈક કહે તો જેને વિશ્વાસ હોય તે ખોદે તો દ્રવ્ય નીકળે.

પછી માલણિયાદના અમીચંદભાઈ પૂછ્યું જેઃ ખોદવાની શ્રદ્ધા ન હોય તો કેમ કરે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે શ્રદ્ધા તો મહારાજ ને મોટા આપે પણ વિશ્વાસ નથી. જીવ તપાસ કરતો નથી. એટલે અંતરમાં જોતો નથી જે આ વાતોમાંથી મેં કેટલી ગ્રહણ કરી. જો તેમ કરે તો દોષ માત્ર નાશ થઈ જાય ને મૂર્તિ દેખાય ને સુખ આવે. ૧/૧૦૮/૧૯૫

૩૧. કોઈ હરિભક્તે પ્રશ્ન પૂછ્યો જે ખરો મહિમા સમજવાનો શો ઉપાય છે?

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રદ્ધા સહિત શ્રીજીમહારાજનાં વચન પાળવા માંડે તો જેમ જેમ પાળતો જાય એટલે વચનમાં વર્તતો જાય તેમ તેમ અંતરમાં સિદ્ધતા થાતી જાય ને બ્રહ્મભાવને પામતો જાય. આમ સાક્ષાત્ શ્રીજીમહારાજના સુખનો અનુભવ થાય ત્યારે ખરો મહિમા જાણ્યામાં આવે. શ્રીજીમહારાજ ને મુક્ત સદાય પ્રગટ ને સાક્ષાત્ બિરાજે છે એવું જણાતું નથી. (એવી દૃઢ સમજણ થાય નહિ) ત્યાં સુધી મહિમા સમજાય નહિ ને સુખમાં પણ ફેર રહે. એ તો અનાદિમુક્તનો જોગ કરીને મૂર્તિનો સાક્ષાત્કાર થાય ત્યારે યથાર્થ મહિમા સમજાય. મહારાજનું સુખ તો બહુ જ જબરું છે, તે તો જો મોટાનો વિશ્વાસ રાખીને મંડે તો એ સુખની પ્રાપ્તિ થાય. ૧/૧૨૦/૨૧૦

૩૨. સ્વામિનારાયણનું સુખ જે લે એટલે જેને ખપ હોય તેના કામનું છે. બીજાના કામનું નથી. જેમ બાપના ઘરમાં લાખો રૂપિયા હોય પણ બાળકને ખબર ન પડે તેમ જેને શ્રીજીમહારાજનું સુખ સમજાણું હોય તે તો, એ સુખમાં જે કોઈ જતો હોય તેને અહીં આ લોકમાં રોકી રાખવાનો સંકલ્પ ન કરે. ભગવાનના ભક્ત ધામમાં ગયા હોય તેમને સંભારીએ ત્યારે ભગવાન ભજવામાં કામ આવતા એવા ભાવથી સંભારવા, પણ વ્યવહારિક કામમાં ઉપયોગી હતા એવા ભાવથી ન સંભારવા. ૧/૧૩૦/૨૨૯

૩૩. મૂર્તિથી બહાર જેટલું સુખ મનાય છે તે અજ્ઞાન છે. તેને ટાળીને સર્વે ક્રિયા મૂર્તિમાં રહીને કરવી, પણ મહારાજને મૂકીને કોઈ ક્રિયા કરવી નહિ. આ મંદિરમાં પાણો ચઢાવતાં ચાર જણથી ન ચઢ્યો ત્યારે ચારે જણને કોરે ખસેડીને હુંપણું લાવીને

સાધુ હરિપ્રિયદાસે ચઢાવ્યો. તેને સ્વામી અક્ષરજીવનદાસજીએ કહ્યું જે શ્રીજીમહારાજને વિસારીને હુંપણું લાવીને પાણો ચઢાવ્યો તે ઠીક ન કર્યું. સર્વે ક્રિયા શ્રીજીમહારાજને સાથે રાખીને, એમની ને મોટા મુક્તની પ્રસન્નતાને અર્થે કરવી, પણ વખાણ માટે કે માન માટે ન કરવી. ૧/૧૩૫/૨૩૪

**૩૪.** જાગ્રતમાં તો સ્મૃતિ રખાય પણ સ્વપ્નમાં ને સુષુપ્તિમાં કેમ રખાય?

બાપાશ્રી બોલ્યા જે મૂર્તિનો વેગ લાગીને તે વેગ જીવમાં પેસે તો ત્રણે અવસ્થામાં મૂર્તિ ભુલાય નહિ. એમ કહીને બોલ્યા જે જીવને વાર્તા કરી કરીને થાકી જઈએ ને જ્યારે વાત કરતા રહી જઈએ એટલે પૂછે જે કેમ કરીએ તો સર્વે ખોટ ટળે? અને કેમ કરીએ તો મૂર્તિનું સુખ આવે? પણ આ બધી વાતો થઈ તે ખોટ ટાળવાની ને મૂર્તિનું સુખ આવવાની જ થઈ છે. પોતાને તો જરાય કારસો આવવા દેવો નથી અને ખોટ ટાળીને સુખિયા થાવું છે. એ બે ય વાત કેમ બને? જો ધ્યાનનો આગ્રહ થાય તો મૂર્તિ મળે, પણ ધ્યાનમાંથી તો ભાગીને પાછા આવતા રહે છે, એટલે ધ્યાનમાં સ્થિર થવાનો પ્રયત્ન કરતા નથી. ૧/૧૩૯/૨૪૩

**૩૫.** જેમ ચિંતામણિ મનોરથ સત્ય કરે છે તેમ શ્રીજીમહારાજ ને મુક્ત આપણાં સર્વે શુભ મનોરથ સત્ય કરે છે; પણ જો સાચો ભાવ હોય તો. શ્રીજીમહારાજે પૂછ્યું કે સંતો! ખાલી છો કે ભર્યા છો? તે કોઈને આવડ્યું નહિ. ત્યારે શ્રી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે હે મહારાજ! કેટલાક ખાલી હશે ને કેટલાક ભર્યા હશે. પછી શ્રીજીમહારાજે કહ્યું જે ખાલીના કોઈ ધણી નથી. ધણી (શ્રીજીમહારાજ) માંહી ન હોય તો લુખો લાગે ને તેની કિંમત પણ કાંઈ નહિ. લૂંટણિયા (અંતઃશત્રુઓ) ઘણા છે, માટે શ્રીજીમહારાજ ને તેમના મુક્તને મુકરદમ રાખવા ને ધ્યાન-

ભજન, માનસી પૂજા આદિમાં સંભારવા તો સૂક્ષ્મ ઘાટ પણ થવા પામે નહિ.

અંતઃકરણ શુદ્ધ થાય તો બ્રહ્મરૂપ થવાય. જેમ કાચની પૃથ્વીમાં સૂર્ય દેખાય તેમ અંતઃકરણ ચોખ્ખું થાય તો શ્રીજીમહારાજ સાક્ષાત્ બિરાજે; બોલાવવા પડે જ નહિ, જેમ કાચમાં સૂર્ય દેખાઈ આવે તેમ. ૧/૧૪૮/૨૫૯

૩૬. તૃણની ઝૂંપડી ને ફાટેલ ગોદડીવાળા સંતની સભામાં કથા-વાર્તા થાતી હોય ત્યારે વૃત્તિ બીજી રીતની થઈ જાય અને ઉદ્‌ઘોષમાં વૃત્તિઓ ડોળાઈ જાય. જેમ બોટાદવાળા શિવલાલભાઈએ શ્રી રઘુવીરજી મહારાજની પધરામણી ભાવનગરમાં કરાવીને રાજા પાસે સન્માન કરાવ્યું; તે પ્રવૃત્તિમાં પોતાના આત્માને ને મહારાજને દેખતા તે બંધ થઈ ગયું. પછી સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને વાત કરી જે હવે મહારાજ ને આત્મા દેખાતા નથી, ત્યારે સ્વામી બોલ્યા જે તમે પ્રવૃત્તિમાં ભળી ગયા તેથી નથી દેખાતા. તો હવે આપણા ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી પાસે જઈને પ્રાર્થના કરો. પછી તેમણે સ્વામીને પ્રાર્થના કરી ત્યારે સ્વામીશ્રીએ કૃપા કરીને કહ્યું જે ધ્યાન કરો. બે મહિને દેખાશે. પછી શ્રદ્ધા રાખીને તેમ કર્યું એટલે બે મહિને આત્મા ને મહારાજ દેખાયા. એમ પ્રવૃત્તિ પણ મૂર્તિમાં જોડાવામાં વિક્ષેપકર્તા છે. ૧/૧૫૧/૨૬૬

૩૭. મૂળઅક્ષરકોટી તથા તેથી નીચે બ્રહ્મકોટી તથા તેથી નીચે કૃષ્ણાદિક બીજા અવતારો તે સર્વે શ્રીજીમહારાજના અન્વય સ્વરૂપમાંથી (પ્રગટ) થયા છે અને વ્યતિરેક સ્વરૂપે તો મુક્તને મળ્યા છે પણ મૂળઅક્ષરાદિકને કોઈને મળ્યા નથી. એ સર્વેમાં તો અન્વય એટલે શ્રીજીમહારાજના તેજરૂપી ઐશ્વર્ય રહ્યું છે. સત્સંગમાં શ્રીજીમહારાજ ચાલોચાલ ભક્તોમાં અંદર પડદે રહ્યા

છે અને એકાંતિક ભક્તમાં વ્યતિરેક એટલે મૂર્તિમાન ભેળા રહ્યા છે. પરમ એકાંતિક મુક્ત મૂર્તિની સન્મુખ રહી સુખ લે છે અને અનાદિમુક્ત તો મૂર્તિમાં રસબસભાવે રહ્યા છે. એ તો બહુ સુખિયા છે; એમની તો વાત જ જુદી છે. ૧/૧૬૨/૨૯૪

૩૮. જ્ઞાન ઘણાં પ્રકારનાં છે પણ અનુભવ જ્ઞાન ખરું. મૂર્તિમાં રસબસ રહેવું તે અનુભવ જ્ઞાન કહેવાય. "રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યું મીસરી પય માંહી ભળી". મૂર્તિમાં રહે તેને મારું નહિ, તારું નહિ, સાધુ નહિ, ગૃહસ્થ નહિ. એને કાંઈ જોઈએ જ નહિ. તેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક કોઈ સાધનની ખખા રહે નહિ. મૂર્તિ વિના બીજી કાંઈ સ્મૃતિ જ નહિ. કોઈ પ્રકારનો ઠરાવ જ નહિ, એક મૂર્તિ જ. ૧/૧૭૦/૩૧૩

૩૯. શ્રીજીમહારાજને આત્માને વિષે પધરાવ્યા; એટલે બધા દેવતા ઠેઠ અક્ષર સુધીના ઊઠી ગયા, ને એક મહારાજ દેવતા થયા અને બધું કર્તાપણું મહારાજ દ્વારે જીવને રહ્યું તે વ્યતિરેકપણે રહ્યું પણ અન્વયપણે નહિ. અન્વયપણે તો અક્ષરકોટીથી લઈને જીવકોટી સુધી જ. આ તો વ્યતિરેકપણે એટલે મૂર્તિમાન મહાપ્રભુ આત્માને વિષે રહીને સર્વ ક્રિયા કરે છે. જેમ લોકમાં (માટીના કે ધાતુના) ગરબા કરે છે, તેમાં કાણાં કરે છે ને માંહે દીવો મૂકે છે; તેનું અજવાળું કાણાંમાં દેખાય છે; તેમ આત્મામાં રહીને શ્રીજીમહારાજ સર્વે ઇન્દ્રિયોમાં ક્રિયા કરે છે. નેત્રે જુએ છે, પગે ચાલે છે, શ્રોત્રે સાંભળે છે- એમ સર્વે ક્રિયા મહારાજ કરે છે. ૧/૧૭૪/૩૨૮

૪૦. ભગવાનના ભક્તે ત્રિવિધ તાપમાં અંતર ડોલવા દેવું નહિ, તે ક્રિયા તો અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવ. તેમાં દેહમાં ધાસણી (સંગ્રહણી) જેવા રોગ થાય તે અધ્યાત્મ; અને રાજાનો ઉપદ્રવ જે પકડો, ઝાલો, બાંધો, મારો, કેદ કરો

એવું રાજા સંબંધી દુઃખ આવી પડે તે અધિભૂત અને લાગલાગટ દુષ્કાળ પડે એવું મોટું દુઃખ આવે તે અધિદૈવ; એવા દુઃખમાં રાજી રાજી રહે, પણ ભગવાનની મૂર્તિ મૂકે નહિ તે ખરો ભક્ત જાણવો. ૧/૧૭૬/૩૩૧

૪૧. પ્રથમ પ્રકરણનું ૫૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં એક પુરુષોત્તમ રહે છે એમ આવ્યું ત્યારે બાપાશ્રી બોલ્યા જે ગાડું મહારાજે વીંખી નાખ્યું એટલે દેહભાવ સમૂળો કાઢી નાખ્યો ને એક પોતે જ રહ્યા. વળી અક્ષરાદિક સર્વે નથી એમ કહ્યું; તે જેમ ગાડામાં ખીલા હોય તે કાઢી નાખીએ તો ગાડું વીંખાઈ જાય, તેમ મહારાજે પૃથ્વીથી લઈને મૂળઅક્ષર સુધી બધું ખોટું કરી નાખ્યું ને એક પોતે જ રહ્યા. માટે એક મહારાજને રાખવા ને મૂર્તિમાં વળગી પડવું. એક ક્ષણવાર પણ મૂર્તિ ન મૂકવી. સાધુ થયા કે સત્સંગી થયા એટલે બધું થઈ ગયું- એમ માની બેસી રહેવું નહિ ને હિલોળે ચઢી જાવું નહિ એટલે કાર્યમાં (પ્રવૃત્તિમાં) જ પડ્યા રહેવું નહિ. ૧/૧૭૮/૩૩૪

૪૨. જ્યાં મહારાજ ને મોટા મોટા સંત હોય ત્યાં આનંદ આનંદ હોય. અમે નવલખીએ રાત રહ્યા હતા. ત્યાં કથા-વાર્તા કરી તે સભામાં સ્ટેશન માસ્તરો આવીને બેઠા ને કથા-વાર્તા સાંભળી આનંદ પામ્યા. જ્યાં મહારાજ ને મોટા વિચરે તે સ્થળ ચૈતન્યભૂમિ કહેવાય. જે પૃથ્વી ઉપર મહારાજ ને મુક્ત વિચર્યા, જમ્યા, હર્યા, ફર્યા તે ર્વે ભૂમિ પ્રસાદીની ને પવિત્ર થઈ. જેમ એક પ્રસાદીના લૂગડાંને કે પથ્થરને એક કોરે અડે તો પણ બધું પવિત્ર થાય, તેમ પૃથ્વી શ્રીજીમહારાજના સંબંધને પામી તે સાજી પ્રસાદીની થઈ ગઈ; એટલે સર્વે જીવ બીજબળ બંધાઈ મહારાજને ઓળખશે. ૧/૧૯૧/૩૫૯

૪૩. સર્વે ક્રિયામાં મૂર્તિનું અનુસંધાન રાખવું અને બીજા

વિધિ ઓછા કરવા. વિધિ કરવામાં વખત જતો રહે તો ભજન-સ્મરણ, કથા-વાર્તા, જ્ઞાન, ધ્યાન તે સર્વે રહી જાય. ૧/૨૫/૫૨

૪૪. કોઈ જાણે જે હું પટેલ છું, દાક્તર છું, પંડિત છું, એ બધું અજ્ઞાન મૂર્તિ આવે તો જતું રહે. સ્વામિનારાયણના ઘેર મોટા થઈએ તો ઠીક પણ એમ નથી થાતું. આ લોકમાં અધિકાર આવે તે તો રાખનાં પડીકાં છે. સાધન (પુરુષાર્થ) કરી કરીને મોટા થયા એમાં શું મોટા થયા? એમાં શું સુખ થયું? એ સર્વે સાધન તો મહારાજની મૂર્તિથી છેટાં કરી મૂકે છે, માટે એ બધું ટાળીને મૂર્તિમાં જોડાવું; મૂર્તિનું અનુસંધાન ચૂકવું નહિ.

૪૫. શ્રી ગોપાળાનંદ સ્વામીને એક હરિજને પૂછ્યું જે હું કપાસની સાંઠિયો ખોદું છું ત્યારે મહારાજ તેજોમય દેખાય છે, તે શી રીતે ખોદું? મહારાજને વાગે તે સારુ ખોદતો નથી. પછી સ્વામીશ્રીએ કહ્યું જે મહારાજને નહિ વાગે, ખોદજો. આપણે પણ એમ મૂર્તિ દેખાય એ કરવાનું છે. જેમ દિવસમાં રાત્રિ લીન થાય છે તેમ માયાને મહારાજના તેજમાં લીન કરીને મૂર્તિ જોવી. જો આગ્રહ કરે તો દેખાય, પણ આગ્રહ નથી કરતા એટલે મૂર્તિ નથી દેખાતી. મહારાજ મોંઘા બહુ છે, તે તપે કરીને, સેવાએ કરીને, ભક્તિએ કરીને કે કોટી સાધને કરીને પણ મળે તેમ નથી પણ આજ સોંઘા થયા છે-કૃપાસાધ્ય બન્યા છે માટે મહારાજની મૂર્તિની સ્મૃતિએ સહિત ધ્યાન, માળા, પૂજા એ કર્યા કરવું તો મૂર્તિ જલદી સિદ્ધ થઈ જાય. જો માયિક વસ્તુ લાવવી હોય તો મુંબઈ જઈને પણ લઈ આવે. પણ મહારાજ જેવી દિવ્ય વસ્તુને લેવાનો આગ્રહ કરતો નથી. એક સાધુએ મુંબઈથી મનગમતાં વસ્ત્ર મંગાવીને પહેર્યાં. એવી તાણ મૂર્તિમાં થાય તો શું બાકી રહે? ૧/૧૯૩/૩૬૬

૪૬. મંદિરો કરવાં તથા મંદિરનો વ્યવહાર કરવો તેમાં

મહારાજને સાથે રાખે તો સારું ને જો સાથે ન રાખે તો હેડમાં (લાંબા લાકડાનું જકડતું બંધન) પગ પડ્યો તે બંધાઈ રહે તેવું છે. માટે શ્રીજીમહારાજને ભૂલીને તો ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ પણ ન કરવાં. સર્વે ક્રિયા મહારાજને ભેળા રાખીને કરવી. મહારાજ ભેળા હોય તો જેમ જીવરામની તથા વ્યાપકાનંદ સ્વામીની તથા અખંડાનંદ સ્વામીની સહાય કરી તેમ સહાય કરે. જેમ ધણી વિનાની પત્ની શોભે નહિ તેમ કથા-વાર્તા, માનસી પૂજા આદિ સાધનમાં શ્રીજીમહારાજને સાથે ન રાખે તો શોભે નહિ ને સુખ ન આવે. વાતચીતમાં પણ શ્રીજીમહારાજની મૂર્તિરૂપી બીજ લાવવું. આ સત્સંગમાં દોડાદોડ કરીએ છીએ તેમાં શ્રીજીમહારાજને રાખીએ તો સુખ આવે. ૧/૨૦૩/૩૯૫

૪૭. મહારાજે ડભાણમાં યજ્ઞ કર્યો ત્યારે મૂળજી બ્રહ્મચારી તથા મુક્તાનંદ સ્વામીએ ચાર દિવસ સુધી શ્રીજીમહારાજના થાળનું વહેલું-મોડું કર્યું. પછી શ્રીજીમહારાજે કહ્યું જે યજ્ઞ કોના સારુ કરો છો? અમને તો ચાર દિવસથી ટાણે ટાણે જમાડતા પણ નથી. આમ કેવળ ક્રિયારૂપ ન થાવું; સર્વે ક્રિયામાં મહારાજની સ્મૃતિ રાખવી. ૧/૨૦૭/૪૧૦

૪૮. જીવ છે તે વસ્તુગતે ચોખ્ખો કંચન જેવો છે, પણ સંગદોષે કરીને અવરાઈ (ઢંકાઈ-ઘેરાઈ) ગયો છે, પણ મૂળ ચોખ્ખો છે તો જ મૂર્તિમાં ચોંટાય છે. ૧/૨૦૮/૪૧૩

૪૯. જે મૂર્તિમાં જોડાઈ બેઠા હોય તે મૂર્તિમાંથી બહાર ન નીકળે. એ તો મૂર્તિમાં રસબસ જોડાઈ રહ્યા હોય. ધ્યાનમાં જાય તો ય જળમીનવત્ રહે. જેમ જળમાં પડે તે કોરો રહે નહિ તેમ. એમાં અવયવ, ઇન્દ્રિયો, અંતઃકરણ બધું જ શીતળ થઈ જાય ને ચિત્ત અખંડ ભગવાનના ચિંતવનમાં રહે. ધ્યાન કરતાં, માળા ફેરવતાં એ મૂર્તિની બહાર નીકળાય જ નહિ. એ મૂર્તિનું

તેજ ઝળળળ ઝળળળ નીકળે છે. એ તેજમાં ઠરે પણ નહિ, બળે પણ નહિ, આનંદ આનંદ રહે, બીજું કાંઈ ભાસે જ નહિ. મહારાજે કહે મંદવાડ એવો ખરેખરો કરી દેવો કે આ લોક, ભોગ, સગાં, સંબંધી, નાત-જાતમાં ક્યાંય વૃત્તિ રહે જ નહિ. એક મૂર્તિના સુખે જ સુખી થઈ જવાય. મૂર્તિના સુખમાં રહેવારૂપી સાધન સર્વેએ સિદ્ધ કરવું. એ સાધન જબરું છે. એ કર્યા વિના પાર નહિ આવે. એ સાધન પામવું તે બીજા સર્વે સાધનનું ફળ છે. ૧/૨૧૪/૪૩૫

**૫૦.** પોતાનો દીકરો મરી જાય તો શોક થાય છે તેમ મહારાજની મૂર્તિમાંથી નોખું પડાય તો કેટલો બધો શોક થવો જોઈએ? તે વસ્તુ તો માયિક છે અને મહારાજની મૂર્તિ તો દિવ્ય છે. માટે નોખું પડાય તો બહુ નુકસાન થાય. વ્યવહારિક કાર્ય કરતાં પણ મહારાજની મૂર્તિથી તો નોખું પડવું જ નહિ. જે મૂર્તિથી નોખા પડે તેની સત્સંગમાં જય થાય નહિ. જે મૂર્તિમાં જોડાઈ બેઠા હોય તે કલેવરનું ગમે તેમ થાય કે દેહને દુઃખ-સુખ થાય તેને ગણે નહિ. જેમ જેમ મૂર્તિમાં જોડાતા જાય ને તેમાં સ્થિર વૃત્તિ થતી જાય તેમ તેમ અનુભવ જ્ઞાન આવતું જાય. ૧/૨૧૫/૪૩૮

**૫૧.** ચાર પ્રકારની મુક્તિને જે ઇચ્છે તેને પણ શ્રીજીમહારાજની મૂર્તિનો સંબંધ થાય નહિ. જે કેવળ સેવા જ ઇચ્છે છે તેને જ મૂર્તિ મળે છે. ૨૨૪/૪૫૩

**૫૨.** વરતાલનું ૭મું વચનામૃત વંચાતું હતું, તેમાં અન્વય-વ્યતિરેકપણાની વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે જેમ ભૂજના રાજા છે તે રાજ્યમાં બેઠા છે અને એમની સત્તા બધાં રાજ્યમાં ચાલે છે, તે સર્વે રાજાના જેવી ક્રિયા કરે છે પણ તેઓની સત્તા રાજા લઈ લે તો તે કામો તેમનાથી કાંઈ થાય નહિ,

તેમ શ્રીજીમહારાજ વ્યતિરેક મૂર્તિમાન અક્ષરધામમાં રહ્યા છે અને એમની સત્તા અક્ષરકોટીથી લઈ સોંસરી બ્રહ્મ તથા પ્રકૃતિ પુરુષ આદિક સર્વમાં રહી છે તેથી તે સર્વે ઉત્પત્ત્યાદિક કાર્ય કરે છે. તે સત્તા મહારાજ લઈ લે તો કોઈથી કાંઈ પણ ન બને એમ અન્વય-વ્યતિરેકપણું અમને ભાસે છે. ૧/૨૪૩/૪૯૩

**૫૩.** જે વડનું બીજ ખસખસના દાણા જેવું નાનું હોય તે ઊગે ત્યારે હાથે તાણીએ તો તણાઈ જાય. પણ જ્યારે વડ મોટો થાય ત્યારે એક વિઘામાં વિખરાઈ જાય એવડો થઈ જાય છે. સર્વના કારણ શ્રી સ્વામિનારાયણ ભગવાન તે મનુષ્ય જેવડા છે, પણ તેમનું કાર્ય અનંત કોટી બ્રહ્માંડ છે. સાધુ કે સત્સંગી થઈને તુચ્છ પદાર્થ સારુ ભડાભૂટ કરવી તે ઠીક કહેવાય નહિ અને પ્રસાદીની વસ્તુ જે ચરણારવિંદ તે પણ અંદર (અંતરમાં) રાખ્યાં હોય તો પછી બહારનાં જોઈએ નહિ. રાજકાજ સારુ માથાં કપાવે અને સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે તે સારુ કાંઈ ન થાય. એ કેવું કહેવાય? ૧/૨૪૯/૫૦૩

**૫૪.** લાલુભાઈને કોઈએ કહ્યું જે કહો સ્વામિનારાયણ. ત્યારે તે બોલ્યા જે, "મુખેથી ભજન કરવું તેથી કંઠમાં કરવું ઉત્તમ છે, અને તેથી હૃદયમાં ભજન કરવું તે ઉત્તમ છે અને તેથી પણ નાભિમાં ભજન કરવું તે ઉત્તમ છે, કેમ જે નાભિમાંથી સંકલ્પ ઊઠે છે તે સંકલ્પ નાભિમાં ભજન કરવાથી બંધ થઈ જાય છે અને તેથી પણ આત્મસત્તારૂપ થઈને મૂર્તિ ધારવી તે ઉત્તમ છે અને તેથી પણ મૂર્તિમાં રસબસ થઈને મૂર્તિનું સુખ લેવું તે અતિ ઉત્તમ છે અને અમને તો બાપાશ્રીએ કૃપા કરીને એટલે સુધી પહોંચાડ્યા છે." કેવી સમજણ? કેવી અલૌકિક સ્થિતિ?

**૫૫.** આ દેહનું જ સુખ જોઈએ- ખાવા, પીવા, પહેરવા ને શોખ માણવા; તો મૂર્તિ ક્યાંથી દેખાય? જ્યારે ખારું, ખાટું, તીખું,

તમતમતું આદિકના ભાવ એકે ય ન રહે ત્યારે મૂર્તિ દેખાય. જ્યારે પુરુષોત્તમરૂપ થવાય ત્યારે પુરુષોત્તમનું જ્ઞાન થાય. ૧/૨૫૦/૫૦૫

---

૧. ત્રણે અવસ્થામાં મૂર્તિ અખંડ રાખવી. જેને ત્રણે અવસ્થામાં શ્રીજીમહારાજની મૂર્તિને વિષે નિષ્ઠા નથી આવતી તેને ઘણી ખોટ આવે છે ને તે મોટી ભૂલ છે, જે મોટાના જોગે કરીને સુધારવી જોઈએ. ૨/૧/૨૪

૨. એક વખત ભૂજના વિઠ્ઠલજીભાઈએ પૂછ્યું જેઃ બાપા! મૂર્તિમાં રસબસ કોણ રાખે છે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મહારાજ રાખે છે. પછી પૂછ્યું જેઃ દાતા કોણ અને ભોક્તા કોણ? ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, મહારાજ સર્વેના દાતા અને મુક્ત ભોક્તા. પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જેઃ મહારાજ પોતે સર્વ ભક્તોને સુખ આપે છે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, હા. ભોક્તા ભોક્તા પ્રત્યે દાતા એક એક દેખાય છે. એમ સમજવું તે 'સત્સંગમાં સત્સંગ.' ૨/૫/૨૧

૩. સાકાર અક્ષરથી પર જે મહારાજના તેજરૂપ અક્ષરધામ તેમાં રહ્યા જે શ્રીજીમહારાજ તેમને યથાર્થ ઓળખીને તેમનો આશરો કરે તો એ અનુભવ જ્ઞાન આપીને મૂર્તિનો સાક્ષાત્કાર કરાવી મૂર્તિમાં જોડી દે. ૨/૭/૨૬

૪. સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને પૂછ્યું જેઃ સુખ અપાવીશું એમ આપ કહો છો તે અહીં જેને ગુરુ કર્યા હોય તે ત્યાં સુખ અપાવતા હશે કે મહારાજ પોતે આપતા હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે ગુરુ મહારાજની મૂર્તિમાં લઈ જાય પછી સુખ મહારાજ આપે પણ વચમાં અપાવનાર કોઈ નથી. એ તો જેવા ગુરુ હોય તેવો જ પોતે થાય. જેમ ગુરુ મૂર્તિનું સુખ

ભોગવે છે તેમ એ પણ ભોગવે. ૨/૯/૩૧

૫. સભામાં જેતલપુરનું ૪થું વચનામૃત વંચાતું હતું. તેમાં અર્જુને મચ્છ વેંધ્યો એ વાત આવી, ત્યારે બાપાશ્રી બોલ્યા જે, જેમ અર્જુને પક્ષીની એકલી આંખ જ દેખી તેમ આપણે એક મૂર્તિ જ રાખવી. તે મૂર્તિમાં કલ્પેકલ્પ વીતી જાય, તો પણ એ સુખમાંથી બહાર અવાય જ નહિ. સદાય મૂર્તિમાં જ રહેવાય તે ઉત્તમ સ્થિતિ છે. એ કરવા આપણે ભેળા થયા છીએ.

પછી જામનગરવાળા રતિલાલ કરુણાશંકરે પૂછ્યું જે: મૂર્તિમાં હરવા-ફરવાની જગ્યા ખાલી હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે મૂર્તિમાં હરવું-ફરવું ક્યાંય નથી. જેમ રહ્યા છે તેમ જ છે. ૨/૧૮-૧૯/૪૮-૪૯

૬. બાપાશ્રી પુષ્પ હાથમાં લઈને બોલ્યા જે, આ પુષ્પ તથા જે જે મહારાજના સંબંધને પામ્યા તે સર્વે દિવ્ય છે. "નરનારાયણ દિવ્ય મૂર્તિ સંતનકો વિશ્રામ." જીવ જ્યાં સુધી કાળો હોય ત્યાં સુધી આ વાત સમજાય નહિ, તે કાળો એટલે માયિક પદાર્થમાં આસક્તિવાળો અને ગોરો એટલે મૂળઅક્ષર પર્યંતના ઐશ્વર્યની ઇચ્છાવાળો. તેને પણ આ વાત સમજાય નહિ. એ તો મહારાજ દયા કરે ત્યારે સમજાય. મહારાજ તો જેટલા સંકલ્પ કરે તેટલી મૂર્તિઓ થાય ને જીવોનો મોક્ષ કરે. કંઈક જીવના કષાય કાઢી નાખે એવા મહારાજ આપણને મળ્યા છે. મહારાજ તો કેવળ કૃપાસાધ્ય છે, તે કૃપા કરીને આજ જીવના ઉદ્ધાર કરે છે. તેને રાજી કરવા ખપે. જીવ મહારાજને રાજી કરવા કઈ ક્રિયા કરે? ક્રિયા એ જે પુરુષપ્રયત્ન કરે ત્યારે મહારાજ તેના ઉપર કૃપા કરે. ૨/૨૦/૫૧

૭. બાપાશ્રી બોલ્યા જે કરી કરીને કારણ મૂર્તિનું જ કામ છે, કરવાનું એ જ છે તે નિયમ-ધર્મ પાળીને પવિત્ર થાય ત્યારે

આ સભા મૂર્તિ પધરાવે છે. માટે મૂર્તિમાં રહેવાય તેવા પાત્ર થાવું અને મૂર્તિમાં રહેનારા અનાદિને ઓળખવા. ૨/૨૦/૫૨

૮. મૂળઅક્ષર આદિ બધાયને ઠેક દઈને ઠેઠ મહારાજની મૂર્તિને વળગી જઈએ તો કંઈ જ આડું આવે નહિ. આપણે તો વૈરાજ શું! અહંકાર શું! મહતત્ત્વ શું! પ્રધાનપુરુષ શું! પ્રકૃતિપુરુષ શું! વાસુદેવબ્રહ્મ શું! મૂળઅક્ષર શું! અને અક્ષરધામ તે શું! એક મહારાજની મૂર્તિ રાખવી. ભગવાનનો ભક્ત કાળ-કર્મનો અહાર કરી જાય. આહાર એટલે શું? તો કાળ-કર્મને ધોકા મારીને કાઢી મેલે; તે શાથી તો એને પ્રત્યક્ષ મહારાજની મૂર્તિ મળી છે, તેથી બીજું બધું ખોટું થઈ ગયું છે. જ્યારે પ્રગટ મહારાજ મળે એટલે તે મૂર્તિમાં એકતા થાય અને તે મૂર્તિ આકારે આકાર થઈ જાય, ત્યારે એ બધાયનો ચારો કરી શકે એવી સામર્થી આવે છે. ૨/૨૫/૬૬

૯. સભામાં છેલ્લા પ્રકરણનું ૨૭મું વચનામૃત વંચાતું હતું. તેમાં ભગવાનની અલૌકિક સુખમય દિવ્ય મૂર્તિમાં સર્વે પ્રકારે જોડાવું એમ આવ્યું. ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે: સર્વ પ્રકારે તે કેમ સમજવું? પછી બાપાશ્રી બોલ્યા જે, એક દેશમાં ન રહેવું; સર્વ દેશમાં રહેવું. નખશિખ મૂર્તિમાં ચારે દિશે એટલે સર્વત્રપણે જોડાવું. મૂર્તિથી બહાર ન રહેવું; સળંગ મૂર્તિમાં રહેવું. મૂર્તિમાં વળગી રહેવું એટલે આનંદના ઢગલા; મૂર્તિમાં રસબસ રહેવું. પછી આશાભાઈને પૂછ્યું જે: તમે આત્મા, અનાત્મા અને પરમાત્મા તેને ઓળખો છો? જો ઓળખતા હોય તો બતાવો. ત્યારે આશાભાઈ બોલ્યા જે મહારાજના તેજથી ઓરું બધું ય અનાત્મા અને મહારાજનું તેજ તે આત્મા અને મહારાજ તે પરમાત્મા. ૨/૨૭/૭૨,૭૩

૧૦. સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે: જ્યારે મોટાએ

વર્તમાન ધરાવ્યાં ત્યારે તન, મન, ધન, અનેક જન્મનાં કર્મ અર્પણ કરાવ્યાં. પછી એ ચૈતન્યને રહેવાનું ક્યાં રહ્યું? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજ એ ચૈતન્યને પોતાની મૂર્તિને વિષે રાખે છે. ૨/૨૮/૭૫

**૧૧.** સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જેઃ મૂર્તિનું સુખ ને આનંદ વધતા જાય, તેનો શું ઉપાય હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મહારાજની મૂર્તિમાં નિમગ્ન રહેવું, તેણે કરી આનંદ ને સુખ વધતાં જાય. તમે બધી વનસ્પતિની કલમો કરો, સાત સમુદ્રની શાહી કરો, તે લખતાં કલમો ઘસાઈ જાય, શાહી ખૂટી જાય તો પણ મહારાજના મહિમાનો પાર ન આવે. એવી એ દિવ્ય મૂર્તિ છે, અપાર છે, તે પાર પામી શકાય તેવું નથી. મોટા મોટા સંતોએ મહારાજનાં ચરિત્ર, પ્રતાપ, ઐશ્વર્ય, મહિમાના અનેક ગ્રંથો લખ્યા તો પણ જેવો છે તેવો મહારાજનો મહિમા લખવાને કોણ સમર્થ છે? મહારાજ કહે છે કે હું પણ મારા મહિમાનો પાર પામતો નથી તો બીજા કોણ પાર પામી શકે? એવી એ કારણ મૂર્તિ છે. એ કારણ મૂર્તિના આધારે સૌ સુખિયા છે. ૨/૩૦/૭૮

**૧૨.** બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે જીવનો સ્વભાવ એવો છે જે પંચવિષયના સુખમાં તથા મોહ-પ્રમાદમાં ચોંટી રહે છે પણ જેવું મૂર્તિનું સુખ છે તેવું કોઈ ઠેકાણે નથી. સર્વે સાધનનું ફળ શ્રીજીમહારાજની મૂર્તિ છે. તેનું ધ્યાન કરે તો સુખમય આનંદમય ફુવારા છૂટે. આવી અદ્‌ભુત વસ્તુ મળી છે. એ વસ્તુ મળી પણ જીવને અજ્ઞાન છે તથા મહિમાની કસર છે; શ્રદ્ધા (ધીરજ, બળ) નથી અને જેવો હીરો છે તેવો જાણ્યો નથી. જ્ઞાને સહિત મહિમા હોય તો જણાય. ૨/૩૧/૮૪

**૧૩.** શ્રીજીમહારાજની મૂર્તિને વિષે અસાધારણ સ્નેહ હોય તે ખરું સુખ કહેવાય ને આનંદ પણ તે જ કહેવાય. તે મૂર્તિનો

ને સુખનો પાર કોઈ પામી શકતા નથી, એવું એ મૂર્તિનું અકળપણું છે. પોતે ભોક્તાપણે સર્વેને જાણતા થકા એક સાથે જ પોતના સર્વ સુખને ભોગવે છે. મહારાજ અને અનાદિમુક્તનું સ્વરૂપ તો સદા ભેગું જ છે. જુદાપણું છે ખરું. કેવી રીતે, તો મુક્ત ભોક્તા છે અને પુરુષોત્તમ દાતા છે. મુક્ત દાસ છે અને પુરુષોત્તમ સ્વામી છે; તેમ પુરુષોત્તમના અને અનાદિમુક્તના સામર્થ્યમાં ને સુખમાં ફેર છે. પુરુષોત્તમના સાધર્મ્યપણાને તો એવા અનંત મુક્ત પુરુષોત્તમની કૃપાએ કરીને પામ્યા છે. ૨/૩૨/૮૮

**૧૪.** જેમ મહાસમુદ્ર રેલે છે તે સમે તેમાંથી જેટલું જળ જેવું જેવું પાત્ર હોય તે તે પ્રમાણે લઈ લે છે. તે મીઠા મહાસમુદ્રના જળે કરીને અનંત પ્રકારના રસ મેવા પાકે છે; બાકીનું જળ પાછું સમુદ્રને વિષે લીન થઈ જાય છે, તેમ શ્રી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિમાંથી અનંત અપાર સુખ ઉત્પન્ન થઈ અનાદિમહામુક્ત દ્વારે સત્સંગમાં ફેલાય છે. તેના જેટલા જે અધિકારી પાત્ર હોય તેટલું સુખ તેમાં રહે છે. બાકીનું સુખ પાછું શ્રીજીમહારાજની મૂર્તિને વિષે લીન થઈ જાય છે પણ તે મૂર્તિ વિના બીજે રહેતું નથી. ૨/૩૨/૯૨

**૧૫.** માથકવાળા ગોરધનભાઈએ ગુલાબનું ફૂલ બાપાશ્રીને આપ્યું, તે લઈને સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું કે જેમ આ પુષ્પને પાંખડીઓની ઘટા છે તેમ મહારાજને ફરતી મુક્તની ઠઠ છે. તે મૂર્તિમાંથી નવીન નવીન ખુશબો છૂટે છે. તેણે કરીને એ સર્વે મુક્તો સુખમાં કિલ્લોલ કરે છે. અનાદિ તો રસબસ રહ્યા થકા રોમરોમનાં સુખ લે છે. તેમ મહારાજની મૂર્તિમાંથી સુખ લીધા કરવું પણ બીજો સંકલ્પ તથા મનન કાંઈ થવા દેવું નહિ. અનંત પ્રકારનાં સુખ માત્ર શ્રીજીની મૂર્તિમાં રહ્યાં છે તે એક દર્શન માત્રમાં આવી જાય છે. ૨/૩૪/૯૫, ૯૭

૧૬. અનંત મુક્ત મહારાજની મૂર્તિમાં રહ્યા છે તે જેમ મંદિરમાં હજારો, મનુષ્યની સભા ભરાઈને બેઠી હોય તે એક ઉપર બીજી એમ હજારો સભાઓ થઈ હોય તે સર્વે આ તકતામાં મૂર્તિ છે તેમાં જોઈએ તો દેખાય. તે મૂર્તિને સભાની રોકાણ થતી નથી; તેમ જ મહારાજને તથા મુક્તને એકબીજાની રોકાણ થતી નથી. મૂર્તિમાં મુક્ત સુખ લીધા જ કરે છે, તેમાં કોઈને એકબીજાનું આવરણ નથી; તે મુક્ત સર્વે મૂર્તિમાં લુબ્ધ છે. ૨/૩૪/૯૮

૧૭. શ્રીજીમહારાજની મૂર્તિ છે તે સર્વોપરી છે, બીજા કોઈ અવતારની એને ઉપમા દેવાય નહિ. મહારાજે લોયાના ૧૪મા વચનામૃતમાં કહ્યું છે જે અમો અવતાર-અવતારીના ભેદમાં નથી. એ કારણ મૂર્તિ હાથ આવે તેને કાર્યની જરૂર રહેતી નથી. જ્યારે તેજમાં મૂર્તિ દેખાય ત્યારે તે કારણ મૂર્તિ છે એમ જાણવું. તે મૂર્તિ શ્વેત છે, તેજોમય છે. મૂર્તિ વિના પોતાનો દેહ આદિક કાંઈ વ્હાલું ન હોય ત્યારે જાણીએ જે પૂરું થયું. મૂર્તિ વિના બીજું પ્રધાન જણાય એટલું અધૂરું જાણવું. અંતર્વૃત્તિએ અને સાંખ્ય વિચારે કરીને દાખડો કરતો જાય તેમ તેમ દિવ્યભાવ જણાતો જાય ને સુખ આવતું જાય. એમ કરતાં કરતાં જ્યારે શુદ્ધ પાત્ર થાય ત્યારે પ્રતિમાનાં દર્શન સાક્ષાત્કાર જેવાં થાય. અને સર્વે મનોરથ પૂર્ણ કરે. પછી તેની સાથે બોલે, વાતો કરે, જો દિવ્યભાવ આવે તો. ૨/૩૭/૧૦૮

૧૮. બાપાશ્રી બોલ્યા જે, પ્રાયશ્ચિત્તે કરીને દેહની શુદ્ધિ થાય છે ને સેવા, માળા, ધ્યાન આદિકે જીવની શુદ્ધિ થાય છે. હું જે જે ઘાટ-સંકલ્પ કરું છું તે સર્વે મહારાજ ને મોટા મુક્ત જાણે છે એવી મર્યાદા રાખીને ખરી આતુરતાથી મંડે તો મહાસુખિયો-બ્રહ્મરૂપ કરી મૂકે. બ્રહ્મમય દેહ એટલે બ્રહ્મ જે ભગવાન તે મય એટલે તે રૂપ થાય છે ત્યારે મૂર્તિને પામે છે. ૨/૩૭/૧૧૦

૧૯. શ્રીજીમહારાજે પ્રથમ પ્રકરણના ૪૯મા વચનામૃતમાં કહ્યું છે જે ભગવાનના સ્વરૂપમાં જેની વૃત્તિ ન રહે તે ભગવાનનો ભક્ત નહિ, માટે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે તો જ ભક્ત કહેવાય. જ્યાં સુધી ભગવાનની મૂર્તિમાં અખંડ વૃત્તિ ન રહે ત્યાં સુધી માયાના ગુણ ટળે નહિ અને દુઃખિયો મટે નહિ. પણ મૂર્તિમાં વૃત્તિ રાખતાં રાખતાં જ્યારે માયા છે જ નહિ એવું થાય ત્યારે સુખિયો થાય. ૨/૩૭/૧૧૧

૨૦. આપણે તો મૂર્તિ અને મુક્ત અખંડ સંભારવા. મૂર્તિ હોય તો ઘેર જાણવો અને ન હોય તે બહાર કહેવાય. અક્ષરકોટિ, બ્રહ્મકોટિ, ઈશ્વરકોટિ, માયાકોટિ ને જીવકોટિ આદિને ન સંભારવા; એને તો ભૂલી જ જાવું. તેલધારા મૂર્તિમાં વૃત્તિ રાખવી. અખંડ વૃત્તિ બહુ કામ કરે છે. માળા ફેરવવામાં માનસીપૂજા કરવામાં ઉપશમ થઈ, મૂર્તિમાં સંલગ્ન જોડાઈ જવાય તેમ કરવું, પણ આળસ રાખી બેસી ન રહેવું. મહારાજની આજ્ઞામાં ખરા ખબડદાર થઈને વર્તવું. ૨/૪૧/૧૨૫

૨૧. મિસ્ત્રી લાલજીભાઈએ પૂછ્યું જે: અક્ષરધામમાં મહારાજની મૂર્તિ દિવ્ય છે તે દિવ્ય મૂર્તિની સેવા કરવાની શું હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મૂર્તિનું સુખ ભોગવવું તે જ ધામમાં સેવા કરવાની છે. બીજી સેવામાં તો ગુણ (સત્વ, રજસ ને તમસ) આવે અને ચંદન-પુષ્પ વડે તો અવરભાવમાં સેવા કરવાની છે. પરભાવના ને અવરભાવના શબ્દ ભેળા હોય તે જ્યાં ઘટે ત્યાં ઘટાડવા. ૨/૪૧/૧૨૮

૨૨. આપણે આમ વારંવાર મૂર્તિની જ વાતો કરીએ છીએ તેમાં જેની નજર ન પહોંચે તે એમ જાણે જે આ તો એનું એ વર્ણન કરે છે, બીજી વાત જ કરતા નથી, જેમ ઘાંચીનો બળદિયો ઘાણીએ ફરે તેને એ જ ઘર ને એ જ ઘાણી, જરાય પંથ ખૂટે

નહિ તેમ. મહારાજે બીજાં સાધુ શું કરવા કર્યાં હશે! આમ બોલે પણ તેને એમ ખબર નથી, જે ભગવાનની મૂર્તિ ધાર્યા જેવું કોઈ સાધન નથી. ઘાંચીનો બળદિયો ઘાણીએ ફરે અને પંથ ન ખૂટે પણ સાંજે તેલનું કુડલું એ ભરી દે અને બીજો સૂઝે એટલું ચાલે, સૂઝે એટલો પંથ કાપે પણ તેથી તેલનું કુડલું તો શું પણ તેલની ચીકાશ પણ ન ભાળે. માટે મૂર્તિની વાતો કરવાથી જ સર્વે પ્રાપ્તિ થાય કેમ જે મૂર્તિ છે તે ચિંતામણિ છે, કલ્પતરુ છે, મહા મોંઘી વસ્તુ છે. માટે આપણે તો મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ રાખવી. ૨/૫૦/૧૬૦

૨૩. બાપાશ્રીએ વાત કરી જે મહારાજની મૂર્તિમાંથી અલૌકિક સુખ આવે છે, તે કલ્પે કલ્પ વીતી જાય તો પણ નવીન નવીન સુખ આવે જ જાય છે; મહારાજ અને અનાદિમુક્ત અરસપરસ છે. મહારાજની મૂર્તિમાં અનંત મુક્તનાં દર્શન થાય છે એ જ મૂર્તિનું અપારપણું છે. અપારપણું એટલે સમુદ્રમાં માછલું ફર્યા કરે પણ છેડો ન આવે. વાદળાં જમીનને અડ્યાં હોય એમ લાગે છે પણ છેડો નથી; એવી રીતે મૂર્તિ નાની જણાય છે પણ અપારપણું ઘણું છે. જેમ આકાશમાંથી વાદળાંના કોટ ઊતરે છે પણ કળાય નહિ તેમ એ મૂર્તિમાં રહેલા મુક્ત પણ ગતિમાં અકળિત છે, ચૈતન્ય મૂર્તિ છે ને પુરુષોત્તમરૂપ છે. ૨/૫૩/૧૬૯

૨૪. શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિનાં દર્શને આનંદ મળે, સ્પર્શે આનંદ મળે, સેવાએ આનંદ મળે, પ્રસન્નતાએ આનંદ મળે, વાયુ ઉપર થઈને આવે તો પણ આનંદ મળે; એમ મહારાજના સર્વે સંબંધે આનંદ, આનંદ ને આનંદ જ મળે. ૨/૫૩/૧૭૧

૨૫. તેજના સમૂહને વિષે શ્રીજીમહારાજ છે અને ચારે બાજુ મુક્તની સભાથી બધું બ્રહ્માંડ ઠસાઠસ ભરાઈ ગયું છે, તેજનાં કુંડાળાં પડે છે અને તેજનો ઘોષ થઈ રહ્યો છે. તેને

પ્રણવનાદ કહે છે પણ જીવને તો એવો સ્વભાવ છે જે કાંઈક નજરે ભાળે તો આનંદ, પણ અંદરનો આનંદ નહિ. માટે ખરેખરો મૂર્તિના સુખનો આનંદ અંદરનો રાખવો. ૨/૫૮/૧૮૪, ૧૮૬

૨૬. સૂર્યના રથમાં બેઠા તેને રાત્રી-દિવસ નથી. એમ મૂર્તિ આકારે દૃષ્ટિ થઈ તેને કાળ નથી, કર્મ નથી, દિવસ નથી, રાત નથી, અવસ્થા નથી. એને તો પુરુષોત્તમનારાયણની મૂર્તિના તેજમાં સર્વે સુખમય થઈ ગયું છે, માટે મહારાજની મૂર્તિ વિના બ્રહ્મપુર, ગોલોકાદિક કાંઈ સંભારવું નહિ ને પૂછવું પણ નહિ. (પૂછીએ તો એનો અર્થ એ કે મૂર્તિ સિવાય બીજું કાંઈ જોવા-કરવાની ઈચ્છા છે.) એક સાધુએ અમને પૂછ્યું ત્યારે અમે કહ્યું કે મૂર્તિ વિના અમે તો બીજું કાંઈ ભાળ્યું નથી ને જોયું પણ નથી. જો ખપે તો મહારાજની મૂર્તિ છે. ૨/૫૮/૧૮૫

૨૭. રાજાના કારભારી હોય તે જ્યાં જાય ત્યાં નવાં નવાં સન્માન મળે. એ બધું રાજાને લઈને છે. માટે પારકી મિલકતના ધણી થવું નહિ. કોઈને એમ થાય જે અમે મોટા દિગ્વિજય કરીએ છીએ અને સત્સંગીને વાતેચીતે સુખિયા કરીએ છીએ -એવું પોતાપણું ન લાવવું. એ તો મૂર્તિને લઈને સર્વે સુખિયા થયા છે એમ સમજવું. ૨/૫૯/૧૮૮

૨૮. મુક્તરાજ શ્રી સોમચંદભાઈએ પૂછ્યું જે: બાપા, જીવને વ્યતિરેક મૂર્તિનો સંબંધ ક્યારે થાય? ત્યારે બાપાશ્રી બોલ્યા જે શ્રીજીમહારાજ તો જીવથી લઈને અક્ષરપર્યંત સર્વેને વિષે અંતર્યામીપણે એટલે અન્વય સ્વરૂપે રહ્યા છે ને વ્યતિરેક મૂર્તિનો સંબંધ તો મુક્તને જ છે. તે સારંગપુરના ૫મા વચનામૃતમાં કહ્યું છે, પણ જ્યારે શ્રીજીમહારાજ આ લોકને વિષે મનુષ્યરૂપે દર્શન આપે ત્યારે જે જીવ મોટા પુરુષનો સમાગમ કરીને શ્રીજીમહારાજને જેવા છે તેવા સર્વોપરી ઓળખે ત્યારે

તેનું મૂળ અજ્ઞાન નાશ પામે ને શ્રીજીમહારાજની વ્યતિરેક મૂર્તિનો સંબંધ થાય ત્યારે તે મુક્ત થાય. ૨/૬૩/૧૯૯

**૨૯.** મૂર્તિનો મહિમા ખરેખરો સમજાય ત્યારે આ લોકની તુચ્છતા થઈ જાય, માટે એ વાતનો કેફ રાખવો કે કલ્યાણ થઈ જ ગયું છે. એમાં સંશય નથી. આવી વાત હાથ ન આવી હોય અને ભૂત, ભવિષ્ય ને વર્તમાનની વાતો કરે, ઐશ્વર્ય-ચમત્કાર જણાવે, તો ય શું! એ બધું ય મહારાજની મૂર્તિ વિના વિઘ્નકર્તા છે. માટે આપણે તો એક મૂર્તિમાં ખેંચાવું અને એ મૂર્તિમાં રહ્યા હોય તેમની સાથે જ હેત કરવું. ૨/૬૧/૨૦૬

**૩૦.** બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, શ્રીજીમહારાજની મૂર્તિમાંથી બહાર નીકળવું નહિ, એટલામાં જ રહેવું એવો ખટકો થાય તો મહારાજ જરાય છેટા નથી. ખટકો રાખીને મંડે તો છ મહિનામાં પૂરું થઈ જાય. તે પૂરું નક્કી કરવું પડશે; છૂટકો નથી. બીજું બધું ય થાય; માળા, કીર્તન, સેવા, મંદિરનો વ્યવહાર, મહંતાઈ એવું બધું ય થાય પણ કારણ વસ્તુ જે શ્રીજીમહારાજની મૂર્તિ તેમાં ન જોડાવાય તે કેવું કહેવાય? માટે મૂર્તિરૂપ માળામાં રહીને જ બધું કરવું જોઈએ. કોઈ ભગવાન સામો એક ગજ ચાલે તો ભગવાન તેના સામા બે ગજ ચાલે એવા દયાળુ છે, પણ જીવને ગરજ થોડી છે, કારણ મૂર્તિમાં રહેવું કઠણ પડે છે પણ રહેવા માંડે તો નીકળવું કઠણ પડે, પણ આપણે તે કરવાનો ખટકો ઓછો છે અને ખપ થોડો છે. મહારાજે કહ્યું છે જે એણે ક્યારે આગ્રહ કર્યો ને ક્યારે ન થયું? કરવા માંડે તેને કાંઈ કઠણ નથી. ૨/૭૬/૨૩૫

**૩૧.** બાપાશ્રી સભામાં વાત કરતા હતા તે વખતે એક સંત છેટે બેઠા કીર્તન કંઠે કરવા ગાતા હતા. તે સાંભળી બાપાશ્રી ચપટી વગાડી ડોલતા અતિ પ્રસન્નતા જણાવીને બોલ્યા જે જેને

ભગવાનને વિષે હેત હોય તેને આમ કીર્તન-ભક્તિ બહુ શ્રેષ્ઠ છે. તે કીર્તન મૂર્તિ સંભારીને બોલવાં. ચિહ્નનાં, લીલાનાં, ચરિત્રનાં ગાવાં. તે સાંભળીને ભગવાન અને ભગવાનના મુક્ત ઘણા રાજી થાય છે. ૨/૭૭/૨૩૯

૩૨. બાપાશ્રી સભામાં વાતો કરતા હતા ત્યારે ડોસાભાઈએ પૂછ્યું જે, બાપા! મહારાજ અને મોટા મુક્ત મળ્યા ત્યારથી મૂર્તિમાં રાખ્યાની વાત સમજાણી છે, છતાં મોટા મુક્ત જેવું સુખ ભોગવે છે તેવું સુખ કેમ આવતું નહિ હોય? તથા વ્યવહારમાંથી અરુચિ કેમ નહિ થતી હોય? અને પ્રકૃતિ ટળતી નથી તેનું શું કારણ હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મહારાજની મૂર્તિના સુખભોક્તા થવામાં પાત્ર થવાની જરૂર છે. પાત્ર થયા વિના એ સુખ આવે નહિ. જો હમણાં એમ થાય (એટલે કે પાત્ર થયા વિના ક્ષણભર મોટા એ સુખનો અનુભવ કરાવે તો) કોઈની (મુક્તની) ગરજ રહે નહિ અને પૂર્ણપણું જ મનાઈ જાય, તેથી કરીને (આંતર) વૃદ્ધિ પામી શકાય નહિ, અને કોઈને જણાવવાનું મન થઈ જાય, જે આ મિત્ર છે, આ હેતુ છે, આને કહ્યા વિના કેમ ચાલે? એમ થાય તેથી ઠીક ન રહે. જીવનો તો સ્વભાવ જ એવો છે જે સારું સ્વપ્ન આવ્યું હોય તો પણ બીજાને કહે ત્યારે સુખ થાય. જુઓને! આ જીવને કેટલું બધું અજ્ઞાન છે, કેટલો બધો મોહ છે અને કેટલી બધી વાસના છે; જે પોતાની સ્ત્રી-છોકરાં સારુ આખો દડાહો ખડિયો ખંભે લઈને ફર્યા કરે અને સાંજે માંડ ચાર પૈસા કે આઠ પૈસા રળે. એ લાવીને સ્ત્રી-છોકરાંને ખવરાવે ને રાજી રાજી થાય, પણ કષ્ટ વેઠવું પડ્યું હોય તેનું દુઃખ મનમાં ન ધરે અને વૈરાગ્ય પણ ન થાય. જો એટલું ભગવાન સારુ કરે તો કેવડું સુખ પ્રાપ્ત થાય? પણ જીવથી એ થાય નહિ અને માયિક નાશવંત, તુચ્છ ને દુઃખદાયી તથા કોટી

કલ્પ લગી માયામાં ભમાડે એવાં માયિક પદાર્થ સારુ કેટલું બધું થાય છે? ભગવાનના ભક્તને એવું ન ઘટે. ભગવાનના ભક્ત તો મહારાજની આજ્ઞાનુસાર મહારાજની મૂર્તિ રાખીને વ્યવહાર કરે, તે પણ ખોટો જાણીને (પોતાના કર્તવ્ય પૂરતો) કરે અને તેને તો એવી સમજણ હોય જે ભગવાન સારુ રામપત્તર લઈને માગવું પડે તો ય શું! પણ રાજી રાજી રહે. માથું જાતાં પણ ભગવાન ને ભગવાનના મુક્ત મળે તો ય બહુ જ સોંઘા મળ્યા છે એમ જાણે. તે ઉપર કીર્તનની ટૂંક બોલ્યા જે, "સો માથાં જાતાં રહે સોંઘા છોગાળા." ભગવાનના ભક્તની એવી સમજણ હોય. તેથી વ્યવહારિક પદાર્થની હાણ-વૃદ્ધિએ કરીને હર્ષ-શોકને ન પામે અને તે પદાર્થ મેળવવાના પ્રયત્નમાં મંડ્યો ન રહે. મહારાજની અને મોટાની આજ્ઞાનુસાર વ્યવહાર કરે. તે વ્યવહાર મહારાજ અને મોટા મુકાવે તો તરત મૂકી દે પણ કોઈ પ્રકૃતિ આડી આવે નહિ અને મુઝાય પણ નહિ. તો તેનો મહારાજના સુખમાં મોટા મુક્ત ભાગ રાખે છે. જેમ નબળો ખેડુ હોય તે સારા ધનાઢ્ય ખેડુ સાથે સહિયારો ભાગ કરે પછી પોતાના બળદો નબળા હોય અને તે ખેડુના તો મોટા જબરા હોય પણ મોલ પાકે ને વહેંચે ત્યારે જેટલું સારાને આવે એટલું નબળાને આવે; પણ જો દાડી કરી હોય તો ભાગ વહેંચાય નહિ ને દાડીના જેટલા પૈસા મળે. તેમ આપણે મોટા મુક્ત સાથે ભાગ કરવો પણ દાડીઓ કરવી નહિ. તો જેવું મોટાને સુખ થયું હોય તેવું આપણને પણ મળે. ૨/૮૦/૨૪૬

૩૩. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, મહારાજની મૂર્તિ અને મહામુક્ત એ બે સામું જોઈએ એટલે બીજું બધું દુઃખ વિસરી જવાય. દુઃખ ભૂલવાનું એ એક જ સાધન છે. હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, સૂતાં-જાગતાં, હરે મહારાજ!

સ્વામિનારાયણ! એમ શ્વાસોશ્વાસે તેમને સંભારવા એટલે બધું જ દુઃખ ભુલાઈ જાય. સત્સંગમાં મહારાજ તથા મોટાના પ્રતાપે સંત-હરિભક્ત સૌ સુખિયા છે. તમારે પણ સુખિયા રહેવું હોય તો મહારાજ તથા મોટાને આગળ રાખજો. ૨/૮૧/૨૪૯, ૨૫૦

૩૪. એક વાર સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, બાપા! આ સમે અક્ષરધામમાં મહારાજનું દર્શન કેવું થતું હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે સ્વામી! મહારાજ તો ઝળઝળાટ તેજમાં દર્શન દે છે. દિવ્ય દૃષ્ટિ થાય એટલે આ રહ્યા, ક્યાંય હશે એમ ન રહે. અનંત મુક્ત, અનંત અવતાર, અનંત ઐશ્વર્યાર્થી, અનંત માયિક જીવ તે સર્વેમાં જ્યાં જ્યાં સુખ છે તે મહારાજનો જેટલો સંબંધ તેટલું છે. જેટલું સમીપે સુખ છે તેટલું છેટે નથી. સર્વથી પર અક્ષરધામમાં તો શ્રીજીમહારાજની મૂર્તિનું અતિ અપાર સુખ છે. મુક્ત તેજોમય. ધામ તેજનો જ અંબાર, સર્વે દિવ્ય સમાજ, દિવ્ય સુખ, દિવ્ય વર્ણન, “અતિ તેજોમય રે, રવિ શશિ કોટિક વારણે જાય.” એવા દિવ્ય ધામમાં મહાપ્રભુ બિરાજે છે. સ્થાવર-જંગમ સર્વે ઠેકાણે મહારાજ દેખાય એ સ્થિતિ અને એ વિના કાંઈ ન દેખાય તે પ્રાપ્તિ. ૨/૮૧/૨૫૦, ૨૫૧

૩૫. માસ્તર પ્રભાશંકરભાઈએ પૂછ્યું જેઃ બાપા! કારણ શરીર તે શું? ત્યારે બાપાશ્રી બોલ્યા જે માયિક પદાર્થની વાસના તેને કારણ શરીર જાણવું. એ કારણ શરીર વજસાર જેવું છે; તે શ્રીજીમહારાજના ધ્યાને કરીને ટળે છે. અને નાના પ્રકારના ઐશ્વર્યના રાગ તેને મહાકારણ કહેવાય. તે મહાકારણ શ્રીજીમહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય ને તે મૂર્તિમાં આપોપું થાય ત્યારે ટળે છે. શિવજીભાઈએ પૂછ્યું જેઃ- બાપા! આપ વાતોમાં બહુધા મહારાજનું વર્ણન કરો છો તેમાં મહારાજનાં બીજાં નામ કરતાં શ્રીજીમહારાજ એ શબ્દ વધારે આવે છે તેનું શું

કારણ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે એ નામ બહુ રમણીય છે, માટે વધારે વપરાય છે. ૨/૮૧/૨૫૨

૩૬. સભામાં મધ્ય પ્રકરણનું ૧૩મું વચનામૃત વંચાતું હતું ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મહારાજે, "તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે" એમ કહ્યું તથા "જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો" એમ પણ કહ્યું. એવા તેજોમય દિવ્યમૂર્તિ શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે. એમનાં વચન પણ સર્વોપરી, સંત-હરિભક્ત સર્વોપરી, આવાં મંદિર ને આવી રીત બધું ય સર્વોપરી છે. આવી પ્રાપ્તિ થઈ છે તો પણ જીવ માયામાં ભડાભૂટ કરે છે. આવા શ્રીજીમહારાજને રાજી કરવા આપણે સત્સંગમાં આવ્યા છીએ તેથી એમની આજ્ઞામાં રહેવું ને મૂર્તિ મૂકવી નહિ. ભગવાનના ખરેખરા કૃપાપાત્રને ભગવાનની મૂર્તિ અને ભગવાનના મુક્ત એ વિના બીજે રહેવાય જ નહિ; એ અક્ષરધામના મુક્તનું લક્ષણ છે. ખાતાં, પીતાં, નહાતાં, ધોતાં, હાલતાં, ચાલતાં, સુખમાં, દુઃખમાં મૂર્તિ સંભારવી. મહારાજે પોતે ભક્તિ કરી તે આપણને શીખવવા માટે એમ જાણવું. મૂર્તિ સંભારતાં જે જે વિઘ્ન આવે તેને મૂર્તિને બળે ટાળી નાખવાં. ૨/૮૩/૨૬૨

૩૭. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, એક મહારાજ ને તેમના અનાદિમુક્ત વિના બીજે ક્યાંય ભાગ રાખવો નહિ. દેહ રહે ત્યાં સુધી એમની ભેળા ને ભેળા જ રહેવું. મહારાજને તથા અનાદિમુક્તને પળમાત્ર પણ મૂકવા નહિ. આમ સમજે નહિ તે ઇન્દ્રિયોના દેવ વરુણ, ચંદ્ર, સૂર્ય આદિને જાણે પણ આપણને તો મહારાજ મળ્યા તે બીજા દેવ ઊઠી ગયા. તેથી આપણા દેવ મહારાજ થયા છે. તે આત્મામાં મૂર્તિ રહે ત્યારે મહારાજ નેત્રથી જુએ, કાને સાંભળે, મુખે બોલે એમ બધી ઇન્દ્રિયોમાં મહારાજ

રહે છે. તો પણ ધામની અને મહારાજની વાટ જુએ, મુક્તની વાટ જુએ, જે ક્યાં હશે? પણ આત્મામાં છે તેને આકારે વૃત્તિ થતી નથી. જો એમાં વળગી રહે તો જેમ ફૂલની સુગંધી આવે છે તેમ મૂર્તિની અને મુક્તની ખુશબો આવે છે પણ જીવનો સ્વભાવ ચટકાવાળો છે, તે ક્યારેક ચટકો લઈ લે. ૨/૮૮/૨૭૪

૩૮. બાપાશ્રીએ વાત કરી જે, ભગવાનનો ભક્ત જ્યારે શ્રીજીમહારાજની મૂર્તિના સુખંને, મોટા અનાદિમુક્તના સમાગમ-સેવાએ કરીને, શ્રીજીરૂપ થઈને ભોગવે છે ત્યારે એને કોઈ વાતની અપેક્ષા રહેતી નથી. સર્વે ઇચ્છાઓ પરિપૂર્ણ થાય છે. તેને કાંઈ અલભ્યપણું રહેતું નથી, સર્વેનું સુલભપણું થઈ જાય છે. તેને કોઈ મનોરથનું અપૂર્ણપણું તથા ન્યૂનપણું રહેતું નથી. સર્વ રીતે પૂર્ણપણું થઈ જાય છે અને શ્રીજીમહારાજની મૂર્તિના સુખથી બીજું સર્વે સુખ અતિ તુચ્છ, લૂખું અને અતિ અલ્પ ભાસે છે. ૨/૯૦/૨૮૬

૩૯. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, સમુદ્રને ઠેકાણે મહારાજ છે; ગંગાજીને ઠેકાણે મહારાજના મુક્ત છે. ધરાના પાણીને ઠેકાણે સાધનદશાવાળા છે. તે સિદ્ધદશાવાળા મુક્તને જોગે કરીને શ્રીજીમહારાજની મૂર્તિરૂપ સમુદ્રને પામે છે, ત્યારે સર્વે સજાતિ થાય છે. પછી વૃષપુરના પ્રેમજીભાઈએ પૂછ્યું જે બાપા! તેની વિલક્ષણતા કેમ જણાય? ત્યારે બાપાશ્રી બોલ્યા જે ગંગા વગેરે જળમાંથી મોતી નીપજે નહિ ને સમુદ્રમાંથી મોતી નીપજે તેમ સર્વે મહારાજની મૂર્તિના સુખભોક્તાએ કરીને ભારે ભારે સુખ લે છે. તે સુખ મોતીને ઠેકાણે છે, પણ ગંગાજીના પાણીમાંથી એ નીપજે નહિ, તેમ સજાતિપણે એક સરખા જણાય પણ સુખભોક્તાએ કરીને વિલક્ષણપણું છે. ૨/૯૨/૨૯૧

૪૦. બાપાશ્રીએ વાત કરી જે, શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ ક્યારે રહેવાય? તો જ્યારે દેહના સુખદુઃખને ન ગણીને

કારણ ઉપર નજર રાખે ત્યારે. માટે કાર્ય ઉપર નજર રાખવી નહિ. મહારાજને સર્વોપરી સમજવા; બીજાને સૌ સૌના સ્થાને રાખવા. મહારાજનો બાંધેલો સંપ્રદાય તેમની પુષ્ટિમાં રહીએ તો મહારાજનો રાજીપો મળે અને તોડાય તો મહારાજ નારાજ થાય. માટે મહારાજનાં વચનો સામે સૂરત રાખી વર્તવું. કારણ મૂર્તિ વિનાની મોટાઈ બધી આ લોકની છે. ૨/૯૨/૨૯૨

**૪૧.** પ્રકૃતિના કાર્યને ખોટું કરે તે એકાંતિક. પરમાત્માને પધરાવીને સાજી સભા તે મૂર્તિ સાથે જુએ તે પરમ એકાંતિક. પછી મૂર્તિની ખુશબો આવી ત્યારે તેને અનુભવ જ્ઞાને કરીને મૂર્તિમાં રાખ્યો. એટલે મૂર્તિરૂપ થયો; તો પણ સુખનું દાતા-ભોક્તાપણું રહે છે, સ્વામી-સેવકપણું રહે છે. ચમક લોહને ખેંચે તેમ મૂર્તિમાં ખેંચાય છે. ગરુડ ઊડ્યો પછી અટક્યો એટલે મહારાજ એકલા ઊડ્યા. ગરુડથી પહોંચાણું નહિ કેમ જે તેને અનુભવ જ્ઞાન નહોતું. આપણે મહારાજને એકલા ઊડવા દેવા નહિ, પણ ભેગા ઊડતા શીખવું. ૨/૯૮/૩૧૧

**૪૨.** નેત્ર-શ્રોત્રાદિકને તો ભગવાનની મૂર્તિમાં જોડી દેવા, નહિ તો મોટી ખોટ આવે. જેના ઘરમાં ભગવાન નહિ તેના ઘરમાં મોટા મોટા કામ-ક્રોધાદિક સર્પ રહે છે; માટે આપણે તો એક ભગવાનની જ મૂર્તિ રાખવી અને જે એ મૂર્તિ રાખે તેને આવરણ ટળી જાય. શ્રીજીમહારાજના કહેવાણા હોય તેની તુચ્છ જેવા દોષ ફજેત કરી કિંમત કરાવે તે ઠીક નહિ. માટે મહારાજના જેવું બીજે ક્યાંય હેત થવા દેવું નહિ. ૨/૯૮/૩૧૧

**૪૩.** સાધુને ખટકો ન રાખે તો કેટલાંક વિઘ્ન થાય; ચેલો, પદાર્થ, આસન, પૂજા, પ્રતિષ્ઠા વગેરે વિઘ્નરૂપ થઈ પડે અને ગૃહસ્થને દ્રવ્ય, છોકરાં, ખેતર, મેડી અને સંબંધી એ સર્વે વિઘ્ન કરે; માટે એ વિઘ્નમાંથી ઊગરવાને મહારાજ રાખવા. તે ઉપાય બહુ

જબરો છે; માટે મહારાજને ભૂલવા નહિ. જેમ ગૃહસ્થને દ્રવ્યની ને પુત્રની આલોચના રહે છે, તેમ આપણે મહારાજની આલોચના રહે તો મૂર્તિ સન્મુખ થઈ જવાય. ૨/૯૮-૯૯/૩૧૨-૩૧૪

૪૪. શૂરવીર થઈને આજ્ઞારૂપી કોટમાં રહીને અંતરશત્રુને જીતીએ ત્યારે મહારાજની મૂર્તિ મળે. ત્યાગીને ધર્મામૃત ને નિષ્કામ શુદ્ધિ પ્રમાણે રહેવું અને ગૃહસ્થ હરિભક્તને શિક્ષાપત્રી પ્રમાણે રહેવું તો શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આવે. તે વિના સુખની આશા કરે છે તે સર્વે વલખાં છે. ૨/૯૯/૩૧૫

૪૫. બાપાશ્રીએ સભામાં વાત કરી જે, સંતનું મધ્ય તે શું? તો આ સભામાં મહારાજ બિરાજે છે, એ સંતનું મધ્ય છે. ત્યાં જન્મ માગવો ને મૂર્તિ વિના બીજી ઇચ્છા રહે તો નવ મહિનાની કેદ મળે. તે કેદમાંથી છુટકારો થતાં વાર ન લાગે, પણ જો બ્રહ્મ તથા અક્ષર આદિના ઐશ્વર્યમાં રાગ હોય તે કોટિ કલ્પે છૂટકો ન થાય. માટે ચૈતન્ય ભૂમિમાં જન્મ લેવો. તે ચૈતન્ય ભૂમિ એટલે અક્ષરધામ (મહારાજની મૂર્તિનો પ્રકાશ); એ અક્ષરથી પર છે "ગોલોક મધ્યે અક્ષરધામ, તે મધ્યે સાકાર મૂર્તિ સહજાનંદ શ્યામ." તે ગોલોક એટલે મહારાજના તેજની કિરણો. તે મધ્યે મહારાજનો ઘાટો પ્રકાશ છે. તે મધ્યે મૂર્તિ છે. એ મૂર્તિના સુખમાં જોડાઈ જઈએ તો માયા છેટી થઈ જાય, તે ગોતી જડે નહિ. ૨/૧૦૧/૩૨૪

૪૬. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડવૃત્તિ રાખવાથી શ્રીજીમહારાજના આકારે આકાર થઈ જાય છે. તેને ભાગવતી તનુ કહે છે, એટલે મહારાજ પોતાની મૂર્તિમાં રાખે છે અને અપરીમ્ અપરીમ્ સુખ આપે છે. ૨/૧૦૪/૩૨૯

૪૭. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે મહારાજની

મૂર્તિમાંથી તેજના અંબાર છૂટે છે. અનંત બ્રહ્માંડમાં જે જે તેજોમય છે તે મહારાજના તેજ વડે છે. એવા શ્રીજીમહારાજ આ લોકમાં પોતાનું તેજ-ઐશ્વર્ય ઢાંકી મનુષ્ય જેવા દર્શન આપે છે તો પણ તે તો જેમ છે તેમ ને તેમ જ છે. સાકરના નાળિયેરની પેઠે ત્યાગ-ભાગ નથી. મોટા મુક્તોએ એ મૂર્તિનો મહિમા જીવોને સમજાવવા અંગોઅંગની ઉપમા આપી, જેમ કે મુખારવિંદ સૂર્ય-ચંદ્ર જેવું, નાસિકા પોપટની ચાંચ કે દીપકની સગ જેવી, કંઠ કંબુ જેવો, નાભિ નૌતમ, કમર કેસરી સિંહને મોહ પમાડનારી, આંગળીઓના નખ લાલ મણિ જેવા -એમ ઉપમા આપી એ મૂર્તિનો મહિમા વર્ણવ્યો; કેમ કે જીવને ઝાઝું સમજવાની ગતિ નહિ તેથી એવી રીતે કહ્યું. શ્રીજીમહારાજે એક વખત સભામાં રમૂજ કરી કહ્યું કે આવી ઉપમાથી તો અમારો મહિમા ન કહેવાણો, પણ જીવોને સમજાવવા અમને વગોવ્યા જેવું થયું અને અમારા સંતને પણ નારદ, શુક, સનકાદિક, જડભરતની ઉપમા કેમ અપાય! પણ મોટા મુક્તને એમ જે, જે તે પ્રકારે જીવને મૂર્તિમાં હેત થાય ને દેહ તથા માયિક પદાર્થમાંથી વૃત્તિઓ ઊખડે. ૨/૧૨૨/૩૭૯

૪૮. દેવરાજભાઈએ પૂછ્યું જે : મૂર્તિમાં મુક્ત રહ્યા છે તે મૂર્તિ જેવડા જ મૂર્તિમાન છે એમ મોટા સંતો કહે છે. તે બધા કેવી રીતે રહ્યા હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, એ વાત આ લોકના દૃષ્ટાંતથી સમજાય તેવી નથી. એ તો સાક્ષાત્કારવાળા જેમ છે તેમ જાણે અથવા મહારાજ દયા કરીને બતાવે તે દેખે. મૂર્તિમાં મુક્ત સર્વે સાકાર થકા રસબસ ભાવે સળંગ મૂર્તિમાં રહ્યા છે. મહારાજની મૂર્તિમાં એવું જ અલૌકિક ઐશ્વર્ય છે, જેમ ચિંતામણિમાંથી બ્રહ્માંડ ભરાઈ જાય એટલા પદાર્થ નીકળે તો પણ ચિંતામણિ દુબળી પડતી નથી અને એ બધું એમાં પાછું સમાઈ

જાય તેણે કરીને પુષ્ટ પણ થતી નથી. એ તો જેવી હોય તેવી ને તેવી જ રહે છે. એવું સામર્થ્ય જેના પ્રતાપથી જડ વસ્તુમાં છે તો પોતાને વિષે અલૌકિક સામર્થ્ય હોય તેમાં શું કહેવું? એ તો હોય જ. ૨/૧૪૯/૪૪૨

**૪૯.** દેવરાજભાઈએ પૂછ્યું જે: બાપા! મૂર્તિમાં અનંત મુક્ત રહ્યા છે તે સર્વેને સુખ સરખું આવતું હશે કે અધિક-ન્યૂન આવતું હશે? ત્યારે બાપાશ્રીએ કહ્યું જે સર્વે મુક્તને એક સરખું જ સુખ આવે છે. અધિક-ન્યૂન આવે તે તો સાધનિકની સ્થિતિના ભેદ છે. સાધનકાળમાં અધિક-ન્યૂન ખરું પણ સિદ્ધકાળમાં તો અધિક-ન્યૂન કહેવાય નહિ. ૨/૧૪૯/૪૪૨

**૫૦.** દેવરાજભાઈએ પૂછ્યું જે, ધ્યાનની લટક તો સન્મુખપણાની હોય અને સમજણ તો મૂર્તિમાં રહેવાની હોય તેને કેવી પ્રાપ્તિ થાય? ત્યારે બાપાશ્રી બોલ્યા જે જેવી સમજણ છે તેવી પ્રાપ્તિ થાય. જેને મૂર્તિમાં રહેવાની સમજણ છે તેને મહારાજ મૂર્તિમાં જ રાખે પણ કાંઈ બાકી રહે નહિ. ૨/૧૪૯/૪૪૨

**૫૧.** બાપાશ્રી સભામાં વાત કરતા હતા તે વખતે મંદિરનું સિંહાસન કરવાવાળા કડિયા દર્શને આવ્યા. ત્યારે બાપાશ્રીએ વાત કરી જે વડોદરાનો કડિયો મંદિરનું સિંહાસન કરતો હતો તે કારીગર સારો હતો. ઘડતો ઘડતો ઊંચું પણ ન જુએ. ત્યારે મહારાજે કહ્યું જે તમારું નામ જાણીતું છે, પણ સાથે સાથે અમને રાખજો એમ કહ્યું, પણ તે તો ઘડતો જ રહ્યો ને ઊંચું પણ જોયું નહિ. ત્યારે મહારાજ કહે ઊંચું જોઈને અમારાં દર્શન કરો. પછી તેણે દર્શન કર્યાં. એવું કામ છે. માટે કામકાજ કરતાં મૂર્તિમાં વૃત્તિ રાખવી પણ ક્રિયારૂપ થઈ જવું નહિ. ૨/૧૫૦/૪૫૨

---

## ૨

# શ્રીહરિની સર્વોપરીતા

શ્રીજીમહારાજને સર્વના કારણ, સર્વના નિયંતા,
સર્વોપરી, સર્વાધાર જાણ્યા વિના જીવનો
આત્યંતિક મોક્ષ ન થાય.

૧. શ્રીજીમહારાજ (શ્રી સ્વામિનારાયણ ભગવાન) પોતાના સ્વરૂપનું જ્ઞાન જીવોને આપવા સારુ પોતાના અનાદિ તથા પરમ એકાંતિક મુક્તોને સાથે લઈને આ પૃથ્વી ઉપર પધાર્યા અને મુક્તોએ શ્રીજીમહારાજની આજ્ઞાથી શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાની ઘણીક વાતો કરી; પણ કેટલાક જીવ સમજી શક્યા નહિ ત્યારે મુક્તોએ શ્રીજીમહારાજને પ્રાર્થના કરી જે હે મહારાજ! કેટલાક જીવ તમારો મહિમા સમજી શકતા નથી. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે એમને આજે જ આપણો યોગ મળ્યો છે માટે નવા આદરવાળા છે, તેથી તેમના માન્યામાં આવતી નથી પણ જેણે જેણે તમારી વાતો સાંભળી છે તે સર્વે દેહ મૂકશે તેમને ફેર સત્સંગમાં જન્મ ધરાવશું ને તમને ઉપદેશ કરવા મોકલશું. ૧/૧/૧

૨. જીવકોટીને કર્મફળ આપવા તથા ઈશ્વરકોટી, બ્રહ્મકોટી ને અક્ષરકોટી એ સર્વેને ઐશ્વર્ય આપવા તે કાર્ય શ્રીજીમહારાજ

પોતાના તેજ દ્વારે કરે છે. ઉત્પત્યાદિક ક્રિયા તે મૂળઅક્ષરો દ્વારે કરાવે છે. તે અક્ષરો બ્રહ્મને પ્રેરણા કરે છે ને સ્થિતિરૂપ ક્રિયા વાસુદેવબ્રહ્મ પાસે કરાવે છે અને ઉત્પત્તિરૂપ ક્રિયા તે મૂળપુરુષ દ્વારે કરાવે છે અને પ્રલયરૂપ ક્રિયા તે મહાકાળ દ્વારે કરાવે છે. ૧/૧૩/૩૨

૩. સાધુ નારાયણદાસજીએ પૂછ્યું જે, અમને અનાદિ મહામુક્તરાજ સદ્‌ગુરુ સ્વામી નિર્ગુણદાસજીએ મૂળ અક્ષરથી પર શ્રીજીમહારાજનું તેજરૂપ અક્ષરધામ નોખું છે એમ વાત કેમ નહિ કરી હોય? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, સ્વામી તો મૂર્તિમાં રહેતા હતા અને જ્યારે અમે ભેગા થતા ત્યારે એવી જ વાત કહેતા. અમે ને સ્વામીશ્રી તો મૂર્તિમાં ભેગા છીએ અને મૂર્તિમાં રહ્યા થકા અહીં દર્શન આપીએ છીએ. એમનું કાંઈ પણ અજાણ્યું નહોતું પણ તે ટાણે ઉપાધિ કરનાર હતા. તે શ્રીકૃષ્ણથી પણ મહારાજને પર ન કહેવા દેતા તો તેથી પર મહાકાળ અને તેથી પર નરનારાયણ અને તેથી પર વાસુદેવ બ્રહ્મ અને તેથી પર મૂળ અક્ષરોના મુક્તો અને તેથી પર મૂળ અક્ષરો અને તેથી પર શ્રીજીમહારાજના એકાંતિક ને તેથી પર પરમ એકાંતિક ને તેથી પર અનાદિ ને તેથી પર શ્રીજીમહારાજ છે. એટલું બધું એકદમ શી રીતે કહેવાય? તેમાં તો ઉપાધિ બહુ જ થાય એટલા માટે કહેતા નહોતા, પણ અમને કહેતા જે "બાવો મોટા ને મઢી નાની. તે મઢીમાં બાવો શી રીતે સમાય? તેમ જીવ નાના ને મહારાજનો મહિમા બહુ જ મોટો. તે જીવને શી રીતે જીરવાય? માટે કોની આગળ કહીએ? મનમાં સમજી રહીએ છીએ, પણ કોઈને જેમ છે તેમ કહેવાતું નથી. શ્રીજીમહારાજને શ્રીકૃષ્ણ જે મૂળપુરુષ તેથી પર કહીએ છીએ એટલામાં પણ ઉપાધિ થાય છે." સ્વામીને વાતો ન કરવા દેવી ને જો શ્રીકૃષ્ણથી મહારાજને પર કહે

તો કાઢી મૂકવાનો પણ ઠરાવ કર્યો હતો પણ શ્રીજીમહારાજે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને રાત્રીએ સાક્ષાત્ દર્શન આપીને કહ્યું જે, તેમને તો અમોએ જીવના ઉદ્ધારને અર્થે ને અમારો મહિમા તથા ઉપાસના સમજાવવા માટે મોકલ્યા છે. એ તો અમારી મૂર્તિમાં રહેલા અનાદિમુક્ત છે અને અમારી ઇચ્છાથી અમારી મૂર્તિમાં રહ્યા થકા અહીં દેખાય છે એવા સમર્થ છે. માટે એમને આ દેશમાંથી જવા દેશો નહિ; જો જવા દેશો તો એ તમારે ઘરેણારૂપ છે તે તમારા દેશનું ભૂષણ જતું રહેશે. શ્રી ગોપાળાનંદ સ્વામીને આ દેશમાં આવવાની અમે આજ્ઞા કરી હતી તેમને પણ આવવાની તમે ના પાડી તેથી એ પણ આવતા નહોતા અને વળી આ પણ જશે તો અમારી ઉપાસના કોણ પ્રવર્તાવશે? માટે એમને આ દેશમાં રાખો. એ જે વાતો કરે તે સત્ય માનજો ને એમનું અપમાન કરવા દેશો નહિ. એ અમારી આજ્ઞા પાળશો તો અમો પ્રસન્ન થઈશું. એ તો અમારી ઇચ્છાથી દર્શન આપે છે. નહિ તો સ્વતંત્ર મુક્ત છે, અદૃશ્ય થઈ જશે તો અમારી ઉપાસના પ્રવર્તશે નહિ. માટે તેમને જવા દેશો નહિ. એમ કહીને શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા. સવારે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સ્વામીશ્રીને બોલાવીને કહ્યું જે તમે જશો નહિ. તમને કોઈ ઉપાધિ કરતા હશે તે અમે નહિ કરવા દઈએ. શ્રીજીમહારાજના મહિમાની વાતો સુખેથી કરો. પછી સ્વામીશ્રી ગયા નહિ. તેથી મોટા સંતોએ આચાર્યજી મહારાજને કહ્યું જે તમે કેમ ના પાડી? એમ સંવાદ થયો. તે દિવસે હરિજનની ઘેબરની રસોઈ હતી ને ચોકમાં ચંદની તળે પંક્તિ થવાની હતી તે રંગોળી પૂરી હતી પણ મહારાજશ્રી પીરસવા ઊઠ્યા નહિ ને કહ્યું જે નિર્ગુણદાસજી સ્વામીને રાખવાની હા પાડો તો જ પીરસવા ઊઠીએ. પછી સર્વે સંતોએ હા પાડી. મહારાજશ્રીએ કહ્યું જે અમને શ્રીજીમહારાજે દર્શન

આપીને કહ્યું જે, "એમને જવા દેશો નહિ; એમને અમે મોકલ્યા છે. માટે અપમાન કરવા દેશો નહિ ને તે જે વાતો કહે તે સાચી માનજો" એમ મહારાજશ્રીએ વાત કરી ત્યારે સર્વેએ કહ્યું જે બહુ સારું, મહારાજ. પછી મહારાજ પીરસવા પધાર્યા. એવી ઉપાધિઓ વારંવાર થતી તેથી જેમ છે તેમ કહેતા નહિ, પણ જાણતા નહોતા એમ ન જાણવું. સ્વામીશ્રી તો બધું ય જાણતા પણ ઉપાધિ થાતી એટલા સારુ કહેતા નહિ. ૧/૧૯/૪૨

૪. શ્રી બ્રહ્માનંદ સ્વામીના કીર્તનમાં કહ્યું છે કે, "પાઘડી બાંધી છે ત્રિલોક થકી ન્યારી" તે ત્રિલોકી કેવી રીતે સમજવી? ૧/૨૧/૪૭

બાપાશ્રી બોલ્યા જે પ્રકૃતિપુરુષ સુધી તો બધું નાશવંત છે. તેને તો બ્રહ્માનંદ સ્વામીએ ગણ્યું જ નથી ને તેથી પર પહેલી મૂળપુરુષરૂપ ઈશ્વરકોટી, બીજી બ્રહ્મકોટી અને ત્રીજી અક્ષરકોટી એમ ત્રિલોકી કહી છે, તેથી શ્રીજીમહારાજની પાઘડી ન્યારી છે. આ કાર્ય-ત્રિલોકી છે. મૂળઅક્ષરથી પર શ્રીજીમહારાજના એકાંતિક ને તેથી પર પરમ એકાંતિક અને તેથી પર અનાદિ એ કારણ-ત્રિલોકી છે. તેથી પણ મહારાજની પાઘડી ન્યારી છે એમ બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું છે.

૫. આપણાં મંદિરોમાં શ્રી નરનારાયણ, શ્રી રાધાકૃષ્ણ, શ્રી લક્ષ્મીનારાયણ, શ્રી ગોપીનાથ આદિક અવતારોની મૂર્તિઓ પધરાવી છે. તે પધરાવવાનું શું કારણ હશે? ૧/૨૨/૪૮

બાપાશ્રી બોલ્યા જે શ્રીજીમહારાજ માંગરોળ આદિક ગામોમાં મતવાદીઓને તથા બીજા અવતારોના ઉપાસકોને એમના ઈષ્ટદેવરૂપે પોતે દેખાયા હતા, તે પોતાનાં સ્વરૂપ પોતાનાં મંદિરોમાં પધરાવ્યાં છે પણ બીજા અવતારો જે વૈકુંઠ, ગોલોક, બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ આદિક ધામોમાં રહ્યાં છે તેમની કોઈની પ્રતિષ્ઠા કરી

નથી. માટે બીજા અવતારોની મૂર્તિઓ છે એમ ન સમજવું. આપણા મંદિરમાં તો શ્રીજીમહારાજ પોતે છે. તે ઘણા જીવોના સમાસ અર્થે વેષાન્તર કરીને દર્શન આપે છે.

૬. વચનામૃતમાં ચતુષ્ક કહ્યાં છે તેમાં પહેલા ચતુષ્કમાં નારાયણ, નર, હરિ અને કૃષ્ણ એ ચારનું એક ચતુષ્ક કહ્યું છે તે કેવી રીતે સમજવું? અને બીજું વાસુદેવ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ એ ચારનું ચતુષ્ક કહ્યું છે તે કેવી રીતે સમજવું?

બાપાશ્રી બોલ્યા જે નારાયણ તે શ્રીજીમહારાજને કહ્યા છે. અનાદિમુક્તોને કૃષ્ણ કહ્યા છે. તે શાથી કહ્યા છે તો જીવોને શ્રીજીમહારાજની મૂર્તિમાં આકર્ષણ કરે છે એટલે મૂર્તિમાં ખેંચી લે છે. માટે અનાદિમુક્તને કૃષ્ણ નામે કહ્યા છે. પરમ એકાંતિક જે શ્રીજીમહારાજને સન્મુખ રહ્યા છે તેમને નર નામે કહ્યા છે. એકાંતિકને હરિ નામે કહ્યા છે. શાથી જે જીવોને માયામાંથી લઈને સત્સંગી કરે છે, એમ માયામાંથી હરિ લે છે માટે એકાંતિકને હરિ એવે નામે કહ્યા છે. માટે નારાયણ તે શ્રીજીમહારાજ જાણવા, કૃષ્ણ તે અનાદિમુક્ત જાણવા, નર તે પરમ એકાંતિક જાણવા અને હરિ તે એકાંતિક જાણવા; એ એક ચતુષ્ક છે. બીજું ચતુષ્ક એ છે જે, શ્રીજીમહારાજના તેજને વાસુદેવ કહ્યા છે. મૂળઅક્ષરને અનિરુદ્ધ કહ્યા છે, શ્વેતદ્વીપપતિ વાસુદેવબ્રહ્મને પ્રદ્યુમ્ન કહ્યા છે અને મહાકાળને સંકર્ષણ કહ્યા છે. તેમના લક્ષણની વિગત જે: શ્રીજીમહારાજનું તેજ અક્ષરાદિક સર્વેને વિષે અંતર્યામીપણે વાસ કરી ઐશ્વર્ય, સામર્થ્ય આપે છે તેથી વાસુદેવ કહ્યા છે. ઉત્પત્તિ કરનાર મૂળઅક્ષર છે તે અનિરુદ્ધ નામે કહેવાય છે. વાસુદેવબ્રહ્મ છે તે માયામાંથી જીવોને કાઢીને પોતાનું બ્રહ્મપુર ધામ ત્યાં પોતાની સમીપે લઈ જઈને પોતાનું સુખ આપે છે માટે તેમને પ્રદ્યુમ્ન કહ્યા છે. મહાકાળ છે તે આત્યંતિક પ્રલયને સમયે મૂળપુરુષ જે ઈશ્વર

અથવા કૃષ્ણ તેનાં કાર્યનો નાશ કરે છે માટે તેને સંકર્ષણ નામે કહ્યા છે. આ શ્રીજીમહારાજનું તેજ જે વાસુદેવ, મૂળઅક્ષરકોટી જે અનિરુદ્ધ, વાસુદેવબ્રહ્મ એ પ્રદ્યુમ્ન અને મહાકાળ તે સંકર્ષણ એ બીજું ચતુષ્ક જાણવું. ૧/૨૩/૫૦

૭. શ્રીજીમહારાજે છેલ્લા પ્રકરણના ૨જા વચનામૃતની ૨જી બાબતમાં બ્રહ્માદિકને પણ દુર્લભ એવો આ સત્સંગ મળ્યો છે એમ કહ્યું છે. તેમાં બ્રહ્મા તો મૂળઅક્ષરને કહ્યા છે. કેમ જે સૃષ્ટિ કરે તે બ્રહ્મા કહેવાય. મૂળ સૃષ્ટિ કર્તા મૂળઅક્ષર છે તેને આ ઠેકાણે બ્રહ્મા કહ્યા છે. તેને પણ આ જોગ દુર્લભ છે. આ તો છેલ્લો જોગ છે. ૧/૩૪/૬૫

૮. મધ્ય પ્રકરણના ૬૪મા વચનામૃતમાં ભગવાનની યોગમાયાએ કરીને પચાસ કોટી યોજન પૃથ્વી તે પ્રલયને વિષે પરમાણુરૂપ થઈ જાય છે એમ કહ્યું છે. તે માયાનો શો અર્થ સમજવો?

બાપાશ્રી બોલ્યા જે યોગ માયા તે ભગવાનની સમૃદ્ધિને જાણવી. શ્રીજીમહારાજ સર્વેના સ્વામી છે અને બીજું સર્વે છે તે શ્રીજીમહારાજની માયા એટલે સમૃદ્ધિ છે. અક્ષર છે તે મહારાજની માયા એટલે સમૃદ્ધિ છે અને બ્રહ્મ છે તે અક્ષરની માયા એટલે સમૃદ્ધિ છે અને મૂળપુરુષ છે તે બ્રહ્મની માયા એટલે સમૃદ્ધિ છે એમ જાણવું; પણ પ્રકૃતિરૂપ માયા છે તે આ ઠેકાણે ન જાણવી. એ પ્રકૃતિરૂપ માયા છે તે તો મૂળપુરુષની સમૃદ્ધિ છે. ૧/૯૪/૧૭૦

૯. ઊંચા-નીચાનો અર્થ તે પણ શ્રેષ્ઠ-કનિષ્ઠ જાણવો પણ તળે ઉપર ન જાણવું. એમ કહેવાય છે કે અક્ષરધામ સર્વથી ઊંચું છે તે એમ સમજવું જે અક્ષરધામ સર્વેથી શ્રેષ્ઠ છે. પણ ઊંચું એટલે ઉપર છે ને અહીં નથી એમ ન જાણવું; કેમ જે અક્ષરધામ

તો સર્વત્ર છે, અને શ્રીજીમહારાજ પણ સર્વત્ર છે. ઊંચા-નીચાનો અર્થ તે શ્રેષ્ઠ-કનિષ્ઠ છે અને પરનો અર્થ પણ શ્રેષ્ઠ છે. તેમ જ ઉત્તરોત્તર સુખમાં પણ ફેર છે ને તારતમ્યતા (ઓછાવત્તાપણું) છે. મહારાજની મૂર્તિના સુખથી મુક્તનું સુખ ઓછું છે ને તેથી ધામનું સુખ ઓછું, તેથી મૂળઅક્ષરોની કોટીઓનું સુખ ઓછું, તેથી અક્ષરોના મુક્તનું સુખ ઓછું, તેથી બ્રહ્મની કોટીઓનું સુખ ઓછું ને તેથી મૂળપુરુષરૂપ ઈશ્વરોનું સુખ ઓછું છે; એમ તારતમ્યતા છે. ૧/૯૪/૧૭૦

**૧૦.** સભામાં સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે: શિક્ષાપત્રીનો પહેલો શ્લોક જે "વામેયસ્ય" તેમાં શ્રીજીમહારાજે હું શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું એમ કહ્યું છે. એટલે એમાં તો શ્રીજીમહારાજ ભક્ત ઠર્યા અને શ્લોક ૨૦૯માં કહ્યું છે જે "મદ્રૂપમિતિ મદ્વાણી" તેમાં તો મારી મૂર્તિઓની જેમ પૂજા કરો છો તેમ જ મારી વાણી જે શિક્ષાપત્રી તે પણ મારું સ્વરૂપ છે, તેની પૂજા કરવી, એમ આજ્ઞા કરી છે. એમાં તો પોતાનું ભગવાનપણું સૂચવ્યું છે. માટે તે પરસ્પર વિરોધ આવે છે તે કૃપા કરીને યથાર્થ સમજાવો.

બાપાશ્રી બોલ્યા જે શાસ્ત્રના શબ્દ દ્વિઅર્થી હોય, તેનો અનાદિમુક્તરાજ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામીએ સર્વેને ઠીક લાગે એવો સાર્વજનિક અર્થ કર્યો છે. તેમાં "વામ" શબ્દની લક્ષણા (વ્યાખ્યા) કરીને ડાબું પડખું લીધું છે અને શતાનંદ મુનિએ શિક્ષાપત્રીની "અર્થદીપિકા" ટીકા કરી છે. તેમાં "વામ" શબ્દની લક્ષણા કરીને "વામ" હસ્ત લીધો છે; જે વામ કહેતા ડાબા હસ્તને વિષે રાધા કહેતાં ભક્તજન, જેણે કરીને સિદ્ધિ પામે એવી સિદ્ધિ રહી છે. શ્રીજીમહારાજ પોતાના ડાબા હસ્તમાં અભયપદ ધરી રહ્યા છે કહેતા ડાબા હાથે અભયદાન આપે છે; તેને ડાબે

પડખે રાધા રહ્યાં છે એમ કહ્યું છે અને વક્ષ:સ્થળમાં લક્ષ્મીજી રહ્યાં છે એમ કહ્યું છે. તેનો અર્થ શોભાવાચક (શોભા આપે એવું) કર્યો છે. તે અનંત મુક્તકોટી, અનંત અક્ષરકોટી, અનંત બ્રહ્મની કોટીઓ અને અનંત ઈશ્વરોની કોટીઓ તે સર્વેને શોભા આપવાપણું શ્રીજીમહારાજને વિષે રહ્યું છે, એમ કહ્યું છે અને વૃંદાવનમાં વિહાર કરનારા કહ્યા છે. તે વૃંદ તે સંતનો સમૂહ કહ્યો છે. તે સંતના વૃંદનું "અવન" કહેતાં રક્ષણ કરવું, તે નિમિત્તે છે વિચરણ જેમનું; એવું શ્રીકૃષ્ણવાચક મારું સ્વરૂપ કહેતાં "શ્રી" જે શોભા તેણે યુક્ત કહેતાં ભક્તના આધાર સતાં (છતાં; તો પણ) ભક્તનાં દુઃખને નિવૃત્ત કરનારા એવા જે અમે તે અમારા સ્વરૂપનું અમે ધ્યાન કરીએ છીએ; એમ શ્રીજીમહારાજે પોતાનું ધ્યાન કહ્યું છે. આવો અવાંતર (અંદરનોઃ અંદર સમાયેલો) અર્થ શતાનંદ મુનિએ ટીકામાં કર્યો છે તે વાસ્તવિક છે. માટે આવી રીતે અર્થ સમજવો. ૧/૯૯/૧૭૯

૧૧. શિક્ષાપત્રીના ૧૦૭મા શ્લોકમાં "हृदये जीववत् जीवे" એમ કહ્યું છે તેમાં જીવ જેમ હૃદયરૂપી એક દેશમાં રહ્યો થકો પોતાની સત્તાથી નખશિખા પર્યંત સમગ્ર દેહમાં વ્યાપી રહ્યો છે; તેમ શ્રીજીમહારાજ પોતાના અક્ષરધામને વિષે સદા દિવ્ય સાકાર મૂર્તિમાન રહ્યા થકા પોતાની અંતર્યામી શક્તિએ કરીને સર્વ જીવને વિષે રહ્યા છે; પણ જીવ જેમ નિરાકાર છે તેમ શ્રીજીમહારાજ નિરાકાર નથી. શ્રીજીમહારાજ તો સદા સાકાર મૂર્તિમાન છે ને સ્વતંત્ર છે ને ઈશ કહેતાં જીવંકોટી, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી, અક્ષરકોટી અને મુક્તકોટી તે સર્વેના નિયંતા છે અને સર્વેને કર્મફળના આપનારા છે.

અને ૧૦૮મા શ્લોકમાં "स श्रीकृष्ण" કહેતાં અક્ષરધામમાં સાકાર દિવ્ય મૂર્તિમાન જે શ્રીકૃષ્ણ પરબ્રહ્મ ભગવાન શ્રી પુરુષોત્તમ

તે જ આપણા ઈષ્ટદેવ છે ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વ અવતાર માત્રના કારણ છે પણ પરોક્ષ દેવકીનંદન શ્રીકૃષ્ણને આપણા ઈષ્ટદેવ કહેલ નથી. ૧/૯૯/૧૮૦

૧૨. પછી વળી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે: ૧૧૫મા શ્લોકમાં "कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमाऽपिच" એમ કહ્યું છે તેમાં શ્રીકૃષ્ણના નામથી શ્રીજીમહારાજને કહ્યા છે, પણ અવતાર, જીવ, નર, દેવ અને બ્રહ્મવેત્તા ભક્ત કોને જાણવા?

બાપાશ્રી બોલ્યા જે છેલ્લા પ્રકરણના ૧૦મા વચનામૃતમાં મૂળ માયામાંથી ઉત્પન્ન થયા જે પ્રધાનપુરુષ અને તેમાંથી થયા જે મહતત્ત્વ, અહંકાર, વૈરાજ અને તેમાંથી થયા જે બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને બ્રહ્માથી થયા જે પ્રજાપતિ, ઋષિ, દેવ, દૈત્ય, મનુષ્ય, ઝાડ, પહાડ, સ્થાવર, જંગમ તે સર્વે જીવ જાણવા અને મૂળપુરુષોથી લઈને બ્રહ્મ તથા મૂળઅક્ષરો તે સર્વે દેવ જાણવા અને શ્રીજીમહારાજની મૂર્તિને સાક્ષાત્કાર પોતાના આત્માને વિષે દેખતા હોય એવા એકાંતિકને બ્રહ્મવેત્તા ભક્ત જાણવા અને શ્રીજીમહારાજના પરમ એકાંતિક મુક્તને નર જાણવા. તે કોઈનું ધ્યાન શ્રીજીમહારાજના ભક્તોએ ન કરવું અને જેમ શ્રીજીમહારાજે જીવોના મોક્ષ માટે શ્રી રામાનંદ સ્વામીરૂપે દર્શન આપ્યાં હતાં તેમ મુક્તરૂપે દર્શન આપે તે મુક્ત શ્રીજીમહારાજના અવતાર કહેવાય તેનું ધ્યાન થાય. તે જો શ્રીજીમહારાજે પોતે દર્શન આપ્યા ન હોય ત્યાં સુધી થાય ને જ્યારે સ્વયં મૂર્તિ શ્રીજીમહારાજ પોતે દર્શન આપે તો તે અવતારનું પણ ન થાય. ૧/૯૯/૧૮૦

૧૩. સભામાં શ્રી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે: ભક્તચિંતામણિના પરચામાં 'ઝીણાભાઈને શ્વેતદ્વીપમાં દીઠા' એમ લખ્યું છે એનું શું કારણ હશે?

બાપાશ્રી બોલ્યા જે શ્વેત એવું જે તેજ તેનો દ્વીપ કહેતાં સમૂહ એટલે તેજનો સમૂહ જે અક્ષરધામ તેમાં દીઠા એમ કહ્યું છે પણ પરોક્ષ શ્વેતદ્વીપ છે ત્યાં દીઠાં એમ ન જાણવું. વેદ તે પણ આવા મુક્તનાં વચન જાણવાં. આ મુક્ત શ્રીજીમહારાજના વેદ છે. તેમના મુખમાંથી વચન નીકળે તે વેદ સમજવા. વૈરાજના મુખમાંથી નીકળ્યા છે તે વેદ અવરભાવના છે; એમાં મૂળપુરુષથી પરની ઉપાસના નથી કહી. આ શ્રીજીમહારાજના મુક્તરૂપી વેદ છે, તે શ્રીજીમહારાજની ઉપાસના સમજાવે છે અને શ્રીજીમહારાજની પ્રાપ્તિ કરાવે છે; તેમ જ કર્મ ને જ્ઞાન તે પણ શ્રીજીમહારાજ સંબંધી કરાવે છે. આ તો પરભાવના વેદ છે. ૧/૧૦૨/૧૮૪

**૧૪.** કેટલાક સાધુઓને મહારાજની ઉપાસના ન સમજાણી હોય તે સભામાં વાત કરે તો પણ વૈરાજ કે પ્રધાનપુરુષ કે પ્રકૃતિપુરુષથી બહાર નીકળતા નથી. એમાં ને એમાં ઘુંચાઈ રહે છે. પરા, પશ્યંતિ, મધ્યમા ને વૈખરી એ ચાર વાણી તથા પરોક્ષ શાસ્ત્ર એ બધું ક્ષરમાં એટલે માયામાં છે; માટે એકાંતિકને તે કાંઈ જોઈએ જ નહિ. આપણા દેહના પ્રારબ્ધ તે પણ શ્રીજીમહારાજ પોતે જ છે. એક મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ એવું કરી નાખવું. જો ઉપાસના પાકી હોય તો સારંગપુરના ૧૧મા વચનામૃતમાં કહ્યાં જે પાંચ સાધન (વૈરાગ્ય, શ્રદ્ધા, બ્રહ્મચર્ય, અહિંસા ને આત્મનિષ્ઠા) તે સિદ્ધ થાય ને શ્રીજીમહારાજની પ્રસન્નતા થાય. ૧/૧૦૨/૧૮૪

**૧૫.** નારાયણ અને પુરુષોત્તમ એ બે શબ્દ ભુલાવે છે. ઇંદ્ર-બ્રહ્માથી લઈને અક્ષરકોટી સુધી સર્વે નારાયણ અને પુરુષોત્તમ કહેવાય છે. આપણા સ્વામી જે શ્રી પુરુષોત્તમ તે તો સર્વેથી પર છે. બહિર્વૃત્તિએ કરીને કાર્ય જોવાય છે અને અંતર્વૃત્તિએ કરીને કારણ જોવાય છે. બહિર્વૃત્તિ કારણને આવરી લે છે.

શ્રીજીમહારાજ અક્ષરધામમાં રહ્યા થકા લીલા કરે છે તે બહિર્દૃષ્ટિવાળાને મનુષ્યના જેવી દેખાય છે પણ અંતર્દૃષ્ટિવાળાને મનુષ્યભાવ ટળીને દિવ્યદેખાય છે. ૧/૧૪૭/૨૫૮

**૧૬.** સર્વ ઠેકાણે શ્રીજીમહારાજનું કર્તાપણું સમજવું પણ માયા, કર્મ, સ્વભાવ, કાળ, બ્રહ્મ, અક્ષર એ કોઈનું કર્તાપણું ન સમજવું. જો વિપરીત દેશકાળ, સંગાદિક તથા રાજાનો ઉપદ્રવ થાય અથવા કોઈ મરે ત્યારે કાળે કર્યું એમ જાણે તો તેણે ભગવાનને કાળ જેવા જાણ્યા કહેવાય અને માયાએ કરીને કે કર્મે કરીને કે સ્વાભાવિક થાય છે એમ જાણે તેણે માયા જેવા, કર્મ જેવા ને સ્વભાવ જેવા ભગવાનને જાણ્યા કહેવાય. વરસાદ, વાયરો, ટાઢ, તડકો વધુ-ઓછો થાય, ત્યારે ગાળો દે તેણે ભગવાનને કર્તા ન જાણ્યા કહેવાય. આપણે તો સર્વ ઠેકાણે શ્રીજીમહારાજનું કર્તાપણું સમજવું. પણ બીજા અક્ષરાદિક કોઈનું કર્તાપણું ન સમજવું. ૧/૧૫૦/૨૬૪

**૧૭.** સારંગપુરનું છઠ્ઠું વચનામૃત વંચાતું હતું. તેમાં વેદની ઉત્પત્તિની વાત આવી; ત્યારે બાપાશ્રી બોલ્યા જે વેદ, વૈરાજમાંથી થયા છે ને તેમાં એક બ્રહ્માંડની વાત છે પણ ઝાઝી નથી, માટે સૌ-સૌના સ્થાનમાં એમને મૂકી દઈને શ્રીજીમહારાજની સમીપમાં આપણે જવું. એ કોઈનું આપણે કામ નથી. એમને બાઝી રહીએ તો તે આવરણ કરે. તે કોઈને વીંટાઈ રહેવું નહિ. હનુમાનજી આદિ કોઈ દેવને પણ વીંટાવું નહિ. એક મૂર્તિ ને મુક્ત તેમને બાઝવું. શ્રીજીના ભક્ત તો રાજાની રાણીને ઠેકાણે છે. જેમ ગૃહસ્થની પંક્તિમાં સાધુથી બેસાય નહિ અને સાધુની પંક્તિમાં ગૃહસ્થથી બેસાય નહિ તેમ શ્રીજીના એકાંતિક ભક્તમાં અને મૂળઅક્ષરાદિક અવતારોમાં ભેદ છે. મહારાજ અને મુક્ત વિના બીજે વૃત્તિ ન રાખવી. ૧/૧૫૨/૨૬૭

૧૮. આવા સંત ને હરિજન કોઈ બ્રહ્માંડમાં નથી માટે સુરત રાખવી. મહાપ્રભુજી વિના ને તેમના મુક્ત વિના બીજાને રખવાળા ન રાખવા. શ્રીજી અથવા મુક્ત સાથે હોય તો અક્ષરકોટી સુધી કોઈ લૂંટી શકે નહિ. જેમ સોળે થયા હોય તેને ચીંથરાનો દોરો અડી જાય તો બોળે થઈ જાય; તેમ ઘાટ, સંકલ્પ, ઊંઘ, માયા, કાળ, અન્ય દેવ તે આ સભામાંથી ઉઠાડીને લઈ જાય એવા છે. જેમ અયોધ્યાના વાંદરા જે વસ્તુ હાથ આવે તે લઈ જાય તેમ. ૧/૧૫૨/૨૬૮

૧૯. શ્રીજીના ને મુક્તના મહિમાનો પાર પામવો તે રમત વાત નથી. સાત સમુદ્રની શાહી કરે, પૃથ્વીનો કાગળ કરે ને વૃક્ષ માત્રની કલમો કરે ને કલ્પની આયુષ્ય કરે ને લખે તો પણ પાર આવે તેમ નથી. મોટા મોટા ઈશ્વરકોટી ને બ્રહ્મકોટી ને તેથી પર મૂળઅક્ષરકોટી તે જેને જાણી શકતા નથી અને સદા સમીપે રહેનાર એવા પરમ એકાંતિક સિદ્ધ મુક્ત તે પણ પૂરો મહિમા જાણી શકતા નથી તેમ જ મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત છે તે પણ જેના મહિમાનો પાર પામી શકતા નથી તો આપણી શી બુદ્ધિ જે પાર પામીએ? શ્રીજીમહારાજે પોતે પણ કહ્યું છે જે અમારા મહિમાનો અમે પાર પામતા નથી તો બીજો કોણ પાર પામે? ૧/૧૫૮/૨૮૧

૨૦. મૂળઅક્ષર ને અક્ષર તે એક છે કે જુદા?

બાપાશ્રી બોલ્યા જે, મૂળઅક્ષર કહો કે અક્ષર કહો તે એક જ છે ને એની કોટીઓ છે અને અક્ષરધામની કિરણોમાં એમની અનંત કોટીઓ રહી છે. અક્ષરધામ તો એ કોટીઓનું આધાર, અંતર્યામી, પ્રેરક ને નિયંતા છે; અને તે અક્ષરધામ તે શ્રીજીમહારાજનું તેજ છે. ૧/૧૭૧/૩૧૯

૨૧. શ્રીજીમહારાજે પોતાનો મહિમા પરોક્ષ નામે કહ્યો છે.

તે પામર ને વિષયી જીવને લઈ જવા છે તે માટે કહ્યો છે. માટે આપણે રામકૃષ્ણ ગોવિંદ ગાઈએ છીએ, તે શ્રીજીમહારાજને જ કહીએ છીએ; પણ પરોક્ષ નામથી કહીએ છીએ, તેથી એમના ઉપાસકોને સમાસ થાય છે તે સારુ એમ કહીએ છીએ. અક્ષરધામમાં બાગ-બગીચા કહ્યા છે તે અવરભાવના કહ્યા છે પણ દિવ્ય ભાવમાં નથી, માટે પરભાવ ને અવરભાવ એ બે શબ્દ મહારાજે મેલ્યા છે તે સમજવા જોઈએ. ૧/૧૭૧/૩૨૦

૨૨. સ્વામિનારાયણની સાખે કહીએ છીએ. ખોટું કહેતા નથી. જેવું છે તેવું દેખીને કહીએ છીએ. બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ તથા અક્ષરકોટીને રહેવાની અસંખ્ય કરોડ ભૂમિકાઓ કહી છે અને શ્રીજીને રહેવાનું અક્ષરધામ જે પોતાનો પ્રકાશ અને અનાદિમુક્ત તથા શ્રીજીમહારાજ તે સર્વે અહીં છે. માટે બીજે લેવા ન જાવું. શ્રીજીમહારાજે બદરિકાશ્રમમાં ને શ્વેતદ્વીપમાં જાવું પડશે એમ કહ્યું છે તે બધું અહીં જ છે. તે જે તપ કરાવે તેના ભેળા રહીને તપ કરે તે બદરિકાશ્રમ જાણવું અને જે અંતર્વૃત્તિ કરાવીને ધ્યાન કરાવે તેના ભેળા રહીને ધ્યાન કરે તે શ્વેતદ્વીપ જાણવું અને જે મૂળઅક્ષરનો મહિમા વર્ણન કરે ને ભેળો મહારાજનો મહિમા પણ કહે અને અક્ષરનો ભાર રહે તે અક્ષરકોટીના ભક્ત જાણવા અને તે અક્ષરોથી પર જે અક્ષરધામ તેમાં પરમ એકાંતિક મુક્ત રહ્યા છે તેમનો જોગ અહીં કરે તો તે શ્રીજીમહારાજની મૂર્તિ સન્મુખ રહેવાની વાત કરે ને મૂર્તિના સમીપમાં લઈ જાય અને અનાદિમુક્ત મળે તો મૂર્તિમાં રહેવાનું કહે ને મૂર્તિમાં રાખે. આ બધી સભાઓ આ સત્સંગમાં છે. માટે બધાં ધામ આ સત્સંગમાં જાણવાં ને તે તે લક્ષણે કરીને તે સર્વેને જાણીને પછી અનાદિમુક્તનો જોગ કરવો. ૧/૧૮૨/૩૪૦

૨૩. વાસુદેવબ્રહ્મના મુક્તોને જુદી સભા હશે કે નહિ હોય?

બાપાશ્રી બોલ્યા જે વાસુદેવના નિષ્કામ મુક્ત નરનારાયણ છે. અને વાસુદેવ તથા નરનારાયણ તે બે ય જીવનો મોક્ષ કરે છે. તેમાં વાસુદેવબ્રહ્મ પોતાના ધામમાં રહ્યા થકા શ્વેતદ્વીપમાં દર્શન આપીને ત્યાંના મુક્તોને બ્રહ્મપુરમાં પોતાના સમીપે લઈ જાય છે અને નરનારાયણ છે તે પણ બ્રહ્મપુરમાં રહ્યા થકા બદ્રિકાશ્રમમાં દર્શન આપીને ત્યાંના મુક્તોને બ્રહ્મપુરમાં પોતાના સ્વામી જે વાસુદેવબ્રહ્મ તેમની સમીપે લઈ જાય છે પણ પોતાના શિષ્ય નથી કરતા. અને મહાકાળ છે તેમને વાસુદેવબ્રહ્મે મહાપ્રલય કરવાનું કામ સોંપ્યું છે. તે વાસુદેવબ્રહ્મની સમીપે રહ્યા થકા તે કામ કરે છે; તેમને પણ પોતાના શિષ્ય જુદા નથી અને મૂળપુરુષને સૃષ્ટિ કરવાનું કામ સોંપ્યું છે. તે સૃષ્ટિ સમયને વિષે માયા સાથે જોડાય છે, ત્યારે ગોલોક ધામ રચે છે ને ત્યાં રહે છે. તેમને પોતાના પાર્ષદો જુદા છે. જ્યારે મહાપ્રલય થાય છે ત્યારે તે મૂળપુરુષો બ્રહ્મપુરમાં વાસુદેવબ્રહ્મના તેજમાં પોતાના પાર્ષદોએ સહિત રહે છે, તે પાર્ષદો પોતાના સ્વામી જે મૂળપુરુષ તેને દેખે છે પણ મહાકાળ, નરનારાયણ ને વાસુદેવ તેમને દેખે નહિ. મૂળઅક્ષરોના મુક્તોને માથે કાંઈ પણ ક્રિયા નથી ને એમને પોતાના શિષ્ય પણ નથી. એ તો અક્ષર જે પોતાના સ્વામી તેનું સુખ લે છે. અને એ મુક્ત નિષ્કામ છે અને ઉત્પત્ત્યાદિક ક્રિયા કરવી તથા કર્મફળ આપવાં તે શ્રીજીમહારાજે પોતાના તેજદ્વારે મૂળઅક્ષરોને પ્રેરણા કરી છે, તે સર્વે ક્રિયા મૂળઅક્ષરોએ વાસુદેવબ્રહ્મને સોંપી છે, પણ અક્ષરોના ને શ્રીજીમહારાજના મુક્તોને માથે કાંઈ ક્રિયા નથી; ફક્ત મોક્ષ કરવાની ક્રિયા છે. તે અક્ષરો તથા તેમના મુક્તો અક્ષર પાસે લઈ જાય છે અને શ્રીજીમહારાજને ને તેમના મુક્તો શ્રીજીમહારાજ પાસે લઈ જાય છે. માટે આજ બ્રહ્મકોટી ને અક્ષરકોટી એ બે યને મૂકી શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેવાનો

વખત આવ્યો છે. તે જો ચૌદ લોકના સુખથી લૂખા થવાય તો મૂર્તિનું સુખ મળે. ૧/૧૮૨/૩૪૧

૨૪. સભામાં મધ્ય પ્રકરણનું ૧૯મું વચનામૃત વંચાતું હતું તેના અનુસંધાનમાં સાધુ પુરુષોત્તમચરણદાસજીએ પૂછ્યું જે:

શુષ્ક વેદાંત શાસ્ત્રના શ્રવણથી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈ જાય છે. પછી ભગવાનની ઉપાસના ટળીને અન્ય દેવની ઉપાસના શી રીતે થાતી હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે: જો શુષ્ક વેદાંત શાસ્ત્રનું શ્રવણ કરે તો તેને સર્વ દેવને વિષે સમભાવ થઈ જાય ને બધા ય અવતારો એક જ છે એમ સમજે, એટલે જેને ભજીશું તે બધા ય એક જ છે, એમ જાણીને અન્ય દેવની ઉપાસના પણ કરે. તેને જ્યારે કાંઈક સંકટ આવે ત્યારે પોતાની રક્ષાને માટે કોઈ દેવની ઉપાસના પણ કરે, એમ અન્ય દેવની ઉપાસના આપત્કાળે કરે. માટે તેનું શ્રવણ ન કરવું. ૧/૧૮૪/૩૪૫

૨૫. (કૃપા કરી બાપાશ્રી બોલ્યા જે) વચનામૃતમાં નારદ સનકાદિક તથા રામકૃષ્ણાદિક અવતાર કહ્યા હોય તે મહારાજના મુક્તને કહ્યા હોય છે એમ જાણવું, કેમ કે બીજા રામકૃષ્ણાદિક અવતાર થાય છે તે તો અન્વય સ્વરૂપના અવતાર છે; તેમનાથી શ્રીજીમહારાજના જેવું આત્યંતિક કલ્યાણ થાય નહિ અને તેમાંના કેટલાક તો માયામાંથી આવ્યા (થયા) છે અને વ્યતિરેક મૂર્તિના અવતાર જે મુક્ત તે તો આત્યંતિક કલ્યાણ કરે છે. માટે તે શ્રીજીમહારાજના અવતાર છે. ૧/૧૯૩/૩૬૮

૨૬. સર્વે જીવ જે જે ક્રિયા કરે છે તે મહારાજની મરજી પ્રમાણે કરતા હશે કે કેમ?

બાપાશ્રી બોલ્યા જે એ તો જગતની ઉત્પત્ત્યાદિકના કર્તા જે મૂળપુરુષો તથા વાસુદેવબ્રહ્મ તથા અક્ષરો (તેમને કહ્યું છે, જે)

એ સર્વે અમારી મરજીથી ઉત્પત્ત્યાદિક કરે છે; અમારી મરજી ન હોય તો કાંઈ કરી શકે નહિ. બીજા જે કર્માધીન જીવો છે તે તો પોતપોતાનાં કર્મ તથા સ્વભાવ પ્રકૃતિ પ્રમાણે ક્રિયા કરે છે. તેમને તો શાસ્ત્ર ને સત્પુરુષ કહે છે જે આ ક્રિયા કરજો ને આ ક્રિયા ન કરશો. આપણે શ્રીજીમહારાજે શિક્ષાપત્રી આદિકમાં આજ્ઞા કરી છે એ પ્રમાણે વર્તવું. અને મૂળ અક્ષરાદિક ઈશ્વરોને શાસ્ત્રમાં આજ્ઞા કરી નથી. એ તો શ્રીજીમહારાજની મરજી પ્રમાણે કરે છે; પણ એ કર્માધીન નથી. જે કર્માધીન જીવ છે તેમને તો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વર્તવું ને ન વર્તે તો દુઃખ ભોગવે. ૧/૧૯૪/૩૭૦

૨૭. ગંગામાને એક દિવસ શ્રીજીમહારાજે કહ્યું જે તમે અમને કેવા જાણો છો? ત્યારે તેમણે કહ્યું જે તમે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન છો ને શ્રી રામાનંદ સ્વામી પણ શ્રીકૃષ્ણ ભગવાન હતા તેના તે તમો છો, પણ શ્રી રામાનંદ સ્વામી ને શ્રીકૃષ્ણ ને તમે જુદા નથી; એક જ છો. ત્યારે મહારાજ બોલ્યા જે, મેર મૂંડી અમારા માટે માથે સગડી ઉપાડી ને માથાની ટાલ તો બાળી મૂકી, તો પણ અમને ઓળખ્યા નહિ. અમે તો શ્રીકૃષ્ણથી પર મહાકાળ ને તેથી પર નરનારાયણ, એથી પર વાસુદેવબ્રહ્મ, એથી પર મૂળઅક્ષરના મુક્ત ને એથી પર મૂળઅક્ષર અને તેથી પર તો શ્રી રામાનંદ સ્વામી જે અમારા મુક્ત હતા, અને અમે તો એવા અનંત મુક્તના સ્વામી છીએ ને શ્રી પુરુષોત્તમનારાયણ છીએ. અમે એક જ ભગવાન છીએ પણ અમારી કોઈ જોડ નથી ને અમારા જેવો કોઈ થાય તેમ નથી, એમ કૃપા કરીને પોતાનું સ્વરૂપ સમજાવ્યું. ૧/૨૧૧/૪૨૪

૨૮. અનુભવ જ્ઞાન સાક્ષાત્કાર થાય ત્યારે વિઘ્ન ન થાય. બ્રહ્મા-નારદને આવી પ્રાપ્તિ નહોતી. આજનો પ્રતાપ બહુ

મોટો છે. તમને તો બહુ મોટી પ્રાપ્તિ મળી છે. શિવ, બ્રહ્મા, વિષ્ણુ એ ત્રણે મળીને એક ગામડાનું કામ ચલાવે છે, એના ઉપરી વૈરાજ છે, તે બ્રહ્માંડરૂપી ગામડાના અધિપતિ છે. એના ઉપરી અહંકાર છે. એના ઉપરી મહત્તત્ત્વ છે, એના ઉપરી પ્રધાનપુરુષ છે અને એવા અનંત પ્રધાનપુરુષોના ઉપરી મૂળપુરુષ ઈશ્વર જે શ્રીકૃષ્ણ તે છે, એવા અનંત શ્રીકૃષ્ણના ઉપરી વાસુદેવબ્રહ્મ છે. એવા અનંત વાસુદેવોના ઉપરી અક્ષર છે જેને મૂળઅક્ષર કહે છે તે એવા અનંત કોટી મૂળઅક્ષરોરૂપી બ્રહ્માંડના ઉપરી મહારાજાધિરાજ શ્રીજીમહારાજ છે. ૧/૨૨૦/૪૪૬

**૨૯.** ઉપાસના પરિપક્વ ન થઈ હોય તો તેની શી ગતિ થાય?

બાપાશ્રી બોલ્યા જે, જેને ભગવાનની ઉપાસના પરિપક્વ ન થઈ હોય તેને જે બ્રહ્માંડમાં ભગવાન પ્રગટ હોય ત્યાં જન્મ ધરાવીને ઉપાસના પરિપક્વ કરાવીને ધામમાં લઈ જાય છે. ૧/૨૨૩/૪૫૨

**૩૦.** મહાકાળ જ્યારે મહાપ્રલય કરે ત્યારે બધા જીવ ક્યાં રહેતા હશે?

બાપાશ્રી બોલ્યા જે, સર્વે જીવ માયામાં લીન થઈ જાય છે અને માયા, મૂળપુરુષ જે શ્રીકૃષ્ણ તેને વિષે લીન થઈ જાય છે અને એ પુરુષ વાસુદેવબ્રહ્મની સભામાં રહે છે. જ્યારે સૃષ્ટિ સૃજવાનો સમય થાય ત્યારે પુરુષે માયાને લીન કરી હોય તેને બહાર કાઢીને તે માયા થકી સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. ૧/૨૨૯/૪૬૨

**૩૧.** મધ્ય પ્રકરણનું ૪થું વચનામૃત વંચાતું હતું તેમાં વાત આવી જે, ભગવાન પ્રકૃતિપુરુષમાં આવે તો પણ જેવા છે તેવા ને તેવા પ્રતાપે યુક્ત છે. પછી બાપાશ્રી બોલ્યા જે ભગવાનને આવવું જવું પડતું નથી. એ તો મહા તેજમાં રહ્યા થકા જ દેખાય છે પણ આ લોકની દૃષ્ટિએ અવરભાવવાળાને મતે આવ્યા-ગયા છે.

પછી બોલ્યા જે ઉદ્ધવ, નારદ, સનકાદિક અહીં સત્સંગમાં છે. ગોપીઓ તે અહીં છે પણ બહાર લેવા ન જાવું. આ બધા સંત તે ગોપીઓ છે ને આ સત્સંગી ઉદ્ધવાદિક છે એમ જાણવું. ૧/૨૪૦/૪૮૪

---

૧. બાપાશ્રીએ અતિ પ્રસન્ન થકા પોતે છત્રીએ પધરાવેલા ભીડભંજન હનુમાનજીની પ્રશંસા કરીને કહ્યું જે, આ હનુમાનજી બહુ ચમત્કારી છે. કોઈને ભૂત-પ્રેતાદિકનું દુઃખ હશે તો આ હનુમાનજી શ્રીજીમહારાજની ઇચ્છાથી નાશ કરશે; પણ એમ સમજજો કે આ સર્વે ચમત્કાર શ્રીજીમહારાજના પ્રતાપથી છે. આ તો ચમત્કારી સ્થાન, ચમત્કારી સભા, એને લઈને આ હનુમાનજી પણ ચમત્કારી છે. એ સર્વે પ્રતાપ શ્રીજીમહારાજનો છે એમ જાણવું. ૨/૪/૨૦

૨. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, અમે અમદાવાદ સંઘ લઈને ગયા હતા. ત્યાં એક વિદ્વાન સાધુએ વાત કરી તે મહારાજને પ્રકૃતિપુરુષ જેવા કહ્યા. પછી અમે કહ્યું જે તમે વિદ્વાન તો મહારાજને માયા સુધી વર્ણવો છો, તેથી પર તો સમજતા જ નથી, માટે અમે વિદ્વાનથી તો બીએ છીએ; વિદ્વાનને મહારાજ હાથ આવવા ઘણા દુર્લભ છે. આપણે તો મૂળઅક્ષરથી પર શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામમાં સ્વામિનારાયણ ભગવાન રહ્યા છે, તેમાં રસબસ થઈ રહેવું. પ્રકૃતિના કાર્યને તો જોઈ જોઈને જીવ થાકી ગયા છે. તે જો મહારાજની મૂર્તિમાં જોડાય તો અહોહો થઈ જાય. જે પ્રકૃતિ આદિકમાંથી અને મૂળઅક્ષરમાંથી નીકળીને મૂર્તિમાં જોડાઈ જાય તેને બીજું કાંઈ ભાસે કે સાંભરે નહિ. ૨/૧૮/૪૭

૩. સભામાં પ્રથમ પ્રકરણનું ૫૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં અમારી મૂર્તિ વિના અક્ષર પર્યંત સર્વે વિસારી દેવું એમ વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે આ વચનામૃતમાં તો શ્રીજીમહારાજના આશ્રિતને શ્રીજીમહારાજે પોતાની મૂર્તિ વિના બીજું કોઈ પ્રધાન રહે તેવું રાખ્યું નથી. તો પણ કેટલાક પરોક્ષ અવતારમાં જ અટકી પડે છે, તે આવા વચનો સમજી શકતા નથી. હમણાં અહીં એક સાધુ આવ્યા હતા. તે વિદ્વાન કહેવાતા હતા પણ મહારાજને ને અવતારને જુદા જાણતા નહિ તેથી વચનામૃત વાંચે ને સભામાં વાતો કરે જે મહારાજ ને બીજા અવતાર ક્યાં જુદા છે? તેને અમે કહ્યું જે તમે અમદાવાદનું ૭મું વચનામૃત વાંચો. ત્યારે તે કહે એ તો પાછળથી વચનામૃત થયાં છે. અમારા દેશની પ્રતમાં એ નથી. પછી અમે કહ્યું જે પ્રથમ પ્રકરણનું ૨૪મું વચનામૃત વાંચો. એ તો તમારા દેશની પ્રતમાં છે ને? ત્યારે તેમણે એ વચનામૃત વાંચ્યું. તેમાં જ્ઞાને કરીને સ્થિતિ થાય છે ત્યારે પ્રકૃતિપુરુષ ને એનું કાર્ય એ કાંઈ નજરમાં આવતું નથી; એકરસ ચૈતન્ય ભાસે છે. તેને વિષે એક ભગવાનની મૂર્તિ જ રહે છે; બીજો કોઈ આકાર રહેતો નથી. ભગવાનની મનુષ્યરૂપ મૂર્તિ જે પોતે તેમાં અખંડ વૃત્તિ રાખવાથી એવી સ્થિતિ થાય છે એમ આવ્યું તેથી કાંઈ બોલ્યા નહિ. પછી અમે કહ્યું જે મધ્યનું ૬૨મું વચનામૃત છે તેમાં જેને દાસત્વ ભક્તિ હોય તેને પોતાના ઈષ્ટદેવનું દર્શન, તેનો સ્વભાવ તથા તેની જ વાર્તા સાંભળવી ગમે. તે આપણા ઈષ્ટદેવ ક્યા? ત્યારે તે કહે , 'મહારાજ.' બીજું શું બોલે! પછી અમને પૂછ્યું જે મહારાજે મંદિરમાં પોતાની જ મૂર્તિઓ કેમ ન પધરાવી ને તે અવતાર કેમ પધરાવ્યા? ત્યારે અમે કહ્યું જે એ તો શ્રીજીમહારાજે પોતે જે લોજ, માંગરોળ આદિકમાં અવતાર રૂપે દર્શન આપ્યાં હતાં તે પોતાની જ મૂર્તિઓ

પધરાવી છે, તો પણ તેનું ધ્યાન થાય નહિ. ધ્યાન તો મૂળ મૂર્તિ જે સહજાનંદ સ્વામી, ઘનશ્યામ મહારાજ, શ્રીહરિકૃષ્ણ મહારાજ, સ્વામિનારાયણ એ નામની મૂર્તિઓનું જ થાય, કેમ જે એ કારણ મૂર્તિ છે. તે લોયાના ૧૧મા વચનામૃતમાં શ્રીજીમહારાજે આજ્ઞા કરી છે જે અમારા આશ્રિતને અમારું જ ધ્યાન કરવું પણ પૂર્વે અવતાર થઈ ગયા તેનું ધ્યાન ન કરવું. તેમાં અવતાર-અવતારીની વિક્તિ સમજાવી છે. તેમ જ છેલ્લાના ૧૯મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે ભગવાનના ભક્તને જેવા રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંઘાથે જેને પતિવ્રતા જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે. તેને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સંઘાથે પણ પ્રીતિ થાય નહિ. એ વચન પ્રમાણે બીજા અવતારમાં સ્વામિનારાયણ ભગવાન જેવો ભાસ બેસે તો પતિવ્રતાપણું જાય એટલા માટે એ જ વચનામૃતમાં વ્યભિચારિણીના જેવી તથા પોતાનું નાક કપાય તેવી ભક્તિ કરવાની ના પાડી છે. આવી રીતે મહારાજે વચનામૃતમાં ખુલાસા કર્યા છે તો ય આપણે ન સમજીએ તો પછી મહારાજનો મહિમા શું જાણ્યો! પછી તો તે સાધુ સમજી ગયા ને કહેવા લાગ્યા જે બાપા! મારે તો પંચતીર્થી લેખે લાગી. ૨/૨૧/૫૪

૪. શ્રીજીમહારાજ જેવા સર્વોપરી ભગવાન મળ્યા ને ગોળ-ખોળ એક કરે તેને બીજું શું કહેવું! અ. મુ. સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રગટ થવાના છ હેતુ લખ્યા. તેમાં અવતાર તથા અવતારના ભક્તને પોતાની ઉપાસના અને પોતાનું જ્ઞાન આપી પોતાની મૂર્તિને પમાડવાપણું લખ્યું. તે જો અવતાર-અવતારી એક હોય તો એમ મહારાજ શું કરવા કરે. શાસ્ત્ર ભણેલાઓને આવી વાતો કેમ સમજાતી નહિ હોય! અમને તો નવાઈ લાગે છે. શાસ્ત્રમાં શબ્દ દ્વિઅર્થી હોય તે મોટા દયા

કરી સમજાવે તો ખરા પણ તે મનાય નહિ. તેથી આવી વાતો ન સમજાય. સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું કે જેમ તીર ને. તીરના નાખનારામાં ભેદ, રાજા ને રૈયતમાં ભેદ, ચંદ્રમા ને તારામાં ભેદ તેમ અવતાર-અવતારીમાં ભેદ; એવાં વચન ન સમજાય તેને શું કહેવું? અમારા ગુરુ સ. ગુ. નિર્ગુણદાસજી સ્વામીની વાતોમાં લખ્યું છે જે આ મૂર્તિને ભજીને તો અનંત કમળાપતિ થાય છે. વળી મહારાજ અમદાવાદના ૭મા વચનામૃતમાં લખે છે કે મારા વિના બીજો કોઈ પુરુષોત્તમ દેખ્યો નહિ. આમ શ્રીજીમહારાજ જેવા સર્વોપરી ભગવાન દયા કરીને પોતાનું મિષ લઈને સમજાવે તો ય ન સમજાય તેને શાસ્ત્ર શું કામ કરી દે! આવી વાતો કરી તેથી તે સાધુને તો અમારે વિષે હેત બહુ થઈ ગયું. પછી વારે વારે એમ બોલે જે બાપા! હું તો સાધુ આજ થયો એવું મને લાગે છે. આમ મોટાનાં વચન મનાય તો કામ સરે. અ. મુ. સ. ગુ. ગોપાળાનંદસ્વામીએ લખ્યું છે જે મને મહારાજે એમ કહ્યું જે મારું પુરુષોત્તમપણું નહિ પ્રવર્તાવો ત્યાં સુધી તમને આ દેહમાં રાખીશ, તથા અ. મુ. સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે અમને તો સ્વામિનારાયણ ભગવાને કાનમાં છાના મંત્ર ફૂંક્યા છે, તેથી મહારાજને જેવા છે તેવા કહીશું. વળી નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે "ધન્ય ધન્ય આ અવતારને રે જોવા રાખી નહિ જોડ" તથા "અષાડી મેઘે આવી કર્યાં રે ઝાઝાં બીજાં ઝાકળ." આગળ મોટા મોટા સંતો જાણતા પણ જીવ પાત્ર નહિ તેથી જેમ જેમ સમજતા ગયા તેમ તેમ દૃષ્ટાંત આપીને સમજાવતા ગયા. શાસ્ત્રમાં તો અનંત જીવને હળવે હળવે હેત થાય ને મહિમા જણાય તેવાં લખાણ હોય તથા સર્વોપરી વાતો પણ હોય. એ વાત મોટા મુક્ત વિના પોતાના બુદ્ધિબળે સમજવા જાય તેથી ગોળ-ખોળ એક હારે ગણે. મહારાજે પંચાળાના ૧લા

વચનામૃતમાં એમ વાત કરી છે જે જ્યારે અક્ષરધામના સુખનો વિચાર કરીએ છીએ ત્યારે બીજાં સુખ ઊતરતાંથી ઊતરતાં થઈ જાય છે. માટે મહારાજ તો સર્વોપરી, સર્વકારણ, સર્વાધાર, એ જેવા એક છે. એના આશ્રિત થઈને હવે બીજાં દૃષ્ટાંત ને સિદ્ધાંત મેળવવા બેસીએ તો શું વળે? એ તો કણ મૂકીને કુશ્કા લીધા જેવું થાય. કેટલાક તો વચનામૃત વાંચીને ઊલટા પાછા વળે છે ને કહે છે કે મહારાજ રાધિકાએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરવાનું કહે છે ને તમે તો મુક્ત ને મહારાજનું ધ્યાન કરવાનું સમજાવો છો. તેમને આવી વાતો ક્યાંથી હાથ આવે? ૨/૨૧/૫૯

૫. "કેટલાક શાસ્ત્રના ભણેલા હોય તે કહે છે કે જે જે અવતારે કરીને જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી. તે સ. ગુ. શુકાનંદ સ્વામીએ હરિવાક્યસુધાસિંધુના અર્થમાં પૂર્વ અવતારનાં સ્થાન મથુરા, દ્વારકા આદિક લખ્યાં છે, તેથી એમ સમજે કે એ સ્થાનની ને એ અવતારની લીલા સંભારવી પણ પરભાવમાં તો મહારાજ ને મહારાજના મુક્ત- તે અવતારી સમજવાના છે. શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં લખે છે જે, હું શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું. તે જો લખેલું વાંચી પરભાવનો અર્થ ન સમજ્યો હોય તે મહારાજનું ભગવાનપણું ક્યાંથી હાથ આવે! વચનામૃતમાંથી પણ સમજતાં ન આવડે ને બુદ્ધિબળે વાંચી વિચારે ને મોટાનો વિશ્વાસ ન હોય એ શું સમજે. જુઓને! એક ઠેકાણે અમે નરનારાયણ છીએ એમ કહ્યું; બીજે ઠેકાણે નરનારાયણને અને અમારે સુધો મન મેળાપ છે એમ લખ્યું- એવી રીતે હું ભગવાનના ભક્તનો ભક્ત છું- તમે મને ભગવાન જાણો છો- તમારો આચાર્ય, ઉપદેષ્ટા ગુરુ, ઈષ્ટદેવ એવો જે હું, તથા નરનારાયણ અમારા હૃદયમાં બિરાજે છે- અમારું રૂપ જાણીને લાખો રૂપિયાનું ખર્ચ કરીને મંદિર કર્યાં છે- નરનારાયણ

ભરતખંડના રાજા છે- આ ભગવાનમાંથી સર્વે અવતાર થાય છે- અક્ષરધામના ધામી તમારી સભામાં બિરાજે છે. અમારે શ્રીકૃષ્ણને વિષે કોટિગણું હેત છે- તેજમાં મૂર્તિ છે તે અમે પોતે જ છીએ. એવાં વચન પોતાની મેળે ન સમજાય એટલે વરુણના દીકરાની પેઠે કહે જે વધુ સમજીશ તો અપરાધ થઈ જશે. એમ કહી પરોક્ષ અવતાર ને મહારાજનું એકમેક વર્ણન કરે તેને બીજું શું કહેવું! ૨/૨૨/૫૮

૬. બાપાશ્રીએ વાત કરી જે સત્સંગમાં મહારાજને સર્વોપરી જાણવા અને જણાવવા એ કામ બહુ જબરું છે. શ્રીજીમહારાજ પોતે પ્રત્યક્ષ દર્શન દેતા તો પણ જ્યારે આ મૂર્તિ સૌથી નોખી છે, આ મૂર્તિને સુખે અનંત મુક્તો સુખિયા છે, મોટા મોટા અક્ષરાદિક અવતારો ને તેમના મુક્તો આ મૂર્તિનું ધ્યાન કરે છે; એમ વાત થતી ત્યારે કેટલાક મૂંઝાતા. અ. મુ. ગોપાળાનંદ સ્વામી જેવા મહાસમર્થ મુક્તને ખુણિયા જ્ઞાનવાળા કહેતા, પણ એવા જીવને ખબર ન પડે કે આ ભગવાન કેવડા મોટા છે. એમના મુક્ત કેવા સમર્થ છે. જુઓને! નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે "આ મૂર્તિ સૌથી નોખી, આચરજકારી છે; કહું છું ચોક્કસ વાત ચોખ્ખી આચરજકારી છે." એવી રીતે મોટા મુક્તોએ મહિમા કહ્યો છે. મહારાજને તથા મોટા મુક્તને જીવો ઉપર અપાર દયા છે. તેથી જેમ મહિમા સમજાય તેમ સમજાવે છે. અ. મુ. ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી આદિક મુક્તોએ એ જ કામ કર્યાં છે. તો પણ અનાદિ કાળનું અજ્ઞાન જીવને વળગ્યું છે, તેથી આવી વાતો ઝટ સમજી શકતા નથી. તે મહારાજની દયાથી ધીરે ધીરે સમજશે. આપણે તો સૌ ઉપર દયા રાખવી. દયા તે શું? તો મહારાજ સર્વોપરી છે એ વાત સમજાવવી. ૨/૨૬/૬૯

૭. સભામાં છેલ્લા પ્રકરણનું ૩૯મું વચનામૃત વંચાતું હતું. તેમાં કીડામાંથી કીડો, માણસમાંથી માણસ અને પશુમાંથી પશુ થાય છે તે સર્વેના કર્તા એક જ ભગવાન છે એ વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે હવે બ્રહ્માનું કર્તવ્ય (કર્તાપણું) ક્યાં રહ્યું? સર્વ કર્તાહર્તા એક શ્રીજીમહારાજ જ રહ્યા, પણ બીજો કોઈ કર્તા નથી. ૨/૨૮/૭૫

૮. બીજા અવતાર ધામ બાંધીને બેઠા છે, માટે નોખા છે ને અતિશે ન્યૂન છે અને ઐશ્વર્યાર્થી છે. આવું જેને મહારાજનું માહાત્મ્ય સમજાણું હોય તેને પ્રકૃતિપુરુષથી લઈને અક્ષરપર્યંત સર્વે તુચ્છ થઈ જાય. મહારાજ તો અણુ અણુ પ્રત્યે અંતર્યામી શક્તિએ રહ્યા છે અને સત્સંગમાં સાક્ષાત્ રહ્યા છે, પણ જીવને એવું જણાતું નથી, કેમ જે મનુષ્યની મર્યાદા રહે છે, એટલી પણ મહારાજની મર્યાદા રહેતી નથી; એટલું છાનું નાસ્તિકપણું છે. મહારાજ અને મોટાની મોટ્યપ માયિક દૃષ્ટાંતે કરીને કહેવી પડે છે તે તો કેવું છે તો ચક્રવર્તી રાજાને રાંકની ઉપમા દીધા જેવું છે. ૨/૩૭/૧૦૬

૯. આ લોકમાં ચક્રવર્તી રાજા ખંડિયા રાજાને કાંઈ પોતાનું બધું આપી દેતા નથી અને મહારાજ તો પોતાનું બધું ય સુખ આપી દે છે- એવા દયાળુ છે; માટે સર્વકર્તા એક શ્રીજીમહારાજ જ છે. મહારાજ વિના કાળ, કર્મ, માયા, દેવ, મંત્ર, ઔષધિ એ આદિક કોઈને કર્તા ન જાણવા. મહારાજ વિના કોઈથી તૃણ તૂટવા સમર્થ નથી. "મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય" એમ મહારાજે કહ્યું છે. ૨/૪૧/૧૨૩

૧૦. શ્રીજીમહારાજના આશ્રિતને વચનામૃત, ભક્તચિંતામણિ જેવા ગ્રંથ એ જ પોતાને કલ્યાણકારી શાસ્ત્ર સમજવાં. એ વિના શ્રીજીમહારાજનું સ્વરૂપ સમજવામાં પરોક્ષ શાસ્ત્ર એકે

કામ ન આવે. સીતાજીને વચને રામાયણ થયું અને દ્રૌપદીને વચને ભારત થયું. તેવાં પરોક્ષ શાસ્ત્ર કોઈ મહારાજ સુધી પહોંચે નહિ. મહારાજનો મહિમા તો મહારાજના મુક્ત જ વર્ણવે, આપણે તો એ જ શાસ્ત્ર મોક્ષનાં છે. વેદ વૈરાજ સુધી પહોંચે છે. પ્રકૃતિપુરુષનું ઐશ્વર્ય વૈરાજમાં આવ્યું છે. તે વૈરાજ દ્વારે પ્રકૃતિપુરુષનું ઐશ્વર્ય વેદ વર્ણવે છે. બીજાં શાસ્ત્ર તો પ્રકૃતિપુરુષ સુધી પહોંચે પણ મહારાજ સુધી કોઈ એ શાસ્ત્ર પહોંચે નહિ. ૨/૪૧/૧૨૫

**૧૧.** માથકવાળા અમીચંદભાઈએ પૂછ્યું જે: બાપા! પરોક્ષ જે રામકૃષ્ણાદિક ભગવાનના અવતાર તેને યથાર્થપણે ભજનારા ભક્ત તે શ્રીજીમહારાજને જાણતા કે ઓળખતા ન હોય તેથી પ્રતીતિ પણ ન આવે. તેનો મોક્ષ થાય કે કેમ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે જ્યારથી મહારાજ પ્રગટ થયા ત્યારથી પરોક્ષ અવતારોના ભક્તોને એ અવતારોથી તેડવા આવી શકાય નહિ. તેમને તો શ્રીજીમહારાજ સત્સંગમાં જન્મ ધરાવીને પોતાની ઉપાસના સમજાવી અક્ષરધામમાં લઈ જાય. તે સ. ગુ. નિષ્કુળાનંદ સ્વામીના કીર્તનમાં કહ્યું છે જે "બંધ કીધાં બીજાં બારણાં રે, વહેતી કીધી અક્ષરવાટ; પુરુષોત્તમ પ્રગટી રે." આમ શ્રીજીમહારાજે આ સમે આત્યંતિક મોક્ષ કરવા અક્ષરધામનાં બારણાં ઉઘાડાં મેલ્યાં છે. ૨/૬૮/૨૧૧

**૧૨.** બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે જીવનાં કલ્યાણ કરવા અતિ દયા કરી મોટા મુક્તોએ સત્‌શાસ્ત્ર લખ્યાં તેમાં મહારાજનું સર્વોપરીપણું અને દિવ્યપણું સમજાવ્યું; મોટા મુક્તોનો મહિમા તથા અવતાર-અવતારી એવો ભેદ સમજાવ્યો. ક્યાં મહારાજ! ક્યાં મુક્ત! ને ક્યાં અવતાર! તો ય કેટલાક મહારાજને ને અવતારને સરખા વર્ણવે છે. પ્રથમ અનાદિ મહામુક્તરાજ

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાસમર્થ સંતો મહારાજને સર્વોપરી કહેતા તેથી ઉપાધિઓ બહુ થાતી હતી. તે વખતે કેટલાય માનતા પણ ન હતા અને હવે તેમની વાતોનાં પુસ્તક ખભે ઊંચકીને ફરે છે ને એમાંથી નિર્વાહ ચાલે છે. માટે એવા મોટાનાં દિવ્ય શાસ્ત્ર ને એ શાસ્ત્રમાં લખ્યા સિદ્ધાંતોનું મનન કરવું. ૨/૭૦/૨૨૧

૧૩. શ્રીજીમહારાજ તો અચળ સનાતન ને અનાદિ છે ને સર્વેના ઉપરી છે તે કોઈથી ઢંકાય (દબાય) નહિ, પણ બીજા તેમનાથી ઢંકાઈ જાય; એવી સામર્થીએ યુક્ત મહારાજ અને મુક્ત સદાય છે, છે ને છે જ. ૨/૭૫/૨૩૩

૧૪. તુલસીદાસભાઈએ પૂછ્યું જે: અક્ષરને મહારાજનું દર્શન ને સુખ હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે મહારાજનું સુખ ને દર્શન અક્ષરને હોય તો અક્ષર જુદા શું કરવા રહે? મુક્ત ભેગા બેસી ન જાય. માટે અક્ષરની સભા જુદી છે અને એનો દરજ્જો પણ જુદો છે, કારણ કે અક્ષરને તેજનો પડદો રહ્યો છે. જેમ આપણને સૂર્યની મૂર્તિ દેખાતી નથી અને વાલખિલ્ય ઋષિને પ્રકાશનો પડદો નથી તેમ શ્રીજીમહારાજના જે હજૂરી મુક્ત છે તેને શ્રીજીમહારાજના તેજનો પડદો નથી. તે તો સદાય મહારાજનું સુખ ભોગવે છે. બીજા સૌને પોતપોતાને સ્થાનકે રાખવા ને મહારાજને સર્વોપરી જાણવા. મહારાજ વિના બીજું સંભારવું તે તો ખોટી થવા જેવું છે, માટે એક મૂર્તિ જ રાખવી. ૨/૭૫/૨૩૪

૧૫. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે આપણે તો શ્રી પુરુષોત્તમનારાયણને સર્વે કારણના કારણ જાણવા. જેમ વડનું ઝાડ મોટું દેખાય છે અને બીજ નાનું છે. તે નાનામાં ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયની સામર્થી છે તેમ ભગવાન તો આવડા મનુષ્ય જેવડા જ હોય પણ અનંતકોટિ બ્રહ્માંડની

ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કારણ છે. તે શ્રીજીમહારાજે કહ્યું છે જે "સૌને વશ કરું રે સૌનો કારણ હું ભગવાન" એમ કારણમાં અલૌકિકપણું છે. ૨/૮૩/૨૫૭

**૧૬.** બીજા અવતાર છે તે સર્વે મહારાજના સામર્થ્યને લઈને છે. આપણને મહારાજ બહુ મોટા મળ્યા છે. એમની દયા બહુ જબરી છે. તે જુઓ તો ખરા! એવડા મોટા ભગવાન તે આપણી સાથે વાતો કરે, થાળ આપે, પ્રસાદી આપે, તે કેવડી બધી દયા? ૨/૮૫/૨૬૬

**૧૭.** બાપાશ્રી બોલ્યા જે, મહારાજ અને મોટા મુક્ત સદાય સત્સંગમાં પ્રત્યક્ષ બિરાજે છે. વર્તમાનકાળે સુખ ઘણું પ્રવર્ત્યું છે. આપણને જે વસ્તુ જોઈએ તે અહીંયા છે; બીજે કોઈ ધામમાં નથી. બીજે પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના નથી, તેથી તે ધામ ન્યૂન છે, ત્યાં પાર પડતું નથી. એમ જાણી ઉપાસના દૃઢ કરવી. જેને ઉપાસના ન હોય તે માથા વિનાનું મનુષ્ય કહેવાય. ૨/૯૦/૨૮૫

**૧૮.** બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજ અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે. સર્વના કારણ છે, સર્વના કર્તાહર્તા છે, સર્વના નિયંતા છે, સર્વોપરી છે, અકળ મૂર્તિ છે. કાળ, કર્મ, માયા એ કોઈ ભગવાન વિના કાંઈ કરવાને સમર્થ નથી. સર્વ કર્તા શ્રીજીમહારાજને જાણવા. આવો મહિમા જાણે તેનો પાયો સત્સંગમાં અચળ છે, તે કોઈનો ડગાવ્યો મોક્ષના માર્ગમાંથી ડગે નહિ. ૨/૧૦૫, ૧૦૬/૩૩૪, ૩૩૬

**૧૯.** પુરાણી કેશવપ્રિયદાસજીએ અમદાવાદનું ૭મું વચનામૃત વાંચ્યું ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આમાં તો મહારાજ કહે છે કે, "સર્વ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા હું જ છું. તથા અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય

કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે, અને મારે પગને અંગૂઠે કરીને પૃથ્વી ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે તથા સૂર્ય, ચંદ્ર. તારા આદિ મારે તેજે તેજાયમાન છે તથા અનંતકોટિ બ્રહ્માંડનો આધાર ને સર્વનો કારણ હું જ પુરુષોત્તમ છું. મારા વિના બીજો કોઈ મોટો દેખ્યો નહિ. એવો સર્વોપરી હું તે મારે વિષે આમ સમજીને નિશ્ચય કરે તો તે નિશ્ચય ડગે નહિ." આમાં તો શ્રીજીમહારાજ સર્વના કારણ થયા. તો પણ જેને આવો મહિમા સમજાતો નથી તે બીજા અવતારનું તથા સર્વોપરી પુરુષોત્તમનારાયણનું ભેળું ને ભેળું વર્ણન કરે છે, પણ ક્યાં મહારાજ ને ક્યાં અવતાર! શ્રીજીમહારાજની કોઈ જોડ નથી. એમના જેવા તો એ એક જ છે. "આ મૂર્તિ સૌથી આચરજકારી છે" તથા "જોવા રાખી નહિ જોડ પુરુષોત્તમ પ્રગટી" એવી એ કારણ મૂર્તિ છે. મહારાજને સર્વના કારણ, સર્વના નિયંતા, સર્વોપરી, સર્વાધાર જાણ્યા વિના જીવનો આત્યંતિક મોક્ષ ન થાય. એટલા માટે શ્રીજીમહારાજ કહે છે કે શ્વેતદ્વીપ તથા ગોલોક, વૈકુંઠ, બદરિકાશ્રમ આદિ ધામોની સભા કરતાં આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વે હરિભક્તને અતિશે પ્રકાશે યુક્ત દેખું છું. એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમ છે. આવી રીતે મહારાજે સમ ખાધા છે. તો ય કેટલાક નવા આદરવાળા અવતાર-અવતારીની વાત સમજી શકતા નથી અને મોટા મુક્ત દયા કરીને સમજાવે છે તે સમજતા નથી. ૨/૧૧૩/૩૬૦

૨૦. બાપાશ્રીએ વાત કરી જે, કેટલાક સત્સંગમાં જૂના કહેવાતા હોય પણ સમજવામાં કાંઈ ન આવ્યું હોય તેથી મહારાજનું તથા બીજા અવતારોનું એકમેક વર્ણન કરે, જે બધા

ય ભગવાનના અવતાર સરખા. તેમ આ વાત ન સમજ્યા હોય તે પણ એમ કહે જે, રામ, કૃષ્ણ આદિ જે અવતાર થયા તે જ મહારાજ. એ ટાણે થોડી સામર્થી જણાવી હતી ને આ ટાણે ઘણી જણાવી છે. વળી એમ પણ કહે છે કે ભગવાન તો એક છે. તે એના એ ભગવાન, તેમાં વળી નાના-મોટા કેમ કહેવાય! એવી સમજણ પોતાને તો હોય, પણ તેનો જે વિશ્વાસ કરે તેના જીવમાં પણ એવી સમજણ નાખે તેથી તેના ઉપર મહારાજનો ને મોટાનો રાજીપો ક્યાંથી થાય! મોટા મુક્તોએ સમજાવવામાં કાંઈ બાકી રાખ્યું નથી તો ય સર્વોપરીપણાની, અવતાર-અવતારીની વાત જીવમાં ઊતરે નહિ. તેને મહારાજનું સુખ ક્યાંથી આવે! અનંતકોટિ રામ ને અનંતકોટિ કૃષ્ણ અને અનંતકોટિ મુક્ત એ સર્વના કર્તા, સર્વના આધાર, સર્વના નિયંતા ને સર્વના કારણ મહારાજને સમજે, ત્યારે જ્ઞાન થઈ રહ્યું. આ તો અનંત ભગવાનના ભગવાન છે તે આપણે ઘેર આવીને બેઠા છે, એમ અ. મુ. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે, તથા અ. મુ. ગોપાળાનંદ સ્વામીએ પણ મહારાજનો સર્વોપરી મહિમા બહુ જ કહ્યો છે. જો મોટા અનાદિમુક્તનો વિશ્વાસ હોય તો એ વાત સમજાય, પણ પોતાના બુદ્ધિબળે સમજાય એવું નથી. કેટલાક ભણેલા-ગણેલા કહેવાતા હોય પણ પરોક્ષ શાસ્ત્રમાં આ વાત ખોળે તે ક્યાંથી જડે! શ્રીજીમહારાજ તો એમ કહે છે જે "આવ્યા નથી ને આવશું ક્યાંથી રે, તે તો વિચારોને મનમાંથી રે." તેથી એ મૂર્તિના સુખભોક્તા અનાદિમુક્ત વિના શ્રીજીમહારાજનો મહિમા કોણ સમજાવે! જ્યારે શ્રીજીમહારાજ અ. મુ. રામાનંદ સ્વામીને મળ્યા ત્યારથી સ્વામીશ્રી તો એમ જ કહેતા જે આ નીલકંઠ બ્રહ્મચારી તો મોટા મોટા રામ, કૃષ્ણ, વાસુદેવ ને અક્ષરાદિક એ સર્વેને પ્રાર્થના કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય

છે; પણ આવા શબ્દ જીવમાં ઉતારે નહિ ને મોટા કહે તે મનાય નહિ, તેને મહારાજનું સુખ કેમ આવે? માટે સૌ મહારાજને જેવા છે તેવા જાણજો. ૨/૧૨૭/૩૮૮

૨૧. જીવને પરોક્ષનો મહિમા પણ પ્રત્યક્ષનો નહિ. મથુરા, ગોકુળ જાય તો ત્યાંની તલાવડીની માટી તિલક કરવા માટે લઈ આવે એવું માહાત્મ્ય. પણ ભૂજના હમીરસર તળાવની માટી કોઈ લઈ જાય નહિ. નહિ તો જુઓને! તેમાં મહારાજ નાહ્યા છે, સંતદાસજી નાહ્યા છે, મોટા મોટા મુક્ત નાહ્યા છે, પણ એવું સમજાતું નથી. ૨/૩૫/૯૯

૨૨. કારિયાણીનું ૧૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં ગોપીઓના પ્રેમની વાત આવી. ત્યારે બાપાશ્રી દયા કરીને બોલ્યા જે, સંતો! ગોપીઓ કોણ? મથુરા ને ગોકુળ કયે ઠેકાણે આવ્યું? તે કહો. ત્યારે સ્વામી વૃંદાવનદાસજીએ કહ્યું જે જ્યાં મહારાજની મૂર્તિ ત્યાં અક્ષરધામ. ત્યાં ગોકુળ ને ગોપીઓ છે. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, હા, બરાબર. જ્યાં મહારાજની મૂર્તિ ત્યાં ગોકુળ ને મથુરા છે અને જે શ્રીકૃષ્ણ તે શ્રીજીમહારાજ પોતે છે, પણ જે શ્રીકૃષ્ણ પરોક્ષ થઈ ગયા એ નહિ. એ ઉપર પ્રેમાનંદ સ્વામીના કીર્તનની ટૂંક બોલ્યા જે , "ગિરધર નાચ અને ગોપીઓ ગાય, જોઈ પ્રેમાનંદ વારી જાય". તે પ્રેમાનંદ સ્વામી એ ગોપીઓને ક્યાં જોવા ગયા હતા? એમણે તો આ સંતોને ગોપીઓ કહેલ છે. તેમને એ જોતા હતા. માટે આ સંત તે ગોપીઓ અને જ્યાં મહારાજ ત્યાં ગોકુળ, મથુરા. આ મર્મ સમજવો તે જબરી ઘાંટી છે. એ ઘાંટી ઉલ્લંઘાય તો બધું ય સમજ્યા. આમ ન સમજાય તો રખડવું પડે. ૨/૨/૪

૨૩. પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે: બાપા! શ્રીજીમહારાજ સાથે આવેલા મુક્તો તો મહાપ્રતાપી હતા. તે તો

જેવા શ્રીજીમહારાજ સર્વોપરી છે તેવા જ વર્ણન કરતા, એવા મોટાના જોગવાળા સર્વોપરી મહિમા કહેવામાં અટકે નહિ તો ય તેમને સંશય કેમ રહેતો હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, એ વખતે પણ બધાયને મહિમા એક સરખો ન કહેવાય. શ્રીજીમહારાજ પોતાની સાથે જે મુક્તોને લાવે છે તે તો એ મૂર્તિના સુખભોક્તા હોય તેથી તેમનું કાંઈ પણ અજાણ્યું હોય નહિ પણ કેટલાક બીજા ધામમાંથી આવેલા હોય તે જેવો છે તેવો મહિમા જાણવામાં અટકે ખરા. જ્યારે મહારાજ મનુષ્ય ચરિત્ર કરતા હોય, પોતાના પ્રતાપને ઢાંકીને વર્તતા હોય ત્યારે તેમની રીત જુદી જ દેખાય. જુઓને! 'સત્સંગિજીવન' ગ્રંથ લખાતો હતો ત્યારે સાત દિવસ સુધી સ. ગુ. નિત્યાનંદ સ્વામીએ સૌથી જુદા પડી મહારાજને જેવા છે તેવા લખાવવા તે ગ્રંથ અટકાવ્યો હતો. તે સમયે મહારાજે સ. ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીની ખૂબ પરીક્ષા લીધી હતી, પણ સ્વામી લેશ માત્ર ડગ્યા નહિ. તેથી પરીક્ષાને અંતે શ્રીજીમહારાજ સ્વામીશ્રીને બાથમાં ચાંપી ઘણું હેત જણાવીને મળ્યા અને પોતાના કંઠમાંથી હાર ઉતારી સ્વામીશ્રીને પહેરાવ્યો અને મસ્તકે હાથ મૂકી સભા પ્રત્યે બોલ્યા જે સંતો! ઉપાસક તો આવા જ જોઈએ. આ સંત અમારો સંપૂર્ણ મહિમા જાણે છે. કેટલાક તો અમારા ફેરવ્યા ફરી ગયા પણ આ એક સ્વામી ફર્યા નહિ. ૨/૩/૫

**૨૪.** નારદ, શુક, સનકાદિક તથા ગોપીઓ આદિકની પ્રાપ્તિ તો આ સુખની આગળ કાંઈ ગણતરીમાં નથી, આ ખંડનની વાત નથી પણ મોટપની વાત છે. સંતના પાત્રમાંથી મોટા દેવાદિક પ્રસાદી લઈ ગયા. એ બધા દેવ દિવ્ય થવા આવ્યા હતા. ૨/૫૯/૧૮૮

**૨૫.** બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, સત્શાસ્ત્ર ક્યારે જાણ્યાં કહેવાય? તો જે શાસ્ત્રને વિષે શ્રીજીમહારાજની મૂર્તિ

અને તેમનાં લીલા-ચરિત્ર વર્ણવ્યાં હોય તે ઉપર જ પ્રીતિ અને પ્રતીતિ થાય ત્યારે સત્શાસ્ત્ર જાણ્યા કહેવાય. તેમ સત્પુરુષ પણ શ્રીજીમહારાજના ઉપાસક અને તેમને વિષે જ પ્રીતિવાળા તેમનો સંગ ગમે, બીજા મતના ગમે તેવા મોટા કહેવાતા હોય પણ તેને વિષે પ્રીતિ નહિ અને પ્રતીતિ નહિ, એવી સમજણ હોય તો સત્પુરુષને જાણ્યા કહેવાય. તેમ જ આત્મા સત્ય તે પણ પોતાના સંપ્રદાયમાં જેવી રીતે આત્મસ્વરૂપનું પ્રતિપાદન કર્યું હોય, તેવી રીતે સત્ય સમજીને દૃઢ કરે પણ પરોક્ષ શાસ્ત્રમાં કે પરોક્ષવાળા જે આત્મસ્વરૂપનું નિરૂપણ કરે છે તેને વિષે પ્રીતિ કે પ્રતીતિ નહિ ત્યારે આત્મા સત્ય જાણ્યો કહેવાય. તેમ જ પરમાત્મા પણ સત્ય ક્યારે જાણ્યા કહેવાય? તો જે પોતાના સંપ્રદાયમાં મોટા અનાદિમુક્ત અવતાર-અવતારી ભેદ સમજાવે અને શ્રીજીમહારાજનું સર્વોપરીપણું કહે, તેને નિઃસંશય થકો માને અને પોતાના સંપ્રદાયના ગ્રંથમાંથી અને સત્પુરુષ થકી શ્રવણ કરીને પુરુષોત્તમનું સ્વરૂપ સમજવું ઘટે તેમ સમજે. તેને વિષે જ પ્રીતિ અને પ્રતીતિ; પણ પરોક્ષ શાસ્ત્રમાંથી સમજવામાં તેવી પ્રીતિ નહિ, તે પરમાત્મા સત્ય જાણ્યા કહેવાય. ૨/૭૦/૨૨૧

## ૩

# ભગવાનના સ્વરૂપનો નિશ્ચય

ભગવાન તો એક પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ
જ છે તે સિવાય બીજા કોઈ ભગવાન નથી એમ
દઢ નિશ્ચય કરવો.

૧. જો શ્રીજીમહારાજ અને મોટાને અંતર્યામી જાણે તો એકે ય ક્રિયા સત્સંગથી વિરુદ્ધ થાય નહિ ને આજ્ઞા પાળવામાં તથા જપ તપ કરવામાં શ્રદ્ધા આવે ને મહારાજને સજાતિ પણ ત્યારે જ થવાય. પણ અંતર્યામીપણું જણાતું નથી તે નિશ્ચયમાં અને મહિમામાં ખામી છે. ૧/૮૮/૧૬૦

૨. નિશ્ચયની વાત અટપટી છે. તે કહેતા બીક લાગે છે, કેમ કે અવતારાદિકમાં વૃત્તિ જાતી રહે ને બીજે પણ જાતી રહે. શ્રીજીમહારાજ તમને મળ્યા છે તે સનાતન સ્વરૂપ છે અને ધામ પણ અનાદિ છે. એવું બીજું કોઈ ધામ નથી અને મહારાજ જેવા કોઈ પતિ નથી અને મુક્ત જેવા કોઈ ગુરુ નથી, માટે તેમને મૂકીને બીજે ક્યાંયે સારપ રાખવી નહિ. જેમ ચક્રવર્તી રાજાની રાણીને એ રાજા વિના બીજાને વરવાનો સંકલ્પ થાય નહિ, તેમ શ્રીજીમહારાજને મૂકીને બીજો સંકલ્પ

થવો જોઈએ નહિ. શ્રીજીમહારાજ સર્વેના આધાર છે અને સર્વેના કારણ છે. ૧/૯૫/૧૭૧

૩. બ્રહ્મરૂપ ક્યારે થવાય? બાપાશ્રી બોલ્યા જે, પરિપક્વ ઉપાસના થાય અને શ્રીજીમહારાજની આજ્ઞામાં વર્તતા હોય એ સર્વેને દિવ્ય જાણે અને મહારાજ વિના બીજા કોઈ કાળ-કર્માદિકને તથા દેવ-અદેવને કર્તા ન જાણે ત્યારે. જેમ કે મહાપ્રભુજી વિના બીજાને કર્તા જાણે તો તે મહારાજનો દ્રોહી કહેવાય. કેવી રીતે તો જ્યારે કાળનું વિષમપણું હોય ત્યારે બીજે જતું રહેવાય, તે કાળનું કર્તાપણું જાણ્યું કહેવાય. અને કર્મમાં હોય તો થાય એમ જાણે તેણે કર્મનું કર્તાપણું જાણ્યું કહેવાય. અને માયા વિના દેહનો વ્યવહાર કેમ નભે એમ સમજે તથા માયાએ કરીને જગત થાય છે એમ સમજે તેણે માયાને કર્તા જાણી કહેવાય અને જગત સ્વાભાવિક થાય જ કરે છે એમ સમજે તથા સ્વભાવ ન મુકાય તેણે સ્વભાવને કર્તા જાણ્યો કહેવાય. માટે શ્રીજીમહારાજ વિના કોઈને કર્તા જાણે નહિ, અને વાચ્યાર્થ ને લક્ષ્યાર્થ જ્ઞાન હોય અને અન્વય-વ્યતિરેકપણું જાણે ત્યારે બ્રહ્મરૂપ થવાય. ૧/૧૦૭/૧૯૩

૪. પતિવ્રતાપણું જે ભગવાનને વિષે નિષ્ઠા, તે પાકી રાખવી. દેહ પડવાનો હોય તો ભલે પડે પણ ઔષધની તથા કોઈ દેવની આસ્થા ન રાખવી. બીજા દેવની આસ્થા રાખે તો વ્યભિચારિણીના જેવી ભક્તિ કહેવાય. “પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો.” એક બાઈએ સાંબેલું પડતું મૂક્યું પણ પતિનું વચન મૂક્યું નહિ. એવી પતિવ્રતાના જેવી ભક્તિ કરવી પણ રખડેલ ન થાવું; રખડેલની ખબર કોઈ રાખે નહિ. જ્યારે પ્રત્યક્ષ શ્રીજીમહારાજ પોતે મળ્યા ત્યારે દેવ-અદેવ પાસે જવું નહિ, કેમ કે વૈદ-દાક્તર પણ ચાલ્યા જાય છે. ઔષધ કર્યા વિનાના કેટલાય

ડોસા અહીં જીવે છે અને વૈદ ને દાક્તર તો બિચારા પચીસ વર્ષમાં મરી જાય છે. ઔષધથી તો ઊલટો દેહ સડી જાય છે, માટે ઔષધની પ્રતીતિ ન રાખવી અને જંત્ર-મંત્રની તથા દેવ-અદેવની પ્રતીતિ ન રાખવી. કીમિયાવાળાની પણ પ્રતીતિ ન રાખવી. કીમિયાવાળા બહુ ભૂંડા છે. તે નજર બાંધીને સોનું બતાવે ને પછી કાંઈ ન હોય માટે તેનો વિશ્વાસ ન રાખવો. જેણે સ્વામિનારાયણ ઓળખ્યા હોય તેને તો એ કોઈની પ્રતીતિ આવે જ નહિ. ૩/૧૪૯/૨૬૧

**૫.** મહાપ્રભુજીનો નિશ્ચય એવો રાખવો જે રોગમાં, દુ:ખમાં ક્યાંય મહારાજ વિના વૈદ-ઔષધમાં પ્રતીતિ આવે નહિ. આ મૂર્તિ ને આ સંત સુખ કરે ને બધી પીડાનો નાશ કરે. ભગવાનની મૂર્તિમાં ઊતરી જાય તો તાવની કે રોગની કાંઈ પીડા વર્તાય જ નહિ. આ લોક, ભોગ, પદાર્થ, દેહ સર્વે નાશવંત છે, પણ જીવને તૃષ્ણા છે તે રહેવાય જ નહિ. પાંચ પાંચ પેઢી સુધી ખાય એટલું હોય પણ ભગવાન ભજે નહિ ને વ્યવહારને વળગી રહે. શ્રીજીમહારાજનો નિશ્ચય ન હોય ને તેણે જે સાધન કર્યાં હોય તે સાધન દિવ્ય થઈને મહારાજ પાસે જતાં રહે ને ભાઈ તો અહીં પડ્યા હોય. તે માટે નિશ્ચય થાય ને મહારાજ પાસે જાય ત્યારે સાધનનું ફળ મળે. ૧/૨૦૩/૩૯૬

**૬.** મહિમામાં કસર હોય તો શ્રીજીમહારાજની સન્મુખ ચાલવામાં શ્રદ્ધા ન આવે. માટે પહેલો તો પરિપક્વ નિશ્ચય કરવો; પછી શ્રદ્ધા વધે, પછી પ્રેમલક્ષણા ભક્તિ આવે ને આત્યંતિક મોક્ષ થાય. ગૃહસ્થને રૂપિયાનો નિશ્ચય થયો છે તો પોતાની સ્ત્રી-છોકરાંને પડ્યાં મૂકીને પાંચ-દસ હજાર ગાઉ જઈને કમાઈ લાવે છે. તેમ જેને પરિપક્વ નિશ્ચય હોય તે ભગવાનને ને સંતને અર્થે ઘવાઈ પડે ને આડો જઈને મરે પણ ખરો. ૧/૨૦૩/૩૯૮

૭. શ્રીજીમહારાજને વિષે ખરેખરો નિશ્ચય હોય તો નાડી પ્રાણ ન તણાય તો પણ નિર્વિકલ્પ સમાધિ જ છે. નિશ્ચયનું રૂપ એ છે જે મીંઢળ તોડીને, રાજ્ય પડ્યાં મૂકીને, ધનનો, સ્ત્રીનો ને સ્ત્રી હોય તો પતિનો ત્યાગ કરે અને મહારાજ કહે જે આ ટાણે અહીં આવો તો સર્વે કામ પડ્યા મૂકીને આવે ને દેહ માંદો હોય તો તે પણ આડો ન આવે. મૂળજી બ્રહ્મચારીએ મહારાજને પાણી પાવા સારુ ઓટા ઉપરથી પડતું મૂક્યું. પણ દેહ આડો ન આવ્યો જે મને વાગશે. એમ વચન પળે તો નિશ્ચય છે એમ જાણવું. પ્રગટ શ્રીજીમહારાજ ઉપર જ નિષ્ઠા થાય ને તેમના ઉપર જ નિષ્ઠા રહે, પણ બીજા પરોક્ષનો ભાર લેશ માત્ર ન આવે એવો નિશ્ચય હોય તે નિશ્ચય જાણવો. ૧/૧૯૬/૩૭૫

૮. આવા મહારાજ ને આવા મુક્ત (બીજે) ક્યાંય નથી. માટે તેનો કેફ રાખવો ને અધૂરું ન માનવું. આવો મહિમા ન સમજાય તેને નિશ્ચય નથી. જેમ બાળક પાસે રૂપિયાનો ને હીરા માણેકનો ઢગલો કરીએ તો પણ ભૂખ્યો હોય તો રુએ કેમ જે રૂપિયામાં બધી વસ્તુ છે તેની ખબર નથી; જ્યારે તેની ખબર પડે છે ત્યારે દરિયામાં દેહ ફગાવીને પણ કરકાં (છોકરાં) સારુ રૂપિયા લઈ આવે છે, તેમ શ્રીજીમહારાજ પાસે બેઠા હોય પણ નિશ્ચય ન હોય તો મહિમા ન સમજાય ને સુખ ન આવે. જો નિશ્ચય થાય તો ઠેઠ અક્ષર સુધી ખોટું થઈ જાય. ૧/૨૦૬/૪૦૯

૯. કેટલાક કહે છે કે સત્સંગમાં ભગવાન હોય તો આવા ડખા કેમ થાય? ત્યારે બાપાશ્રી બોલ્યા જે રામ-કૃષ્ણના વખતમાં કેટલા થયા હતા? બીજા અવતારોમાં પણ કેટલાય થયા હતા અને લોહીની નદી ચાલી હતી. એ અવતારોમાં પણ ડખા થયા છે, માટે ડખા થાય તેણે કરીને ભગવાન નથી એમ ન જાણવું. જેને પરિપક્વ નિશ્ચય ન હોય તેને એવી શંકાઓ થાય. પરિપક્વ

નિશ્ચયવાળો તો ભગવાનની લીલા જાણે. ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તે ભગવાનની લીલા છે. એમ જાણીને તે લીલા કહે ને સાંભળે તેનો મોક્ષ થાય. ૧/૨૨૩/૪૫૩

**૧૦.** આજ સત્સંગનું ખૂંધું ખમે તો આત્મનિષ્ઠા કહેવાય અને જો આત્મનિષ્ઠા ન હોય તો અપમાન થાય ત્યારે મંડળ મૂકીને બીજે જાય અને ત્યાં અપમાન થાય તો એથી પણ બીજે જાય અને જો આત્મનિષ્ઠા ખરેખરી હોય તો કોઈનો અવગુણ (દોષ) ન સૂઝે ને પદાર્થ સારુ ભડાભૂટ ન કરે ને દિવ્ય દૃષ્ટિ થઈ જાય અને મોટાને વિષે મનુષ્યબુદ્ધિ આવે નહિ. સ્થૂળ, સૂક્ષ્મ ને કારણમાં મૂર્તિમાંથી વૃત્તિ ડગે નહિ, ત્યારે પરિપૂર્ણ નિશ્ચય થયો જાણવો. ૧/૨૩૮/૪૭૮

**૧૧.** સભામાં પ્રથમ પ્રકરણનું ૭૦મું વચનામૃત વંચાતું હતું, તેમાં નિશ્ચયની વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે નિશ્ચયની વાત અટપટી છે. જો નિશ્ચયરૂપી પાયો પાકો ન હોય તો અવતારાદિકમાં વૃત્તિ જાતી રહે ને બીજે પણ જાતી રહે. કોઈ ક્યાંય ને કોઈ ક્યાંય જગન્નાથપુરી આદિમાં ભટકે. જો શ્રીજીમહારાજનો નિશ્ચય પરિપક્વ હોય તો "મેરે તો તુમ એક અધારા, તુમ બીન સબ જગ જરત અંગારા" એવું થાય. "વાલા એ રસના ચાખણહાર છાશ તે નવ પીએ રે લોલ" જો મૂર્તિનો રસ ચાખ્યો હોય તો બીજા કોઈ પદાર્થમાં તાન રહે નહિ. ૧/૨૩૮/૪૭૯

---

**૧.** પ્રથમ પ્રકરણનું ૬૩મું વચનામૃત વંચાતું હતું. તેમાં નિશ્ચયમાં કસરની વાત આવી ત્યારે બાપાશ્રી બોલ્યા જે જેને નિશ્ચયમાં કસર હોય તેને જ્યારે ભગવાન દિવ્ય ચરિત્ર કરે ત્યારે આનંદ થાય, પણ જ્યારે પ્રાકૃત ચરિત્ર કરે ત્યારે અંતરમાં મૂંઝાય

અને એમ સંકલ્પ કરે જે ભગવાન હશે કે નહિ હોય. ૨/૯/૩૦

૨. જ્યારે મહારાજ આપણું પ્રારબ્ધ છે ત્યારે આપણે કોઈને ગાળ દેતા પણ વિચાર કરવો, કારણ કે સુખ-દુઃખ શ્રીજીમહારાજની ઇચ્છાથી જ આવે છે. જો આપણે કોઈનું અનિષ્ટ ઇચ્છીએ તો શ્રીજીમહારાજના નિશ્ચયમાં ફેર છે અને મહારાજને સર્વ કર્તા જાણતા નથી. જુવાન દીકરાનું મરણ થાય તો પણ એમ સમજવું કે મહારાજની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયની લીલા છે. ઇંદ્ર, બ્રહ્માદિક દેવ જે કાંઈ કરે છે તે પણ શ્રીજીમહારાજની આજ્ઞાનુસાર થાય છે એમ માનવાનું છે. કોઈને મંદવાડ આવ્યો ને દવા કરી તો એમ ન માનવું જે દવાએ સાજો કર્યો; એ તો જ્યારે મહારાજ ભળે છે ત્યારે જ સાજા થવાય છે. એવી રીતે દરેક કાર્યમાં શ્રીજીમહારાજને જ કર્તા જાણવા, પણ મહારાજનું કર્તાપણું લેશ માત્ર ઓછું થવા દેવું નહિ. તેમના વિના કોઈથી સૂકું પાંદડું પણ તોડાતું નથી. માટે દેહના સુખ સારુ શ્રીજીમહારાજનું વચન લોપવું નહિ, તો મહારાજ તથા મોટા મુક્ત અતિ પ્રસન્ન થાય છે. ૨/૩૫/૯૯.

૩. ભગવાનનો નિશ્ચય કરવો તે કારણ મૂર્તિ ઓળખીને કરવો. જે કાર્ય ઉપરથી નિશ્ચય કરે છે, તેના નિશ્ચયમાં ડગમગાટ રહે છે. તે કાર્ય શું? તો આવા સાધુ, આવો ધર્મ, આવો ત્યાગ, આવા મોટા યજ્ઞ, આવી પ્રથા -સર્વે કાર્ય ઉપરથી કરેલો નિશ્ચય પણ જો શ્રીજીમહારાજની મૂર્તિનાં સુખ, ઐશ્વર્ય, મહિમા જાણીને નિશ્ચય કર્યો હોય તે નિશ્ચય કોઈ કાળે ફરતો જ નથી. ૨/૩૫/૧૦૦

૪. મહારાજના યથાર્થ નિશ્ચયવાળા મૂર્તિને સાક્ષાત્ દેખતા ન હોય, પણ એના શબ્દ મહારાજના સંબંધના હોય તે જીવને બહુ સમાસ કરે છે અને જેને જીવમાં ઊતરે તેને બ્રહ્મરૂપ કરી

મૂકે છે, મુક્તરૂપ કરી મૂકે છે. તેના ઉપર મહારાજ અને મુક્ત બહુ પ્રસન્ન થાય છે. ૨/૩૬/૧૦૬

૫. નિશ્ચયની વાત બહુ અટપટી છે. તે કોઈ ચમત્કાર દેખાડે તો વળગી જાય ને કામ, ક્રોધ, લોભમાં લેવાઈ જાય. માટે દૃઢ નિશ્ચય કરી રાખવો. સુખમાત્ર મહારાજની મૂર્તિમાં છે. જીવ માયિક પદાર્થમાં ઝાવાં નાખે અને ઐશ્વર્ય આદિકમાં ઝાવાં નાખે એ નિશ્ચયમાં ખામી કહેવાય. પરિપક્વ નિશ્ચય હોય તો મૂર્તિમાં ખેંચાઈ જાય. એવો દૃઢ નિશ્ચય જેને થયો તે તો બ્રહ્મા જેવો આવે અને તે મહારાજ રૂપે દેખાય તો ય લોભાય નહિ. મોટા સંત સ્વરૂપાનંદ સ્વામી આદિક બેઠા છે ત્યાં હું છું, આ સભા અક્ષરધામની છે, આપણે અક્ષરધામની મધ્યે જ બેઠા છીએ. આ પ્રતિમા સાક્ષાત્ અક્ષરધામમાં મૂર્તિ છે તે જ છે; એમ નિશ્ચય થઈ જાય તો સાક્ષાત્કાર સુખ આવે. ૨/૩૮/૧૧૨

૬. આપણા પ્રારબ્ધ શ્રીજીમહારાજ છે. જેમ છોકરાંનું પ્રારબ્ધ તેનાં મા-બાપ તેમ શ્રીજીમહારાજ આપણા પ્રારબ્ધ છે. છોકરાને અગ્નિ, જળાદિકથી તેનાં મા-બાપ જાળવે છે તેમ શ્રીજીમહારાજ કાળ, કર્મ, માયાથી જાળવે છે. દંડ દેવો હોય તો શ્રીજીમહારાજ પોતે દે. માટે એ જ આપણું પ્રારબ્ધ છે એમ નિશ્ચય રાખવો. ૨/૩૮/૧૧૨

૭. આ જીવને જ્યાં સુધી મહારાજનો પરિપક્વ નિશ્ચય થતો નથી, ત્યાં સુધી બાળક્રિયા સ્વભાવ ટળતા નથી. દેહ માટે, સગા માટે કંઈક ફુટારા કરવા પડે છે તે ભગવાનને મેલીને ન કરવા પડે, જો નિશ્ચય પરિપક્વ રાખે તો નિશ્ચયમાં જેટલી કસર એટલી મહિમામાં કસર અને મહિમામાં કસર હોય તો શ્રદ્ધા ન આવે. ૨/૩૮/૧૧૩

૮. મહારાજના સ્વરૂપનો પરિપક્વ નિશ્ચય જોઈએ.

નિશ્ચયની વાત જબરી બહુ. નિશ્ચયવાળો ભક્ત હોય તે ત્રિવિધના તાપમાં ક્યાંય લેવાય નહિ. સો કાળ સામટા પડે અને અન્ન ખાવા ન મળે અથવા રાજાના માણસો કહે ચલો, પકડો, બાંધો અને બાંધીને મારવા માંડે જે હમણાં પ્રાણ જતા રહેશે; એવાં ત્રિવિધનાં તાપનાં દુઃખ આવી પડે તો પણ એમ સમજે જે મહારાજની મરજી વિના કોઈ કર્તા નથી. દેહ પડવાનો થાય ત્યારે આનંદ થાય તો પરિપક્વ નિશ્ચય જાણવો. દેહ પડવાનો થાય ત્યારે જે બધા રહ્યા ને મારે જવું પડશે એમ ન જાણે અને જે ક્યાં જાવું છે? ધામમાં ખરેખર મહારાજ પાસે જવું છે. એમ જાણીને રાજી થાય તો પરિપક્વ નિશ્ચય જાણવો. ૨/૪૧/૧૨૪

૯. સભામાં લોયાનું ૧૦મું વચનામૃત વંચાતું હતું. તેમાં ચૈતન્યાનંદ સ્વામીના પ્રશ્નમાં આવ્યું જે ભૂંડા દેશકાળમાં ન રહેવું તે પરિપક્વ નિશ્ચયવાળો ન હોય તેને માટે કહ્યું છે. પણ પરિપક્વ નિશ્ચયવાળાને તો મહારાજ વિના કોઈ કર્તા નથી, તેને બીજે જવાનું કહ્યું નથી. ભૂંડો કાળ પણ બે પ્રકારનો છે. એક તો ભૂંડાનો સંગ તે ભૂંડો કાળ કહેવાય. બીજો દીર્ઘ રોગ આદિક ઉપદ્રવ હોય તે પણ ભૂંડો કાળ કહેવાય. તેમાં ભૂંડાનો સંગ તે રૂપી ભૂંડો કાળ હોય ત્યાં ન રહેવું. પણ મરવાના ભયે કરીને દીર્ઘરોગથી ભાગવું નહિ, કેમ જે ભક્ત હોય તે તો મરવું મંગળ જાણે. મહારાજના ખરા ભક્ત હોય તે મહારાજ વિના ઔષધ, વૈદ, ચોઘડિયું, મુહૂર્ત આદિ કોઈને કર્તા ન જાણે તે છેલ્લા મુદ્દાની વાત છે. ક્રિયમાણ કરવું પડે તે કરવું પણ તેનો ભાર રાખવો નહિ. તેમાં મહારાજની મરજી હોય તો મટે એમ જાણીને કરવું પણ ક્રિયમાણરૂપ ન થવું. એક મહારાજને જ કર્તા જાણવા. મહારાજ જે કરતા હોય તે સારુ જ કરતા હોય તેની આપણને ખબર પડે નહિ. મુક્તાનંદ સ્વામીના સાધુને પેટમાં અતિ દુઃખવા

આવ્યું ત્યારે બીજા સર્વે સંતોએ મુક્તાનંદ સ્વામીને કહ્યું કે આટલી બધી પીડા આ સાધુને થાય છે તે મટાડે એમ મહારાજને કહોને! ત્યારે સ્વામી કહે, મહારાજ! આ સંતને દુઃખ ખમાતું નથી. ત્યારે મહારાજ કહેઃ ચાર જનમની કસર છે તે ચાર દિવસમાં ભોગવાવવી છે. તે જો ચાર જન્મની કસર કોઈ લે તો પેટમાં દુઃખતું તરત મટાડીએ. ત્યારે સ્વામીશ્રી કહે મહારાજ! એમ હોય તો ભોગવાવો. માટે મહારાજ જે કરતા હોય તે સારું જ કરતા હોય એમ સમજવું. ૨/૪૧/૧૨૮

**૧૦.** જે ચમત્કાર-ઐશ્વર્ય જોઈને મહારાજનો અને મોટાનો નિશ્ચય કરે છે તે કરતાં જેને વિશ્વાસે કરીને નિશ્ચય થાય છે તે શ્રેષ્ઠ છે. ૨/૭૮/૨૪૮

**૧૧.** સત્સંગનો નિશ્ચય ક્યારે કહેવાય કે મહારાજ તથા મોટા મુક્ત સિવાય બીજે ક્યાંય પ્રતીતિ આવે નહિ. બીજા કોઈનો તેને ભાર રહે નહિ. આંબાના વૃક્ષનો એક વખત જાણીને નિશ્ચય કર્યો જે આ આંબો છે તે પછી રાત્રિ હોય કે દિવસ હોય કે ગમે તે આવીને કહે જે આ આંબો નથી ને લીંબડો છે, પણ જાણનારને આંબા સિવાય બીજો નિશ્ચય થાય નહિ. તેમ ભગવાન તો એક પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ જ છે તે સિવાય બીજા કોઈ ભગવાન નથી અને તેમના મુક્ત તથા સંત તે પણ એ મૂર્તિરૂપ જ છે એમ દૃઢ નિશ્ચય કરવો. ૨/૮૪/૨૬૫

**૧૨.** બાપાશ્રી બોલ્યા જે, સર્વોપરી દૃઢ નિશ્ચય કરવો. જો શ્રીજીમહારાજની દિવ્ય તેજોમય મૂર્તિ ધારે તો નિશ્ચયમાં કસર ન કહેવાય. એમ ધારવાથી સાક્ષાત્કાર થઈ જાય. જ્યાં સુધી પુરુષોત્તમનારાયણનો સર્વોપરી નિશ્ચય નથી કર્યો, ત્યાં સુધી એ જીવ આડો-અવળો ધોબીના કૂતરાની પેઠે વલખાં મારે છે. તે કૂતરાએ એમ નિશ્ચય કરેલો કે આ ભીના પગવાળો

તે મારો ધણી છે, પણ બીજી કાંઈ ખબર નહિ. પછી ચોમાસામાં સર્વેના પગ ભીના જોઈ એકબીજાની કેડે દોડી દોડી મરી ગયો; તેમ ન કરવું. પુરુષોત્તમનારાયણને ઓળખી દૃઢ નિશ્ચય કરવો. ૨/૯૭/૩૦૮

## ૪

# ભગવાનના પ્રતિમા-સ્વરૂપમાં પ્રત્યક્ષભાવ

શ્રીજીમહારાજની પ્રતિમાને વિષે જો ખરેખરો દિવ્યભાવ આવે તો પ્રતિમાનાં દર્શન સાક્ષાત્કાર જેવા થાય. પ્રતિમા તો સાક્ષાત્ શ્રીજીમહારાજ છે.

૧. લોયાનું ૭મું વચનામૃત વંચાતું હતું. તેમાં વાત આવી જે ઇન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ એ ત્રણે કરીને પ્રત્યક્ષ ભગવાનને જાણે, ત્યારે આત્યંતિક કલ્યાણ થાય. ત્યારે પુરાણી હરિપ્રસાદદાસજીએ પૂછ્યું જે : જ્યારે મહારાજ હતા ત્યારે તો ઇન્દ્રિયે દેખાયા પણ આજ મહારાજને પ્રત્યક્ષ ઇન્દ્રિયોએ કરીને શી રીતે દેખવા?

બાપાશ્રી બોલ્યા જે શ્રીજીમહારાજે "અમને મનુષ્યરૂપે દેખો" એમ સંકલ્પ કર્યો ત્યારે મનુષ્યરૂપે દેખાયા તેમ જ બીજો સંકલ્પ કર્યો કે "અમને પ્રતિમારૂપે દેખો." માટે આજ પ્રતિમારૂપે પ્રત્યક્ષ છે. તેમનાં દર્શન ઇન્દ્રિયોએ કરીને કરવાં અને તે પ્રતિમાનો મહિમા મુક્ત થકી અંતઃકરણમાં જાણવો અને એ પ્રતિમાને પોતાના ચૈતન્યને વિષે ધ્યાનમાં જોવી. તે જોતાં જોતાં જ્યારે આત્માને વિષે દેખાય ત્યારે મોક્ષ થાય. કદાપિ આત્માને વિષે દર્શન

ન થાય તો પણ શ્રીજીમહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય તો મોક્ષ થાય. ૧/૩૭/૭૩

૨. પ્રતિમા ને ધામની મૂર્તિ તે એક જ છે. તેને સરખી ન જાણે તેની સમજણ ખોટી છે અને તે નાસ્તિક છે અને તેની વાત ન સાંભળવી. પ્રતિમા બોલતી નથી. તે પોતાના ભક્તોને જાળવે છે, કેમ જે કોઈકને બોલાવે ને કોઈકને ન બોલાવે તો હર્ષ-શોક થઈ આવે. માટે પાત્ર થયો હોય તેને તથા પાત્ર ન થયો હોય તે સર્વેને સરખાં દર્શન આપે છે. માટે બોલતા નથી પણ પ્રત્યક્ષ છે. ૧/૫૪/૧૦૩

૩. સાધનદશાવાળાને જોગ કરવામાં પ્રતિમા કરતાં મુક્ત અધિક છે. તે વાત વડતાલના ૧૦મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહી છે; પણ પ્રતિમાથી મુક્ત વિશેષ ન જાણવા, ફક્ત જ્ઞાન લેવામાં વિશેષ જાણવા. પ્રતિમા છે તે ઇષ્ટદેવ છે અને મુક્ત તો ભક્ત છે. કેટલાક આધુનિક પ્રતિમા કરતાં મુક્તને અધિક જાણીને તેમનું ધ્યાન કરે છે તે અજ્ઞાની છે. એમને કોઈ મોટા મળ્યા નથી અને શ્રીજીમહારાજનો તથા મોટા મુક્તનો સિદ્ધાંત એમને હાથ આવ્યો નથી. તે તો જ્યારે શ્રીજીમહારાજના અનાદિ અથવા પરમ એકાંતિક મુક્ત મળે ને તેમના થકી જ્ઞાન પામે ત્યારે અન્વય-વ્યતિરેક સ્વરૂપ સમજાય ને શ્રીજીનો સિદ્ધાંત હાથ આવે. કોઈ દિવસ મુક્તનું ધ્યાન તો થાય નહિ. જે મુક્ત હોય તે પોતાનું ધ્યાન કરાવે જ નહિ અને શ્રીજીમહારાજની આજ્ઞામાં ફેર પડવા દે જ નહિ. એ તો પ્રતિમાને વિષે જ જોડે પણ પ્રતિમાથી લૂખા થાવા દે નહિ. ૧/૫૪/૧૦૩

૪. જ્યારે શ્રીજીમહારાજે દેહોત્સવ કર્યો ત્યારે દાદાખાચર બહુ દિલગીર થઈને ધ્રહમાં પડવા ગયા ત્યારે શ્રી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે શ્રીજીમહારાજ સદાય સત્સંગમાં છે. આપણને

મૂકીને જતા રહ્યા નથી. જ્યાં મહારાજ અને આપણે બેસતા તે બેઠકે જાઓ. તમને દર્શન આપશે. પછી ત્યાં ગયા અને શ્રીજીમહારાજનાં દર્શન થયાં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે "અમે તો મરીએ એવા નથી. અમે તો એક રૂપે હતા તે ચાર રૂપે થયા છીએ અને સત્સંગમાં સદાય પ્રગટપણે વિરાજમાન છીએ; માટે જતા રહ્યા એમ ન જાણશો." એમ કહીને પોતે પહેરેલો હાર હતો તે દાદાખાચરને પહેરાવીને બોલ્યા જે "તમારા આત્માને વિષે અમને ધારો." પછી દાદાખાચરે પોતાના ચૈતન્યને વિષે મહારાજનું ધ્યાન કર્યું તો તેજોમય દિવ્ય સ્વરૂપે પોતાના આત્માને વિષે મહારાજને દેખ્યા. પછી ધ્યાનમાંથી જાગ્યા અને મહારાજને પૂછ્યું જે હે મહારાજ! આપનાં ચાર સ્વરૂપ કહ્યાં તે કિયાં સમજવાં? ને ધ્યાન કયા સ્વરૂપનું કરવું? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે એક તો મૂર્તિઓ રૂપે ને બીજું સંતરૂપે ને ત્રીજું આચાર્યરૂપે ને ચોથું શિક્ષાપત્રી, વચનામૃત આદિ શાસ્ત્રરૂપે; એ ચાર રૂપે થયા છીએ. તેમાં પ્રતિમારૂપે થયા છીએ તે પ્રતિમાનું ધ્યાન કરવું; અને સંતથકી જ્ઞાન ઉપદેશ ગ્રહણ કરીને અમારો મહિમા સમજવો ને તેમની અન્ન-વસ્ત્રે કરીને સેવા કરવી અને આચાર્ય થકી દીક્ષામંત્ર લેવા ને તેમની અન્ન-દ્રવ્યે કરીને સેવા કરવી અને શાસ્ત્રમાં જે અમારાં વચન છે એ પ્રમાણે વર્તવું. એમ વાત કરીને શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા. પછી દાદાખાચરે સ્વામીશ્રી પાસે આવીને સર્વ વાત કરી ત્યારે સ્વામીશ્રીએ કહ્યું જે જો ખરેખરો દિવ્યભાવ પ્રતિમાને વિષે આવે ને એ મૂર્તિમાં લગની થાય અને બીજું બધું વિસરી જાય તો પ્રતિમાનાં દર્શન સાક્ષાત્કાર જેવા થાય અને તેમની સાથે બોલે, વાતો કરે, જમે, ઇત્યાદિક સર્વે મનોરથ પરિપૂર્ણ કરે, માટે પ્રતિમાને વિષે દિવ્યભાવ લાવીને તેનું ધ્યાન-ભજન કરવું, પણ આધુનિકને સંગે કરીને

અવળે રસ્તે ચઢી જવું નહિ. ૧/૫૪/૧૦૪

૫. અદૃશ્ય થયેલી મહારાજની મૂર્તિ અને અદૃશ્ય થયેલા સંતને જેવા જાણે છે તેવા આજના સંતને તથા પ્રતિમાને જાણે તો પોતે દિવ્ય થઈ જાય. ૧/૬૩/૧૨૧

૬. આજ ભગવાન ક્યાં હશે?

બાપાશ્રી બોલ્યા જે : આ સભામાં પ્રત્યક્ષ શ્રીજીમહારાજ અને મુક્ત છે. તેમાં ખોટું કહેતાં હોઈએ તો સમ છે. મૃત્યુ આડી એક ઘડી રહી હોય ને જો આ પ્રતિમા તે જ સાક્ષાત્ ભગવાન છે પણ ધાતુ-પાષાણ નથી ને આ સભા દિવ્ય છે એવું સમજાય તો શ્રીજીમહારાજ હડેડાટ તેડી જાય છે. માટે પ્રતિમાને વિષે ને મુક્તને વિષે દિવ્યભાવ લાવવો. તો મોક્ષ કરે પણ એકલા સાધને કરીને મોક્ષ ઇચ્છે તે થવો કઠણ છે. જેમ એક કણબીને ગાડું ખૂંત્યું તે બધાયને કાઢી મૂકીને ગાડું કાઢવા ગયો તો કાંઈ નીકળે? તેમ મુક્તને વિષે કોઈક કાંઈક દોષ પરઠે તો તે એકલો રહ્યો તે એકલો શું કરે? માટે સર્વેને દિવ્ય જાણવા તો મોક્ષ થાય. ૧/૧૨૫/૨૧૯

૭. જે મૂર્તિ અક્ષરધામમાં છે તે જ મૂર્તિ મનુષ્યરૂપે ને પ્રતિમારૂપે દર્શન આપે છે, એમ સમજાય તો કામ નીકળી જાય. મંદિરમાં મૂર્તિ પધરાવ્યા પછી ભાવ સારો આવ્યો છે કે નથી આવ્યો, એમ ભાવ જોવો નહિ, કેમ જે અક્ષરધામમાં મૂર્તિ છે તે જ પ્રતિમા છે, પણ એક રોમનો ફેર નથી; જો ફેર જાણે તો મોટી ખોટ આવે ને મૂર્તિના સુખની પ્રાપ્તિ ન થાય. ૧/૧૭૧/૩૨૦

૮. આપણાં મંદિરોમાં મૂર્તિઓ પધરાવી છે તેને કેટલાક એમ કહે છે જે, સત્પુરુષના લાવ્યા ભગવાન આવે છે તો તો ભગવાન કરતાં સત્પુરુષ વધે, માટે તે કેમ સમજવું?

બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજ સત્પુરુષને વશ થઈને પોતે

સાક્ષાત્ વિરાજમાન થાય છે પણ મુક્ત તો સેવક છે ને મૂર્તિઓ તો સ્વામી છે. જે મુક્ત હોય તે મૂર્તિઓને પોતાના સ્વામી માને છે અને જે આધુનિક સાધનદશાવાળા છે તે તો મૂર્તિથી સત્પુરુષને વિશેષ જાણે છે પણ તેની સમજણ ખોટી છે. ૧/૧૭૬/૩૩૨

**૯.** મૂર્તિ પધરાવનાર એમ જાણે જે હું મૂર્તિથી વિશેષ છું, તેનું શું થાય?

બાપાશ્રી બોલ્યા જે, જેને વિશે માયિક ત્રણ ગુણ હોય તે મૂર્તિથી પોતાને વિશેષ માને ને બીજા આગળ એમ બોલે, પણ તે નાસ્તિક છે અને તેનું તથા તેની વાત સાંભળીને તેવી રીતે સમજનારનું કલ્યાણ થાય નહિ. ૧/૧૭૬/૩૩૨

**૧૦.** કેટલાક પ્રતિમાથી સંતને અધિક કહે છે તે કેમ સમજવું?

બાપાશ્રી બોલ્યા જે શ્રીજીમહારાજનો સિદ્ધાંત એના જાણ્યામાં આવ્યો નથી કેમ જે એને સિદ્ધ મુક્ત મળ્યા નથી. માટે તેની માયિક બુદ્ધિથી જેવું સમજાણું હોય તેવું કહે, પણ પ્રતિમા તો સાક્ષાત્ શ્રીજીમહારાજ છે. ૧/૧૯૦/૩૫૭

**૧૧.** પ્રતિમાને દિવ્ય ન જાણે ને મૂર્તિ સારુ વલખાં મારે તેમાં શું વળે? માટે તેમાં દિવ્યભાવ સમજીને ધ્યાન કરીને મૂર્તિમાં જોડાવું. ભૂત, ભવિષ્ય ને વર્તમાન તેના ભાવ ટાળી નાખવા. દેહના જે શણગાર છે તે ટાળી નાખવા અને મહારાજની મૂર્તિમાં એકતાર જોડાવું. વૈભવ એકે ય મેલાય નહિ અને મૂર્તિ ખપે તે કેમ મળે? ઝેરનું ઝાડ રોપો તો પાંદડાં, ડાળાં, પાંખડી સર્વે ઝેર હોય તે ઝેરનું ઝાડ મેલીને એક સ્વામિનારાયણની મૂર્તિમાં તેલધારા અખંડ વૃત્તિ રાખવી. તેમ શ્રીજીમહારાજનું સુખ આપનારા સંતને ઓળખીને તેમનો સંગ કરે તો જે સુખ ઇચ્છે તે મળે. જો પ્રયત્ન કરવા માંડે તો મૂર્તિ સિદ્ધ થઈ જાય માટે પુરુષપ્રયત્ન કરવો. ૧/૨૫૦/૫૦૫

૧૨. લોયાનું ૭મું વચનામૃત વંચાતું હતું તેમાં ધામમાં મૂર્તિ અને મનુષ્યરૂપ અને પ્રતિમા તે એક જ સમજવાનું આવ્યું. પછી સંતે પૂછ્યું જે: મનુષ્યરૂપે ઓળખ્યા વિના દર્શન થાય તેનું જન્માંતરે કલ્યાણ થાય તેવું પ્રતિમાનાં દર્શને થાય કે નહિ?

બાપાશ્રી બોલ્યા જે પ્રતિમાનાં દર્શને પણ એવું જ કલ્યાણ થાય. જો પ્રતિમાનો મહિમા જાણીને દર્શન કરે તો આ જન્મે જ આત્યંતિક કલ્યાણ થાય. ૧/૨૫૧/૫૦૭

---

૧. બાપાશ્રી બોલ્યા જે આ મહારાજની મૂર્તિ પ્રતિમારૂપે છે તે દિવ્ય અક્ષરધામમાં છે તે જાણવી. આ સભા દિવ્ય અક્ષરધામની છે. તે જો અમે ખોટું કહેતા હોઈએ તો અમને નરનારાયણના સમ છે. એમ મહારાજે સમ ખાધા છે. આ સભા અનાદિમુક્તની છે. આ સભામાં પ્રત્યક્ષ મહારાજ બિરાજે છે. એ બે વાતો દૃઢ કરવી જોઈએ. એ બે વાતો દૃઢ થઈ તો અંતર્વૃત્તિ થઈ જાણવી. જો એ બે વાતો સિદ્ધ થાય તો ખરેખરો એકાંતિક થાય. ૨/૪૪/૧૩૭

૨. સાધુ દેવજીવનદાસજીએ પૂછ્યું જે: બાપા! મહારાજના ચરિત્રને વિષે સંશય કરવો નહિ એમ કહ્યું છે, તે અત્યારે મહારાજનાં ક્યાં ચરિત્ર સમજવાં? અને તે મનુષ્યચરિત્રને વિષે દોષ ન પરઠવો એમ પણ કહ્યું છે તે અત્યારે મહારાજની મૂર્તિઓ છે તે શું મનુષ્યચરિત્ર કરે છે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે મહારાજે જે જે મનુષ્યચરિત્ર કર્યાં હોય તેનું વર્ણન થતું હોય તે સાંભળીને તેને વિષે દિવ્યભાવ લાવવો પણ દોષ ન પરઠવો અને અત્યારે શ્રીજીમહારાજની મૂર્તિ એ સાક્ષાત્ ભગવાન પોતે જ છે, એમ માનવું. અને મૂર્તિનાં ઘરેણાં, વસ્ત્ર વગેરે કોઈ લઈ જાય તો ય તેમાં અવગુણ ન લે જે મૂર્તિ ધાતુ, કાષ્ઠ પાષાણાદિકની

છે એવો ભાવ ન લાવે અને એમ ન થાય જે પોતે પ્રત્યક્ષ બિરાજતા હોય તો ચોરને કેમ લેવા દે. એમ નાસ્તિકભાવ ન આવે, વળી સંભારે ત્યારે દર્શન દે અગર ન દે, દુઃખ હોય તે ટાળે અગર ન ટાળે તો ય અવગુણ ન આવે ને દોષ ન પરઠે કે ભગવાન સત્સંગમાં પ્રગટ હોય તો કેમ ન આવે! અને કેમ દુઃખ ન ટાળે! પણ એ તો ભક્તની ધીરજ જોતા હોય અથવા કસર ટાળતા હોય- એમ દૃઢપણે માનવું. સત્સંગમાં વિષમ દેશકાળ જેવું જણાતું હોય ત્યારે પણ સમજણ ન હોય તો દોષ પરઠાય જે ભગવાન પ્રત્યક્ષ હોય તો આમ કેમ થાય? એવાં ચરિત્ર તે અત્યારનાં મનુષ્યચરિત્ર કહેવાય ને તે પ્રાકૃત જેવા લાગે તો પણ તેમાં દિવ્યભાવ રાખવો ને એમ સમજવું જે સર્વ કર્તાહર્તા મહારાજ છે, તે તેમની મરજી હશે તેમ કરતા હશે અને જે કરતા હશે તે સારું જ કરતા હશે. આવી સમજણ રાખે તો અત્યારના મનુષ્યચરિત્રને વિષે સંશય ન થાય. ૨/૭૮/૨૪૩

૩. દેવરાજભાઈએ પૂછ્યું જેઃ મૂર્તિઓને વિષે દિવ્યભાવ હોય જે આ મૂર્તિઓ તે પ્રત્યક્ષ ભગવાન છે પણ મનુષ્યરૂપે મહારાજ તથા મુક્ત વિચરતા હોય તેમને ઓળખે નહિ તેનું શું કારણ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે મહારાજ અને મુક્ત મનુષ્યરૂપે વિચરતા હોય તેમને ઓળખે નહિ તેણે મૂર્તિઓને વિષે પૂરો દિવ્યભાવ જાણ્યો નથી તે તો મુખેથી કહેવા માત્ર જ છે. પણ જો મૂર્તિઓને દિવ્ય જાણી હોય તો તે મનુષ્યરૂપે મહારાજ અને મુક્ત વિચરતા હોય તેમને જરૂર ઓળખે. એમને જે ન ઓળખે તેમને તો મૂર્તિઓને વિષે દિવ્યભાવ છે જ નહિ. ૨/૧૪૬/૪૪૩

---

## ૫

# ધ્યાન- અંતર્વૃત્તિ- સમાધિ

જો ખરેખરો આગ્રહ રાખીને ધ્યાન
કરવા માંડે તો ત્રણે શરીર ટળી જાય ને
મહારાજનો સાક્ષાત્કાર તરત થાય.

૧. મોટા મુક્ત સાથે બહાર સમાગમ કરવાથી જેવું મહારાજની મૂર્તિનું સુખ આવે છે તેવું અંતરમાં ધારવાથી કેમ નથી આવતું?

બાપાશ્રી બોલ્યા જે સાધનદશામાં હોય ત્યાં સુધી બહારવૃત્તિમાં સુખ અધિક જણાય, પણ અંતર્વૃત્તિનું સુખ અધિક છે. જ્યારે સિદ્ધદશા આવે ત્યારે અંતર્વૃત્તિનું સુખ અધિક જણાય. ૧/૧/૩

૨. એક સાધુ ધ્યાન કરે છે ને ધ્યાન કરતાં કરતાં રોવા માંડે છે તે શું સમજવું?

તે તો સિદ્ધિઓ છેટે દેખાય છે ને પાછી અદૃશ્ય થાય છે એટલે તેને પામવા માટે રુદન થાય છે. જેને મહારાજનું સુખ આવે કે મૂર્તિ દેખાય તેને તો અતિશય આનંદ પ્રાપ્ત થાય અને અદૃશ્ય થાય તો પણ રોવરાવે નહિ. જે રોવરાવે તે તો માયા હોય એમ જાણવું. જેને મોટા મળ્યા ન હોય ને મોટાનો જોગ ન હોય તેને ધ્યાનમાર્ગમાં વિઘ્ન ઘણાં આવે છે. ૧/૧૪/૩૪

૩. છેલ્લા પ્રકરણનું ૨૩મું વચનામૃત વંચાતું હતું. તેમાં માનસી પૂજાની વાત આવી ત્યારે બાપાશ્રી બોલ્યા જે શ્રીજીમહારાજે માળા, માનસી પૂજા જે જે બતાવ્યાં છે તે કેટલાક સાધનકાળનાં બતાવ્યાં છે ને કેટલાક સિદ્ધકાળનાં બતાવ્યાં છે માટે માનસી પૂજામાં ચૈતન્યને વિષે મૂર્તિ ધારીને દિવ્ય ભોજન જમાડવાં અને વસ્ત્ર-ઘરેણાં પણ મૂર્તિના જેવાં જ દિવ્ય તેજોમય ધારવાં, પણ ચિત્ર-વિચિત્ર ન ધારવાં. સર્વે ક્રિયા પોતાના ચૈતન્યમાં કરાવવી, પણ જુદાં જુદાં સ્થાન કલ્પવાં નહિ. એમ કરતાં કરતાં ઉપશમ થાય ને મૂર્તિનો સાક્ષાત્કાર થાય ત્યારે મૂર્તિને જોઈ રહેવું. બીજો સંકલ્પ કરવો નહિ, મૂર્તિ વિના બીજું સર્વે વિક્ષેપકર્તા છે. મૂર્તિનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી તેણે ઉપર કહ્યા પ્રમાણે કર્યા કરવું, અને ધ્યાન કરવું. ધ્યાન કરતાં અકેકું અંગ દેખાય એ નેત્રની વૃત્તિએ જોવાય છે એમ જાણવું અને જ્યારે સમગ્ર મૂર્તિ દેખાય ત્યારે જીવની વૃત્તિએ જોવાય છે એમ જાણવું અને જ્યારે મૂર્તિમાં સંલગ્ન થવાય ત્યારે વૃત્તિ ન જાણવી; જીવસત્તાએ જોવાય છે એમ જાણવું. તેને મૂર્તિથી ઓરું જ્ઞાન રહેતું નથી અને દેહની ક્રિયા તો મહારાજની ઇચ્છાથી થાય છે. જ્યારે મૂર્તિના સુખમાં ઊતરે ત્યારે સુખ વિના બીજું દેખે જ નહિ, જેમ સૂર્યના રથમાં બેઠા હોય તેને રાત્રિ છે જ નહિ તેમ. ૧/૨૦/૪૪

૪. ધ્યાનનું સુખ તો બહુ અલૌકિક છે પણ જીવને આગ્રહ થતો નથી. અંતર્વૃત્તિએ કરીને શ્રી પુરુષોત્તમના તેજરૂપ થઈને મૂર્તિ ધારે તો બહુ સુખ આવે ને મહાસુખિયો થઈ જાય. ૧/૨૦/૪૫

૫. સેવાભક્તિ આદિક સાધન કરતા ધ્યાન કરવું તે શ્રેષ્ઠ છે. જે ધ્યાન કરે તેને કોઈ વ્યવહારમાં જોડવા નહિ અને ધ્યાન કરનારે પણ કોઈ વ્યવહારમાં જોડાવું નહિ. ૧/૨૦/૪૫

૬. સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, આપણાં

મંદિરોમાં શ્રી નરનારાયણ, શ્રી રાધાકૃષ્ણ, શ્રી લક્ષ્મીનારાયણ, શ્રી ગોપીનાથજી આદિક અવતારોની મૂર્તિઓ પધરાવી છે તે સર્વે મૂર્તિઓ શ્રીજમહારાજ પોતે જ છે ત્યારે એ સર્વે મૂર્તિઓનું ધ્યાન થાય કે નહિ?

બાપાશ્રી બોલ્યા જે, એ મૂર્તિઓ પોતાના સંકલ્પે કરીને દેખાડી છે. માટે એ મૂર્તિઓ સંકલ્પની છે. તેનું ધ્યાન થાય નહિ અને મુક્તનું પણ ન થાય. ધ્યાન તો સ્વયં શ્રી સહજાનંદ સ્વામી તથા શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજ એવા નામની પધરાવી છે તે મૂર્તિઓનું કરવું. તે મૂળ મૂર્તિ છે અને વેષાન્તર કરીને દર્શન આપે છે તે સંકલ્પની મૂર્તિઓ છે માટે મૂળ મૂર્તિનું ધ્યાન કરવું. ધર્મદેવ અને ભક્તિમાતા ને માણકી ઘોડી એ સર્વે રૂપે મુક્ત થયા હતા, માટે સર્વે અક્ષરધામનો સમાજ છે એમ જાણવું. શ્રીજીમહારાજ છપૈયે પ્રગટ થયા ત્યારે દેવતા પુષ્પની વૃષ્ટિ કરતા હવા ને ગાંધર્વ ગાન કરતા હવા એમ લખ્યું છે તે પણ મુક્તગાન ને વૃષ્ટિ કરતા હવા એમ જાણવું, કેમ જે દેવ અને ગાંધર્વને મહારાજનાં દર્શન કરવાની ગતિ નથી. ૧/૨૨/૪૮

૭. જ્યારે જીવને મહારાજનું દર્શન થાય છે ત્યારે ઇન્દ્રિયો જીવમાં ખેંચાઈ જાય છે અને જીવને વિષે મહારાજનું દર્શન થાય છે. તે ઇન્દ્રિયોને મહારાજ ખેંચે છે. મહારાજની મૂર્તિમાં વૃત્તિઓ ખેંચાઈને સમાધિ થાય છે. જેમ ચમકની સત્તાથી લોહ ખેંચાય છે તેમ. સમાધિમાં તેજ, ઐશ્વર્ય, સામર્થી, ધામ એ આદિકને જોવા ઇચ્છે તે સકામ માર્ગ છે ને તેમાં વિઘ્ન છે, કેમ જે એને કાંઈક ધક્કો લાગે ખરો. જે મૂર્તિમાં જોડાય ને બીજું કાંઈ ન ઇચ્છે તે નિષ્કામ છે. એને સ્વરૂપ સમાધિ કહેવાય ને તેને કોઈ વિઘ્ન પણ ન થાય. ૧/૨૯/૫૮

૮ અંતર્વૃત્તિ તે શું?

બાપાશ્રી બોલ્યા જે, અંતરમાં મહારાજના સુખે સુખિયા થવાય અને જેમ બાળકની ક્રિયા માવતર કરાવે છે તેમ દેહની ક્રિયા શ્રીજીમહારાજ અનુસંધાન પ્રમાણે કરાવે પણ તેની ખબર પોતાને રહે નહિ ને જેમ ગોરધનભાઈની ક્રિયા મહારાજ કરાવતા તેમ થાય તે અંતર્વૃત્તિ કહેવાય. એવાને સત્સંગ દિવ્ય જણાય અને કોઈનો અવગુણ આવે નહિ. ૧/૩૮/૭૭

**૯.** જેમ વર પરણવા જાય અને ત્યાં જમે રમે અને જ્યારે વરને હથેવાળો મેળવવા વખત આવે ત્યારે માંકડા રમતા હોય ત્યાં જોવા જાતો રહે, તેમ આ જીવ મહાપ્રભુજીને પામવા સારું સત્સંગમાં આવ્યા છે તે ધ્યાન કરવા વખતે નવરા રહેતા નથી અને વ્યાવહારિક કામમાં વળગી પડે છે. માટે વસ્તુ કેવી પામવી છે તેનો તપાસ કરવો જોઈએ. આપણને કેવી મોટી પ્રાપ્તિ છે? માટે મૂર્તિ ધારવી ને બીજા ઠરાવ પડ્યા મૂકવા. ૧/૪૧/૮૨

**૧૦.** માળા-માનસી પૂજામાં બોલવા કરતાં સાન કરવામાં વૃત્તિ ઘણી વિક્ષેપ પામે છે; કેમ જે બોલવામાં એક સંકલ્પ અને સાન કરવામાં ઘણા સંકલ્પ થાય માટે સાન કરવી નહિ. ૧/૫૪/૧૦૨

**૧૧.** કારિયાણીનું ૧૨મું વચનામૃત વંચાતું હતું તેમાં કારણ દેહ છે તે જીવની માયા છે અને વજ્રસાર જેવી છે એમ વાત આવી ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજનું ધ્યાન કરવાથી કારણ દેહ શેકાય છે પણ તપ આદિક સાધને કરીને કારણ દેહ શેકાય નહિ. જેમ આંબલીનો કાતરો આખો પૃથ્વીમાં ઘાલીએ તો ય ઊગે અને ફોતરું કાઢી નાખીને ગર્ભ સોતો નાખીએ તો ય ઊગે અને ગર્ભ કાઢીને કાળી છાલે સહિત નાખીએ તો ય ઊગે, પણ ધોળા બીજને નોખું પાડીને પૃથ્વીમાં નાખીએ ને પાણી રેડીએ તો પણ ઊગે નહિ તેમ તપ, આત્મનિષ્ઠા આદિક સાધને કરીને કારણ દેહ શેકાય નહિ. એ તો જ્યારે શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાય

ત્યારે કારણ દેહ બળી જાય અને ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયમાં ક્યાંએ લેવાય નહિ ને તેમાં જોડાય નહિ અને બ્રહ્મકોટીના તથા મૂળ અક્ષરકોટીના ઐશ્વર્યમાં પણ જોડાય નહિ. માટે જ્ઞાનપ્રલય કરીને શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાવું. ૧/૬૭/૧૨૭

**૧૨.** માયા છે તે જીવને ઉપર વળગી હશે કે માંહી પ્રવેશ કરીને ભેળી ભળી ગઈ હશે?

બાપાશ્રી બોલ્યા જે, જેમ દર્પણ ઉપર મેશ વળગે છે ને જેમ સૂર્યને વાદળાનો પડદો આવે છે તેમ માયા જીવ ઉપર ફરી વળી છે પણ જીવની માંહી માયા પેસી ગઈ નથી. તે જ્યારે સ્ત્રી, પુરુષ, ગામ, દેશ, ખારું, મોળું, મીઠું, રસના એ આદિક કોઈ ભેદ રહે નહિ ત્યારે કારણ દેહથી જીવ નોખો પડે છે અને અંકુર બળી જાય અને ફેર જન્મવું પડે નહિ. માટે સર્વે માનીનતા ટાળીને કારણ દેહને બ્રહ્મઅગ્નિ જે પોતાનો આત્મા તેને વિષે હોમવો, એટલે ઇન્દ્રિયોની વૃત્તિઓ માયિક પદાર્થમાં ફેલાઈ ગઈ હોય ત્યાંથી પાછી વાળીને બ્રહ્મઅગ્નિ જે પોતાનો આત્મા તે આકારે કરવી, એટલે આત્માને તેજોમય જોયા કરવો ને તેમાં મહારાજની મૂર્તિને જોયા કરવી. એમ ને એમ ધ્યાન કરતાં કરતાં કારણ દેહ બળી જાય ને માયા નાશ થઈ જાય અને આત્માને મહારાજની મૂર્તિના પ્રકાશને વિષે લીન કરીને તે આત્માની માંહી મહારાજની મૂર્તિ જોવી એ અભ્યાસ હંમેશાં કરવો. ૧/૬૮/૧૩૦

**૧૩.** એકને તો મૂર્તિની સ્મૃતિ જ રહે છે ને એકને તો સાક્ષાત્કાર છે. એ બે યને વ્યતિરેક સ્વરૂપની પ્રાપ્તિ હશે કે કેમ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે એ તો વ્યતિરેક જ છે; કેમ જે મૂર્તિનો સાક્ષાત્કાર છે તે જ મૂર્તિની સ્મૃતિ છે, પણ જેમ બાળકનો વિવાહ સંબંધ જ્યાં થયો હોય ત્યાં વૃત્તિ રહે છે પણ પરણીને ઘેર આવે ત્યારે સુખ આવે તેમ સ્મૃતિવાળાને સાક્ષાત્કારવાળા જેવું સુખ ન

હોય એટલો ફેર છે. ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં કરતાં જ્યારે દેહનું ભાન ભૂલી જવાય ત્યાંરે બ્રહ્માંડ ભુલાય ને શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આવે. જેમ આંખો મીંચે તો અંધારું થાય ને ઉઘાડે તો અજવાળું થાય, તેમ અંતર્વૃત્તિ કરે તો મૂર્તિ દેખે ને બહારવૃત્તિ લાવે તો બ્રહ્માંડ દેખે. ૧/૮૭/૧૫૮

૧૪. કારણ મૂર્તિનું ધ્યાન શી રીતે કરવું? બાપાશ્રી બોલ્યા જે, મૂર્તિના તેજમાં પોતાના આત્માને લીન કરીને એ તેજરૂપ પોતાને માનીને એ તેજમાં મૂર્તિ ધારવી. તે મૂર્તિ ધારતાં ધારતાં દેહને ભૂલી જવાંય ને ઉપશમ થઈ જાય તે ખરું ધ્યાન કહેવાય. ૧/૧૨૪/૨૧૯

૧૫. સંકલ્પ તે શું ને વિકલ્પ તે શું?

બાપાશ્રી બોલ્યા જે, પદાર્થનો ઘાટ થાય તે સંકલ્પ કહેવાય અને તેં સંકલ્પ વારંવાર થાય તે વિકલ્પ કહેવાય. એટલે જે સંકલ્પ થયો હોય તે વિવિધ પ્રકારે થાય તે વિકલ્પ કહેવાય. ૧/૧૩૭/૨૩૮

૧૬. જ્યાં સુધી મૂર્તિમાં રસબસ થઈને મૂર્તિમાં જોડાયો નથી ત્યાં સુધી બીજે હેત થઈ જાય છે ને ખોટા ઘાટ પણ થઈ જાય છે. માટે બીતા રહેવું જે, મહારાજ વિના જો ખોટો ઘાટ થાશે તો જન્મ ધરવો પડશે. મૂર્તિનું ધ્યાન કરતા હોય તેમાંથી વાસના બહાર લાવે છે, માટે પુરુષોત્તમરૂપ થઈને ધ્યાન કરવાનો આગ્રહ રાખે તો વાસના કુંઠિત થાય. જ્યારે મૂર્તિ આત્માને વિષે દેખે ત્યારે વાસના મૂળમાંથી બળી જાય. ૧/૧૩૯/૨૪૨

૧૭. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, જો ધ્યાનનો આગ્રહ થાય તો મૂર્તિ મળે, પણ ધ્યાનમાંથી તો ભાગીને પાછા આવતા રહે છે. ત્યારે માસ્તર કેશવલાલે કહ્યું કે, જો ધ્યાનમાં મૂર્તિ દેખાય તો કાંઈ બહાર ન આવે. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, કાર્યમાંથી પ્રીતિ ટાળીને ધ્યાન કરે તો સુખ આવે ને પાછું ન અવાય. માટે માયાના પદાર્થમાંથી તથા મૂળપુરુષના ને બ્રહ્મકોટીના

ને અક્ષરકોટીના એ સર્વેના સુખમાંથી ને ઐશ્વર્યમાંથી લૂખા થાવું. માયિક સુખ તો રાખનાં પડીકાં જેવાં છે. તેમાં માલ મનાણો છે તો તેને અર્થે મહાદુઃખ સહન કરીને પણ માયા ભેળી કરે છે. તો જ્યારે સાચા સુખમાં માલ મનાય તો તેને અર્થે શું ન થાય? જો ખરો થઈને ધ્યાન કરવા માંડે તો જ્યાં જ્યાં વૃત્તિ જાય ત્યાં ત્યાં મહારાજની મૂર્તિ ભાસે. જે જે શ્રીજીમહારાજને શરણે આવ્યા છે તેને આ વાર્તા જીવનદોરીરૂપ છે પણ જે આજ્ઞા લોપીને વર્તે અને કહે જે કૃપા કરો તે તો ગાંડો છે. ૧/૧૩૯/૨૪૪

૧૮. સંકલ્પ બહુ થાય છે તેનું કેમ કરવું? બાપાશ્રી બોલ્યા જે, મલિન (અશુદ્ધ) આહાર ને અશુદ્ધ સંગનો સંસ્કાર બંધાયેલો છે માટે જો આહાર શુદ્ધ કરે અને મહારાજની અને મોટાની આજ્ઞા પાળનારાનો સંગ કરે તો ભૂંડા સંસ્કારનો નાશ થઈને શુભ સંસ્કાર બંધાય એટલે માયિક ઘાટ થાય નહિ. માટે દેશ-કાળાદિક શુભ સેવવા ને આજ્ઞા પ્રમાણે દેહનિર્વાહ કરવો ને બીજા ઠરાવ બધા પડ્યા મૂકીને ધ્યાન-ભજન કરવું. તો મહારાજ ને મોટા સહાયમાં ભળીને મૂર્તિ સિદ્ધ કરાવે. જે નબળાનો જોગ રાખે ને મલિન આહાર રાખે તેની તો મહારાજ ને મોટા સહાય કરતા નથી એટલે માયા પરાભવ પમાડે છે. ૧/૧૩૯/૨૪૪

૧૯. મહારાજને અને મોટાને સન્મુખ થયા ક્યારે કહેવાય?

બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજની આજ્ઞા યથાર્થ પાળે અને મૂર્તિ વિના બીજા સર્વમાંથી લૂખા થઈને મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખે તો સન્મુખ થયા કહેવાય. ૧/૧૪૧/૨૪૫

૨૦. મહારાજ ને મુક્ત મળ્યા માટે અખંડ શ્રીજીમહારાજની મૂર્તિ અંતર્વૃત્તિએ ધારવી. તે ધારતાં ધારતાં તેજમાં મૂર્તિ દેખાય ત્યારે જે કરવાનું છે તે કર્યું કહેવાય. સત્સંગીને કથા, વાર્તા કરવી તે તો ચારો છે પણ અખંડ મૂર્તિમાં રહેવું તે જ કરવાનું છે, એ

તો નક્કી કરવું જોઈશે. જ્યારે મહિમાની વાતો કરીએ ત્યારે સૌને સારી લાગે અને ધ્યાન કરવાની વાતો કરીએ છીએ ત્યારે સૌ અટકી પડે છે. પણ એ તો જરૂરાજરૂર કરવું જોઈશે. ધ્યાનની, મૂર્તિની વાત કરીએ ત્યારે જાણે વજ્રકમાડ દીધાં. જેમ છોકરો કુપાત્ર હોય તેને પોતાનો બાપ કહી કહીને થાકી જાય પણ કહ્યું કરે નહિ, તેમ કહી કહીને થાકી ગયા તો પણ ધ્યાન કરતા નથી. જ્યારે વાતો કરીએ ત્યારે જીવમાં શેડ્ય આવે ને થોડીક વાર ધ્યાન કરે ને પાછું મૂકી દે. જીવ શૂનકાર થઈ ગયો છે, તે માર્ગે જ ચાલતો નથી ને કોઠારું, ભંડારું, મહંતાઈ વગેરેમાં સારું લાગે. જે આપણા તડના ભંડારી કે મહંત થયા, પણ ધ્યાન કરવાની તો વાતેય નહિ ને તે કરવુંએ નહિ, પણ તે કર્યા વિના છૂટકો નથી. આ જોગમાં રહીને ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ નહિ કરે તો મહારાજના ને મોટાના ગુનેગાર થાશે. જો ધ્યાનનો આગ્રહ કરે તો છ મહિનામાં ઝળળળ તેજમાં મૂર્તિ દેખાય ને સાક્ષાત્કાર થઈ જાય. અગર છ મહિનાની માંહે પણ મૂર્તિ સિદ્ધ થઈ જાય. આ દેહે શું ન થાય? જે કરે તે થાય. ૧/૧૬૭/૩૦૭

**૨૧.** જેમ સમુદ્રમાં સિંધુ આદિ નદીઓ આવે છે તે માર્ગ કરીને દસ-વીસ ગાઉમાં સમુદ્રનું પાણી મીઠું કરી દે છે; તેમ સમુદ્રને ઠેકાણે માયા છે ને નદીઓને ઠેકાણે સંત છે ને માયાને ભીંસ કરીને હટાવી દઈને માર્ગ કરી દેવો. વળી જેમ નદીઓ સમુદ્રને પાછો હઠાવી નવો કાંપ પાથરી તે સ્થળ રસાળ કરે છે અને તેમાંથી અનાજના ઢગલા ને ઢગલા પાકે છે તેથી લોકો જીવે છે; તેમ આપણે નદીની પેઠે માયામાં માર્ગ કરીને કેટલાક આસુરી જીવોને માયાથી રહિત કરવા. માયા તો મારી દે એવી છે. તે રણછોડ મિસ્ત્રીને ક્યાંય લઈ ગઈ? એટલા સારુ આ માથું કૂટવું પડે છે. એ મિસ્ત્રીએ સમાગમ ને સેવા બહુ કરી હતી તો પણ

લઈ ગઈ. માટે કુસંગ કરવો નહિ ને વેષ લીધો તે પૂરો ભજવવો; એકલા વેષમાં સુખ નથી. જેમ સિંધુ નદી મોટા મોટા પહાડ ને ઝાડ તોડતી આવે છે ને કાંપ પાથરે છે તેમાં બહુ જ અનાજ ને ફળ પાકે છે. તેમ આપણે પણ મોટા મુક્તની સહાયથી માયાને હઠાવી દોષમાત્ર ટાળીને ફળ પકવી લઈએ, એટલે ધ્યાને કરીને મહારાજની મૂર્તિ સિદ્ધ કરી લઈએ. ૧/૧૭૦/૩૧૯

૨૨. મધ્ય પ્રકરણનું ૧૯મું વચનામૃત વંચાતું હતું. તેમાં ધ્યાન કરતાં જે પદાર્થના ઘાટ થાય તેવા ભોગ જે લોકમાં હોય તે લોકમાં તેને પહોંચાડે છે એમ આવ્યું ત્યારે બાપાશ્રી બોલ્યા જે જો આસક્તિપૂર્વક ઘાટ થતા હોય તો તેને જેવા ભોગ વહાલા છે તે લોકમાં મૂકે છે અને ઘાટ થાય ત્યારે દાઝ થાય તેને તો એ લોકમાં મૂકતા નથી. માટે ઇચ્છા વિનાના ઘાટ સહેજે થાય તેને તો એ લોકમાં જાવું પડે નહિ. તેને તો સત્સંગમાં જ જન્મ ધરાવે ને જોગ સારો આવે, તે જો ખબડદાર થઈને જોગ કરે ને જેમ મોટા કહે તેમ સાધન કરે, તો તો ઝટ નિર્વાસનિક થઈને ધામમાં જતો રહે અને આળસ રાખે તો વારંવાર સત્સંગમાં જન્મ ધરે, તે જ્યારે નિર્વાસનિક થાય ત્યારે ધામમાં જાય. કારણ મૂર્તિ-મહારાજ ને મુક્ત તેમનું દર્શન આત્માને વિષે થાય નહિ ત્યાં સુધી થોડોક વાંધો ખરો, પણ જેમ પોતાના દેહને વિષે કાંઈક પીડા થાય ને ભુલાય નહિ તેમ મહારાજને અને મોટાને સદાય અખંડ સંભારે તો તેને વાંધો નહિ; માટે મોટાને વિષે મન બાંધવું એટલે કાંઈ વાંધો આવે નહિ. ૧/૧૯૪/૩૬૯

૨૩. એક ગુરુ હતા. તેમણે શિષ્યોને કહ્યું જે, અમે દેહ મૂકશું ત્યારે નગારાં વાગશે. પછી તે ગુરુ દેહ મૂકી ગયા પણ નગારાં તો ન વાગ્યાં. પછી એમના શિષ્યોએ શ્રીજીમહારાજને કહ્યું જે અમારા ગુરુએ કહ્યું હતું જે અમે દેહ મૂકશું ત્યારે આકાશમાં

નગારાં વાગશે પણ તે વાગ્યાં નહિ, તેનું શું કારણ હશે? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે તમારા ગુરુની પાસે ચરણારવિંદની જોડ્યો ૨૪ છે તેમાં સૌથી તળે છે તે લઈ આવો. પછી સાધુ લાવ્યા. તેને મહારાજે ખંખેરી એટલે તેમાંથી રાતી ચોળ જેવી ઈયળ પડી તે ઘડીક તરફડીને મરી ગઈ, પછી નગારાં વાગ્યાં. માટે સરત રાખજો જેથી એમ ન થાય. કાગળના ચીંથરામાં હેત ન રાખવું. ગોરધનભાઈના જેવું ઉપશમ કરવું એ આપણી સુષુપ્તિ છે, એવી મોટી સુષુપ્તિમાં રહેવું; પણ મહંતાઈ કે કોઠારું કે પટેલાઈ એમાં લોભાવું નહિ. જમવા બેસવું ત્યારે ખાટું, ખારું, મોળું, મીઠું એવો ભાવ આવવા દેવો નહિ. એમ કર્યા વિના ઉપશમ આવે નહિ ને રાગ ટળે નહિ. માટે મહાપ્રભુજીનું સુખ જેને લેવું હોય તેણે ખાધા-પીધાના, માન-મોટપના રાગ ટાળવા જોઈશે; તો મૂર્તિમાં ઉપશમ થાશે. ૧/૨૦૬/૪૦૭

૨૪. છેલ્લા પ્રકરણનું ૨૩મું વચનામૃત વાંચવા માંડ્યું. તેમાં ત્રણે ઋતુની માનસી પૂજાની વિક્તિ આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, પર્વતભાઈ સાંતી હાંકતાં હાંકતાં માનસી પૂજા કરતા હતા. તે તાંસળું પડી ગયું તેવી કરવી, પણ દોડાદોડ ન કરવી. શ્રીજીમહારાજના સ્વરૂપમાંથી કોઈક કાઢે ત્યારે નીકળાય એવી કરવી પણ માનસી પૂજા કરતા હોય ને કોઈ પૂછે જે કપચાંની ટોપલી ક્યાં છે? ત્યારે સાન કરીને બતાવે એમ ન કરવું. જેટલી ઘડી માનસી પૂજા કે પૂજા કરવી ત્યાં સુધી મૂર્તિ વિના બીજું સંભારવું નહિ. ૧/૨૦૬/૪૦૮

**૨૫. સમાધિવાળાને સમાધિ દેહમાં થાતી હશે કે જીવ દેહથી બહાર નીકળતો હશે?**

બાપાશ્રી બોલ્યા જે, અંતઃકરણમાં જીવ રહે છે ત્યાં જ સમાધિ થાય છે, એટલે સ્થૂળ દેહમાંથી સૂક્ષ્મ દેહમાં જીવ જાય છે તે સૂક્ષ્મ

દેહમાં રહીને સર્વેને જુએ છે; અને એ પાછો સ્થૂળ દેહમાં આવે છે તે વિષયની આસક્તિથી અવાય છે. ૧/૨૧૦/૪૧૯

૨૬. બહેચરભાઈને કહ્યું જે મૂર્તિના ઘરાક થયા છો? ત્યારે બહેચરભાઈ બોલ્યા જે બાપા, કોસ હાંકવાનું કહો તે કેમ આવડે? ત્યારે બાપાશ્રી કહે જે આફુડું આવડે, મૂર્તિના ખપવાળાને આફુડું આવડે. પછી રાજી થઈને કહ્યું જે બધું મહારાજ સારું કરશે. ખૂબ કેડ બાંધીને ભગવાન ભજો. અક્ષરધામમાં કડેડાટ ચાલ્યા જઈએ. પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું. મેખોન્મેખ આંખમાંથી પાણીની ધારા ચાલે ત્યાં સુધી જોવું, એમ ખરેખરું અંતર્દૃષ્ટિથી જોઈ રહેવું. ૧/૨૩૦/૪૬૪

૨૭. બહાર અથવા માંહીલી કોર ભગવાનની મૂર્તિ સામી વૃત્તિ કરવી એ જ અંતર્દૃષ્ટિ કહી તે બહાર-માંહી કેવી રીતે સમજવું?

બાપાશ્રી બોલ્યા જે, પોતાને દેહરૂપ માનીને સન્મુખ મૂર્તિ ધારે તે બહારદૃષ્ટિ કહેવાય અને વૃત્તિઓ પાછી વાળીને આત્માને વિષે મૂર્તિ ધારે તે અંતર્વૃત્તિ કહેવાય. એ અવરભાવનો અર્થ અને પોતાને પુરુષોત્તમરૂપ માનીને સન્મુખ મૂર્તિ જુએ તો મૂર્તિથી બહાર રહીને કહેવાય. અને મૂર્તિની અંદર રહીને મૂર્તિને જુએ તે માંહી રહીને કહેવાય. એ પરભાવનો અર્થ. માટે આ ઠેકાણે માંહી અથવા બહાર જુએ તો અંતર્દૃષ્ટિ કહી, તે મૂર્તિની માંહી એ પરભાવમાં અને મૂર્તિથી બહાર રહીને જુએ એ અવરભાવમાં. ૧/૨૩૪/૪૭૧

૨૮. પુરુષોત્તમની દૃષ્ટિએ જોઈએ ત્યારે પુરુષોત્તમ સિવાય બીજું કશું દેખાતું નથી. તો તે દૃષ્ટિ નેત્રદ્વારે હશે?

બાપાશ્રી બોલ્યા જે, પુરુષોત્તમની મૂર્તિમાં આપોપું કરીને એટલે મૂર્તિમાં આત્માને લીન કરીને પુરુષોત્તમના નેત્રે કરીને જુએ તો પુરુષોત્તમની દૃષ્ટિએ કરીને જોયું કહેવાય. ૧/૨૩૫/૪૭૨

૨૯. ધ્યાનમાં આવરણ કરનાર દોષને ટાળવાનું ભગવાન પાસે માગે ને સકામ કહેવાય કે નહિ?

બાપાશ્રી બોલ્યા જે, તે તો સકામ ન કહેવાય. ૧/૨૪૮/ ૫૦૧

૩૦. સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, જેમ દેહે કરીને ઉપરથી (બહારથી) પૂછાય છે તેમ અંતર્વૃત્તિએ શી રીતે પૂછાય? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મહારાજ ને મુક્ત સદાય આત્માને વિષે છે, તેમને સંભારીને અંતર્વૃત્તિ કરે તો શાંતિ થાય ને માયા દબાઈ જાય અને મહારાજ ને મોટા અંતરમાં પ્રેરણા કરીને ઉત્તર સંભારી આપે ને સર્વે ખુલાસા થઈ જાય; એવો અંતર્વૃત્તિનો મહિમા છે.

૩૧. ઉપશમ થાય ત્યારે કાંઈ ખબર રહે નહિ અને ક્રિયા બધી કર્યા કરે. પર્વતભાઈ સાંતી હાંકે, ગાડું હાંકે, સાંઠિયો ખોદવા જાય એમ બધી ક્રિયા કરે તો પણ મહારાજની મૂર્તિ અખંડ રાખે. નિર્વિકલ્પ સમાધિ છે તે ઘણા જીવોને સમાસ કરે છે અને અક્ષરધામની છે અને સવિકલ્પ સમાધિ તો ચમત્કાર જણાવે, પણ સમાસ એવો ન થાય. ઉપશમ અવસ્થાવાળામાં ભગવાન સદા બિરાજમાન છે એમ વિશ્વાસ રાખે તો તેનું કલ્યાણ થાય. અને એવા પુરુષ નહાતા હોય, તેનું પાણી ઉપર પડે તો પંચ મહાપાપ બળી જાય. જળને પાવન કરનાર મોટા પુરુષ છે. જ્યાં શ્રીજીમહારાજ નાહ્યા હોય અથવા મોટા પુરુષ નાહ્યા હોય તે જળમાં જે નહાય તે પાવન થાય છે. ૧/૨૫૧/૫૦૬

---

૧. સભામાં કથા વંચાતી હતી તેમાં સમાધિમાં આકાશ લીન થઈ જાય છે એ વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આકાશ તમોગુણમાંથી થયો તે લીન થઈ જાય, પણ જેને શ્રીજીમહારાજ કૃપા કરીને સમાધિ કરાવે તેને તો આ લૌકિક આકાશ ન દેખાય

તે લીન સમજવો. ચિદાકાશ દેખાય તે ચિદાકાશની ઉત્પત્તિ જાણવી. પાછો દેહમાં શ્રીજીમહારાજ લાવે ત્યારે ભૌતિક આકાશ ઉત્પન્ન થયો કહેવાય અને ચિદાકાશ ન દેખાય તે ચિદાકાશ લીન થયો કહેવાય; પણ છે તો જેમ છે તેમ જ. ૨/૨૪/૬૫

૨. સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, અખંડ સમાધિવાળો છે તેને તો મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ ભાસે જ નહિ. ખાતાં, પીતાં, ઊઠતાં, બેસતાં સર્વે ક્રિયામાં મૂર્તિ હોય અને જે ચમત્કાર, સમાધિ, પરચા આદિક દેખાય તે તો મહારાજ પોતાની મરજી પ્રમાણે દેખાડે છે. ૨/૨૫/૬૬

૩. બાપાશ્રી બોલ્યા જે, જેને ખરી સિદ્ધદશા આવે તે તો એક મહારાજને દેખે; બીજું કાંઈ એને હોય નહિ. કેટલાક સમાધિને અધિક કહે છે પણ એ ઉત્તમ માર્ગ નથી; તે તો સકામ કહેવાય. એને ઐશ્વર્યનું રહે, જોયાનું રહે, માટે સિદ્ધદશા તે અખંડ સમાધિ કહેવાય અને તે ઉત્તમ છે. તે જ્યાં જુએ ત્યાં મૂર્તિ જ જુએ, બીજું કાંઈ દેખે જ નહિ. જો એમ ન સમજાય તો જેમ લાડકીબાઈ તેજ જોઈને ચીસો પાડવા મંડ્યાં તેવું થાય. પછી મહારાજે કહ્યું જે એક મૂર્તિ જુઓ, પછી મૂર્તિ જોઈ તો આનંદ આનંદ થઈ ગયો. ૨/૨૭/૭૩

૪. મગનભાઈએ પૂછ્યું જે, મહારાજની મૂર્તિ કઈ ધારવી? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, તેજનો સમૂહ અધોઊર્ધ્વ પ્રમાણે રહિત ધારીને તેના મધ્યે શ્રીજીમહારાજની મૂર્તિ બે ચક્ષુવાળી ગમે તે ધારવી. હીંડોળામાં ઊભી મૂર્તિ છે તે ધારો, અગર ઘનશ્યામ મહારાજની છે તે ધારો. પણ અટકળથી ગમે તેવી મૂર્તિ તેજમાં છે તેમ નહિ. આકાર તો માંહી બે ચક્ષુવાળી મહારાજની મૂર્તિનો જ ધારવો. તે મૂર્તિમાંથી તેજની સેડ્યો છૂટે છે. જ્યારે ધ્યાન કરવા બેસવું ત્યારે મોટાને સાથે લેવા એટલે મૂર્તિ ધારતાં

કોઈ વિઘ્ન ન આવે તેવી સહાય માગવી, કેમ કે તેમનું જરૂર કામ પડે છે. ૨/૩૨/૮૯

૫. જેમ કૂવામાં ઘડો સિંચે છે તે દોરડું સિંચનારના હાથમાં હોય; તે સળંગ રહે તો પાણી ભરીને ઘડો નીકળે છે, પણ દોરડું તૂટે તો ઘડો કૂવામાં રહે છે અને પાણી પણ આવતું નથી. તેવી રીતે જે ભગવાનના ભક્તની વૃત્તિ શ્રીજીમહારાજની મૂર્તિ વિષે સદા સંલગ્ન રહે છે તેને શ્રીજીના સુખરૂપ પરમાનંદનો લાભ થાય છે, પણ જો વૃત્તિ તૂટે તો કૂવામાં ઘડો રસાતાળ થયો તેમ માયાને વિષે જીવ લીન થાય છે. ૨/૩૪/૯૫

૬. પાંચ વખત માનસીપૂજા કરવી, ધ્યાન કરવું, તે સૂતાં, બેઠા, ચાલતાં સર્વે ક્રિયામાં ધ્યાન કરવું. સ્મૃતિ રાખવી, મૂર્તિને ક્ષણમાત્ર વિસારવી નહિ. એક દોર રાખે તો બીજું દીઠું ન ગમે. ૨/૪૦/૧૨૧

૭. ભગવાનના ભક્તને જો ખરેખરી અંતર્દૃષ્ટિ થાય તો આંખોમાંથી ધારાઓ છૂટે ત્યાં સુધી મૂર્તિ સામું જોઈ રહે અને આ ક્રિયા કરું છું, આ સેવા કરું છું, તેમાં મહારાજની શી મરજી છે એમ સ્મૃતિ રાખે. એમ અખંડ સ્મૃતિ રહે એવો અભ્યાસ રાખવો. એક પુરુષોત્તમ ભગવાન અને તેમના અનાદિ રાખીએ તો બીજું કાંઈ ભાસે જ નહિ અને આનંદ આનંદ થઈ જાય. ધ્યાન કરતાં કરતાં, માળા ફેરવતાં ફેરવતાં મૂર્તિથી બહાર નીકળાય નહિ. વૃત્તિઓ મૂર્તિમાં તણાઈ જાય. મહારાજ કહે મંદવાડ એવો ખરેખરો કરી દેવો કે લોક-ભોગમાં ક્યાંય વૃત્તિ રહે નહિ. એક મૂર્તિને સુખે સુખિયું થઈ જવાય એ સાધનમાં સર્વેએ રહેવું. ૨/૪૮/૧૫૩

૮. શ્રીજીમહારાજની જોડે તેમના અનાદિમુક્તને ધારવાથી હેત વધારે થાય છે. સર્વે સાધનનું ફળ શ્રીજીમહારાજનું ધ્યાન છે,

તે વિના કારણ દેહ બળે નહિ. જો આપણે ધ્યાન કરવા માંડીએ તો મહારાજ ને મોટા તુરત સહાયમાં ભળે. ૨/૫૫/૧૭૫

૯. બાપાશ્રીએ વાત કરી જે, મહારાજનું ધ્યાન ખટકો રાખીને કરવું, સંકલ્પરૂપી ગઠિયાનો વિશ્વાસ કરવો નહિ. ધ્યાન કરીને અંતર્વૃત્તિ કરીએ તો તેજના ઝબકારામાં મૂર્તિ દેખાવા માંડે એટલે સભાએ સહિત મુક્તોથી બ્રહ્માંડ ઠસાઠસ ભરેલું છે એવી રીતે જોડાવું. એક કલાક બેસવા ધાર્યું હોય તો બે કલાક થઈ જાય એમ કરવું. આપણાથી લાખ મણનો પથ્થર ઊપડતો ન હોય પણ મોટા મુક્ત હાથ દે તો ઊપડે તેમ ધ્યાનથી સુખિયા થવાય છે. કારણ મૂર્તિનું ધ્યાન વિના ચાલોચાલથી સુખ ન આવે. ૨/૫૬/૧૭૬

૧૦. નરનારાયણ, રાધાકૃષ્ણ એ સર્વે મહારાજના સંકલ્પની મૂર્તિઓ છે અને ધ્યાન તો મૂળ મૂર્તિ જે હરિકૃષ્ણ મહારાજ તેનું જ થાય છે. માટે એ બધાય સ્વરૂપનાં દર્શન કરતી વખતે શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને (સમજીને) કરવા. સર્વેમાં શ્રીજીમહારાજનો ભાવ લાવવો. ૨/૬૦/૧૯૧

૧૧. મનફરાવાળા માનસંગ ભક્તે પૂછ્યું જે, બાપા! સત્સંગમાં મહારાજના મહિમાની વાતો બહુ થાય છે તે સાંભળીએ છીએ તો પણ ઘાટ-સંકલ્પ કેમ ટળતા નહિ હોય? ને માનસીપૂજા કરવા ટાણે, માળા ફેરવવા ટાણે ને ધ્યાન ધરવા ટાણે કંઈક ઘાટ-સંકલ્પ આડા આવીને ઊભા રહે છે તે કેમ ટળે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજના આશ્રિતને એ મૂર્તિનું બળ રાખવું ને મોટા સંતનો મહિમા સમજી સાથે રાખવા એટલે એ ઘાટ નડી ન શકે. આ ટાણે બહુ ભારે કામ થાય છે. માટે ઢીલાપોચા ન રહેવું અને દેહમાં ટોળું ભરાઈ ગયું છે તે બહુ જબરું છે. એના જ્યારે ઘાટ થાય ને તેનું મનન કરે ત્યારે એનો સાક્ષાત્કાર થાય,

માટે થતા ઘાટને જ દંડ દઈને કાઢી મૂકવો અને જેમ વિદ્યાર્થી ભણે છે ને ગોખે છે તે પાકું થઈ જાય છે તેમ મનન કરવાથી ઘાટ પાકા થઈ જાય છે, માટે ઘાટનું મનન કરવું નહિ. આપણને નબળા ઘાટનો અભાવ (અણગમો) હોય તો મરેલા જાણવા અને હેત હોય તો જીવતા જાણવા. ખબડદારી રાખવી અને પોતાને પાપી ન માનવું. મહારાજની મૂર્તિનું અનુસંધાન સર્વે ક્રિયામાં રાખવાનું અંગ પાડી દેવું. મહારાજ ને સંત સર્વેને દિવ્ય જાણવા, તેનું મનન કરવું પણ એથી પરવારવું નહિ. પાંચ વખત માનસી પૂજા કરવી અને તેનો કેફ પંદર કલાક એટલે આખો દિવસ રહે. વ્યવહાર કરવામાં એક વરસ આગળથી ઠરાવ કરે છે. તો માનસી પૂજા કરતાં એક એક કલાક ઠરાવ થાય અને એક એક કલાક સાંભર્યા કરે એમ કરતાં કરતાં અખંડ થઈ જાય. બહારની સેવા-ભક્તિ કરવાનું થાય પણ ટાણું આવે ત્યારે માનસી પૂજા ભૂલી જવાય. આગળ પાછળ થઈ જાય તો તે કેવું થયું કે જેમ કોઈકને નોતરું દઈને પછી ટાણે જમાડે નહિ, તો કચવાઈ જાય તેમ નિયમ વિનાની માનસી પૂજા પણ એવી છે. એક વખત ભૂલી જવાય તો બે વખતની ભેગી કરે એમ કાંધા કરે, એમ કાંધા કરતાં પણ પૂરું થાય નહિ; ત્યારે દેવાદાર થઈ જવાય, માટે નિયમસર માનસી પૂજા કરવી પણ કાંધા કરવા નહિ. ધણીના ઘરમાં આવ્યા પછી ધણીની મરજી પ્રમાણે વર્તવું જોઈએ, નહિ તો કાઢી મૂકે. ૨/૬૧/૧૯૨

૧૨. કાળીદાસભાઈએ પૂછ્યું જે, બાપા! ધ્યાન-ભજન કરવા બેસીએ છીએ ત્યારે ઊંઘ આવે છે ને આળસ બહુ થાય છે, તેનું શું કારણ હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મહિમાની કસર છે; તેથી એમ થાય છે. આ જીવને ખાવાપીવાનું સર્વે સાનુકૂળ હોય તો ય ભગવાન ભજી ન શકે. એ તો અજ્ઞાન જ કહેવાય. ૨/૭૮/૨૪૧

૧૩. સભામાં બાપાશ્રીએ વાત કરી જે, શ્રીજીમહારાજને રાજી કરવા માટે એ દિવ્ય મૂર્તિનું ધ્યાન જરૂર કરવું પડશે. ત્યારે હીરાભાઈએ પૂછ્યું જે, બાપા! ધ્યાન કરવા બેસીએ છીએ તે થોડી વારમાં જાણે કેટલીયે વાર થઈ ગઈ. અંતરમાં આગ્રહ તો હોય પણ કલાકના કલાક બેસી શકાતું નથી, એનું શું કારણ હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મૂર્તિમાં જોડાવાનો ખરેખરો આગ્રહ નથી અને આગ્રહ છે તો પણ તે વાચ્યાર્થ છે. જીવને ખપ તો હોય પણ ખપમાં ફેર છે જુઓને! હીરો ખોવાણો હોય તો રાત્રી-દિવસ શોધ્યા કરે અને તે ન જડે ત્યાં સુખી કેવો વ્યાકુળ થઈ જાય! તેમ આગ્રહ હોય તો ધ્યાનમાં બેસાય. પછી ધ્યાન કરતાં સમુદ્રના જેવા તરંગ ઊપજે છે. તે પણ મટી જાય. માટે ધ્યાન કર્યા સિવાય છૂટકો નથી. એ તો જરૂર કરવું પડશે. તે જો ખરેખરો આગ્રહ રાખીને ધ્યાન કરવા માંડે તો ત્રણે શરીર ટળી જાય ને મહારાજનો સાક્ષાત્કાર તરત થાય; એવો મૂર્તિનો પ્રતાપ છે. ૨/૯૯/૩૧૩

# ૬

# અનુભવ જ્ઞાન એ જ ખરું જ્ઞાન

મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ લેવું
તેને અનુભવ જ્ઞાન કહીએ.

**૧. વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ જ્ઞાન કોને કહેવાય?**

અંતર્યામીપણાની ને અન્વય-વ્યતિરેકપણાની વાતો કરે પણ વિષયને ને દેહને વશ થઈને મર્યાદા લોપે અને ઇન્દ્રિયોને લાડ લડાવે ને ઇન્દ્રિયો માગે તે આપે, પણ મહારાજની તથા મોટાની બીક રહે નહિ તે વાચ્યાર્થ જ્ઞાન કહેવાય. મહારાજને અંતર્યામી જાણે ને યથાર્થ મર્યાદા (આજ્ઞા) પાળે તે લક્ષ્યાર્થ જ્ઞાનવાળો કહેવાય. આવું લક્ષ્યાર્થ જ્ઞાન થાય ત્યારે મહાપ્રભુજી સિવાય ક્યાંય પ્રીતિ રહે નહિ. ૧/૨/૬

**૨. લક્ષ્યાર્થ જ્ઞાન ક્યારે થાય?**

લક્ષ્યાર્થ જ્ઞાન શ્રીજીમહારાજના પરમ એકાંતિક તથા અનાદિમુક્તના જોગે કરીને થાય છે. તે જોગ કર્યો ક્યારે કહેવાય તો જેમ પાણી લાગે છે તેમ અંગ ફરી જાય ને સર્વ સત્સંગ પ્રમાણ કરે ત્યારે જોગ કર્યો કહેવાય. જોગ કરીએ છતાં શબ્દ લાગે ને

સ્વભાવ રહે અને ધ્યાન-ભજનમાં વિક્ષેપ થાય તો જોગ કર્યો ન કહેવાય. માટે અંગ ફરે એવો સત્સંગ કરવો ને સર્વે ક્રિયામાં મહારાજને ને મોટાને અંતર્યામી જાણીને બીક રાખવી તો યથાર્થ લક્ષ્યાર્થ જ્ઞાન સિદ્ધ થાય. ૧/૨/૭

૩. ધ્યાન કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે અને બે ય હોય તો વિશેષ શ્રેષ્ઠ છે. તે ઉપર શ્રી સચ્ચિદાનંદ સ્વામીની વાત છે જે એક દિવસે શ્રીજીમહારાજ- ગઢાળી પધાર્યા હતા ત્યાં તેમને તેડી ગયા નહિ, તેથી નવ દ્વારે રૂધિર નીકળ્યું ને માંદા થઈ ગયા. ત્યારે શ્રી ગોપાળાનંદ સ્વામીએ તેમને કહ્યું જે, "આત્માને વિષે શ્રીજીમહારાજને ધારીને મૂર્તિનો સાક્ષાત્કાર કરો તો વિયોગ ન થાય ને સદાય સુખિયા રહેવાય." ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા જે, સ્વામી! આપે દયા કરીને આજ મારી ખોટ ઓળખાવી. એમ જ્ઞાન શ્રેષ્ઠ છે. ૧/૧૬/૩૮

૪. બાળકના હાથમાં હીરો, પારસમણિ ને કોડી આપ્યાં હોય તે ક્યારેક હીરે રમે, ક્યારેક હીરો ફગાવીને પારસમણિએ રમે ને ક્યારેક પારસમણિને નાખી દઈને કોડીએ રમે કેમ જે એને કિંમત જડી નથી. ઝવેરીને એ ત્રણેની કિંમતની ખબર પડે છે, તેમ જ્ઞાન વિના મહારાજની તથા મુક્તની ઓળખાણ પડતી નથી. સત્શાસ્ત્ર અને સત્પુરુષ જેનું પ્રમાણ કરે તેને મોટા સમજીને જોગ કરવો પણ બાળક્રિયા સ્વભાવવાળા હોય તેનો જોગ ન કરવો. જે મહારાજનો અને મોટાનો સિદ્ધાંત પડ્યો મૂકે ને સત્સંગનું ધોરણ મૂકીને વર્તે તે બાળક્રિયા સ્વભાવવાળા કહેવાય. તે પોતાનો મોક્ષ બગાડે અને લાખોને મોક્ષના માર્ગથી પાડે તેનું મહાપાપ લાગે. ૧/૩૧/૬૦

૫. કોઈકને મહારાજ તેડી જાય તેના કેડે શોક કરે જે હમણાં શ્રીજીમહારાજે રાખ્યો હોત તો સારું. તે કેવું છે તો ચક્રવર્તી

રાજ્ય મળે તો પણ સરપટાના ભારા ઉપાડવા મેલે નહિ તેવું છે, પણ એમ ન જાણે જે અક્ષરધામમાં શ્રીજીમહારાજનું સુખ તો મહા અલૌકિક છે અને માયિક સુખ તો કુશકા કૂટ્યા જેવું છે. જીવે દુઃખને વિષે સુખ માની લીધું છે તેથી શોક કરે છે, માટે એ અજ્ઞાન ટાળવું, ને શોક તો જ્યારે મહારાજની આજ્ઞા લોપીને કોઈકને દેહ પડ્યો હોય ત્યારે કરવો જે એણે મહારાજની આજ્ઞા લોપી હતી તેથી મહારાજ એ બિચારા ઉપર કુરાજી થયા હશે તો એની શી ગતિ થશે? એવો શોક કરવો. ૧/૪૭/૯૦

૬. ચૈતન્યમાં વિક્ષેપ પેઠો હોય તો સ્વપ્નમાં આવે છે ને ન પેઠો હોય તો નથી આવતો. તે એ વિક્ષેપનાં સ્વપ્નાં તો આવે છે ને ભગવાનનાં સ્વપ્નાં તો નથી આવતાં; ત્યારે ભગવાન ચૈતન્યમાં રહ્યા છે કે નથી રહ્યા?

બાપાશ્રી બોલ્યા જે, જીવોને માયાનું મુખ્યપણું છે તેથી માયિક વિક્ષેપ સ્વપ્નામાં આવે છે. તે જ્યારે ધ્યાન-ભજન કરતાં કરતાં શ્રી પુરુષોત્તમરૂપ થાય ત્યારે માયા ટળી જાય ને મહારાજ મુખ્ય થાય. તેનું સાધન એ છે જે શ્રીજીમહારાજની આજ્ઞા યથાર્થ પાળવી અને સર્વોપરી ઉપાસના દૃઢ કરવી. તે બે વડે શ્રી પુરુષોત્તમરૂપ થવાય છે. અનાદિમુક્તના જોગે કરીને આવું દૃઢ જ્ઞાન થાય ત્યારે સુખ-ભોક્તાપણું વિશેષ થાય છે, ને વિક્ષેપ ટળી જાય છે. ૧/૬૮/૧૩૧

૭. લોયાના ૭મા વચનામૃતમાં અનુભવ જ્ઞાન કહ્યું છે તે કેવી રીતે સમજવું?

બાપાશ્રી બોલ્યા જે, મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ લેવું તેને અનુભવ જ્ઞાન કહીએ અને સુખનો અને મૂર્તિનો પાર ન આવે ને નવાં નવાં સુખ લીધાં કરે તે અનુભવ જ્ઞાન છે. અનુભવ જ્ઞાન સિદ્ધ કરે એ જ મુક્ત કહેવાય, જે ખોટું છે તેને ખોટું કરવું

તેમાં તે શું? પણ સાચાને ખોટું કરવું તે ખોટું કર્યું કહેવાય. તે ખોટું કિયું ને સાચું કિયું તો મૂળ પ્રકૃતિપર્યંત બધું ખોટું છે અને બ્રહ્મકોટી, અક્ષરકોટી, શ્રીજીમહારાજનું તેજ અને અનંત ઐશ્વર્ય તે સાચાં છે. તેને પણ મૂકીને એક શ્રીજીમહારાજની મૂર્તિમાં જ નિમગ્ન રહે ત્યારે છેલ્લી અવધિ આવી જાણવી. આ જ્ઞાન જે કહીએ છીએ તે મૂર્તિના સુખનું છે. માટે જ્ઞાન બધું સરખું નથી. એક તો ખોટાને ખોટું કરે તે પણ જ્ઞાન કહેવાય અને બીજું અક્ષરપર્યંત સર્વને ખોટું કરીને મૂર્તિમાં પહોંચી ગયા કેડે સુખમાં જવું ને સુખ લેવું અને દાતા-ભોક્તાપણું અને સ્વામી-સેવકપણું દૃઢ કરવું ને સુખનું અપારપણું જાણવું તે અનુભવ જ્ઞાન કહેવાય. ૧/૬૯/૧૩૧

૮. મૂળ અક્ષરોને તથા તેમના મુક્તોને, અને બ્રહ્મને તથા તેમના મુક્તોને અને મૂળપુરુષોને તથા તેમના મુક્તોને આત્યંતિક મોક્ષની ઇચ્છા થાય ત્યારે ત્યાંથી જ પાધરો મોક્ષ થતો હશે કે કેમ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, જ્યારે એમને મોક્ષની ઇચ્છા થાય ત્યારે આ લોકને વિષે જે બ્રહ્માંડમાં જ્યાં શ્રીજીમહારાજ અથવા તેમના મુક્તો જીવોને મોક્ષ કરવા પ્રગટ થયા હોય તે ઠેકાણે આવીને શ્રીજીને અથવા મુક્તનો સમાગમ કરે ને શ્રીજીના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય ત્યારે મુક્ત થાય. ૧/૯૫/૧૭૨

૯. મહારાજનું ને મુક્તનું સુખ કેવી રીતે આવે અને તે સુખ ભિન્ન ભિન્ન કેવી રીતે જણાય?

બાપાશ્રી બોલ્યા જે, જ્યારે મુક્તને સજાતિ થાય છે ત્યારે બધું માલમ પડે છે પણ સજાતિ થયા વિના માલમ ન પડે. જેમ આ સભામાં અજાણ્યો માણસ આવે તેને બધા સરખા જણાય અને જે સદાય ભેળા રહેતા હોય તેમને સર્વેનાં રૂપ, ગુણ, નામ તથા મોટપ તે જુદી જુદી જેમ હોય

તેમ જણાય. તેમ અક્ષરધામમાં શ્રીજીમહારાજ પાસે રહેતા હોય તેના જાણ્યામાં આવે છે. સજાતિ થાય ત્યારે બધુ માલમ પડે છે અને મહારાજનું ને મુક્તનું સુખ પણ વિભાગે સહિત જાણે છે ને લઈ શકે છે. ૧/૧૧૯/૨૧૦

**૧૦.** પુરુષોત્તમના પ્રકાશરૂપ થઈને એકરસપણાને પામી ગયા પછી જાણપણું રહેતું હશે નહિ?

બાપાશ્રી બોલ્યા જે, આ દેહરૂપી આવરણમાં રહ્યા થકા પણ જ્ઞાને કરીને આટલું ઓળખાય છે તો જ્યારે આવરણ ટળીને દિવ્ય દૃષ્ટિ થાશે ત્યારે ઓળખાય તેમાં શું કહેવું? ત્યારે તો જાણપણું બહું રહેશે. જેમ હું મૂર્તિમાં રહ્યો છું ને સુખ લઉં છું તેમ જ સર્વે મુક્ત મૂર્તિમાં રહ્યા છે ને સુખ લે છે, એવું જાણપણું રહે છે. જે અનાદિમુક્ત છે તે તો મૂર્તિમાં રહીને મૂર્તિને જુઓ છે. જેમ ફાનસમાં દીવો હોય તો દીવો ફાનસને દેખે તેમ અનાદિમુક્ત મૂર્તિમાં રહીને મૂર્તિને દેખે છે ને મૂર્તિનું સુખ ભોગવે છે અને જે મુક્ત જેટલું સુખ લે છે તે સર્વેને જાણે છે જે આ મુક્ત આટલું સુખ લે છે. એમ સર્વેને જાણે છે. ૧/૧૨૪/૨૧૯.

**૧૧.** મૂર્તિ વિના તેજ નથી માટે શ્રીજીમહારાજ નિરાકાર નથી. બ્રહ્મજ્ઞાનીનો માર્ગ ખોટો છે. મહારાજ ને મુક્ત અહીં દર્શન આપીને પોતાનો આશરો કરાવે છે ને મહિમા સમજાવે છે. ત્યારે જીવનું કલ્યાણ થાય છે પણ પ્રકાશ આવીને કોઈને ઉપદેશ કરતો નથી, માટે તેજથી કલ્યાણ ન થાય. મહારાજ ને મુક્ત સદા દિવ્ય ને સાકાર છે તે કલ્યાણ કરે છે. ૧/૧૫૫/૨૭૩

**૧૨.** સકામ રસ્તામાં વાસનાઓ રહે છે. રાજા પાસેથી બાવાએ ચાર દરવાજાનું છાણ માગ્યું, એવું માગતાં આવડે પણ મોક્ષ માગતાં ન આવડે. લોઢવાની લખુ ચારણે ઢોરાં ને ચેલા કુશળ રહે એવું મહારાજ પાસે માગ્યું, એમ જ્ઞાન

વિના સર્વે કાચું છે. ૧/૧૬૪/૩૦૦

**૧૩.** જેમ સમુદ્ર વેળ લાવે ને ખેંચી જાય, તેમ મૂર્તિમાંથી અનુભવ જ્ઞાન આવીને મૂર્તિમાં ખેંચી જાય છે, તે કૃપાસાધ્ય છે. "ભવસાગરનો પાર ન આવે પ્રભુ વિના" તે સમય આજ આવ્યો છે. એક સમયે એક ગામમાં પર્વતભાઈ ને ઝીણાભાઈ આદિ સત્સંગી બેઠા હતા. ત્યારે પર્વતભાઈએ કહ્યું જે મહારાજની ને મુક્તની ખુશબો આવે છે. એટલામાં તો મહારાજ ને મુક્ત આવ્યા. અનુભવજ્ઞાનમાંથી ખુશબો આવે છે, તે મૂર્તિમાં લઈ જાય છે; ત્યારે એક પુરુષોત્તમ જ રહે છે. અક્ષરાદિક બીજું કોઈ રહેતું નથી. એક કારણ મૂર્તિ રહી. "સૌને વશ કરું રે સૌનો કારણ હું ભગવાન" એમ બ્રહ્મકોટી, અક્ષરકોટી એ સર્વેના પ્રકાશને મહારાજનો પ્રકાશ લીન કરી નાખે છે. ૧/૧૭૧/૩૧૯

**૧૪.** શ્રીજીમહારાજને મહાત્મ્ય જ્ઞાને સહિત જેવા છે તેવા જાણતો હોય ને મુક્તને પણ જેવા છે તેવા જાણતો હોય પણ આત્માને વિષે સાક્ષાત્ દેખાતા ન હોય તે ભક્તનાં ઈન્દ્રિયો-અંતઃકરણ પુરુષોત્તમરૂપ થયાં કહેવાય કે નહિ?

બાપાશ્રી બોલ્યા જે અનાદિમુક્ત થકી જ્ઞાન પામ્યો તે જ્ઞાન દિવ્ય છે, માટે તે મૂર્તિને દેખે નહિ તો પણ તે પુરુષોત્તમરૂપ થયો છે, કેમ જે અહીં મનુષ્યરૂપે શ્રીજીમહારાજ કે અનાદિમુક્ત વિરાજતા હોય તેમને વિષે એને દિવ્ય બુદ્ધિ થઈ ગઈ છે, માટે તે પુરુષોત્તમરૂપ થઈ ગયો છે, પણ જો આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ ન થાય તો. ૧/૧૭૪/૩૨૭

**૧૫.** ભગવાનની વાત કરતો હોય અને આજ્ઞા લોપતો હોય તેની વાત સાંભળવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય કે કેમ?

બાપાશ્રી બોલ્યા જે, હા, થાય ખરી. એ વાચ્યાર્થવાળો હલકારો તો બહુ કરે પણ લૂખો હોય અને લક્ષ્યાર્થવાળો મહારાજની મૂર્તિને

લઈને વાતો કરે અને તેજોમય ઝળળળ ઝળળળ મહારાજની મૂર્તિ ધારીને વાતો કરે અને તે મૂર્તિમાં રહીને ધીમે ધીમે બોલે પણ ધડાકા ન મારે. એને એક નિશાન મહારાજ સામું હોય અને વાચ્યાર્થવાળો વાતો કરે તો આ લોકમાં ખૂબ મળતું આવે પણ તેની વાતો ફળ વિનાનાં થોથાં જેવી હોય. ૧/૨૧૭/૪૪૧

૧૬. અનુભવ જ્ઞાન તે શું સમજવું?

બાપાશ્રી બોલ્યા જે, જેમ જળ પોતે ઊંડું લઈ જાય છે તેમ પુરુષોત્તમનારાયણની ખુશબો છે તે જીવને ખેંચીને મૂર્તિમાં લઈ જાય છે. એ ખુશબો તે અનુભવ જ્ઞાન જાણવું. સર્વેથી પર શ્રીજીમહારાજ અને અનાદિમુક્તને સમજે ત્યારે અનુભવ જ્ઞાન થયું કહેવાય. પણ ખોટાને ખોટું કરે તે સાચું જ્ઞાન ન કહેવાય. મહારાજની મૂર્તિથી ઓરું અક્ષરપર્યંત સર્વે ખોટું થઈ જાય અને મહાપ્રભુજીની મૂર્તિમાં જોડાઈ જવાય એ અનુભવ જ્ઞાન કહેવાય. માટે અનુભવ જ્ઞાન સિદ્ધ કરીને મૂર્તિમાં રસબસ થઈ જવું. ૧/૨૨૨/૪૪૯

૧૭. વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ જાણવા જોઈએ. જેમ કે એક પટેલ પૂજા કરતો હતો. તેને ઘેર એક જણે આવી પૂછ્યું જે પટેલ ક્યાં ગયા છે? ત્યારે તેના દીકરાની સ્ત્રીએ કહ્યું કે પટેલ ઢેડવાડે ગયા છે. ત્યારે તે કહે જે હું પૂજા કરું છું અને એમ કેમ કહો છો? ત્યારે બાઈ બોલી જે તમે ચામડું લેવા જવાનો સંકલ્પ કરો છો 'ને? ત્યારે કહે જે, હા ખરું. એમાં પૂજા કરતા હતા તે વાચ્યાર્થ છે અને ઢેડવાડે ગયા છે એ લક્ષ્યાર્થ કહેવાય. શ્રીજીમહારાજની મૂર્તિની સ્મૃતિ રાખતાં, વાચ્યાર્થમાંથી લક્ષ્યાર્થમાં જવાય અને ત્રણે અવસ્થામાં મૂર્તિમાં તેલધારાની પેઠે સાક્ષાત્ જોડાઈ જવાય એ લક્ષ્યાર્થ ખરો કહેવાય. એમ લક્ષ્યાર્થ-વાચ્યાર્થ જ્ઞાન જાણવું જોઈએ. ૧/૨૩૭/૪૭૭

૧૮. જીવ સાકાર છે કે થાય છે કે એને બીજો દેહ બંધાય છે?

બાપાશ્રી બોલ્યા જે, જીવ સત્ય, ચૈતન્ય વસ્તુ છે તે શ્રીજીમહારાજને ધ્યાને કરીને દિવ્ય સાકાર શ્રીજીમહારાજના જેવો થાય છે. શાસ્ત્રના સમજનારા શાસ્ત્રમાંથી ગોઠવે તે કોઈ આમ કહે ને કોઈ આમ કહે. ગોથાં મારે પણ ખરી વાત હાથ ન આવે. આ તો દેખીને કહેવાય છે, જે જીવ માયામાં નિરાકાર છે તે ભગવાનના ધામમાં દિવ્ય સાકાર થાય છે. જ્યારે જીવને અનુભવજ્ઞાન થાય ત્યારે મૂર્તિમાંથી ખુશબો છૂટે છે તે ખેંચીને જીવને મૂર્તિમાં લઈ જાય છે. એ થયા વિના બધું ય કાચું. પંડિતથી ગાઉ પચાસ, તમારા પંડિતોથી ભગવાન પચાસ ગાઉ છેટે છે. તે શાસ્ત્રમાં ગોથાં ખાઓ છો, પણ તે જડે તેમ નથી. એ તો મહારાજના અનાદિ કાં પરમ એકાંતિક મળે તો જ ભગવાન મેળવે. ૧/૨૪૫/૪૯૫

૧૯. આજ ભગવાન ને સસંત મળ્યા તો હવે ઇન્દ્રિયોને છૂટી ન કરવી, તે ઘોડા છે તે ઝાલ્યા રહે એવા નથી. માટે એને નિયમમાં રાખીને મૂર્તિમાં જોડાવું. મનોમય ચક્ર છે તેમાં એક ડોડી છે. તેને સાત પડ છે. તેની માંહી જીવાત્મા રહે છે. અગ્નિના તણખા જેવો ઝીણો જીવાત્મા છે તેમાં અંતર્યામીપણે ભગવાન રહ્યા છે. તે શ્રીજીમહારાજના પ્રકાશથી વિકાસ પામે છે. જીવાત્મા સંગદોષથી અવરાઈ ગયો છે પણ વસ્તુગતે ચોખ્ખો છે. તે ચોખ્ખો હતો તો ચોખ્ખો થયો. તપ, ધર્મ ને વૈરાગ્ય હોય તો પણ ભગવાન અને તેમના સંતનો વિશ્વાસ ન હોય તો કાંઈ કામ આવે નહિ. ૧/૨૫૧/૫૦૯

---

૧. સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, સિદ્ધદશામાં મુક્તને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક ગુણ રહેતા હશે કે નહિ? ત્યારે બાપાશ્રી

બોલ્યા જે સિદ્ધદશામાં બીજા ગુણ કહેવાય નહિ. સિદ્ધદશામાં તો એકલું અનુભવજ્ઞાન રહે છે. તે અનુભવજ્ઞાનની વાત જબરી છે. મહારાજની મૂર્તિમાં ને મહારાજના સુખમાં અપારપણું રહે એ અનુભવજ્ઞાન કહેવાય. મૂર્તિના સુખનું, અનંત મુક્તનું અને અક્ષરધામનું- સર્વનું જ્ઞાન અનુભવજ્ઞાનથી થાય છે. જેમ આ લોકમાં માયિક પદાર્થનું જ્ઞાન અહીંના જ્ઞાનથી થાય છે તેમ પરભાવમાં મૂર્તિ, મુક્ત, ધામ, સુખ એ સર્વનું જ્ઞાન અનુભવજ્ઞાનથી થાય છે. ૨/૪૧/૧૨૨

૨. બાપાશ્રી બોલ્યા જે, માળામાં મણકાનો દોરો જુદો દેખાય છે તે માયિકભાવ છે ને સળંગ દેખાય તે અનુભવજ્ઞાન છે. આ લોકનું જ્ઞાન ભણવેથી વધી જાય છે તો અનુભવજ્ઞાન વધે એમાં શું કહેવું! એ જ્ઞાનને કોઈ પહોંચી શકતું નથી. આ લોકનું બહુ ભણીને પૃથ્વીનું અને જળનું પ્રમાણ કરે પણ શ્રીજીમહારાજની મૂર્તિનું જ્ઞાન એનાથી થાય નહિ. ૨/૫૮/૧૮૪

૩. અનુભવજ્ઞાને કરીને મૂર્તિમાં જોડાઈ જાય તો અનંતકોટી બ્રહ્માંડને તથા માયાને દાબીને અક્ષરધામમાં પહોંચે. ૨/૮૫/૨૬૭

૪. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, જ્ઞાન માર્ગમાં તો એમ જે આ થકી આ ને આ થકી આ, આ ખોટું, આ સાચું એમ વર્ણન હોય પણ અમને તો એક સાચી જણસ સ્વામિનારાયણની મૂર્તિ લાગે છે અને એ જ જ્ઞાન ખરું છે. અક્ષરાધિપતિ પુરુષોત્તમનારાયણ શ્રીજીમહારાજ છે. એ કારણ મૂર્તિ. તે મૂર્તિને જ્ઞાને સર્વે ખોટું કરી નાખવું, કેમ કે આપણે એક મૂર્તિ જ પામવી છે. આપણે તો સાચી વસ્તુ શ્રી સ્વામિનારાયણ તે રાખવા. દિવ્ય સ્વરૂપ મૂર્તિનું અને દિવ્ય સ્વરૂપ મુક્તનું, એ બે ય સ્વરૂપ દિવ્ય છે. એમને જોગે કરીને દિવ્ય થવાય છે.

૫. બાપાશ્રીએ વાત કરી જે, ચાર પ્રકારનો પ્રલય

મહારાજની ઇચ્છા પ્રમાણે થાય છે. તેમાં જ્ઞાનપ્રલય તો પુરુષ પ્રયત્ને કરીને થાય. તે જ્ઞાનપ્રલય સદાય રહે છે અને ચૈતન્યની મૂર્તિ થાય એટલે મહારાજના અનુભવજ્ઞાને કરીને અનાદિમુક્ત થાય છે. ૨/૧૦૦/૩૧૭

૬. બાપાશ્રી બોલ્યા જે, મહારાજ તથા મોટા મુક્તનું જ્ઞાન જેને થાય તેને તો અખંડ સ્મૃતિ રહે, મૂર્તિ ભુલાય નહિ. જનક વિદેહી જેવું જ્ઞાન થાય તો અર્ધા શરીરને ચંદન ચર્ચે ને અર્ધા શરીરને તલવારથી કાપે એ સરખું થાય, કેમ જે મૂર્તિના સુખમાં પહોંચ્યા પછી તેને કોઈ વાતની અપેક્ષા રહેતી નથી. ૨/૧૫૧/૪૫૩,૪૫૪

## ૭

## ભગવાન ને સંત ઓળખવા એ તો જબરી ઘાંટી!

સાચી મા મળે તો બાપને ઓળખાવે તેમ
સાચા મુક્ત મળે તો શ્રીજીને ઓળખાવે.

૧. આ લોકમાં સાધનદશાવાળા ભક્ત ઓળખાય પણ સિદ્ધ મુક્તને ઓળખવા તે કઠણ છે. કોની પેઠે તો જેમ એક તો સદાયનો બહુ જ ધનાઢ્ય હોય અને તેનો ખજાનો ભરેલો હોય ને કાંઈ ઉધ્યમ પણ ન કરતો હોય તેથી બહાર એનો ઉદ્‌ઘોષ ન જણાય અને એક તો ઘણા ઉધ્યમ કરતો હોય ને મોટાં મોટાં શહેરોમાં દુકાનો ચાલતી હોય, તેનો ઉદ્‌ઘોષ બહુ જણાય. તેમ એક તો જપ, તપ, કથાકીર્તન, સેવા, ધ્યાન બહુ જ કરે તેને જોઈને એમ જાણે જે આ તો રાત્રી-દિવસ મંડ્યા રહે છે. એમ ઉદ્‌ઘોષ બહુ જણાય અને સિદ્ધદશાવાળા તો મૂર્તિમાં જ રમૂજ કર્યા કરે ને મૂર્તિના સુખમાં જ ગુલતાન હોય ને સુખમાં જ ડૂબ્યા હોય તેથી કથા, વાર્તા, જપ, તપાદિક બહુ કરતા ન દેખાય તે ક્યાંથી ઓળખાય? માટે મુક્ત ઓળખવા તે કલમ કઠણ છે. ૧/૧૪/૩૪

૨. અનાદિમુક્ત અને શ્રીજીમહારાજ તો જળતરંગવત્ એક

જ છે. મુક્ત ન હોય ત્યારે પ્રતિમાથી પણ કલ્યાણ થાય, પરંતુ વિલંબ થાય. માટે મુક્ત આ પૃથ્વી પર પધાર્યા હોય તે મુક્તને ઓળખીને સંગ કરવો. મુક્ત ઓળખવા એ ઘાંટી જબરી છે. જેને સર્વે સત્સંગે પ્રમાણ કરેલા 'હોય ને વયે કરીને પણ વૃદ્ધ હોય એવા મુક્તનો સમાગમ કરવો; આડે અવળે ધોડા કરવા નહિ. મહારાજ અને મુક્ત વિના બીજે જે વળગ્યા છે તે હેરાન થવાનું કારણ છે. માટે મુક્ત ઓળખીને સંગ કરવો. ૧/૩૭/૭૪

૩. કેટલાક મુમુક્ષુ પણ ન હોય અને વિષયી પણ ન હોય ને પામર જેવા પણ ન હોય ને તે અનાદિમુક્ત થઈ બેઠા હોય તેને મુક્ત જાણીને તેનો જોગ કરે તો તે સંગ કરનારની ભવાઈ થાય. તે શા વાસ્તે મુક્ત થયા હોય? માન માટે, પૂજાવા માટે ને વિષય માટે મુક્ત થયા હોય પણ મોક્ષ માટે ન થયા હોય. એવા કપટીનો વિશ્વાસ લાવીને જે વળગ્યા હોય તેનું ભૂંડું થાય. તેમાં કોઈકને શંકા થાય જે પામરથી મુક્ત કેમ થઈ બેસાય? તો તેનું એમ છે જે, પહેલાં તો ભક્ત હોય અને જ્ઞાન વૈરાગ્ય, ભક્તિ તે થોડાં થોડાં હોય તેણે કરીને પોતાને સરસ માને પણ બરાબર જ્ઞાન ન હોય તેથી અજ્ઞાનમાં વિચાર વિના ઉદ્ધત થઈ જાય અને કોઈ સાધુ કે સત્સંગીની ગણતરી રહે નહિ. માનને લીધે કોઈ મોટા મુક્તનો સમાગમ દાસ થઈને કરે નહિ. પોતાના બુદ્ધિબળે શાસ્ત્રમાંથી જ્ઞાન શીખવા જાય અને શાસ્ત્રનો સિદ્ધાંત હાથ આવે નહિ ને પોતાને અવળું-સવળું જેવું સમજાય તેવું જ્ઞાન બીજાને પણ કરે અને કોઈ મોટા સમજાવે તો માનના માર્યા કોઈનું કહ્યું પણ માને નહિ. પોતે અવળે રસ્તે ચાલે ને બીજા લાખોને અવળે રસ્તે ચલાવે. તેથી શ્રીજીમહારાજનો તથા સર્વે સત્સંગીનો કોપ થાય. તેણે કરીને તેની બુદ્ધિ દૂષિત થઈ જાય. તેથી વિષયવાસના વધે અને વર્તમાન લોપે એટલે બુદ્ધિ

ભ્રષ્ટ થઈ જાય અને બ્રહ્મરાક્ષસના જેવી ક્રિયા કરે. તેનો મહિમા ન મૂકે ને જોગ રાખે તે મૂર્ખ છે. કદાપિ એણે શ્રીજીમહારાજની ને અમારી ઓળખાણ પડાવી હોય પણ તેનો પગ ખાડામાં પડે કે ઉદ્ધતાઈ આવે તો તેનો ત્યાગ કરવો. ૧/૩૭/૭૪

૪. જેને સત્સંગમાં દાસપણું હોય તે જ ઊંચે પગથિયે ચઢે છે. મહારાજને સાથે રાખવા ને દાસપણું રાખવું તો ઘણો લાભ થાય. જેમ ટટ્ટુ હોય તે પહેલું બહુ દોડે પણ પછી બહુ થાકી જાય. કુંતલ ઘોડા હોય તે જેમ જેમ મજલ કરે તેમ તેમ વધારે બળ આવે અને સર્વે ઘોડાની આગળ જતા રહે. તેમ જે મોટા ન હોય ને મોટા થાવા જાય તો તેનું આગળ જતાં ભાંગી પડે પણ લાંબુ ચાલે નહિ. મુક્ત હોય તે તો દિવસે દિવસે પ્રસિદ્ધ થાતા જાય પણ ઘટે નહિ. જે એમનો જોગ કરે તે પણ તેવો જ મુક્ત થાય પણ જે મુક્ત ન હોય ને પરાણે મુક્ત થઈ બેઠા હોય અને વર્તમાન લોપતા હોય ને પોતાનું ધ્યાન કરાવતા હોય તેને કોટી કલ્પે દુઃખનો અંત આવતો નથી. એ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં ભૂખ, દુઃખ ને માર એ ત્રણ વાનાં મળે. અક્ષરધામને ને એમને તો લાખો ગાઉનું છેટું છે. તે મરે ત્યારે બ્રહ્મરાક્ષસ થાય અને હેરાન હેરાન થાય ને એમનો સંગ કરનારની પણ તેમના જેવી દશા થાય. માટે વિચારીને મુક્ત ઓળખીને સંગ કરવો. જે મુક્ત ન હોય ને તે કહે જે હું મુક્ત છું તો તેને અતિ મહાપાપી જાણવો. જે ભગવાન થઈને પોતાનું ધ્યાન કરાવે તે તો તેનાથી પણ અત્યંત મહાપાપી જાણવો. તેનું મુખ પણ ન જોવું અને એવાએ કદાપિ કોઈકને તેડવા આવવાનો વર દીધો હોય તે ખોટો જાણવો અને એવાનો જોગ ન કરવો. ૧/૩૭/૭૫

૫. જેને શ્રીજીનો અથવા એમના મુક્તનો સંબંધ ન હોય તેને અન્વય-વ્યતિરેકની ખબર ન હોય તેથી તેને શાસ્ત્રના અર્થ

સમજાય નહિ અને પોતામાંથી માન, મોટપ અને વિષય તે ટળ્યા ન હોય તેથી ગુરુ થવાની ને વિષય ભોગવવાની ઇચ્છાઓ રહી હોય તે મુમુક્ષુઓને આડું-અવળું સમજાવે ને પ્રતિમા કરતાં પોતે મોટા થઈ પડે ને લોકને છેતરીને વિષય ભોગવે; તેને મહાપાપ લાગે અને નરકે જવું પડે. જે એવાને વળગ્યા હોય તે જો વિશ્વાસુ હોય અને કેવળ મોક્ષના ખપવાળા હોય તેમની તો મહાપ્રભુજી રક્ષા કરે ને જે તે ઉપાયે કરીને એવાના જોગથી છોડાવે. કદાપિ આ ફેરે ન છૂટે તો બીજો જન્મ ધરાવીને મુક્તનો જોગ મેળવે અને મોક્ષ કરે. જેને મોક્ષની ઇચ્છા હોય ને શ્રીજીમહારાજને પ્રસન્ન કરવા હોય તેણે એવા અવળે રસ્તે ચાલનારાનો સંબંધ ન રાખવો ને શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવું પણ કોઈ મુક્તનું ધ્યાન કરવું નહિ. ૧/૫૪/૧૦૪

૬. એક શિષ્યને ગુરુ ઘસડીને ધામમાં લઈ ગયા અને તેને મહારાજ ને મુક્ત બતાવ્યા, એવા ગુરુ કરવા પણ ગરબડિયા ગુરુ ન કરવા. એટલે ધન-સ્ત્રીના પ્રસંગવાળા તથા ઉપાસના ચોખ્ખી ન હોય એવા ન કરવા. જે ગુરુ પોતાના શિષ્યને પરાણે મૂર્તિમાં ઘસડી જાય તે મોટા છે ને મહારાજને વહાલા છે. શ્રીજીમહારાજ જય સ્વામિનારાયણ કહે છે તે પોતાને કહે છે અને જય સચ્ચિદાનંદ કહે છે તે પોતાના અનાદિમુક્તને કહે છે તે એમ કહે છે જે તમે કાયમ રહો. ૧/૬૭/૧૨૯

૭. લોયાના ૭મા વચનામૃતમાં ઇન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ એ ત્રણ પ્રકારે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે આત્યંતિક મોક્ષ થાય એમ કહ્યું છે. તે જેને ભગવાન કે ભગવાનના મુક્ત મનુષ્યરૂપે પ્રત્યક્ષ મળ્યા હોય તેને જીવાત્મામાં સાક્ષાત્કાર ન થયો હોય તેનું આત્યંતિક કલ્યાણ થાય કે નહિ?

બાપાશ્રી બોલ્યા જે જેને પ્રત્યક્ષ ભગવાન કે મુક્ત મનુષ્યરૂપે

મળ્યા હોય ને તેમને યથાર્થ મહિમાએ સહિત જાણ્યા હોય, તો તેનું કલ્યાણ આત્માને વિષે સાક્ષાત્કાર થયો હોય તેના જેવું જ થાય. એટલે પ્રત્યક્ષ મળ્યાનો વિશેષ છે. ૧/૭૯/૧૩૨

૮. છેલ્લા પ્રકરણનું ૨જું વચનામૃત વંચાતું હતું. તેમાં પરોક્ષના જેવી પ્રત્યક્ષને વિષે પ્રતીતિ આવે તે સર્વે અર્થ પ્રાપ્ત થાય એમ આવ્યું. ત્યારે બાપાશ્રી બોલ્યા જે પરોક્ષના જેવો પ્રત્યક્ષનો મહિમા જણાતો નથી. તેથી પૂર્વના ઋષિનું મનાય અને આજના મુક્તનું ન મનાય. ગઢડામાં શ્રી આનંદાનંદ બ્રહ્મચારીએ કહ્યું જે પૂર્વના ઋષિઓ ઊન, દૂધ, કેળનું પાણી તથા મૃગચર્મ એ સર્વેને પવિત્ર કહી ગયા છે તે મનાય છે અને હું સાક્ષાત્ શ્રી પુરુષોત્તમનારાયણનો મુક્ત છું ને હું કહું જે દૂધ કરતાં ઘેલાનું પાણી પવિત્ર છે ને મૃગચર્મ તથા ઊન કરતાં કપાસ પવિત્ર છે તો તે કોઈ ન માનો; કેમ જે પ્રત્યક્ષનો મહિમા જાણ્યામાં આવ્યો નથી. ભૂજમાં અમૃતબાઈ હતાં તે ચાર મહિના ચીભડાં જમે, ચાર મહિમા ગલકાં જમે, ચાર મહિના ભીંડા જમે, એમ પંદર વર્ષ કાઢી નાખ્યાં એવા તપસ્વી હતાં. ધર્મમાં પણ એવા જે કોઈને પડછાયો અડે કે દોરો અડી જાય તો તે હમીરસર તળાવમાં ટાઢમાં નાહી આવે ને બ્રહ્મચારી પાસેથી છાશ લેતાં તે પણ બ્રાહ્મણના છોકરાને નવરાવીને માર્ગમાં પાણી છાંટતાં છાંટતાં લઈ જાય. એક દિવસે બ્રહ્મચારીએ એ ડોશીને છાશ આપવા અમને મોકલ્યા તે ન લીધી ને કહ્યું જે બ્રહ્મચારીએ કણબી સાથે છાશ મોકલી તે નહિ લઉં. પછી એ છાશ અમે પાછી લાવીને બ્રહ્મચારીને આપી તે છાશ એક મોઢ બ્રાહ્મણનો છોકરો નાગોડિયો કૂતરાં રમાડતો હતો તેને નવરાવીને તેની પાસે લવરાવીને પીધી. પછી રાત્રીએ શ્રીજીમહારાજે સ્વપ્નમાં કંસારા સોનીની છાશ લુહાણા પાસે લવરાવીને પાઈ અને પછી કહ્યું જે, કાલે અમારા મુક્તની લાવેલી

ન લીધી ત્યારે આ પીધી તે કોની છે? અને કોણ લાવનાર છે? પછી તો ઘણો પસ્તાવો થયો. પછી બીજે દિવસે અમારી પાસે મંગાવીને પીધી અને કહ્યું જે, "તમે તો સાક્ષાત્ અનાદિમુક્ત છો. તે મેં તમને ઓળખ્યા નહિ અને કણબી જાણીને સંશય કર્યો. તેનો શ્રીજીમહારાજે આજ રાત્રીએ મને દંડ દીધો." માટે વિધિ તો પાળવો પણ ટાણું ઓળખવું ને મુક્ત ઓળખવા, જે આપનારા કોણ છે. ૧/૭૯/૧૩૮

**૯.** ભૂજમાં સુતાર સુંદરજીભાઈએ દેહ મૂક્યો ત્યારે પટારામાંથી શાલ કાઢવા શ્રીજીમહારાજ ગયા ત્યારે એમનાં પત્નીએ કહ્યું જે, મહારાજ! તમે તમારા ભક્તને અડ્યા છો, માટે પટારે અડશો નહિ. ત્યારે મહારાજે કહ્યું જે, એ તો અમે ભૂલી ગયા. પછી બીજા પાસે કઢાવીને દેન દઈ આવ્યા. જ્યારે મહારાજે પછી દિવ્ય તેજોમય પોતાના અનંત મુક્તે સહિત દર્શન આપ્યાં ત્યારે ખબર પડી ને પ્રાર્થના કરી જે હે મહારાજ! તમે દિવ્ય છો, પણ હું તમારે વિષે દિવ્યપણું ભૂલી ગઈ અને મનુષ્યભાવ આવી ગયો. ત્યારે મહારાજ બોલ્યા જે, અમને ભગવાન જાણીને ઘેર રાખ્યા ને બહુ સેવા કરી પણ જ્યારે ટાણું આવ્યું ત્યારે ભૂલી ગયાં; માટે સદા દિવ્યભાવ રહે એવી પાકી દૃઢતા કરવી. ૧/૭૯/૧૪૦

**૧૦.** સાધુનાં ઘણાં નામ હોય. નારદ-સનકાદિક પણ સાધુ કહેવાય છે. પણ સનકાદિકને ક્રોધ થયો ને નારદજી પણ નાક, કાન કપાવી બેઠા. માટે આ શ્રીજીમહારાજના સંત છે તે છેલ્લો મુદ્દો છે. ૧/૧૦૩/૧૮૭

**૧૧.** મહારાજ ને મુક્ત પ્રત્યક્ષ હોય ત્યારે ઓળખવા બહુ કઠણ છે. વેદાંતાનંદ બ્રહ્મચારી ભૂજમાં હતા. તેમણે શ્રીજીમહારાજની પ્રસાદી લીધી નહોતી. તેમને સદ્ગુરુ શ્રી

નિર્ગુણદાસજી સ્વામીએ કહ્યું જે તમે શ્રીજીમહારાજની પ્રસાદી જમ્યા નહોતા ને આજ થાળની પ્રસાદી કેમ જમો છો? પછી બહુ જ પસ્તાવો કર્યો જે મેં મહારાજને વિષે મનુષ્યભાવ પરઠ્યો તે બહુ ખોટ આવી. ૧/૧૩૬/૨૩૭

**૧૨.** કેવા હોય તેને ચોરટા જાણવા?

બાપાશ્રી બોલ્યા જે, ધર્મામૃત તથા નિષ્કામશુદ્ધિમાં કહેલી આજ્ઞા લોપતા હોય ને અમે મુક્ત છીએ એમ કહેતા હોય તે ચોરટા જાણવા. તેની સાથે જીવ જોડે તો તેના ભેળા દુઃખ પામે, માટે મુક્ત ઓળખીને જીવ જોડવો. આજ અક્ષરધામનું સુખ ભોગવો છો. આવી સભામાં પણ દોષના જોનારાને દોષ સૂઝે ને પોતે તો ધૂળ બલા જેવા હોય ને કાંઈ પણ માલ હોય નહિ. અને મહારાજના અનાદિમુક્તમાં દોષ પરઠે. તે તો દોષરૂપી ભાર માથે ફરે છે. તેનો તો જીવ પણ નાશ પામશે તેની તેને ખબર નથી. ૧/૧૩૭/૨૩૯

**૧૩.** ઘણાં ધામોના મુક્ત સત્સંગમાં આવ્યા હોય, તે કેમ ઓળખાય?

બાપાશ્રી બોલ્યા જે, જે ધામમાંથી એ આવ્યા હોય તે ધામોની ને તે ધામોના ધામીની મોટપ એમને રહી ગઈ હોય તેથી તેમનું વર્ણન કરે ને મહારાજની મોટપ કહે, પણ કેવળ મહારાજની મોટપ ન કહે. જે શ્રીજીમહારાજના મુક્ત હોય તે તો શ્રીજીમહારાજ વિના બીજા કોઈની મોટપ કે સારપ રહેવા દે નહિ; એ ઉપરથી તેમને ઓળખવા. ૧/૧૪૨/૨૪૭

**૧૪.** ભક્તચિંતામણિ વંચાતી હતી તેમાં સંતનાં લક્ષણ આવ્યાં. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આજ બનાવટિયા હીરા થાય છે, તે સાચા હીરા જેવા જણાય છે તેથી કેટલાક ઝવેરી પણ છેતરાઈ જાય છે. જો સાચો ઝવેરી હોય તો તેને ખબર પડે જે

આ બનાવટિયો હીરો છે, તેમ આ સત્સંગમાં કેટલાક મુક્ત થઈ પડ્યા છે તેમને કેટલાક ખોટા માને છે તે ભેળા સાચા મુક્તને પણ ખોટા માને છે, તે જો સાચા ઝવેરી મળે તો હીરાને ઓળખાવે. જેમ સાચી મા મળે તો બાપને ઓળખાવે તેમ સાચા મુક્ત મળે તો શ્રીજીને ઓળખાવે. બીજા તો ક્યાંય ફગાવે. માટે સાચા મુક્ત ઓળખીને તેમનો જોગ કરવો. ૧/૧૬૧/૨૮૮

**૧૫.** કેટલાક પ્રતિમાથી સંતને અધિક કહે છે તે કેમ સમજવું?

બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજનો સિદ્ધાંત એના જાણ્યામાં આવ્યો નથી કેમ જે એને સિદ્ધ મુક્ત મળ્યા નથી, માટે તેની માયિક બુદ્ધિથી જેવું સમજાણું હશે તેવું કહેતા હશે; પણ પ્રતિમા તો સાક્ષાત્ શ્રીજીમહારાજ છે. જેને મોટા મુક્ત ન મળ્યા હોય તે પોતાની આધુનિક બુદ્ધિએ શાસ્ત્ર સમજવા જાય તેને શાસ્ત્રનું રહસ્ય હાથ આવે નહિ ને પોતે ભગવાન થઈ પડે. એમ કહીને પછી બોલ્યા જે સત્સંગમાં કેટલાક હું ભગવાન છું એમ કહેતા હોય તે ન માનવું. ભગવાન તો એક શ્રીજીમહારાજ જ છે. વળી કેટલાક વીર સાધે છે. તે થોડુંક તેજ ને માંહે વીરની મૂર્તિ લોકોને બતાવે છે, તેથી અજ્ઞાની બિચારા આ મહારાજ બતાવ્યા, એમ જાણીને કેટલાક વિશ્વાસ લાવીને ફસાય છે. માટે એવા કપટીનો વિશ્વાસ ન રાખવો. વળી ગુજરાતમાંથી એક જણે અમને તથા સ્વામી અક્ષરજીવનદાસજીને કાગળ લખ્યો હતો જે, તમે મારું ભજન કરો અને કદાપિ મારું ભજન ન કરો તો તમારા ભૂજના મંદિરમાં જીવી ડોશી છે તે મારી ચેલી છે તેનું ભજન કરશો તો પણ તમારું કલ્યાણ થાશે. એ ડોશી વીરવિદ્યાવાળી હતી તે થોડુંક તેજ ને વીરની મૂર્તિ બતાવતી, તેથી લોક છેતરાતાં. તેને અમે તથા સ્વામીએ સત્સંગ બહાર કરી હતી. તે ચોસઠની

સાલમાં રામપરામાં ધનબાએ પારાયણ કરાવ્યું ત્યારે પ્રાયશ્ચિત્ત કરાવી ને સત્સંગમાં લીધી. એમ કહીને પછી બોલ્યા જે, આજ કેટલાક સત્સંગમાં સ્ત્રીઓની સભા કરીને બેસે છે અને સ્ત્રીઓ પગચંપી કરે છે એવો ભ્રષ્ટાચાર કરે છે. ૧/૧૯૦/૩૫૭

૧૬. (બનાવટી ભગવાનની વાત)

માનકૂવામાં દમો બ્રાહ્મણ ભગવાન થઈ પડ્યો હતો. તેનો સંગ કેટલાક રાખતા. તેમને અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું જે, એમનો સંગ છોડી દો પણ તે લોકોએ ન માન્યું. પછી મહારાજશ્રી બોલ્યા જે, આ માનનો કૂવો આપણું નહિ માને, એમ કહીને જમ્યા વિના ચાલી નીકળ્યા ને ભારાસરમાં પધાર્યા. ત્યાં રસોઈનો સામાન મળે નહિ તેથી ત્યાં એક સૂરદાસ અને ગરીબ ખોડા ભક્ત નામે હતા તેમણે કહ્યું જે, હે મહારાજ! આ ગામડા ગામમાં તો કાંઈ સામાન નથી. માટે માનકૂવેથી સામાન લઈ આવું ને રસોઈ કરાવો. ત્યારે મહારાજશ્રીએ કહ્યું કે માનકૂવાનું અનાજ તો અમે નહિ જમીએ. પછી સામત્રામાં દેવજીનો દાદો રૂડો ભક્ત શ્રીજીમહારાજને મળેલા હતા, તેમણે લોટ, ગોળ, ઘી, ખીચડી લાવીને ભારાસરમાં મહારાજને ને સંતને જમાડ્યા અને સૂરદાસને ગરીબ જાણીને તેમની રસોઈ ન લીધી. માટે ઝેરની પરીક્ષા ન લેવી, "મેરે તો તુમ એક આધારા" એક શ્રીજીમહારાજનો જ આશરો રાખવો; એટલી વાત કરીને પછી સમાપ્તિ કરી. ૧/૧૯૦/૩૫૮

૧૭. ભગવાનનો આશરો કર્યો હોય પણ જો મહારાજને કે મુક્તને ઓળખ્યા ન હોય ત્યાં સુધી નિવૃત્તિ કર્મ ને પ્રવૃત્તિ કર્મ કરે તો પણ માયા તરાય નહિ. એટલે જન્મ-મરણ ટળે નહિ; તે સુષુપ્તિમાં લીન થયો જાણવો. મહારાજ ને મોટા મુક્ત સત્સંગમાં હોય તેમને ઓળખ્યા ન હોય તે આંધળો કહેવાય અને

સ્વામિનારાયણ તો સર્વ કહેતા હોય પણ આવા મુક્તને ને આ શ્રીજીમહારાજની પ્રતિમાને દિવ્ય ન જાણે ત્યાં સુધી જન્મ-મરણ માથે રહે. પછી બીજી વાત કરી જે, શિક્ષાપત્રી, ધર્મામૃત ને નિષ્કામશુદ્ધિ તે વાંચવા ને પાળવાં તે ન વાંચે કે ન પાળે તો જીવ બાળક્રિયા થઈ જાય. ગૃહસ્થ હોય તે જો શિક્ષાપત્રી વાંચે તો દેવની કે રાજાની કોઈની આજ્ઞા લોપાય નહિ અને ત્યાગી નિષ્કામશુદ્ધિ વાંચે તો નાગના જેટલી સ્ત્રીની બીક લાગે પણ પચાસ-પચાસ વર્ષ સત્સંગમાં થયાં હોય તો પણ નિષ્કામશુદ્ધિ કે ધર્મામૃત વાંચ્યું ન હોય તો પોતે શું પાળે? ૧/૨૦૪/૩૯૯

૧૮. જેને જડ-ચૈતન્યનો સંસર્ગ ન હોય અને ભગવાનના અખંડ સંબંધવાળા હોય એવા હોય તે ગુરુ કહેવાય; માટે એવાને ગુરુ કરવા પણ ગુરુનાં લક્ષણ બહાર જાય (વર્તે) એ ગુરુ શાનો? સનાતન હોય તે ગુરુ તે સનાતન એટલે અનાદિમુક્ત જે ધામમાંથી આવેલા હોય તે જાણવા. અને સંત એટલે સંતનાં લક્ષણે યુક્ત હોય તે જાણવા. ૧/૨૨૧/૪૪૮

---

૧. ભગવાનના મળેલા કોને કહીએ? તો જેને માનસી પૂજા કરતાં, ધ્યાન કરતાં, મૂર્તિમાંથી પાછા ખેંચવા પડે તેવી રીતે મૂર્તિમાં જોડાઈ જાય તે મળેલા કહેવાય અને સેવામાંથી પાછા વાળવા પડે તેમ સેવામાં જોડાય તે મળેલા કહેવાય. ૨/૪૪/૧૪૨

૨. જે આજ્ઞા લોપતો હોય તેની વાત વાચ્યાર્થ હોય તે સાંભળનારાની બુદ્ધિ ભ્રષ્ટ કરી નાખે અને તે હલકારો બહુ કરતો હોય, પણ જે મૂર્તિમાં રસબસ હોય તે તો મૂર્તિમાં રહીને ધીમું ધીમું બોલે પણ ધડાકા ન કરે ને એમની વાતોથી સમાસ બહુ થાય. ૨/૪૫/૧૪૫

૩. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે અનાદિમુક્તને ઓળખવા ન પડે. એમની દરેક ક્રિયામાં જણાય. તે ઊઠતાં જણાય, બેસતા જણાય, મૂર્તિના સુખની ચમત્કારિક વાતો કરતા જણાય, ધ્યાનમાં નિમગ્ન રહેતા જણાય. અલૌકિકભાવના સિદ્ધાંત દેખાડતા જણાય. એવી રીતે અનેક પ્રકારે મોટા અનાદિમુક્ત ઓળખાય. એ જ્યાં વિચરતા હોય ત્યાં પુરુષોત્તમ ભગવાન ને અક્ષરધામ જે શ્રીજીમહારાજનું તેજ તથા અનંત મુક્ત એ સર્વે હોય. તે પોતાને સામર્થ્યે અનેકને દિવ્ય દૃષ્ટિ કરાવી એ સર્વેને દેખાડે. તેથી અનંતના આવરણ ભેદાઈ જાય. મનુષ્યભાવ, પ્રતિમાભાવ, દિવ્યભાવ એ સર્વેનું યથાર્થ વર્ણન કરે એથી સમજાય કે આ અનાદિ મહામુક્ત છે. એની છાયામાં સુખ, સુખ ને સુખ જ હોય. એવા મળે ત્યારે પૂરું થાય. ૨/૭૩/૨૨૮

૪. મોટા મુક્તને ઓળખવા નહિ તો ક્યાંય ને ક્યાંય અટકી રહે. દેવલોકમાં, વૈકુંઠમાં કાં તો ગોલોકમાં. જ્યાં ત્યાં અટકી રહે, પછી મૂર્તિ હાથ ન આવે. મુદ્દો હાથ ન આવ્યો હોય તો એવું થાય. ૨/૯૭/૩૦૮

૫. બાપાશ્રીએ સભામાં વાત કરી જે, શ્રીજીમહારાજના અનાદિ મહામુક્ત છે તે તો પોતે સુખિયા છે ને અનેક જીવોને મૂર્તિના સુખે સુખિયા કરે છે. તે જો પરમ એકાંતિક થાય તો મહારાજ તથા અનાદિ તેને અનુભવજ્ઞાનથી ખેંચીને મૂર્તિમાં રાખે છે. એવા મુક્તની સ્થિતિ જે જાણે તે જ તેમને ઓળખે, પણ સ્થિતિ જાણ્યા વિના ઓળખાય નહિ. ૨/૧૦૮/૩૪૦

## ૮

# મુક્તોના ભેદ-લક્ષણ : તેમનો મહિમા-સમાગમ

મોટા મુક્તની સેવા ને સમાગમ કરવાથી
મહારાજની મૂર્તિરૂપી ફળ પ્રાપ્ત થાય છે.

૧. આજ સર્વે સંસ્કારી જીવ સત્સંગમાં આવ્યા છે અને અનાદિ સ્વતંત્ર મુક્ત પણ આવ્યા છે. તેમનો જોગ કરીને અનેક મુમુક્ષુઓ મુક્ત થઈને ધામમાં જાય છે. જેમ શ્રીજીમહારાજ અનાદિ છે ને સ્વતંત્ર છે તેમ જ મુક્ત પણ અનાદિ અને સ્વતંત્ર છે. જેટલું શ્રીજીમહારાજનું કર્યું થાય છે તેટલું જ મહારાજને લઈને તેમના મુક્તનું કર્યું પણ થાય છે. એવા અનાદિમુક્ત સાથે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ કરે અને મન, કર્મ, વચને બહારથી અને અંતરથી જીવ જોડે તો તેને કાંઈ કરવું બાકી રહે નહિ. ને જેવા મુક્ત પોતે શ્રીજીમહારાજના સુખે સુખિયા છે એવો જ સુખિયો તે જીવને પણ કરે. ૧/૧/૧

૨. શ્રીજીમહારાજના ધામમાં તથા મૂર્તિમાં રહેલા મુક્તો આ પૃથ્વી ઉપર આવ્યા હોય તેમનાં લક્ષણ કેવાં હોય?

બાપાશ્રી બોલ્યા જે એમનો સમાગમ કરે તેના ઘાટ-સંકલ્પ

બંધ થઈ જાય ને ધ્યાનમાં વિક્ષેપ ન આવે ને મૂર્તિનું સુખ આવે ને છેટે રહે થકે પણ જે સંભારે તેના ઘાટ-સંકલ્પ ટળી જાય ને એમની પાસે બેઠા હોઈએ તે વખતે માયિક ઘાટ-સંકલ્પ થાય જ નહિ; અને કોઈ દેહ મૂકે તેને અક્ષરધામમાં તેડી જાય, એવાં કેટલાકને દર્શન આપે અને કોઈને તેડી જવા હોય તેને આગળથી દર્શન આપીને તેને દેહ મૂકવાનો અવધિ પણ કહી જાય અને કોઈ પ્રાર્થના કરે તો તેને રાખી પણ જાય અને કોઈને દેહ મૂકવો હોય તો તેને આયુષ્ય હોય તો પણ તેડી જાય, એવી સામર્થીવાળા હોય તેને એવા મુક્ત જાણવા. ૧/૧/૨

૩. અનાદિમુક્ત સાથે બહારથી અને અંતરથી જીવ કેવી રીતે જોડવો?

બાપાશ્રી બોલ્યા જે, જેમ પોતાના દેહને સુખે સુખી થવાય છે ને દેહને દુઃખે દુઃખી થવાય છે તેમ જ મોટાને દુઃખે દુઃખી થવાય અને મોટાને સુખે સુખી થવાય તે બહારથી જીવ જોડ્યો કહેવા, પણ એવું થવું અતિ કઠણ છે, કેમ જે સમુદ્રમાં વહાણ કે આગબોટ ડૂબે અને એક પાટિયાનો કકડો હાથ આવે તો પોતાને તરીને નીકળવાનો સંકલ્પ ન થાય, ને આવા મુક્ત જશે તો હું એકલો રખડીશ ને પત્તરમાં કોઈ અન્ન પણ નહિ આપે ને અનંત જીવોનો ઉદ્ધાર બંધ થઈ જશે, માટે હું બૂડી મરું ને આ મુક્ત ઊગરે તો ઠીક, એમ થાય; ને રેલમાં સારી જગ્યામાં મોટાને બેસારે અને પાંચ-સાત દિવસે અન્ન મળે તે એક જણ જમે એટલું જ હોય તો મોટાને આપી દે ને પોતે ભૂખ્યો રહે અને હિમ પડ્યું હોય ને એક જણ ઓઢે એટલું જ હોય તો મોટાને ઓઢાડે ને પોતે ઓઢ્યા વિના જ રહે એવું થાય તો બહારથી જીવ જોડ્યો કહેવાય અને જેમ નદીમાં થોડુંક પાણી નાખીએ તે સમુદ્રમાં પહોંચી જાય તેમ મોટા

અનાદિમુક્ત જે મહારાજની મૂર્તિમાં અખંડ જોડાઈ રહ્યા છે, તેમની સાથે આપણો જીવ જોડીએ તો આપણને પણ મહાપ્રભુજીની મૂર્તિનો સાક્ષાત્કાર મોટાના જેવો જ થાય એ અંતર્વૃત્તિએ જીવ જોડ્યો કહેવાય. ૧/૧/૨

૪. મોટા અનાદિમુક્ત કેવી રીતે જોડાયા છે તો મહારાજની મૂર્તિમાં સળંગ રહ્યા થકા મૂર્તિના રોમરોમનાં સુખ લે છે ને નવીન નવીન ઇચ્છે છે તે મહારાજ આપે છે. તે સુખ સદા મૂર્તિમાં રહીને ભોગવે છે, પણ બહાર નીકળતા જ નથી અને જે પરમ એકાંતિક મુક્ત છે તે તો શ્રીજીમહારાજના તેજમાં શ્રીજીમહારાજને સન્મુખ રહીને મૂર્તિમાં જોડાઈને મૂર્તિનું સુખ લે છે. ૧/૧/૩

૫. મોટાના સમાગમે કરીને જેને પુરુષોત્તમનો મહિમા જણાય છે એને સર્વત્ર પુરુષોત્તમ ભાસે છે પણ માયા કે બ્રહ્માંડ કે કાંઈ જણાતું નથી, તેને માયા ટળી ગઈ જાણવી. ૧/૪/૧૦

૬. સિદ્ધદશાવાળા અનાદિમુક્ત અખંડ મૂર્તિમાં રહે છે તે જેમ દેહમાં જીવ રહે છે તેમ જ રહેતા હશે કે કેમ?

બાપાશ્રી બોલ્યા જે, હા, એમ જ રહે છે અને જે એમનો સમાગમ કરે તેમને પણ એવી જ સ્થિતિવાળા ને એવા જ સ્વતંત્ર મુક્ત કરે છે. ૧/૪/૧૧

૭. શ્રીજીમહારાજે કૃપા કરીને મોટા મુક્ત દ્વારા જીવમાં પોતાનું સુખ રાખી મૂક્યું છે તે સંગ કરનારને ખબર કેમ નહિ પડતી હોય?

બાપાશ્રી બોલ્યા જે, જેમ બાળક ઉપર બાપને હેત હોય તે છોકરાના ખિસ્સામાં સારી વસ્તુ છાની રાખી મૂકે તે છોકરું જાણે નહિ, પણ જ્યારે ખિસ્સામાં હાથ નાખે ત્યારે હાથમાં આવે ને જમે, તેમ જીવમાં એ સુખ મોટાએ મૂક્યું છે પણ જીવને ખબર નથી. તે જ્યારે પાત્ર થઈને ધ્યાને કરીને જોશે ત્યારે દેખાશે

અથવા અંત સમયે મોટા દેખાડશે ત્યારે ખબર પડશે. ૧/૪/૧૧

૮. સાધનદશાવાળાને મહારાજ દર્શન આપે છે તે એની મરજી પ્રમાણે આપે છે કે મહારાજની અને મુક્તની મરજી પ્રમાણે આપે છે?

બાપાશ્રી બોલ્યા જે, સાધનદશાવાળાને મહારાજની તથા મોટા મુક્તની મરજી પ્રમાણે દર્શન થાય છે, અને સિદ્ધદશાવાળાને તો એની મરજી પ્રમાણે દર્શન થાય છે અને જેવાં ઇચ્છે તેવાં સુખ મહારાજ તેને આપે છે. સાધનદશાવાળો જે મુક્તના પ્રતાપે સુખ પામે છે તે મુક્તને વિષે તેને ગુરુપણું રહે છે. જેમ શેઠનો ગુમાસ્તો શેઠના જેવો સમૃદ્ધિવાન થાય તો પણ એમ જાણે જે આ શેઠના પ્રતાપે હું સમૃદ્ધિવાન થયો છું. એમ તેનો ગુણ રાખે છે અને જ્યારે ભેળો થાય ત્યારે શેઠનું સન્માન-વિનય કરે છે. એમ મોટાને વિષે રહે છે, જે આમને પ્રતાપે સુખ મળ્યું છે. એવું ગુરુપણું રહે છે અને મુખ્યપણે મહારાજ રહે છે. ૧/૫/૧૨

૯. મોટા મુક્ત જેવું જમે છે તેવું પોતાના જોગવાળાને જમાડે છે. માટે જીવને ખપ અને ત્વરા કરવી જોઈએ, મોટા આગળ છેડો ધરવો જોઈએ, ગરજવાન થવું જોઈએ અને પાત્ર થઈને વિશ્વાસ કરવો જોઈએ તો મોટા પોતાના જેવા કરે છે. આજ સત્સંગમાં કાર્ય અને કારણ બે ય છે. તે કાર્ય નવા આદરવાળાને અર્થે છે, કેમ જે એને સમાસ કરે છે. એકાંતિકને તો કારણ જે મુક્ત તેના જોગે કરીને મૂર્તિનો સાક્ષાત્કાર કરવો. એ જાણે-અજાણે મહારાજનો કે મુક્તનો જોગ થઈ જાય તો કામ થઈ જાય. જેમ અધર્મે કરીને આવરદા ઓછી થાય છે તેમ મોટાને જોગે કરીને પણ આવરદા ઓછી થાય છે. જેમ વિદ્યા ભણવા માંડે તે ભણી રહે એટલે પગાર ચાલતો થાય, તેમ મોટાને જોગે બ્રહ્મવિદ્યા ભણાય છે. તે જો ખબરદાર થઈને

મોટાના વચન અદ્ધરથી ઝીલે અને તે પ્રમાણે વર્તવા માંડે તો મુક્તદશા વહેલી પ્રાપ્ત થાય અને ત્યારે મોટા તેને મહાપ્રભુજીના સુખમાં મૂકી દે છે. ૧/૬/૧૩

**૧૦.** કદાપિ કોઈનાં વચન વર્તમાન લોપાવે એવાં હોય તો તેને વિષયી ને દંભી જાણીને તેનો ત્યાગ કરી દેવો. જો એવાનો ત્યાગ ન કરે તો જીવનું ભૂંડું થાય માટે એવાનો ત્યાગ કરવો. મુક્ત તો સદા સ્વતંત્ર હોય અને શ્રીજીમહારાજનાં વચન યથાર્થ પાળતા હોય અને સંગ કરનારને યથાર્થ વચન પળાવતા હોય. એવા મુક્ત શ્રીજીમહારાજનો ને મુક્તનો મહિમા દયા કરીને કહે તે સર્વે સત્ય માનવો અને આપણું નક્કી પૂરું કરાવી દેશે એવો વિશ્વાસ રાખવો. કેમ કે પોતે શ્રીજીમહારાજ મુક્ત દ્વારે બોલે છે એવો ભાવ મુક્તને વિષે રાખીને મન બાંધવું એ જ ભેગા થયાનું ફળ છે અને તો જ મોટી વસ્તુ જે મહાપ્રભુજીનો સાક્ષાત્કાર ને તેમનું સુખ મળશે. ૧/૬/૧૪

**૧૧.** સત્સંગમાં આવ્યા કેડે પણ કાંઈક આડું-અવળું વરતાણું હોય ને તે જો મોટાને શરણે આવે ને તેમના ખોળામાં માથું મેલીને દીનતાએ સહિત ગદ્‌ગદ કંઠ થઈને ને ગરજવાન થઈને સ્તુતિ-વિનય કરે તો સર્વે પાપ પ્રાયશ્ચિત્ત વિના પણ ટળી જાય છે. મોટા આગળ નિષ્કપટ થાવું તો બહુ કામ થાય છે. શ્રીજીમહારાજનું સુખ છે તે મોટા ચાલતાં આપી દે છે. ધ્યાન કરવાની લટક પણ મોટાના શીખવ્યા વિના આવડતી નથી. મોટા શ્રીજીના સુખમાં ઉતારી દે તો સૂતી વખતે મહારાજની મૂર્તિ ધારીને મૂર્તિમાં લુબ્ધ થઈને સૂએ તો જાગૃતમાં, સ્વપ્નમાં ને સુષુપ્તિમાં સાક્ષાત્કાર અખંડ રહે પણ ભૂલાય નહિ. એવો મોટાનો પ્રતાપ છે પણ મોટાની આગળ નિર્માની થાય તો. ૧/૭/૨૦

**૧૨.** વીજળીના અગ્નિ જેવા તથા વડવાનળ અગ્નિ જેવા

મુક્તનાં લક્ષણ શા હશે?

બાપાશ્રી બોલ્યા જે, બ્રહ્મકોટીના અને મૂળ અક્ષરકોટીના સુખમાં ને ઐશ્વર્યમાં લેવાય નહિ તે વીજળીના અગ્નિ જેવા ઉચ્ચ સાધનદશાવાળા એકાંતિક મુક્ત જાણવા. શ્રીજીમહારાજના તેજરૂપ ધામમાં રહ્યા થકા અહીં મનુષ્યરૂપે દેખાતા હોય તે સિદ્ધદશાવાળા પરમ એકાંતિક તથા મૂર્તિમાં રસબસ રહ્યા જે અનાદિમુક્ત તે વડવાનળ અગ્નિ જેવા જાણવા. તે મુક્ત અતિ કુપાત્ર જીવ હોય તેનો પણ સંકલ્પ માત્રમાં ઉદ્ધાર કરે અને મૂર્તિને સમીપે લઈ જઈને મૂર્તિના સુખે સુખિયા કરે. એવું કામ વીજળી જેવા મુક્તથી થઈ શકે નહિ. તેમાં જે અનાદિમુક્ત છે તે મહારાજની મૂર્તિમાં રહ્યા થકા મહારાજના સંકલ્પથી અહીં દર્શન આપે છે. જે એમનો આશરો કરે તેને પોતા જેવા અનાદિ કરીને મૂર્તિમાં રાખે છે અને મૂર્તિનું રોમ રોમનું સુખ ભોગવે એવા સમર્થ કરે છે. વીજળી જેવા એકાંતિક મુક્તને માથે પણ કાળ, કર્મ, માયા આદિક કોઈનો હુકમ નથી.. જેમ રાજાના કુંવરને માથે રાજા વિના બીજો કોઈ ઉપરી નથી તેમ. એવા વીજળી જેવા એકાંતિકને મુખે પણ શ્રીજીમહારાજ બોલે છે ને સર્વે ઇન્દ્રિયો દ્વારે શ્રીજીમહારાજ ક્રિયા કરે છે માટે તેમાં જે કાંઈ અંતર્યામીપણું આવે કે ત્રિકાળનું સૂઝે એ આદિક જે કાંઈ ઐશ્વર્ય જણાય તેમાં એ ભક્ત પોતાપણું લાવતા નથી. સર્વ મહારાજનું કર્યું થાય છે એમ માને છે પણ પોતાનું કર્યું થાય છે એમ નથી માનતા. ૧/૭/૨૧

**૧૩.** શુદ્ધ સત્ત્વગુણી થઈને એટલે બ્રહ્મરૂપ થઈને મોટાની વાત સાંભળે તો તેનું ફળ થાય ને જીવમાં વાત પેસે ત્યારે જીવ વૃદ્ધિ પામે ને અપાર સુખ મળે. પરમ એકાંતિક થોડું બોલે પણ શ્રીજીમહારાજની મૂર્તિની સન્મુખ રહીને બોલે છે ને જીવને

બ્રહ્મરૂપ કરી મૂકે છે. સાધનિક ઘણું બોલે તો પણ તેના શબ્દથી શાંતિ ન થાય. મોટા મુક્તના શબ્દ જીવમાં (ઉતારે) તો સુખ, સામર્થી ને પ્રકાશ વૃદ્ધિ પામે. ૧/૭/૨૨

**૧૪.** પર્વતભાઈએ શ્રીજીમહારાજ આગળ વાત કરી હતી જે હે મહારાજ! મને લોકો કહે છે જે, તમને સાઠ વર્ષ થયા પણ જો મેં તમારી મૂર્તિ વિના આ લોકમાં કાંઈ દીઠું હોય કે ભોગવ્યું હોય કે સાંભળ્યું હોય તો મને પાંચસો પરમહંસના સમ છે. હું તો સદાય તમારી મૂર્તિમાં જ જોડાઈ રહ્યો છું; બીજું કાંઈ દેખતો નથી. એમ મુક્ત અકર્તા છે. આવી સામર્થી છતાં પણ અલ્પ જીવનું માન-અપમાન સહન કરે છે. તે સમર્થ થકા જરણા કરે છે, અને કોઈક ઉપાધિ કરે તેને ભક્તિ માને છે. ઉપાધિ કરનારના રૂડા ગુણ એમને આવે છે ને ઉપાધિ કરનારને પાપ લાગે છે. જેમ એક જણ બે ધોકા મારીને સોનામહોરો મૂકી જાય ને સાંબેલું લઈ જાય તેવું થાય, તેથી ભગવાનના ભક્તને ક્ષમા રાખવી. ક્ષમા જેવું કોઈ હથિયાર નથી. જે ક્ષમા રાખે તેનું પાપ ક્રોધ કરનારને જાય છે. ક્રોધ કરનારનું પુણ્ય ક્ષમાવાળાને જાય છે. ૧/૮/૨૪

**૧૫.** મોટા મુક્તની સેવા ને સમાગમ કરવાથી મહારાજની મૂર્તિરૂપી ફળ પ્રાપ્ત થાય છે. મોટાનો સમાગમ કરવા માંદા આવે ને સાજા આવે તેમાં માંદાને ફળ વધારે મળે છે, કેમ જે એમાં સત્તા (તાકાત) નથી તો પણ આવે છે, માટે મોટા બહુ રાજી થાય છે. ત્યાં દૃષ્ટાંત : જેમ કરોડપતિ હજાર રૂપિયા આપે ને ગરીબ એક રૂપિયો આપે તે સરખું કહેવાય તેમ. ૧/૧૩/૩૩

**૧૬.** ગઢડા છેલ્લા પ્રકરણના ૨૧મા વચનામૃતમાં શ્રીજીમહારાજે શ્રી ગોપાળાનંદ સ્વામી અક્ષરધામમાં સભા છે તેથી પર કહ્યા છે. મહાપ્રભુજીની (મહારાજની) મૂર્તિમાં રસબસ

થયા હોય તેવા સાધુને ખોળી કાઢીને આપણે પણ મહાપ્રભુજીની મૂર્તિમાં રસબસ થઈ જવું. તે વિના તો સુખ ક્યારેય ન આવે. એ સુખ મહારાજના અનાદિમુક્ત દ્વારા સત્સંગમાં પ્રવર્તે છે. જેમ મેઘ વૃષ્ટિ કરીને ચાર ખાણના જીવોને સુખિયા કરે છે તેમ. પાકશાળાના (શ્રીહરિજીના દિવ્ય સુખના) પીરસનારા અનાદિમુક્ત અને પરમ એકાંતિક મુક્ત છે તે શ્રીજીમહારાજનું સુખ જીવોને આપે છે. કેવી રીતે? તો વાણીએ કરીને આપે છે, વાતચીતે કરીને આપે છે, સંકલ્પે કરીને આપે છે, પ્રસાદીએ કરીને આપે છે, મળવે કરીને આપે છે, એમ જીવોને સુખિયા કરે છે. ૧/૧૫/૩૭, ૩૮

૧૭. જે અખંડ મૂર્તિ દેખે તે સિદ્ધદશાવાળો કહેવાય. સિદ્ધદશાવાળો જંગમ તીર્થનું કામ કરે, એટલે જ્ઞાન આપીને મોક્ષ કરે પણ બીજો દેહ ધારવાનું બાકી ના રાખે; માટે એવાનો જોગ કરવો. ઉપશમ દશાવાળો તો અખંડ મૂર્તિમા રહે ને એને આ લોકની સ્મૃતિ કે આ લોકમાં પ્રીતિ ન રહે ને નિઃસ્પૃહ હોય તેથી સર્વે એમ જાણે જે અહો! આ તો ભગવાન વિના બીજું સંભારતા જ નથી. અખંડ મૂર્તિમાં જોડાઈ રહે છે. આપણે પણ એ જ઼ કરવાનું છે. એમ જાણીને ઘણાક જીવ મોક્ષને માર્ગે ચાલે માટે તે સ્થાવર તીર્થ જેટલું કામ કર્યું કહેવાય. ઉપશમ દશાવાળાનો ઉદ્‌ઘોષ ઉપરથી બહુ જણાય અને જે સિદ્ધદશાવાળા હોય તેનો ઉદ્‌ઘોષ જણાય નહિ. જેમ કૂવો ખોદાતો હોય ત્યારે માણસ, પશુ તથા બીજો સામાન કૂવા ઉપર ઘણો હોય પણ તેનું પાણી પીવાના કામમાં આવે નહિ. જે કૂવામાં અલંચ પાણી હોય તેના ઉપર કાંઈ સામાન હોય નહિ, પણ તેનું પાણી પીવાય ને તૃષાની નિવૃત્તિ પમાડે તેમ સિદ્ધદશાવાળા મોક્ષ કરે. એવા મોટા મુક્ત મૂર્તિનું સુખ જીવને આપે તો ખરા પણ એ સુખ ઝીલનાર શુદ્ધ પાત્ર ન હોય

તો પાછું મૂર્તિમાં જતું રહે. ૧/૧૬/૩૮

**૧૮.** મુક્ત મળ્યા વિના મૂર્તિની પ્રાપ્તિ થતી નથી તેથી લૂખો રહે છે. જ્યારે અનાદિમુક્ત મળે ત્યારે કાર્ય-કારણ ઓળખાય અને સત્સંગ બધો દિવ્ય જણાય ત્યારે મૂર્તિની પ્રાપ્તિ થાય. ૧/૨૦/૪૫

**૧૯.** શ્રીજીમહારાજના સુખની અવધિ નથી. સિદ્ધ મુક્તને પણ એ સુખમાંથી પૂર્ણ થવાતું નથી. સુખમાં વિભાગ ઘણો છે. જ્યારે અનુભવ જ્ઞાન થાય ત્યારે જે સુખની વાતો કરીએ છીએ તે સુખની પ્રાપ્તિ થાય ને તેને ભોગવે એટલે જાણ્યામાં આવે ને ઈન્દ્રિયો-અંતઃકરણના ભાવ ટળી જાય. આ સ્થૂળ દેહમાં રહ્યાં હોય તો પણ આ લોકની ખબર રહે નહિ અને કોઈ પણ વર્ણન કરી શકે નહિ, કેમ જે મહારાજ એની સ્મૃતિને રોકી રાખે છે. તે અનુભવી, ઉપશમ અવસ્થાવાળો ને કર્તા-અકર્તા કહેવાય. એની ક્રિયા મહારાજને આધીન હોય પણ અનાદિમુક્તના જેવો સ્વતંત્ર ન હોય. અનાદિમુક્તમાં સ્વતંત્રપણું છે, તે અનુભવીમાં નથી. માટે અનાદિમુક્ત છે તે અનુભવી કરતાં શ્રેષ્ઠ છે. ૧/૨૦/૪૬

**૨૦.** મુક્તના જોગ વિના અંતર ખુલ્લાં કરી શકે એવું કોઈ સાધન કે વિધિ નથી, માટે સર્વે ક્રિયામાં સત્પુરુષનો જોગ કરવાનો અને મૂર્તિ ધારવાનો ખટકો રાખવો. શ્રોતા અને વક્તા ખરેખરા હોય તો જીવ વીંધાઈ જાય, જેમ અન્નમાં પારો પ્રવેશ કરી જાય છે તેમ. જીવ મટીને મુક્તરૂપ થઈ જાય ને સુખ, સામર્થી ને પ્રકાશ વૃદ્ધિ પામે એટલે શ્રી પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામે. ખરા વક્તાના જોગનો એવો મહિમા છે. એ જોગ આજ તમને મળ્યો છે. જેમ પારસથી પારસ થાય તેમ અનાદિના જોગથી અનાદિ થવાય. એવા મુક્તનો જોગ મળ્યો હોય તો પણ સાધન પડ્યાં મૂકવાં નહિ પણ એનો ભાર મૂકી દેવો. સાચી રુચિવાળાને શ્રીજીમહારાજ આવો જોગ જરૂર મેળવે. ૧/૨૫/૪૩

૨૧. જેમ ઝાડ ઉપર વરસાદ વરસે ને તેમનાં પાંદડામાં પાણી ભરાઈ જાય ત્યારે ઝાડની અને પાણીની બે યની હવાઓ આવે તેમ. મહારાજનો અને મુક્તનો ઉપરથી અને અંતરમાં બે પ્રકારે જોગ કરવો તો દોષ ટળી જાય તે પાછા ફેર ઉદય ન થાય. જો એકલો ઉપરથી જોગ કરે તો સમીપમાં હોય ત્યાં સુધી દોષ દબાઈ રહે ને છેટે જાય ત્યારે ઉદય થાય. જેમ આકાશમાં મોદ બાંધી હોય તેની તળે રહે ત્યાં સુધી તાપ ન લાગે ને બહાર નીકળે એટલે તડકો લાગે તેમ અંતરમાં જોગ કરવાથી તો જેમ આકાશમાં બધે વાદળાં ભરાઈ જાય તે સૂર્ય દેખાય જ નહિ તેમ થાય, માટે બંને પ્રકારે જોગ કરવો. ૧/૨૮/૫૬

૨૨. જેમ પાકશાળામાં બેઠો હોય તેને ભૂખ ન રહે અને ઉપવાસીને અન્નની ત્વરા બહુ રહે તેમ સદા ભેળો રહેતો હોય તેને મહિમા ન જણાય અને કોઈક દિવસ દર્શન થાય તેને ત્વરા ને મહિમા બહુ જણાય.

જેમ મોલમાં પાણી બહુ આવે તો રેચાઈને પીળો થઈ જાય તેમ સત્સંગના સમૂહમાં સદા રહે તેને મહિમા ન જણાય પણ વર્ષે બે વર્ષે દર્શન થાય તો સાક્ષાત્ શ્રીજીમહારાજનાં દર્શન જેટલો લાભ ને પ્રેમ થાય. જો આ સંત સર્વે બ્રહ્મની મૂર્તિઓ છે એમ વિચારે તો નિત્ય નિત્ય નવું હેત થાતું જાય ને ભેળા રહ્યા થકા મહિમા સમજાય તો કામ પૂરું થઈ જાય. ૧/૨૮/૫૭

૨૩. મોટાના જોગવાળાને મહારાજનું અને મુક્તનું સુખ બહુ આવે છે. એને તો ઝાઝા મનુષ્યોમાં સુખ ન આવે, કેમ જે સાધનવાળાને ઉદ્‌ઘોષમાં શાંતિ ન થાય; તેને તો એકાંતમાં બેસીને ભજન કરવામાં શાંતિ રહે. અનાદિમુક્તને તો કાંઈ વિક્ષેપ છે જ નહિ. એમને તો અષ્ટાવધાનીની પેઠે સર્વે ક્રિયા સ્વતંત્ર રીતે થાય ને મૂર્તિ મુકાય નહિ. થોડા સંત હોય અને તે જો અંતર્વૃત્તિવાળા

હોય તો તેના ભેળા મહારાજ ને અનંત મુક્ત હોય, એ મોટો જોગ છે તે સદા રાખવો. જેમ મંદવાડમાં ઊંડો ઊતરી ગયો હોય તેને બોલાવે તો બોલે નહિ તેમ. ૧/૨૮/૫૭

૨૪. મોટાનો વિશ્વાસ તો હોય પણ વ્યતિરેક મૂર્તિનો મહિમા જાણી શકે નહિ, તેને મોટા શ્રીજીમહારાજની મૂર્તિને સમીપે લઈ જાય કે નહિ?

બાપાશ્રી બોલ્યા જે, મોટા સાથે જેણે મન બાંધ્યું હોય ને આત્મશુદ્ધિ કરી હોય તો મોટા તેને મહારાજના સુખમાં લઈ જાય છે. ૧/૩૨/૬૩

૨૫. મુક્તને જોગે કરીને મુક્ત થયેલાનો જે જોગ કરે તેનું આત્યંતિક કલ્યાણ થાય કે કેમ?

બાપાશ્રી બોલ્યા જે જેવું અનાદિમુક્તના જોગવાળાનું કલ્યાણ થાય છે તેવું જ તેના જોગવાળાનું કલ્યાણ થાય છે. ૧/૩૨/૬૩

૨૬. આ સત્સંગમાં જે શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વર્તતા હોય તે બધાયને દિવ્ય જાણવા પણ સમાગમ તો શ્રીહરિજીના પરમ એકાંતિક તથા અનાદિમુક્તનો કરવો. બીજાને દિવ્ય જાણીને સેવા કરવી. જે પંચ વર્તમાનની આજ્ઞા ન પાળતા હોય તેની સેવા તો નિરર્થક છે, કેમ જે એને મહાપ્રભુજીનો સંબંધ નથી. માટે એ સેવા શ્રીજીમહારાજને પહોંચતી નથી. જે આજ્ઞા પાળે છે તેની સેવા કરે તો શ્રીજીમહારાજ તેમાં રહીને અંગીકાર કરે છે. જે અનાદિમુક્ત છે તથા પરમ એકાંતિક છે તેમની ને શ્રીજીમહારાજની સેવા તો એક જ છે પણ જુદી નથી. ૧/૩૪/૬૫

૨૭. પ્રથમ પ્રકરણનું ૩૩મું વચનામૃત વંચાતું હતું. તેમાં ઉત્પત્તિકાળે અક્ષરાદિક રૂપે થઈએ છીએ અને જીવના કલ્યાણને અર્થે નારદ સનકાદિક રૂપે થઈએ છીએ એમ આવ્યું.

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે:- એ નારદ સનકાદિક કોને સમજવા? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, પોતાના અનાદિમુક્તોને આ ઠેકાણે નારદ સનકાદિક નામે કહ્યા છે. તે અનાદિમુક્તો સદાય મૂર્તિમાં રહ્યા થકા આ લોકને વિષે જીવોને દર્શન આપીને મોક્ષ કરે છે એટલે પોતા જેવા મુક્ત કરે છે પણ બીજું ઐશ્વર્યાર્થીનું જે કામ જે જગતની ઉત્પત્ત્યાદિક તથા કર્મફળ આપવાં તે કરતા નથી, કેમ કે એને તુચ્છ ગણે છે. એ કામ તો મૂળઅક્ષરાદિકને સોંપી મૂકેલાં છે તે કરાવે છે. મુક્ત તો કેવળ મોક્ષ જ કરે છે. જીવોના ગુણ-અવગુણ સામું જોતા નથી અને પામર જેવો જીવ હોય તેનો પણ મોક્ષ કરે છે તેવા દયાળુ છે અને એમને ગુણ, અવગુણ, નિંદા, સ્તુતિ, કાંઈ છે જ નહિ. ત્યાં દૃષ્ટાંત જે: એક સત્સંગી ઢેડ હતો. તેને રાજા કેદમાં પૂરીને પોતાને હાથે નિત્ય સાત ખાસડાં મારતો. તે અપરાધે એ રાજાને યમ લેવા આવ્યા. તેમને દેખીને ઢેડે શ્રીજીમહારાજને વિનંતી કરી જે, હે મહારાજ! આ રાજાને મારાં દર્શન થયા છે અને એણે મારી પૂજા કરી છે માટે એ બિચારાને યમના મારથી છોડાવો ને આપણા ધામમાં લઈ જાઓ. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, હે ભક્તરાજ! એ તો તમારો અપરાધી છે, તેથી યમને લઈ જવા દો. મારો અપરાધ કરે તેને હું છોડી મૂકું છું, પણ મારા ભક્તના અપરાધીને હું છોડતો નથી. ત્યારે ઢેડે કહ્યું જે હે મહારાજ! તમારે ને તમારા ભક્તને દર્શને કરીને તો અનંત બ્રહ્મહત્યાઓ બળી જાય અને સર્વે પાપ બળી જાય અને મોક્ષ થાય. માટે યમના મારથી મુકાવીને એ બિચારાનો મોક્ષ કરો. તમારા ભક્તને તો ચંદન, પુષ્પની ને ખાસડાની પૂજા સરખી છે. માટે એ અજ્ઞાનીનો અપરાધ ન ગણીને આપનાં દર્શનનું ફળ આપો. ત્યારે યમને કાઢી મૂકીને શ્રીજીમહારાજ એ રાજાને તેડી ગયા અને પોતાના ભક્ત

ઉપર બહુ રાજી થયા. મોટાની તો આવી સમજણ છે. તે સમજણ સાધનદશાવાળો ગ્રહણ કરે તો મોટાના જેવા ગુણ આવે. "નાખે અદાવત દીએ ગાળુ, તેને ભક્ત સમજે દયાળુ". એ ચોપાઈ બોલીને પછી બોલ્યા જે આવી સમજણ ગ્રહણ કરે તો બહુ સુખિયો થાય. ૧/૩૬/૭૦

**૨૮.** વૃષપુરના મંદિરમાં બાગને સાધુ પાણી પાતા હતા તે દૃષ્ટાંતે બાપાશ્રીએ કૃપા કરી વાત કરી જે, જેમ આંબા, લીંબુ, દાડમ આદિકની કૂંપળોને પાણી મળતું જાય છે તેમ તેમ નવી નવી કૂંપળો ફૂટતી જાય છે અને ફળ બેસતાં જાય છે ને પહેલાં બેઠેલાં ફળોમાં પાણી ભરાઈને રસદાર થાતાં જાય છે અને બીજાં નવાં નવાં બેસતાં જાય છે. તેમ જીવ જેમ જેમ મોટાનો જોગ કરતો જાય છે તેમ તેમ વૃદ્ધિ પામતો જાય છે. શ્રીજીમહારાજની મૂર્તિમાં ગયા કેડે પણ આગળનાં ભોગવેલાં સુખ રહે છે અને બીજાં નવાં નવાં સુખ આવતાં જાય છે. જેમ કૂંપળો પાણી મળવાથી વધે છે અને લૂક લાગે તો બળી જાય છે તેમ જીવ મોટાને જોગે વધતો જાય છે અને કોઈ ભગવાનના ભક્તનો અવગુણ આવે તો તે લૂક લાગી તે જીવનો નાશ થઈ જાય છે. ૧/૩૮/૭૭

**૨૯.** મોટાનો જોગ કરવા આવે અને પોતાનું ડહાપણ જણાવે તો મોટાનો રાજીપો થાય નહિ ને વાત પણ કરે નહિ એટલે એનું તો કામ ન થાય પણ બીજા ભેળા હોય તેનું પણ કામ થવા દે નહિ. ૧/૩૯/૮૧

**૩૦.** પરીક્ષિતનો સાત દિવસમાં શુકજીએ મોક્ષ કર્યો તો આજ તો આત્યંતિક મોક્ષ કરનારા મળ્યા છે. લાખ વર્ષ સુધી શાસ્ત્ર વાંચે ને સાંભળે પણ તેમાં કાંઈ કામ ન થાય. જો વક્તા સર્વોપરી મળે તો ક્ષણવારમાં કામ કરે. જે મોક્ષ કરે તે શુકજી

જાણવા. આવો મહિમા મોટાનો સમજાય તો મોટા જે સ્થાનમાં ને જે સ્થિતિમાં ને જે સુખમાં રહ્યા છે તે સ્થાનમાં ને તે સ્થિતિમાં ને તે સુખમાં રાખે છે. ૧/૪૭/૮૯

૩૧. શ્રીજીમહારાજને વિષે ને તેમના મુક્તને વિષે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ થાય તો સમાધિ કરતા પણ ઘણી શાંતિ થાય. આવા મોટાનો જોગ ન હોય ત્યારે કેમ કરવું?

બાપાશ્રી બોલ્યા જે, આ લોકમાંથી મોટા ચાલી નીકળે એટલે અદૃશ્ય થાય તો એમ વિચારવું જે આવા પુરુષ ઠરવાનું ઠામ હતા તે ચાલી નીકળ્યા તે મહારાજની મરજી એમ હશે. મોટા તો દેહ ધરતા નથી અને મૂકતા પણ નથી. ક્યાંય જતા-આવતા નથી. એ તો સત્સંગમાં છે, છે ને છે જ. કેમ કે એ તો શ્રીહરિજી સાથે સર્વત્ર રહેલા છે. ક્યાંયે ન હોય તેમ નથી. એમ સંતોષ વાળવો અને એમની કરેલી વાતો સંભારીને વાંચીએ ત્યારે મોટા પ્રત્યક્ષ બોલે છે એમ જાણવું. હૃદયમાં મહાપ્રભુજીના ભેળા ધારવા ને આનંદમાં રહેવું. ૧/૪૮/૯૨

૩૨. (સ્વસિદ્ધ) મુક્ત અનાદિ છે પણ ભજીને (સાધન કરીને) થયેલા નથી, જો ભજીને થયેલા કહીએ તો કોઈક વખતે શ્રીજીમહારાજ એકલા હોવા જોઈએ પણ એમ નથી. જેમ મહારાજ અનાદિ છે તેમ મુક્ત પણ અનાદિ છે. મહારાજનો મહિમા તો અતિશય અપાર છે અને અનાદિમુક્ત મહારાજની મૂર્તિમાં રહીને સદા સુખ લે છે. મહારાજની ઇચ્છાથી અહીં મનુષ્યરૂપે દેખાય છે તે મૂર્તિમાં રહ્યા થકા દેખાય છે. અહીં આવતા-જતા નથી ને દેહ જણાવે છે તે દેહની ક્રિયા મહારાજ કરાવે છે ને જીવને ઉપદેશ પણ મુક્તદ્વારે મહારાજ કરે છે. જે મુક્તદ્વારે જીવને ઉપદેશ કરે છે તે મુક્તના જેવો જીવને કરે છે અને એ મુક્તની જોડે એ જીવને રાખીને તે

મુક્તના જેવું સુખ આપે છે. ૧/૫૦/૯૫

૩૩. મોટાનાં કરેલાં શાસ્ત્રમાં અથવા મોટાની કરેલી વાતોમાં તર્ક થાય તો પાપ લાગે. એક તો મહારાજના સ્વરૂપમાં રહેતા હોય તેણે કરીને મોટા હોય અને એક તો શાસ્ત્ર ભણવે કરીને મોટા હોય. શાસ્ત્ર ભણેલાના શબ્દ શાસ્ત્ર પ્રમાણે બરાબર હોય ને લોકને મળતા હોય અને મુક્તના શબ્દ કોઈ વાર લોકમાં કે શાસ્ત્રમાં મળતા ન આવે એવું લાગે પણ એ શબ્દ મુદ્દાના (વાસ્તવિક) હોય ને બરાબર હોય, માટે શાસ્ત્રની સાખ ન લેવી; કેમ કે શ્રીજીમહારાજ એમાં રહીને પોતે બોલે છે, માટે એ શબ્દ અમૂલ્ય છે. મોટાના શબ્દમાં શંકા કરીને એ શબ્દને ફેરવે તો મોટો બાધ આવે અને મોટાના શબ્દનો મહિમા જાણે તો બહુ કામ થાય. જેને મોટાના વચનનો વિશ્વાસ નહિં તેને કાંઈ લાભ થાય નહિ. ૧/૫૧/૯૭

૩૪. જેમ મણ પાણીમાં પાશેર દૂધ હોય તેને હંસ જુદું પાડી આપે તેમ શાસ્ત્રમાંથી સાર કાઢતાં મોટા મુક્તને આવડે. વિદ્યાની શુદ્ધિ પણ મોટાનો જોગ હોય તો થાય. શાસ્ત્રમાં બ્રહ્મ તથા સંત તથા અવતાર એવા શબ્દ આવે ત્યારે બ્રહ્મ તે ધામ સમજવું અને સંત તે મુક્ત સમજવા અને અવતાર તે મહારાજ સમજવા. ૧/૫૧/૯૭

૩૫. જ્યારે મોટાને જોગે કરીને અવયવ ન ફરે અને મોટાને ખતરાવે ત્યારે જોગ શું કર્યો? માટે મોટાનો જોગ કરીએ ને મોટાના જેવા ગુણ ન આવે ને મન, ઇન્દ્રિયો પોતપોતાના સ્વભાવ પ્રમાણે વર્તે તો જોગ કર્યો ન કહેવાય. જો પારસમણિના જોગે પારસ ન થાય તો જેમ બાવના ચંદનના વૃક્ષમાં નાગ વિંટાઈ રહે છે પણ ફણા અધર રાખે છે તેથી ઝેર રહે છે તે બીજાના પ્રાણ લે છે તેમ થાય. માટે એવો જોગ ન કરવો. ૧/૫૨/૧૦૦

૩૬. જેમ શરદ્ઋતુમાં સ્વાંત નક્ષત્ર આવે છે તેમાં વરસાદ થાય છે તેને છીપ સમુદ્રમાં અધરથી ઝીલે છે તેનાં મોતી લાખં લાખ રૂપિયાનાં થાય છે ને પડી પડી ઝીલે તો એક પૈસાનાં મૂઠ્ઠી ભરાય એવાં ફટકિયાં મોતી થાય છે. તેમ આપણે સંવત્ ૧૮૩૭થી મહારાજ ને મુક્ત પ્રગટ થયા છે ત્યારથી શરદ્ઋતુ બેઠી છે. માટે શ્રીજીમહારાજનાં વચન અધરથી ઝીલવાં અને અમારો-સંત-મુક્તનો સમાગમ બાર મહિનામાં એક વાર ન થાય તો કાળ પડ્યા જેવું જાણવું. જેમ ચોમાસામાં વરસાદ ન થાય તો અન્ન પાકે નહિ ને દુઃખી થવાય, તેમ સમાગમ વિના જ્ઞાન મળે નહિ ને મૂર્તિથી ઓરું રહેવાય. માટે સમાગમ કરી લેવો. તે સમાગમનું સુખ જેવું થોડા મનુષ્યોમાં આવે એવું ઝાઝા મનુષ્યોમાં ન આવે. જે એક રુચિના હોય તે થોડા જાણવા અને રુચિ ન મળે તે ઝાઝા જાણવા. ૧/૬૫/૧૨૨

૩૭. સમાગમ કરીએ ને વાત તો સમજાય નહિ ને યાદ પણ રહે નહિ તેને સમાસ થાય કે નહિ?

બાપાશ્રી બોલ્યા જે ખેતરમાં ખૂબ વરસાદ વરસે ને તેને ખૂબ ખેડીને પછી તેમાં માળવણ જાર વાવે ને પછી વરસાદ ન થાય તો પણ મોટાં મોટાં કણસલાં કાઢે ને જાર પાકે; તેમ વાતો ન સમજાય તો પણ જીવમાં રહે છે ને અંત વખતે જણાઈ આવે છે. વળી બીજું દૃષ્ટાંત જે, જેમ ભાલ દેશમાં ઘઉં પીલતી વખતે બળદ આખા ઘઉં ખાઈ જાય છે તે છાણ ભેળા નીકળી જાય છે પણ તેનો કસ રહે છે તેમ આ વાતો સમજાય નહિ તો પણ બહુ સમાસ કરે ને સાંભળનારને દેશકાળ લાગવા દે નહિ. ૧/૬૫/૧૨૨

૩૮. જેમ બાળકને માતા જેવું કોઈ સુખદાયી નથી. તેમ જે આત્યંતિક કલ્યાણ ઇચ્છે તેને મુક્ત જેવું કોઈ સુખદાયી નથી.

આ વાત ચૂકે તેને ઘણો વાંધો રહે છે. જેમ શ્રીજીમહારાજે દેહોત્સવ કર્યો ત્યારે ઘણાક ભક્તોને પસ્તાવો થયો જે મહારાજ જતા રહ્યા અને કાંઈ સેવા પણ થઈ નહિ અને જેવા હતા તેવા જાણ્યા નહિ. તેમ આજ પણ મહારાજના અનાદિમુક્ત પ્રગટ થયા હોય તેમનો જો મહિમા જાણીને સમાગમ ન કરે તેને સમય ગયા કેડે પસ્તાવો ઘણો જ થાય અને જે મહિમા જાણીને સમાગમ કરે તેને પાછળથી સુખ અને આનંદ ઘણો રહે, માટે નવરાશ લાવીને સમાગમ કરી લેવો. મોટા મુક્તનો સમાગમ અનંત જન્મના ફેરા મટાડે એવો બળવાન છે ને તે ફેર મળવો પણ ઘણો દુર્લભ છે, માટે કોઈ અંતરાયના રોક્યા રોકાવું નહિ ને મોટાનો જોગ કરી લેવો. ૧/૬૫/૧૨૩

૩૯. સુષુપ્તિમાં જીવ જાય છે ત્યારે ઘણાં પ્રકારનાં દુઃખ હોય તે સર્વે નિવૃત્તિ પામી જાય છે ને સુખિયો થઈ જાય છે. એવું સુખ તો સુષુપ્તિમાં રહ્યું છે તો મહારાજના સુખનો તો પાર જ ક્યાંથી પમાય? એ સુખ મોટા મોટા મુક્તો મૂર્તિમાં ભેળા રહીને લીધા જ કરે છે અને જેને મોટાનો તથા સર્વ સત્સંગનો જ્યારે મહિમા જણાય ત્યારે મોટા તેને એ સુખ આપે છે. ૧/૭૨/૧૩૪

૪૦. પ્રથમ પ્રકરણનું ૪૦મું વચનામૃત વંચાતું હતું. તેમાં બીજા પ્રશ્નમાં ભક્તિનું રૂપ આવ્યું ત્યારે બાપાશ્રી બોલ્યા જે નવધા ભક્તિમાં શ્રવણ શક્તિ શ્રેષ્ઠ છે, કેમ જે શ્રવણ ભક્તિથી જે કરવાનું છે તે સમજાય છે, તેથી પ્રેમલક્ષણા ભક્તિ શ્રેષ્ઠ છે કેમ જે તેથી મૂર્તિની અખંડ સ્મૃતિ રહે છે અને તે કરતાં અનુભવજ્ઞાન શ્રેષ્ઠ છે કેમ જે, તેથી આત્યંતિક મોક્ષ થાય છે. આત્યંતિક મોક્ષવાળો તે અનુભવી જાણવો. તે અનુભવી કર્તા, અકર્તા, ઉપશમ, અવસ્થાવાળો ને નિર્લેપ

છે. અનાદિમુક્ત તો સ્વતંત્ર છે ને અનુભવીથી અતિશય શ્રેષ્ઠ અને અતિશય સમર્થ છે. જેમ શ્રીજીમહારાજ સત્તાવાન છે તેમ તેમના અનાદિમુક્ત પણ શ્રીજીમહારાજના જેવા જ સત્તાવાન છે. એવા અનાદિમુક્તથી સુખ પામ્યા હોય તેને આ લોકમાં અનાદિમુક્તનો વિયોગ થાય એટલે કે મુક્ત અદૃશ્ય થાય ત્યારે શોક થવો જોઈએ. જો શોક ન કરે તો કૃતઘ્ની કહેવાય ને રઘુનાથદાસની હારમાં ગણાય. ૧/૭૩/૧૩૫

૪૧. સારંગપુરનું ૧૯મું વચનામૃત વંચાતું હતું. તેમાં નરનારાયણ ઋષિ ભરતખંડના સર્વે મનુષ્યોના કલ્યાણને અર્થે ને સુખને અર્થે તપ કરે છે એમ આવ્યું ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રી નરનારાયણ તપરૂપી ફળ આપે અને શ્રીજીમહારાજ તથા તેમના લાડીલા અનાદિમુક્ત છે તે શ્રીજીમહારાજની મૂર્તિના રસરૂપી સુખ લઈને મુમુક્ષુઓને આપે છે. શ્રીજીમહારાજે માંગરોળમાં વાવ ગળાવી તે જ્ઞાનરૂપી વાવ જાણવી. તેમાંથી અમૃતરૂપી જળે કરીને અનંત જીવોને સુખિયા કર્યા. તે કરોડો જીવોને તથા ઈશ્વરોને તથા અનંત બ્રહ્મની કોટીઓને તથા અક્ષરોને પણ સુખ આપે છે, પણ મહારાજ તથા મુક્ત પ્રત્યક્ષ મળ્યા વિના કૂદકો લઈને સુખ લેવાય એવું નહિ. ૧/૭૪/૧૩૭

૪૨. છેલ્લા પ્રકરણનું ૪થું વચનામૃત વંચાતું હતું. તેમાં ૧લા પ્રકરણમાં બાધિતાનુવૃત્તિની વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, બાધિતાનુવૃત્તિનો મર્મ જાણવો એ ઘાંટી જબરી છે, કેમ જે ગોરધનભાઈની સ્થિતિ જેના જાણ્યામાં નહોતી આવી તે અવગુણ લેતા. ઉપશમવાળો જ્યાં સુધી ઉપશમમાં રહે ત્યાં સુધી મહારાજનું સુખ રહે ને જાગે ત્યારે આ લોકની ક્રિયા કરે અને જેને ત્રણે અવસ્થામાં સદાય મૂર્તિ હોય એ સ્વરૂપનિષ્ઠાવાળા અનાદિમુક્ત કહેવાય. એમના જોગથી માયા, દેહ, વિષય, રાગ એ આદિક સર્વે

કાકવિષ્ટા તુલ્ય સમજાય અને કેવળ સમાધિવાળાને રવજીભાઈની પેઠે ધક્કો લાગે. અનાદિમુક્તને જે સમાધિ થાય તે તો બીજા જીવના સમાસને માટે છે પણ પોતાને માટે નથી. એમને તો જેમ કાચબો ચાલે છે તો ય એમ છે ને સંકોચાઈને અંગ તાણી લે છે તો ય એમ છે. તેમ અનાદિમુક્તને તો સદાય સરખું છે. સાધનિક એમ જાણે જે સમાધિમાં ગયા તે બહુ સુખિયા થયા પણ એ તો સદા મૂર્તિમાં સુખિયા જ છે. એવા મુક્ત કદાપિ મહાપ્રભુજીની મરજીથી બીજા જીવના સમાસને માટે સમાધિ કરતા હોય અને ક્યારેક ન કરતા હોય તેને કોઈક કહે જે સમાધિનું સુખ જાતું રહ્યું તો તેને બહુ પાપ લાગે, કેમ જે એ તો સ્વતંત્ર છે. ૧/૮૧/૧૪૭

૪૩. આ ગામમાં રત્નો ભક્ત હતા તે મુક્ત હતા અને દહીંસરામાં કચરો ભક્ત હતા તે પણ મુક્ત હતા. તે બે ય દેહ મૂકીને ધામમાં ગયા. તેમની વાત ઉડાડી જે બે ય ભૂત થયા છે ત્યારે અમે કહ્યું જે એ બે જ્યારે ભૂત થયા ત્યારે ધામમાં એટલે મૂર્તિમાં કોણ જાશે? માટે એવું ખોટું બોલનારને બહુ પાપ લાગે. કદાપિ ધામમાં ગયા કેડે કોઈકને દર્શન આપે તો દિવ્યરૂપે દર્શન આપ્યાં એમ જાણવું. જ્યારે કોઈકને વળગીને ધૂણે ત્યારે ભૂત થયા એમ જાણવું. મોટા તો અલૌકિક ક્રિયાવાળા હોય, કેમ જે એ તો સ્વતંત્ર છે. માટે ક્યારેક સ્વતંત્રપણે જાગ્રતમાં દર્શન આપે ને ક્યારેક તો સ્વપ્નમાં દર્શન આપે અને ક્યારેક તો અંતર્વૃત્તિએ દર્શન આપે અને ક્યારેક ઉપશમમાં દર્શન આપે, તેમને વિષે વાસના ઠરાવવી નહિ એવો સંકલ્પ પણ કેમ કરાય? ૧/૮૧/૧૪૮

૪૪. આજ તો રોકડું કલ્યાણ છે તે દેહ છતાં જ કલ્યાણ. લાખ જન્મ તપ કરે તો પણ કલ્યાણ ન થાય, તે આજ

પંચવર્તમાન પાળવામાં કલ્યાણ. આ તો બગાસું ખાતાં સાકરનો ગાંગડો મળ્યો છે. મહારાજનો અને મોટાનો મહિમા સમજાય ત્યારે શ્રદ્ધા વધે ને દેહના ઘસારાને પણ ગણે નહિ ને માન-અપમાનને પણ ગણે નહિ, અને ધ્યાન-સેવામાં તત્પર થઈ જાય. જેમ પરદેશમાં ઘણા રૂપિયા મળે તો દુઃખ વેઠે છે તેમ. આ સમય અને આ જોગ સારો છે, તેમાં પૂરું કરી લેવું. આ જોગ ન હોય ત્યારે જેમ આજ કથા-વાર્તા-જોગ કરો છો એ લાભ ક્યાંથી રહે? માટે જોગ કરી લેવો. ૧/૮૩/૧૪૯

૪૫. કોઈકને એમ થાય જે મોટાના જોગનું શું કામ છે? આપણે શાસ્ત્રમાંથી મહિમા જાણીને ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ કરીશું, તો એને કારણ મૂર્તિની પ્રાપ્તિ થાય કે નહિ?

બાપાશ્રી બોલ્યા જે, અંતઃકરણમાં મનુષ્યભાવે મૂર્તિ દેખે પણ આત્મામાં કારણ મૂર્તિનો સાક્ષાત્કાર ન થાય, કારણ મૂર્તિના પધરાવનારા તો મુક્ત છે. જેમ પૃથ્વીમાં સો ગજ ઊંડો હીરો દાટેલો હોય તેને જે જાણતા હોય તે બતાવે, પણ બીજાને હાથ ન આવે તેમ. કેમ જે, જેને મૂર્તિની લટક હોય તે જ મૂર્તિ બતાવે પણ બીજાથી ન બતાવાય. આ જીવને ધ્યાનમાં અંતરાય કરનારા દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ, સ્વભાવ, પ્રકૃતિ ને સંગદોષ એ સર્વે છે, તેને ઘસારો દઈને આ કામ કરી લેવું. મુક્તનો જોગ કરી લેવો અને સંગદોષ તો મૂર્તિમાંથી બહાર કાઢી નાખે એવો છે. માટે મોટા પાસેથી લટક શીખીને ધ્યાન કરે તો અંતરાય કરનારા સર્વે દોષને મોટા નાશ કરે અને તત્કાળ ધ્યાન સિદ્ધ કરાવીને કારણ મૂર્તિ પધરાવી દે એટલે વ્યતિરેક મૂર્તિનો સાક્ષાત્કાર કરાવી દે. "જેમ જળ જળ કમળ ન નીપજે, વન વન અગર ન હોય", તેમ ઘેર ઘેર મુક્ત ન હોય. માટે ચેતી લેવું. મુક્તનો જોગ ગયા પછી સાધનિકનો જોગ કરે તો જેમ

"રાંડીને ઘેર માંડી ગઈ, તે આવ બાઈ હું જેવી તું થા", એવું થાય. જેમ ચિંતામણિ પાસેથી જે ચિંતવે તે મળે તેમ મોટા છે તે મહાપ્રભુજીની મૂર્તિ આપી દે. ૧/૮૩/૧૫૦

૪૬. મોટા મુક્તનો હેતે સહિત ને મહિમાએ સહિત એક દિવસ જોગ કર્યો હોય તે સદાય કામમાં આવે. જેમ રાતઅંધો હોય તે બશેર ઘી ખાય તો બાર મહિના સુધી આંખમાં તેજ રહે છે; તેમ મોટાના જોગનો કેફ રહે છે. જે એમ જાણે જે મહારાજ ને મુક્ત મારા ભેળા જ છે તો એને મહારાજનું અને મોટાનું સુખ સદાય રહે છે; પણ જીવને નબળાનો જોગ થાય તો તેને સંગદોષ લાગે. જો ખરેખરો થઈને મંડે અને હું જે જે ઘાટ સંકલ્પ કરું છું તે સર્વે મહારાજ અને મોટા જાણે છે. એવી મર્યાદા રાખીને ખરી આતુરતાથી મંડે તો મોટા મહાસુખિયો કરી મૂકે. જ્યાં મહારાજ અને મુક્ત વિરાજમાન હોય તે સ્થાનમાં ધ્યાન કરે તો મૂર્તિ સાક્ષાત્કાર દેખાય અને મહારાજે અને મુક્તે જ્યાં વિચરીને ઘણી લીલા કરી હોય તે સ્થાનમાં પણ મૂર્તિનો સાક્ષાત્કાર થાય. ૧/૮૩/૧૫૧

૪૭. મહારાજનો ને અમારો સિદ્ધાંત એવો છે જે જેને વિશ્વાસ આવે તે સર્વેને ભેળા લઈ જવા છે. જેને અંત અવસ્થા વર્તે તેને તો આ ટાણે છતા દેહે અક્ષરધામના જેવું સુખ આવે, માટે મુક્તનો વિશ્વાસ રાખવો. જે અક્ષરધામમાં મુક્ત છે તે જ આ પોતે છે, ને જેવું દેખે છે તેવું કહે છે, એવો વિશ્વાસ આવે તેનું કાર્ય થઈ જ રહ્યું છે, અને એ સાચાં ઘરેણાં પહેરવા જેવું છે. જેને મોટાની વાતોમાં સંશય થાય ને પોતાને પહેલાંની જે વાત સમજાયેલી હોય તે મૂકે નહિ તો તે પિત્તળનાં ઘરેણાં પહેરવા જેવું છે. આ જોગમાં આવેલા કદાપિ જીવરૂપ હશે તો તે પણ અનાદિ થઈ જશે. આ જોગવાળાને કદાપિ ઇન્દ્રિયોના ભાવ

દેખાઈ આવે તો પણ મોક્ષ બગડે નહિ. જેમ મરેલો સર્પ દેખીને બીક લાગે પણ તેનાથી ડંસીને જીવ લેવાય નહિ તેમ; માટે અપૂર્ણપણું માનવું નહિ. ૧/૮૫/૧૫૪

૪૮. અનાદિ સાથે હેત થયું તે છેડો હાથ આવ્યો. મોટા સાથે જોડાય તો મહારાજની અને જીવની વચ્ચે પડદા છે તે મોટા મુક્ત તોડી નાખે. મોટા મળ્યા પછી દેહના ભાવ જણાતા હોય તો તે મરેલા જાણવા. પણ પોતાના જીવને પાપી ન માનવો. શ્રીજીમહારાજનો આશ્રિત થાય ને મોટા સાથે જીવ જોડે ને નિયમ-ધર્મરૂપી બખ્તર પહેરે એટલે નિયમ-ધર્મ પાળે તો પંચ-વિષયમાંથી હેત ટળી જાય ને મોટા મુક્ત તે જીવને માયામાંથી મહારાજની મૂર્તિમાં ખેંચી લે. મહારાજ ને મુક્ત રાજી છે તો તરત ફેંસલો થઈ જશે, ને નક્કી મૂર્તિના સુખમાં પહોંચાડશે એવો વિશ્વાસ રાખવો. શ્રીજીમહારાજનું સુખ છે તે તમારું જ છે, અણું જેટલું પણ છેટું નથી. આગળ જેનાં જેનાં કલ્યાણ થયાં છે તે આત્યંતિક નથી થયાં અને આજ તો અવતારી જે શ્રીજીમહારાજ ને તેમના મુક્ત તે કરોડો જીવનાં આત્યંતિક કલ્યાણ કરે છે. માટે આગળ થઈ ગયેલા અવતારોથી આજના મુક્ત ઘણા મોટા છે. આ મુક્ત શ્રીજીમહારાજના અવતાર છે, તે અનંત જીવોના કલ્યાણ સારુ મનુષ્યરૂપે દેખાય છે, તેમનો યથાર્થ મહિમા સમજીને તેમને વિષે જોડાય તો આત્યંતિક મોક્ષ થાય. ૧/૮૭/૧૫૯

૪૯. પ્રથમ પ્રકરણનું ૨૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં દિવસે દિવસે ભગવાનનું અતિશય માહાત્મ્ય જણાય તેને અર્થે સાધુનો સંગ નિરંતર રાખવો એમ આવ્યું. ત્યારે બાપાશ્રી બોલ્યા જે આ જોગ બહુ સારો છે માટે કરી લેવો. આ જોગ સદા ન રહે. ઓચિંતાનો દેહ પડી જાય કે ઓચિંતાનો જોગ મટી જાય માટે ઝટ કરી લેવો. આ તો વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા

જેવું છે. જેમ વરસાદ વરસે ત્યારે સર્વત્ર જળ હોય ને પછી કાંઈ ન મળે તેમ. આ જોગ સદા ન હોય. આ જોગ ગયા કેડે આવો જોગ મળવો ઘણો દુર્લભ છે. બીજા મળે તો સંગદોષ પણ લાગી જાય અને મોટા તો સંગદોષ પણ લાગવા દે નહિ ને મોક્ષ કરે. જેમ સમુદ્રને સુખે કરોડો મગર-મચ્છાદિક જળજંતુ સુખી રહે છે તેમ આ પુરુષને જોગે કરોડો જીવ સુખી છે; એવા જોગમાં તમે આવી પહોંચ્યા છો. ૧/૯૧/૧૬૭

**૫૦.** શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતોમાં ચાર પ્રકારના મુક્તના ભેદ કહ્યા છે તે કેવી રીતે સમજવું?

બાપાશ્રી બોલ્યા જે, એ ભેદ સાધનદશાવાળા મુક્તની સ્થિતિના છે. જે શ્રીજીમહારાજની મૂર્તિને જ દેખે અને પોતાની પણ સ્મૃતિ ન રહે તે ઉત્તમ ભેદ છે અને જે પોતાની સ્મૃતિએ સહિત મૂર્તિ દેખે તે બીજો ભેદ છે અને જે મહારાજને, પોતાને ને અક્ષરધામને દેખે તે ત્રીજો ભેદ છે અને મહારાજને, પોતાને, ધામને અને અનંતમુક્તને ન દેખે તે ચોથો ભેદ છે. એમ સાધનદશાવાળાની સ્થિતિ કહી છે. ૧/૯૩/૧૬૯

**૫૧.** કારિયાણીનું ૧લું વચનામૃત વંચાતું હતું. તેમાં ભગવાનનો ભક્ત લટ-ભ્રમર ન્યાયે ભગવાનને આકારે થઈ જાય છે એમ આવ્યું.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, એ તો શ્રી પુરુષોત્તમને સજાતિ થયા ત્યારે સ્વામી-સેવકપણું કેમ રહે?

બાપાશ્રી બોલ્યા જે, જેમ બાપને વિષે પુત્રને બાપપણાનો ભાવ રહે છે અને જેમ રાજાને વિષે રાણીને સ્વામીપણાનો ભાવ રહે છે તેમ સ્વામી-સેવકપણું રહે છે. મહારાજનું આપ્યું સુખ ભોગવે છે. માટે મહારાજ દાતા છે ને મુક્ત ભોક્તા છે. તેથી સ્વામી-સેવકપણું રહે છે. તે મધ્ય પ્રકરણના ૬૭મા

વચનામૃતમાં કહ્યું છે જે મેં જેવા ભગવાનને જાણ્યા તેવો તો ભગવાને મને કર્યો છે અને વળી મારા જેવા તો અનંત છે, માટે શ્રી પુરુષોત્તમરૂપ થાય છે તો પણ શ્રી પુરુષોત્તમ સર્વેને પર ને પર ભાસે છે. એ પ્રતાપ ને સામર્થી જોઈને સ્વામી-સેવકપણું અતિશય દઢ થાય છે. જેમ અગ્નિમાં કાષ્ઠ નાખીએ તે બળી જાય છે ત્યારે અગ્નિરૂપ થઈ જાય છે, પણ કાષ્ઠથી મૂળ અગ્નિ જુદો છે. તેમ મુક્ત પુરુષોત્તમરૂપ થઈ જાય છે, તો પણ પુરુષોત્તમમાં ને મુક્તમાં જુદાપણું રહે છે. જેમ જળમાં માછલાં રમે છે તેમ મહારાજની મૂર્તિમાં મુક્ત રમે છે ને નવાં નવાં સુખ લે છે પણ પાર પામતા નથી. ૧/૯૬/૧૭૨

**૫૨.** જ્યારે જીવને ભગવાનની વ્યતિરેક મૂર્તિનો સંબંધ થાય છે ત્યારે જીવ ભગવાનની સમીપે જતો હશે કે મહારાજ જીવની સમીપે આવતા હશે?

બાપાશ્રી બોલ્યા જે, જ્યારે જીવને અનાદિમુક્તનો જોગ થાય છે અને જીવ પોતાના મનનું ગમતું મૂકીને અને કામ, ક્રોધ, લોભ, માન, અહંકાર, મોહ આદિક સર્વે દોષ ટાળીને મોટાને જીવ સોંપી દે અને આત્મબુદ્ધિ ને દઢ પ્રીતિ કરે અને અનુવૃત્તિમાં રહે ને ખરો ગરજવાન અને દીન થાય ત્યારે મોટા પ્રસન્ન થઈને એના પડદા ટાળી નાખે ને મૂર્તિ દેખાય. એવી રીતે અનાદિમુક્ત પમાડે છે પણ મહારાજને કે જીવને આવવું-જવું પડતું નથી. જેમ કોઈકને ઘેર મહેમાન આવે તેને ઘરધણી જે જમે તે જમાડે; તેમ મોટા પાસે મહારાજની મૂર્તિ છે, તે જે આશરે થાય તેને આપે છે. ૧/૯૭/૧૭૩

**૫૩.** ગમે એવો વિષમ દેશકાળ હોય પણ જો શ્રીજીમહારાજને અને મુક્તને સાથે રાખે તો એનો ભાર નહિ જે એ નડી શકે. મહારાજનો મહિમા યથાર્થ જાણ્યો

હોય તેને બહુ સુખ આવે. જેમ ભોજન એક હોય ને પીરસનાર પણ એક હોય પણ જમનારની રુચિ પ્રમાણે જમાય છે. તેમ મહારાજનું સુખ મુક્ત આપે છે, પણ જેટલો મહિમા ને જેટલો વિશ્વાસ ને જેટલી શ્રદ્ધા તે પ્રમાણે લેવાય છે. જેમ સાજો જમે તેટલું માંદાથી ન જમાય તેમ આ સત્સંગમાં ઘાટ ન થાય એવા મુક્ત ઘણા હોય, પણ બીજાના ઘાટને ટાળી નાખે એવા મુક્તની સાથે દૃઢ પ્રીતિ ને આત્મબુદ્ધિ કરવી. ને એવા સમર્થનો જ જોગ કરવો. ૧/૯૭/૧૭૪

**૫૪.** મધ્ય પ્રકરણનું ૪૩મું વચનામૃત વંચાતું હતું. તેમાં ગુણાતીત ભક્ત હોય તે ઉત્થાને રહિત શૂન્ય સમતા ધરી રહે ને સુષુપ્તિ જેવી અવસ્થા વર્તે એમ વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે આ સુષુપ્તિ તે ઉપશમ કહેવાય. તે ઉપશમથી પણ સાક્ષાત્કાર થાય તે શ્રેષ્ઠ છે અને તેથી પણ ભગવાન જેવું સ્વતંત્રપણું આવે તે અતિ શ્રેષ્ઠ છે. તે તો જેવા શ્રીજીમહારાજ સ્વતંત્ર છે તેવા કહેવાય. એવા થાવાના ઉપાયમાં રહેવું પણ દેહના સુખના ઉપાય ન ગોતવા. જે ટાણે જેવું મળે તેણે કરીને ખાડો પૂરવો પણ સારાં સારાં ભોજન મળે તેટલાં ગ્રહણ કરવાં નહિ. જેને પરિપક્વ નિશ્ચય હોય તેને પદાર્થરૂપે સિદ્ધિઓ આવે છે, તેને ભોગવે તો તે સિદ્ધિઓમાં લોભાણો કહેવાય. જો પોતે ન ભોગવે ને બીજાને આપી દે તો સિદ્ધિઓમાં લોભાણો ન કહેવાય. જુઓને! અમારી પાસે કેટલા પદાર્થ આવે છે પણ અમે કોઈ દિવસ ગ્રહણ કરીએ છીએ? ત્યારે સંતોએ કહ્યું જે એના ધણીને દઈ દો છો. કદાપિ સેવક પરાણે મૂકી જાય તો અમને તથા સત્સંગીઓને વહેંચી આપો છો, પણ આપ તો કોઈ દિવસ જમતા નથી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, તમને સર્વેને શીખવવા સારુ અમે જમતા નથી. જેટલું આવે તેટલું ભોગવવું નહિ.

સૌ સંત-હરિજનો સમજજો પણ લૂણકે ગઈ, લૂણકે ગઈ એમ ન જાણશો. સાકર જમવા જડે તો પણ લૂણકે ગઈ એમ કરે, તેવું ન કરવું. ૧/૧૦૦/૧૮૧

૫૫. મોટા પુરુષને વિષે દોષ ન પરઠવો; ગુણ પરઠવો. જો મોટાને વિષે ગુણ પરઠે તો રાજ્ય તથા દીકરા આદિક જે ઇચ્છે તે મળે, ને નિષ્કામી, નિર્લોભી થવા ઇચ્છે તો તેવો થાય, અને ગમે તેવું વિઘ્ન આવનારું હોય તો પણ નાશ પામે, અને કાળ, કર્મ માયાથી રહિત થઈ જાય; અને મોક્ષ પામે. ૧/૧૦૦/૧૮૩

૫૬. આ લોકમાં તનનાં, મનનાં ને જનનાં દુઃખ છે. અનેક પ્રકારના રોગ દેહમાં ભર્યાં છે તે પીડા કરે એ તનનાં દુઃખ; લોક નિંદા કરે, ધૂળ નાખે, અપમાન કરે, એવાં દુઃખ દે તે જનનાં દુઃખ; અને ધ્યાનમાં, ભજનમાં, માળ ને માનસી પૂજામાં સંકલ્પ-વિકલ્પ થાય તે મનનાં દુઃખ છે. એવાં ઘણાં દુઃખ છે તે મોટા પુરુષનો જોગ કરે ને એમના જેવો નિષ્કંચન (ધનના લોભલાલચ-પરિગ્રહ કે તેના બંધનમાંથી મુક્ત) થાય તો સર્વે દુઃખ ટળી જાય છે. ૧/૧૦૩/૧૮૮

૫૭. અમે એક હરિભક્તને પૂછ્યું જે તમે દેહ મૂકીને ક્યાં રહેશો?

ત્યારે તેમણે કહ્યું જે, અક્ષરધામમાં, તમે હશો ત્યાં રહીશું. ત્યારે અમે કહ્યું જે અમારાં ઠેકાણાં કેવા! અમે તો જ્યાં મહારાજ મોકલે ત્યાં હોઈએ. પછી એ હરિભક્ત બોલ્યા નહિ, ત્યારે અમે કહ્યું જે તમને સ્વામી ઈશ્વરચરણદાસજીને જેવું કહેતાં ન આવડ્યું. અમે એમને પૂછ્યું હતું જે તમે દેહત્યાગ કરશો ત્યારે ક્યાં રહેશો? ત્યારે તેમણે કહ્યું જે, જ્યાં તમે હશો ત્યાં રહીશું. પછી અમે કહ્યું જે અમને તો જ્યાં મહારાજ મોકલે ત્યાં જઈએ. ત્યારે તે કહે જે તમે તો સદાય મહારાજની મૂર્તિમાં છો, ને મૂર્તિમાં

રહ્યા થકા જ્યાં દેખાવું હોય ત્યાં દેખાઓ છો, પણ તમારે મહારાજને મૂકીને ક્યાંયે જવું પડે નહિ. એમ જવાબ આપ્યો. પછી તે હરિજને કહ્યું જે અમને એવું ક્યાંથી આવડે? માટે અધ્યાત્મ વાર્તા મોટાના સમાગમ વિના પોતાની બુદ્ધિથી સમજાય તેમ નથી. ૧/૧૦૯/૧૯૯

**૫૮.** મોટા મુક્તની દૃષ્ટિ આગળ પામર જીવ દેહ મેલે તે અવિનાશી મહાપ્રભુજીનું સુખ પામે છે, તો જેને મહિમા સમજાણો છે ને હેત છે તે તો જ્યાં દેહ મૂકે ત્યાં મહારાજ ને મોટા સાથે જ છે, ને તે તો દેહ છતાં જ સુખ પામેલા છે. માટે સંશય કરવો નહિ. મોટાની દયા તો સર્વ સત્સંગ ઉપર અપાર છે પણ જે મોટાની સાથે ભાવથી જોડાય તેના ઉપર વિશેષ દયા છે. જીવના ગુના સામું મોટા જોતા નથી. જે મન, કર્મ, વચને મોટાના થઈ રહ્યા છે તેનો છેલ્લો જન્મ થઈ રહ્યો છે. જો લાંબી અવધિએ મોક્ષ થાય તો મોટા મળ્યા તેનું ફળ શું? માટે મોટા મળ્યા તેને જન્મ ધરવો પડતો નથી. ૧/૧૧૩/૨૦૨

**૫૯.** આ લોકને વિષે કોઈક મોટો યજ્ઞ કરે તેમાં જે આવે તે ભૂખ્યો જાય નહિ, તેમ મોટાના જોગમાં જે આવે તે સુખિયા થયા વિના રહે જ નહિ. અનાદિકાળનાં પાપ સમગ્ર પ્રલય થઈ જાય ને અનંતકાળનાં સુકૃત ઉદય થયાં હોય ને છેલ્લી પ્રાપ્તિ થવાની હોય, તેને મોટા મુક્ત ઓળખાય છે. મહિમાએ સહિત મુક્તની રજને માથે ચઢાવે તો તેનું આત્યંતિક કલ્યાણ થાય છે. જે પૃથ્વી ઉપર મોટા ચરણ મૂકે તે પૃથ્વી તીર્થરૂપ થાય છે અને તે પૃથ્વીની રજ જેના ઉપર પડે તેનો પણ મોક્ષ થાય છે. જે નદી-સરોવરમાં મોટા મુક્ત નહાય કે પગ બોળે તો તે જળમાં રહેલાં સર્વે જીવનો મોક્ષ થાય છે અને તે જળના દેવ જે વરુણ તે પણ દર્શન કરવા આવે છે અને તે વરુણનું પણ કલ્યાણ થાય

છે. મોટા મુક્ત નહાતા હોય તે પાણી મહિમાએ સહિત માથે ચઢાવે તેનાં પંચ મહાપાપ બળીને મોક્ષ થાય છે પણ તે પાણીનો મહિમા જાણ્યા વિના માથે ચઢાવે તો તેવો ન થાય. તે ઉપર લક્ષ્મીરામભાઈની વાત કરી જે, આપણી લખઈવાડીમાં સદ્ગુરુ સ્વામી શ્રી નિર્ગુણદાસજી નહાતા હતા. તે પાણી થાળામાં જતું હતું. તેને લક્ષ્મીરામભાઈ ખોબે ખોબે લઈને માથે ચઢાવતા હતા. તે જોઈને સ્વામીશ્રી બોલ્યા જે, આ શું કરો છો? ત્યારે લક્ષ્મીરામભાઈ બોલ્યા જે, બાપજી! હું નિર્ધન, રોગી ને ગરીબ બ્રાહ્મણ; તે કાશી, દ્વારિકા, ગયાજી, જગન્નાથ, ગંગા, ગોદાવરી, સરસ્વતી, યમુના આદિ તીર્થ કરવા શી રીતે જાઉં? મારે ઘેર બેઠા સર્વે તીર્થ આજ થઈ રહ્યાં. આવો મહિમા જાણીને મોટાનું નાહેલું જળ માથે ચઢાવે તો પંચ મહાપાપાદિક સર્વે બળી જાય ને આત્યંતિક મોક્ષ થાય. જે ઝાડ તળે મોટા બેઠા હોય તથા જે ઝાડના ફળ, ફૂલ, પત્ર, પુષ્પ તેમના ઉપયોગમાં આવે તે ઝાડનું પણ કલ્યાણ થાય છે. ૧/૧૧૪/૨૦૩

૬૦. મોટાનો સમાગમ કરવા જઈએ ને મોટાને સેવા, સમાગમ, ભક્તિએ કરીને રાજી કરીએ અથવા મોટા રાજી થાય ને રૂડા આશીર્વાદરૂપે તેનું ફળ અહીં પ્રત્યક્ષ જીવના જોયામાં આવે નહિ. તેથી કૃતાર્થપણું મનાય નહિ; જેમ સુદામાજી શ્રીકૃષ્ણ ભગવાન પાસે ગયા, તેમની સેવા અંગીકાર કરીને તેમનું દરીદ્ર કાપીને કંચનના મહેલા કર્યા હતા પણ સુદામાને ખબર પડી નહોતી. તેથી માર્ગમાં શ્રીકૃષ્ણને વિષે ગુણ-અવગુણના ઘાટ થતા, પણ જ્યારે કંચનના મહેલ દેખ્યા ત્યારે મહિમા જાણ્યામાં આવ્યો. તેમ મોટાના આશીર્વાદનું ફળ જ્યારે ધામમાં જાય ત્યારે દેખે ને મહિમા સમજાય. ૧/૧૧૭/૨૦૭

૬૧. તમારે કચ્છમાં આવવું હોય ને વિચાર કર્યા કરો તો

ન અવાય પણ જો ટિકિટ લઈને રેલ બેસો તો તરત આવી પહોંચાય. તેમ મહારાજનો ને મોટાનો સિદ્ધાંત તો મોટાને મન સોંપે ત્યારે જ જણાય એવો છે. કદાપિ કોઈકને ન સમજાય તો પણ મન સોંપ્યું હોય તેને વાંધો રહે નહિ. મહારાજને અને મોટાને સાથે રાખે ને એમની મર્યાદા રાખે ને અંતર્યામી જાણે તો સર્વે ક્રિયામાં મહારાજ ટેક રખાવે. ૧/૧૨૭/૨૨૧

૬૨. અત્યારે અમારી પાસે બેઠા છો તે વખતે તમારા ઘાટ ટળી ગયા છે, તેમ સદા સંભારો તો ઘાટ-સંકલ્પ ટળી જાય. મોટાને દર્શને કરીને શાંતિ થાય. આટલું સુખ તો બહાર બેઠા આવે છે. તો જ્યારે જીવમાં સાક્ષાત્કાર થાય ત્યારે તે સુખનો પાર જ ન રહે. આ તો બહુ લાભની વાત થાય છે. આવા મોટાના ભેળા રહેતા થકા પણ કેટલાક દુઃખિયા થઈ જાય છે. તે વિશ્વાસમાં, મહિમામાં ને નિશ્ચયમાં કસર છે તેથી દુઃખિયા થાય છે. જેટલી બીજે પ્રતીતિ આવે તેટલો મહારાજનો ને મોટાનો વિશ્વાસ ઓછો છે. આ સભામાં ને આ સ્થાનમાં બેઠેલા કેટલાય ગયા તે હજુ આવ્યા નથી. તે સંગદોષે ગયા, માટે સ્વભાવ કરતાં પણ સંગદોષ વધારે નડે એવો છે. બ્રહ્મચારી, સાધુ, ગૃહસ્થ એ આશ્રમ સર્વે ખોટા છે ને મૂકવાના છે. આ લોકનું ડહાપણ તો બ્રહ્મરાક્ષસના વળગાડ જેવું છે. ૧/૧૨૯/૨૨૫

૬૩. મહારાજને અને મોટાને રાખવાનો શો ઉપાય હશે?

બાપાશ્રી બોલ્યા જે, જેણે મહારાજને અને મોટાને રાખવા હોય તેણે અંતઃકરણ શુદ્ધ રાખવું. જેવા માંહી તેવા બહાર રહેવું. પણ કોઈ પ્રકારનું કપટ કે યુક્તિ રાખવાં નહિ. જ્યાં સુધી અંતઃકરણ શુદ્ધ નહિ રાખે ત્યાં સુધી મોટા સુખની પ્રાપ્તિ નહિ થાય ને મહારાજના ને મુક્તનાં ભેગું નહિ રહેવાય. મહારાજે પણ જેતલપુરના ૪થા વચનામૃતમાં એમ જ કહ્યું છે. જ્યારે

મહારાજના ધામમાં રહેવાય નહિ ત્યારે મહારાજ અને મોટા પણ એના અંતરને વિષેથી ઊઠી જાય એટલે એ મડદું કહેવાય અને તેને જે અડે તે અભડાય; માટે તપાસ રાખવો. ૧/૧૩૧/૨૨૭

૬૪. જેમ માસ્તર છોકરાંને ભણાવે છે તેને એમ રહે જે હું ઘણાને ભણાવું તો ઠીક; તેમ અનાદિમુક્તને એમ રહે જે ઘણા જીવ સુખિયા થાય તો ઠીક. સત્ય આત્મા, સત્ય મૂર્તિ ને સત્ય સંત તથા એ ત્રણના સંબંધને પામેલાં સત્‌શાસ્ત્ર એ ચારનો સંગ કરે તો સત્સંગી થયો. તેને પણ સુખભોક્તામાં અનાદિમુક્ત પહોંચાડે ત્યારે પહોંચાય. ૧/૧૩૨/૨૨૯

૬૫. લુણાવાડાના મહાસુખભાઈએ પૂછ્યું જે, સાધનદશાવાળા તો પોતાના કલ્યાણને અર્થે યજ્ઞ કરે પણ આપ તો મહારાજના સંકલ્પથી અહીં દેખાઓ છો અને જીવોનું કલ્યાણ કરવા આવ્યા છો. એમ સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ મને તથા પ્રાંતિજના કેશવલાલભાઈને કહ્યું હતું. તો આપને આવા મોટા યજ્ઞ કરવાનું શું કારણ હશે?

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, અમે બીજા જીવોના કલ્યાણને અર્થે કરીએ છીએ તે જે દર્શને આવે અથવા યજ્ઞનું અન્ન જમે અથવા જે જે મનુષ્ય, પશુ આદિક સેવાના ઉપયોગમાં આવે તો સર્વેનો મોક્ષ કરવા સારુ કરીએ છીએ પણ બીજું કાંઈ કારણ નથી. સાધનદશાવાળા પોતાના કલ્યાણને અર્થે કરે અને સિદ્ધ મુક્ત જે જે કરે તે બીજાના કલ્યાણને અર્થે કરે છે. અહીં આ યજ્ઞમાં જે જે સંત-હરિજનો આવ્યા તે સર્વેને આ દેહે જ શ્રીજીમહારાજના સુખમાં લઈ જઈશું. મોટા મુક્ત તો જમીને કલ્યાણ કરે ને જમાડીને પણ કલ્યાણ કરે ને દૃષ્ટિ વડે પણ કલ્યાણ કરે ને સંકલ્પે કરીને પણ કલ્યાણ કરે. મોટા મુક્તનાં દર્શન જેને થયાં ન હોય તે જો તેમને ભાવે કરીને સંભારે તો

તેનું પણ કલ્યાણ કરે. આવા મહારાજ ને આવા મુક્ત કૃપા કરીને પધાર્યા છે, ને કૃપા કરીને મહિમાની વાત કરે છે, તેમાં કોઈને એમ થાય જે આ તો પોતાનો મહિમા કહે છે; પણ અમે તો ધણીનો ને ધણીના લાડીલા મુક્તનો મહિમા કૃપા કરીને કહીએ છીએ. ૧/૧૩૮/૨૪૨

૬૬. મોટા મુક્તનાં દર્શન, સ્પર્શ આદિનું ફળ કેટલું થતું હશે?

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શાસ્ત્રમાં તો ડગલે ડગલે અશ્વમેઘ યજ્ઞનું ફળ લખ્યું છે, પણ આજનું તો માપ થાય તેવું નથી. આજ તો સત્સંગમાં ઘણાં ધામોના ધામી ને તેમના મુક્ત તે સર્વે પોતાના કલ્યાણને અર્થે આવ્યા છે. જામનગરમાં સ્વરૂપાનંદ સ્વામી તળાવ ઉપર વડ તળે બેઠા હતા. તેમની સાથે પોણોસો સાધુ હતા. તે જોઈને એક બ્રાહ્મણ બોલ્યો જે સાધુ તો આગળ નારદ, શુક, સનકાદિક તથા નવ યોગેશ્વરો થઈ ગયા અને ભગવાન પણ આગળ મચ્છ, કૂર્મ, વારાહ, નૃસિંહ, વામન, રામ, કૃષ્ણ તે થઈ ગયા. આજ તો એવા ભગવાન કે સાધુ ન હોય. ત્યારે સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા જે, તેં જે સાધુ ને ભગવાન થઈ ગયા એમ કહ્યું તે બધા આ બેઠા. તારે દર્શન કરવાં હોય તો કર. એ બધાય એમના કલ્યાણને અર્થે અમારા શિષ્ય થઈને અમારી પાસેથી સર્વોપરી એવા સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાન, તેમના સ્વરૂપનું જ્ઞાન ને મહિમા શીખે છે. તેમને સર્વેને અમે સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ને મહિમા સમજાવી, સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિના સુખમાં લઈ જઈશું. ભગવાન તો સ્વામિનારાયણ એક જ છે અને તેં કહ્યાં એ તો સર્વે ભક્ત છે એમ બોલ્યા. એવો આ સત્સંગનો મહિમા છે. આ ભગવાન ને આ મોટા મુક્તનાં દર્શન-સ્પર્શાદિકના ફળનું માપ થાય નહિ. એ તો અપાર ને

અવિનાશી છે. તેમનાં દર્શનાદિકે કરીને તો આત્યંતિક મોક્ષ થાય છે. જે મહારાજને ને મોટાને ઓળખે નહિ પણ દર્શનાદિક થાય તો તેનાં સર્વે પાપ બળે ને મોક્ષને માર્ગે ચાલે. ૧/૧૪૧/૨૪૯

૬૭. મધ્ય પ્રકરણનું ૩૮મું વચનામૃત વંચાતું હતું તેમાં એકાંતિકનો ભગવાનને વિષે પ્રવેશ થાય છે એમ આવ્યું. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, એકાંતિકનું શું લક્ષણ હશે?

બાપાશ્રી બોલ્યા જે, એક ચાલોચાલ ને બીજા એકાંતિક એ બે પ્રકારના ભક્ત અવરભાવમાં એટલે સાધનદશામાં હોય છે. તેમાં જે માળામાં, માનસી પૂજામાં, ધ્યાન-ભજનમાં, શ્રીજીમહારાજની આજ્ઞા પાળવામાં, કથા-વાર્તામાં એ સર્વે ક્રિયામાં નિત્ય નિત્ય નવી નવી શ્રદ્ધા લાવીને કરતો જાય તે ચાલોચાલ કહેવાય અને આ પ્રમાણે સર્વે સાધન ન કરે ને કેવળ, મહારાજની નાની મોટી સર્વે આજ્ઞા પાળે તે ગુણબુદ્ધિવાળો પ્રાકૃત ભક્ત કહેવાય અને જે આજ્ઞામાં ફેર પાડે તે તો સ્વામિનારાયણનો કહેવાય જ નહિ અને સર્વે સાધનના અંતને પામીને, દેહને ખોખાવત્ કરીને, માયિકભાવ માત્રને ટાળીને, બ્રહ્મકોટીના ને અક્ષરકોટીના રાગને ટાળીને, એક શ્રીજીમહારાજની અખંડ સ્મૃતિ રાખે તે એકાંતિક કહેવાય. જેમ મંદિર પૂરું થાય પછી મૂર્તિ પધરાવાય છે તેમ એકાંતિક મંદિરને ઠેકાણે થયો. એટલે મૂર્તિને રહેવાનું શુદ્ધ પાત્ર થયો, અને તેમાં મૂર્તિ રહે છે પણ આત્માને વિષે દેખે નહિ ત્યાં સુધી એકાંતિક કહેવાય. આત્માને વિષે મૂર્તિનો સાક્ષાત્કાર થાય તે પરમ એકાંતિક કહેવાય અને મૂર્તિમાં રહે તે અનાદિ કહેવાય. આ બે પ્રકારના ભેદ પરભાવના એટલે સિદ્ધ મુક્તના છે. ૧/૧૪૫/૨૫૧

૬૮. જેમાં શ્રીજીમહારાજ કે સંત નાહ્યા હોય તેમાં નહાય કે પાણી પીએ કે તેના ઉપર પક્ષી ઊડીને જાય તેનું પણ

કલ્યાણ થાય. એવો આજનો મહિમા છે. શ્રીજીમહારાજને અને મોટાને અંતર્યામી ન જાણે ને અખંડ વૃત્તિ ન રાખે તો નાસ્તિકપણું છે. એક તો વિદ્યાએ કરીને મોટાઈ હોય ને એક તો વયે કરીને મોટાઈ હોય પણ મૂર્તિમાં જોડાય તે મોટપ ખરી. ભૂજમાં બાળમુકુંદદાસજીને કોઈ આગળ બેસારતા નહિ પણ એ તો મૂર્તિ સાથે રમૂજ કરતા. માટે મહાપ્રભુજીની વાત અટપટી છે. બાધિતાનુવૃત્તિ હોય ત્યાં સુધી પોતાની અને મહારાજની મોટાઈની ખબર પડે નહિ. જેમ બળદેવજીને પડી નહિ તેમ. આજ તમને શ્રીજીમહારાજે એવું બળ આપ્યું છે. આ વખત બગાડી નાખે એટલે પોતાનું પૂરું ન કરે તેને જન્મ ધરવો પડે. ભગવાનના ભક્તનો દેહ પ્રફુલ્લિત હોય ને વાણી પણ પ્રફુલ્લિત હોય ને એનાં દર્શન જે કરે તે પણ કૃતાર્થ થઈ જાય. ૧/૧૫૦/૨૬૨

૬૯. આ લોકમાં પૈસાનો મહિમા જાણ્યો છે તો ચાર ચાર મહિના સુધી સમુદ્રમાં રહે છે ને વહાણમાં સ્ત્રી-છોકરાં સારું દુઃખ વેઠે છે, તેમ શ્રીજીમહારાજનો ને સંતનો મહિમા જાણ્યો હોય તો સેવા કરવામાં શ્રદ્ધા બહુ રહે. શ્રીજીમહારાજની ને એમના મુક્તની સેવા કરવી તથા એમને જમાડવા. તે સેવાનું ફળ જે અક્ષરધામમાં શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ તે મળે છે. વ્યવહારમાં દેહ ઘસી નાખે તે તો સૂકા લાકડાંને પાણી પાય તો સડી જાય છે તેવું છે, અને આ તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ કરી દે છે. જેમ લીલા ઝાડને પાણી પાય તો સૂકાવા આવેલું હોય તો પણ લીલું થઈ જાય તેમ સેવાનું પણ એવું ફળ થાય. ૧/૧૫૦/૨૬૩

૭૦. આ લોકને વિષે રાજા છે તે મનુષ્ય છે તો પણ તેને વિષે મનુષ્યભાવ નથી લાવતા ને તે જેમ કહે તેમ કરવું પડે છે, તો આ તો દિવ્ય મૂર્તિઓ છે. માટે તે અત્યારે ખરા બપોર કહે,

તો પણ જીવમાંથી હા પાડવી જોઈએ; કેમ કે એમને તો રાત્રિ-દિવસ છે જ નહિ. આપણે જેમ દિવસે સૂઈ ઊઠીને નહાતા નથી ને દાતણ, પૂજા કરતા નથી અને રાત્રિએ સૂઈએ તો સવારે ઊઠીને દાતણ, નહાવું, પૂજા બધું કરવું પડે છે તેમ મોટાને રાત્રિ-દિવસ નથી, માટે તે જે કહે તે સત્ય માનવું તો મનુષ્યભાવ ટળે ને દિવ્યભાવ આવે ને કલ્યાણ થાય. ૧/૧૫૯/૨૮૫

**૭૧.** બાપાશ્રીએ કૃપા કરીને કહ્યું જે સંતો! જેમ પ્રલંબાસુર બળદેવજીને લઈ ચાલ્યો ત્યારે પોતાના બળની ખબર પડી નહિ પણ જ્યારે આકાશવાણીએ કહ્યું ત્યારે ખબર પડી, તેમ તમારામાં અપાર સામર્થી છે પણ તમને ખબર નથી. તમે એક જીવને અક્ષરધામમાં મૂકો તો બ્રહ્માંડ ઉગાર્યાનું ફળ થાય, તે કેવી રીતે તો ઉદ્‌ભિજ્જ, જરાયુજ, સ્વેદજ અને અંડજ એ ચાર ખાણમાં એ જીવને ફરવું પડે છે તે ફરવાનું મટી જાય; માટે એ કરજો. ૧/૧૫૯/૨૮૬

**૭૨.** જેમ શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ કોઠારમાં હતી ત્યારે તે મૂર્તિ પાસે કોઈ કાંઈ માગતા નહોતા અને હોમં-હવન કરીને પધરાવ્યા પછી તે મૂર્તિ પાસે મોક્ષ માગીએ છીએ, તો એક દિવસમાં એટલો ફેર પડ્યો. તેમ સંત કર્યા છે તેમને એવા દિવ્ય કલ્યાણકારી જાણવા. જ્યારે કથા થાતી હોય ત્યારે મુક્ત એમ જાણે જે પ્રત્યક્ષ શ્રીજીમહારાજ બોલે છે, ને સાધનિક એમ જાણે જે લખ્યું છે તે વંચાય છે. બત્રીસ લક્ષણે યુક્ત સંત થાય તેને આ કથા પ્રત્યક્ષ મહારાજ બોલે છે એમ જણાય. માયિક અક્ષર બત્રીસ છે. તેમાં કેટલુંયે બોલાય છે ને વંચાય છે તે માયિકમાં એટલું અપારપણું છે તો આ સભા ને મહારાજમાં શું ન હોય? એ તો અપાર છે; માટે નાસ્તિકભાવ ટાળવો. જીવ ઝીણો અને મહારાજને મુક્ત મોટા તેનો પાર ક્યાંથી પમાય? ૧/૧૬૧/૨૮૯

૭૩. મધ્ય પ્રકરણનું ૫૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં જે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે વર્તે તે જ આત્મસત્તારૂપે વર્તે છે એમ આવ્યું. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આજ્ઞા છે તે આત્મસત્તાનું કામ કરે છે, એટલે આજ્ઞા પાળનારો આત્મસત્તારૂપ એટલે મહારાજના તેજરૂપ થાય છે, ત્યારે તે પાત્ર થયો; પછી મોટા મુક્ત એમાં મૂર્તિ પધરાવી દે છે. ૧/૧૭૨/૩૨૧

૭૪. સારંગપુરનું બીજું વચનામૃત વંચાતું હતું. તેમાં પરમેશ્વર તથા મોટા સંત તે યોગ્ય અથવા અયોગ્ય (કડક) વચન કહે તે તત્કાળ સ્નેહે સહિત માનવું એમ આવ્યું; તો તે સંતનું અયોગ્ય વચન ક્યું જાણવું?

બાપાશ્રી બોલ્યા જે, ગુરુ હોય તે પોતાના શિષ્યને ગુણમાં આવીને શિખામણ દે તે અયોગ્ય વચન કહેવાય, અને શુદ્ધ સત્ત્વગુણમાં એટલે નિર્ગુણ થઈને બોલે, વઢે તે યોગ્ય કહેવાય. શિષ્ય હોય તે ગુરુનું અયોગ્ય વચન માને તો તેને શ્રીજીમહારાજનું વચન પાળે અને વચનના માર્યા જુદા ન પડે તો તે શૂળીનું દુ:ખ સહન કર્યું કહેવાય. જે શિષ્ય હોય તેણે ગુરુ આગળ યુક્તિ ન કરવી ને ખટપટીઆ ન થાવું અને અગડમ્ બગડમ્ ન કરવું. જેવા માંહી તેવા બહાર રહેવું પણ લેશમાત્ર કપટ ન રાખવું તો ગુરુ તથા મહારાજ રાજી થાય અને મોક્ષ થાય; માટે ચોખ્ખા થઈને ધામમાં જાવું. ૧/૧૭૪/૩૨૫

૭૫. માનસી પૂજા ને ધ્યાન કરવા માંડો તો કૃપા થાય, સૂતે સૂતે કૃપા માગો તે ક્યાંથી થાય? જીવ લગાર કામમાંથી નવરો થાય તો સૂઈ રહે કે ગપ્પાં દે, પણ ભગવાન સંભારે નહિ, એવો રમતિયાળ છે; માટે એવા બાળકિયા સ્વભાવ રાખવા નહિ. બાળકમાંથી વૃદ્ધાવસ્થા લાવવી, પણ યુવાન અવસ્થા આવવા દેવી નહિ. મોટાનો જોગ કરીએ ને દેહાભિમાન રહી

જાય તો જોગ કર્યો તે ન કર્યા જેવો છે. જીવ પાત્ર થાય તો પછી કૃપા થાય, માટે પાત્ર તો સર્વને થાવું પડશે; પછી કૃપા થશે. મનનું ધાર્યું મૂકી દઈને જેમ મોટા કહે તેમ કરો તો પાત્ર થવાય. ૧/૧૭૯/૩૩૬

૭૬. સાધન ક્યાં સુધી પૂગે એવાં છે? શ્રીજીમહારાજે અમદાવાદના ૭મા વચનામૃતમાં કહ્યું છે જે ગરુડ ઊડી શક્યો નહિ, પછી અમે એકલા જ ઊડ્યા. એમાં સમજવાનું એ છે જે ગરુડની ગતિ ગોલોકથી આગળ ન ચાલી તેમ સાધનની ગતિ ગોલોકથી આગળ નથી. ગોલોકથી આગળ તો કૃપાએ ચલાય છે. ગોલોક સુધી સાધન ચાલે, ત્યાંથી સાધન તૂટ્યાં. પછી તો શ્રીજીમહારાજ અથવા મુક્ત કૃપા કરીને મૂર્તિનો સાક્ષાત્કાર કરાવે, ત્યારે પરમ એકાંતિક થાય. પછી શ્રીજીમહારાજની મૂર્તિમાંથી અનુભવ જ્ઞાન છૂટે છે, તે મૂર્તિમાં લઈ જાય છે. જેમ સમુદ્રમાંથી વેળ આવે તે વેળ પાછી વળે ત્યારે જીવજંતુને પાછાં લઈ જાય છે, તેમ અનુભવજ્ઞાન મૂર્તિમાં લઈ જાય છે. ત્યારે તે મુક્ત અનાદિ કહેવાય છે. ૧/૧૮૩/૩૪૩

૭૭. સાધને કાંઈ થાતું નથી. જેમ દહાડી કરી કરીને રૂપિયા ભેળા કરીને રાજા સાથે લઢીને રાજ્ય લેવું હોય તો કોઈ દિવસ ના મળે, પણ એક ચીભડું ભેટ મૂકીએ તો રાજા રાજ્ય આપી દે, તેમ સાધને કરીને કલ્યાણ લેવું તે દહાડી કર્યા જેવું છે ને આશરે આવીને દેહ, મન ને જીવ તે સોંપી દે તો કલ્યાણ થાય, તેમાં કાંઈ વાર લાગે નહિ, એવા આજ મહારાજ ને મુક્ત કૃપાસાધ્ય છે. ૧/૧૮૫/૩૪૮

૭૮. આ સત્સંગમાં સાધુ ને સત્સંગી તે પોતપોતાના નિયમ બધા પાળતા હોય પણ શ્રીજીમહારાજનો મહિમા પૂરો સમજી શકે નહિ અને કોઈ મોટા પણ મળ્યા ન હોય તેને અંત વખતે પ્રાપ્તિ

કેવી થાય? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, તેને મહારાજ ને મોટા કૃપા કરીને જ્યાં મોટા મુક્તનો જોગ હોય ત્યાં રાખીને મહિમા સમજાવીને લઈ જાય અને જે શાસ્ત્રમાંથી યથાર્થ મહિમા સમજ્યો હોય ને તેને મોટાનો જોગ ન મળ્યો હોય તો પણ તેને મહારાજ ને મોટા કૃપા કરીને જેવો મહિમા સમજ્યો હોય તેવી પ્રાપ્તિ અંત વખતે કરાવે; પણ જેને મોટાનો જોગ થયો હોય તે તો ઈયળ-ભ્રમર ન્યાયે બીજા અનેક જીવોને મુક્ત કરે. જોગ વિનાનાને અંત વખતે તેને સમજણ થઈ હોય તે પ્રમાણે સુખની પ્રાપ્તિ થાય અને જોગવાળાને છતે દેહે સુખની પ્રાપ્તિ થાય એટલો વિશેષ છે. ૧/૧૮૯/૩૫૬

૭૯. એક મહારાજની સમીપે રહે ને એક મહારાજની મૂર્તિમાં રહે તેને સુખમાં શો ફેર રહેતો હશે?

બાપાશ્રી બોલ્યા જે મૂર્તિમાં રહેનારાને સુખ લેવાની ગતિ અધિક છે, કેમ જે તે સમગ્ર મૂર્તિમાં રહીને રોમરોમનાં સુખ એકકાળાવિચ્છિન્ન લે છે અને પરમ એકાંતિકની એવી ગતિ નથી. માટે એટલું સુખ લઈ શકતા નથી. ૧/૧૮૯/૩૫૬

૮૦. મધ્ય પ્રકરણનું ૫૪મું વચનામૃત વંચાતું હતું. તેમાં ભગવાનના ભક્તને વિષે જેની આત્મબુદ્ધિ થાય છે, તેણે જ સર્વ સાધનથકી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે એમ વાત આવી ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આત્મબુદ્ધિ આવવી તે ઘણી કઠણ છે. વિશ્વાસ હોય તો પણ આત્મબુદ્ધિ ન થાય. સંતને વિષે એટલે મુક્તને વિષે આત્મબુદ્ધિ થાય તો જેમ કહે તેમ કરે ને દેહાભિમાન આડું આવે નહિ. જો દેહાભિમાન ટળી જાય તો મહારાજને વિષે ને અનાદિમુક્તને વિષે આત્મબુદ્ધિ થાય. ૧/૨૦૦/૩૮૭

૮૧. પ્રથમ પ્રકરણનું ૨૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિએ કરીને ભગવાન પ્રસન્ન થાય છે એમ વાત આવી ત્યારે બાપાશ્રી બોલ્યા જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચારેનું સ્વરૂપ સત્પુરુષના સમાગમે પમાય છે. પણ તે વિના શાસ્ત્રમાંથી પોતાની માયિક બુદ્ધિએ કરીને પમાતું નથી. શાસ્ત્ર તો દિશ બતાવે છે, પણ મોટા મળે ત્યારે વાસ્તવિક સમજાય. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તે મહારાજની તથા અનાદિમુક્તની શક્તિઓ છે. તે સત્પુરુષના સમાગમે કરીને જીવને વિષે આવે છે ત્યારે જીવને મુક્ત કરે છે. જેમ આંબા આદિ ઝાડમાંથી ફળ થાય છે તેમ મૂર્તિમાંથી ને મુક્તમાંથી એવા અનંત ઐશ્વર્ય પ્રગટ થાય છે ને લીન થાય છે. ૧/૨૧૦/૪૧૭

૮૨. મોટા મુક્ત પાસે અહીં જે વાવશો તે ઊગશે, અપરાધ કરશો તો ય ઊગશે અને સેવા કરશો તો ય ઊગશે. જો તન કુરબાન કરી નાખશો તો મૂર્તિના સુખે સુખિયા થશો, પરોક્ષના કાર્યમાં રજોગુણ ને તમોગુણ છે. દા.ત. પાંડવોનાં યુદ્ધ, હિરણ્યકશ્યપુનાં યુદ્ધ, એ તમોગુણ-રજોગુણ કહેવાય; પણ અહીં તો નૈમિષારણ્ય ક્ષેત્રમાં એવું એકેય નથી, આ તો દિવ્ય સભા છે. ૧/૨૧૫/૪૪૦

૮૩. પ્રથમ પ્રકરણનું ૯મું વચનામૃત વંચાતું હતું. તેમાં ધામને વિષે મૂર્તિઓ તથા ઐશ્વર્ય દેખાડે છે એમ આવ્યું. પછી ભૂજના સોની મોતીભાઈએ પૂછ્યું જેઃ- મૂર્તિઓ અને ઐશ્વર્ય કિયાં જાણવાં?

બાપાશ્રી બોલ્યા જે, મૂર્તિઓ તે અનાદિમુક્ત મૂર્તિમાં રહ્યા છે તે સમજવા અને મૂર્તિમાંથી સુખ આવે તે ઐશ્વર્ય જાણવાં. ૧/૨૧૬/૪૪૦

૮૪. સભામાં પ્રથમ પ્રકરણનું ૨૭મું વચનામૃત વંચાતું હતું. તેમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે એ વાત આવી

ત્યારે સંતે પૂછ્યું જે: આવી સમજણ આવ્યા પહેલાં ભગવાન નિવાસ નહિ કરતા હોય? અને જેના હૃદયમાં ભગવાન નિવાસ કરે તે મુક્ત કેવી સ્થિતિના કહેવાય?

બાપાશ્રી બોલ્યા જે, જેમ સિંહણનું દૂધ સુવર્ણના પાત્રમાં જ રહે પણ ઠીકરાં આદિકના વાસણમાં ન રહે તેમ પાત્ર થાય ત્યારે શ્રીજીમહારાજ નિવાસ કરે, પણ તે પહેલાં નિવાસ ન કરે, તે માટે પાત્રની તારતમ્યતાએ રહે છે. જેના હૃદયમાં ભગવાન નિવાસ કરે તે મુક્તની એકાંતિકની સ્થિતિ કહેવાય. ૧/૨૨૯/૪૫૭

૮૫. પુરુષોત્તમને વિષે લીન કેમ થવાય?

બાપાશ્રી બોલ્યા જે શ્રીજીમહારાજ પોતાને વિષે અતિ સ્નેહવાળા ભક્તને પોતાની મૂર્તિને વિષે દૂધમાં સાકરવત રાખે છે. ૧/૨૩૫/૪૭૨

૮૬. દૂધ ને સાકર તો નિરાકાર છે ત્યારે ભગવાન ને મુક્ત તે સાકાર હશે કે નિરાકાર હશે?

બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજ ને એમના મુક્ત સદા સાકાર છે ને શ્રીજીમહારાજ ભક્તના ચૈતન્યને સાકાર કરીને પોતાની મૂર્તિમાં ચરણમાં ચરણ, હાથમાં હાથ, મસ્તકમાં મસ્તક, શ્રોત્રમાં શ્રોત્ર, ચક્ષુમાં ચક્ષુ એમ સર્વ રીતે દરેક અવયવે અવયવમાં રાખે છે. ૧/૨૩૫/૪૭૨

૮૭. ભગવાનનો મહિમા સંતના સમાગમે કરીને સમજાય ત્યારે ભગવાન થકી ભગવાનનો મહિમા સમજાય કે નહિ?

બાપાશ્રી બોલ્યા જે, ભગવાન પ્રત્યક્ષ મળે તો ભગવાન પોતાનો મહિમા સમજાવે અને સંત મળે તો સંત સમજાવે. તે સંત દ્વારાએ પણ ભગવાન જ સમજાવે છે. માટે ભગવાનનો મહિમા ભગવાન થકી જ સમજાય છે એમ જાણવું. ૧/૨૩૫/૪૭૩

૮૮. મોટાનું સુખ કેટલાક છેટે રહ્યા હોય તે પણ લઈ શકે છે અને ઘણાક સમીપમાં રહ્યા હોય પણ એ સુખ લઈ શકતા નથી; જેમ ગાયનું વાછરડું છેટે રહ્યું હોય તો પણ દૂધનો સ્વાદ લે છે અને ઇતરડી આઉમાં રહીને પણ એ સ્વાદ લઈ શકે નહિ તેમ. એનું કારણ દેહાભિમાન છે, તેથી એ માર્ગ જડતો નથી. ૧/૨૩૯/૪૮૨

૮૯. બ્રહ્મચારી વૈરાગ્યાનંદજીએ પૂછ્યું જે: સારંગપુરના ૧૭મા વચનામૃતમાં દશ પ્રકારના મુક્તના ભેદ કહ્યા છે તેમાં મહાતેજરૂપ મુક્તને શ્રેષ્ઠ કહ્યા છે તે આપણે મહાતેજરૂપ થયા છીએ કે નહિ તે શી રીતે જણાય? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મહાતેજરૂપ તો પરમ એકાંતિક કહેવાય અને તમો તો આ જોગથી ને કૃપાથી મહાતેજથી પર અનાદિમુક્તરૂપ થયા છો અને જે જણાતું નથી તેનું તો એમ છે જે જેમ પક્ષીનું ઇંડું પરાધીન છે પણ જ્યારે ઇંડું ફૂટીને પાંખો આવશે ત્યારે આકાશમાં રહેશે. માટે તે ખેચર કહેવાય. તેમ જે શ્રી પુરુષોત્તમના આશ્રિત સર્વે દેહના આવરણમાં છે ત્યાં સુધી ઇંડાની પેઠે પરાધીન છે પણ જ્યારે આ દેહનો જોગ મટી જશે ત્યારે આવરણ રહિત થઈને શ્રી પુરુષોત્તમના સુખમાં રમશે. ૧/૨૪૭/૫૦૦

---

૧. ભારાસરના મંદિરમાં બાપાશ્રી કૃપા કરીને બોલ્યા જે હરિજનો! આ સતો બધા અનાદિમુક્ત છે ને ભગવાનરૂપ છે. તે પ્રત્યક્ષ ભગવાનનો અનુભવ કરાવે છે અને અનુભવજ્ઞાન આપી સાક્ષાત્કાર કરાવે એવા છે એમ સમજજો. સત્સંગમાં કેટલાક સમજ્યા વિના સામસામા લડે છે. કોઈક તો અક્ષરથી બહાર નીકળતા જ નથી. એ તો અક્ષરમાં જ રહેવાના.

આપણે તો ખરા મુક્તનો જોગ રાખવો તો અનાદિમુક્ત થઈને મૂર્તિમાં રહેવાય. ૨/૭/૨૫

૨. શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત મળે તો એ અનુભવજ્ઞાન આપીને મૂર્તિનો સાક્ષાત્કાર કરાવી મૂર્તિમાં જોડી દે, તે વિના સાધને કરીને એ સ્થિતિ પમાય નહિ. એવા મુક્તનો મહિમા તો અપાર છે. તે અ. મુ. સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં કહેલ છે, જે તમારા પરમહંસની મોટા મોટા દેવ તથા અક્ષરાદિક મુક્ત અને સર્વે અવતાર પ્રાર્થના કરે છે ને દર્શનને ઇચ્છે છે. એવી જ રીતે વિધાત્રાનંદ સ્વામીએ કરેલ 'પુરુષોત્તમ નિરૂપણ' તથા ગોપાળાનંદ સ્વામીની વાતોમાં પણ મહિમા કહેલ છે. ૨/૭/૨૬

૩. સભામાં પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, પામર વિષયી તથા મુમુક્ષુને મૂર્તિમાં કોણ લઈ જાય? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, અનાદિમુક્ત લઈ જાય. અ. મુ. સ. ગુ. ગોપાળાનંદ સ્વામીએ ગઢડાના મંદિર ઉપર ચઢીને સંકલ્પ કર્યો જે પ્રલય કેમ થાતો હશે? ત્યાં તો ઝાડ અને ઘર ધબોધબ પડવા લાગ્યાં તેથી સ્વામીશ્રીએ તુરત સંકલ્પ બંધ કર્યો, એવા મહાસમર્થ હતા. એવાની સાથે જીવ જોડે તો તે મૂર્તિમાં લઈ જાય. ૨/૮/૨૮

૪. સભામાં પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, વ્યતિરેક મૂર્તિમાં અનાદિમુક્ત રહ્યા છે. તેમને બોલવા-ચાલવાનું હશે કે નહિ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, દિવ્ય મૂર્તિમાં રહ્યા તેમાં બોલવાનું જોવાનું છે તે બધુ મહારાજનું છે. એકાંતિકને વિષે પણ મહારાજ સર્વે ક્રિયા કરે છે તો અનાદિને તો કાંઈ પણ ક્રિયા હોય જ શાની? એ તો મૂર્તિના સુખમાં લુબ્ધ હોય તેથી બીજું કાંઈ કરતા જ નથી. ૨/૧૧/૩૩

૫. બાપાશ્રી દેવરાજભાઈ પ્રત્યે બોલ્યા જે, તમે આ સ્વામી

ઈશ્વરચરણદાસજી આદિ સંતોને ઓળખ્યા તેથી કામ થઈ ગયું. આવા સંત ક્યાંય ન મળે. સંત તો બધાય છે, પણ આવા સંતથી કામ થાય તે બીજાથી ન થાય. આ સંત, ઉત્સવ, સમૈયા, મંદિરો એ આદિ કામ કરતા ન જણાય પણ જે કામ આ સંત કરે તે બીજાથી ન થઈ શકે. મૂર્તિમાં રસબસ કરવા તે આવા સંતથી થાય; આ સંતના દર્શનથી, સ્પર્શથી કામ સરે. એમને વાયુ ભટકાઈને જેના ઉપર પડે તે બધાનું કલ્યાણ થાય એવા સમર્થ આ સંત છે. માટે આવા સંતનો જોગ રાખજો; તો ધામમાં હડેડાટ ચાલ્યા જવાય. આ સંત બ્રહ્મની મૂર્તિઓ છે. સંત કોને કહીએ તો જે શાંતિને પમાડે તે સંત. આ સંત તો ગૌમુખી ગંગા છે. તે ગૌમુખીમાંથી મહારાજનું સુખ આવે છે. આવા જંગમ તીર્થનો મહિમા સમજીને જોગ કરવો. ૨/૧૬/૪૧

૬. કેટલાક તો શાસ્ત્ર ભણેલા હોય પણ મોટાનો વિશ્વાસ ને જોગ વિના અટકીને ઊભા થઈ રહે છે. જેને શાસ્ત્રના વચનથી વહેમ બંધાઈ જાય છે, તેને તો મહારાજના મોટા મુક્ત દયા કરીને સમજાવે ને તેના વચનમાં વિશ્વાસ લાવે તો જ સમજાય. ૨/૨૧/૫૮

૭. જેતલપુરનું ૧લું વચનામૃત વંચાતું હતું. તેમાં ભગવાનને મળેલા મુક્તની વાત આવી ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મૂર્તિમાં રહેતા હોય તે મળેલા કહેવાય. મહારાજ અને મુક્ત સદા સત્સંગમાં છે, છે ને છે જ! આજ સાક્ષાત્ શ્રીજીમહારાજ મધ્યસ્થ બિરાજે છે અને મુક્ત ફરતા બેઠા છે, માટે સદાય પ્રત્યક્ષ છે. તે અંતર્દૃષ્ટિએ કરીને જુએ અને મહારાજનો ને મોટાનો વિશ્વાસ લાવે, તો આ ફેરે જ છેલ્લો જન્મ થઈ જાય. મહારાજ અને મોટા મુક્તો મળ્યા છે, તે પૂરું કરાવી દેશે પણ ખટકો રાખીને મંડવું. પંચભૂતના દેહને પડ્યો મૂકીને

ભગવાનના સ્વરૂપમાં જોડાઈ જવું. ૨/૨૨/૫૯

૮. સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે નંદરાજાને નાણું કાંઈ કામ આવ્યું નહિ. તેમ આ સંત નિર્ભય નાણું છે. તે મહિમા જાણીને સમાગમ નહિ કરે તેને નંદરાજા જેવું થશે. આ સંત અક્ષરધામથી પરના એટલે મૂર્તિમાં રહેનારા છે, તો પણ કેટલાક બાળક જેવા છે તે સમજી શકતા નથી. કોઈક કોઠારું કરે, કોઈક ભંડારું કરે, કોઈક મહંતાઈ કરે, પણ આવા સંત ક્યાંથી મળે! આ સંત કરે તે કામ કોઈ ન કરે. આવા સંતને મુખે શ્રીજીમહારાજ પોતે બોલે છે. જીવાખાચરને ઘેર ફૂડિયાં ગવાતાં હતા એટલે શ્રીજીમહારાજ ત્યાંથી ચાલી નીકળ્યા તે સુખપુર ગયા, ત્યાં પણ એવો ને એવો જ વિવાહ હતો, ત્યાંથી ચાલ્યા તે કુંડળની ભાગોળે થઈને અરધી રાત્રીએ જતા હતા. ત્યાં મામૈયો પગટર ઘરમાં રહ્યો થકો હે સ્વામિનારાયણ બાપા! એમ બોલ્યો, ત્યારે શ્રીજીમહારાજ તુરત દર્શન આપીને બોલ્યા જે, હાં, બાપા! એમ સંત બોલાવે તો પણ બોલે અને સંતને મુખે પણ બોલે. મૂર્તિમાં રહીએ તો મહારાજ જ બોલે. ૨/૨૩/૬૧

૯. સભામાં મધ્ય પ્રકરણનું ૪૫મું વચનામૃત વંચાતું હતું. તેમાં ભગવાન ને ભગવાનના ભક્તને રાજી કરવાની વાત આવી. ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, ભગવાન ને ભગવાનના ભક્તને તો રાજી કરીએ પણ મુક્ત તો મૂર્તિમાં રહ્યા હોય તેમને શી રીતે રાજી કરવા? પછી બાપાશ્રી બોલ્યા જે, મૂર્તિમાં રહેલા મુક્તને જુદા રાજી કરવા ન પડે; એ તો મહારાજ ભેળા રાજી થાય. એટલે મહારાજને રાજી કરવાથી એ રાજી થઈ ગયા એમ જાણવું. પરમ એકાંતિક મુક્ત તથા સાધન દશાવાળા એકાંતિકને રાજી કરીએ તો તે ભેળા મહારાજ રાજી થાય. ૨/૨૭/૭૧

**૧૦.** પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, પરમ એકાંતિક તો મૂર્તિની સમીપે રહે છે, પણ મૂર્તિની અંદર રહેલા મુક્તને સન્મુખ કેવી રીતે જાણવું? પછી બાપાશ્રી બોલ્યા જે મૂર્તિમાં સળંગ રહ્યા થકા સમગ્ર મૂર્તિને એકકાળાવચ્છિન્ન દેખે છે એમ સન્મુખ જાણવું. ૨/૨૭/૭૨

**૧૧.** મહારાજ અને મુક્ત તો દેહ વિનાના કહેવાય. તેમને તો આ લૌકિક ક્રિયા જે ખાવું-પીવું તે નથી. તે તો જમતા થકા અજમતા છે. એમ જ સર્વે ક્રિયા કર્તા થકા અકર્તા છે. આવી રીત મોટા મુક્તની છે. ૨/૩૦/૭૭

**૧૨.** જેમ શ્રીજીમહારાજ દિવ્ય છે તેમ મોટા મુક્ત પણ દિવ્ય છે, પણ સુખભોક્તામાં સ્વામી-સેવકપણું રહે છે. મહારાજ સુખના દાતા છે અને મુક્ત સુખના ભોક્તા છે. શ્રીજીમહારાજે પોતાના મુક્તોને કહ્યું જે તમે પૃથ્વી ઉપર જાઓ, ત્યાં તમો જેને કથા-વાર્તા કરશો, તમારા હાથની જે પ્રસાદી જમશે તે સર્વેને અમારા ધામની પ્રાપ્તિ થશે. મોટા તો જ્યાં વિચરતા હોય ત્યાં ઝાડ, પહાડ સર્વેના ધન્ય ભાગ્ય કહેવાય. મહારાજની મૂર્તિના સુખે સુખિયા થાવું હોય તો માયિક પદાર્થમાંથી પ્રીતિ ટાળી આવા મોટાનો મન, કર્મ, વચને જોગ-સમાગમ કરીએ તો સંસારરૂપી સમુદ્રમાંથી ઊગરીને ભગવાનની મૂર્તિના સુખમાં ઝટ પહોંચી જવાય ને ભારે કામ થઈ જાય. મોટાની અનુવૃત્તિમાં રહે તો ધક્કો મારીને પૂરું કરી આપે. મોટા અનાદિ દ્વારા જે સત્સંગમાં વપરાણું તે અનંતગણું થાય છે. ૨/૩૧/૮૫

**૧૩.** મોટા સંતનો મહિમા કેવો છે તો મહિમાએ સહિત જે સ્પર્શ કરે છે તેને અક્ષરધામની પ્રાપ્તિ થાય છે અને હેતે સહિત જમાડી પુષ્પ-ચંદને પૂજા કરીને વસ્ત્ર ઓઢાડે છે તે છતે દેહે ભગવાનના અક્ષરધામને પામે છે. જીવ મહારાજને તથા મોટા

મુક્તને સંભારે તો તરત સુખિયો થઈ જાય અને કામ-ક્રોધાદિક સર્વે ટળી જાય. ૨/૩૧/૮૬

**૧૪.** પુરુષોત્તમરૂપ જે સંત તેને જોગે કરીને પુરુષોત્તમરૂપ થવાય છે. પ્રથમ તો ખદ્યોત જેટલો જીવમાં પ્રકાશ હોય અને થોડે થોડે મહાતેજ જેવો થાય, પણ પુરુષોત્તમરૂપ થાય છે. જેમ અગ્નિમાં લાકડું નાખે તે અગ્નિરૂપ થઈ જાય તેમ પણ કનિષ્ઠના જોગથી પુરુષોત્તમરૂપ થવાય નહિ. ૨/૩૧/૮૭

**૧૫.** પુરુષોત્તમ ભગવાન સર્વે મુક્તોને સન્મુખ અને સામું જોઈ રહ્યા છે તેમ ભાસે છે. વળી પુરુષોત્તમરૂપ જે મહામુક્તના સમાગમ, સેવા, આશીર્વાદ વડે કરીને જે મુક્ત થયા તે સર્વે જેટલામાં પુરુષોત્તમની દૃષ્ટિ પહોંચે છે, જેટલું પુરુષોત્તમ જાણે છે તેટલું જાણે છે ને દેખે છે. જેમ સૂર્યની દૃષ્ટિને પામ્યા એવા જે પુરુષ તે જેટલામાં સૂર્યની દૃષ્ટિ પહોંચે છે તેટલામાં તેની પણ દૃષ્ટિ પહોંચે છે. તેમ પુરુષોત્તમ જેટલું દેખે છે તથા જ્યાં પુરુષોત્તમ ભગવાન હોય ત્યાં તે પણ હોય. ત્યારે પુરુષોત્તમ તો સર્વત્ર છે, સર્વત્ર દેખે છે, જાણે છે, તેવા તે મહામુક્ત પણ છે. એમ પુરુષોત્તમથી જરાય જુદા રહેતા નથી અને અજાણ્યું પણ કાંઈ નથી. ૨/૩૩/૯૪

**૧૬.** જેને મોટા મુક્તને વિષે આત્મબુદ્ધિ થઈ હોય ને તેમને સાચે ભાવે સંભારે તો મોટા પ્રત્યક્ષ મળ્યા હોય ને કામ કરે તેવું જ કામ કરે છે. જેમ આંબલીને સંભારે તો મુખમાં પાણી આવે છે તેમ મોટાને જ્યાં જ્યાં સંભારે ત્યાં પોતે પ્રગટ આવીને તેનું કામ કરે છે, પણ જો સાચો વિશ્વાસ હોય અને સંપૂર્ણ મહિમા જાણ્યો હોય તો પાત્ર થવામાં કાંઈ દાખડો નથી. પોતાનું મનગમતું મૂકી દઈને જેમ મોટા કહે તેમ સરળપણે વર્તે તો પાત્ર તુરત થાય. મોટાની સેવા અને સમાગમ કરવાથી મહારાજની મૂર્તિરૂપી

ફળ પ્રાપ્ત થાય છે ત્યારે મહારાજને સર્વત્ર દેખે છે. જેમ સાધુ કેશવદાસજી તથા અવલબાને વિષે મહારાજે પ્રવેશ કર્યો હતો તે ટાણે મહારાજ પોતે જ છે એમ જણાતું હતું. તેમ સિદ્ધદશાને પામે ત્યારે સર્વેને વિષે મહારાજને દેખે; ત્યારે માયા ટળી એમ જાણવું. જેમ કડિયા મૂર્તિ કરે પછી બ્રહ્મયજ્ઞ કરી તેમાં મહારાજનું આવાહન કરી પધરાવે છે, ત્યારે તેમાં સાક્ષાત્ ભગવાન બિરાજે છે અને જીવ છે તે તો પાત્ર છે, તો તેમાં મૂર્તિ પધરાવવી તેમાં શી વાર! કાંઈ પણ વાર ન લાગે. માટે મોટાને વિનંતી કરીને મૂર્તિમાં વળગી પડવું. ૨/૩૪/૯૬

૧૭. મહારાજના મુક્ત છે તે તો અમૃતના ઝાડની પેઠે છે, તે જ્યાંથી ઉપયોગમાં લો ત્યાંથી અમૃત; તેની સેવા સ્પર્શ વગેરે અમૃત છે. એમની સેવાં કાંઈ થોડે ભાગ્યે મળતી નથી અને તેથી બીજી કોઈ મોટી પ્રાપ્તિ નથી; માટે મોટાની ક્રિયામાં સંશય ન કરવો. મોટા ઊંઘે ત્યારે નસકોરાં બોલતાં હોય એમ જણાય પણ તે તો મહારાજની મૂર્તિમાં ગુંજારવ કરતા હોય. એવા મોટા અનાદિનો જોગ જેને થયો છે તેના આત્માને વિષે મોટાએ શ્રીજીમહારાજની મૂર્તિ પધરાવી દીધી છે, પણ તે જોગ કરનારને ખબર નથી, પણ તે જોશે ત્યારે દેખાશે. ૨/૩૫/૯૪, ૯૯, ૧૦૦

૧૮. જીવનું કારણ શરીર વજસાર જેવું છે, પણ શ્રીજીમહારાજનો જરાક ઝબકારો જીવમાં આવે કે તુરત કારણ શરીર બળી જાય છે. જેમ જરાક અગ્નિનો તણખો બાળી મૂકે છે તેમ. માટે કારણ મૂર્તિને પામવા કારણરૂપ એવા અનાદિમુક્તનો જોગ-સમાગમ કરી મહિમા જાણવો. મોટા મુકતનો મહિમા સ્વામી સેવકભાવ રાખીને જેટલો કહેવો હોય તેટલો કહેવાય. તે એવી રીતે કે મહારાજ સુખ દાતા છે ને મુક્ત સુખ ભોક્તા છે. એવા

મુક્તની કૃપા ક્યારે થાય? તો પુરુષપ્રયત્ને કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સિદ્ધ કરે તો. મોટાની કૃપા વિના મહારાજના સુખમાં કે મૂર્તિમાં કોઈ પણ પ્રકારે જીવની દૃષ્ટિ પહોંચતી નથી. વચનામૃતમાં મહારાજ તથા મોટા મુક્તનો મહિમા બહુ લખ્યો છે, પણ મોટાના જોગ વિના એના અર્થ સમજાય નહિ. તે અર્થ કયા? તો એક પરોક્ષ ભાવ, બીજો પ્રત્યક્ષ ભાવ, ત્રીજો પરભાવ. તેમાં કેટલેક ઠેકાણે એકાંતિકની, કેટલેક ઠેકાણે પરમ એકાંતિકની અને કેટલેક ઠેકાણે અનાદિની સ્થિતિની વાત કરી છે. એ શબ્દપ્રયોગ મોટા ઓળખે. માટે તેનો જોગ કર્યા વિના સમજાય નહિ. ૨/૩૫/૧૦૧

૧૯. સિદ્ધ મુક્તને મતે અણુ અણુ પ્રત્યે ભગવાન રહ્યા છે, કેમ જે એમની દૃષ્ટિ મૂર્તિ આકારે છે. એમને તો મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ. તે તો ગમે તે ક્રિયા કરે પણ મૂર્તિ ભૂલે નહિ. આવા મુક્તના પ્રસંગ સિવાય મહારાજની મૂર્તિ દેખાતી નથી. શ્રીજીમહારાજે કહ્યું છે, "તે મૂર્તિને અમે પ્રગટ પ્રમાણ હમણાં પણ દેખીએ છીએ અને સત્સંગમાં નહોતા આવ્યા ત્યારે પણ દેખતા અને માતાના ગર્ભમાં હતા તે દિવસ પણ દેખતા અને ગર્ભમાં આવ્યા મોર પણ દેખતા." તે મહારાજે પોતાના મિષે અનાદિમુક્તની સ્થિતિની વાત કરી છે. ૨/૩૫/ ૧૦૦, ૧૦૧, ૧૦૨

૨૦. મહારાજ અને મુક્ત તથા આપણે સર્વે ભેળા જ છીએ, એક ક્ષણ માત્ર પણ દૂર નથી. એવું જેને રહેતું હોય તેને પણ જ્ઞાનનો વધારો થવા માટે એવા મહામુક્ત પ્રત્યક્ષ બિરાજતા હોય ત્યાં સુધી જોગ કરી લેવો. જેને મહારાજ ને મોટાને વિષે અનન્ય પ્રીતિ થાય તેને પ્રારબ્ધ બળી જાય છે અને કોઈ પણ પ્રકારનું બંધન રહેતું નથી. જેને મોટા મુક્તનો જોગ ન થયો હોય તેને તો માયા ઘણી બળવાન જણાય

છે અને મોટા તો સ્વતંત્ર હોય તે માયામાં પણ નિર્લેપ રહે, સ્વતંત્ર પ્રગટ થાય અને અનંત પતિત જીવોનો ઉદ્ધાર કરી નાખે એવું એમાં સામર્થ્ય છે. એવા મોટાની અનુવૃત્તિમાં રહી તેમને પ્રસન્ન કરે તેનું કલ્યાણ થાય. ૨/૩૯/૧૦૩, ૧૦૫

૨૧. શ્રીજીમહારાજ નરનારાયણને મિષે પ્રગટ થયા તેથી મહારાજને નરનારાયણ કહ્યા હોય, ત્યારે નર તે મુક્ત અને નારાયણ તે મહારાજ એમ જાણવું. ૨/૩૭/૧૦૯

૨૨. શ્રીજીમહારાજના અનાદિમુક્ત મળે તો શ્રીજીની મૂર્તિમાં લઈ જાય અને તે વિનાના તો બીજા ધામમાં લઈ જાય. મહારાજ અને મોટા અનાદિનો મહિમા સમજાય ત્યારે શ્રદ્ધા વધે, દેહના ઘસારાને પણ ન ગણે, માન-અપમાનને ન ગણે; એને તો એક મૂર્તિનું જ તાન હોય. એવા મુક્તને માથે કાળ, માયા, પુરુષ, બ્રહ્મ, અક્ષર આદિ કોઈનો હુકમ નથી ને એ સર્વે એમને રાજી કરવા ઇચ્છે છે. ૨/૩૭/૧૧૧

૨૩. શ્રીજીમહારાજ કલ્યાણ તથા પોતાનું સુખ તે મુક્ત પાસે અપાવે છે. માટે સાધનદશાવાળા મોક્ષાર્થીને મુક્તને શરણે થયા વિના પોતાને બળે તે સુખ પમાતું નથી અને મહારાજના સુખમાં પહોંચ્યા પછી કોઈ મુક્તની અપેક્ષા રહેતી નથી. ૨/૩૭/૧૦૭

૨૪. એક હરિભક્તે સ. ગુ. નિર્ગુણદાસજી સ્વામીને પૂછ્યું જે, શ્વેતદ્વીપ ને બદરિકાશ્રમમાં કોણ રહે છે? ત્યારે એ બોલ્યા જે, અમે એવું જાણતા નથી. ચક્રવર્તી રાજા બીજાનું જોવા ન જાય, તેમ મૂર્તિ વિના અમે બીજું જોતા નથી. પુરુષોત્તમનારાયણની મૂર્તિમાં જોડાઈ રહ્યા એને બીજું કાંઈ છે? એવું જોયાનું શું કામ? માયિક વસ્તુથી શું જોવાય? તેથી તો માયામય જ જોવાય ને દિવ્ય વસ્તુ રહી જાય. સૂરત રાખો. મોટા

તો મૂર્તિથી નોખા જ ન પડે. એવી સ્થિતિવાળાને માળા પૂરી ન થાય, માનસીપૂજા પૂરી ન થાય, તેમને તો આકાશ-પાતાળમાં મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ, સર્વે થઈ રહ્યું છે. ૨/૩૯/૧૧૮

૨૫. જેમ વૃક્ષ સાથે છાલ વળગી છે તેમ પરમ એકાંતિક મુક્ત મૂર્તિમાં વળગ્યા છે. અનાદિ જેમ વૃક્ષમાં રસ વ્યાપી રહ્યો છે તેમ મૂર્તિમાં જોડાઈ રહ્યા છે. તેવી રીતે આપણે મૂર્તિમાં જોડાવું. ૨/૪૧/૧૨૩

૨૬. પુરાણી હરિપ્રસાદદાસજીએ પૂછ્યું જે, મહારાજની આજ્ઞા પ્રમાણે પાંચ વર્તમાન તથા અગિયાર નિયમમાં રહ્યો હોય અને ઉપાસના પરિપક્વ હોય પણ તેને ત્યાગ, વૈરાગ્ય તથા ધ્યાન કરવા આદિકમાં મંદ શ્રદ્ધા હોય પણ મોટાનો દૃઢ વિશ્વાસ હોય તો તેનું મોટા પૂરું કરે કે ન કરે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મોટાનો વિશ્વાસ હોય અને ઉપાસના પરિપક્વ હોય ને બીજી વાતમાં કાંઈક કસર હોય તો પણ તેનું આત્યંતિક કલ્યાણ મોટા કૃપાસાધ્ય છે માટે કરે. પ્રથમ પ્રકરણના ૨૭મા વચનામૃતમાં કહ્યું છે જે એવો ભગવાનનો ભક્ત અનંત ઐશ્વર્યને પામે તે ઐશ્વર્ય તે શું? તો મૂર્તિનાં નાનાં પ્રકારનાં સુખ તેને પામે છે. વચનામૃતમાં કહ્યું છે જે એવા ભક્તનાં નેત્રમાં ભગવાન જોનારા છે, પગમાં ચાલનારા ભગવાન છે, એ સાધનદશામાં એકાંતિકની સ્થિતિ કહી છે અને જે અક્ષરધામમાં શ્રીજીમહારાજની સન્મુખ સિદ્ધ મુક્ત રહ્યા છે તેને તો એક મહારાજ જ છે, તે પરમ એકાંતિકની સ્થિતિ છે. ૨/૪૧/૧૨૬

૨૭. વચનામૃતમાં મહારાજે એમ કહ્યું છે જે, "આ ગઢડું શહેર કે ઓસરી એ કાંઈ દેખાતું નથી." તે સ્થિતીની વાત છે. એવી સ્થિતિ થાય તેને મૂર્તિ વિના કાંઈ દેખાતું નથી. અક્ષરધામ વિના અણુમાત્ર ખાલી નથી. મહારાજે કહ્યું જે મૃત્યુ સમે એક

ઘડી આડી હોય, ત્યારે પણ નિર્વાસનિક થઈ મૂર્તિમાં જોડાય તો કસર ટળી જાય છે. તે અંત સમે તો મોઢું ફાટ્યું રહે, આંખ્યો ફાટી રહે, ત્યારે મૂર્તિમાં ક્યાંથી જોડાવાય! પણ જો મોટા અનાદિને વિષે દિવ્યભાવ હોય, વિશ્વાસ હોય, હેત હોય અને આજ્ઞામાં રહ્યો હોય તો મોટા કૃપાસાધ્ય છે તે કૃપા કરીને કસર ટાળી નાખે છે અને અનાદિમુક્ત જેવું અનુભવજ્ઞાન આપે છે. અનંત કોટિ મુક્તને મેળાવે છે અને અનંત પ્રદક્ષિણા-દંડવત્ કરાવે છે. પછી મહારાજ કૃપા કરીને પોતાની મૂર્તિમાં જોડીને મૂર્તિને સજાતિ અનાદિમુક્ત જેવા અનાદિ કરે છે. ૨/૪૧/૧૨૭

૨૮. મોટા અનાદિમુક્તનો મહિમા સમજાય તો વિશ્વાસ આવે અને વિશ્વાસ આવે ત્યારે હેત થાય. જ્યારે હેત થાય ત્યારે હેતે કરીને મોટામાં જોડાઈ જાય. હેત ને વિશ્વાસથી બહુ કામ થાય છે. જો મહિમા સમજાય તો વિશ્વાસ ને હેત થાય. માટે જોગ સારો હોય, કહેનારા સારા હોય, તેવા સમયમાં પોતાનું પૂરું કરી લેવું. ૨/૪૧/૧૨૮

૨૯. સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, અનાદિમુક્ત થાય છે તે ક્યા શબ્દથી જાણવું? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, અતિ સ્નેહે કરીને ભગવાનને વિષે લીન થઈ જાય છે. એવા મુક્તને ભગવાન પોતા જેવો કરે છે. એ ભક્ત જેવા ભગવાનને જાણે છે તેવો પોતે થાય છે. આત્મસત્તાને પામ્યા પછી ભગવાનની કૃપાથી ભગવાનના તુલ્યપણાને પામે છે અને મૂર્તિને વિષે લીન થાય છે. એવા એવા શબ્દથી જાણવું. તે બ્રહ્માનંદ સ્વામીએ પણ કહ્યું છે કે "રસબસ હોઈ રહી રસિયા સંગ જ્યું મિસરી પય માંહી ભળી." તે અનાદિમુક્ત મૂર્તિમાં રસબસ જોડાઈ રહ્યા છે, મૂર્તિરૂપ છે, તો પણ સ્વામી-સેવકભાવ દૃઢ રહે છે. માટે મહારાજ અને મોટાને જેવા જાણશું તેવા થાશું." ૨/૪૨/૧૩૦

૩૦. મહારાજ ને મોટા મુક્ત ખરેખરા ક્યારે મળ્યા કહેવાય? તો માન, મોટપ, રસાસ્વાદ એ આદિક સર્વે દોષ મૂકીને મૂર્તિમાં જોડાઈ જાય ત્યારે મળ્યા કહેવાય અને મોટાનો જોગ પણ ત્યારે થયો કહેવાય. મોટાનો જોગ કરીને બાળક્રિયા સ્વભાવ મૂકવા જોશે ને મહારાજની આજ્ઞા બરાબર પાળવી જોશે. ૨/૪૩/૧૩૪

૩૧. મધ્ય પ્રકરણના ૨૩મા વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે "સારાનરસા વિષયના જોગે કરીને જેનું મન ટાઢું-ઊનું ન થાય તેને પરમ ભાગવત સંત જાણવા." તે સંત કોને કહીએ તો જે શાંતિ કરે તે સંત કહેવાય, કલ્યાણ કરે તે સંત કહેવાય, અંત સમે તેડવા આવે તે સંત કહેવાય; એવા સંત થાવું.

સંતને પેટી, આસન, પૂજા, પ્રસાદીનાં પગલાં તે સર્વેની તૃષ્ણા મેલવી; નહિ તો લાજ ખોવરાવે, મન તો હરામજાદુ છે. "ઝટકી ઝટકી જાત હે, લટકી લટકી વિષયફળ ખાત" તે મૂર્તિમાંથી ઝટકી ઝટકીને ક્યાંય જતું રહે છે અને લટકી લટકી વિષયરૂપી ફળ ખાય છે. માટે મનને પાછું વાળી મૂર્તિમાં જોડવું. ૨/૪૩/૧૩૫

૩૨. પુરાણી હરિપ્રસાદદાસજીએ પૂછ્યું જે, રોગ સમાગમમાં વિઘ્ન કરતો હોય તો કેમ કરવું? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મૂર્તિમાં અને સંતમાં હેત રાખવું. મૂર્તિમાં હેત હોય તો હજાર ગાઉ છેટે હોય કે લાખ ગાઉ છેટે હોય તો પણ મહારાજ ને મોટા પાસે જ છે અને ખરું હેત હોય તો જળમાં, અગ્નિમાં ગમે તે ઠેકાણે હોય તો પણ મહારાજ તથા મોટા ભેગા રહે, દર્શન આપે અને રક્ષા કરે. ૨/૪૪/૧૩૮

૩૩. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા મોટા મોટા સંત સૌની સાથે બેસતા-ઊઠતા, પણ મહારાજે તેમની સ્થિતિની સ્મૃતિ ઢાંકેલી હોવાથી, તેમની મોટપ બીજાને ન જણાય, એમ

મહારાજ કેટલીક વાર સમાસ અર્થે તેમની અલૌકિક સ્થિતિની સ્મૃતિ રૂંધી રાખે. મોટા અનાદિ તો બધું ય જાણે પણ જણાવે નહિ, કારણ કે એમાં કેટલાયના સમાસ હોય. અધમ જેવા જીવ હોય તેનો પણ ઉદ્ધાર કરે. ૨/૪૮/૧૫૪

૩૪. જીવને તો પ્રસન્નતાનાં સાધન કરવાનાં છે અને પુરુષપ્રયત્ન પણ જોઈએ. તે પુરુષપ્રયત્ન શું? તો મહારાજના અને મોટાના વચનમાં ખરેખરો વિશ્વાસ. એ દિવસ કહે તો દિવસ ને રાત કહે તો રાત એમ સમજવું. અ. મુ. ગોપાળાનંદ સ્વામીએ એમના સંતને અડધી રાત્રીએ પૂછ્યું ત્યારે સંતે કહ્યું જે આપ રાત કહો તો રાત અને દિવસ કહો તો દિવસ, એવો વિશ્વાસ હોય ત્યારે મહિમા જાણ્યો કહેવાય પણ મોટા આગળ પોતાનું મનગમતું કરાવવું નહિ. તે કહે તેમ કરવું તે મન સોંપ્યું કહેવાય. મોટાના વચનમાં તો તન કુરબાન કરી નાખીએ. ૨/૪૯/૧૫૬

૩૫. મોટાની દયા તો અપાર છે. જેમ એકને છ દીકરા હોય તેમાં એક અકર્મી હોય તો પણ તેને માર્યાનો સંકલ્પ થતો નથી તેમ મહારાજ તથા મોટા મુક્તને છે. તે અધમ જેવા જીવને વિષે પણ સારો સંકલ્પ કરે છે. અક્ષરધામનું સુખ અને મોટાની ગતિની બીજાને શું ખબર પડે? એ તો સંકલ્પ કરે એટલામાં અનંત જીવનાં આવરણ ટળી જાય અને અહીં બેઠે થકે અક્ષરધામમાં અનંત મુક્તે સહિત મહાપ્રભુનાં દર્શન કરાવે. તે ઉપર વાત કરી જે કાંકરિયાથી દક્ષિણ દિશા તરફ આંબલીમાં જ્યાં હાલ ઓટો છે ત્યાં મહારાજ આંબલી તળે ઢોલિયા ઉપર આંબલીની ડાળખી ઝાલીને બોલ્યા જે ચાર સદ્‌ગુરુને બોલાવો. પછી તેમને બોલાવ્યા ને ઢોલિયા ઉપર ચાર પાયે બેસાર્યા અને સર્વે હરિજનોની પૂજા અંગીકાર કરી. તે વખતે મહારાજ તે સદ્‌ગુરુઓ પ્રત્યે બોલ્યા જે, તમો આગળ જઈને માયાનું આવરણ ભેદો એટલે આ

હરિજનોને અક્ષરધામનું સુખ તથા અમારી પૂજાનું ફળ તે નજરે જોવામાં આવે. પછી આવરણ ભેદ્યાં, તેથી કેટલાક હરિજનોને દિવ્ય ચક્ષુ આવ્યાં તે અહીં જેવી રીતે પૂજાઓ થઈ તેવી જ રીતે અક્ષરધામમાં દર્શન થયાં, એમ મહામુક્તની સામર્થી અપાર છે. મહારાજને અને એવા અનાદિને સદાય એકતા છે તો પણ ક્યારેક મનુષ્યભાવ જણાવે તેણે કરીને મૂંઝાવું નહિ, અને એવી સમજણ દૃઢ કરવી જે એવા મોટા અનાદિ તો કર્તા થકા અકર્તા છે, એમને તો શ્રીજીમહારાજની મૂર્તિનું જ સુખ છે; બીજું કાંઈ નથી. એવું ન જાણ્યું હોય તો મૂંઝાઈ જવાય. સુરતમાં જીવરામને મહારાજના અંતર્ધાન થયાની પોતાને ઘેર બેઠા ખબર પડી. પછી તે જીવરાજ ઘણા આકુળ-વ્યાકુળ ને ઉદાસ થઈ ગયા ને ઘણું રૂદન કર્યું, તેથી મૂર્છા આવી ગઈ. પછી તો તે ગઢપુર ગયા ત્યાં ઘણું ગાંડપણ તથા ઉદાસીપણું થઈ ગયેલ જોઈને અનાદિમુક્તરાજ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે, "કેમ ગાંડિયો થઈ ગયો?" તે શબ્દ તેને શ્રીજીમહારાજના જેવો જ લાગ્યો; તે સાંભળી બહુ જ રાજી થયા ને ચિત્ત ઠેકાણે આવી ગયું ને એમ જાણ્યું જે શ્રીજીમહારાજ સ્વધામ ગયા નથી, સદાય છે, છે ને છે જ; એ રીતે મહારાજ તથા અનાદિમુક્તને એકતા છે. મોટા અનાદિ શબ્દ બોલે તે ભગવાન જેવો શબ્દ ભગવાનની મરજી પ્રમાણે બોલે છે. ૨/૫૦/૧૯૧

૩૬. શ્રીજીમહારાજના મોટા અનાદિમુક્ત મળે તેમના દર્શને કરીને, સ્પર્શે કરીને તથા તેમની જ્ઞાન-વાર્તા સાંભળવે કરીને મનમાં રાજી રહેવું; પણ એમ ન ધારવું જે કેમ ચમત્કાર જણાવતા નથી. મોટા મુક્ત જે કરે છે તે સમજીને કરતા હશે. જીવ જેમ જેમ પાત્ર થતા જાય તેમ તેમ ચમત્કારની વાતો કરતા જાય. પાત્ર વિના જીરવી શકાય નહિ ને મૂળગું પોતાની ગાંઠનું ખોઈને ચાલ્યા જાય. માટે ધીરે ધીરે જોગ કરતાં ઘણા દિવસે

મોટાની દયાએ કચાશ ટળે. ૨/૫૦/૧૬૨, ૧૬૩

૩૭. લક્ષ્મીચંદભાઈએ પૂછ્યું જે: આસ્તિકભાવ દૃઢ રાખવો એમ કહેવાય છે તે આસ્તિકભાવનું લક્ષણ શું હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે મહારાજને અને મોટા અનાદિને ક્યારેય પણ છેટા ન જાણવા ને પોતાને પણ છેટે ન રહેવું. આપણને કોઈ દોષ નડતા હોય કે કાંઈક જ્ઞાન વાત સમજાતી ન હોય તો મહારાજને અને મોટાને સંભારીને નિરંતર પ્રાર્થના કરવી એટલે તમામ દોષ ટળી જાય અને જે ન સમજાતું હોય તે પણ સમજાય. મહારાજ ને મોટાના વચનમાં જરાપણ સંશય ન કરવો. થાય તો પ્રાર્થના કરી, સંશય ટાળવા આગ્રહ કરવો તો તરત ટળી જાય. એવી રીતે મહારાજ ને મોટાને વિષે કોઈ કાળે ક્યારેય પણ મનુષ્યભાવ આવવા દેવો નહિ. સદાય દિવ્યભાવે સહિત દર્શન, સેવા, સમાગમ વગેરે કરવું. તો જ આપણે દિવ્ય થઈએ; માટે નિરંતર તેની સરત રાખવી ને તેનું મનન કરવું તો તમામ નાસ્તિકભાવ ટળી જાય અને આસ્તિકભાવ આવે. ૨/૫૧/૧.૬૪

૩૮. પોતાના આત્યંતિક મોક્ષને માટે પોતાની કોઈ પ્રકૃતિ નડતી હોય તે મોટાના જોગમાં રહીને ટાળવી, પણ મોટા ને મહારાજની આજ્ઞામાં લેશમાત્ર ફેર આવવા દેવો નહિ અને એમ જાણવું જે, આપણે જે જે ક્રિયાઓ તથા સંકલ્પ કરીએ છીએ તેને મહારાજ તથા મોટા મુક્ત સદાય દેખે છે ને જાણે છે. વળી એમ વિચારવું જે તેમની મરજી તથા આજ્ઞા વિરુદ્ધ કાંઈ કરશું તો તે કુરાજી થશે તો આપણું બગડી જશે અને આપણે નિર્લજ કહેવાશું. એમ નિરંતર તપાસ રાખીને શ્રીજીમહારાજ અને મોટા મુક્ત જેમ પ્રસન્ન થાય તેમ આપણે વર્તવાનો આગ્રહ રાખવો. ૨/૫૧/૧૬૫

૩૯. મોટા મુક્ત બોલે તે મહારાજ પોતે બોલે છે. જ્યાં

મહારાજની મરજી હોય ત્યાં બોલે. ત્યારે કોઈ કહે જે તમને કોણ કહી જાય છે? તો અમને તો સ્વામિનારાયણ બોલાવે છે, અમે કાંઈ દેખતા-ભાળતા નથી પણ એ બોલાવે છે; બોલનારા શ્રીજીમહારાજ છે. આવી મહારાજે દિવ્ય સ્મૃતિ આપી હોય તો પણ તેનો ભાર આવવા દેવો નહિ. દેહ તો મરો કે જીવો પણ પોતાપણાનો ભાવ લાવવો નહિ. ૨/૫૨/૧૬૯

૪૦. બાપાશ્રી કૃપા કરીને બોલ્યા જે ભગવાનના ખરેખરા ભક્ત તો એક ભગવાનને જ દેખે. તેને ખાવું, પીવું, સૂવું, બેસવું તેની પણ ખબર રહે નહિ. બહારવૃત્તિએ એવા ન ઓળખાય. તે ઉપર વાત કરી જે, ગઢપુરમાં એક સમયને વિષે સભામાં શ્રીજીમહારાજે એમ કહ્યું જે એક સાધુ તો સૂઈ રહે છે એ સાંભળી સર્વે સાધુએ પોતાના અને બીજાના આસને તપાસ કરી જે કોણ સૂઈ રહેતું હશે! પણ કોઈ જોવામાં આવ્યું નહિ તેથી સર્વેને આશ્ચર્ય જણાણું. પછી મહારાજે હરિસ્વરૂપાનંદ સ્વામીને પૂછ્યું કે તમે શું ક્રિયા કરો છો? ત્યારે તેમણે કહ્યું જે પાંચ વખત કથા-વાર્તા કરું છું, ઘેલે તથા નારાયણ ઘાટે નાહવા જાઉં છું, ભંડારે ખાવા જાઉં છું એમ સર્વે ક્રિયા કરું છું પણ મને સાત દિવસ થયા કાંઈ આ લોકની તથા ક્રિયાની સ્મૃતિ રહેતી નથી. જો રહેતી હોય તો પરમહંસના સમ છે. તે સાંભળીને સર્વે સભાને મહારાજે કહ્યું જે, જુઓ! આ સૂઈ રહ્યા કહેવાય. એમ ભગવાનના ભક્ત ત્રણે અવસ્થામાં ભગવાનને દેખે છે, તેની ઊંઘી રહ્યા ન જાણવા; તે તો મહારાજના સ્વરૂપમાં સદાય રહ્યા છે એવી રીતે જે ભક્ત ભગવાનને વિષે જોડાણો છે તેના દેહની તથા વ્યવહારની સર્વે ખબર ભગવાનને રાખવી પડે છે. તે ઉપર ઝીણાભાઈની વાત કરી જે, ઝીણાભાઈ મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખીને ચાલ્યા જતા હતા તે દેહની સ્મૃતિ રહી નહિ. એમ ચાલતાં ચાલતાં જ્યારે કૂવાને

કાંઠે આવ્યા ને જાણે હમણાં કૂવામાં પડશે, તે સમે મહારાજ ગઢપુરમાં બિરાજમાન હતા ત્યાં કમકમાટી આવી ને તરત ઝીણાભાઈને કૂવાને કાંઠેથી બાવડું ઝાલીને તાણી લીધા. તે સમે કોઈ હરિજને પૂછ્યું જે , હે મહારાજ! તમે કમકમાટી કેમ ખાધી? ત્યારે મહારાજ બોલ્યા જે ઝીણાભાઈ અમારી મૂર્તિમાં વૃત્તિ રાખીને ચાલ્યા આવતા હતા. તે જો અમે તેમને બાવડે ઝાલીને તાણી લીધા ન હોત તો તે કૂવામાં પડી જાત એવું જોઈ કમકમાટી આવી. તેમ ભગવાનના ભક્ત ભગવાનને વિષે એકાગ્ર વૃત્તિએ કરીને દેહની ક્રિયા તથા વ્યવહારની ક્રિયા ભૂલી જાય ત્યારે ભગવાનને તેની ખબર રાખવી પડે છે. ૨/૫૨/૧૬૭

૪૧. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખતા હોય તેવા ભક્તને ખવરાવવું, પીવરાવવું વગેરેની જે ભક્ત ખબર રાખે છે તેના ઉપર મહારાજની બહુ પ્રસન્નતા થાય છે. કોઈ સાધન એને કરવું બાકી રહેતું નથી, એવું ફળ મોટાની સેવાનું છે. ૨/૫૨/૧૬૯

૪૨. મોટા અનાદિના શબ્દ જીવમાં ઉતારે તો ભાગવતીતનું થાય છે તેથી આ બધું દિવ્ય દેખાય છે, પણ એવું અનુસંધાન અખંડ રહેતું નથી. કોકડા તૂટે ને સંધાય એમ જેને રહેતું હોય તેને તેલધારા કહેવાય નહિ ને એટલો દિવ્યભાવ પણ નહિ, તે છાનું નાસ્તિકપણું ગણાય. એનો ખટકો રાખે તો મોટા મુક્ત દયા કરીને મહારાજની સન્મુખ કરી દે એટલે પૂરું થઈ જાય. જે દીન-આધીન થઈને હાથ જોડે તેના ઉપર રાજી થઈ જાય છે. ૨/૫૩/૧૬૯

૪૩. લક્ષ્મીબાઈની ઓરમાન મા પૂતળીબાઈ હતી, તે જ્યારે લક્ષ્મીબાઈ પૂજા કરતાં ત્યારે પૂતળીબાઈ મૂર્તિને ઠેબું મારીને કહેતી કે તારા ઠાકોરજી કેવા દોડે છે? તે જોઈને લક્ષ્મીબાઈ બહુ રોતાં. પછી પૂતળીબાઈએ જ્યારે દેહ મૂક્યો ત્યારે એ પાપે

જમપુરીમાં જઈ નર્કના કુંડમાં ડૂબકાં ખાતી હતી. પછી મહારાજે કહ્યું જે, તારી મા નર્કમાં પડી છે તે દેખાડું? પછી તેને હા કહી તેથી દેખાડી. પછી લક્ષ્મીબાઈએ મહારાજ પાસે પ્રાર્થના કરીને તેનું કલ્યાણ કરાવ્યું; એમ મોટા મુક્ત જીવને ઉદ્ધારે છે, વાંક-ગુના જોતા નથી. ૨/૫૩/૧૭૦

૪૪. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, મોટા મુક્ત મહારાજ વિના એક ક્ષણ માત્ર પણ જુદા રહેતા નથી. એક વખત મુક્તાનંદ સ્વામી પાસે સંત-હરિભક્ત ફરતા બેઠા હતા. ત્યારે સ્વામી વાતચીત કરતા નહોતા, કેમ કે અવસ્થાને લીધે બહુ બોલાતું નહિ. એવામાં દેવાનંદ સ્વામી પાસે થઈને નીકળ્યા તેમને એમ સંકલ્પ થયો જે સ્વામી તો પોઢી રહ્યા છે અને કાંઈ વાતચીત તો કરતા નથી, તો પણ હરિભક્તો શા સારુ બેસી રહ્યા હશે! તે સમે દેવાનંદ સ્વામીને એમ જણાણું જે એક કોરે અક્ષરધામના મુક્તની સભા ભરાઈને બેઠી છે અને એક કોરે ભરતખંડમાં રહ્યા જે મુક્ત તેની સભા ભરાઈ બેઠી છે. એવું મહારાજની ઈચ્છાથી જણાણું, તેથી દેવાનંદ સ્વામીને એમ થયું જે અહોહો! આવા મોટા અનાદિ બેઠા હોય ત્યાં મહારાજ તથા અનંતમુક્ત બિરાજે છે. ભગવાન વિના આવા મુક્ત ક્ષણમાત્ર પણ જુદા રહેતા નથી. માટે મોટા વાત કરે અગર ન કરે, તો પણ તેની છાયામાં અપાર સુખ રહ્યું છે. અનાદિ મહામુક્ત તો મહારાજના મહિમારૂપી જે રસ તેનું પાન કરાવે છે ને કારણ સ્વરૂપની દૃઢતા કરાવે છે ને મૂર્તિના સુખનું અપારપણું સમજાવે છે. જીવ જેમ જેમ સમાગમ-સેવા કરતો જાય, મોટા અનાદિને વિષે દિવ્યભાવ લાવતો જાય, તેમ તેમ પાત્ર થતો જાય. ૨/૫૩/૧૭૧

૪૫. બાપાશ્રીએ કૃપા કરીને સભામાં વાત કરી જે,

મહારાજ કહે છે કે વૈકુંઠ, ગૌલોક આદિક ધામથી આ સભા અધિક છે. શ્રીજીમહારાજે સર્વધામને એકઠાં કરીને પોતાના સંત-હરિભક્તોનો મહિમા અધિક કહ્યો છે અને સૌથી પર સુખ આપ્યું છે તે સુખ ભોગવવું; પણ દુઃખમાં દોટ ન દેવી. સાધનથી પાર આવે તેમ નથી. વૈરાગ્ય વગેરે સાધન બિચારા શું કરે! વૈરાગ્ય તો આ વૃક્ષને પણ છે. તે સો વર્ષે પણ પાણી માગશે નહિ. કોઈ કાપશે તો બોલશે પણ નહિ તેથી કાંઈ સિદ્ધિ નથી. શ્રીજીમહારાજે પોતાના મોટા મુક્તનો મહિમા ઘણો કહ્યો છે જે, અમારા અનાદિમુક્ત સત્સંગમાં જશે તો મનવારો ભરી ભરીને લાવશે એ શી રીતે? તો જે તેમની નજરે પડશે, તેમની સાથે હેત રાખશે, તેમનો જોગ કરશે, તેમને હાથ જોડશે તે બધાયનું આત્યંતિક કલ્યાણ થશે. માટે કાળકર્મથી છૂટવા એવા મોટાને વળગી પડવું. ૨/૫૫/૧૭૪

૪૬. વચનામૃત અને ભક્તચિંતામણિ આદિ સત્શાસ્ત્ર; શિક્ષાપત્રી, ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ આદિ આજ્ઞા, સત્ એવો જે આત્મા તથા સત્ એવા પરમાત્મા જે ભગવાન શ્રીજીમહારાજ એ ચાર વાતો સિદ્ધ કરે તે સત્સંગી કહેવાય. હવે સત્સંગી થયો પણ દેવ પધરાવવા જોઈએ. તે મોટા અનાદિમુક્ત પધરાવે છે. મોટાના આશીર્વાદના શબ્દે કરીને ભગવાન આવે છે. ૨/૫૬/૧૭૭

૪૭. એક વખત ધ. ધુ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ જામફળી નીચે પોઢેલા હતા. ત્યાં ઝાડ ઉપરથી જામફળ પડ્યું, તે સુધારી ઠાકોરજીને જમાડી એક ચીર હરિભક્તને આપી, તે પ્રસાદી જમતાં તે ભક્તને અલૌકિક દિવ્યભાવ આવ્યો. ત્યારે તે ભક્ત એમ બોલ્યો જે, આ તો ભગવાન છે. ત્યારે સંતોએ કહ્યું જે આ તો આચાર્યજી મહારાજ છે. એમ મોટાને દર્શને તથા પ્રસાદી જમવે કરી એવો દિવ્યભાવ આવે છે. ૨/૫૭/૧૮૨

૪૮. મોટા મુક્ત તો બહારનો વ્યવહાર બધો કરે પણ મૂર્તિને તો જાળવે અને બીજાને પણ એ મૂર્તિનું સુખ આપે, પણ જીવમાં મંદવાડ છે તેથી એ સમજાતું નથી. મંદવાડમાં લાડું હોય તે ઝેર જેવા લાગે અને ભજિયાં, ફાફડા ને વડાં ભાવે. પણ જો સાજો હોય તો માલપૂઆ, લાડવા ને શીરો જમે ને પાંચ મણનો પથ્થર પણ ઉપાડે. શીરો ખાવા માંડે તો રોગીને ન ફાવે. તેમ પરભાવની વાતો મહારાજ ને મોટાનો મહિમા ન સમજ્યા હોય તેને ન ગમે. ૨/૫૭/૧૮૩

૪૯. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે જેને દેહ ને જીવ જુદા છે એવી વિક્તિ નથી તેવા જીવનું જ્ઞાન ઇન્દ્રિયો બારોબાર વાપરી નાખે છે. ત્યારે સુખપરવાળા મિસ્ત્રી માવજીભાઈ પૂછ્યું જે, મોટા મુક્ત જીવને બારોબાર જ્ઞાન આપે તો? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મહારાજ તથા મુક્તને વિષે દિવ્યભાવ હોય તો આનંદ થાય અને જીવ બારોબાર ગ્રહણ કરે ને તેમને વિષે મનુષ્યભાવ હોય તો ઇન્દ્રિયો દ્વારા વપરાઈ જાય તેથી જીવ સુધી પહોંચે નહિ. ૨/૫૮/૧૮૪

૫૦. શ્રીજીમહારાજે ગામમાં વન કર્યાં છે તે વન તે શું? તો જ્યાં માયા નથી એવાં દિવ્ય મંદિરો કર્યાં છે તે નાવરૂપ છે. નાવનો એટલો વિશ્વાસ રહે છે કે બેઠા પછી નક્કી મહારાજના સુખમાં પહોંચાડશે. "નિર્ગુણના ગુણ ગાય ધર્મ સુત લાડીલો" બીજું જ્ઞાન ઓછું થશે તો ચાલશે પણ એવો પ્રબળ નિશ્ચય રાખવો કે આ સંત છે તે અનાદિ છે, નિર્ગુણ છે ને સભા બધી સળંગ છે; વચમાં મહારાજની મૂર્તિ છે, મૂર્તિને અને મુક્તને ભેગાપણું છે એમ સમજે તો બહુ કામ કરી દે. શાસ્ત્ર આડાં આવે તેને આ વાત સમજાતી નથી. દોરડું હાથમાં રાખીને સમુદ્રમાં પડવું તેમ શાસ્ત્ર છે તે સમુદ્ર છે માટે મહારાજની

મૂર્તિરૂપી દોરડું છોડવું નહિ. ૨/૫૭,૫૮/૧૮૩,૧૮૬

**૫૧.** મોટાની આગળ નિષ્કપટપણે ન વર્તે તો અંતરશત્રુ ઘા કરે જ. મોટાની પ્રસન્નતા વિના રાજ-અધિકારે કાંઈ નામ ન રહે. શુદ્ધ પાત્ર થવું ને પોતાના દોષ ટાળવા. જે નિષ્કપટપણે ગદગદ્ કંઠ થઈને મોટા મુક્તને પ્રાર્થના કરે તેના દોષમાત્ર ટળી જાય, માટે દોષને તો સભામાં ફજેત કરીને પણ કાઢવા જેવા છે. તે જો ઝાઝા માણસમાં ફજેત થઈને જાય તો ફરીથી આવે નહિ. પોતાની ભૂલ ને દોષ ઓળખાય તે કાંઈ ઓછી વાત નથી, એ પ્રતાપ સ્વામિનારાયણનો છે. માટે ભૂલ જણાવે તો તે દંડવત્ કરવા યોગ્ય થાય. એ તો ભૂલો પડેલો ઘેર આવ્યો કહેવાય. માટે મહારાજ તથા મોટા મુક્તને રાજી કરી લેવા. મોટા અનાદિને તો અવતારાદિક પણ વંદે છે. ૨/૬૦/૧૯૦

**૫૨.** બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, મોટાની આગળ માફી માગીને દોષ ટાળવા જાય અને પછી પાછા કપટ રાખીને એ ને એ માર્ગે ચાલે તો કૃતઘ્ની કહેવાય. માટે એમ ન કરવું અને સાચા ભાવે મહિમા સમજીને માગવું. તે ઉપર વાત કરી જે સ્વામી નિર્ગુણદાસજી તથા લક્ષ્મીરામભાઈ આદિ અમો ભૂજમાં હતા. ત્યાં એક હરિભક્તે આવીને પ્રાર્થના કરીને પ્રાયશ્ચિત્ત માગ્યું, તે દેહે થાય તેવું નહિ ને દ્રવ્યની સત્તા પણ નહિ. પછી અમે કહ્યું જે આ લક્ષ્મીરામભાઈ વ્યાસ ગાદી જેવા કહેવાય. સ્વામી તમે પણ એવા જ છો અને હું તો આપનો દાસ છું તે થોડું ઘણું જાણું છું. માટે કૃપા કરો તો એનાં પંચ મહાપાપ હોય તે બળી જાય. શાસ્ત્ર તો પૂર્વે ઋષિ લખી ગયા છે, પણ તમે તો હજૂરી મુક્ત છો તે દયા કરો. પછી એના ઉપર કૃપા કરીને કહ્યું જે આજથી તમારા ગુના માફ છે. એમ મોટાની નજર તો એવી છે કે જીવને કોઈ પણ પ્રકારે ઉગારવો. ૨/૬૩/૧૯૭

**૫૩.** આપણું પૂરું કરવું તે મહારાજ અને મોટા મુક્તના હાથમાં છે, મોટાની સ્થિતિ બહુ જબરી છે. આ લોકના ભાવ દેખાડે તે પણ અનંતના સમાસને અર્થે હોય, એમની સ્થિતિને સંભારે તો કામ-ક્રોધાદિક નડી શકે નહિ, કદાપિ નડતા હોય તો પણ મોટા મુક્ત તેની સહાય કરે. ૨/૬૩/૧૯૯

**૫૪.** મહારાજ તથા મોટા અનાદિનો મહિમા ખરેખરો સમજવો. એને ખરેખરું પોતાનું જીવન માનવું. તે વિના બળ આવે નહિ. માછલું છે તો અલ્પ ગજાવાળું પણ તેને પાણી સાથે એટલું જીવનપણું છે કે એક ઘડી પણ વિયોગ થાય તો તરત જ તરફડીને મરી જાય. માટે મહિમા સમજવો તો એવો સમજવો કે વિયોગ થાય એટલે જીવનપણું મટી જાય અને મહિમા સમજે તો ગમે તેવા અલ્પ જીવ હોય પણ માછલાંની પેઠે બળ આવે છે. ૨/૬૫/૨૦૩

**૫૫.** બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, મોટા અનાદિમુક્ત મળ્યા છે તે ધક્કે મારીને ધામમાં લઈ જાય તેવા છે તે શું? તો માયાનાં આવરણ બધાં તોડીને, સામ્યાવસ્થા ભેદાવીને અક્ષરધામમાં પહોંચાડે. જીવને મોટા મળ્યા એટલે સોંઘા થઈ ગયા એમ જાણવું. પરોક્ષ હોત તો મોંઘા હોત. આ લોક પરલોકનાં દૃષ્ટાંત-સિદ્ધાંત, અવતાર-અવતારીનાં દૃષ્ટાંત-સિદ્ધાંત એ બધી વાત કરે અને તે વિશેષ પ્રમાણ કરે એ લાંબા ફેરનો રસ્તો છે. શ્રીજીમહારાજ તથા મોટાએ તો પરબાર્યો રસ્તો કર્યો છે. એ ખરી વાત જીવમાં પેસે તો ગાંડા થઈ જવાય પણ ગાંડા થવાતું નથી. એટલી નિશ્ચયમાં કસર છે તથા શ્રદ્ધામાં કસર છે. ૨/૬૬/૨૦૫, ૨૦૬

**૫૬.** મોટા મુક્ત ભેળા બેસીને વાત કરે છે ને સુખ આપે છે, તે જીવમાં કસ આપે છે ને તેજ, સામર્થી અને સુખ આપે

છે પણ સમાગમ વિના એવું સમજાતું નથી. મહારાજ અને મોટા મુક્તની વાતો તેનો બીજા કોઈથી પાર પામી શકાય એવું નથી. બીજાના જોગથી તો બીજાના ગુણ ગરી આવે. આ બધું સુખ ચૈતન્યમાં લેવું. ખરેખરો પાત્ર થઈ જાય તો સળંગ સુખની ધારાઓ છૂટે છે. જ્યાં મહારાજ અને મોટા વિચર્યા ત્યાં ઝાડ, પહાડ, વસ્ત્ર, વાહન આદિ સર્વે ચૈતન્યમય જણાય છે, તેમ મોટા મુક્તને વિષે પણ એવું નિર્ગુણપણું થવું જોઈએ. જ્યાં લગી કલેવરના ભાવ હોય ત્યાં લગી સુખ નથી. માટે એ ભાવ ટાળવો. મહારાજના સુખમાં દૃષ્ટિ ન પહોંચી હોય તો ક્યાંય ને ક્યાંય ભમે, પણ મોટા અનાદિને વિષે વિશ્વાસ હોય તો કૃપા કરી પૂરું કરી આપે. તો પણ આજ્ઞા, નિયમ, ધર્મ પાળવા અને સર્વેને દિવ્ય જાણવા. ૨/૬૬,૬૭/૨૦૬,૨૦૭

૫૭. મહારાજને અને મોટાને કલેવર જ નથી. એ તો સદાય દિવ્ય મૂર્તિ જ છે. એવા મોટાને જોગે શ્રીજીમહારાજની મૂર્તિમાં ત્રણે અવસ્થામાં જોડાઈ જાય તે નિષ્કામભાવ અને સાધને કરી ઈન્દ્રિયો સંકોચાઈ જાય તથા સમાધિ થાય તે સકામભાવ ગણાય. ૨/૬૭/૨૦૯

૫૮. બાપાશ્રીએ કૃપા કરીને સભામાં વાત કરી જે ખબડદાર થઈને મહારાજની આજ્ઞા પાળજો. અંતઃકરણરૂપી માયા કાંઈ વિઘ્ન કરવા આવે તો મહારાજ તથા મોટાને હથિયારબંધ જોડે રાખવા. સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ પ્રાર્થના કરવી. મોટા અનાદિમુક્ત છે તે તો બારિસ્ટર જેવા છે. જેમ અહીંના બારિસ્ટર છે તે એક શબ્દ સૂઝે તેવો આંટીવાળો હોય તેને તોડીને આ લોકમાં જેમ સુખ થાય તેમ કરી આપે છે તેમ જે અક્ષરધામના બારિસ્ટર છે તે એક શબ્દે માયા રૂપી આંટી તોડીને અક્ષર પર અનાદિની સ્થિતિ કરાવી આપે છે. અહીંના બારિસ્ટર

જેમ એક શબ્દના રૂપિયા પાંચસો અથવા હજાર લે છે, તેમ આવા મહામુક્ત જે મૂર્તિનું સુખ પમાડે છે તેને શું આપીએ? માટે મોટાને તો સેવાએ જ પ્રસન્ન કરવા ને એવા મોટા સાથે મન, કર્મ, વચને જીવ બાંધી દેવો તો અક્ષરધામનું તથા પુરુષોત્તમનું સુખ જીવને પ્રાપ્ત થાય. ૨/૬૭/૨૦૯,૨૧૦

૫૯. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે આ લોકમાં મહારાજને રાજી કરવામાં આવરણ ઘણાં છે. નાતજાતનાં, કુટુંબનાં, સગાંસંબંધીનાં. એ આવરણને તો જીવ બળિયો થાય તો ન ગણે, પણ પૃથ્વીનાં, જળનાં, તેજનાં, વાયુ અને આકાશ આદિકનાં આવરણ ભેદવાં બહુ કઠણ છે. ત્યારે ઠાકરસીભાઈએ પૂછ્યું જે, બાપા! એ આવરણ કેમ ભેદાય? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજ ને તેમના મોટા મુક્ત જેને પ્રત્યક્ષ મળ્યા તેને એ આવરણ તથા બીજાં અક્ષરકોટી સુધીનાં તમામ આવરણ ભેદાઈ ગયાં એમ જાણવું. આવી વાત પોતાના બુદ્ધિબળે સમજવી બહુ કઠણ છે પણ મહારાજ તથા મોટા મુક્ત મળે તેને કાંઈ કઠણ નથી. તે પ્રત્યક્ષ દૃષ્ટિગોચર હોય કે પ્રતિમારૂપે દર્શન દેતા હોય અને આપણને કોઈ વાતની મૂંઝવણ થઈ હોય ને તેમને સંભારીએ તો તરત દર્શન દઈ મૂંઝવણ ટાળી નાખે અથવા મનમાં કોઈ શંકા ઉત્પન્ન થઈ હોય તે વખતે તેમને હેતે સહિત સંભારીએ તો તે શંકા પણ ટાળી નાખે, ત્યારે એમ જાણવું જે મહારાજ તથા મોટાએ મારી એ શંકા ટાળી; એમ સદાય તે તો પોતાના આશ્રિતની રક્ષામાં જ છે. એવા મોટાને જીવના અનંત જન્મની ખબર છે, જેથી એ કોઈને અવળું પડે તેમ કહે કે કરે નહિ, પણ કદાચ કાંઈ કહ્યું ને આપણે જાણીએ કે મારે વિષે તો આવું કાંઈ નથી, તો એ બીજા જન્મનું હશે એમ જાણીને મોટા મુક્તનું વચન સત્ય માનવું, પણ તેમાં તર્ક કરવો નહિ ને મૂંઝાવું પણ

નહિ. એવા મોટા મુક્ત મનુષ્ય જેવા દેખાય છે પણ મનુષ્ય જેવા ન જાણવા. એ તો સદાય દિવ્ય જ છે. "નરનારાયણ દિવ્ય મૂર્તિ સંતનકો વિશ્રામ". એમ એ તો સદાય દિવ્ય મૂર્તિ છે અને શ્રીજીમહારાજના સંબંધને પામ્યાં જે વસ્ત્ર, વાહન, પરિચર્યાના કરનારા સેવક, ખાનપાન સર્વે દિવ્ય છે એમ મહારાજે વચનામૃતમાં લખ્યું છે. તેથી એમને વિષે ક્યારેય મનુષ્યભાવ લાવવો નહિ. ૨/૬૮/૨૧૧

૬૦. માસ્તર મોહનલાલે પૂછ્યું જે, બાપા! પરમાર્થ તે શું? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, જીવને અવળે રસ્તેથી પાછો વાળીને શ્રીજીમહારાજને વિષે અને મોટા મુક્તને વિષે જોડવો તે તથા તેમનો સ્પર્શ, યોગ, સમાગમ કરાવવો એ ખરો પરમાર્થ કર્યો કહેવાય. ૨/૬૮/૨૧૨

૬૧. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, મોટા મુક્તની વાત સાંભળીને તેનું મનન કરવું અને તેનો નિદિધ્યાસ કરવાથી સાક્ષાત્કાર થાય. સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો સાંભળીને હું અને કુંવરજી પટેલ રાત બધી મનન કરતા. શું તેમની વાતોની ઢબ! સભામાંથી કોઈ સંત-હરિભક્ત વાતો થતી હોય ત્યાં સુધી ઊઠી શકે જ નહિ. શ્રીજીમહારાજે સ. ગુ. ગોપાળાનંદ સ્વામીને કહ્યું હતું જે તમે મારું પુરુષોત્તમપણું નહિ પ્રવર્તાવો ત્યાં સુધી આ દેહમાં રાખીશ. એ આજ્ઞા આ સ્વામીશ્રીએ માથે ચડાવી હોય ને શું! તેમ શ્રીજીમહારાજના સર્વોપરીપણાનું, અવતાર-અવતારીના ભેદની વાત સમજાવવાની તથા મહાસમર્થ મુક્તોનાં ઐશ્વર્ય પ્રતાપની, દિવ્યભાવની, જેને જેને એ સર્વોપરી મૂર્તિનો સંબંધ થયો તેના અહોભાગ્યની વગેરે ઘણી વાતો કરતા. સ્વામીની ત્યાગ-વૈરાગ્યની છટા પણ સર્વોત્તમ હતી કે જેથી ભેળા રહેનારા કોઈ પણ સંત તેમની મરજી લોપી શકતા નહિ, તેમ

જ આજ્ઞા પાળવા-પળાવવામાં એવું જ તાન કે કોઈ પણ સંત રંચ માત્ર આજ્ઞા લોપી શકે નહિ. સભામાં કોઈ વેદ, વેદાંત આદિક શાસ્ત્ર જાણનાર વિદ્વાન આવતા તે પણ સ્વામીની વાતોની છટા તેમ જ પ્રમાણભૂત વચનો સાંભળી દબાઈ જતા, એવો તેમની વાતોનો પ્રભાવ હતો. મહારાજને સર્વોપરી કહેવામાં સ્વામીને સત્સંગમાં કેટલીક ઉપાધિ થયેલી પણ એ ગણતા જ નહિ, ને એમ જાણતા જે બિચારા સમજતા નથી તેથી એમ બોલે છે. જ્યારે એ બોલનારા તેમ જ ઉપાધિ કરનારા મહારાજને સર્વોપરી સમજશે ત્યારે તેમને આ વાતનો ધોખો નહિ થાય એમ કહેતા. એક વખત મહારાજના હજૂરી પાર્ષદ ભગુજીએ સભામાં કહ્યું હતું કે હું આ સ્વામીની વાતો સાંભળું છું ત્યારે મોટા સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી જેવા સમર્થ મુક્તોનો જેમ સભામાં દાબ પડતો તેમ આ સ્વામીશ્રીનો પણ એવો જ ભાર પડે છે. તેમણે વાતો ઘણી કરી છે પણ તે વખતે કોઈએ લખી નહિ. મહારાજનાં લીલાચરિત્ર ને પરચાની કેટલીક વાતો લખી, પણ જો સ્વામી જેવી વાતો કરતા તેવી લખી હોત તો સત્સંગમાં મહારાજને સર્વોપરી સમજાવવાનું એક સર્વોત્તમ ચમત્કારી પુસ્તક થાત. અમે તો એમની વાતો સાંભળી છે. શું એમની વાતો કરવાની છટા! સ્વામી ગામડામાં ફરવા નીકળે ત્યારે વીશ-પચીશ ને ક્યારેક તેથી પણ અધિક સંતો ભેળા હોય ને કથા-વાર્તાનો અખાડો સદાય ચાલુ જ હોય. સવારે ચાર વાગે નાહી, પૂજાઓ કરી લે ત્યારે એક વખત ભંડારમાં હરે થાય એટલી પ્રવૃત્તિ જણાય. પછી તો રાત્રીના બાર વાગ્યા સુધી કથા-વાર્તા થયા જ કરે. તેમાં મુખ્યપણે સ્વામી જ વારંવાર વાતો કરતા, સર્વોપરી ગ્રંથ વંચાવતા. કોઈ સંત તેમ જ હરિભક્ત ગ્રામ્ય વાત તો કરી જ ન શકે એવો તેમનો દાબ. અમને બહુ હેત જણાવી મળતા ને

અમે પણ એ સ્વામીનો બહુ મહિમા જાણતા વાહ રે વાહ સ્વામી નિર્ગુણદાસજી વાહ! ૨/૭૧/૨૨૨

૬૨. નારાયણપુરવાળા ધનજીભાઈએ કહ્યું કે બાપા! અમે જેટલું પાત્ર થયા હોઈએ તેટલું તો અમને આપો. ત્યારે બાપાશ્રી કહે કે પુરુષોત્તમ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન ને તેમના અનાદિ મહામુક્ત એવા ચાળા-ચૂંથણા કરતા નથી. એમ કહીને બોલ્યા જે, મોટા પાસે બહુ આગ્રહ કરીને ઐશ્વર્ય લે છે તે માગીને ઘરેણું પહેર્યા જેવું છે. તે જ્યારે તેનો ધણી ઘરેણું ઉતારી લે ત્યારે તે પહેરનાર લૂખો થઈ જાય. માટે જ્યારે ખપ પડે તે ટાણે આપે તે ઠીક છે. ૨/૭૧/૨૨૪

૬૩. ભગવાન ને ભગવાનના મોટા મુક્તને અંતર્યામી જાણવા જોઈએ. શ્રીજીમહારાજને અંતર્યામી જાણે અને મોટા અનાદિને અંતર્યામી ન જાણે તો તે અડધો નાસ્તિક કહેવાય, કેમ જે મહારાજ અને મોટા મુક્ત સદા સાથે જ છે, ક્યારેય પણ જુદા નથી એમ સમજવું. ૨/૭૧/૨૨૫

૬૪. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે મોટા અનાદિમુક્ત છે તે તો અખંડ મહારાજની મૂર્તિમાં રસબસ છે. તે અનંત જીવના આત્યંતિક મોક્ષને અર્થે દયા કરી પૃથ્વી ઉપર મહારાજના સંકલ્પે દેખાય છે. ત્યારે જે જે જીવ દૃષ્ટિએ ચડે તેને ન્યાલ કરે છે. શ્રીજીમહારાજ કહે છે કે એવા અનાદિના જોગથી હું તરત પ્રાપ્ત થાઉં છું. એવા મુક્ત છે તે તો બ્રહ્મની જ મૂર્તિ છે. તેને હરિરૂપ કહીએ, પુરુષોત્તમરૂપ કહીએ અને મૂર્તિના મહારસના પાન કરનારા કહીએ. એની સર્વે ક્રિયા અલૌકિક છે, નિર્ગુણ છે, દિવ્ય છે. આપણા ગુરુ સ્વામી શ્રી નિર્ગુણદાસજી દૃષ્ટાંત દેતા જે મોટા મુક્ત પુરુષોત્તમનું સુખ લઈ સત્સંગમાં કેવી રીતે પ્રવર્તાવે છે. તો જેમ વરાળના દીવાનું કારખાનું હોય છે તે

એન્જિનમાંથી અગ્નિ વરાળરૂપે થઈને જ્યાં દીવા થવાનાં સ્થાન હોય ત્યાં જાય છે અને દીવારૂપે થઈને સર્વેને પ્રકાશ કરે છે. તે વરાળને અને એન્જિનને સંબંધ હોય છે તે જરાક સંબંધ તૂટે તો તરત દીવો ઓલવાઈ જાય છે. તેમ એન્જિનને ઠેકાણે તો ભગવાન અને મહામુક્ત છે. તે મનુષ્યરૂપે દેખાઈને દિવ્યરૂપ જે પુરુષોત્તમનું સ્વરૂપ, જ્ઞાન અને સુખ તે પ્રગટ કરીને જીવના અજ્ઞાનરૂપી અંધકારને ટાળી, જ્ઞાનરૂપી પ્રકાશ કરીને મહાસુખિયા કરી મૂકે છે. તે મહામુક્તને શ્રીજીમહારાજનો સંબંધ સદાય છે અને તે મહામુક્ત તો પુરુષોત્તમની મરજીરૂપ સદાય વર્તે છે અને મૂર્તિના સુખમાં લુબ્ધ રહે છે. જેમ લક્ષ્મીજી શ્રીકૃષ્ણના સ્વરૂપમાં સ્નેહે કરીને લીન થઈ રહે છે તેમ તે મુક્ત પણ સ્નેહના અધિકપણે કરીને લીન રહે છે. એ મોટા મુક્ત કેવા છે, તો આ લોક-પરલોકને વિષે જીવને સુખિયા કરી મૂકે એવા છે અને સદાય જીવનાં હિત કરવાને અર્થે જ પ્રવર્તેલા છે. એવા મોટા મુક્ત પોતાની જરા પણ મોટપ કે સામર્થી કહેતા નથી, કેમ કે તેમને પોતાપણું છે જ નહિ. તે તો જેટલી જેટલી સામર્થી, સુખ, મોટાઈ કહે છે તે સર્વે પુરુષોત્તમ ભગવાનની જ કહે છે. એવા મોટા મનુષ્ય જેવા ભાસે છે પણ તે તો અલૌકિક દિવ્ય મૂર્તિ જ છે. તે જન્મ્યા નથી, મનુષ્યરૂપે થયા નથી પણ તે તો સદાય પુરુષોત્તમની મૂર્તિમાં જ છે અને સુખને વિષે નિમગ્ન છે અને આ લોકમાં મહારાજની ઇચ્છાએ કરીને મનુષ્ય જેવા દેખાય છે. ૨/૭૩/૨૨૭,૨૨૮

૬૫. બાપાશ્રીએ વાત કરી જે અનાદિ મહામુક્તનો મહિમા બહુ સમજવો અને હેતે કરીને તેમની સેવા કરવી, પ્રસન્ન કરવા જેથી શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ તત્કાળ મળે. એમને વિષે ક્યારેય મનુષ્યભાવ ન લાવવો. એમની સર્વે ક્રિયા દિવ્ય સમજવી.

એ તો જાણતા થકા અજાણતાપણું દેખાડે ને દેહના ભાવ દેખાડે તથા હર્ષ-શોક દેખાડે એ સર્વે રીત અલૌકિક છે એમ જાણવું. જો મહિમાની કસર હોય તો કોઈ વખત મૂંઝાઈ જવાય. એ તો એક જ સ્થિતિમાં વર્તતા હોય પણ મનુષ્યપણાના ભાવ જણાવે તેથી જો મહિમાની કચાશ હોય તો સંકલ્પ થઈ જાય જે કેમ હશે! પણ મોટા મુક્તને તો દેહના કે અવસ્થાના ભાવ છે જ નહિ. તે તો અખંડ મૂર્તિમાં રહ્યા છે ને અનંત જીવને મહારાજના સુખમાં લઈ જવા દયા કરીને દેખાય છે. ૨/૭૪/૨૨૯

૬૬. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે મોટા મુક્તનો જોગ કરીને પોતાના દોષ ઓળખીને કાઢવા તથા તેમને પોતાના દોષ નિષ્કપટપણે કહેવા તો તે ટાળી નાખે. તેમની આગળ કોઈ પણ જાતનું કપટ રાખવું નહિ. એમ કહીને બોલ્યા જે, આપણે કોઈને સુખ કરીએ તો તે આપણને સુખ થાય છે અને દુઃખ દઈએ તો આપણને જ દુઃખ થાય છે. કેની પેઠે તો જેમ દર્પણમાં દેખાતું જે રૂપ, તેના કપાળમાં કંકુનો ચાંદલો કરીએ તો તેવો ચાંદલો પોતાને જ કપાળે થાય છે. અને જો મેશનો ચાંદલો કરે તો સામો પોતાને કપાળે મેશનો ચાંદલો થાય છે. તેમ કેટલાક કહે છે કે મારા ઉપર રાજી થાઓ, મારા માથા ઉપર હાથ મૂકો. એમ મોટા મુક્તને કાંઈ કહેવું પડે છે? એ તો તેને વિષે ભગવાનને રાજી કરવાના રૂડા સ્વભાવ અને ગુણ જોઈને વગર કહ્યે જ રાજી થઈ જાય છે અને માથે હાથ મૂકીને સુખિયા કરે છે. તે ઉપર વાત કરી જે સ. ગુ. નિર્ગુણદાસજી સ્વામી પાસે કોઈક દેહે કરીને પુષ્ટ એવો હરિભક્ત આવ્યો તે સ્વામીને પગે લાગીને ઉતાવળો ઉતાવળો કહે કે સ્વામી! તમે મારા ઉપર રાજી થાઓ અને મારે માથે હાથ મૂકો, એમ કહીને સ્વામીના બે હાથ ઝાલીને પરાણે ખેંચીને પોતાના માથે મૂક્યા. સ્વામીનું શરીર તો

દુબળું સરખું તે શું કરે? પછી સ્વામી કહે, ભાઈ! એમ પરાણે હાથ મુકાવવાથી શું થાય? એમ તો તું દેહે જબરો છું તે ઠામુકો મને ઉપાડીને માથે મૂકવા ધારે તો મૂકી શકે પણ તેણે કરીને કાંઈ રાજીપો થાય છે? માટે ભગવાનને રાજી કરવા હોય તેને તો રૂડા સ્વભાવ ને રૂડા ગુણ અવશ્ય રાખવા. ૨/૭૪/૨૩૧

૬૭. કરાંચી મંદિરમાં સભામાં હરિભક્તોએ બાપાશ્રીની પ્રાર્થના કરી જે બાપા! અમને આ દિવ્ય સભાની સ્મૃતિ રહેવા માટે ફોટોગ્રાફ લેવાની ઈચ્છા છે. ત્યારે બાપાશ્રી કહે આમ ને આમ સભા અખંડ સંભારે એટલે ફોટોગ્રાફ લેવાઈ ગયો. આ સભા દિવ્ય તેજોમય છે, અક્ષરધામની છે, અનાદિમુક્તની છે, મહારાજ વચ્ચે બિરાજે છે, તેવી સ્મૃતિ અખંડ રાખવી એમ મોટા મોટા સંતો કહે છે. ફોટોગ્રાફ તો હમણાં નીકળ્યા છે. પ્રથમ મોટા મોટા સદ્‌ગુરુઓ, મહામુક્તો, નિરાવરણ દૃષ્ટિવાળા હતા તથા સમાધિવાન હતા તે તો લીંબડાના વૃક્ષ નીચે સંત-હરિભક્તની સભાએ સહિત મહારાજને નિરંતર દેખતા. એવું કરવું તો ફોટોગ્રાફ લેવા ન પડે. પછી સંત-હરિભક્તોની ગોઠવણ થઈ તેમાં બાપાશ્રીને સૌની વચ્ચે બેસાર્યા. પછી ફોટોગ્રાફવાળો કહે એક મિનિટ સરખા સૌ બેસી રહેજો. એમ કહેતાં તરત ફોટો પાડી લીધો. ત્યારે બાપાશ્રી પ્રસન્ન થયા ને કહે જે આટલી જ વાર! એમ કહીને બોલ્યા જે જેમ આ ફોટો પાડતાં વાર નથી લાગતી તેમ મહારાજની મૂર્તિ ચૈતન્યમાં પધરાવતાં વાર ન લાગે. આમાં સરખું બેસવું ખપે છે, તેમ મહારાજ ને મોટા અનાદિના ઠરાવે ઠરાવ થાય તો તુરત સુખમાં મૂકી દે. ૨/૭૭/૨૩૮

૬૮. બાપાશ્રીએ દયા કરીને વાત કરી જે, જ્યારે મહારાજ અને મોટા મુક્ત મનુષ્યરૂપે દેખાતા હોય ત્યારે તેમનામાં મનુષ્ય જેવા બધા સ્વભાવ જણાય. તેમાં પણ ક્યારેક અજ્ઞાનીપણું

જણાવે, ક્યારેક કાયરપણું જણાવે, ક્યારેક પરતંત્રપણું જણાવે, ક્યારેક રોગીપણું જણાવે તેથી વિમુખને મોહ થાય છે ને હરિભક્ત તો ચરિત્ર જાણીને આનંદ પામે છે. ૨/૭૮/૨૪૧

૬૯. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, કેટલાક મોટા મુક્તની પાસે હોય ત્યાં સુધી ઠીક રહે પણ ઘેર જાય એટલે એવા ને એવા થઈ જાય. તે જો મહારાજને અને મોટાને અંતર્યામી જાણે ને મહારાજની અને મોટાની બીક રાખે તો સારું રહે. મોટા મુક્તના શબ્દ સર્વે નિશાન ઉપર જ હોય. નિશાન તે શું? તો શ્રીજીમહારાજની મૂર્તિ. તે મૂર્તિ વિના એકે શબ્દ એમના હોય નહિ. મહારાજ તથા મોટાને વિષે ભૂંટો ઘાટ થાય, અગર સ્ત્રી આદિકના ભૂંડા ઘાટ થાય તે વખતે મહારાજને અને મોટાને પ્રાર્થના કરવી તો આપણું ભક્તિરૂપ ધન જે જે રળીએ તે પૂરેપૂરું ખજીને પડતું જાય અને આ કહ્યું તેમ ન થાય તો પૂરેપૂરું ખજીને ન પડે, માટે મહારાજને તથા મોટાને નિરંતર સંભારવા, તેમનો જોગ સદાય રાખવો. તે તો જેમ વાછરડું તેની માને સામું ધાવે ને જેવું બળિયું થાય અને વૃદ્ધિને પામે તેવું છે, એમ જાણવું. મોટા મુક્ત તો જીવને સંકલ્પમાત્રે સુખિયો કરી મૂકે છે પણ તેની જીવને ખબર પડતી નથી. જેમ આ લોકમાં કોઈ મોટા વાંકમાં આવ્યો હોય ત્યારે તેને ફાંસીનો હુકમ થાય છે તે વખતે તેનાં સગાં રાજા પાસે જઈને શોર-બકોર કરે અને બોલ બોલ કરે તો તેની વાત કોઈ ધ્યાનમાં લે નહિ અને એ ગુનાથી છૂટે પણ નહિ. તે વખતે જો મોટા બારિસ્ટર એક જ સવાલ કરે તો તે સવાલને ધ્યાનમાં લઈને રાજાને તેને છોડી મેલવો પડે. તેમ મોટા મુક્ત છે તે જીવને સંકલ્પમાત્રમાં છોડાવે છે પણ મોટાને શરણે થયા વિના બીજાં ગમે તેટલાં સાધન કરે, બીજાની સહાયતા મેળવે પણ તે જીવ માયાના પાશલાથી છૂટે નહિ. ૨/૭૮/૨૪૨

૭૦. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, મહારાજ તથા તેમના અનાદિમુક્તને વિષે દિવ્યપણું સમજવું અને દિવ્યપણામાં મનુષ્યપણું જાણવું, તે શું? તો તેમના દુઃખે દુઃખી અને તેમના સુખે સુખી થાવું, પણ મોટાને દુઃખ થતું હોય તો જાણે એમને શું ફિકર છે! એવું નિર્દયપણું ન રાખવું ને મોટા મુક્તના દુઃખમાં ભાગ રાખવો. પછી એમ કહ્યું જે મોટા અનાદિના જે શબ્દ છે તે ઇન્દ્રિયો-અંતઃકરણ ઝીલી શકતાં નથી. એ શબ્દને તો જીવ ઝીલવા સમર્થ છે. માટે જે જે શબ્દ મોટા અનાદિ થકી નીકળે તેને શ્રવણ, મનન, નિદિધ્યાસ કરી જીવમાં ઉતારી દેવા તો જેમ કીટ મટીને ભમરી થઈ જાય છે તેમ તત્કાળ મોટાના જેવું થઈ જવાય છે. પણ જો ગાફલાઈ હોય તો શબ્દ જતા રહે. ૨/૭૯/૨૪૪

૭૧. મહારાજ અને મોટા મુક્ત કહેતા હોય તે તો બરાબર હોય, સત્ય હોય; પણ જીવ જાણી શકે નહિ, કેમ કે મહારાજ અને મોટાની અલૌકિક દૃષ્ટિ અને જીવની માયિક દૃષ્ટિ. તેથી તેને તે વાતમાં ગમ પડે નહિ ને મોટાની વાતમાં ચાંચ ખૂંચે નહિ. જો તે એમ જાણે જે મોટા અનાદિ અને મહારાજ તો કેવળ જીવના રૂડા માટે જ પધાર્યા છે, તેથી જીવનું બગડે નહિ એવું જ તે કહે. વળી તેમને જીવ થકી કાંઈ બીજો સ્વાર્થ સાધવો નથી ને જીવ ઉપર તેમને કાંઈ વેર નથી, જે અવળે રસ્તે ચડાવે. એવી સમજણ ન આવે ત્યાં સુધી દુઃખિયો મટે નહિ. મહારાજ ને મોટા મુક્ત તો કેવળ જીવોનાં કલ્યાણ માટે પ્રવર્તેલા છે એમ સર્વે વાતમાં સમજે તો તેને કોઈ વચન માનવું કઠણ ન પડે પણ પોતાના જેવા જ મોટા મુક્તને સમજીને અજ્ઞાન દૃષ્ટિએ સોતો એમનો જોગ કરે, તો તેને જે વાત સમજવાની છે, તેની ઘેડ્ય ક્યાંથી બેસે! ન જ બેસે. માટે અનાદિને અને મહારાજને દિવ્ય જાણીને પોતાના અજ્ઞાનપણાને મૂકીને

દર્શન, સ્પર્શ, જોગ, સમાગમ કરે તો તે ઠીક ગણાય. મોટા અનાદિ ને મહારાજ તે તો કૃપાસાધ્ય છે. તેમની દયા તો અપાર છે ને કરુણાના સાગર છે. ૨/૭૯/૨૪૫

૭૨. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, મહારાજનો અને મોટા મુક્તનો પ્રતાપ બહુ જબરો છે. એમની દૃષ્ટિએ જે જે પશુ, પક્ષી, ઝાડ, પહાડ વગેરે પડે છે તે તે સર્વેનું બીજબળ થાય છે અને સર્વે સંસ્કારી થાય છે. વળી જેણે જેણે મોટા મુક્તનો જાણે-અજાણે સ્પર્શ કર્યો, અગર જે જે મોટાના ઉપયોગમાં આવ્યા ને તે સર્વે અહોભાગ્યવાળા છે અને તેમનું કલ્યાણ થાય છે. જ્યાં જ્યાં મોટા મુક્ત વિચરે છે તે તે સર્વે સ્થાન પ્રસાદીનાં તીર્થરૂપ થાય છે અને દિવ્ય થાય છે. મોટા મુક્તના જોગમાં જડ-ચૈતન્ય જે કોઈ આવે છે તે નિર્ગુણ થઈ જાય છે. તે સર્વેને પવિત્ર કરે છે એટલે કે મોક્ષના અધિકારી કરે છે એવો મોટા મુક્તના સંબંધનો પ્રતાપ છે, કેમ કે એ મહારાજની મૂર્તિ વિના ક્યારેય એકલા રહેતા નથી. એવા મોટા મુક્ત માયાને ટાળવાનો કવાજ શિખવાડે એટલે માયા એની મેળે જ છેટી રહે છે. મોટા અનાદિ તો જીવને પુરુષોત્તમ ભગવાન સન્મુખ કરે છે તેથી માયા વાંસે ગોથાં ખાતી રહે પણ તેનું કાંઈ ચાલતું નથી. માટે મોટા મુક્ત સાથે અતિશે હેત કરવું. તે હેત રૂપે કરીને, સ્વાર્થે કરીને, ભયે કરીને અને ગુણે કરીને થાય છે. તેમાં ગુણે કરીને જે હેત થાય છે તે સર્વેથી ઉત્તમ છે. માટે સ્નેહ કરવો તે બીજા સર્વને મૂકીને ગુણે કરીને જ કરવો. આવા મોટા અનાદિને વિષે વિશ્વાસ લાવવો અને એમ જાણવું જે, એ જ્યાં છે ત્યાં મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે. તેમના દર્શનને તો મોટા મોટા અવતારાદિક ઇચ્છે છે. તે ઉપર દૃષ્ટિ રહે તો એ વાત સમજ્યામાં આવે. કેટલાક પરની ને અવરની વાતો તથા નવાં નવાં ઐશ્વર્ય તેને જાણવા ઇચ્છે પણ

તેમાં કાંઈ માલ નથી. એ તો જેમ દ્રવ્ય સાચવે એવો દીકરો થાય પછી તેનો બાપ તેને સામટી ભંડારની કૂંચી સોંપી દે છે, એ રીતે જ્યારે અવસર આવે ત્યારે મહારાજ અને મોટા મુક્ત તેમ કરી દે, પછી તે સમે તેને કોઈની કશી બીક નહિ. ૨/૮૦/૨૪૭

૭૩. મોટા અનાદિમુક્તને રાજી કરે તો ઠેઠ પહોંચી જાય. એક ગામમાં ગોપાળાનંદ સ્વામી ગયા ત્યાં ગામમાં કોઈ માણસને મંદિર ક્યાં છે એમ પૂછ્યું. તે માણસ ઓટલે બેઠો દાતણ કરતો હતો તે ત્યાં બેઠે બેઠે દાતણની સાને કરીને મંદિર બતાવ્યું કે આમ ને આમ ચાલ્યા જાઓ. સામે મંદિર છે એટલું કહેલ અને એટલું કરેલ તે પુણ્યે દેહ મુકાવી મહારાજે સત્સંગમાં જન્મ આપ્યો. વર્તમાન ધરાવ્યાં પછી તો તે મોટી ઉંમરે સાધુ થયો. તેને દેહ મૂકવા ટાણે ગોપાળાનંદ સ્વામીએ અદ્‌ભુત પ્રતાપ જણાવ્યો. તે શું? તો આમ જુએ ત્યાં લાખોરૂપે ગોપાળાનંદ સ્વામી દેખ્યા. તે ટાણે કહેવા લાગ્યો જે અહો! આ લાખો સંત ક્યાંથી આવ્યા! એમ સ્વામીશ્રીએ અલૌકિક પ્રતાપ બતાવી દેહ મુકાવી દીધો. ૨/૮૨/૨૫૫

૭૪. મિસ્ત્રી નાજુભાઈએ કહ્યું જે, અમે તો ભગવાન અર્થે કાંઈ કરી શકતા નથી તેથી આપ કૃપાદૃષ્ટિ રાખજો. ત્યારે બાપાશ્રી પ્રસન્ન થઈને બોલ્યા જે, કૃપાસાધ્યમાં મહારાજ અને મોટા રાજી થાય એવી ક્રિયા કરતાં આવડવું જોઈએ, પણ મનધાર્યું કરવાનું થતું જાય તો મેળ રહે નહિ. રાજી કરતાં તો ક્યાંય નીકળી જવાય. રાજી કરવા માટે તો દેહ પણ પાડી નાખે. જો મહિમા સમજાય તો. શ્રીજીમહારાજ અને મોટા અનાદિ વર્તમાનકાળે સાવ સોંઘા છે, પણ જીવને સમજણ નહિ તેથી લહાવ ન લઈ શકે. ૨/૮૩/૨૫૯

૭૫. મહારાજની તથા મોટાની અનુવૃત્તિમાં રહે અને

મૂર્તિમાં રસબસ જોડાઈ જાય તો આ દેહે જ જાણે અક્ષરધામમાં બેઠો છે અને તે જ છેલ્લો જન્મ છે ને તેનો જ આત્યંતિક મોક્ષ થયો જાણવો. છ મહિના સુધી સત્સંગ અહોરાત્રિ કરીએ તેટલું કામ, જો મોટા મુક્તનો વિશ્વાસ હોય તો એક દિવસમાં મોટા પૂરું કરી આપે. ૨/૮૪/૨૬૫

૭૬. કથા, વાર્તા, ધ્યાન, ભજનનો ખટકો રાખનારા ઉપર મહારાજનો રાજીપો ઘણો થાય છે ને મોટા મુક્તની પ્રસન્નતા પણ બહુ થાય છે. મહારાજનો તથા મોટા મુક્તનો રાજીપો થયો તેનાં સર્વે સાધન પૂરાં થયાં. એમની પ્રસન્નતા થઈ એટલે એ છતે દેહે મૂર્તિના સુખમાં પહોંચી ગયો. મહારાજ કહે છે કે અમારા મોટા મુક્તના શબ્દ સાંભળશે, સેવા કરશે, તેમને રાજી કરશે તેનું પણ કલ્યાણ થશે. ૨/૮૫/૨૬૬,૨૬૭

૭૭. બાપાશ્રીએ વાત કરી જે, મોટા સંત દેશાવરમાં ફરે છે તે અરસપરસ સમાગમ માટે છે. એવા મોટા સંત હરિભક્તને સુખિયા કરે છે, તેથી હરિભક્તને સંતનો ગુણ આવે છે અને ઉત્તમ હરિભક્ત જોઈને સાધુ પણ તેના ગુણ લે છે, તેથી અરસપરસ બહુ મોટા લાભને પામે છે. મહારાજ ને મોટાનો પણ એ જ સિદ્ધાંત છે. ૨/૮૬/૨૬૮

૭૮. બાપાશ્રી સભામાં બોલ્યા જે, આપણને મૂર્તિ અને મૂક્તના મંડળ- એવું દિવ્ય સુખ મળ્યું છે. માટે દેહ છતે ભેગા અને દિવ્યભાવમાં પણ ભેગા જ છે. જરાય જુદાપણું નથી. અંત વખતે મહારાજ તથા મોટા લાખો પ્રદક્ષિણાઓ કરાવી, લાખો દંડવત્ કરાવીને મૂર્તિના સુખમાં લઈ જશે. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, દંડવત્-પ્રદક્ષિણાઓ શી રીતે કરાવશે? ત્યારે બાપાશ્રી કહે કે તેવું જ્ઞાન આપીને સંકલ્પે કરીને કરાવી દેશે અને મૂર્તિમાં રસબસ કરી અનાદિમુક્તની પંક્તિમાં

ભેળવી દેશે, માટે વિશ્વાસ દૃઢ રાખવો. મોટાનો જોગ-સમાગમ કરવાથી મોટા મુક્ત જીવને પોતાના જેવા કરે છે. તે કેવી રીતે? તો મોટાની સાથે નિર્મળ મને જોડાવાથી મોટા અનાદિ આ જીવને દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, દેવતા, એ સર્વમાંથી મુકાવીને બ્રહ્મરૂપ કરી દે એટલે છતે દેહે જ બ્રહ્મરૂપ થયો. ૨/૮૮/૨૭૫

૭૯. સાંવલદાસભાઈએ પૂછ્યું જે, આપણા શાસ્ત્રમાં એમ લખ્યું છે જે, સંત પ્રથમ મળે તો સંતથી મહિમા સમજાય અને ભગવાન મળે તો ભગવાનથી મહિમા સમજાય પણ અનાદિનું બધું ય ભેગું હોય તેનું કેમ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે એ તો સદાય ભેગા છે. એ ક્યાં નોખા પડે છે? મહારાજ ને અનાદિ ભેળા જ છે, પણ જીવને અનાદિની હા ન પડે. પુરાણી કહેવાતા હોય, શાસ્ત્રી કહેવાતા હોય તેવા પણ જીવ, ઈશ્વર, માયા વગેરેને અનાદિ કહે અને જ્યાં અનાદિમુક્તની વાત થાય ત્યારે આ નવો માર્ગ કાઢ્યો હોય એમ બોલે. પાંચ ભેદ અનાદિ કહે તો રાજી થાય પણ મુક્તને અનાદિ કહે તો મૂંઝાય, એવું ન કરવું. ૨/૯૧/૨૮૮

૮૦. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, મોટા હાથ ઝાલે છે તે મૂકતા નથી. એક નાવમાં બેઠા તે સર્વે સાથે ઊતરી જશે. એક નાવવાળો જુદો પડે નહિ. મોટાને વિષે વિશ્વાસ ન આવે ને તર્ક રહે તો જાણીએ જે જુદા નાવમાં બેઠો. કોઈ વાત ઝીણી હોય અને તે સમજાતી ન હોય તો એમ જાણે જે આ વાત છે તો સાચી, પણ મને સમજાતી નથી, તો તર્ક ન કહેવાય. મહારાજની મૂર્તિને વિષે મુક્ત રહ્યા છે તે મહારાજરૂપ કહેવાય. એવી રીતે સમજે તો નિસ્તર્ક થયો જાણવો. ત્યારે જાણીએ જે સંપૂર્ણ વિશ્વાસ આવ્યો. જેટલો તર્ક કરે તેટલો સુખમાં ફેર રહે. ૨/૯૨/૨૯૧

૮૧. પોતાને અપૂર્ણપણું ન માનવું. પૂર્ણપણું માનીને છકી પણ જાવું નહિ. કથા, વાર્તા ને મોટા મુક્તનો સમાગમ કર્યા કરવો. મોટાની કૃપાએ હું તો મહારાજ સાથે જ છું. ક્યાંય જવું-આવવું નથી. એમ જે સમજે તેને આત્યંતિક કલ્યાણ કહેવાય. ૨/૯૩/૨૯૫

૮૨. મોટા મુક્ત તો આપણને કોઈ દિવસ વિસારે નહિ, પણ આપણને જો એમનો અભાવ આવે તો મોટા વિસારે છે. એમને વિષે હજારો માણસો ખેંચાય છે, તે મોટા કોઈને કહેવા જતા નથી કે દાખડો કરતા નથી, પણ જ્યાં એ છે ત્યાં મહારાજ અને અનંતકોટિ મુક્ત છે, તેથી સર્વે ખેંચાય છે. આપણી વૃત્તિ મોટા મુક્ત સુધી પહોંચાડીએ તો મોટા મુક્ત ઠેઠ મહારાજ સુધી આપણી વૃત્તિને પહોંચાડે છે. ૨/૯૪/૨૯૮

૮૩. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે આપણે મહારાજને અને મોટા મુક્તને દર્શને ગયા. પછી પાંચ દસ દિવસ રહીને ઘેર જઈએ ત્યારે એમ રહે જે, આટલા દિવસ આપણે મહારાજ તથા મોટા ભેગા રહ્યા અને ત્યાંથી જુદા પડીને પાછા આપણે ઘેર આવ્યા. તે સમજણ સારી ન કહેવાય. હરિભક્તોએ એવી સમજણ ન રાખવી, ને એમ સમજવું જે મહારાજ અને મોટા સદાય આપણી ભેળા જ છે. તે જરા વાર પણ જુદા પડતા નથી. એમ જાણીને મહારાજનો અને મોટા મુક્તનો અંતર્દૃષ્ટિ કરીને નિરંતર જોગ કર્યા કરવો. તે જોગ તે શું? તો તેમને સંભારવા, તેમના સામું જોઈ રહેવું, તેમના વચનનો વિચાર કરવો, એ આદિ કરવું. અંતર્દૃષ્ટિ કર્યા વિના સમીપપણું રહેતું નથી, પોતાના દોષ ઓળખાતા નથી અને ભગવાનના ભક્તનો મહિમા પણ જણાતો નથી. અંતર્દૃષ્ટિથી તે સર્વેનું સમીપપણું થાય છે. માટે અંતર્દૃષ્ટિ ભગવાનના ભક્તની છે અને બહારદૃષ્ટિ

અભક્તની છે ને દ્રોહદૃષ્ટિ તે તો અસુરની કહી છે; માટે નિરંતર અંતર્દૃષ્ટિ રાખવી. જેને મહારાજનો અને મોટા મુક્તનો વિશ્વાસ આવ્યો હોય તેને સર્વે વાતે સવળું પડતું જાય છે, પણ અવળું તો પડે જ નહિ, તે સુખ-દુઃખમાં, હાણવૃદ્ધિમાં, વાતચીતમાં, કોઈના કહેવા સાંભળવામાં- એ સર્વેમાં સવળું ને સવળું જ પડતું જાય છે. તેથી મોટા મુક્ત અને મહારાજનો વધારે ને વધારે વિશ્વાસ આવતો જાય છે તથા વધારે ને વધારે હેત થતું જાય છે. તેથી તેને મહારાજની મૂર્તિમાં વધારે ચોંટાતું જવાય છે. જેણે મહારાજને અને મોટા મુક્તને અંતર્યામી જાણ્યા હોય તેનાથી સર્વ આજ્ઞાઓ પળે; તેમની સદાય બીક રહે તેથી ખોટા સંકલ્પ પણ ન થાય, અને એમ નિરંતર રહ્યા કરે જે હું જે જે કરું છું તે સર્વેને મહારાજ તથા મોટા મુક્ત નિરંતર જાણે છે. મહારાજ અને મોટા મુક્ત તો સદાય ભેળા ને ભેળા જ છે અને તે સર્વે જુએ છે. માટે હું જરાય પણ આજ્ઞા વિરુદ્ધ વર્તન કરીશ તો એમનો મારા પર અતિશે કુરાજીપો થશે અને મારું બગડી જશે એમ રહ્યા કરે, તેથી તે ફડકમાં કાંઈ પણ ભૂંડો ઘાટ કરી શકે નહિ. તો બીજું તો શું કરે? નાસ્તિકભાવ પણ ત્યારે જ ટળ્યો કહેવાય. ૨/૯૫/૩૦૦

૮૪. બાપાશ્રીએ વાત કરી જે, મહારાજને અખંડ સંભાર્યા કરવા અને સંગ કરવો તેમાં પણ ભેદ છે. સંગ તો ઉત્તમ પુરુષનો જ કરવો. મોટા મુક્ત સાથે જુદાપણું ન રાખવું. કેટલાક તો ઉપર ઉપરથી મળતું રાખે ને પાસે આવે, જાય, બેસે, ઊઠે, વાતો સાંભળે, પૂછે, પણ અંતરમાં જુદાપણું હોય; એ પણ સંગ કર્યો કહેવાય અને એક તો મન, કર્મ, વચને, શુદ્ધભાવે, નિષ્કામપણે, ગરજુ થઈને સંગ કરે તે પણ સંગ કર્યો કહેવાય. માટે જેને ભગવાનને રાજી કરવા હોય અને પોતાનું પૂરું કરી લેવું હોય તેને

તો નિષ્કપટભાવે મન, કર્મ, વચને દાસાનુદાસ થઈને સંગ કરવો તો શ્રીજીમહારાજ તથા મોટા મુક્ત રાજી થાય છે. અને તે સંગ કરનારનો પણ મોટાને જોગે કરીને મોટા સુખને તથા મહા મોટા આનંદને પામે છે, તેથી અખંડ આનંદ તથા અખંડ સુખમાં રહ્યો થકો મહારાજની. અખંડ સેવામાં રહે છે. ૨/૯૫/૩૦૧,૩૦૨

૮૫. બાપાશ્રીએ સભામાં વાત કરી જે માયાના ગુણ કાંઈ વ્યાપે તો ચેતી જવું ને તરત મોટા મુક્તને વળગી પડવું. એટલે જેમ છોકરાંને તેના માવતરના આશ્રયથી ભયની નિવૃત્તિ થઈ જાય છે, તેમ આપણે પણ મોટાના આશ્રયે કરીને માયાના ભયની નિવૃત્તિ થઈ જાય છે, તેથી માયાના ગુણ એકે ટકી શકતા નથી. એટલે કોઈ દુઃખ દઈ શકતા નથી. ૨/૯૫/૩૦૨

૮૬. શ્રી પુરુષોત્તમની ઉપાસનાવાળા જે મહામુક્ત તેમના જે જોગવાળા છે તે પ્રકૃતિપુરુષ, બ્રહ્મ, અક્ષર આદિ સર્વથી પર શ્રી પુરુષોત્તમનારાયણ સહજાનંદ સ્વામી ભગવાન તેમને જ પામે છે; પણ વચમાં એ ક્યાંય અટકતા નથી. એવું તેમનું શ્રીજીમહારાજની મૂર્તિના બળે સામર્થ્ય છે. ૨/૯૬/૩૦૪

૮૭. બાપાશ્રીએ વાત કરી જે, સેવકરામ નામનો સાધુ કૃતઘ્ની હતો. પણ મહારાજના હાથથી સેવા થઈ તેથી તેનો મોક્ષ થયો. ભગવાન કે સંત કોઈના અપરાધ સામું જોતા નથી. જે સેવા કરવાનું બતાવ્યું છે તે તો મોક્ષનો માર્ગ છે, માટે આપણે સંતની સેવા કરવી ને સંત આપણી સેવા કરે. માવતર છોકરાંની સેવા કરે છે કે નથી કરતા? એમ ભગવાન અને સંત સેવા કરે છે તે ચોરાસી લાખ ખાણથી જીવને છોડાવે છે, તેથી તેમનો મોટો પાડ માનવો. ૨/૯૭/૩૦૬

૮૮. બાપાશ્રી બોલ્યા જે, આપણે મહારાજને ને અનાદિ મહામુક્તનો મહિમા તથા જશ ગાતા જઈએ જે આવા

ગોપાળાનંદ સ્વામી, આવા મુક્તાનંદ સ્વામી, આવા બ્રહ્માનંદ સ્વામી, આવા ગુણાતીતાનંદ સ્વામી, આવા નિષ્કુળાનંદ સ્વામી એ આદિક મોટા મોટા તપ કરીને, નિર્વાસનિક થઈને સુખિયા થઈ ગયા. પણ તેમણે તો જેમ જનુની ઓસડ ખાઈને બાળકને નિરોગી કરે છે; તેવી રીતે પોતે તપ કરીને, ભક્તિ કરીને મુમુક્ષુને બળિયા કર્યા અને મોટા મુક્તોને રાજી કરવાની તથા મહારાજને પામવાની રીત દેખાડી. એ મહામુક્તો તો મૂર્તિમાં રસબસ રહેતા ને સદાય એ સુખ ભોગવતા, તો પણ આપણા મોક્ષને અર્થે એમણે સર્વે કરી દેખાડ્યું એમ જાણવું. ૨/૯૯/૩૧૫

૮૯. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ગંગાજીનું જળ ગૌમુખીમાંથી આવે છે તેમ ગંગાજીને ઠેકાણે મૂર્તિ છે. જળને ઠેકાણે મૂર્તિનું સુખ છે અને ગૌમુખીને ઠેકાણે મુક્ત છે. તે મુક્તરૂપ મહારાજનું સુખ તે દ્વારે મૂર્તિનું સુખ આવે છે. માટે મૂર્તિથી જુદા ન પડે તે મોટા જાણવા. એવા મોટાને વિષે કોઈ દિવસ મનુષ્યભાવ આવવા દેવો નહિ; સદાય દિવ્યભાવ રાખવો અને મહારાજ પાસે એમ પ્રાર્થના કરવી કે કોઈ દિવસ નાસ્તિક તથા કુસંગીનો સંગ ન થાય. તે કુસંગ તે શું? તો મોટા ભગવદીનો દોષ આપણા જીવમાં ઘાલી દે એ મોટો કુસંગ કહેવાય. આપણે સાજો સત્સંગ દિવ્ય જાણવો, પણ સમાગમ તો મહારાજનો મહિમાં તથા સુખ મળે તેવાનો કરવો. સર્વેને મોટા જાણવા પણ આપણને જેથી સુખ મળે તેમને વધારે મોટા જાણવા. ૨/૧૦૨/૩૨૭

૯૦. બાપાશ્રી બોલ્યા જે, “મારી મૂર્તિ રે મારા લોક, ભોગ ને મુક્ત સર્વે દિવ્ય છે” એમ મહારાજે કહ્યું છે. તેથી આપણે પણ એ દિવ્ય સાથે ભળી જવું, નોખા ન રહેવું. સત્સંગરૂપ સમુદ્રમાં રહ્યા થકા કોરા ન રહેવું. અતિ હેતે મોટા અનાદિ સાથે

જોડાવાથી અત્યંત સુખિયા થવાય છે. હેત કોને કહેવાય? તો રોઈ જવાય, ગદ્ગદ થઈ જવાય; પણ જો પથ્થર જેવું હૃદય હોય તો જેમ પથ્થર પાણીમાં હોય તો ય કોરો રહે છે તેમ તેવા જીવને મોટાનો સંગ અડે નહિ. માટે ગરજુ થઈને મોટા મુક્તનો મન, કર્મ, વચને જોગ કરવો. એવો જોગ કરવાથી ચાલોચાલમાંથી એકાંતિક થઈને પરમ એકાંતિક થાય, પછી અનાદિ થાય. તે પણ જો ખરેખરો વિશ્વાસ હોય અને હેત હોય તો થાય, નહિ તો જેમ રોટલી કરતાં ઘી ચોપડે છે તેથી પડ નોખાં થઈ જાય છે તેમ થાય. ૨/૧૦૩/૩૨૭,૩૨૮

**૯૧.** વૃષપુરના મંદિરમાં કૂવો ફેરવવાનું કામ ચાલતું હતું. ત્યારે બાપાશ્રી મંદિરની ઓસરીમાં બેઠા હતા. તે હરિભક્તો પાસે બોલ્યા જે, જેમ કૂવામાં પાણી ખારું-મોળું કે મીઠું એમ જુદા જુદા પ્રકારનું નીકળતું જણાય છે તેમ પાત્રની તારતમ્યતાએ સુખમાં ફેર પડે છે. એવી જ રીતે મોટા મુક્ત, સંત તથા હરિભક્ત જુદા જુદા જણાય છે. સર્વેને કારણ મૂર્તિ એક જ છે તો પણ સુખભોક્તામાં ભેદ પડે છે તે પાત્રપણાનો છે, કેમ કે સૌ એક મૂર્તિમાંથી જ સુખ ભોગવે છે. માટે ઉત્તમ પાત્ર થવું ને અનાદિનો જોગ કરવો. કેમ જે અનાદિમુક્ત તો રસબસભાવે સુખ લીધા જ કરે છે. તેમને તો મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ. માટે એવા ઉત્તમ જોગથી ઉત્તમ પાત્ર થવાય. ૨/૧૧૬/૩૬૬

**૯૨.** બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, મહારાજે માયાનું બળવાનપણું કહ્યું ત્યારે મુક્તાનંદ સ્વામી જેવાને એના પ્રસંગે ઠેકાણું રહે કે ન રહે એવું એનું પ્રધાનપણું જીવોને સમજાવવા કહ્યું છે, પણ મોટા તો સદાય નિર્લેપ છે, કેમ કે કાળ, કર્મ ને માયાનો ભગવાનના ભક્તને માથે હુકમ

નથી તો આ તો મૂર્તિમાં રસબસ રહેનારા અનાદિમુક્ત તેને શું હોય? પણ જ્યારે જીવોને એવી વાત સમજાવવી હોય ત્યારે મહારાજ મોટા મોટા મુક્તનાં નામ લઈને વાત કરતા એમ જાણવું. મોટાની છાયામાં રહે તેને પણ માયા નડી શકે નહિ તો મોટાની તો વાત જ શી કહેવી? ૨/૧૧૭/૩૬૭

૯૩. બાપાશ્રી એમ બોલ્યા જે, પાણો હોય તે અગ્નિથી શેકાઈ જાય છે ને પાણી અડે એટલે ચૂરેચૂરા થઈ જાય છે અને ઔષધિમાં પણ એવો ચમત્કાર છે જે સોના આદિક વસ્તુને ગાળીને શુદ્ધ કરી નાખે છે. તો આ તો સર્વોપરી ભગવાન અને સર્વોપરી મુક્ત મળ્યા છે તો પણ અંતર ગળતું નથી, તેનું કારણ એ છે જે મહારાજનો તથા અનાદિમુક્તનો જેવો છે તેવો મહિમા જાણ્યામાં આવ્યો નથી. ને સર્વોપરી ભગવાન તથા મૂર્તિના સુખની પ્રાપ્તિ કરાવનારા અનાદિમુક્ત તેમની ઓળખાણ થઈ નથી. કદાપિ ઓળખાણ થઈ છે તો તે સંગાથે જીવ જોડ્યો નથી. તે જો મન, કર્મ, વચને જીવ જોડે તો કાંઈ ખામી રહે નહિ. જેટલી ખામી રહે છે તેટલી જીવ જોડવામાં તથા આજ્ઞા પાળવામાં કસર છે, તેથી અંતર ગળતું નથી. કેમ કે અગ્નિ તથા ઔષધિ તે તો જડ છે તો ય સોના આદિકનો મેલ મુકાવી દે છે, તો આ તો દિવ્ય મહારાજ ને દિવ્ય મુક્ત તે શું ન કરે? પણ અંતરાય રહે છે તેથી જેમ છે તેમ સમજાતું નથી, માટે સાચે ભાવે જોડાવું. ૨/૧૧૭/૩૬૮

૯૪. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, મહારાજના અનાદિમુક્ત તો મૂર્તિના સુખરૂપ અમૃત વિના બીજો આહાર કરતા જ નથી. તેમની સામર્થી અપાર છે, પણ જીવને ખબર પડે નહિ. મહારાજે તો રાજાનું રાજ્ય તેટલું રાણીનું રાજ્ય કહ્યું છે. તો પણ અનાદિ મહામુક્તરાજ ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ

સ્વામીને સત્સંગમાં કેટલાક મૂળઅક્ષર નામે કહે છે. તેમ કહેવાનું તાન એ છે કે બીજા મુક્ત અક્ષર ને આ તેમનાથી મોટા એટલે મૂળઅક્ષર. વળી કેટલાક તો સમજ્યા વિના એમ બોલે છે જે અક્ષર વિના પુરુષોત્તમ પમાય નહિ. સ્વામી અને નારાયણ એમ જુદુ જુદું નામ છે તે મહારાજે અક્ષરપુરુષોત્તમનું ભજન કરાવવા ભેળું કરેલ છે. આવા પોતાના ઠરાવે મહિમા સમજાવવા જાય છે અને કહે છે કે બધાય અવતારને જોડ ને મહારાજને જોડ નહિ? એવી સમજણ બંધ બેસારે છે, પણ તે જો મહારાજનો મહિમા મોટા અનાદિ થકી સમજે તો આપણે કહીએ છીએ તેથી મોટપ વધે છે કે ઘટે છે તેની ખબર પડે. મહારાજના અનાદિમુક્તને તો મહારાજ રૂપ જ કહેવાય. મહારાજનું તેજરૂપ ધામ તો સર્વત્રપૂર્ણ સચ્ચિદાનંદપણે અખંડ છે. મહારાજ તે તેજના કારણ એટલે જ્યાં મૂર્તિ ત્યાં અક્ષરધામનું મધ્ય. એ મૂર્તિ અખંડ અનાદિ છે તેથી તે મૂર્તિમાં રસબસ રહેનારા મુક્તોને મહારાજથી પૃથક જે જે ઉપમા દેવાય છે તે અધૂરી જ છે. મહામુક્તને તો એક શ્રીજીમહારાજ જ છે, તેથી તે મૂર્તિરૂપ છે. અને "જોવા રાખી નહિ જોડ, પુરુષોત્તમ પ્રગટી". ક્ષર-અક્ષરને પોતાની શક્તિએ કરીને ધરી રહેનારા મહારાજ તેથી તેમને મહારાજની જોડે ગણાય નહિ. જો એમ એ કહેતા હોય કે અમે તો અક્ષર દરજ્જાવાળાને નથી કહેતા તો મહારાજના અનાદિ મહામુક્ત તો મહારાજની મૂર્તિથી પૃથક રહેતા નથી. "રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરુણા કંદ" એ દિવ્ય મૂર્તિના મહારસનું સદાય પાન કરનારા છે. એ દિવ્ય સુખના જ ભોગી છે. અનાદિ મહારાજ એટલે એ પણ અનાદિ. તેને જે જે બીજી ઉપમા દેવાય તે ઓછી છે. આવા જે મહાઅનાદિ તે તો મહારાજની મૂર્તિમાં સુખભોક્તાપણે રસબસભાવે રહ્યા છે અને પરમ એકાંતિક સન્મુખ રહ્યા છે. તેને

પણ સર્વ મુક્તથી અધિક આ મુક્ત એમ નથી, સર્વ મુક્તોને સર્વોપરી એક મૂર્તિ જ છે ને મુક્તોને તો એ મૂર્તિના સુખમાં ક્યારેય પાર પામવાપણું નથી, સદાય અપાર ને અપારપણું છે. એવો મહિમા જેને સમજાય તેને એ મૂર્તિ વિના બીજા કોઈને ભાર રહે નહિ. ૨/૧૧૮/૩૭૯

૯૫. સભામાં બાપાશ્રીએ વાત કરી જે, મહારાજની આજ્ઞામાં જે ખબડદાર ન રહે ને ઉપર ઉપરથી મોટા મુક્ત પાસે આવે જાય ને પ્રાર્થના કરે તેથી તેનું કામ થાય નહિ. એ તો જ્યારે મહારાજ ને મોટા અનાદિને અંતર્યામી જાણી તેમના વચન સામી સૂરત રાખે તો મોક્ષ થતાં કોઈ વાર ન લાગે. નહિ તો સો ગાઉ સામો ચાલીને આવે તો પણ મૂર્તિનું સુખ તેને મળતું નથી; માટે દેખાવનો સત્સંગ ન કરવો. મહારાજ તથા મોટાના વચન પ્રમાણે નિયમ ધર્મ પાળ્યા વિના ચાલે નહિ. મોટા અનાદિમુક્ત તો બહુ દયાળુ હોય, તેથી મહારાજના વચનમાં વર્તે તેને તરત મૂર્તિમાં મૂકી દે છે. જીવને મોટાના સંબંધનું ફળ જતું નથી, પણ જેવું તેમના ગમતા પ્રમાણે રહે ને ફળ મળે તેવું ઉપરના દેખાવથી મળે નહિ. મોટાને વિષે હેત કરવું તેમાં કોઈ પણ વાતનો અંતરાય ન રાખે ને કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષ્યા, કપટ એ સર્વેને મૂકીને દાસભાવે વર્તે તેને તો મહારાજ તથા મોટા અનાદિ પળમાં ન્યાલ કરી મૂકે, કેમ જે શ્રીજીમહારાજ ન્યાલકરણ છે તેથી જીવના વાંકગુના સામું જોતા નથી એવા દયાળુ છે, પણ મહારાજને તથા મોટા મુક્તને જીવ સોંપવો જોઈએ. તે વિના ત્રણ દેહનું આવરણ ઉલ્લંઘાય તેવું નથી. મહારાજના તથા મોટા મુક્તના પ્રતાપે જ જીવોનો મોક્ષ થાય છે, એ વાતમાં કાંઈ સંશય નથી. તેથી મોટા મુક્તોએ શાસ્ત્રમાં લખ્યું છે જે, "હરિ કાં હરિના મળેલાનો ખપ કરવો" જોઈએ. ફેર આવો જોગ મળવો દુર્લભ.

અ. મુ. ગુણાતીતાનંદ સ્વામી એમ કહે છે કે મંદિર તો સોનાનાં થશે પણ આવા કહેનારા નહિ મળે. તેમ કહેવાનું કારણ એવા મોટા મુક્ત દુર્લભ છે. ૨/૧૧૯/૩૭૧

૯૬. બાપાશ્રી બોલ્યા જે, જ્યારે અનંત જન્મના સુકૃત ઉદય થાય ત્યારે મોટા અનાદિમુક્તની ઓળખાણ થાય છે. શ્રીજીમહારાજને તથા મોટા મુક્તને જે ન ઓળખે તે તો ખીજડા જેવા છે અને આ દિવ્ય સભાને વિષે નિષ્ઠા હોય તે તો આંબા જેવા છે. એમ અ. મુ. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે. ૨/૧૪૭/૪૪૪

૯૭. લાલશંકરભાઈએ પૂછ્યું જે, બાપા! મોટા પુરુષ સાથે આત્મબુદ્ધિ કેમ કરવી? ત્યારે બાપાશ્રી બોલ્યા જે દેહ ને દેહના સગાસંબંધી સાથે છે તેમ કરવી. ૨/૧૫૧/૪૫૪

૯૮. શ્રીજીમહારાજ પોતે તો કેવળ પોતાના મુક્તોને પોતાની મૂર્તિનું સુખ જ આપે છે અને કલ્યાણ તે મુક્ત પાસે કરાવે છે, માટે કલ્યાણને અર્થે મુક્તનો ખપ કરવો જોઈએ.

૯૯. જીવનો સ્વભાવ મોટાની અનુવૃત્તિમાં રહેવા દે એવો નથી. માટે મોટાની અનુવૃત્તિમાં રહીને મન-કર્મ-વચને સંગ કરે તો સ્વભાવનો નાશ થઈ જાય ને વૃત્તિઓ પાછી વળીને મૂર્તિમાં જોડાય, શાંતિ થાય ને મહાસુખિયો થાય. મન જ્યારે મૂર્તિ મૂકીને બીજે ડોળે ચઢે ત્યારે તેને સમજાવવું કે આવા મોટા મળ્યા તેમનો મહિમા સમજીને તેમની અનુવૃત્તિમાં રહે તો આ ફેરે જ અક્ષરધામમાં લઈ જશે.

૧૦૦. જીવને ઘાટ-સંકલ્પ નડતા હોય તો મહિમાએ સહિત ગદ્‌ગદ કંઠે થઈને મહારાજ તથા મોટા મુક્તને પ્રાર્થના કરે તો ટળી જાય.

## ૯

# દ્રોહનો નિષેધ - દ્રોહ કરવાનું પરિણામ

શ્રીજીમહારાજ કે તેમના મુક્તનો અપરાધ
થાય તો સાધન સર્વે બળી જાય.

૧. અવગુણવાળો જીવ હોય તેમાં પણ કાંઈક ગુણ હોય ખરો તે ગુણ આપણે લેવો પણ અવગુણ ગ્રહણ કરવો નહિ. ૧/૫/૧૩

૨. શ્રીજીમહારાજ પોતાના ભક્તની કામ, ક્રોધાદિક થકી રક્ષા કરે છે પણ જે પોતાના ભક્તનો દ્રોહ કરે તેની રક્ષા કરતા નથી. દાદાખાચરે હાથગરણું માગ્યું જે તમારા ભક્તના સર્વે ગુન્હા માફ કરીને અંત વખતે તમારા ધામમાં લઈ જજો ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, કરોડો ગુન્હા માફ કરીને અમારા ધામમાં લઈ જાશું, પણ જે અમારા ભક્તનો દ્રોહ કરશે તે ગુન્હો માફ નહિ કરીએ. કીડી જેવા જીવનો પણ દ્રોહ કરવો નહિ અને તેમાં રૂડા ગુણ આવે છે. જે દાસપણું ન રાખે ને પોતાને મોટા જાણે તેમાં માન, ક્રોધાદિક દોષ રહે છે. તે દોષ સત્સંગનો અવગુણ લેવરાવીને સત્સંગથી બહાર લઈ જાય છે ને હેરાન હેરાન કરે

છે. જ્યારે જીવને સત્સંગમાં સંતનો ને હરિજનનો અવગુણ આવે છે ત્યારે તેનું માથું ફરી જાય છે ને દિશ ભૂલી જવાય છે. મોટાનું વાળ્યું પણ પાછું વળાતું નથી. માટે અહંમમત્વ ન કરવો. દાસાનુદાસ થઈ રહેવું. ૧/૯/૨૫

૩. જેણે ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો હોય એણે ભક્તિ કરી હોય તે રહે કે નાશ થઈ જાય?

થોડો દ્રોહ થઈ ગયો હોય તો ક્યારેક જાણે-અજાણે ભગવાન કે તેમના મુક્તના જોગમાં કે સેવામાં આવી જાય તો તેને સત્સંગમાં લાવીને તેનો મોક્ષ કરે, પણ જો ઘણો દ્રોહ કર્યો હોય તેને તો ક્યારેય ભગવાન કે તેમના મુક્તનો જોગ ન થાય એવી ગતિ થાય છે. તેથી તેનો મોક્ષ થતો નથી. ૧/૩૮/૭૮

૪. જેને મૂર્તિનું સમીપપણું નથી તેને બીજાના દોષ દેખવામાં આવે છે. જેને મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે તેને જીવના દોષ દેખાતા નથી. સાધનિકને એ દોષ ટાળવાનો ઉપાય એ છે જે, નાના મોટા સર્વે શ્રી પુરુષોત્તમના ઉપાસક છે, તે સર્વે મહાપ્રભુજીની સભાના છે પણ અણુમાત્ર ન્યૂન નથી, કેમ જે એ બધા મુક્ત થશે. કોઈક તો છતા દેહે ધામમાં ગયાં છે, કોઈ દેહને અંતે જશે ને કોઈ બે-ત્રણ જન્મે જશે. છેવટે સર્વે શ્રીજીમહારાજ પાસે જશે. માટે આજથી તેમને આપણે મુક્ત સમજવા તો અવગુણ ન આવે. ૧/૩૯/૮૦

૫. મોટાનો જોગ કરે ને વાત ન સમજાય ને અવગુણ લે ને બીજા આગળ જઈને વાતો કરે જે એમાં તો કાંઈ નથી તો તેને કેવું થાય કે જેમ કોઈ ઝેરનો ગાંસડો બાંધીને ઘેર લઈ જઈને છોડે તેનો ધુમાડો ઊડે તે કેટલાય મરી જાય તેવું થાય, કેમ જે અવગુણ સાંભળનારનું પણ ભૂંડું થાય (બગડી જાય). ૧/૩૯/૮૦

૬. એક દિવસં ગઢડામાં શ્રીજીમહારાજ સભા કરીને વિરાજમાન હતા. તે વખતે શ્રીજીમહારાજ બોલ્યા જે આજ તો અક્ષરધામની સભા કરવી છે. એટલામાં તો સાધુની પાછળ બેઠેલા નાના સાધુના દેહમાંથી અને હરિજનોની સભામાં પાછળ બેઠેલા હરિજનોના દેહમાંથી તેજ છૂટવા લાગ્યું, તે સર્વત્ર તેજ તેજ થઈ રહ્યું. તે જોઈને આગળ ગાદી-તકિયે બેઠેલા મોટા મોટા સંતો તથા આગળ બેઠેલા મોટા મોટા હરિજનો સંકોચાવા લાગ્યા, જે આ તો આપણથી બહુ મોટા છે, એમની આગળ કેમ બેસાય? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે આગળ બેસવું એ તો આ લોકની રીતિ છે તે બેસવું તો ખરું, પણ દેહે કરીને નાના હોય તેમની મર્યાદા રાખવી ને એમ જાણવું જે એ સર્વે મોટા છે પણ આપણને લોક-વ્યવહારે આગળ બેસાર્યા છે. આમાં સમજવાનું એ છે જે આ લોકને વિષે મોટા કહેવાતા હોય ને ગાદી-તકિયે બેસતા હોય એથી કામ ન સરે અને મુક્ત ગરીબ રહ્યા હોય પણ (તે જ) એક મિનિટમાં આત્યંતિક કલ્યાણ કરે. ૧/૭૨/૧૩૫

૭. આપણે ધ્યાન, ભજન, કથા, વાર્તા, ભક્તિ ઝાઝી કરતાં હોઈએ ને બીજા સંત કે હરિભક્ત સૂતા હોય તે મોડા ઊઠે કે ધ્યાન-ભજન ઓછું કરે કે ન કરે તો આપણે એમ જાણવું જે એ પૂર્વે કરીને બેઠા છે ને મારે હજી કરવાનું છે, એમ પોતાને વિષે ન્યૂનપણું માનવું. પોતે તો સ્નેહે સહિત સાધન કરવાં ને બીજાનો દોષ આવવા દેવો નહિ. ગુણ જ લેવો. તેમ કરતાં જો કોઈને વિષે દોષ જેવું જણાય તો એમ વિચાર કરવો જે તેની ખોટ તેને નડશે. શ્રીજીમહારાજ દંડ દેનારા છે એમ સમજવું. જો આપણું માને એમ હોય તો તેને સાધારણ રીતે કહેવું ને કોઈ સત્સંગના ધોરણ બહાર વર્તે તેને તો ધમકાવીને કહેવું જો ન માને તો બીજા પાસે કહેવરાવવું ને તેનું રૂડું થાય તેમ પ્રાયશ્ચિત્ત

કરાવીને શુદ્ધ કરીને નોરે કરવો. છતાં ન માને તો સત્સંગ બહાર કરવાનું મોટેરાને કહેવું ને પોતે તેનો સંગ તજી દેવો. પણ દૈહિક પ્રકૃતિ જોઈને દોષ લેવો નહિ. ૧/૧૦૪/૧૮૮

૮. જેમ રાજાનો દ્રોહ કરે તો કેદમાં નાખે તેમ ભગવાનના ભક્તનો દ્રોહ કરે તો બહુ માર (નુકસાન) કરે, બીજા જીવનો દ્રોહ એવો માર ન કરે. શ્રીજીમહારાજે ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો નહિ એમ કહ્યું છે. ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તો ભગવાનનો પણ થાય કેમ જે દ્રોહ કરવા માંડે તો ઠેકાણું ન રહે. જેને ગુણ લેવાનો અભ્યાસ હોય તેને સર્વેનો ગુણ આવે ને સર્વે દિવ્ય જણાય. તેથી બધાયનાં દર્શન વિવેકે સહિત કરે, માટે અવગુણને માર્ગે તો ચાલવું જ નહિ. કલ્યાણને ઇચ્છે તેને આ વાત અવશ્ય સમજવાની છે. જેને પોતાના દોષ ઓળખાય ને પસ્તાવો કરે ને માફી માગે તેને ધન્ય છે. ૧/૧૬૨/૨૯૧

૯. સ્વામી અક્ષરજીવનદાસજી બહુ સમર્થ હતા. તેમને મંદવાડ હતો ત્યારે એક જણે કહ્યું જે તમે પ્રાયશ્ચિત્ત અધૂરાં બતાવ્યાં છે તે પાપ તમારે ભોગવવું પડે છે, એમ માયિકભાવ પરઠ્યો. મૂળીમાં સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજી મુક્ત હતા તેમને વિષે દોષ કલ્પેલો કાગળ અમારી પાસે આવ્યો હતો તે અમે ફાડી નાખ્યો, એમ અજ્ઞાની જીવ મોટાને વિષે દોષ ન હોય પણ મોટાનું ખોટું દેખાડવા અવગુણ લે. સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીનો મહિમા જાણીને નદી સ્પર્શ કરવા આવી હતી, ત્યારે કેટલાક કહે જે, એમને મૂઆ (ધામમાં ગયા) પછી પણ સુખ ન આવ્યું, પણ વર્ષાઋતુ નહોતી ને એકદમ પૂર આવીને સ્પર્શ કરીને પાછું તુરત જતું રહ્યું, તો યે ખબર ન પડી. એ માયિકભાવના પરઠનારા નર્ક-ચોરાસીમાં ભમે. ૧/૧૭૫/૩૩૦

૧૦. મોટા પુરુષનો અપરાધ થાય તો સાધન સર્વે બળી જાય! જેમ "કોળી કોળીથી કાંપો, ને કાંપે કાંપેથી ભારી; અને ભારી ભારીથી ગાડું અને ગાડે ગાડેથી ગંજી થાય." તેમાં એક દિવાસળી મૂકે તો બધું બળી જાય. ૧/૨૨૨/૪૫૧

૧૧. વેપાર કરવા આવે તે લાખો-કરોડો રૂપિયા કમાઈને જાય ને કોઈક ઠાલા પણ જાય. જો મુક્તને ઓળખે નહિ તો ઠાલા ગયા જેવું છે અને જો મોટાનો અભાવ આવે તો લાખો-કરોડોની ખોટ જાય; એટલે કલ્યાણના માર્ગમાંથી પડી જાય. કેમ જે મુક્તના દ્રોહનું પાપ ભગવાનનો દ્રોહ કર્યા સરખું અને મુક્તની સેવાનું ફળ ભગવાનની સેવા કર્યા સરખું થાય છે.

૧૨. જેમ સૂર્ય સામી ધૂળ ઉડાડે તો તે ધૂળ એની મેળે જ ઉડાડનારાના મોઢા ઉપર પડે છે. તેમાં સૂર્ય કાંઈ કરતો નથી. તેમ મોટા પુરુષનો દ્રોહ કરે તો જીવ એની મેળે જ આસુરી થઈ જાય છે, પણ મોટા પુરુષ તો કોપ કરતા જ નથી. મોટા તો અધમ જેવા જીવનું પણ સારું થાય એવો જ સંકલ્પ કરે છે. જેમ કોઈને ઘણા દીકરા હોય તેમાં એક અકર્મી હોય તો પણ તેને માર્યાનો સંકલ્પ થતો નથી ને તેનું સારું થાય એવું જ ઇચ્છે છે તેમ. ૧/૨૩૧/૪૬૫

૧૩. જેને સત્સંગનો અવગુણ આવ્યો હોય તે બીજાને પણ સત્સંગના અવગુણ ઘાલે; તેથી જીવનો નાશ થઈ જાય. જેને મહારાજના ભક્તમાં કેવળ દોષ દેખાય તે કનિષ્ઠ છે. ને જેને ગુણ ને દોષ બે ય દેખાય તે મધ્યમ છે અને જે એકલા ગુણ દેખે તે ઉત્તમ છે. જેને પોતામાં કેવળ દોષ હોય તે બીજામાં કેવળ દોષ દેખે. પોતામાં ગુણ ને દોષ બે ય હોય તો બીજામાં ગુણ ને દોષ બે ય દેખે અને જેમાં કેવળ ગુણ હોય તે બીજામાં કેવળ ગુણ દેખે. સર્વના ગુણ જોવા અને એમ

સમજવું જે, કેરી કાચી હોય ત્યારે તૂરી હોય ને મોટી થાય ત્યારે ખાટી હોય અને પાકે ત્યારે મીઠી થાય પણ કેરી ખરી. તેમ જ જેમાં દોષ હોય તે કાચા છે તે ધીરે ધીરે ટળશે ત્યારે પાકા થશે એમ સમજવું. ૧/૧૩૨/૨૩૦

**૧૪.** થોડી બુદ્ધિવાળાને કોઈના દોષ નહિ સૂઝતા હોય તેનું શું કારણ હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, થોડી બુદ્ધિવાળાને મૂઢપણું છે ને મોટાને વિષે વિશ્વાસ ને હેત હોય તેથી કોઈના દોષ સૂઝે નહિ અને જેને સંતનું વચન એકેકું લાખો હીરાનું થઈ પડે ને દોષ તો દેખવામાં આવે જ નહિ. આ રામપરાનાં ધનબાઈના ભાઈ દેવશી ભક્ત ભોળા હતા તે બીજા હરિભક્તોને શ્રીજીમહારાજની વાતો કરતા, તે જોઈને કુસંગીઓ મશ્કરીમાં હસે; ત્યારે તે ભક્ત બોલે જે, જુઓ! આ ભક્ત વાતોમાં કેવું સમજે છે ને એને કેવો મહિમા છે તે વાતો સાંભળીને રાજી થાય છે. એવા વિશ્વાસુ હતા તે એમને કુસંગીના દોષ દેખવામાં આવ્યા નહિ. ૧/૧૫૮/૨૭૯

**૧૫.** સો જણની પાસે ગુજરાતી પાશેર પાશેર ભાર હોય તે કોઈને જણાય નહિ પણ એ સર્વે ભાર એકની પાસે આવે તો ભારે થઈ પડે. તેમ સો જણાનો એકેકો અવગુણ લે તો સો અવગુણ આવે અને એકેકો ગુણ લે તો સો ગુણ આવે માટે સર્વે સંત-હરિજનોના ગુણ લેવા. દેહસ્વભાવ જોઈને અવગુણ લેવા નહિ. પંચ વર્તમાનમાં ફેર હોય તો અવગુણ લેવો. કોઈકને શિખામણ દેવી તે પણ શુદ્ધ સત્ત્વગુણમાં રહીને કહેવું. પોતામાં રજ, તમાદિક ગુણ આવે ને પ્રકૃતિને વશ થઈને કહે તો પોતાનું સુકૃત કરેલું હોય તે બળી જાય, માટે દયા રાખવી. તેનો ઉદ્ધાર થાય તેવી રીતે કહેવું, પણ શિખામણ દેતાં શિક્ષા થાય તેમ ન કરવું. ૧/૩૮/૭૬

૧૬. જેને પોતાના દોષ ટળી જાય તેને બીજા કોઈના દોષ સૂઝે નહિ (બીજાને નિર્દોષ જાણે). સર્વે એક બાપના (મહારાજના) દીકરા જણાય. વહેલા-મોડા સર્વે મહારાજ પાસે જશે એમ જાણે તો (અભાવ-તિરસ્કાર રૂપી) દોષ ન આવે. જેમ અગ્નિ જળે કરીને ઓલાય છે તેમ. જેના હૃદયમાં મહારાજની મૂર્તિ આવે છે તેને કોઈના દોષ સૂઝતા નથી. તેના સર્વે દોષ નાશ પામી જાય છે. ૧/૩૮/૭૭

---

૧. શ્રી નારાયણપુરના મંદિરમાં સભામાં પ્રથમ પ્રકરણનું ૧લું વચનામૃત વંચાતું હતું. તેમાં તીર્થક્ષેત્રની વાત આવી ત્યારે બાપાશ્રી "અન્ય ક્ષેત્રે કૃતં પાપમ્" એ શ્લોક બોલ્યા અને કહ્યું જે, આ તીર્થક્ષેત્ર. અહીં આવીને જે મહારાજનો અને અનાદિમુક્તની સભાનો અવગુણ લે તે તીર્થક્ષેત્રનું પાપ છે. તે વજ્રલેપ થાય, પછી તેનો ક્યાંય પત્તો લાગે નહિ. જેને આ વાતની ખબર ન હોય તે અવગુણ લે. ૨/૮/૨૭

૨. કોઈ સંત-હરિજનની સ્વાભાવિક ક્રિયા જોઈને તેનો અવગુણ લેવો નહિ. તેનો જીવ કેવો હોય તેની આપણને ખબર કેમ પડે! માટે જેટલો લેવો હોય તેટલો પોતાનો અવગુણ લેવો. જેમ ભમરી મધ કરે છે તે અશુદ્ધ વસ્તુમાંથી પણ રસ ગ્રહણ કરે છે એવો તેની દાઢમાં ગુણ છે તેમ આપણે પણ એવી જ લટક રાખી, મહારાજની મૂર્તિનું તાન રહે તેવા ગુણ દરેકમાંથી લેવા. કોઈ હરિભક્તમાં અવગુણ જેવું જણાય તો સમાગમ કરવો નહિ. સમાગમ કરતાં અવગુણ આવે તો જેમ કાંકરી ઘડાને ફોડી નાખે તેમ આપણા જીવનું બગડી જાય. ૨/૩૫/૧૦૨,૧૦૩

૩. અભક્ત હોય તે મોટા અનાદિને ઓળખે નહિ અને

આસુરી જીવ હોય તે તો ઊલટો દ્રોહ કરે. અ. મુ. સ. ગુ. ગોપાળાનંદ સ્વામીને અને ગુણાતીતાનંદ સ્વામીને ખુણિયા જ્ઞાનવાળા કહેતા, એ સત્સંગમાં કુસંગ કહેવાય. જેણે જેણે ભગવાનના મુક્ત સાથે કપટ કર્યું હશે તે સુખિયા થયા નથી અને થશે પણ નહિ. સામા વધુ દુ:ખિયા થશે; તે ઊંડા ઊતરીને જુએ તો ખબર પડે. ૨/૩૭/૧૦૭

૪. જીવ મોટા મુક્તમાં ખોટ કાઢે છે એ દિવ્યભાવ અને મનુષ્યભાવમાં શું જાણે! દિવ્ય મુક્તની કિંમત કેમ કરી શકાય. એ વાત ન સમજાય ત્યારે આ તો આમ ખાય છે, આમ બોલે છે, આમ ભોગવે છે, આમ જુએ છે એવા ભાવ પરઠે. એવા અવગુણ પ્રકૃતિના કાર્યને લઈને દેખાય છે. દિવ્યભાવ આવે તો અવગુણ ન આવે. ૨/૩૯/૧૧૭

૫. સત્સંગમાં દેશ-વિદેશમાં ગામોગામ ફરીને મોટા એકાંતિક, પરમ એકાંતિક અને અનાદિ હોય તેને ઓળખવા ને તેમનો જોગ કરવો અને પોતાની ખોટ્યું હોય તે કાઢવી. જેમ દત્તાત્રેયે સર્પ, સમળીમાંથી ગુણ લીધો તેમ આપણે પણ સંત -હરિભક્તમાંથી ગુણ લેવો અને વૈરાગ્યનો તથા સુખ-દુ:ખ સહન કરવાનો લક્ષ લેવો. ૨/૪૧/૧૩૦

૬. મોટા મુક્તને વિષે જ્યારે કોઈ દોષ દેખાય ત્યારે એમ જાણવું જે મારે વિષે એ દોષ રહ્યા છે, તેથી મોટાને વિષે ભાસે છે, પણ મોટા મુક્તને વિષે તો કોઈ જાતનો કાંઈ પણ દોષ છે જ નહિ. તે કેવી રીતે જાણવું તો જેમ આપણે દર્પણ લઈને જોઈએ તો જેવો પોતાનો ચહેરો હશે તેવો જ સામો દેખાશે પણ તે ચહેરો બીજાનો નથી; તે તો પોતાનો જ ચહેરો દેખાય છે. તેમ તે દોષ પોતાના છે અને મુક્તમાં જણાય છે. ૨/૭૪/૨૩૦

૭. બાપાશ્રી બોલ્યા જે, સત્સંગમાં નાના હોય તેનો મહિમા

આપણે સમજીએ તેમાં ખોટ નથી પણ મોટાને નાના સમજાય તો ખોટ રહી જાય, માટે મહિમા બરાબર સમજવો અને કોઈ મહારાજની આજ્ઞામાં રહીને કદાચ થોડી ભક્તિ કરતા હોય તો પણ તેનો અવગુણ લેવો નહિ પણ આજ્ઞામાં ફેર પાડતા હોય ત્યાં તો પોતાને અટકવું. ત્યાં મહિમાએ કરીને ચાલ્યા જવું નહિ. ૨/૭૪/૨૩૨

૮. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, આપણે સત્સંગમાં દિવ્યભાવ રાખવો. કોઈ અવળું વર્તતું હોય તો તેને સમજાવવું. તે જો માને તો ભલે, નહિ તો તેને હાથ જોડીને છેટે રહેવું, પણ વચ્ચે શેરડા પાડવા નહિ. એક સરખું રહેવું. ૨/૭૮/૨૪૧

૯. જો મોટા મુક્તમાં મનુષ્યભાવ પરઠીને લગારેક અવગુણ લે તો એ જીવનું તૈયાર થઈ ગયેલું કામ બગડી જાય છે. જેમ કોઈએ પ્રથમ વાઢ કરેલો હોય તે શેરડી પાક્યા પછી તેને પીલીને રસ ઉકાળીને ભીલિયું તૈયાર થઈ હોય પણ તે રાત્રે તેના ઉપર મેહ બહુ વરસે તો ગોળનું પાણી થઈ જાય. પછી તે ગોળને ફરી વાર ઉકાળી ભીલિયું કરવા માંડે તો ભીલિયું થાય નહિ અને કાળો રગડા જેવો નઠારો ગોળ થઈ જાય. તેમ આપણે ગોળની ભીલિયું તૈયાર થઈ ગયેલી છે, તેથી જાળવવા જેવું ખરું. તે શું? તો કોઈ મોટાનો અવગુણ ન આવે એમ વર્તવું. ૨/૮૦/૨૪૮

૧૦. જેને સ્વામિનારાયણને ઘેર જાવું હોય તેને શીલ, સંતોષ, ધીરજ આદિ ગુણ રાખવા. ગરીબને કલ્પાવવા નહિ. ગરીબને કલ્પાવવાથી વંશે સહિત નાશ પામે છે. જો ગરીબ સ્વભાવ હોય તો. ભગવાન પણ ગરીબનિવાજ કહેવાય છે, જે સ્વામિનારાયણનું નામ લેતા હોય એવાનો પણ જાણે-અજાણે દ્રોહ થઈ જાય તો જીવનો નાશ કરી નાખે એવું કામ છે. ૨/૮૨/૨૫૫,૨૫૬

**૧૧.** બાપાશ્રી બોલ્યા જે, અનાદિમુક્તનો ને મહારાજનો દ્રોહ કરે તો તે દિવ્યગુણ પામેલો હોય તો પણ નાશ પામી જાય. ૨/૧૦૦/૩૧૭

**૧૨.** કોઈનો મન, કર્મ, વચને કરીને દ્રોહ ન થાય તેવો ખટકો રાખવો. કેમ જે આ બધો સત્સંગ આપણું ગોત્ર છે. તેથી કોઈનો ભુંડો સંકલ્પ પણ ન કરવો. જે સ્વામિનારાયણ નામ લેતા હોય તેવાના દોષનો સંકલ્પ થાય તો આપણું ઠીકરું ફૂટી જાય ને વજ્રલેપ થાય, કારણ કે જેના જીવમાં સ્વામિનારાયણ હોય તેના મુખથી જ તે શબ્દ નીકળે, માટે તેવાના દ્રોહથી પણ આપણે બીતા રહેવું. ૨/૧૦૨/૩૨૭

**૧૩.** મોટા મુક્તની પ્રસન્નતા થાય એ માર્ગે ચાલવું. જો પ્રસન્નતા ન લઈ શકાય તો પણ અપરાધને માર્ગે ચાલી મોટા કચવાય એવું તો કરવું જ નહિ. ૨/૧૧૯/૩૭૩

**૧૪.** બાપાશ્રીએ વાત કરી જે, જય-વિજય ભગવાનને ધામને દરવાજે હતા પણ પોતાને માને કરીને ખબર ન રહી, તેથી સનકાદિકનું અપમાન કર્યું. પછી શ્રાપ થયો એટલે ત્રણ જન્મ અસુરભાવે ભજન કર્યું. ત્યાં સુધી દ્રોહનું ફળ ભોગવવું પડ્યું. માટે ભગવાનના ભક્તનો દ્રોહ કરે તેની આસુરી મતિ થઈ જાય છે, તેથી એ માર્ગે ચાલવું જ નહિ. ૨/૧૨૩/૩૮૧

**૧૫.** મોટાનો અપરાધ થયો હોય અને મોટાની પ્રાર્થના કરીએ તો મોટા છોડી મૂકે અને સભામાં મોટાની પ્રાર્થના કરે તો પ્રાયશ્ચિત્ત થોડું કરવું પડે અને બીજાને પણ સમાસ થાય. સાધન બહુ કરતો હોય અને જો મોટાનો અવગુણ લેતો હોય તો તેના કરતા કોઈનો અવગુણ ન લેતો હોય અને તે સાધન ઓછાં કરતો હોય તો પણ તે શ્રેષ્ઠ છે.

---

(૧૦)

## દાસત્વભાવમાં શ્રીહરિની પ્રસન્નતા

સાધન સર્વે માન બગાડે પળ વિષે.

૧. જેમ બાળકને ગાળો દે અને અપમાન ઘણું કરે ને મારે તો પણ તેનું તેને કાંઈ નહિ ને વખાણે ને પૂજા કરે ને માન આપે તો પણ તેનું તેને કાંઈ નહિ, એ બે સરખું છે તેમ સાધુને કોઈ મારે, નિંદા કરે, અપમાન કરે, વખાણે, પૂજા કરે, સન્માન કરે તે માન-અપમાનને ગણે નહિ, સોનાના દોરાની પેઠા છએ ઋતુમાં સરખો રહે તેના ઉપર મોટા મુક્ત કૃપા કરીને મહારાજનું સુખ આપે છે. ૧/૭/૨૦

૨. જીવને પોતાનું ધાર્યું મુકાતું નથી ને ધાર્યું ન થાય તો કલ્યાણના દાતા એવા જે ભગવાન ને મુક્ત તેમનો દ્રોહ કરે ને કલ્યાણ બગાડે. જુઓને! જીવા ખાચરે શ્રીજીમહારાજને ભગવાન જાણીને ઘણી સેવા કરી હતી પણ પોતાનું ધાર્યું મરડાયું તો શ્રીજીમહારાજને મારવાના ઉપાય ખોળ્યા. અલૈયા ખાચરે ઘણી સેવા કરી હતી પણ માન મરડાયું તો શ્રી મુક્તાનંદ સ્વામીને

મારવા તરવાર તાણી. માન એવું ભૂંડું છે જે, દેવનાં દર્શન પણ મુકાવી દે. દર્શન વિના ચલવે અને ખાઈ લે પણ માન ન મૂકે. આ સત્સંગમાં શ્રીજીમહારાજ ને મોટા સંત વિરાજે છે. સત્સંગ મૂકીને ગયા નથી. માટે જેમ કહે તેમ કરવું અને રાજી કરવા પણ કચવાવવા નહિ, કેમ કે તેમાંથી તો જીવનું બગડી જાય છે. "રાજી કરવાનું રહ્યું પરું, પણ ઊલટો કોપ ન કરાવીએ સ્વામીને." સત્સંગમાં કોઈકને કહેવું ઘટતું હોય તે કહેવું ખરું પણ કોપાયમાન થઈને કહેવું નહિ અને મોટાની આજ્ઞામાં રહેવું. માન આદિક સર્વે દોષનો ત્યાગ કરીને ભગવાન ને સંતના દાસાનુદાસ થઈ રહેવું. ૧/૩૬/૭૨

૩. શાસ્ત્રમાં તથા વ્યવહારમાં જાણતા હોઈએ તેનું તથા મૂર્તિ દેખતા હોઈએ તે સર્વેનું માન આવવા દેવું નહિ. માન બહુ ઝીણું છે. તે કોઈથી મુકાય એવું નથી, મૂકે તો દેહ રહે નહિ, માનીની સેવા કાળના કોદરા જેવી છે. કદાપિ માન મૂકે તો નિર્માનીપણાનું માન આવે જે હું કેવો નિર્માની છું, તે પણ જીવને બગાડે છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, તપ, ત્યાગ, આત્મનિષ્ઠા, બ્રહ્મપણું, સેવા, પૂજા, ધ્યાન, ભજન એ આદિક ગુણનું માન આવે તો પણ એકાંતિક થવા દે નહિ, માટે જેનું નામ પડ્યું તે સર્વે કાઢી નાખવું. એક મૂર્તિ રાખવી, જેને મૂર્તિમાં લીન થાવું હોય તેને મૂર્તિ વિના બીજા સર્વેનો ભાર કાઢી નાખવો. મહિમા, નિર્માનીપણું, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય એ બધું કરતા રહેવું પણ મૂકી દેવું નહિ. તેનો ભાર રાખે જે મારે વિષે આવા ગુણ છે કે હું બ્રહ્મરૂપ છું એમ જાણે તો મૂર્તિથી પાછો વળ્યો કહેવાય. ૧/૪૧/૮૨

૪. જો સાધનિકને મૂર્તિનું સુખ જોઈતું હોય તો માન ટાળવું પણ પૂજાવાની કે ગાદી-તકિયાની કે મોટેરા થવાની ઇચ્છા ન

રાખવી. વગર ઇચ્છે મળે તો પણ રાજી ન થાવું. આસક્તિવાળાને વાટ જોવી પડે જે, મને આ વસ્તુ મળશે કે મને બોલાવીને પૂછશે, એમાં મૂર્તિ ભૂલી જવાય. મળવું ન મળું તે તો શ્રીજીમહારાજના હાથમાં છે. આપણા સંકલ્પે કાંઈ કામ થાતું નથી. શ્રીજીમહારાજ આપણને હાથીએ બેસાડે કે ગધેડે બેસાડે તેમાં સરખા સુખી રહેવું. આપવું-લેવું તે તો મહાપ્રભુજીના હાંથમાં છે. મહાપ્રભુજીની મૂર્તિ ભૂલવી નહિ, મૂર્તિ ભૂલીને બીજું ઇચ્છે તે મોટી મૂર્ખાઈ છે. ૧/૪૬/૮૯

૫. આ લોક થોડાક દિવસમાં સમેટીને પૂરું કરી જાવું. લોક તો કદાપિ સમેટાય પણ દેહ સમેટાતો નથી. વખાણ છે તે તાવમાં સાકર પાયા જેવું છે. આ જીવમાં લાખ, કરોડ દોષ હોય ને સાજા દોષનું જ ઝાડ હોય ને એક પણ ગુણ ન હોય તો પણ પોતાને સવાશેર માને એવો અવળો છે. સત્સંગમાં નભ્યો જાય છે તેનું કારણ એ છે જે એને કોઈએ ટોક્યો નથી, માટે નભે છે; જો ટોકે તો જતો રહે. માટે એવા અવળા સ્વભાવનો ત્યાગ કરીને જેમ ભગવાનને સંત કહે તેમ કરવું તો દોષ માત્ર ટળી જાય ને મહાસુખિયો થઈ જાય. ૧/૪૭/૯૧

૬. મહારાજને ભેળા રાખવા, રાખ્યા વિના એકે ય કામ પૂરું થાય નહિ. માટે મહારાજને ભેળા રાખવા ને માન-સન્માનની તથા કોઈ શબ્દની કિંમત કરવી નહિ; જે આમ બોલ્યો કે આમ બોલ્યો. માન પાપરૂપ છે ને સન્માન સર્પ તુલ્ય છે. માને કરીને લોભનો, કામનો, પ્રકૃતિનો સેવક થઈ રહે છે અને એ સર્વે દોષને ગુરુ માને છે. માની હોય તેને પ્રાયશ્ચિત્તનો ઉપવાસ કરવો પડે તો હા ન પાડે ને પોતાને જાણે (પોતાની ઇચ્છાએ) એકના લાખ ઉપવાસ કરે તેની ગણતરી નહિ. ૧/૯૮/૧૭૫

૭. જુઓને! શ્રી મુક્તાનંદ સ્વામી નાના સાધુને પણ કેવી

રીતે માન દઈને બોલાવતા? એવું દાસપણું રાખવું. શ્રી સદાનંદ સ્વામીને બાવળીમાં ભાણદાસ નામના વૈરાગીએ માર્યા તે વૈરાગીની લાકડી ભાંગી ગઈ તેનો ખરખરો કર્યો, પણ પોતાને વાગ્યું તેનું કાંઈ ન કહ્યું; એવું નિર્માનીપણું રાખવું. ભગવાનના ભક્ત સાથે તો હારીને જ રાજી થાવું, તો તેની ભક્તિ આપણને મળે ને જીતીને રાજી થઈએ તો આપણી ભક્તિ તેને જાય, પણ એ માર્ગ થોડાંને હાથ આવે. કેટલાક તો સામો માણસ નમે તો રાજી થાય જે કેવો નમાવ્યો? પણ લૂગડાં લઈ લીધાં તેની ખબર ન પડે. જે હાર્યો તે જ ખાટ્યો. આ સત્સંગમાં પોતાની ભૂલ ઓળખાય એ જ શ્રી સ્વામિનારાયણનો પ્રતાપ ને કૃપા છે. જે પોતાની ભૂલ જાણે તે તો ભૂલો પડ્યો પાછો ઘેર આવ્યો કહેવાય. આ વાત પાત્ર થવાની છે, તે મોટા સાથે મન જોડે તો પોતાની ભૂલ ઓળખાય ને પાત્ર થવાય ને જીવમાં બળ આવે. પાત્ર થયા વિના મહારાજ રહે નહિ; જેમ મંદિર વિના દેવ રહે નહિ તેમ; માટે પાત્ર થાય તો મહારાજનું સુખ આવે. ૧/૯૮/૧૭૬

૮. જો માન, સન્માન કે ક્રિયાના ધણી થાય તો દુઃખિયા થવાય. મહારાજને જે વખતે ભૂલી જવાય તે વખતે તે વાંઝિયો કહેવાય. જેમ માબાપ મહેનત કરી પૈસા ભેળા કરીને છોકરાને આપે ત્યારે તે છોકરો કહે જે એ તો મેં કર્યું તેમ કર્તા થાય તેનાથી દાસપણું રહે નહિ. રાજાના કારભારી રાજાને વિષે દાસત્વપણું ન રાખે તો એક ઘડી પણ રહેવા દે નહિ તેમ. ૧/૯૮/૧૭૭

૯. આ દેહરૂપી બ્રહ્માંડમાં મદિરા એટલે વિષય અને પાતર્યું એટલે ઇન્દ્રિયો છે તે કાઢી જોઈશે અને બીજું રૂડા ગુણનું પણ માન કાઢવું જોઈશે. તે માન તો જેમ "આપકા જાયા આપકું ખાય" એવું છે. જેમ વીંછણને પોતાનાં બચ્ચાં ખાઈ જાય છે

તેમ પોતે સિદ્ધ કરેલાં જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક તેનું માન તે પોતાને ખાય છે. વળી નિર્માનીપણાનું પણ માન આવે છે. તે પણ એમ જણાવે જે હું નિર્માની છું તો એ નિર્માનીપણાનું માન પણ પોતાને ખાય છે. માટે નિર્માનીપણાનું માન પણ ટાળવું. ૧/૧૦૦/૧૮૨

**૧૦.** પોતાને વિષે રૂડા ગુણ હોય તેનો ખખા રાખવો નહિ. દાસપણાનો, નિર્માનીપણાનો, નિર્ગુણપણાનો એ સર્વેનો ભાવ ટાળવો. એટલે એના સામી વૃત્તિ ન રાખવી. એક મૂર્તિમાં જ રાખવી તો મૂર્તિ રહે. જો ધ્યાનમાં મૂર્તિનું સુખ લઈને પાછો બહાર આવે ને જાણે જે હું કેવું સારું ધ્યાન કરું છું! હું કેવો દાસ છું? કેવો નિર્માની છું! એમ જાણે તો જેમ ચાંપા (ભેંસો) વગડે જઈને લીલું ખડ ચરીને પાછાં ઘેર આવતાં રહે એવું છે. ૧/૧૦૪/૧૮૯

**૧૧.** સદા દિવ્ય ભાવ રહે પણ અભાવ ન આવે જે જાણપણારૂપી દરવાજો જાણવો અને મહારાજ વિના બીજો ઘાટ ન થવા દેવો તે પણ જાણપણારૂપી દરવાજો જાણવો. શ્વાન હાડકું ચાવે ને પોતાના મોઢામાંથી લોહી નીકળે તે જોઈને સુખિયો થાય. તેમ કામ, ક્રોધ, માનરૂપી હાડકાં ન ચાવવાં. માનાદિક દોષરૂપી કિલ્લો છે તેને શ્રીજીમહારાજના વચનરૂપી તોપના ગોળા ખૂબ મારીએ તો એ દોષરૂપી કિલ્લા તૂટી પડે. ૧/૧૬૩/૨૯૭

**૧૨.** અલૈયાખાચર ધણી થયા તો પોષાક લઈ લીધો એટલે શ્રીજીમહારાજે પોતાની આપેલી સામર્થી લઈ લીધી; તેમ કોઈકને સામર્થી આવે તે પોતાની માને તો શ્રીજીમહારાજ ને મોટા લઈ લે; જેમ અહીં જે આજ્ઞા લોપે તેનાં કંઠી, પૂજા, ભગવાં વસ્ત્ર તે લઈ લે છે તેમ. માટે ધણી થાવું નહિ. જે ધણી થાય તથા આજ્ઞા લોપે તેને દેખીએ તો તે સારો ન લાગે, કેમ જે એમાંથી મહારાજ સભા લઈને ઊઠી ગયા તેથી ભૌતિક દેહ

પણ નકારું લાગે છે, માટે હૃદયમાં શ્રીજીમહારાજને અને મુક્તને અવશ્ય પધરાવવા એ કરવાનું છે. ૧/૧૪૭/૨૫૮

**૧૩.** માન જબરી ચીજ છે. માનવાળો લાખો રૂપિયાની સેવા કરે ને ભગવાનને ભગવાન જાણે, અને સંતને કલ્યાણકારી જાણે તો પણ માનને આગળ ને આગળ રાખે. તે માનવાળો મોક્ષના માર્ગથી પડી જાય પણ માન મૂકીને ભગવાન અને સંતને રાજી કરે તો સુખના સમુદ્રમાં ઝીલે. શ્રીજીમહારાજને અને સભાને ભેળી રાખીને કોઈકને વર્તમાન ધરાવે તો તે વર્તમાન ધારનારનું આત્યંતિક કલ્યાણ થાય. પણ પોતે એકલો લૂખો થઈને ધરાવે તો ધારનારનું બીજબળ થાય. અન્ન-જળાદિક અંગીકાર કરવામાં પણ શ્રીજીને તથા મુક્તને ભેળા રાખે, તો તે અન્ન-જળાદિક દિવ્ય થઈ જાય ને અર્પણ કરનારને મહારાજનું સુખ મળે પણ પોતાપણું લાવીને અંગીકાર કરે તો અર્પણ કરનારનું બીજબળ થાય. ૧/૧૬૩/૨૯૫

**૧૪.** જો કોઈ માનનું ખંડન કરે તો ક્રોધ આવી જાય તે સર્પનો દેહ જાણવો, કેમ કે તે વખતે ગુરુની કે સભાની કે ઇષ્ટદેવની માઝા રહે નહિ. ક્રોધ ઉત્પન્ન કરનારને દસગણું પાપ લાગે છે, કેમ જે બીજામાં નહોતો તે તેણે ઉપજાવ્યો. માન, ઈર્ષ્યા ને ક્રોધ તે મોક્ષનો માર્ગ ને વ્યવહાર એ બે ય બગાડે એવાં છે તો પણ તેને જીવ મૂકતા નથી. એ તો કાંઈ કામના નથી. ઊલટું ભૂંડું કરે એવાં છે. માટે તેને રાખવાં નહિ. દુર્વાસાને ક્રોધ હતો તો મહાઘોર કહેવાણા પણ સાધુ ન કહેવાણા. ક્રોધવાળાથી સાધુ હરિજન બીએ, તેથી ગુનામાં આવી જવાય. શ્રીજીમહારાજનાં વચન ખોટાં નથી. ક્રોધ આવે તે ટાણે જ તેને સમાવી દે તો મહારાજ રાજી થાય, પણ પછી વિચાર થાય તેમાં રાજી ન થાય; માટે ક્રોધ આવ્યો કે તરત જ મૂંઝાવીને બેસારી દેવો.

શ્રીજીમહારાજે કહ્યું છે જે, લાખ રૂપિયાનો બગાડ કરે તો પણ અમને ક્રોધ નથી આવતો. આપણે પણ મહારાજના છીએ માટે ક્રોધ ન રાખવો ને શુદ્ધ સત્વગુણી થઈને ટાઢા શીતળ જેવા થઈ રહેવું અને વાદ-વિવાદમાં પણ ક્રોધ ન કરવો. માયાના સત્વગુણવાળને કોઈ ગોદો મારે તો તરત ક્રોધ નીકળી આવે પણ નિર્ગુણ થાય તેને ક્રોધ ન આવે. માટે શિળવંતા સાધુ થાવું. દાસપણું રાખે તો નિયંતા ન થવાય. માટે દાસત્વભક્તિ બહુ વિશેષ છે. આ લોકમાં માન, મોટપ, યશ, કીર્તિ તેમાં કાંઈ માલ નથી. માનાદિક કાંઈ ન હોય તેના ઉપર શ્રીજીમહારાજને અને મુક્તને હેત વધતું જાય છે. ૧/૧૬૩/૨૯૫

**૧૫.** માનીને અનંતવાર મરવું અને અવતરવું પડે. એવું દુઃખ જીવ ખમે પણ માન મૂકે નહિ; જો માન જાય તો મરવા પડે ને છેવટ જીવ નાશ થાય તો થવા દે પણ માન મૂકે નહિ. એ બહુ જ અજ્ઞાન છે. આ સભામાં માન મૂકીને વ્યવહાર કરે તો અનાદિમુક્ત થઈ જાય અને માન આવે ને અવગુણ લે કે દ્રોહ કરે તો ભગવાન ભજતો હોય ને કથાવાર્તા કરતો હોય ને તે સાધુ કે સત્સંગી હોય તો પણ બહુ મોટી ખોટ આવે. માટે સમજી-વિચારીને સત્સંગમાં માન રાખવું નહિ. માનવાળો ભગવાનને ને ભગવાનના ભક્તને જીતીને રાજી થાય એટલે તેનાં સાધન સર્વે બળી જાય. ૧/૧૬૪/૨૯૯

**૧૬.** મધ્ય પ્રકરણનું ૬૨મું વચનામૃત વંચાતું હતું. તેમાં દાસત્વના અંગમાં ગોપાળાનંદ સ્વામીને તથા મુક્તાનંદ સ્વામીને વખાણ્યા. ત્યારે બાપાશ્રી બોલ્યા જે દાસત્વપણામાં સર્વ પ્રત્યે નિર્માની થઈને રહેવાય છે. આ બે સ્વામીને દાસત્વપણું ઘણું હતું, એવું દાસપણું દૃઢ કરવું. કોઈકને આજ્ઞાલોપ બદલ કહેવું પડે તો દાસપણે સત્ત્વગુણમાં રહી ને દયા લાવીને ધીરે રહીને કહેવું પણ

રીસ લાવીને કે નિર્દયપણું લાવીને કહેવું નહિ ને ફજેત કરવો નહિ અને પ્રાયશ્ચિત્ત દેવું તે દયા કરીને દેવું પણ રીસ કરીને દેવું નહિ. અહીં એક મોટા માણસને પ્રાયશ્ચિત્ત આપવું હતું, તેણે મરવાનો આદર કર્યો હતો. તેને અમે પુરુષોત્તમ માસમાં છાનું પ્રાયશ્ચિત્ત આપીને બચાવ્યો. એવી રીતે દયા લાવીને વાતચીત કરી શિખામણ દેવી ને પ્રાયશ્ચિત્ત આપવું. કાંકરિયા તળાવે શ્રીજીમહારાજ પધાર્યા હતા ને ભેળા સંત ઘણા હતા. તેમાં મોટા મોટા સંતને અજીર્ણ આવ્યું એટલે અભિમાન આવ્યું જે આપણે ન હોઈએ તો આ સત્સંગમાં દિગ્વિજય કોણ કરે? પછી શ્રીજીમહારાજે એ સભાના ઉપર બીજી સભા કરી. ત્યાં પૂજાઓ થાય, આરતીઓ થાય તેવું દેખીને મોટા મોટા સંતોએ શ્રીજીમહારાજને દંડવત્ કરીને પ્રાર્થના કરીને કહ્યું જે હે મહારાજ! તમે અમારું અજીર્ણ ટાળ્યું. એમ દાસપણામાં શ્રીજીમહારાજનો રાજીપો ઘણો છે. ૧/૧૯૩/૩૬૪

**૧૭.** કોઈ આપણું અપમાન કરે તો સિદ્ધપુરના રણછોડલાલભાઈની પેઠે ગુણ લેવો. રણછોડલાલભાઈનું અયોધ્યાપ્રસાદજી મહારાજે અપમાન કર્યું ત્યારે એમ બોલ્યા જે, "આપ શ્રીજીમહારાજના મુક્ત છો ને મોટા મોટા ઈશ્વરોને તથા બ્રહ્મને તથા અક્ષરોને પણ આપનાં દર્શન દુર્લભ છે એવા મોટા છો તે આપ અપમાન કરો એવું મારું મોટું ભાગ્ય ક્યાંથી હોય!" એવું નિર્માનીપણું ને દાસપણું આવે તેને કલ્યાણમાં કાંઈ બાકી રહે નહિ. એનું તો છતાં દેહે કલ્યાણ થઈ રહ્યું છે. ૧/૨૦૬/૪૦૮

**૧૮.** જીવના સ્વભાવ એવા છે જે મોટાને લાખો વાતો પૂછી હોય ને નિશ્ચય કર્યો હોય અને મોટાની દૃષ્ટિ પણ એવા ઉપર પડી હોય પણ ચઢી બેસે ઝાડની ટોચે. "હમબી હે" એવું

સંગદોષથી થાય. અમે ગોધલા પાળી પાળીને ખૂબ મજબૂત કરીએ અને પછી જો આડા સૂએ તો પેટ બળે. આપણે તો અધમ જેવા જીવને વિષે પણ અહિંસા ધર્મ રાખવો એટલે દયા રાખવી, તેવાને પણ ઉદ્ધારવા છે. માટે એવાનું સારું થાય એમ સૌ ઇચ્છજો. એવાનું બહુ અવળું કહે કહે કરવું નહિ. સંગદોષે કરીને કોઈકથી અવળું થઈ ગયું હોય તો જ્ઞાનોપદેશરૂપી સમજણ આપીને, રાજી કરીને તેને રસ્તો ચઢાવવો. ૧/૨૧૭/૪૪૨

૧૯. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે એક સાધુએ આવીને અમને કહ્યું કે અમને યજ્ઞમાં તેડાવ્યા નહિ અને બોલવા મંડ્યા, તે કાંઈ બોલ્યાની ખબર રહી નહિ, જે અમે કોણ છીએ. તેમને અમે કહ્યું જે યજ્ઞ તો નિત્ય થાય છે, જો કરો તો, વાચ્યાર્થ કામ ન આવે, લક્ષ્યાર્થ હોય તો કામ આવે. દેહાભિમાન હોય તો મોટા અનાદિમુક્તનું પણ અપમાન કરી નાખે એવું છે.

---

૧. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે જીવના સ્વભાવ એવા અવળા હોય છે તે મોટાના સમાગમમાં હોય પણ જો તેને અધર્મમાં માન સત્કાર મળે તો મોટાનો સમાગમ મૂકી દે ને અધર્મમાં માને કરીને બંધાઈ જાય છે. તમે ક્યાંય બંધાશો નહિ. કેટલાક ગુરુ વૃદ્ધ હોય ત્યારે પોતાનો શિષ્ય પંડિત થાય અને તેને માન સત્કાર મળે તો ઠીક એવી ઇચ્છા કરે માટે ભલા થઈને કોઈ એવી ઇચ્છા રાખશો નહિ અને મહંતાઈ લેશો નહિ. ભવાન ભજજો અને ભજાવજો. એ જ કામ કરજો. એમ પોતાના વિષે હેતરુચિવાળા સંતોને શિક્ષાનાં વચન કહ્યાં. ૨/૪/૧૯

૨. સભામાં છેલ્લા પ્રકરણનું ૨૭મું વચનામૃત વંચાતું હતું. તેમાં એમ આવ્યું જે, માને કરીને પડી જાય છે એવા કામે

(કામવાસનાએ) કરીને પડતા નથી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "સાધન સર્વે માન બગાડે પળ વિષે." માનીને માન બધું ય બગાડે, કદાચ કામી હોય તો નભ્યો જાય પણ માનીને જોખો (જોખમ) મોટો છે, કેમ જે કોઈ મોટા સંત-હરિભક્ત પ્રકૃતિને મરોડે ત્યારે માનરૂપ દોષને લીધે તેના અવળા સંકલ્પ થયા કરે. માનીને એવા સંકલ્પ થાય એ જોખો મોટો છે, કારણ કે એમાંથી જીવનું બગડે." ૨/૨૭/૭૨

૩. જેને મહારાજની મૂર્તિનું સુખ જોઈતું હોય તેને સત્સંગમાં દાસાનુદાસ થઈ રહેવું. ભગવાનના ભક્ત સાથે મીન સ્નેહી જળ તેવું હેત રાખવું, નિર્માનીપણું રાખવું, મહારાજનું અખંડ ભજન કરવું તો મહારાજ તથા મોટા રાજી થાય. ૨/૩૫/૯૮

૪. સત્સંગમાં દાસપણું હોય એ જ ઊંચે દરજ્જે ચડે છે. આ લોકમાં અપમાન થાય તો ય સહન કરવું, તો ઘણો લાભ થાય. ૨/૩૭/૧૦૯

૫. જેને સત્સંગની લટક ખરેખરી આવી હોય તે કામ, ક્રોધ રસના આદિકના પેચમાં ન આવે ને મૂર્તિ સન્મુખ રહે. માટે આશ્રમનું, સ્થાનનું એમ કોઈનું માન ન રાખવું. અમદાવાદનું વૃત્તાંત કાંઈ નહિ, મૂળીનું સારું; મૂળીનું કાંઈ નહિ, ભૂજનું સારું, એવું કાંઈ માન ન રાખવું. મહારાજે સારાય સત્સંગને અક્ષરધામની સભા કહી છે. ૨/૩૮/૧૧૫

૬. સત્સંગમાં સૌના દાસ થઈ રહેવું. આ સભામાં કોઈનો વાંક હોય, અગર ન હોય તો પણ પંચ મળી વ્રત-ઉપવાસ કરવાનું કહે તો કરવું. જો નિર્માની થઈને કરે તો તેના ઉપર શ્રીજીમહારાજ રાજી રહે. વાંક હોય અને ન કરે તો તેને બહુ દોષ લાગે છે. વાંક ન હોય અને ન કરે તો સભાનું અપમાન

કર્યું કહેવાય: માટે દોષ લાગે તેથી નિર્માની થઈને પંચ કહે તેમ કરવું. ૨/૪૧/૧૨૯

૭. શ્રીજીમહારાજ અને મોટાને લઈને આપણી મોટપ છે. માટે કોઈ પ્રકારનું માન આવવા દેવું નહિ. માન છે તે સર્વે સાધનમાં આગળ પડે છે. ૨/૪૪/૧૩૯

૮. શ્રીજીમહારાજની મોટાઈ જાણીને મહિમાએ સહિત ભક્તિ કરતો જાય, તો બાકી શું રહે! માટે દાસપણું રાખવું. જો હું-પણું આવી જાય તો સ્વામિનારાયણ ભગવાન રાજી થાય નહિ. હું-પણું આવે તો જરૂર ભૂંડું કરે. માટે કોઈ જાતનું હું-પણું આવવા દેવું નહિ. જો હું-પણાની માનીનતા આવી જાય અને કોઈનો અભાવ લેવાય તો કેડો ભાંગી દે. માટે સત્સંગમાં દાસપણું રાખવું. દાસપણું રાખવામાં બહુ સુખ છે. ૨/૫૫/૧૭૩

૯. પોતાપણું આવવા દેવું નહિ. કારણ કે પોતાપણું આવે તો દુ:ખિયો થઈ જાય અને એમ જાણવું જે, જે જે સેવા-સન્માન થાય છે તે મહારાજને થાય છે. રાજા સાથે કારભારી જાય તો રાજા સાથે તેને પણ સત્કાર મળે છે. એ બધું રાજાને લઈને છે. તેમ આ સત્સંગમાં સર્વેની મોટપ મહારાજને લઈને છે. મોટા મોટા સદ્‌ગુરુ હોય તેમણે પણ એમ જાણવું જે પૂજા સર્વે મહારાજને જ થાય છે. આપણે તો નિમિત્તમાત્ર છીએ. ૨/૬૪/૨૦૧

૧૦. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, શ્રીજીમહારાજની કૃપાએ પોતાને કાંઈક ઐશ્વર્ય-સામર્થી પ્રાપ્ત થઈ આવે તો પણ કાંઈ ન સમજતો હોય તેવો ગરીબ થઈને તથા ભગવાનના ભક્તનો દાસાનુદાસ રહીને, સત્સંગમાં જે મોટા અનાદિમુક્ત હોય તેમનો જોગ કરે અને ભગવાનનો મહિમા અધિક સમજીને સુખને દબાવે એમ કરતો જાય તો તે વૃદ્ધિને પામતો થકો મહામુક્ત

થઈને શ્રી પુરુષોત્તમના સ્વરૂપ સંબંધી મહામોટા, અચળ, અખંડ સુખને તથા અદ્‌ભુત અખંડાનંદને પામીને શ્રી પુરુષોત્તમરૂપ થઈ જાય છે અને જો તેને કાંઈક ઐશ્વર્ય-સુખ પ્રાપ્ત થઈ આવ્યું હોય તેનો ઉદ્‌ઘોષ કરીને પોતાને વિષે માણસ ખેંચવા માટે અથવા પોતાની મોટપને પોતાનું સુખ તે બીજાને જણાવવા માટે કાંઈક ચમત્કાર બતાવે તથા ચમત્કારની ને સુખની વાતો કરવા માંડે તો તે પોતાની સ્થિતિમાંથી પડી જાય છે અને લૂખો થઈ શૂનકાર જેવો થઈ જાય છે અને છેવટે સત્સંગમાંથી પડી જાય એવા મોટા વિઘ્નને પામે છે. કેમ કે તેનો કોઈ સંત-હરિભક્ત નિષેધ કરે, પછી પોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તવાના આગ્રહને લીધે તેને એ સંત-હરિભક્તનો અવગુણ આવે ત્યારે પડી જાય, માટે પોતાનો ગોળ પોતે ચોળી ખાવો. ૨/૭૪/૨૩૨

**૧૧.** બાપાશ્રી બોલ્યા જે, કોઈ પૂજા-પ્રતિષ્ઠા કરે કે માન-સત્કાર મળે એ સર્વે શ્રીજીમહારાજને જ થાય છે પણ આપણે વિષે તો કાંઈ ગુણ નથી. એમ સર્વે વાતમાં મહારાજને જ આગળ રાખવા. પોતાને વિષે કોઈ રૂડા ગુણ બતાવે અથવા પોતાને રૂડા ગુણ ભાસે એ સર્વે મહારાજને લઈને છે, માટે મૂર્તિને વિષે સર્વે વળગાડવું પણ લગારે પોતાપણું આવવા દેવું નહિ. એવી નિરંતર સૂરત રાખવી, તો મહારાજને વિષે દાસપણું દૃઢ થાય છે. આપણે પોતાની સરસાઈ કરવા સારુ કોઈની સાથે બગાડવું નહિ ને કોઈ પ્રકારનો ક્લેશ થાય તેમ પણ ન કરવું. સર્વે સાથે હળી મળીને રહેવું, કેમ કે ક્લેશથી ભગવાન ભજવામાં વિઘ્ન થાય છે, માટે કોઈ સાથે વિરોધ કરવો નહિ. અને પોતાનું માન ખંડન થતું હોય કે પોતાની વાત જતી હોય તો તે ભલે જાય, તેનું આપણે સત્સંગીને કામ નહિ. માટે કોઈને ઘસારો ખમીને પણ સંપ રાખવો ને નમીને સર્વેથી ચાલવું. ૨/૯૫/૩૦૦,૩૦૧

**૧૨.** કડીવાળા દલસુખભાઈએ પૂછ્યું જે, બાપા! વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે માનવાળા તો કોઈ નભી શક્યા નથી. તે માન ટાળવાનો કોઈ ઉપાય હશે કે નહિ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, માન ક્યાંથી ટળે? તન, મન, ધન અને અનેક જન્મનાં કર્મ તે ભગવાનને આપવાનાં તેમાં કર્મ આપે છે, તન ન આપે, મન ન આપે ને ધન પણ ન આપે. આ તો એકલા કાંકરા આપે છે, તે એકલા કાંકરા કોણ લે? ઘઉં ભેળા હોય તો ચાલે. તેમ એકલાં કર્મ કોણ લે? તો પણ મહારાજ ને મોટા તો જીવને બહુ જ સુખિયા કરે છે અને સ્વભાવ મુકાવી મૂર્તિના સુખમાં મૂકી દે છે. મહારાજ ને મોટા મુક્ત તો જીવને કેવળ સુખ દેવા જ પધાર્યા છે. બીજું કાંઈ એને કામ નથી. પણ માન રાખે તો મોટા રાજી ન થાય. માન એવું છે કે બધાય સાધન થોડીક વારમાં બગાડી દે. ૨/૯૮/૩૧૩

**૧૩.** બાપાશ્રી બંને સદ્‌ગુરુ પ્રત્યે બોલ્યા જે, સુખિયો કોણ? તો જે મહારાજની મૂર્તિ રાખે, સાધુતા ખરી રાખે ને સત્સંગમાં દાસભાવે વર્તે તે. એ વિના ગાદી-તકિયાવાળા અધિકારી, મહંત ને કોઠારી આદિકનાં કોઈ નામ જાણતું નથી અને માન, મોટપ, યશ, કીર્તિનો ત્યાગ કરી સત્સંગમાં દાસત્વપણે વર્તે તેને સહુ વખાણે છે. તેનું તો બહુ જ કામ થઈ જાય છે. તેને દેહ મૂક્યા કેડે પણ આ બ્રહ્માંડ રહે ત્યાં સુધી વાંસે સર્વે સંતના આશીર્વાદ જાય છે, જે કેવા સાધુ હતા! કેવા હરિભક્ત હતા! જેમ દાદા ખાચરના ને પર્વતભાઈના વખાણ થાય છે તેમ. ૨/૧૦૨/૩૨૫

**૧૪.** બાપાશ્રીએ વાત કરી જે, જેને આ દેહે મહારાજને રાજી કરી લેવા હોય તેને તો પોતાના ઠરાવ પડ્યા મૂકી શીળા (શિતળ) થઈ જવું તો મૂર્તિનું સુખ આવે. મહારાજ સર્વે કર્તાહર્તા છે, અંતર્યામી છે તેથી એ જે કરશે તે ઠીક જ કરશે. માટે

સત્સંગમાં દાસપણું અને નિર્માનીપણું રાખવું અને ઢાળ પણ એવો જ પાડવો, તેમાં સુખ બહુ છે. એ ઢાળમાં મહારાજની પ્રસન્નતા વહેલી થાય છે. તે વિના તો હું અધિકારી, હું મહંત, હું કોઠારી એવું માન આવી જાય અને પક્ષાપક્ષી વધે, આ જીત્યો ને આ હાર્યો એમ થાય; પણ ખરી હારજીત એ નથી. મહારાજ તથા મોટાને આશરે રહી તેમને રાજી કરે તેની જીત છે અને એ દિવ્ય મૂર્તિઓને ભૂલીને એ કુરાજી થાય તેવું કરે તેની હાર છે. મૂર્તિને લઈને જ બધાની મોટાઈ છે. શ્રીજીમહારાજે આપણો હાથ ઝાલ્યો છે તે મૂકે તેવા તો નથી, પણ આપણે અહંમમત્વ કરીને મૂર્તિથી જરાય જુદા ન પડવું, નહિ તો માયા ખીજાણી છે તે રૂપ ઉઘાડાં કરાવે, જેને મૂર્તિનું સુખ લેવું હોય તેને તો બધી તાણાતાણ મૂકી મહારાજનું ધ્યાન કરવું. ૨/૧૨૦/૩૭૪

## ૧૧

# નિષ્કામીપણાની દૃઢતા

### મહારાજની મૂર્તિ વિના
### ક્યાંય વાસના રાખવી નહિં

૧. કામ (ઇચ્છા-તૃષ્ણા) જીત્યાનો શો ઉપાય છે?

બાપાશ્રી બોલ્યા જે, એક તો આત્મનિષ્ઠા ને બીજો શ્રીજીમહારાજનો મહિમા - એ બે સાધને કરીને કામ જિતાય છે. તેમાં આત્મનિષ્ઠા એવી જોઈએ જે આંખોમાં ઊના ગજ નાખે ને કામનાં ઊનું સીસુ કરીને રેડે તો પણ ધીરજ ડગે નહિ. જેમ શ્રી અખંડાનંદ સ્વામીને વાઘ મળ્યા તો પણ બીના નહિ ને ગોઠપ ગામના કડવા ભક્તને ઘણું જ શૂળ આવતું પણ લગારેય કાયરપણું આવતું નહિ ને સદાય આનંદમાં રહેતા, પણ સકામપણું લાવતા નહિ એટલે કોઈ પ્રકારે શ્રીજીમહારાજની પ્રાર્થના કરતા નહિ જે મટાડો કે તેડી જાઓ, એવા નિષ્કામી હતા ને એવી આત્મનિષ્ઠા હતી. શ્રી ગોપાળાનંદ સ્વામી સો-દોઢસો સાધુએ સહિત ગામડામાં ફરતા ફરતા સારંગપુરની નદીમાં આવ્યા. ત્યાં બેસીને વાતો કરતા હતા. ત્યારે એક સંતે પૂછ્યું જે,

આત્મનિષ્ઠાનું શું રૂપ હશે? ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, બે ઘડી પછી જણાશે. એટલામાં વૈરાગીઓએ આવીને પથ્થર ફેંકવા માંડ્યા, એટલે એ નદીના કાંઠા ઉપર ઘાટી બાવળી હતી તેમાં સર્વે સંતો પેસી ગયા તે કાંટા ઘણા વાગ્યા અને ગામમાંથી મનુષ્યો આવતાં દેખીને વૈરાગી જતા રહ્યા. પછી તે મનુષ્યોએ જાણ્યું જે આ બાવળીમાં વૈરાગી પથ્થર નાખતા હતા તે કોઈને મારતા હશે. એમ જાણીને બોલ્યા જે વૈરાગી જતા રહ્યા છે. માટે બાવળીમાં કોઈ હોય તો બહાર આવો. પછી સંત બહાર નીકળ્યા ને શ્રી ગોપાળાનંદ સ્વામીને કહેવા લાગ્યા જે કાંટેથી શરીર ભરાઈ રહ્યાં છે તે પૃથ્વી ઉપર પગ મુકાતા નથી ને સુવાતું-બેસાતું પણ નથી, પછી સ્વામીશ્રીએ સત્સંગી પાસે ચીપિયા મંગાવીને સર્વેના કાંટા તાણી કાઢ્યા ને રાખ ભભરાવીને રૂ દબાવ્યું ને ધીરે ધીરે ગઢડે લાવ્યા અને સંતો મહારાજનાં દર્શન કરીને પીડા કહેવા લાગ્યા ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ગોપાળાનંદ સ્વામીના કાંટા કાઢ્યા છે કે નથી કાઢ્યા? ત્યારે સંતે કહ્યું જે, તેમના કાંટા તો નથી કાઢ્યા. પછી શ્રીજીમહારાજે પોતે ચીપિયેથી સ્વામીશ્રીના કાંટા કાઢ્યા. તે એટલા બધા નીકળ્યા કે સામાન્ય માણસને એટલા કાંટા વાગ્યા હોય તો તે જીવિત રહે નહિ પણ સ્વામીશ્રી કાંઈ બોલ્યા નહિ. અને માન, અપમાન, સુખ, દુ:ખ, હર્ષ, શોક, શત્રુ, મિત્ર એ સર્વે સરખું થઈ જાય ને કામ, ક્રોધ, લોભ, ભય એમાં ન લેવાય એવી આત્મનિષ્ઠા જોઈએ અને માહાત્મ્ય એવું જોઈએ જે પ્રકૃતિપુરુષ ને તેનું કાર્ય તે અતિ તુચ્છ થઈ જાય અને મહાપ્રભુજીને બ્રહ્મકોટી તથા મૂળ અક્ષરકોટી તે થકી પર જાણે અને સર્વેના અંતર્યામી જાણે અને બીજું વ્યતિરેકપણું સમજે જે શ્રીજીમહારાજ સર્વેમાં અન્વયપણે એટલે પોતાના તેજ દ્વારે રહ્યા થકા મૂર્તિમાન વ્યતિરેક જુદા છે. આવો

મહિમા સમજે તો સર્વે તુચ્છ થઈ જાય. પછી ખાન, પાન, માન, મહોબત, પદાર્થ તેમાં માલ મનાય નહિ. અને કોઈ શબ્દ બોલે તેની કિંમત કરે નહિ જે આમ બોલ્યો કે આમ બોલ્યો; નિંદા-સ્તુતિ સરખા થઈ જાય અને એક મહારાજ સાંભરે એટલે કામ જિતાય જાય.૧/૨/૫,૭

૨. કામ મૂળમાંથી બળી જાય તેનો શો ઉપાય હશે?

બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજની નાની-મોટી સર્વે આજ્ઞાઓ પાળે ને પોતાને શ્રીજીમહારાજના તેજરૂપ માનીને તે તેજમાં શ્રીજીમહારાજની મૂર્તિ ધારે. એમ ધારતાં ધારતાં જ્યારે પોતાના આત્માને વિષે મહારાજની મૂર્તિ દેખે ત્યારે કામાદિક દોષ ટળી જાય છે. અને બીજો ઉપાય એ છે જે, મહાપ્રભુજીને મળેલા મુક્ત મળે અને તેમની છાયા પડે, એટલે તેમનો અત્યંત રાજીપો થઈ જાય તો કામાદિક સર્વે દોષ બળી જાય છે અને મહાપ્રભુજીને સુખે સુખિયો થઈ જાય છે. ૧/૨/૭

૩. જેમ મહારાજ પોતાના સુખમાં લઈ જાય છે તેમ જ મુક્ત પણ મહારાજના સુખમાં જીવને લઈ જાય છે; એવું કામ કરે છે પણ અનંત બ્રહ્માંડ કરવાં કે કોઈને કર્મફળ આપવું એવું કામ નથી કરતા, કેમ જે એ સકામ છે માટે નથી કરતા. મોટા પાસેથી મૂર્તિનું સુખ માગવું તે સકામ ન કહેવાય. કોઈના અંતરનું જાણવું કે પોતાનું ધાર્યું સત્ય થાય તથા અગમ-નિગમનું જાણવું કે બ્રહ્મપુર, ગોલોકાદિક ધામ તથા ઐશ્વર્ય જોવા કે પામવા ઇચ્છે તે સર્વે સકામ કહેવાય, માટે તે ન ઇચ્છવું. દેહની ક્રિયા તો મહારાજની ઇચ્છાથી થાય અને જીવ તો સદા મૂર્તિમાં રહે એવું કરવું. માન, મોટપ, ઓળખાણ, પ્રસિદ્ધિ એ સર્વે પડ્યાં મેલવા ને એક મૂર્તિ સિદ્ધ કરી લેવી. એ જ ખરું નિષ્કામીપણું. ૧/૯/૧૮

૪. અક્ષરધામમાં જાવું છે તે શી રીતે સમજવું?

બાપાશ્રી બોલ્યા જે, સકામવાળાને મતે જાવાનું છે ને તેને ઘણું છેટું છે, કેમ જે તેની બહારદૃષ્ટિ છે, નિષ્કામવાળાને મતે તો જાવાનું ને આવવાનું નથી. જાવું-આવવું કહે છે એ તો આ લોકના શબ્દ છે.૧/૪૫/૮૮

૫. ધામમાં જતાં માર્ગમાં સિદ્ધિઓ આવે છે તે શી રીતે સમજવું?

બાપાશ્રી બોલ્યા જે, જ્યારથી વર્તમાન ધારીને ભજન કરવા માંડ્યું ત્યારથી માર્ગે ચાલ્યો. તેને અહીં માન, મોટપ, યશ, કીર્તિ, ઐશ્વર્ય, પ્રસિદ્ધિ એ સિદ્ધિઓ આવે છે. તેની મહત્તા ને તેનો ભાર ન રાખે તો તેને આડી સિદ્ધિઓ આવતી નથી અને સકામ ભક્તને તો સિદ્ધિઓ મૂર્તિમાન આડી આવે છે. ૧/૪૫/૮૮

૬. પારકી અને પોતાની સ્ત્રી, તે પણ તરવારની પેઠે નાશ કરે એવી છે માટે તેથી બીતા રહેવું. કેટલેક ઠેકાણે બાપ થકી દીકરીને બાળક થાય છે, માટે એકાંતમાં મા, બેન, દીકરી તથા પરસ્ત્રી ભેળું રહેવું નહિ. કળીનું રૂપ એવું છે જે કળીમાં કામનું જોર છે. સત્‌યુગમાં સંકલ્પનાં ફળ થતાં, ત્રેતામાં દૃષ્ટિનાં ફળ થતાં, દ્વાપરમાં સ્પર્શનાં ફળ થતાં અને કળીમાં વીર્યનાં ફળ થાય છે. માટે મા, બેન ને દીકરીથી પણ છેટે રહેવું. આજ્ઞા ન પાળે તો પૈસા ખૂએ, નાતજાતમાં ફજેતી થાય, લાજ વંજાવે ને મોક્ષથી પડે. સ્ત્રીની દૃષ્ટિમાં ઝેર રહ્યું છે તે ચઢીને જીવ લે એવી છે. માટે ગૃહસ્થના આશ્રમમાં રહીને પણ નિર્વાસનિક રહેવું. ૧/૧૫૩/૨૭૦

૭. ઈન્દ્રિયોના આહાર શુદ્ધ કરવા. બ્રહ્મચર્યવ્રતમાં કુશળ ન હોય તેની રસોઈ ન લેવી તે શુદ્ધ આહાર કહેવાય અને અજાણમાં લેવાઈ જાય તો તેનો બાધ નહિ પણ મહોબત રાખીને ન

લેવી. મહોબત રાખીને લે તો એક ઉપવાસે શુદ્ધિ થાય, અજાણમાં લેવાઈ ગયું હોય તો તેની ખબર કોઈ દિવસ પડે તો સો માળા ફેરવે શુદ્ધિ થાય. ૧/૧૫૩/૨૭૧

૮. દુષ્ટ વાસના કઈ જાણવી?

બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજી ઇચ્છા રહે તે દુષ્ટ વાસના જાણવી.૧/૭૫/૩૩૦

૯. કામ-ક્રોધાદિક શત્રુ છે તે જીવને માયારૂપી કચરામાં ફેરવે છે પણ જીવ ઓળખતો નથી ને આપણે સાધુ થયા છીએ તે આપણને કામાદિક શત્રુ શું કરનારા છે? એમ જાણીને ગાફલાઈ રાખે પણ એ તો ક્યાંય ઉપાડીને લઈ જાય એવાં છે. માટે ખાનપાનમાં ક્યાંય આસક્તિ રાખવી નહિ; એક મૂર્તિમાં જ આસક્ત થાવું અને કામ વ્યાપે તે ટાણે યક્ષ-રાક્ષસનો અવતાર આવ્યો જાણવો ને ક્રોધ આવે તે ટાણે સર્પનો દેહ આવ્યો જાણવો; માટે કામ-ક્રોધાદિક વિકારનો ત્યાગ કરીને સાધુ થાવું, પણ સ્વભાવને વશ થાવું નહિ ને સ્વભાવ હોય તો તે ટાળવા. ૧/૨૦૨/૩૯૩

**૧૦.** એવી કઈ પ્રાર્થના છે કે જે પ્રાર્થના ન કરીએ તો ખોટ કહેવાય? અને પ્રાર્થના કરીએ તો અંતર્યામી જાણ્યામાં ફેર કહેવાય?

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ભગવાન નહિ જાણતા હોય? "તનકી જાણે મનકી જાણે, જાણે ચિત્તકી ચોરી, ઇનકી પાસ ક્યા છુપાઈએ, જીનકે હાથમેં દોરી."

પ્રાર્થના કરે તો સકામ કહેવાય. આપણે પાત્ર થાશું તો એની મેળે સુખ આવશે. અક્ષરધામની, મૂર્તિના સુખની ને મોટાની ગતિની આપણને શું ખબર પડે? માગતાં માગતાં અધૂરું મંગાઈ જાય. માટે હાથ જોડીને વિનંતી કરવી ને પાત્ર થાવું પણ માગવું

તો નહિ જ. મહારાજ કેમ પ્રસન્ન થાય તે તપાસી પ્રસન્નતાનાં સાધન કરવાં. મૂર્તિનું સુખ માગવું એ પણ સકામ. મહારાજની મૂર્તિને જોવા મંડ્યા રહેવું તો મહારાજ જાણે જે આ બિચારો મંડ્યો છે ને ઝળેળાટ દર્શન આપે. પણ માગે ત્યારે તો સભા હસે કે મહારાજ નહિ જાણતા હોય! ૧/૨૩૨/૪૬૬

---

૧. (ખરા ઉપાસક કોને કહેવાય?) મહારાજના ખરા ઉપાસકને તો કોઈ દેવની માનતા ન થાય અને આસ્તા પણ ન રખાય. કદાચ સકામ ભક્ત હોય તો તેને પણ શ્રીજીમહારાજ પાસે જ માગવું ઘટે અને જે નિષ્કામ ભક્ત હોય તે તો શ્રીજીમહારાજ પાસે પણ કાંઈ માગે નહિ. ૨/૪/૨૧

૨. સભામાં પ્રથમ પ્રકરણનું બીજું વચનામૃત વંચાતું હતું. તેમાં વૈરાગ્યની વાત આવી ત્યારે બાપાશ્રી બોલ્યા જે, પ્રકૃતિ પર્યંત સર્વે ખોટું છે તેને ખોટું કરે તે પણ વૈરાગ્ય અને પ્રકૃતિ પર અક્ષર પર્યંત જે સાચું છે તેને પણ ખોટું કરવું એટલે સર્વોપરી ભગવાન આગળ તેને પણ અતિ ગૌણ સમજે તે જ ખરો વૈરાગ્ય. ૨/૯/૨૯

૩. આ લોકમાંથી ને આ દેહમાંથી લૂખા થાવું. પંચભૂતનો દેહ તો હાડકાની મેડી છે, તેને માંસનું લીંપણ કર્યું છે, ચર્મનો કળીચૂનો દીધો છે, માંહી પરુ, પાચ, રુધિર, વિષ્ટા આદિ મળ ભર્યાં છે અને કામ, ક્રોધ, લોભ, માન, મોહ, રસાસ્વાદ, ઈર્ષ્યા, અહંકાર આદિક દોષરૂપી જાળું છે. જીવ તેવા દેહને મોહે કરીને સારો માને છે પણ તેમાં સારું શું છે? સારું કાંઈ નથી. તે દેહને રાજીને કરવા સારુ જીવ નાના પ્રકારની તૃષ્ણા કરે છે, તે તૃષ્ણાનો પાર આવે તેમ નથી. સંતને પેટી, આસન, પૂજા, પ્રસાદીનાં પગલાં તે સર્વેની તૃષ્ણા મેળવી; નહિ તો લાજ ખોવરાવે. માટે મનને પાછું વાળી

મૂર્તિમાં-ભગવાનના સ્વરૂપમાં જોડવું. ૨/૪૩/૧૩૪

૪. એક સમયે વાંટવદરવાળા ત્રિભુવનભાઈ ને તેમનો નાનો દીકરો રાઘવજી દર્શને આવ્યા, દંડવત્ કરી જય સ્વામિનારાયણ કહ્યા, તેના પર બાપાશ્રીએ હાથ મૂકીને રમૂજ કરી કે છોકરા! રૂપિયા ખપે? ત્યારે તે કહે હા બાપા. પછી કહ્યું જે કેટલા? ત્યારે તે રાઘવજી કહે બે-ચાર. ત્યારે પોતે એમ બોલ્યા જે, જુઓ તો ખરા! એક-બે નહિ ને પાધરા બે-ચાર; આવું કામ છે. આ સમયમાં કળિયુગ એવો છે જે નાનપણથી જ વાસના ઉદય થઈ જાય છે. ૨/૫૪/૧૭૩

૫. સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ પોતાના શિષ્ય શ્રીકૃષ્ણદાસજીને કહ્યું જે, તમારે કોઈ ઐશ્વર્યની અભિલાષા રહેતી હોય તો પ્રાપ્ત કરાવીએ. ત્યારે શ્રીકૃષ્ણદાસજી બોલ્યા જે ના, સ્વામી! એમાં તો અવળું પડે તો મારું ઠેકાણે રહે નહિ એમ કહ્યું. ત્યારે સ્વામી તેના ઉપર ઘણા રાજી થયા. માટે મોટા રાજી થઈને ઐશ્વર્ય આપે તો પણ એમ માગવું જે અંત સમયે ભગવાનના ધામમાં લઈ જજો અને તમારી જોડે મહારાજની સેવામાં રખાવજો એમ માગવું. ૨/૬૫/૨૦૫

૬. કરાંચી મંદિરના મેડા ઉપર બાપાશ્રીના આસને છેલ્લા પ્રકરણનું ૨૪મું વચનામૃત વંચાતું હતું. તેમાં બાઈઓએ હરિભક્તનું માહાત્મ્ય ઝાઝું સમજવું નહિ, તેમ હરિભક્તોએ બાઈઓનું માહાત્મ્ય ઝાઝું સમજવું નહિ પણ સમપણે સમજવું. જો એમ ન સમજે તો એમાં મોટું વિઘ્ન થાય એ વાત આવી ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ભગવાનના ભક્ત-પુરુષો ને બાઈઓ તેમણે પરસ્પર પ્રસંગ બહુધા રાખવો નહિ તથા તેમની પાસેથી જ્ઞાન-વાર્તા સાંભળવી નહિ. પોતાને વિકાર ન ઊપજતો હોય ને દેહભાવ ન હોય અને કદાપિ કોઈ વાત

સંભળાય, તો પણ પોતાના મનનો તપાસ કરવો કેમ કે એ રસિક માર્ગ છે. ૨/૬૮/૨૧૨

૭. જેને અંતર્દૃષ્ટિ હોય તે તો મહારાજની મૂર્તિને વિષે દિવ્યભાવે જોડાઈ જાય; તે નિષ્કામ કહેવાય. તેને મૂર્તિ વિના બીજું કાંઈ ખપે જ નહિ અને બહારદૃષ્ટિવાળો સકામ કહવાય, તેને મહારાજ તેડવા આવશે કે રથ વિમાન લાવશે એમ વાટ જોવી પડે. ૨/૮૧/૨૫૩

૮. ભગવાન અને મોટા મુક્તના રાજીપા વિના વાસના ટળતી નથી. તે ઉપર એક કણબીની વાત કરી જે, તેને અંત સમે રાબ ખાવાની વાસના થઈ. પછી રાબ કરતાં જરા વાર લાગી ત્યાં તો તેનો દેહ પડી ગયો. પણ રાબમાં વૃત્તિ રહેલ તેથી મરીને તે ભૂત થયો. માટે મહારાજની મૂર્તિ વિના ક્યાંય વાસના રાખવી નહિ. ૨/૮૪/૨૬૫

૯. બાપાશ્રી બોલ્યા જે, ભગવાનને મૂકીને બીજે મન લોભાવા દેવું નહિ. શ્રીજીમહારાજ કહે છે કે અમને વન, પર્વત, જંગલ બહુ ગમે છે. બીજા લોકમાં વૈભવ છે તે નથી ગમતા, તે વૈભવ દેખાય તો જાણવું જે એ તો દેખાડ્યા સારુ કર્યા છે, પણ જીવને મોહ થઈ જાય છે તે વિચાર રહે નહિ. ૨/૯૧/૨૮૭

૧૦. બાપાશ્રી કૃપા કરીને બોલ્યા જે, મહારાજે કહ્યું છે કે નિષ્કામી વર્તમાનમાં ફેર પડવા દેવો નહિ. કોઈ ફેર પાડે તો જેમ વાંઝિયાને ઘેર દીકરો આવીને મરે તેવું અમને વસમું લાગે છે. કળિયુગમાં કામનું જોર વધારે છે. મોટા મોટાની તથા બ્રહ્મા જેવાની પણ લાજો લીધી છે. આ વખત એથીયે જબરો છે, પણ આ ટાણે સાવચેત થાય તો આજ એને (કામને) મારનારા ખરેખરા મોટા મુક્ત મળ્યા છે. ૨/૯૪/૨૯૭

૧૧. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, મોટા અનાદિની પાસે આ લોકનું કાંઈ માગવું નહિ. એ ઉપર વાત કરી જે, જેમ હીરા, માણેક, મોતી, ઝવેરાત, રત્ન, ચિંતામણિના વેપારીને કોઈક વેપારી તેની નબળી ચીજનો કોથળો ભરેલો જાળવવાને આપે તો તે મોટા ઝવેરાતના વેપારીને સારું ન લાગે, પણ તે મોટા વેપારી પોતાની મોટાઈ સામું જોઈને મહોબતે કરીને રાખે. તેમ શ્રીજીમહારાજના લાડીલા અનાદિ મહામુક્તને પોતાના દેહની રક્ષા કરવા તથા સકામપણામાં માયિક પદાર્થની ઇચ્છા પૂરી કરવા ભલામણ કરવી તે આ દૃષ્ટાંત દીધા બરોબર છે. ૨/૯૭/૩૦૪

## ૧૨

# પંચવર્તમાનની દૃઢતા

પંચવર્તમાનમાં ફેર પડવા દેવો નહિ ને
જેને ફેર હોય તેના ભેળા રહેવું નહિ.

૧. (પંચવર્તમાન : નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિર્માન ને નિર્મોહ-આ સૂક્ષ્મ પંચવર્તમાન કહેવાય છે; માંસ, મદિરા (દારૂ), ચોરી, વ્યભિચાર અને વટાળ (ભ્રષ્ટતા)થી દૂર રહેવું તે -આ સ્થૂળ પંચવર્તમાન ગણાય છે.) જીવ પંચવિષયના ને આ લોકના સુખ સારુ લઢી મરે છે, પણ ભગવાન સારુ કોઈ લઢતું નથી. ચાર દિવસ રહેવાનું તેને અર્થે કજિયા કરે એવા અવળા સ્વભાવ છે. પૃથ્વીના, ધનના, લેવાદેવાના, ખાધાના એવા કેટલાએ પ્રકારના ટંટા છે. આ લોકમાં તુચ્છ સુખ સારુ લઢી મરે છે ને પાછું ફેર ભોગવવા તો આવવું નથી. માટે જેને મહાપ્રભુજી પામવા હોય તેણે આ લોકમાં છોકરા શું કરશે માટે કાંઈક ધન, વાડી મેળવી આપું એમ કદી ઈચ્છવું નહિ. જીવથી તો કાંઈ બની શકે તેમ નથી. મેળવી આપું એમ જે જાણે અને તે સત્સંગી હોય તો પણ તે અજ્ઞાની છે. ૧/૪૭/૯૦

૨. જો મહારાજના વચનથી બહાર પડે એટલે નિષ્કામ, નિર્લોભ એ વર્તમાનમાં ફેર પાડે, તો મોટો વિમુખ કહેવાય; ને તેનો તો વિશ્વાસ થાય જ નહિ. ક્રિયા એટલે વર્તમાન એકેય પાળવું નહિ અને બેસવું મહારાજના ઘરમાં, તે તો બહુ કઠણ છે. માટે મહારાજનાં વચન પાળીને મહારાજને વશ કરવા. જેમ કોઈક અવળી ક્રિયા કરે તેને કેદમાં પડવું પડે, તેમ આજ્ઞા લોપે તેને આગળ દુઃખ આવે, પણ જીવે આગળ જે જે વિષય ભોગવ્યા હોય છે ને દીઠા છે તે ટળતા નથી. ૧/૮૮/૧૬૧

૩. જેમ બાળક તુચ્છ પદાર્થ સારુ રોયા કરે છે તેમ જીવ મહારાજનું સુખ મૂકીને સ્વાદ, માનાદિક પંચવિષયમાં પ્રીતિ રાખે છે. તેથી મૂર્તિનું સુખ મળતું નથી. ૧/૮૯/૧૬૨

૪. ખાવું-પીવું એ આદિક પંચવિષયના રાગ છે તે ખાવું-પીવું બંધ કરવાથી ટળતા હશે કે નહિ?

બાપાશ્રી બોલ્યા જે, મનને જે રુચે તે ન આપવું ને જેવું-તેવું જે મળે તે જમવું ને ધ્યાનનો અભ્યાસ રાખવો તો આસક્તિ ટળી જાય. એવી રીતે નિયમે કરીને આસક્તિ ટળે છે, જેમ સુરાખાચરની ટળી ગઈ તેમ. ૧/૮૯/૧૬૨

૫. પ્રથમ પ્રકરણનું ૧૮મું વચનામૃત વંચાતું હતું. તેમાં ઇન્દ્રિયોના આહાર શુદ્ધ કરવાની વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, પવિત્ર ન હોય તેનું અન્ન-જળ ખાવાપીવાથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને એનો વાયરો આવે તો ય ભ્રષ્ટ થઈ જવાય. કદાપિ મરવા ટાણે પણ જો પાસે ઊભો હોય તો અશુદ્ધ ઔષધ ખવરાવી દે અથવા વ્યવહારિક વાતો કરીને માયિક પદાર્થની સ્મૃતિ કરાવે. માટે જેમ આપણા પગમાં કાંટો વાગ્યો હોય તેને કાઢવો તે આપણા હાથમાં છે તેમ કુસંગનો ત્યાગ કરવો તે પણ આપણા હાથમાં છે. ૧/૧૨૭/૨૨૧

૬. પંચવર્તમાનમાં ફેર પડવા દેવો નહિ અને જેને ફેર હોય તેના ભેળા રહેવું નહિ ને તેને ભેળો રાખવો નહિ. કોઈક કદાપિ ચમત્કાર જણાવે તો તેમાં તણાવું નહિ. એક મૂર્તિમાં જ તાન રાખવું ને કોઈ વ્યવહાર સંબંધી વિક્ષેપમાં ભળવું નહિ. મુમુક્ષુને તો આ દેહે શ્રીજીના અનાદિમુક્તનો જોગ કરીને મૂર્તિ સિદ્ધ કરવાની છે ને છેલ્લો જન્મ કરવાનો છે. ૧/૧૩૪/૨૩૨

૭. બાપાશ્રીએ વાત કરી જે, સ્વભાવમાં ને સિદ્ધિઓમાં બંધાવું નહિ. સ્વભાવ, સિદ્ધિઓ, જડ માયા, ચૈતન્ય માયા, માન, ક્રોધ એ આદિકમાં બંધાઈ રહે તો મૂર્તિ સુધી પહોંચી શકાય નહિ. જેમ ઘોડાને પછાડી બાંધી હોય તે તૂટે નહિ ત્યાં સુધી એ ક્યાંય જઈ શકે નહિ. તેમ એ પછાડીઓ નહિ તોડો તો મૂર્તિ સુધી પહોંચાશે નહિ. ત્યારે સ્વામી નારાયણસેવકદાસજીએ કહ્યું જે, તે પછાડીઓ પોતાની મેળે તૂટે નહિ, માટે એને તોડનારા ને છોડનાર તૈયાર છે, પણ વિશ્વાસ નથી. તેથી છોડનારનાં વચન મનાતાંય નથી ને પોતાના ઠરાવ મુકાતાય નથી. છતાં મૂર્તિની માગણી કરે છે. માટે સર્વ એષણાનો ત્યાગ કરીને મૂર્તિમાં પહોંચવાનો વેગ રાખવો. પણ જીવને પંચવિષયમાં માલ મનાણો છે તે છોડાતો નથી. તે છે તો નર્ક જેવા, પણ મોહે કરીને માલ મનાય છે. ૧/૧૩૬/૨૩૫

૮. સ્વામી ઘનશ્યામદાસજીએ કહ્યું જે, પંચવિષય થકી રક્ષા કરજો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ધોકા લઈને ઊભા રહેવાય તો એ વિષયરૂપી વાંદરાનો શો ભાર છે? પણ વાણિયો રાત્રિએ માર્ગમાં જતો હતો, તેને આકડાનો છોડ હાલતો જોઈને બીક લાગી ને વિચાર કરવા માંડ્યો જે, "જો હશે કોળી નાળી, તો તેલ, ટકા ને કુલ્લી તારી; અને જો હશે ઠુંઠાળો તો હું છું મરદ મૂછાળો." એમ થાય છે, પણ જો સ્વભાવને દબાવી વર્તે તો બહુ સુખિયા

થઈ જાય. સ્વભાવ જીત્યા વિના મહાપ્રભુજીના સુખની ઈચ્છા રાખવી તે તો વલખાં છે, પણ જીવના સ્વભાવ એવા છે જે પંચવિષયની સહાયમાં રહે છે. પણ તેની સાથે વેર કરતા નથી અને પોતાને અનેક જન્મ લેવા પડે તેનો વિચાર કરતા નથી. અમારી કાકરવાડીમાં બાવળિયો હતો, તેને પાડવા માંડ્યો પણ એક મૂળ વળગી રહ્યું હતું તેથી પડ્યો નહિ. જ્યારે એ મૂળ કપાણું ત્યારે એની મેળે પડી ગયો. એમ જ્યારે પંચવિષયરૂપી મૂળને કાપી નાખે ને સર્વે એષણાઓનો ત્યાગ કરે ત્યારે એની મેળે મૂર્તિના સુખમાં રહેવાય. આવા જોગમાં જ્યારે વાસના ટળી નહિ; ત્યારે બીજે ક્યાં ટળશે? ૧/૧૩૬/૨૩૫

**૯.** સ્વામી નારાયણસેવકદાસજીએ કહ્યું જે, કૃપા કરીને આપના સર્વ હેતવાળાની પછાડીઓ છોડી નાખો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મોટા તો છોડવા તૈયાર છે, પણ મોટા આગળ નિષ્કપટ થાય તો છોડે, પણ ઠરાવ છોડતા નથી. તેથી તુચ્છ પદાર્થને અર્થે મહારાજની આજ્ઞા લોપીને હેરાન થવાય છે. વાતો મૂર્તિની કરાય ને બાંધણાં તો તોડવાં નથી. મોટા મુક્તો તપ કરીને શ્રીજીમહારાજને રાજી કરવાની રીત બતાવી ગયા છે માટે તેમ કરવું. અંતઃકરણ તો પાડા જેવા છે. તેને પંચવિષયરૂપી રાતબ ખવરાવીને વકરાવે છે ને પછી મૂર્તિનું સુખ લેવા ઈચ્છે તે ક્યાંથી મળે? શ્રીજીમહારાજે તો વર્તમાન ધરાવતી વખતે સર્વે પાપ લઈને ચિંતામણિરૂપી પોતાની મૂર્તિ સોંપી છે, તો પણ પાપરૂપ વાસના ભેળી કરે છે ને પંચવિષયરૂપી વાઘરા પાસે લાચાર થાય છે. ૧/૧૩૬/૨૩૬

**૧૦.** આજ્ઞારૂપી લીટો લોપે તેનું રૂડું ન થાય. આજ્ઞા આત્મસત્તારૂપનું કામ કરે છે. ઈન્દ્રિયોના ગણ જીવને ક્યાંય લઈ જઈ ફગાવી દે. જેણે જેણે આજ્ઞા લોપી છે તે મોટા હતા તો

પણ ધર્મથી પડ્યા છે. રણછોડ મિસ્ત્રીએ સત્સંગમાં ઘણી સેવા કરી હતી પણ આજ્ઞા લોપી તો વટલાઈને ભ્રષ્ટ થઈ ગયા અને મોટા સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીનું કહ્યું પણ ન માન્યું. એને સિદ્ધિઓ આકાશમાંથી આવીને ઉપાડી ગઈ. કેવાં કેવાં કીર્તન બોલતા ને ગર્જના કરતા પણ ક્યાંય તુર્કસ્તાનમાં જતા રહ્યા. ત્યાગી તથા ગૃહસ્થ લોભથી કસાઈના જેવું કર્મ કરે છે. લોભથી લાંચ લેવાય, કોઈકને મારે, જૂઠું બોલે, અન્યાય કરે; માટે ભેંસનું ગાય તળે અને ગાયનું ભેંસ તળે એમ ન કરવું. તેમ કરવાથી ધાવી શકાય નહિ ને લાતો ખાઈ ખાઈને ડાચું ભાંગી જાય અને યમના માર ખાવા પડે તેમ ન વર્તવું; ચોખ્ખા વર્તવું. શાસ્ત્રનું ને સંતનું વચન પાળે તો સુખી થાય. મોડજી દરબારે સ્વામી હરિકૃષ્ણદાસજીનું વચન માન્યું તો સુખી રહ્યા, જો ન માન્યું હોત તો સરકારના સામા થયા હોત તો કલેવરનો નાશ થાત. સૂકા કાષ્ટમાં ધણ (જીવડાં) પડે છે તેને પણ ભગવાન ખાવા-પીવા આપે છે ને પશુ-પક્ષી પણ ખાઈને આરામ કરે છે. તે સર્વેના દિવસ નીકળે છે, માટે દ્રવ્ય કાંઈ કામમાં આવતું નથી. જો લાંચ લે તો આગળનું રળેલું હોય તેને પણ તાણી જાય. માટે ગૃહસ્થોએ લાંચ ન લેવી. કન્યા-વિક્રયનું પાપ પણ અતિશય છે અને લાંચનું પણ પાપ છે, માટે તે માર્ગે ચાલવું નહિ અને કોઈનો વાદ પણ લેવો નહિ. ૧/૧૫૩/૨૭૧

**૧૧.** આ લોકમાં ગૃહસ્થમાં કોઈના બાપે મરતી વખતે કહ્યું હોય જે મારી કેડે આમ કરજે તો તે પ્રમાણે જ તેના દીકરાને કરવું પડે છે. તો આ તો શ્રીજીમહારાજનાં વચન છે તે પાળવાં જ જોઈએ અને તો જ મહારાજ ને મુક્ત રાજી થઈને સુખિયા કરે; પણ વચન ન પાળે તો સુખિયા કરે નહિ. આ જોગમાં રહીને એવા અવળા સ્વભાવ રાખવા નહિ ને પાત્ર તો

પોતાને જ થાવું જોઈએ. આજ્ઞા, નિયમ યથાર્થ પાળે તો પુરુષ પ્રયત્ન કહેવાય. તે પુરુષપ્રયત્ન પણ પોતે જ કરવો, તો મહારાજ ને મોટા પછી કૃપા કરે. ૧/૧૬૬/૩૦૭

૧૨. શ્રીજીમહારાજનો રાજીપો જે પંચવિષયનો અભાવ કરે ને પુરુષપ્રયત્ન કરે તે ઉપર જ થાય છે અને પછી કૃપા કરે છે. માટે પંચવિષયનો અભાવ કર્યા વિના છૂટકો નથી; તે સો જન્મે કે હજાર જન્મે કે લાખ જન્મે પણ એનો અભાવ કર્યા વિના છૂટકો નથી. જો નહિ ટાળો તો ઓચિંતાની કેદ આવી પડશે ને નવ મહિના સુધી પાચ, પરુ, વિષ્ટા, મળ, મૂત્રમાં ઊંધે માથે રહેવું પડશે ને બારી કે વાયરો કાંઈ મળે નહિ એવું દુઃખ આવી પડશે. આજ ભગવાં લૂગડાં મૂકી દઈને ધોળાં પહેરવાં પડે તો આબરુ આડી આવે, ને મરીને જન્મ ધરવો પડે તેમાં આબરુ આડી ન આવે. તે સમજણ કેવી ઊંધી કહેવાય? મોટાનો જોગ કરીને જો આજ્ઞા ન પાળે ને માયાના કાર્યમાં લેવાય તો મોટાને ખતરાવ્યા કહેવાય. ૧/૧૬૮/૩૧૧

૧૩. લોયાનું ૫મું વચનામૃત વંચાતું હતું. તેમાં ઈન્દ્રિયોને જીતવે કરીને અંતઃકરણ જિતાય છે એમ આવ્યું. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ઈન્દ્રિયો તો જેમ પાડાને બાર વર્ષ ખવરાવીને ખૂબ તાજા કરીને વચ્ચે સૂએ તો સુખે સૂવા દે નહિ એવી છે. સત્સંગમાં બધી વસ્તુ છે, પણ ભોગવવી નહિ ને રસના ઈન્દ્રિયને તો વિશેષે કરીને નિયમમાં રાખવી. જો ખાધાની બહુ આસક્તિ હોય તો ક્યાંયે વાડ તોડે એટલે નિયમ-ધર્મ મૂકી દે. માટે સૂકા હાડકાં જેવા વિષયમાંથી લૂખા થાય તો વિઘ્ન નહિ. ધણીના દરબારમાં તો ઢગલા છે, પણ બધું ભોગવવાનું નથી. જો મૃત્યુ સામી નજર હોય તો વિષયથી લૂખા થાય. જો પાંચ-દસ દિવસમાં મરવાનું છે એમ કોઈક કહે તો કેવી ભીતિ લાગે? તેવી ભીતિ

વિષયની લાગે તો વિષયના સંકલ્પ થાય નહિ. જો કે આહાર બધાય અશુદ્ધ છે, તો પણ રસમાં આસક્તિ તે અતિ અશુદ્ધ આહાર છે. ૧/૧૭૦/૩૧૪

**૧૪.** ચૌદ લોકનાં સુખથી લૂખા થવું તે ચૌદ લોક કિયાં જાણવાં?

બાપાશ્રી બોલ્યા જે, સાત પાતાળ ને સાત સ્વર્ગ તે ચૌદ લોક કહેવાય છે, પણ તેમાંથી લૂખા થવે કરીને કાંઈ કલ્યાણ થાય તેમ નથી, કેમ જે તેના ઉપર તો ઘણાં લોક રહ્યાં, માટે દસ ઇન્દ્રિયો ને ચાર અંતઃકરણ તેમાંથી પ્રીતિ ટાળવી તો ચૌદ લોક જીતાણા, માટે એ ચૌદ લોક જાણવા. એ ચૌદ ઇન્દ્રિયોમાંથી વાસના ટાળવી તો આગળ કાંઈ આડું નહિ આવે. ૧/૧૮૩/૩૪૨

**૧૫.** પાંચ કર્મ ઇન્દ્રિયો અને પાંચ જ્ઞાન ઇન્દ્રિયોને નિયમમાં રાખવી, તે ઇન્દ્રિયો ઘસાણી કહેવાય. તેમ જ સર્વે ઇન્દ્રિયો પોતપોતાના વિષયની ઇચ્છા ન કરે તે ઘસાણી કહેવાય. રૂપ, શબ્દ આદિમાં કોઈએ વટલાવું નહિ. પૂજા કરે, નહાય, ધુએ ને ઓથી વટલાઈ જાય તે ભૂખ, દુઃખ ને માર ભોગવે. "ચેત ચેત મન બાવરા, સંત શિખામણ દેત." ઓઢવા, પહેરવા, ખાવા, પીવાનું સર્વે ધૂળમાંથી ઉત્પન્ન થયું છે ને પાછું વળી ધૂળ. તેમાં કાંઈ માલ નથી. (માટે) જેવું મળે તેવું ગુજરાન કરવું. ૧/૨૪૧/૪૮૭

**૧૬.** રસોડામાં વઘાર કર્યો તે બહાર આવ્યો ત્યારે બાપાશ્રી બોલ્યા જે, બહાર આટલો બગાડ કરે ત્યારે માંહી બગાડ કરે જ તે ઉપર સુરાખાચરની વાત કરી. જમવા બેસવું તે ઘણાં વાનાં હોય તે પડ્યાં મૂકીને એક વસ્તુ જ જમી લઈએ. સબડકાઓ એ બધું રસિક છે. મોટા સંતોએ રસિક માર્ગ કર્યો છે, તે મૂર્તિમાં રહીને કર્યો છે. આપણે દેહમાં રહીને કરીએ તો કીર્તન બોલતાં

બોલતાં ક્યાંય ચઢી જવાય. તમારે (સંતોએ) પાણી મેળાવીને જમવું તે ઠીક અને ભૂલી જવાય તો મોટો વાંધો આવે. ઘોડા ઉન્મત્ત થઈ જાય તો નુકસાન કરે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર તે મોટા પાડા છે તે નુકસાન કરે. જેમ ચાર પાડા ખાટલાને પાયે બાંધીએ સૂતો તે જીવતો રહે નહિ, એ તો મરી જ જાય. એમ તે ચાર મોટા પાડા જેવા છે. તેનો વિશ્વાસ કરે તો કાયમ ન રહે. ૧/૨૪૧/૪૮૮

---

૧. પદાર્થ બધાય દુઃખરૂપ છે, પંચવિષય નાશવંત છે, તો પણ એ ધૂળનો વેપાર કરવા સૌ ખબાસાની પેઠે મંડી જાય છે. કેમ જે, ભગવાન ભજ્યા વિના બધો ય ધૂળનો વેપાર છે. તે માયિક પદાર્થ સર્વે ધૂળનાં, પણ વિચાર કરે તો એક શેર અનાજ જોઈએ, એટલું પોતાને માટે છે તો ય કેવાં કેવાં દુઃખ વેઠે છે. જુઓને! કોઈ કોઠારી થવા, ભંડારી થવા કે મહંત થવા વલખાં કરે છે. એવી માયા દુઃખરૂપ છે. ૨/૫/૨૩

૨. આજ્ઞા પાળ્યા વિના મહારાજનો રાજીપો થતો નથી. કેટલાક તો વ્યસનમાં અને દ્રવ્યમાં આસક્ત હોય પણ એ ખોટને ઓળખે નહિ. પહેલા ઊઠે ત્યારે ચા પીએ, પછી કરે દાતણ, પછી જાય નાહવા અને પછી કરે પૂજા. અમારા ગામમાં બ્રાહ્મણ એકાદશીને દિવસે જમતો હતો, તેને કહ્યું કે આજ એકાદશી છે ને કેમ જમો છો? ત્યારે કહે જે ભૂલ્યા. એક વખત અમે મૂળીએ ગયા હતા. ત્યારે એક માણસ દેગડું ભરીને ચા અમારી પાસે લાવ્યો અને કહ્યું જે આ બધાંને પાઓ. ત્યારે અમે કહ્યું જે, આ કોઈ પીએ એવા નથી; તો પણ આગ્રહ મૂક્યો નહિ. ત્યારે અમે કહ્યું જે, એવું અભરું કોણ પીએ? ત્યારે તે કહે જે અભરું કેમ

કહો છો? ત્યારે અમે કહ્યું જે, એમાં અશુદ્ધ, કેફી વસ્તુઓ આવે છે, માટે તે સત્સંગીથી તો પિવાય જ નહિ. તેમાં મહારાજની આજ્ઞા લોપાય છે. જામનગરમાં પણ એક જણે કેટલાકને ચા પાયો હતો તે બધાને અમે ઉપવાસ કરાવ્યો હતો. ૨/૧૧/૩૪

૩. પંચભૂતનો દેહ છે તે તો ઝેરનું ઝાડવું છે, તે જ્યાંથી અડો ત્યાંથી ઝેર ચડે; તે ખાધામાં ઝેર, પીધામાં ઝેર, દરેક ઉપયોગમાં ઝેર. ૨/૩૫/૯૯

૪. નિરંતર મહારાજની મૂર્તિનું ચિંતવન કરવાથી ગમે તેવા કામાદિક શત્રુ બળિયા હોય તો પણ નાશ થઈ જાય છે. શ્રીજીનો અને મોટાનો મહિમા બરાબર સમજાય તો પંચવિષય પ્રયાસ વિના જિતાય જાય. ૨/૩૬/૧૦૪

૫. બાપાશ્રી બોલ્યા જે, "હરિકૃપા જબ હોત હે સૂઝત અપના દોષ." તેમ આપણને પોતાનો દોષ માલમ પડે ત્યારે એમ જાણવું જે કાળો નાગ મરેલો પડ્યો છે; તે મરેલાનો પણ ભય રાખવો એટલે પાછું શૂરવીરપણું રાખવું ને ઘાટ-સંકલ્પ જોઈને હારી જાવું નહિ. ૨/૫૫/૧૭૫

૬. જ્યારે કામ-ક્રોધાદિક સંકલ્પ થાય તથા બીજા મલિન ઘાટ થાય તેને પોતાના સ્વરૂપના વિચારે કરીને, મહારાજ તથા મોટાના મહિમાના બળે કરીને, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એવા નામને ઉચ્ચારે કરીને તથા મોટા સદ્‌ગુરુનાં નામ લઈને ટાળી નાખવા. પછી એ દોષ, સંકલ્પ, ઘાટ તેને વારંવાર સંભારવા નહિ. એક મૂર્તિ જ સંભારવી. ૨/૬૮/૨૧૦

૭. અધિકાર તો કાળા નાગ જેવો છે. આ સત્સંગમાં, આ સભામાં જ્યાં જોઈએ ત્યાં મહારાજ બિરાજે છે, પણ દેહાભિમાની જે આંધળા છે તે દેખતા નથી ને સમજતા પણ નથી, માટે ચાલોચાલ ન કરવું અને કામ, ક્રોધ, લોભ, માન આદિ દોષ

બધાય સર્પ જેવા છે તેને ટાળીને મહારાજ અને મોટા મુક્તને રાજી કરી લેવાં. ૨/૮૨/૨૫૭

૮. બાપાશ્રીએ વાત કરી જે આપણને તો સત્સંગમાંથી સત્સંગ મળ્યો છે. ઘણાય બહાર પડ્યા હશે પણ પંચવિષય મૂકી શકે નહિ. જો મોક્ષ સારુ પડ્યા હોય તો મોટાને તરત ઓળખી કાઢે. આપણે એક મહારાજનું કામ છે. મહારાજે સૌને રોટલા આપ્યા છે તે ખાઈને ભગવાન ભજી લેવા. આ દેહ માટે ઘણું કરી કરીને મરી ગયા પણ કોઈનું પૂરું થયું નહિ. પૂરી જોઈએ. રોટલી જોઈએ, તેનાથી કાંઈ થાય નહિ, પણ જો ભગવાનને જમાડીને જેવું મળે તેવું ખાઈને સુખિયો રહે ને ભગવાનને ભજે તે ડાહ્યો છે. આ દેહ તો કોઠી જેવો છે. તેમાં જે ભરે તે ચાલે. હાડકા ઉપર ચામડું મઢ્યું છે. અંદર નકારી વસ્તુ ભરેલી છે, માટે મોહે કરીને કોઈ ઠેકાણે બંધાવું નહિ. આ લોક ખોટો છે, ખોટો છે એમ મોટા પુરુષ ડંકા વગાડીને કહે છે, પણ લાખ બે લાખનો ફાયદો થતો હોય તો કહેશે કે મોટા પડ્યા રહ્યા. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પાંચે હરામજાદા છે, માટે પંચવિષયના દોર્યા દોરાવું નહિ. ૨/૮૭/૨૭૯

૯. સર્વે વિષય વાસના મૂકીને ભગવાનને તથા મોટા મુક્તને વળગી પડે ત્યારે સુખિયા થવાય. તે વિના પિંડ-બ્રહ્માંડમાં કાંઈ છે જ નહિ એવું કરી નાખે ત્યારે બીજે ક્યાંય માલ માનીને આનંદ પામે જ નહિ. ૨/૯૮/૩૧૧

૧૦. બાપાશ્રી બોલ્યા જે, માયાનો શો ભાર છે? તે બાપડી શું કરનારી છે? આપણે તો મારી નાખી છે. આપણે ભેળા ચાલશું. આ તો મરેલ શત્રુથી બીતા રહેવું, નહિ તો એનો શો ભાર છે? જેમ સિંધુ, સરસ્વતી આદિ નદીઓ સમુદ્રમાં આવે છે તેનો એવો વેગ જે, મોટા મોટા ઝાડ, પહાડ ખેંચીને સમુદ્રમાં

મળે છે; તે સમુદ્રમાં પણ તેનું પાણી મીઠું જ રહે છે. તેનો રંગ પણ બીજો, તે પડને ખારું અને એ નદીનું મીઠું, તેમ આપણે તેનો (માયાનો) જોગ (સંપર્ક) છે, પણ આ મીઠા પાણીની પેઠે નિર્લેપ રહેવું અને બહુ ખટકો રાખવો; નહિ તો જડ માયા તો તાણી જાય એવી છે. ૨/૧૦૭/૩૩૭

**૧૧.** બાપાશ્રીએ વાત કરી જે, એક વાણિયાને લાખ રૂપિયાની ખોટ ગઈ, પછી લેણાવાળાએ રૂપિયા માગ્યા પણ તે ક્યાંથી આપે? ત્યારે તે શાહુકારે એક હજાર રૂપિયા માગ્યા ને કહ્યું જે, એટલા રૂપિયા આપ તો બધું દેણું માંડી વાળું. ત્યારે તે વાણિયો કહે જે, મારી પાસે કાંઈ નથી તે હું ક્યાંથી આપું? પછી તો તે શાહુકારે કહ્યું જે, એક સો રૂપિયા આપ એટલે થયું, પણ તે કહે જે મારી પાસે કાંઈ નથી. ત્યારે લેણાવાળાએ કહ્યું જે, હું કહું તેમ કર- તું મારા ઘરના દરવાજે બેસ ને જે કોઈ માગવા આવે તેને સદાવ્રત આપ અને કૂતરાં, ગધેડાં આદિકને ઘરમાં પેસવા ન દેવા, એટલું કર તો તારું સર્વ દેણું માંડી વાળું. પછી તેણે તેમ કર્યું. આપણે પણ જાણપણારૂપ દરવાજે રહેવું અને સદાવ્રત જે શ્રીજીનું જ્ઞાન તે સર્વેને આપવું અને કૂતરાં, ગધેડાંની પેઠે નબળા દોષ, કામ, ક્રોધ, લોભ, મોહ, માન, મત્સર આદિક તેમને જીવમાં પેસવા દેવા નહિ, તો સર્વ દેણું વળી જાય એટલે પાપ નાશ પામે અને એમ કરે તો જ ધણીની મરજી સાચવી કહેવાય. આપણે શ્રીજીના કહેવાણા માટે તુચ્છ જેવા દોષ ફજેત કરે નહિ તે જાળવવું અને મહારાજ તથા મોટા મુક્તને રાજી કરી પોતાનું પૂરું કરી લેવું. ૨/૧૨૩/૩૮૧

(૧૩)

# 'સિંહણનું દૂધ તો હેમના પાત્રમાં જ રહે'

સંપૂર્ણ પાત્ર થવું જોઈએ અને સંપૂર્ણ પાત્ર થવાય તેવા મોટાનો જોગ કરવો જોઈએ.

૧. પ્રથમ પ્રકરણનું ૭૮મું વચનામૃત વંચાતું હતું. તેમાં ૨૨મા પ્રશ્નમાં વિષમ દેશકાળમાં રહીને માર ખાવો નહિ એમ આવ્યું, ત્યારે બાપાશ્રી બોલ્યા જે, કેવળ દેહનો માર ન સમજવો; જીવનો માર પણ સમજવો. માટે ત્યાંથી આઘું-પાછું ખસી નીકળવું એટલે કુસંગ મૂકીને જ્યાં ભગવાન ભજાય એવું સ્થાન હોય ત્યાં જાવું. સાધુ હોય તેણે મંડળનો ત્યાગ કરવો. ગૃહસ્થોએ ગામનો તથા સંબંધીનો ત્યાગ કરી જાતું રહેવું, પણ કોઈની મહોબતમાં લેવાવું નહિ. ૧/૧૮/૪૦

૨. કોઈએ ધર્મ લોપ્યો હોય તેને સમજાવીને પ્રાયશ્ચિત્ત કરાવીને ઠેકાણે પાડવો. જો ન માને તો તેનો ત્યાગ કરવો. પ્રાયશ્ચિત્ત પણ એક વાર ભૂલ્યો હોય તેને કરાવવું. બીજી વાર ભૂલે તો કાઢી મૂકવો. ધર્મ પાળતો હોય પણ જો ભગવાન ભુલાવે એવો હોય તો તેનો પણ ત્યાગ કરવો. ૧/૩૮/૭૯

૩. સત્સંગી થવામાં દાખડો ઘણો છે. જ્યારે આત્મા, પરમાત્મા, સંત અને એમનાં કરેલાં શાસ્ત્રના વચન પ્રમાણે વર્તે અને તે વિના બીજે આસ્તા ન આવે ને બીજું ન સંભારે ત્યારે તે સત્સંગી કહેવાય, અને તેણે જ તન, મન, ધન અને કર્મ અર્પણ કર્યાં કહેવાય. સર્વસ્વ શ્રીજીને અર્પણ કરવું, એટલે ઇન્દ્રિયો, અંતઃકરણ ને જીવ શ્રીજીની મૂર્તિમાં જોડી દેવા ને સર્વસ્વ અર્પણ કર્યું કહેવાય. ૧/૫૩/૧૦૧

૪. ભગવાનના ભક્તે જાણે-અજાણે કાંઈક પાપ થઈ જાય તો તેનું પ્રાયશ્ચિત્ત કરવું. તે કીડી-મંકોડી મરે તો સ્વામિનારાયણ નામનો મહામંત્ર જપવો. એ પ્રમાણે સંતને પૂછીને જેવું પાપ તેવું પ્રાયશ્ચિત્ત કરવું. તે પ્રાયશ્ચિત્ત કરવાથી દેહની શુદ્ધિ થાય છે અને ધ્યાને કરીને જીવની શુદ્ધિ થાય છે. ઘણું તપ કરવાથી તમોગુણ વધે છે, માટે જેણે કરીને શ્રીજીમહારાજને ભૂલી જવાય ને નિયમ થઈ શકે નહિ, એવું અતિ તપ કે વ્રત કરવું નહિ. પ્રાયશ્ચિત્તના જે ઉપવાસ કે વ્રત છે તે તો લેણું કહેવાય. તે લેણું તો આપવું જ, તેમાં તો છૂટકો જ નહિ. માળા ફેરવવી, પાંચ વખત માનસી પૂજા કરવી, ધ્યાન, ભજન, કથા, વાર્તા, નિયમ ધર્મ જે જે કરવું તે સર્વે બ્રહ્મયજ્ઞ કહેવાય, તેથી કરેલું સર્વે ખજીને પડે છે અને અંતે તેનું ફળ જે મૂર્તિનું સુખ તે મોટા આપે છે એટલે એ સુખમાં લઈ જાય છે. ૧/૭૧/૧૩૩

૫. પ્રથમ પ્રકરણનું ૭મું વચનામૃત વંચાતું હતું. તેમાં શ્રીજીમહારાજનું ગોલોક ધામ ને તેને વિષે બ્રહ્મજ્યોતિ છે, તે અક્ષરબ્રહ્મથી પર છે એમ આવ્યું. ત્યારે સંતોને માંહોમાંહી સંવાદ થયો. તેમાં કેટલાક અક્ષરબ્રહ્મને પર કહેવા લાગ્યા ને કેટલાક અક્ષરબ્રહ્મથી ગોલોકને પર કહેવા લાગ્યા. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, કોઈ વાતમાં વાદવિવાદ કરવો નહિ. વાદવિવાદમાં તમોગુણ

આવે. કદાપિ કોઈકનું પ્રતિપાદન થાય તો તેનું માન આવે માટે એ માર્ગે ચાલવું નહિ. વાતચીત કરતાં તથા પ્રશ્ન-ઉત્તર કરતા રજ-તમનો ભાવ લાવવો નહિ. ઊનું નહિ, ટાઢું નહિ, મંદ (મંદપણુ), શીતળ ને શાંત એવું મહારાજનું સુખ છે તે સુખ જેને રજ-તમ ન ભળે તેને આવે છે, માટે રજ-તમ આવવા દેવો નહિ, કેમ જે તેમાં માયા ભળે છે ને પરાભવ કરે છે. પ્રશ્ન-ઉત્તરમાં ધડાકો મારે તેના ઉપર મહારાજ ને મોટા રાજી ન થાય. વાદવિવાદ કરતાં તમોગુણ આવે તો શબ્દ સર્વે વ્યર્થ થઈ જાય ને મહારાજને ભૂલી જવાય. એવી ખોટ આવે અને કોઈને સમાસ ન કરે. માટે સાધુ થાવું એટલે મહારાજ તથા એમના મુક્ત જેવું થાવું. ૧/૧૦૯/૧૯૭

૬. દારૂ-માંસ યુક્ત દાક્તરી ઔષધ ખાવું નહિ ને અજાણમાં ખવાઈ ગયું હોય તો એક ઉપવાસ કરવો. કોઈકને દેહની સાધ્ય (ભાન) ન હોય ને તેને કોઈકે ખવરાવ્યું હોય તે જ્યારે જાણ્યામાં આવે ત્યારે એક ઉપવાસ કરી પ્રાયશ્ચિત કરી નાખવું. ૧/૧૨૩/૨૧૮

૭. સત્સંગમાં કોઈ વાતની ખામી નથી તો પણ કોઈક સંતને એમ રહે જે મારે ધાબળી નહિ, પત્તર નહિ ને ગૃહસ્થને એમ રહે જે મને કોઈ બોલાવે નહિ. એમ ન સમજે જે, આ બ્રહ્મસભામાં બેસવા મળે છે તે ક્યાંથી મળે? મોટા સદ્‌ગુરુને તથા નાના સાધુને ખાવા-પીવીનું સરખું ને વસ્ત્ર સરખાં તો પણ દુઃખ માને તે મનનું દુઃખ કહેવાય. મહાપ્રભુજી અક્ષરધામનું જેટલું સુખ છે એટલું બધું ય આપણા સારુ લાવ્યા છે અને પામરને પણ એ સુખ સરખું આપ્યું છે. માટે દુઃખિયા થાવું નહિ. આ તો રાજાના કુંવરને પોતાના વૈભવની ખબર નથી. દેહ ભેળા ભળવું નહિ ને પરભાવનું સુખ લેવું. દેહ તો બહુરૂપી

છે. તે એક દિવસ સાજો ને એક દિવસ માંદો. જો આપણે એના સામી દૃષ્ટિ રાખીએ તો ભગવાન ભુલાવે એવો છે; માટે દેહનો અનાદર રાખવો. ૧/૧૨૯/૨૨૪

૮. મહારાજની મૂર્તિ રાખે તો સુખિયા થવાય. આવી જબરી વાતમાં હર્ષ થતો નથી ને માયિક વાતમાં હર્ષ થાય છે એ મોટું અજ્ઞાન છે. રામપરામાં એક હરિજન ગુણબુદ્ધિવાળા હતા. તે ભવૈયા જોવા ગયા. તેમને લઘુ કરવાનું બહુ થયું પણ માર્ગ (જગા) જતો રહે એટલા સારુ ઊઠ્યા નહિ ને લઘુ ચોરણામાં થઈ ગયું. એવું તાન માયિકમાં છે. પુરુષોત્તમ ભગવાનની કથા-વાર્તામાં એવું તાન થાતું નથી એ મોટું અજ્ઞાન છે. કથા-વાર્તામાં તો જેની જેટલી સ્થિતિ થાય છે તેને તેટલો હર્ષ થાય છે. ૧/૧૩૨/૨૨૯

૯. સભામાં સર્વે સંતોએ કહ્યું જે, દેહે કરીને તો વર્તમાન યથાર્થ પાળીએ પણ અંતઃકરણમાં ઘાટ થાય તે ટાળવા અમારા હાથમાં નથી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, દેહે કરીને આજ્ઞામાં જરાએ ફેર પડવા દે નહિ તો તેના અંતરના દોષ માત્ર ટાળીને તેને બળિયો કરી દઈએ. આ તો આજ્ઞાએ પાળવી નથી ને બધું મોટા પાસે કરાવવું છે તે કેમ બને? પાત્ર તો પોતે જ થવું જોઈશે.

પછી સ્વામી નારાયણસેવકદાસજીએ કહ્યું જે, પાત્ર તો કંસારા ફૂટી ફૂટીને કરે છે માટે પાત્ર કરનારા પણ જોઈએ. ત્યારે બાપાશ્રી બોલ્યા જે પાત્ર કરનાર તો તૈયાર છે, પણ તેમનું માનવું નથી તો શી રીતે પાત્ર થવાય?

સ્વામી નારાયણસેવકદાસજીએ કહ્યું જે, અમને તો વહાણમાં બેસારી દો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, વહાણમાં બેસાર્યા કેડે પણ તેમાંથી પડતું મેલે તેને કેમ કરીએ? મહારાજ ને મુક્ત તો

સર્વેને જોઈ રહ્યા છે, પણ જીવ ભાળતા નથી તેથી આજ્ઞા લોપી નાખે છે એટલે મહારાજ ને મોટા તેને મૂર્તિનું સુખ આપતા નથી. માટે આજ્ઞા પાળવી ને માન, મદ, મત્સરાદિ સર્વે દેષ ટાળવા તો મૂર્તિનું સુખ આવે.

પછી વળી સ્વામીએ કહ્યું જે, માનાદિક દોષ તો રહ્યા છે ખરા. ત્યારે બાપાશ્રી બોલ્યા જે એ દોષ ઓળખવા ને તેની સાથે વૈર બંધાણું તો હવે એ દોષ રહેશે નહિ. મહારાજ ને મોટા સહાય કરીને નાશ કરશે, માટે વોળાવો (ભોમિયો) સારો લેવો પણ ચોરટાને વોળાવા તરીકે લેવો નહિ. ૧/૧૩૭/૨૩૮

**૧૦.** પવિત્ર થવાનો શો ઉપાય હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, જ્ઞાનેન્દ્રિયોને જ્ઞાન માર્ગે ચલાવે ને કર્મેન્દ્રિયોને કર્મ માર્ગે ચલાવે, એમ સર્વે ઇન્દ્રિયે કરીને ભગવાન સંબંધી ક્રિયા કરે તો પવિત્ર થઈ જવાય. બીજું આ બ્રહ્મસભામાં નહાય તો પવિત્ર થાય. આ બ્રહ્મઅગ્નિ છે. આ સભામાં ઝીલે એટલે જ્ઞાન ગ્રહણ કરે તો તે મૂર્તિથી ઓરો રહે નહિ. ૧/૧૪૯/૨૬૦

**૧૧.** એક હરિજન વ્યવહારે દુર્બળ હતા ને સુખે મહારાજનું ભજન કરતા. તેને વ્યવહારે દુઃખી જોઈને કોઈકે મહારાજને કહ્યું જે, હે મહારાજ! આ હરિજન બહુ સારા છે, પણ વ્યવહારે દુઃખી છે તે દયા કરો તો વ્યવહાર સારો થાય. પછી શ્રીજીમહારાજે કહ્યું જે સારું થશે, તેથી તેને બહુ દ્રવ્ય થયું. પછી તો ભગવાન ભજાય નહિ ને ખાવાની પણ નવરાઈ આવે નહિ. એક વાર તે હરિજન મહારાજનાં દર્શન કરવા આવ્યા, તેમને મહારાજે કહ્યું જે કેવા સુખિયા છો? પછી તે હરિભક્ત કહે જે, મહારાજ! સર્પના કંડિયામાં દેડકાને પૂર્યો છે તે ક્યાંથી સુખિયો હશે? ત્યાર કેડે મહારાજે તેનો વ્યવહાર હતો તેવો દુર્બળ કર્યો ત્યારે શરીરે પુષ્ટ થયો ને સુખે મહારાજને ભજવા માંડ્યો. માટે સારો વ્યવહાર પણ

હરિભક્તોએ દુઃખદાયી જાણવો. ૧/૧૫૧/૨૬૫

**૧૨.** જે જીવના હાથમાં રામપાત્ર હોય તેને બીજાના વૈભવ જોઈને એના જેવું થવાનો સંકલ્પ થાય, પણ મોટા ભક્તને જોઈને તેમના જેવું થવાનો સંકલ્પ ન થાય અને તેમના જેવું આપણે થાવું પરવડે નહિ એમ કહે. ત્યાગી થયા હોય તે પણ બીજાના પદાર્થ જોઈને પોતે ભેળા કરવાની ઇચ્છા કરે, પણ કોઈક ધ્યાન-ભજન ઝાઝું કરતા હોય તેનો વાદ ન લે, એવા જીવના અવળા સ્વભાવ છે; તે ઊતરી જાય પણ ચઢતો રંગ ન રાખે. ૧/૧૫૫/૨૭૪

**૧૩.** ભગવાનના ભક્ત સાથે કોઈ પ્રકારની આંટી ન રાખવી. વંટોળિયાને છોકરાં ધૂળ ઉડાડે ને ખાસડે મારે ત્યારે આંટી મેલી દે છે, તેમ આપણે આંટી ન મેલીએ તો શ્રીજીમહારાજ ખાસડે મારે, માટે કોઈ પ્રકારની આંટી રાખવી નહિ. શ્રીજી કે એમના ભક્ત મુકાવે તો તરત આંટી મૂકી દેવી. ૧/૧૫૭/૨૭૮

**૧૪.** આ જીવને પાંચ ભૂત વળગ્યાં છે, તેનો વિશ્વાસ ન રાખવો. ભૂજમાં સુંદરજીભાઈ હતા તેમણે પ્રવૃત્તિ ઘણી રાખી હતી. તેથી શ્રીજીમહારાજે પંદર દિવસ સુષુપ્તિ અવસ્થામાં રાખ્યા ને પ્રવૃત્તિ ટાળીને શુદ્ધ કરીને દિવ્ય દર્શન કરાવીને લઈ ગયા. ૧/૧૬૬/૩૦૬

**૧૫.** જે વર્તમાન લોપે તે જો ગૃહસ્થ હોય ને ઠાકોરજીની સેવા કરે તો તેમાં લોભાઈને તે સેવા ન લેવી. જ્યારે પ્રાયશ્ચિત્ત કરે ત્યાર પછી સત્સંગમાં લેવો, પણ પૈસાના લોભથી પ્રાયશ્ચિત્ત કરાવ્યા વિના છોડી મૂકવો નહિ. પ્રાયશ્ચિત્ત તો કરાવવું જ જો સાધુનો શિષ્ય હોય ને તે સેવા બહુ કરતો હોય, પણ તે ધર્મમાંથી પડે તો તેનો પક્ષ ગુરુએ રાખવો નહિ ને તેને પ્રાયશ્ચિત્ત કરાવવું, પણ સેવાને લોભે કરીને પક્ષ ન લેવો અને

તેના ભેળાયે રહેવું નહિ. અને આચાર્યે પણ પ્રાયશ્ચિત્ત કરવું તો શ્રીજીમહારાજ ને મુક્ત રાજી થઈને પોતાને સુખે સુખિયા કરે. જો ગાફ્લાઈ અથવા મહોબત રાખીને કોઈને કાંઈ ન કહે અને ભેળા રહે તો તેનું કલ્યાણ થાવું કઠણ છે; માટે સર્વેને પ્રાયશ્ચિત્ત કરાવવું. જે પ્રાયશ્ચિત્ત ન કરે તેનો ત્યાગ કરવો, કેમ જે એમાં ધર્મ ન હોય. ૧/૧૮૮/૩૫૪

**૧૬.** પોચા પોચા ન રહેવું. મહારાજની આજ્ઞા પાળવી ને મોટા મુક્તનો જોગ કરી અંગ ફેરવવું તે સૌ જાણે જે આમણે જોગ કર્યો, તેથી આમનું અંગ ફરી ગયું છે. સમુદ્રમાં મીઠું પાણી આવે છે તે ખારા પાણીને ઠેલીને પાછું લઈ જાય છે તેમ. આપણે આજ્ઞામાં ફેર પડવા દેવો નહિ અને આસક્તિ ટાળીને મહારાજમાં જોડાવું. દેશ-પરદેશ ફરવું ને રમવું તે સર્વે મૂકી દેવું અને ઊતરતા ભેગા ભળી જાવું નહિ. સત્સંગની લટક હાથ આવે ત્યારે જોગ કર્યો કહેવાય. ૧/૧૯૨/૩૬૨

**૧૭.** યોગ્ય-અયોગ્ય કર્મ કહ્યું તે ક્યું જાણવું? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આજ્ઞા પ્રમાણે વ્યવહાર કરે તે યોગ્ય કર્મ જાણવું. અને તેમાં આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ થઈ જાય તે અયોગ્ય કર્મ જાણવું; અને કોઈક ઉપર ક્રોધ થઈ આવે તે પણ અયોગ્ય કર્મ જાણવું અને તેનું પ્રાયશ્ચિત્ત કરવું. ૧/૧૯૩/૩૬૭

**૧૮.** અમારે કણબીમાં કોઈક્નું બાજરિયું ખવાઈ ગયું હોય તો પ્રાયશ્ચિત્ત માગે અને મહેતા તથા સોની હોય તે સિંધની કમાઈ ખાય, પણ પ્રાયશ્ચિત્ત કોઈ પૂછે નહિ. જે ચોરી ન કરે તે અક્ષરધામમાં બેસે ને જે ચોરી કરે તેનો સાંધો આવે નહિ. ૧/૨૦૩/૩૯૭

**૧૯.** ઝીણા જીવ-માખ, મગતરું, માંકડ, ચાંચડ, કીડી, મંકોડી મરે તો સ્વામિનારાયણ નામનો મહામંત્ર જપવો; અને

વીંછી, ભમરો, દેડકું, ચરકલું એવો જીવ મરે તો એક ઉપવાસ કરવો; અને તેથી મોટા જીવ મરે તો પાદકૃચ્છ વ્રત કરવું. જો નિષ્કામ, નિર્લોભમાં ચૂક પડે તો તેના પ્રમાણમાં મોટાને પૂછીને મહિનો-બે મહિના, ત્રણ મહિના, પંદર દિવસ, વીસ દિવસ ધારણાં-પારણાં અથવા ચાંદ્રાયણ વ્રત કરવું. એવી રીતે પાપનું પ્રાયશ્ચિત્ત કરે તો પછી માળા, માનસી પૂજા આદિક સાધન કરે તે ખજીને પડે ને મહારાજની મૂર્તિનું સુખ મળે, માટે પ્રાયશ્ચિત્ત કર્યા વિના ચલવવું નહિ અને પ્રાયશ્ચિત્ત ન કરે એવા પાપી ભેળા ભળવું નહિ. જે મહારાજની આજ્ઞા પાળતા ન હોય તે પાપી જાણવા ને તેમનો પક્ષ રાખવો નહિ. કેમ જે પાપીનો પક્ષ રાખે તેને યમપુરીમાં જાવું પડે. ૧/૨૦૪/૪૦૦

૨૦. આપણે તો શ્રીજીમહારાજ, આ સભા, આ સંત રાખવા. તેમાં ખોટ પડે તો જડ માયા અને ચૈતન્ય માયા પેસે. તેથી ગૃહસ્થે નિર્વાસનિક રહેવું; તો સુખિયા રહેવાય. આજ ચોખ્ખું થવાય તો મહારાજ નિવાસ કરીને રહે. માયા ઓછી કરવાને બદલે વધારે કરે એટલે એક ચામડું જાય ને વળી બીજું આવે, પણ આપણે તો અક્ષરધામની સભા ઓળખીને માયાને તજી દેવી. કહેવાયા તો સારા ને હરાયા ઢોરની પેઠે ચોરીઓ-દારીઓ કરે પણ તે સત્સંગી ન કહેવાય. માટે સત્સંગીએ મોટા પાંચ વર્તમાન અવશ્ય પાળવા. તેમ જ લોભ તજવો, કારણ કે લોભીની તથા ચોરની આબરુ જાય છે. અને અપઘાત પણ કરવો પડે છે. અમને વિસનગરના સોનીએ કહ્યું કે મને ચોરી કરવાની રજા આપો, કારણ કે બીજા સોની કરે છે તો અમે કહ્યું કે ભિક્ષા માગીને નિર્વાહ કરવો પણ, ચોરી ન કરવી. ૧/૨૫૧/૫૧૦

---

૧. એક વખત હરિભક્તો ચોક ચોખ્ખો કરતા હતા તે જોઈને બાપાશ્રી બોલ્યા જે, "નીચી ટેલ મળે તો માને મોટાં ભાગ્ય જો." મોટા સાધુની સેવા કરવી, મંદિર વાળવું, ખાડા ધોવા એ બધી નીચી ટેલ કહેવાય. ૨/૨૫/૬૮

૨. પુરુષોત્તમની મૂર્તિ સંબંધી સુખ કેવું છે તો બહુ અલભ્ય છે, બહુ આનંદ આપનારું છે, અતિશે અપરિમિત છે, પણ જીવ અલ્પજ્ઞ છે, તેથી પાત્ર થયા વગર એ સુખ જેટલું મળે તેટલે કરીને સંપૂર્ણપણું માની બેસે. પછી તેને વૃદ્ધિ પામવું એ ઘણું કઠણ છે. પણ વધારે આહાર કરનાર મોટા પાત્ર છે તે થોડું જમનારને કહે ને સમજાવે તો ય તેને તે વાત સમજાતી નથી અને તે ઉપદેશની ગરજ પણ રહેતી નથી. કેમ કે તે પોતાના ગજા પ્રમાણેના આહારમાં જ પૂર્ણપણું માની લે છે. માટે સંપૂર્ણ પાત્ર થવું જોઈએ અને સંપૂર્ણ પાત્ર થવાય તેવા મોટાનો જોગ કરવો જોઈએ. ૨/૩૨/૯૦

૩. કોઈને શિખામણ દેવી હોય તો પણ શુદ્ધ સત્ત્વમાં રહીને દેવી, તમોગુણી થઈને ન કહેવું. જેમ માબાપ છોકરાંને શિક્ષા કરે છે પણ અંતરમાં રાજીપો રાખીને. પછીથી કાંઈ ખાવાનું આપીને છોકરાંને રાજી કરે છે તેમ કરવું, પણ બીજાને ટાઢા કરવા જાય ને પોતાને બળાપો થાય અને નાના-મોટાનો અપરાધ થઈ જાય એમ ન કરવું. સત્ત્વગુણથી સમાસ થાય છે. તે શુદ્ધ સત્ત્વગુણથી થોડુંક કહે તો પણ દાબ વધારે બેસે છે. મલિન સત્ત્વગુણ એ તો માયાનો ગુણ છે, તેમાં રહીને કદાપિ ધ્યાન કરતો હોય કે માળા ફેરવતો હોય પણ માંહીથી ધક્કો લાગે ત્યારે બીજાને લડવા માંડે ને ક્રોધ આવે, માટે શુદ્ધ સત્ત્વગુણી થાવું. મલિન સત્ત્વગુણ ઉપરથી તો શાંત દેખાય છે પણ એ ત્રણે ગુણ એક જ ભાઈ છે. જેમ લીંબોળી

પાકી હોય તેને ઉપરથી ખાય તો જરાક ઠીક લાગે પણ કચરીને ખાય તો તે પણ ઝેર જેવી કડવી લાગે. તેમ ત્રણ ગુણથી જુદા રહી નિષ્કપટપણે સત્સંગ કરવો. ૨/૬૨/૧૯૪

૪. સાધુ હરજીવનદાસજીએ પૂછ્યું જે, અવળી ક્રિયા કોણ કરાવતું હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, નબળી ક્રિયામાં મહારાજ ભળે નહિ. મહારાજ તો જે શુદ્ધ પાત્ર હોય તેના ભેળા રહે ને સારી ક્રિયા કરાવે. પાત્ર ન હોય તેના ભેળા રહીને મહારાજ ક્રિયા ન કરે, તેમાં તો માયા રહીને તેના સ્વભાવ પ્રમાણે કરાવે તે મહારાજે કર્યું ન જાણવું. ૨/૪૧/૧૨૩

૫. આપણે તો સર્વે સાધનના ફળરૂપ શ્રીજીમહારાજની મૂર્તિ સામું જોઈ રહેવું એ કરવાનું છે. જીવનું ગજું કેટલું! થાંભલા વા અને વૃક્ષ જેવા પણ આપણે ન થઈએ ત્યારે શું કર્યું! મોટા મોટા સંત ખીજડા, રાયણ, લીમડા હેઠે બેસતા અને વાતો કરતા ત્યારે તે ઝાડ હસતાં. તે જડ પણ કામ કાઢી ગયાં અને મનુષ્યથી એટલું ય ન થાય. ૨/૪૪/૧૪૧

૬. બાપાશ્રી વાતો કરતા હતા ત્યાં લખમશી ભક્ત દર્શને આવ્યા ને દંડવત્ કરી ચાલ્યા, તેમને સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું કે કેમ ચાલ્યા? ત્યારે હાથ જોડીને કહે કે સ્વામી! પ્રવૃત્તિ નડે છે ખરી. તે સાંભળી બાપાશ્રી કહે, સ્વામી! ગૃહસ્થને વ્યાવહારિક પ્રવૃત્તિના કુટારા બહુ. ગૃહસ્થ હરિભક્તોને વ્યવહાર કરવો પડે પણ તે વ્યવહાર કેવો કરવો તો વ્યવહાર કરતાં થકા શ્રીજીમહારાજ સુખે કરીને સંભરાય અને કથા-વાર્તા, ધ્યાન-ભજન, માળા, માનસી પૂજા એ આદિ નિયમો બરાબર સચવાય; વ્યવહાર દેહ નિર્વાહને અર્થે કરવો તે પણ શ્રીજીમહારાજ અને મોટાની આજ્ઞા પ્રમાણે જ કરવો, પણ જે વ્યવહાર કરતે થકે મહારાજની મૂર્તિ ભુલાય તેવો વ્યવહાર ભગવાનના ભક્તને કોઈ

દહાડે કરવો નહિ અને વ્યવહારરૂપ થઈ જવાય એવા વેગે સહિત પણ વ્યવહાર કરવો નહિ. ૨/૫૧/૧૬૫

૭. મહારાજે અનંત જન્મનાં પાપ બાળવાનો સંકલ્પ કર્યો છે તેથી જીવના મોક્ષ થાય છે, નહિ તો અનંત જન્મના અપરાધ કોણ માફ કરે! આ તો કેવળ દયાના સાગર મહારાજ ને તેમના મુક્ત છે. તે ઘેર ઘેર ફરીને જીવને માયામાંથી બહાર કાઢી લે છે, પણ જીવને માયાનો ફેર બહુ ચડી ગયો છે તે મનાય નહિ. ૨/૭૦/૨૨૧

૮. બાપાશ્રીએ વાત કરી જે, ગૃહસ્થ સત્સંગી હોય તેણે ખરું કુટુંબ આ સત્સંગ જાણવો. કુસંગી દીકરો હોય તો તે પણ કુટુંબ ન કહેવાય. તેમ સગાનું પણ જાણવું. બીજા દેહનાં સગાંથી આખું બ્રહ્માંડ ભર્યું છે. તેનો કાંઈ પાર આવે તેમ નથી. એક બાપના દીકરા તે તો સત્સંગી જ કહેવાય. મહારાજ સર્વેના બાપ છે એમ જાણવું. ૨/૯૩/૨૯૩

૯. આપણે સૌને શિક્ષાપત્રી પ્રમાણે વર્તવાનું છે. તેથી કોઈ આઘું-પાછું વર્તવાનું કહે અને વચનમાં વર્તે નહિ, તો તેનો વિશ્વાસ ન કરવો. જો આપણે કરવા માંડીએ તો મહારાજ અને મોટા સહાયમાં ભળે છે. ભગવાનના ભક્તને તો ભગવાનમાં દૃઢપણે વર્તવું, એ વિના ચાલશે નહિ. ૨/૯૪/૨૯૭

૧૦. બાપાશ્રી બોલ્યા જે, આપણે ભગવાનના ભક્તને એમ વિચાર કરવો જે હું ભગવાનનો ભક્ત છું, તે મારે જગતના જીવની પેઠે શી રીતે વર્તાય? આપણે તો ભગવાનને અને મોટા મુક્તને રાજી કરવા છે તથા અખંડ અલૌકિક સુખને પામવું છે, માટે જગતના જીવની સમજણ ક્યાં! અને આપણી સમજણ ક્યાં! એવો વિચાર કરી જગતના જીવના ક્રિયાને વિષે હર્ષ-શોક ન કરવો અને એમ વિચારવું જે જગતના જીવ ઘણા પ્રકારનાં

સુખ-દુ:ખને પામે છે. તો પણ પોતાના સ્વભાવને મૂકતા નથી; તો હું તો શ્રીજીમહારાજનો દાસ છું તો મારો સ્વભાવ જે શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ ભોગવવું તેને કેમ મૂકું?

**૧૧.** બાપાશ્રી બોલ્યા જે, મહારાજ તથા મોટાને પોતાના સુખમાં જીવને લઈ જવા છે, ને પોતાના જેવા કરવા છે, માટે પુરુષપ્રયત્ને કરીને જડ-ચૈતન્ય માયાનો ત્યાગ કરે, આજ્ઞામાં ખબડદાર રહે અને વૈરાગ્ય, આત્મનિષ્ઠા, શ્રદ્ધા, અહિંસા ધર્મ અને બ્રહ્મચર્ય એ પાંચ સાધને કરીને યુક્ત થાય ત્યારે મહારાજની કૃપા થાય ત્યારે તે ભગવાનના તુલ્યપણાને પામે ને શુભ-અશુભ કર્મથી બંધાય નહિ. એમ સ્વતંત્ર થાય છે ને મૂર્તિમાં લીન એટલે મહારાજનાં અંગોઅંગમાં રસબસ રહે છે. એવા મુક્તની સામર્થી મહારાજે રોકી રાખી છે તેથી જાણતા થકા અજાણતા રહે છે, પણ એ સર્વત્ર જાણે છે. ૨/૧૦૪/૩૩૦

**૧૨.** ખોટા ખોટા સંકલ્પ અને મલિન ઘાટ થાય કે તરત તેના ઉપર ખોટા કરી નાખવાના વિચાર ઊપડે તો તે ક્યાં સુધી રહે! જેમ દુશ્મન માથું ઉપાડે કે તરત તેના ઉપર ઘણનો ઘા થાય તે કેટલું નભે! ન જ નભે, મરી જાય. તેમ તેવા ઘાટ-સંકલ્પ વિચારે કરીને ટાળી નાખવા. ૨/૭૧/૨૨૫

**૧૩.** બાપાશ્રીએ વાત કરી જે વ્યાવહારિક શબ્દ મરચા-મીઠાંને ઠેકાણે વાપરવા અને ભગવાન સંબંધી શબ્દ તે તો પકવાનને ઠેકાણે જાણવા. અવશ્ય જરૂર હોય તેટલું જ બોલવું તેમ જ ક્રિયા કરવી અને જમવાનું ઝાઝું હોય પણ મરચું-મીઠું તો તેમાં ચપટીમાં લઈને જ નખાય તથા જોઈતું-જોઈતું વપરાય અને પકવાન તો પેટ ભરીને જમાય; તેમ ભગવાન સંબંધી ધ્યાન, કથા, વાર્તા, કીર્તન, ભગવાનની લીલા, ચરિત્ર, ભજન, સ્મરણ જે થાય તેટલું શ્રદ્ધા રાખી કર્યા કરવું. વ્યવહાર સંબંધી કાર્ય તો

પોતાને અવશ્ય અને જરૂર જેટલું જ કરવું અને તેટલું જ બોલવું. કેમ કે તે ભગવાનના માર્ગમાં વિઘ્નરૂપ છે. આપણે સત્સંગમાં શું કરવા આવ્યા છીએ? તો અનાદિમુક્ત છે તેમનો જોગ-સમાગમ કરવો. એ અવશ્ય કરવાનું છે તે કરી લેવું અને વચલો જે વ્યવહાર છે તે ખોટી કરે તેવો છે, માટે તેમાં ક્યાંય રોકાઈ જવું નહિ. ૨/૭૫/૨૩૩

**૧૪.** આ જીવને સર્વે કામ પુરુષપ્રયત્નથી થાય તેમ છે, પણ પુરુષપ્રયત્ન વિના કાંઈ બને નહિ. તે કરવાની શ્રદ્ધા નથી ને નકરી કૃપા જોઈએ છીએ પણ પાત્ર થશે તો એની મેળે જ કૃપા થશે. જ્યાં સુધી આ લોકની મોટપ, માન, સ્વાદ મહોબત એ બધું ય રાખે તો ક્યાંથી પાત્ર થવાય? આવાં વચન સાંભળે ત્યાં સુધી ઠીક રહે અને પછી કાંઈ ન મળે, માટે આપણે જરૂર કરવું પડશે છૂટકો નહિ થાય. એમ જાણીને મંડી પડવું તો મહાપ્રભુનું અચળ, અનાદિ ને સનાતન સુખ લેવાય. પ્રથમ મોટા સદ્‌ગુરુઓએ કેટલાંક દુ:ખ સહન કર્યાં છે; તો આજે અચળ અનાદિ ને સનાતન સુખને પામ્યા છે. તેની આપણે વાતો કરીએ છીએ, પણ ટાણું આવે ત્યારે પાછું કાંઈ ન મળે. નહિ તો આવા વચનની સેડુંમાં જીવ ઊતરી જાય ને સૂકા હાડકાં જેવું લૂખું થઈ જવાય, પણ માંહી ઊતરતું નથી. માટે પાત્ર થવા પુરુષપ્રયત્ન જરૂર કરવો પડશે. જો તળાવમાં પાણી નિર્મળ, શાંત ભરેલ હોય તો સૂર્યને કહેવું પડે નહિ જે મારા ઉપર દયા કરો, એ તો એની મેળે જ માંહી દેખાય. લાખો-કરોડો ગાઉ ઉપર સૂર્ય છે પણ સહેજે એમાં દેખાય છે અને જરાક પાણી ડોળાય તો ન દેખાય; માટે પાત્ર થવું. કામ, ક્રોધ, લોભ, મોહ, સ્વાદ એમાં તણાવું નહિ. તેનો ખટકો ન રાખે તો ખોટ બહુ આવે. આ દેહ અંધો ઘોડો છે તે ક્યાંય ફગાવી નાખે, એમ જાણી જાણપણારૂપ

ભગવાનના ધામના દરવાજામાં રહીને ભગવાનની મૂર્તિમાં જોડાઈ જવું તો સુખિયા થવાય, નહિ તો આ લોકમાં નકરું દુઃખ જ છે, ક્યાંય સુખ નથી. ૨/૭૬/૨૩૬

**૧૫.** આપણા ઉપર કોઈ દ્વેષ રાખતા હોય પણ તેને જો આપણા જેવું કામ પડે તો તેના કૃત્ય સામું જોવું નહિ. આપણાથી બને તેટલું તેનું સાચા દિલથી સારું કરવું. એવી ભગવાનના ભક્તની રીત છે. ૨/૭૮/૨૪૪

**૧૬.** એક હરિભક્તે ચરણારવિંદનું માહાત્મ્ય જાણીને સતં પાસેથી ચોરી લીધાં. તે સારા હરિભક્ત ગણાતા હતા પણ એમ વિચાર ન થયો જે હું ચરણારવિંદનું માહાત્મ્ય જાણું છું પણ જેનાં આ ચરણારવિંદ પાડેલાં છે તેનું તો માહાત્મ્ય કાંઈ સમજાણું નહિ અને ઊલટું કુરાજી થાય એવું ચોરીનું કર્મ કર્યું, માટે એમ કોઈએ ન કરવું. ૨/૭૯/૨૪૪

**૧૭.** સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, જુઓને! સત્સંગમાં કેવા ચમત્કાર થાય છે! તેનું કારણ ભગવાન ને મોટા મુક્ત સત્સંગમાં પ્રત્યક્ષ બિરાજે છે. એ મહારાજની બહુ દયા છે, આપણે તેમને રાજી કરવા. ભગવાને તો આ સમે બહુ સામર્થી જાણવી છે. હજારો ને લાખો પરચા થાય છે. જ્યાં જોઈએ ત્યાં સ્વામિનારાયણ દેખાય. આવી સભામાં બેઠા હોય તો પણ ચોરીઓ કરે તે ચોરી દેહની, મનની ને જીવની. ખલ્લાં (જોડાં) જડે તો ય કરે. ભગવાને હાથ આપ્યા, પગ આપ્યા, આંખો આપી, કાન આપ્યા, સત્સંગનો જોગ આપ્યો તો ય જીવ કૃતઘ્ની થાય ને જન્મ ખરાબ કરી નાખે એવા પણ જીવ હોય છે. આપણે તો બહુ ખટકો રાખવો. નાનું-મોટું પાપ થઈ જાય તો પ્રાયશ્ચિત્ત કરી નાખવું. આવી દિવ્ય સભામાં કોઈ હાથ જોડીને કહે જે હે મહારાજ! હે ભગવાન! હું તમારો ગુનેગાર

છું. મારા ઉપર રાજી થાઓ, મારાથી આવી ભૂલ થઈ ગઈ, એમ કહે તો તત્કાળ મહારાજનો રાજીપો થઈ જાય અને દોષ માત્ર ટળી જાય. જો અજાણે કાંઈક દોષ થઈ જાય તો મોટાને પૂછીને તે જે કાંઈ પ્રાયશ્ચિત્ત દેખાડે તે તરત કરી નાખવું, પણ અભડાયેલ ન રહેવું. આવી સભામાં બેસીને પોતાનું પૂરું કરી લેવું. દેહનો નિરધાર ક્યાં છે? અમે એક હરિભક્તને ઘેર ગયેલ, ત્યાં છોકરો બહુ માંદો હતો તે રાડ્યો પાડીને કહેતો જે, હું મરી જાઉં છું, મરી જાઉં છું, આવું દેહનું કામ છે. "મરના મરના સૌ કહે મરી ન જાણે કોઈ, બ્રહ્માનંદ કહે એસા મરના ફેર જન્મ ન હોઈ." આવી અવસ્થામાં અને આવા સમયમાં ભગવાન ન ભજાય તો ખોટ ટળે નહિ. આપણને તો લાભ બહુ મોટો મળ્યો છે, માટે થોડા જીવતરમાં કોઈએ ખોટનો વેપાર ન કરવો. જીવ તો ખાનપાન અને વિષયમાં ભરાય તો નીકળી ન શકે ને વિષયમાં ખૂંચે ને ખોટા ઘાટ થાય. માટે ભગવાનના ભક્તને બહુ બીતા રહેવું. કામ, ક્રોધ ને માન આદિ બહુ ભૂંડા છે. મોટા મોટાને ફગાવી નાખ્યા છે. સત્સંગીએ એ સર્વે વિચારવું. બાળપણામાંથી પાધરી વૃદ્ધ અવસ્થામાં જવું. તરુણ અવશથા આવે તો ન કર્યાંનાં કામ થાય. તે શું? તો છાનાં કામ કરે, ધર્મ લોપે, તેમ કરતાં જીવતર બગાડી નાખે. બહાર ફરતાં શીખે એમાંથી સંગદોષ લાગવા માંડે; તેનો વિચાર ન હોય તો ક્યાંય જતું રહેવાય. અહીં કેવી સભા છે પણ આવી સભા મૂકીને કેટલાક બીજે જાય અને વિચાર ન રાખે તો થઈ રહ્યું. નબળા માણસ સાથે ભાઈબંધી કરે અને જે તે ખાય, પછી ભગવાન ભજવાનું પણ વીસરી જાય. આ બધું ય જડમાયા માટે થાય છે. આપણે તો ખરાબ માણસ સાથે સહિયારો વેપાર પણ ન કરવો ને ભગવાનને રાજી કરવાનું તાન રાખવું. ૨/૮૨/૨૫૩

૧૮. મહારાજે પોતે ભક્તિ કરી તે આપણને શીખવવા માટે એમ જાણવું. મૂર્તિ સંભારતાં જે જે વિઘ્ન આવે તેને મૂર્તિના બળે ટાળી નાખવાં. હાલતાં, ચાલતાં, સુખમાં, દુઃખમાં મૂર્તિ સંભારવી. માયાના ગુણને ગરવા દેવા નહિ. માન-અપમાન થાય કે ત્રણ ગુણનું પ્રધાનપણું થાય ત્યારે ગુણ વ્યાપે તેથી ખબર રહે નહિ, પરંતુ એ ગુણને ઓળખીને કાઢી નાખવા; ખાવું-પીવું, પહેરવું-ઓઢવું, તેમાં રુચિ રહે તે રજોગુણ અને અંધધંધ જેવું વર્તે તે તમોગુણ તથા ગરીબ રાંક જેવા થઈ રહેવાય તે સત્વગુણ. એ માયાના ગુણ થકી રહિત થાવું. ૨/૮૩/૨૬૨

૧૯. શ્રીજીમહારાજ સત્સંગમાં બિરાજે છે ને જુએ છે. આવા ભગવાન, આવા સંત, આવો ધર્મ ધુરંધર માર્ગ, અષ્ટસિદ્ધિ, નવનિધિ એ બધું ય છે. તો પણ જીવને ગમે તેમ વર્તવું અને મોટા પુરુષનાં વચન મનાય નહિ તથા મહારાજની આજ્ઞા પળે નહિ એટલું દુઃખ છે. આ સત્સંગમાં શા માટે ભેગા થયા છીએ? મોક્ષને માટે કે બીજાને માટે? શ્રીજીમહારાજના સિદ્ધાંત અને આજ્ઞા પ્રમાણે ગૃહસ્થને તથા ત્યાગીને વર્તવું તો દુઃખિયા થવાય નહિ. સત્સંગમાં પડ્યા હોય ને ઇન્દ્રિયોને લાડ લડાવ્યા કરતા હોય, તે શોભે નહિ; કેમ કે ઇન્દ્રિયો તૃપ્ત થાય એવી નથી. ૨/૮૮/૨૭૫

૨૦. મહારાજ કહે છે કે સત્સંગ દિવ્ય છે, માટે સૌના ધર્મ સહુએ સંભારવા. સત્સંગ સમુદ્ર જેવો છે તે આજ્ઞા પ્રમાણે ન વર્તે તો મડદું બહાર કાઢી નાખે. મોટા મોટા સંત જે રસ્તો બાંધી ગયા છે તે રસ્તે આપણે ચાલવું, નહિ તો મહારાજ છેટા થઈ જાય. શ્રીજીમહારાજની સન્મુખ દૃષ્ટિ રાખવી. મહારાજ દિવ્ય છે. જરા પણ આજ્ઞા લોપીશ તો તે કુરાજી થશે એવું જાણપણું નિરંતર રાખવું. ૨/૮૮/૨૭૬

૨૧. બાપાશ્રી બોલ્યા જે, સૌને માથે ઠેક દઈને પુરુષોત્તમનારાયણ પાસે પહોંચવું, પણ માન આદિક દોષ નડતા હશે તો છેટું ઘણું થઈ પડશે. જીવને અહંમમત્વ ન રાખવો. આ લોકની બીક લાગે પણ સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં અખંડ બિરાજે છે તેમની બીક ન લાગે એ કેવડું બધું અજ્ઞાન! ૨/૮૯/૨૭૭

૨૨. બાપાશ્રી વાત કરી જે, જીવને મોટો કુસંગ તો આ દેહનો છે તે દેહભાવ ટળવો કઠણ છે; એ તો કર્મની કોટડી છે. તે દેહને લઈને જીવને ઘણા જન્મ ધરવા પડ્યા છે, પણ તેનો ઊંડો અભાવ થતો નથી ને મોઢેથી દેહ નાશવંત છે, અસત્ય છે, દુઃખરૂપ છે એમ બોલાય છે ને બીજાને સમજાવાય છે, પણ પોતાને એ વાત પૂરી સમજાણી ન હોય. ની ખબર કેમ પડે? તો હમણાં પડખેથી સર્પ નીકળે તથા ઘર સળગ્યું હોય ને ફરતી ઝાળું નીકળતી દેખાય તે વચમાં પોતે રહી ગયો હોય અથવા પોતે વહાણમાં બેઠો હોય ને દરિયામાં સઢ ભાંગે ને વહાણમાં પાણી ભરાવા માંડે તે વખતે સમજણની ખબર પડી જાય. ૨/૧૨૨/૩૭૯,૩૮૦

૨૩. બાપાશ્રી પૂજા કરીને શિક્ષાપત્રીનો પાઠ કરતા હતા, તે વખતે હરિભક્તો પ્રત્યે એમ બોલ્યા જે, આ શિક્ષાપત્રી મહારાજે લખી તે આચાર્ય, સંત, બ્રહ્મચારી, પાર્ષદ, હરિભક્તો, બાઈ, ભાઈ સર્વેને પાળવાની છે. તેને મહારાજે પોતાનું સ્વરૂપ કહ્યું છે. મહારાજના આશ્રિત હોય તે સર્વે એમાં લખી આજ્ઞા પ્રમાણે રહે. ખરા સાધુ કે ખરા હરિભક્ત પણ એને જ કહેવાય. આજ્ઞા-પારાયણ અંગ હોય તેને વચન-નિવાસી કહ્યા છે. મહારાજ એવા ભક્ત ઉપર અતિ પ્રસન્ન થાય છે, પણ જો એ માંહેલું એકે વચન લોપે તો રાજી ન થાય. માટે અધિકાર, મોટાઈ આદિમાં

લેવાઈ કોઈએ વચનનો લોપ ન કરવો. ૨/૩૦/૩૯૬

૨૪. આજ મહાપ્રભુજી તથા મુક્ત કૃપાસાધ્ય છે, તે જેમ રાજાને ભાવથી એક એરંડાકાકડી (પોપૈયો) આપે તેમાં રાજ્ય સોંપી દે; તેમ આપણે આજ્ઞા પાળીએ તો એરંડાકાકડી આપ્યા જેટલું છે, તેમાં મૂર્તિનું સુખ આપી દે.

૨૫. જ્યારે વાત થાય ત્યારે એમ જાણે જે આ તો બીજાને માટે થાય છે, પણ પોતાને માથે તાણી લેતો નથી. જો પોતાને માથે તાણી લે તો દોષ માત્ર નાશ થઈ જાય ને મૂર્તિનું સુખ આવે.

૨૬. આજ્ઞા પાળે નહિ ને વાસના ટાળે નહિ તેને નવ મહિનાની કેદ મળી ને નીચે જઠરાગ્નિ બળે ને હેરાન થાવું પડે, એ મોટું લાંછન છે, તે સર્વેએ પોતપોતાનું તપાસવું.

૨૭. મહારાજ કહે છે કે આજ્ઞા પાળે તો અમે વગર બોલાવે આવીએ, માટે આજ્ઞા પાળવી, પણ એમ ન જાણવું જે એ હતા ત્યારે હતા ને હવે નથી. જો એમ જાણે તો આજ્ઞા લોપાય, માટે સદાય સાથે છે એમ જાણવું.

૨૮. સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, આવો જોગ મળ્યો તો પણ આળસ ને પ્રમાદ કેમ રહેતા હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, પ્રથમ તો નિશ્ચયમાં કસર છે ને બીજી મહિમામાં કસર છે ને ત્રીજી શ્રદ્ધા ઓછી છે, તેથી આળસ ને પ્રમાદ રહે છે.

(૧૪)

# આમ વર્તે તે સાધુ પુરુષ

ઘાટ ઊપજે તેને સમાવે તે
સંત ને ન ઊપજે તે ભગવંત

૧. ધર્મામૃતમાં બારસ અને પૂનમ એ બે દિવસે પાકી રસોઈ લેવી એમ કહ્યું છે તેનું સાધુઓએ કેમ કરવું?

બાપાશ્રી બોલ્યા જે, સંતને શ્રીજીમહારાજની ઈચ્છાથી જે મળે તેનો શ્રીજીમહારાજને થાળ કરી જમાડવા. પછી પાણી મેળવીને (એરંડિયા જેવું કરીને) મહારાજને સંભારીને એક વાર જમવું. બીજી વાર જમવું નહિ. ડબા ભરી રાખવા નહિ. ભાતું તો ક્યારેક લાંબી મજલ કરવાની હોય ને અવશ્ય લેવું પડે એવું હોય તો લેવું. પોતાના હાથે થાળ કરીને શ્રીજીમહારાજને અને સંતને રસોઈ કરીને જમાડે તો મહાપ્રભુજી રાજી થાય. પણ બેસી રહ્યામાં કાંઈ સુખ મળે નહિ. કદાપિ બ્રાહ્મણ પાસે રસોઈ કરાવવી પડે તો શ્રીજીમહારાજનો આશ્રિત હોય ને શુદ્ધ આચારવાળો પવિત્ર હોય તો તેના હાથની કરેલી જમવી, પણ તેવા સત્સંગી ન હોય તેના હાથનું ખાવું નહિ. ૧/૧૦/૨૮

૨. જે સાધુ વર્તમાન ન પાળતા હોય તેના હાથનું ખાવું પડે તો કેમ કરવું?

બાપાશ્રી બોલ્યા જે, એવા હોય તો નોખી પંક્તિ કરવી પણ તેના હાથનું ખાવું નહિ. ૧/૧૦/૨૮

૩. મૂળીમાં સાધુ બાલકૃષ્ણદાસજી બહુ મોટા સાધુ છે અને ત્રણે અવસ્થામાં શ્રીજીની મૂર્તિમાં રહે છે ને સર્વેને દિવ્ય જાણે છે ને સર્વેનો ગુણ લે છે. અવગુણ કોઈનો લેતા નથી અને ધ્યાન-ભજન કરે છે. આ સભામાં મધ્યસ્થ શ્રીજીમહારાજ વિરાજે છે અને ચારેકોરે સર્વે મુક્ત બેઠા છે એવી આ સભા છે. તેને વિષે મનુષ્યભાવ આવે ને તેને મૂકીને (ત્યજીને) બહાર જાય તો તે મહાદુઃખ, ભૂખ અને મારનો ભોકતા થાય ને જીવનો નાશ થઈ જાય. માટે ભલા થઈને તમે સૌ પણ સત્સંગ દિવ્ય જાણજો. કદાપિ આ દેશમાં ન બને તો વરતાલમાં જાવું અને વરતાલમાં ન બને તો આ દેશમાં રહેવું. એટલા માટે શ્રીજીમહારાજે બે દેશ કર્યાં છે, તે જેને જ્યાં સાનુકૂળ પડે ત્યાં તેણે રહેવું ને સુખે ભગવાન ભજવા. બેમાંથી એકેય દેશમાં મૂળ મંદિરમાં ન બને તો એક ગામના હરિમંદિરમાં પડ્યા રહેવું અને તે ગામનો જે ધર્માદો આવે તે મૂળ મંદિરમાં પહોંચાડવો. આ વખતે કળીનું બળ વિશેષ છે. તેથી દરેકનો ધર્મ ઘણો ઓછો થઈ ગયો છે ને જડ અને ચૈતન્ય માયામાં લેવાઈ ગયા છે તે જાળવજો. ૧/૪૦/૮૧

૪. ત્યાગીને ધર્મામૃત સામું જોવું. લેશમાત્ર શ્રીજીની વચનમાં ફેર પાડવો નહિ. આગળ તો મોટા મોટા સંત હતા તેમને જડ ચૈતન્ય માયામાં તો ફેર જ નહોતો. સ્વાભાવિક ભૂલ કોઈકમાં હોય તે એક બીજાને વાતો કરીને તે ભૂલ ટાળતા. હવે તો સુગરી વાંદરાને શિખામણ દેવા ગઈ તો વાંદરે સુગરું તોડી નાખ્યું. તેમ કોઈ શિખામણ દેવા જાય તો પાધરવા મારવા જ માંડે છે.

કેટલાક સાધુઓ છે તે કોઈ ધર્મવાળાની મોટાઈ દેખી શકે એવા નથી. એવું બગડી ગયું છે. તે તમ જેવા મોટા મોટા ધર્મવાળા સંતો છો ત્યાં સુધીમાં સુધારો કરો તો સારું. કેટલાક ખેતીવાડી કરવા પણ મંડી પડ્યા છે. તો અમદાવાદ, મૂળી, ગઢડા, વરતાલ, જૂનાગઢ આદિના મોટા મોટા મળીને ધર્મામૃત પ્રમાણે સૌ વર્તે એવો બંદોબસ્ત કરો તો સારું. લોકો પોતાની નાતોમાં કેટલાક સુધારા કરે છે તેમ તમે સંતો મળીને સત્સંગમાં કરો તો સારું. નહિ તો વધારે બગડશે. ૧/૪૧/૮૩

૫. બીજું બધું થાય પણ સાધુ થાવું એ ઘણું કઠણ છે. એ તો ધર્મામૃત પ્રમાણે વર્તીને કામ, ક્રોધ, લોભ, માન, મત્સર આદિક દોષ ટાળીને આત્માને વિષે મૂર્તિ સિદ્ધ કરે ત્યારે સાધુ કહેવાય, પણ ભગવે લૂગડે સાધુ ન કહેવાય. ૧/૪૭/૮૯

૬. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, એક સમયને વિષે સદ્દગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ મને તથા લક્ષ્મીરામભાઈને પૂછ્યું જે, તમે બે ય મુક્ત છો; તે અમોએ એક માસથી સાધુ કર્યા છે. તેમના ભેળા જેમ અમારાથી ચલાય તેમ તમારા ભેળા ચલાય કે નહિ?

ત્યારે અમોએ કહ્યું જે, આ લોકમાં સત્સંગનું ધોરણ છે, પણ શ્રીજીમહારાજ આગળ ગુનેગાર નહિ. મુક્ત તો એકલા હોતા જ નથી. અકેકા મુક્તમાં શ્રીજીમહારાજ તથા અનંત મુક્ત રહ્યા છે. તે ભક્તચિંતામણિના ૫૨મા પ્રકરણમાં પરમહંસનાં નામ કહ્યાં છે, તેમાં "એક એક નામમાં માનો મુનિનાં વૃંદ છે"; એમ કહ્યું છે. તે શ્રી મુક્તાનંદ સ્વામીને વિષે શ્રી ગોપાળાનંદ સ્વામી તથા શ્રી બ્રહ્માનંદ સ્વામી તથા શ્રી નિત્યાનંદ સ્વામી આદિક અનંત મુક્ત રહ્યા છે. તેમ જ શ્રી ગોપાળાનંદ સ્વામીને વિષે પણ અનંત મુક્ત રહ્યા છે તેમ જ એક એક મુક્તને વિષે અનંત અનંત મુક્ત

રહ્યા છે. માટે એકેકા નામમાં મુનિનાં વૃંદ રહ્યાં છે એમ કહ્યું છે. માટે તમો તો એકલા હો જ નહિ. તમારી મૂર્તિમાં શ્રીજીમહારાજ તથા અનંત મુક્ત રહ્યા છે તેથી તમે એકલા નથી. સર્વે ભેળા છે તો પણ શ્રીજીમહારાજની આજ્ઞા છે જે બે સંતે ભેળા ચાલવું, માટે સંત ભેળા જ ચલાય અને પાર્ષદ ભેળું પણ ચલાય. કોઈકને ઘેર જવું હોય તો પાંચ સંત વિના ન જવાય ને મુક્તદશાને પામ્યા હોય ને શ્રીજીમહારાજની મૂર્તિ અખંડ દેખતા હોય પણ સાધુને વેષે ન હોય તો ભેળું ન જવાય ને એકલા પણ ન ચલાય. ૧/૮૪/૧૫૨

૭. આ સત્સંગમાં શ્રીજમહારાજના સંત છે તે ફૂલવાડી છે. તેમાંથી સુંગધરૂપી ગુણ લેવા ને પોતાની ખોટ જોવી. સાધુ તથા સત્સંગી કહે તે મનાય તો બહુ સુખિયું થવાય. સાધુ થયા હોય ને ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ, શિક્ષાપત્રી, તેનું અનુસંધાન રાખે નહિ, તો તે સાધુ ન કહેવાય. જો મહારાજનું અને મોટાનું અંતર્યામીપણું જાણીને તેમની આજ્ઞામાં યથાર્થ વર્તે તો સાધુ કહેવાય. મહારાજે કહ્યું છે જે, "જ્ઞાની મારો આત્મા, મેં જ્ઞાની કો પ્રાણ", મહારાજને અને મુક્તને જુદાપણું નથી એમ. ૧/૮૭/૧૬૦

૮. સાધુએ ઝોળીનું અન્ન જમવું તે ઉપવાસી કહેવાય અને પત્તરમાં બધું ભેળું કરીને તેમાં પાણી નાખીને જમે તે ગોળા જમ્યા કહેવાય. અને જુદું જુદું જમે તે સ્વાદિયો કહેવાય. નાના પ્રકારના રસ પ્રાપ્ત થાય તો પણ યોગ્ય હોય તેટલું જ જમવું અને થાળ કરવો તે શ્રીજીમહારાજને રાજી કરવા સારુ કરવો, પણ પોતાની આસક્તિથી કરવો નહિ. જો રસમાં આસક્તિ હોય તો કોઈક સારાં ભોજન જમાડે તેનો ગુણ આવે ને કોરા રોટલા આપે તેનો અવગુણ આવે, માટે આસક્તિ ન રાખવી. આ વાત જીવમાં પેઠી હોય તો જેવું તેવું મળે તેમાં આનંદ થાય ને સારા

વિષય મળે તેમાં ઉદાસ થવાય. ઘાટ ઊપજે તેને સમાવે તે સંત કહેવાય ને ન ઊપજે તે ભગવંત એટલે ભગવાન જેવા કહેવાય. જ્યારે-ત્યારે ચોખ્ખું થયા વિના છૂટકો નથી. ૧/૯૮/૧૭૪

૯. આ સત્સંગમાં આવીને સ્ત્રી-દ્રવ્યમાં આસક્ત થાય ને લોકોનો માર ખાય તે પોતાનુંએ બગાડે અને બીજાનુંએ બગાડે. આ લોકમાં હરાયાં ઢોરાંને ટોકરો બાંધો છે તે ખણખણાટ થાય છે, માટે હરાયા ઢોર જેવું થાવું નહિ. કેટલાક દ્રવ્ય રાખે છે ને ચૈતન્ય માયામાં બગડે છે. આ સત્સંગમાં અષ્ટસિદ્ધિ ને નવનિધિ હાજર છે. ઓ કહે છે કે મને લો, ને ઓ કહે છે કે મને લો, તો પણ દ્રવ્યરૂપી પાપ રાખે છે, તેનું તો ધર્મામૃતમાં શ્રીજીએ લખ્યા પ્રમાણે પાપ લાગે છે. દ્રવ્ય તો કાળા નાગ જેવું છે. તે સોડ્યમાં લઈને સૂએ તો કરડ્યા વિના રહે જ નહિ; માટે મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું, જેથી મહારાજ રાજી થાય. મહારાજની આજ્ઞા લોપીને પાપ ભેળું કરે તે પાપમાં કાંઈ નહિ વળે. એ પાપ તો ફગાવી દેવું અને ધોતિયાં કોઠારમાં દેવસેવામાં આપી દેવાં ને મૂર્તિ રાખવી. એ પાપને સંભારે તો પણ મુખ ગંધાય એવું છે. કોઈક સાધુ યાત્રાએ જાય તેને ખાતરી કરીને ટિકિટ કરાવી આપવી, પણ જે ઘણા પાસેથી લેતો હોય એવી ખબર પડે તો ટિકિટ પણ કરાવી આપવી નહિ. સાધુએ તો પ્રગટની જ યાત્રા કરવી. ૧/૧૦૨/૧૮૫

૧૦. જીવ જ્યારે સંસારમાંથી ઉદાસ થાય છે અને સાધુ થવાનો વિચાર કરે છે ત્યારે એવો ઠરાવ કરે છે જે ઝોળી માગી ખાશું, સાધુની સેવા કરીશું, ધ્યાન-ભજન કરીશું અને સાધુનો સમાગમ કરીશું. જો એવો ને એવો ઠરાવ દેહપર્યંત રહે તો કાંઈ વાંધો જ ન રહે. એવો ઠરાવ રાખવો પણ પૂજા, પ્રતિષ્ઠા, પદાર્થ એ આદિકનો ઠરાવ ન કરવો. કથા કરવા ગયા ને સો-બસો

ધોતિયાં લાવ્યા અથવા ધર્માદો ઘણો લાવ્યા કે કોઈક હરિજન પાસે સેવા કરાવી. તે સર્વેએ એમ જાણવું જે આ બધું શ્રીજીમહારાજને આપે છે, પણ આપણને કોઈ ન આપે; કેમ જે મહાપ્રભુજીને આગળ રાખીએ તો આપણને આપે પણ મહાપ્રભુજીને મૂકી દઈએ તો આપણને કોઈ ઊભા રહેવા દે નહિ. પૂજા, પ્રતિષ્ઠા સર્વે મહાપ્રભુજીની થાય છે પણ આપણને કોઈ પૂજતું નથી એવો ઠરાવ રાખવો. "માન મૂકે માન મળે, માન રાખે માન જાય." ૧/૧૦૬/૧૯૨

**૧૧.** કચરો ને કંચન સમ જાણે ત્યારે સાધુ કહેવાય. સાકર ને મીઠું સમ થઈ ગયાં હોય તેણે પણ નિષ્કામશુદ્ધિને ધર્મામૃતમાં ફેર પાડવો નહિ તો જ મૂર્તિનું સુખ આવે ને તે જ પૂરો સાધુ કહેવાય. આજ્ઞામાં વર્તે ને વર્તાવે ને ઠરાવ સર્વે મેલાવે એવાનો સંગ સદા રાખવો. પણ જીવને એ ઘણું કઠણ પડે છે. મોટાનો સમાગમ કરે પણ શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વર્તે નહિ. તે મોટાને ખોટ દે છે. જૂનાગઢમાં નેવું લોટિયા (લોટ પીને રહેનારા) હતા. તેમણે આજ્ઞા લોપીને સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને ખોટ દીધી. આજ પણ કેટલાક સત્સંગ બહાર પડીને સત્સંગના નોર બહાર વર્તીને સ્વામીશ્રીને વગોવે છે. તમો સમાગમ કરવા આવો છો તે કોઈ મહાપ્રભુજીની આજ્ઞા લોપી ને અમને ખોટ આપશો નહિ. આપણા મોટેરા ગોળા જમતા ને ક્યારેક અન્ન મળતું નહિ ત્યારે ઉપવાસ કરતા અને અતિ ક્ષુધા લાગી હોય ત્યારે તળાવમાંથી મૃતિકાની કપોટીઓ ખાતા. તમારે પણ તેમના ભેળા બેસવું છે, માટે કોઈ ચાળે ચઢી જાવું નહિ. ત્યાગી થવા નીકળ્યા તો દેહના સુખને ઇચ્છવું નહિ અને સ્વભાવમાં ને સિદ્ધિઓમાં બંધાવું નહિ. સ્વભાવ, સિદ્ધિઓ, જડ, માયા, ચૈતન્ય માયા, માન, ક્રોધ એ આદિકમાં બંધાઈ રહે તો મૂર્તિ સુધી પહોંચી શકાય નહિ.

જેમ ઘોડાને પછાડી બાંધી હોય તે તૂટે નહિ ત્યાં સુધી એ ક્યાંય જઈ શકે નહિ. તેમ એ પછાડીઓ નહિ તોડો તો મૂર્તિ સુધી પહોંચાશે નહિ. ૧/૧૩૫/૨૩૪

**૧૨.** એકલા છીએ એમ ન જાણવું. શ્રીજીમહારાજ તથા અનંત મુક્ત મારા આત્માને વિષે વિરાજમાન છે એમ જાણીને સદા આનંદમાં રહેવું. પ્રથમ એક એક સંત વિચરવાની આજ્ઞા હતી. તે સંતના ભેળા શ્રીજીમહારાજ ને અનંત મુક્ત હતા તેથી આજ્ઞા લોપાતી નહિ. પછી જોડ વિના ન ચાલવું એવી આજ્ઞા શ્રીજીમહારાજે કરી, તો પણ જેના ભેળા શ્રીજીમહારાજ ને મુક્ત ન હોય તેવા બે ભેળા હોય તો પણ શ્રીજીમહારાજની આજ્ઞા લોપી નાખે; માટે એકમાં અનેક રહે એવા થાવું અને અનેક મુક્ત સાથે રાખવા. ગૃહસ્થ હોય તેમણે પણ અનંત મુક્ત તથા મહારાજને સાથે રાખવા પણ આ લોકના વૈભવની ઇચ્છા ન રાખવી. ૧/૧૫૧/૨૬૫

**૧૩.** સાધુનો તો અહિંસા ને બ્રહ્મચર્ય એ જ ધર્મ છે માટે કોઈ જીવ દુઃખાય એવું વચન પણ બોલવું નહિ. તમારા સંકલ્પથી જેમ જીવનાં કલ્યાણ થાય છે, તેમ જ ભૂંડું થવાનો સંકલ્પ કરો તો ભૂંડું પણ થાય. માટે ક્ષમા રાખવી. કોઈનું ભૂંડું થાય એવો સંકલ્પ કરવો નહિ. ૧/૧૬૦/૨૮૯

**૧૪.** મધ્ય પ્રકરણના ૫૨મા વચનામૃતમાં ત્યાગીએ દાઢી-મૂછ ન રાખવાં ને ભગવાં વસ્ત્ર રાખવાં એ વાત આવી ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મહારાજે વસ્ત્ર રાખવાનું કહ્યું તે જાડું-મોટું જે સહેજે મળે તે રાખવું, પણ જગન્નાથી કે મલમલ ન રાખવું. ધન-સ્ત્રીનો ત્યાગ રાખવો ને એક વાર પ્રસાદી જમવી. તે સાધુનો ધર્મ છે. ઢગલામાંથી ઉથલાવીને મનગમતાં લેવાય તો રાગ ભળ્યો એમ જાણવું. ઝીણું લૂગડું ન પહેરવું, અંગ ન દેખાય તેવું પહેરવું.

નાનું-મોટું જોઈતું હોય તો તે લેવું તે તો ઠીક પણ ઝીણું ન લેવું. જેમ નાનું છોકરું ચોરી કરવા શીખે તે રાજાનો ખજીનો પણ ફાડે એમ જીવને છૂટો મૂકીએ તો ચટણો થઈ જાય, માટે ચટણો થવા દેવો નહિ એ સાધુનો ધર્મ છે. ૧/૧૬૨/૨૯૨

૧૫. શ્રીજીમહારાજે ખાવા-પીવાનું, ઓઢવા-પહેરવાનું-રહેવાનું ઘણું આપ્યું છે પણ એક જડ ને ચૈતન્ય માયાનો જ ત્યાગ રાખવાનું કહ્યું છે; માટે તેનો તો પ્રસંગ જ થવા દેવો નહિ. બોકડવટ કર્યું તો વેષ ભજવવો ને જો વેષ ન ભજવાય તો બોકડવટ કરવું નહોતું એટલે સંસાર મૂકીને સાધુ થાવું નહોતું. સાંખ્યયોગી રહીને ઘરનું ખાઈને મોટાનો જોગ કરવો તે ઠીક, પણ ત્યાગી થઈને ધનનો પ્રસંગ રાખવો તે તો બહુ જ ભૂંડું કહેવાય. તેમાં તો સ્ત્રી પણ ભેળી આવી ગઈ, માટે ધનનો પ્રસંગ રાખે તેના ધણી મહારાજ ન થાય. ૧/૧૬૬/૩૦૬

૧૬. શ્રી ગોપાળાનંદ સ્વામીને નાગડા વૈરાગીએ માર્યા ત્યારે તેમને પૂછ્યું જે, સ્વામી! તમને બહુ માર્યા, ત્યારે સ્વામી બોલ્યા જે, લાકડાને લાકડે માર્યા એમાં તે શું? એવા સાધુ થાવું. ૧/૧૬૯/૩૧૩

૧૭. સિદ્ધિઓ જે ઘી, સાકર, ફળ, ફૂલ, મેવા આવે તે સાધુને દઈ દેવાં; જેમ સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી દઈ દેતા હતા તેમ ગરીબ સાધુને દઈ દેવું. ૧/૧૬૯/૩૧૩

૧૮. કોઠારમાં ધોતિયાં નાખીને કાંઈ લેવાની ઇચ્છા ના હોય પણ તેનું નામ યાદી રાખવા લખે જે ફલાણા સાધુના આટલાં ધોતિયાં આવ્યાં, તેમાં ધોતિયાં નોંધનાર સાધુને બાધ હશે કે નહિ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, કાંઈ લેવાની ઇચ્છા ન હોય ને યાદી રાખવા સારુ કોઠારી લખે તેનો બાધ નથી. સાધુ, પાળા, બ્રહ્મચારીને પોતાનું દ્રવ્ય રાખવા-રખાવવામાં સરખું

પાપ છે અને પાર્ષદ શ્રી ઠાકોરજીના ધર્માદાનો પૈસો ઝાલવો તેમાં બાધ નથી. ૧/૧૭૦/૩૧૫

૧૯. દ્રવ્યને તો વિષ્ટા તુલ્ય જાણવું, એટલે તેનો વિષ્ટાની પેઠે ત્યાગ કરવો. જો વિષ્ટાનો સંકલ્પ થાય તો દ્રવ્યનો સંકલ્પ થાય. જેટલું વિષ્ટામાં હેત હોય તેટલું દ્રવ્યમાં હેત રાખવું એટલે જેમ વિષ્ટાનો સંગ્રહ થતો નથી તેમ દ્રવ્યનો સંગ્રહ કરવો નહિ. અરે! તેથી પણ ભૂંડું જાણીને તેનો ત્યાગ કરવો. એ વિના શું ચાલતું નથી? ૧/૧૭૨/૩૨૨

૨૦. ત્યાગી તો ગૃહસ્થ અન્ન-વસ્ત્ર આપે છે તેના પણ દેણદાર થયા, માટે એ દેણું વાળવાને માટે માળાઓ ફેરવવી અને પોતાનું પણ કરવું માટે ખૂબ ખબરદાર રહેવું; નહિ તો ફરી જન્મવું પડશે. ને નવ મહિનાની કેદ આવી પડશે. જે દ્રવ્યનો ને સ્ત્રીનો બે યનો ત્યાગ રાખશે તેનું મહારાજ ને મોટા પૂરું કરશે. માટે એ બે યની તો અંતરમાંથી ઊલટી કરી નાખવી. ૧/૧૭૨/૩૨૨

૨૧. ગોબરા ગુરુનો ત્યાગ કરવો, પણ ગુરુ-શિષ્યે એક બીજાની મહોબત ન રાખવી. જે ગુરુ સેવા કરાવે ને મોક્ષ પણ કરે એવા ભેળા રહેવું. એક સડેલ સરખી ચીજ ન મુકાય તો મોટાને ને મહારાજને શું રાજી કર્યા? તેને તો સાધુનો માર્ગ જ હાથ નથી આવ્યો. માટે સડેલા ગુરુનો ને સડેલ શિષ્યનો ત્યાગ કરવો. સાધુને તો વહેલા ઊઠી, નાહી-ધોઈને પૂજા કરીને હરિભક્તને કથા-વાર્તા કરવી તે સેવા કહી છે. ૧/૧૭૪/૩૨૯

૨૨. ગુરુ હોય તેણે શિષ્યને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ સિદ્ધ કરાવવાં. અમે સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીને શ્રીકૃષ્ણદાસજી, યોગેશ્વરદાસજી, મુક્તજીવનદાસજી તથા રામકૃષ્ણદાસજી એ ચાર સાધુ આપ્યા હતા. તેમને સ્વામીએ કેવી

સાધુતા દઢ કરાવી હતી? તેમ પોતાના શિષ્યને ધર્મ દઢ પળાવવો ને જ્ઞાન શીખવવું. ઠોઠ જેવા હોય છે તે પણ નિશાળે જાય છે તો તે ભણીને પંડિત થાય છે. એમ આપણી પાસે આવીને સાધુ થાય તેને ધર્મ, જ્ઞાન આદિક શુભ ગુણ ભણાવવા. ૧/૨૦૨/૩૯૨

૨૩. આગળ મોટા મોટા સંત ગોળા જમતા, વનમાં રહેતા. જીવડાં કરડે તેને ઉડાડતા નહિ ને બે દિવસે, ત્રણ દિવસે કે ચાર દિવસે ગોળો મળે તો પણ અનંદમાં રહેતા ને મૂર્તિના સુખે સુખી રહેતા. તે મોટેરા મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી કોઈ દિવસ છાશ કે ગળ્યું કે રહેવાનું કે લૂગડાં તે દેખતા નહિ. તો પણ આનંદમાં રહેતા અને આવા મોટાં મંદિરો કર્યાં પણ કોઈએ એક ખીંટી સરખીય પોતાની રાખી નથી. આપણે પણ એ મોટા રાખી ગયા તેમ રાખવું અને એ જેવા હતા તેવો હું થાઉં, એવા ઠરાવ રાખવા પણ ઊતરતા જેવાના ઠરાવ ન કરવા. ૧/૨૧૦/૪૨૦

૨૪. જેમ તમારા ત્યાગીના ધર્મ જે બાઈ મનુષ્યને ન અડવું, પણ તે બૂડતું હોય તો ઝાલીને બહાર કાઢવાની આજ્ઞા છે; તેમ કોઈની આસુરી બુદ્ધિ થાય ને તે આપણો અવગુણ લે તો પણ આપણે તેનો હાથ ઝાલીને તે સત્સંગમાં આવે એવી રીતે ગમે તેમ કરીને પણ તેનું સારું થાય તેમ કરવું; પણ પડ્યો મૂકવો નહિ. એ આપણો ધર્મ છે. માટે તેનું સારું ઇચ્છવું. ૧/૨૨૯/૪૫૯

૨૫. મોટા શાહુકાર આગળ ઉકરડામાંથી દાણા વીણી ખાતા હોય તે જેવા કંગાળ છે તેવા જ મોટા સંત આગળ જેને કચરો ને કંચન સરખાં ન હોય તેવા સાધુને કંગાળ કહ્યા છે. આ દેહને ચામડાને ભોગવવું, તેને ખવરાવો તો ય શું અને ન ખવરાવો તો ય શું? દેહ મૂકી દીધો, ડાચું આમ ફાટી ગયું એને વસ્ત્ર પહેરાવો તો શું શોભાવે? તે શું શબ શોભે? જે સાધુ જડ-ચૈતન્ય રાખે

ને દેહને સુખી રાખે તે શબ શણગારવા બરોબર છે. ત્યાગીને કૌપીન તો જરૂર જોઈએ. કૌપીન વિના ત્યાગી ફરે તે નગ્ન જાણવો. ૧/૨૩૩/૪૭૮

૨૬. પ્રથમ પ્રકરણનું ૩૯મું વચનામૃત વંચાવ્યું, તેની ટીકામાં વાત આવી જે પૈસાવાળા ત્યાગીના મુખથી કથા સાંભળે તેણે ચાંદ્રાયણ વ્રત કરવું. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, પૈસા રાખે તેવા સાધુ થકી કથા ન સાંભળવી. તેમ જ કાંઈ દેવું પણ નહિ. સાધુના પૈસા રાખે તેના પર પણ શ્રીજીનો કુરાજીપો થઈ જાય અને મોટું પાપ લાગે. બે વાતના તો હરામના સમ ખઈને બેઠા માટે તેનો તો વિષ્ટાની પેઠે ત્યાગ કરવો. એ પાપનો ત્યાગ કર્યા વિના સાધન કરે તો પણ એને કાંઈ પહોંચે નહિ. આ વાંત સર્વે ધ્યાનમાં રાખજો. ૧/૨૩૯/૪૮૧

૨૭. એક સાધુ બારની સાલમાં આવ્યા હતા, તેમને એક હરિજને રૂપિયા પાંચ દીધા, તેમને અચ્યુતદાસજી સ્વામીએ પ્રાયશ્ચિત્ત કરાવ્યું. વિદ્વાન હોય, પંડિત હોય, પણ જડમાં લોભાય તો તેથી ભગવાન કુરાજી થાય અને જો પ્રાયશ્ચિત્ત ન કરે તો જન્મ ધરાવીને પણ પ્રાયશ્ચિત્ત કરાવે પછી મોક્ષ કરે. ૧/૨૪૦/૪૮૩

૨૮. સન્માન, સેવા, ફળ, ફૂલ, ખાન, પાન, માન, મહોબત મળે તે સર્વે સિદ્ધિઓ છે. મહારાજ કર્તુ, અકર્તુ અને અન્યથા કર્તુ છે, એટલે સેવા અંગીકાર કરે ખરા; પણ સંતો રાગે રહિત કરે તો. પણ જો ઠીક મળ્યું છે એમ જાણીને ગ્રહણ કરે તો સિદ્ધિઓ અંત લે. ઇન્દ્રિયો, અંતઃકરણ વકરીને પાડા જેવાં થઈ જાય ને પોતે ગ્રહણ ન કરે ને મહારાજને અર્પી દે તો બાધ ન કરે. ૧/૨૪૨/૪૯૦

૧. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, આ સ્વામી વૃંદાવનદાસજીને ભારાસરમાં મંદવાડ આવ્યો હતો; તે જ્યારે નારાયણપુર જવા નીકળ્યા ત્યારે મટી ગયો. ત્યારે કરસન હરજીએ પૂછ્યું જે: બાપા! સ્વામીને શું મંદવાડ હતો? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજની આજ્ઞા એવી છે કે ત્યાગી હોય તેને પોતાની જન્મભૂમિમાં ન જાવું, તેથી સ્વામી ભારાસરમાં જતા નહિ, પણ હરિભક્તોએ અમને બહુ પ્રાર્થના કરી જે દયા કરીને સ્વામી સહુને દર્શન દેવા પધારે તો ઠીક. ત્યારે અમે આજ્ઞા કરીને ભેગા લીધા. અમારા વચને આવ્યા તો ખરા પણ રુચિ નહિ, જેથી શરીરમાં મંદવાડ હોય એમ જણાવ્યું. તે જ્યારે ભારાસરથી ચાલ્યા અને નારાયણપુર આવ્યા ત્યારે સાજા થયા હોય એમ લાગ્યું. આમ મોટા સંત રુચિ જણાવે, તે તો બીજાના સમાસને અર્થે હોય. ૨/૧૩/૩૬

૨. સભામાં છેલ્લા પ્રકરણનું બીજું વચનામૃત વંચાતું હતું. તે વખતે પુરાણી કેશવપ્રિયદાસજીએ બાપાશ્રીને પૂછ્યું જે, કેવા હોય તે સાધુ કહેવાય? ત્યારે બાપાશ્રી પ્રસન્ન થઈને બોલ્યા જે, સાધન કરીને એકાંતિકભાવને પામ્યો હોય, અખંડ શ્રીજીમહારાજની સ્મૃતિ રહેતી હોય, મહારાજ વિના બીજે ક્યાંય પ્રીતિ ન હોય પણ જે દેહે કરીને સાધન કર્યાં હોય તે દેહે સહિત હોય તેને સાધુ કહેવાય તથા છેલ્લા પ્રકરણના ૮મા વચનામૃતમાં મોટા સંત કહ્યા છે તેવા લક્ષણવાળા હોય અને દેહની ક્રિયા પણ આ લોકમાં જોઈએ તે પ્રમાણે જમવું આદિક થતી હોય તેને સાધુ કહ્યા છે. ૨/૩૦/૭૭

૩. સત્સંગમાં સિદ્ધિઓ હાજર છે. તે આવો, જમો, બેસો, ભાતાં, પોતાં એ બધી સિદ્ધિ જાણવી. સ્વામી નિર્ગુણદાસજી પાસે વસ્તુ આવતી તે કોઠારમાં નાખે, કાં તો સંતને વહેંચી દે; પોતાના

સાધુને તો અવશ્યનું જ આપે. મોટેરા સાધુ હોય તેને તો ગાડાં ભરાય એટલું આવે અને નાના હોય તેને ન આવે, તો પણ મોટેરાને એ સિદ્ધિઓ ન ભોગવવી. ભૂજમાં અક્ષરજીવનદાસજી સ્વામી હતા ત્યારે એક સાધુની ઝોળીમાંથી કાંઈક વસ્તુ નીકળી તેથી તે સાધુને સ્વામીશ્રીએ ઉપવાસ કરાવ્યો. માટે સંગ્રહ ન કરવો એમાં સુખી રહેવાય. જડ માયાનો સંગ્રહ કરનારા આ બ્રહ્માંડમાં ભટક્યા કરે છે, તેનો મોક્ષ થતો નથી. આ સત્સંગમાં રહી એવું પાપ રાખે તે પાપની કેમ ગણતરી થાય! જડ માયા એટલે દ્રવ્ય. એ દ્રવ્ય કાળા નાગ જેવું છે. તે નાગ માંહી પેસી જાય તો ચસકા કરાવે. ત્યાગીને માંહી બહાર સરખું રહેવું. શ્રીજીમહારાજને આગળ રાખી બરાબર વર્તવું ને વર્તાવવું. મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તે-વર્તાવે તો વાંધો નહિ. પણ એ વિના અધિકાર છે તેમાં તો નુકસાન છે. તેથી પરલોક બગડે. કર્યા વિનાનું ન ચાલે પણ વિચાર જોઈએ.૨/૪૦/૧૧૯

૪. સત્યુગમાં આત્મનિષ્ઠા કેવી હતી તો કાનમાં ઊના સીસા રેડે તથા લોઢાના ગજ આંખમાં ઘાલે અને દાંત સાણસીથી કાઢી નાખે તો પણ ગણતા નહિ. ધૂળ નાખે, કચરો નાખે, તો ય સાધુએ તો સમભાવ રાખવો." નાખે અદાવત દીએ ગાળ્યું, તેને ભક્ત સમજે દયાળુ". એમ ગુણ લે પણ તપે નહિ. એ આત્મનિષ્ઠા જાણવી. કોઈ આંગળી ચીંધી ન શકે એવો શાંત અને સરલ સ્વભાવ રાખવો. પ્રકૃતિનાં કાર્યથી બહાર રહીએ તો દુઃખ ન લાગે. જો દુઃખ લાગે તો પ્રકૃતિના કાર્યમાં રહ્યા કહેવાઈએ. વચનામૃતમાં નિત્ય પાંચ ખાસડાં મારવાનું કહ્યું છે, તે જો જરામાં શોકવાન થઈ જાય તો એ ખાસડાં કેમ ખમાય! જો શ્રીજીમહારાજને રાજી કરવા તત્પર થાય તો એનાથી બધું ય થાય. ૨/૪૦/૧૨૧

૫. મલિન અંતઃકરણ હોય તે ભૂત, પ્રેત, વાઘરાં બધાંય નડે, સ્વામિનારાયણ પધરાવી દીધા હોય તો એ કોઈ આવે જ નહિ; પંચભૂતનો જે દેહ તે બ્રહ્મરાક્ષસ છે. તે કાંઈ ને કાંઈ માગ્યા જ કરે છે. મરચાં માગે, ગોળ માગે, ધાણાજીરૂ માગે એવા સ્વાદ માગે પણ તેને આપણે નવરો મેલવો નહિ. જો ભગવાનમાં જોડી દઈએ તો એ કામ કરી આપે માટે તે ભૂતને વશ કરવું. જેમ મહાવત હાથીને કબજામાં રાખે છે તેમ આ દેહ રૂપ ભૂતને કબજામાં રાખવું અને માળામાં જેમ દોરો સળંગ છે તેમ માન, અપમાન, જાગ્રત, સ્વપ્ન વગેરેમાં મૂર્તિ મુખ્ય રાખવી. ૨/૫૭/૧૮૨,૧૮૩

૬. બાપાશ્રી બોલ્યા જે, ત્યાગીને તો મહારાજે ગામમાં વન કરી દીધાં છે. તો પણ કથા-વાર્તામાં રુચિ ન હોય તેમાં રૂડા ગુણ આવે નહિ એમ જાણવું. આપણે શ્રીજીમહારાજને પામવાનો નિર્ધાર કરીને બેઠા છીએ તે રાતમાં ઊઠી ઊઠીને ધ્યાન કરવું. ૨/૮૮/૨૭૭

૭. મૂર્તિથી જુદા પડવું નહિ. મૂર્તિમાં રહીને સર્વે ક્રિયા કરવી, તે પણ પ્રસન્નતા માટે કરવી. તેથી કચરો ને કંચન સમાન થાય છે; એવી રીતે વર્તે તે જ સાધુ કહ્યા છે. ૨/૯૯/૩૧૫

૮. બાપાશ્રી સભામાં સંતો પ્રત્યે એમ બોલ્યા જે, તમે મહારાજના સંત છો તે મહારાજ વિના બીજું કાંઈ ઇચ્છશો નહિ. તમને શ્રીજીમહારાજે વ્યવહાર માર્ગમાં અમાંગળિક ગણ્યા છે માટે તમારે એક મહારાજ વહાલા રાખવા. ત્યાગીની રીત ભૂલીને ગૃહસ્થને માર્ગે ચલાય તો મોટી ખોટ આવે. માટે કોઈ સંત મૂર્તિ વિસારીને અમાંગળિક થશો નહિ. અમાંગળિક તે શું? તો દ્રવ્ય, ખેતર આદિ રાખવું તે. તેવું કંઈ ન હોય ને એક શ્રીજીમહારાજની મૂર્તિ હોય તે ખરા માંગળિક. તમારે તો મહારાજની મૂર્તિ વિના બધું ય મૂકી દીધા જેવું છે. અમે આમ વાતો કરીએ છીએ પણ

મૂર્તિને ભૂલીએ નહિ અને સંત-હરિભક્ત અહીં આવે છે તેમને એક મૂર્તિ આપવાનો જ અમારો ઠરાવ છે. આ અમારો અહિંસામય યજ્ઞ છે. તેમાં કોઈનું મન દુઃખાય નહિ, એવો ખટકો રાખીએ છીએ, કેમ જે આપણો અહિંસા ધર્મ છે. સાધુને બીજે ગામ જવા ટાણે ગાડાં જોડાવવાં તેમાં આવો વિચાર કરવો ખપે. અમારો ઠરાવ એવો જે ક્યાંઈક જવું હોય ને કોઈ ગાડું જોડે પણ બળદ ઘરડા-દુબળા હોય તો અમે કાંઈક બા'નું કાઢીને જઈએ નહિ. એવા અબોલ જીવને દુઃખ થાય તે કરતાં પગે ચાલીને જવું એ ઠીક ને એમાં મહારાજ રાજી થાય. મોટા સંતો પ્રથમ એમ કરતા. એવી રીતે બીજા કામમાં પણ કોઈનું મન ન દુઃખાય એવો ખટકો રાખીએ છીએ. અમે આ યજ્ઞમાં સૌને કહ્યું છે જે કોઈનો બળદ માંદો હોય અથવા ઘરડો કે દુબળો હોય તેને ગાડે જોડવો નહિ. કોઈ એવાને જોડે તેથી તેને પરાણે ચાલવું પડે એટલે એ નિઃસાસા નાખે તેનું પાપ અમને લાગે. અમે કોઈને દુઃખ દઈએ એવા નથી અને ધર્મ પળાવવામાં તો મન દુઃખાય તો ય કહ્યા વિના ચાલે નહિ, કેમ જે ધર્મ લોપનારને આગળ દુઃખ બહુ વેઠવું પડે તે કરતાં તેને ઠપકો આપીને કે પ્રાયશ્ચિત્ત કરાવીને પણ ઠેકાણે પાડીએ તો તેનું સારું થાય. હમણાં એક ગામથી એક જણનો કાગળ આવ્યો હતો જે, મારે યજ્ઞમાં આવવું છે તે તમો લખો તો આવું; પણ તેણે પ્રાયશ્ચિત્ત કર્યું નથી એટલે અમે તેને હા પાડીએ જ નહિ. કોઈકને ભૂલચૂક થઈ હોય અને પ્રાયશ્ચિત્ત કરે તો તેને સત્સંગમાં લઈએ. તે જો ન કરે તો તેને પડ્યો મૂકીએ. અને કોઈકને પ્રાયશ્ચિત્ત કરાવવું. તેમાં પણ ઝાઝા મનુષ્યને સંભળાવવું નહિ. ઝાઝાને જણાવવું તે પૂંઠ દેખાડવા જેવું છે, માટે પાંચ મનુષ્ય જાણતા હોય તે જ જાણે. તે રીતે જેમ બને તેમ છાનું કરાવી ચોખ્ખો કરવો. ૨/૧૩૦/૩૯૭,૩૯૮

૯. શ્રી વૃષપુરના મંદિરમાં સભામાં વચનામૃતની કથા વંચાતી હતી ત્યારે બાપાશ્રી બોલ્યા જે, વૈરાગ્ય શ્રેષ્ઠ કે ભક્તિ તે કહો? ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ ભક્તિ વિશેષ કહી. પછી બાપાશ્રી બોલ્યા જે, ભક્તિમાંથી વૈરાગ્ય આવે. પછી સંતો સામું જોઈને એમ કહ્યું જે, ભક્તિ કરશો તો મહારાજ રાજી થશે. કેમ વૈરાગ્યને ઓળખો છો? પત્તર ભરીને ખાઈએ તો કૂખો ફાટી જાય, માટે ખૂબ ખાવું નહિ. સ્વામી અક્ષરજીવનદાસજી સંતની પંક્તિમાં પીરસે તે વખતે જુએ, ત્યારે કેટલાક દાળ પીને પૂર્ણ રહે; કેટલાક કહે લાવો બે, ત્રણ, ચાર, પાંચ લાડુ અને સ્વામી તો અડધો લાડુ કાં અડધી રોટલી અને ઉપર દાળ નાખીને પીએ. જ્યારે ડોલું આવે ત્યારે લોઢાની આર ઢીંચણમાં ટચકાવે, લોહી નીકળે. અને સમૈયો આવે ત્યારે સંતો દર્શન કરવા ગયા હોય પણ તેમાંથી જેને મહારાજના વચનમાં ફેર પડ્યો હોય તેને પાછળથી લખે કે તમે અહીં આવશો નહિ. એમ આજ્ઞા વિરુદ્ધ વર્તનારાને બારોબાર રજા આપી દેતા પણ તેવાને એટલે ધર્મામૃત, શિક્ષાપત્રી પ્રમાણે ન વર્તતા હોય તેને મંદિરમાં રહેવા દે નહિ. જ્યારે મંડળ ફરીને આવે ત્યારે ઝોળીઓ તપાસે. તે ચપ્પુ કે કાગળ જે હોય તે કાઢી લે અને કાગળ તો મંડળધારી જ લખે. સાધુ વિશ્વજીવનદાસજી નાનાં છોકરાં રાખતા તેથી તેમને ભૂજમાંથી કાઢી મૂક્યા. પછી તે અમારી પાસે આવ્યા અને એમ કહ્યું જે, સ્વામીને મને રજા આપી છે. ત્યારે અમે કહ્યું જે, જેમ સંતની રીતિ હશે તેમ સ્વામી કરતા હશે, એનું નામ વૈરાગ્ય. અમને ભૂખ હોય તો પણ કોઈ દિવસ જમીએ છીએ? કહો સંતો! મઠની ખીચડી અને બાજરાના રોટલા વિના લાડુ, પ્રસાદી કે ઘી, ગોળ, સાકર, ખાંડ દેખો છો? કોઈક પ્રેમમાં કરે તે દિવસ ભૂખે મરીએ. માટે નિઃસ્વાદી રહેવું, સ્વાદે જાવું નહિ. એ વાતનો

ખટકો ન રાખે તો એમાંથી સ્વામિનારાયણ રાજી ન થાય માટે વૈરાગ્ય ને ભક્તિ અવશ્ય રાખવાં. ખટકો ન રાખીએ તો વૈરાગ્ય શાનો ? "જ્ઞાન સમ વસ્ત્ર નહિ, ધીરજ સમ નહિ ઢાલ, શિયળ સમ સિંહાસન નહિ" એવું કરી રાખવું. આ લોકમાંથી લૂખા થાવું. તમારે તો દૂધપાક, માલપૂઆ વગેરેના નિત્ય થાળ થાય. એક દિવસ શિખંડ ને એક દિવસ જલેબી એવી રસોઈઓ કરો તે વિચારતા રહેજો. વિચાર ન હોય તો એ તો આંતરડાં કાઢે. કામાદિક શત્રુ છે તેનો ઓછાયો પણ ન લેવો. વૈરાગ્યવાળા ન હોય તો એ માથું ઉડાડી દે. રસનામાંથી કામાદિક ઉત્પન્ન થાય છે એ જાણી રાખવું. સ્થૂળ ઇન્દ્રિયો જિતાય ત્યારે કારણ શરીર બળે. એ કારણ શરીર તો અનાદિ અજ્ઞાનમય જીવમાં રાગ રહ્યો છે તે છે. તે તો આત્યંતિક પ્રલય જે જ્ઞાન પ્રલયના ઉપશમે કરીને શ્રીજીમહારાજનું ધ્યાન કરે ત્યારે ટળે. ૨/૧૪૨ ૪૩૧,૪૩૨,૪૩૩

---

## ૧૫

# રહસ્યાર્થ પ્રદીપિકા સહ વચનામૃત અગમ્ય સુગમ થયું

વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકાની પાંચ
પારાયણ કરી અને આજ્ઞા યથાર્થ પાળીને
દિવસ દિવસ પ્રત્યે પાઠ કરે તેનું આત્યંતિક કલ્યાણ થાય.

૧. મહાપ્રભુજીનાં વચન જેવાં બીજા કોઈનાં વચન માનવાં નહિ. વચનામૃતમાં જે વચન હોય તે સત્ય માનવાં. એમાં મોટા સદ્‌ગુરુઓનાં વચનની સાખ લેવી નહિ. વચનામૃતની સાખ બીજે લેવી, પણ વચનામૃતમાં બીજી સાખ ન લેવી. આ તો બહુ જબરી વાત છે. વચનામૃતમાંથી તો નવીન નવીન શબ્દ નીકળે છે. ૧/૧૫/૩૭

૨. પ્રથમ પ્રકરણનું ૧૦મું વચનામૃત વંચાતું હતું. તેમાં સેવકરામની વાત આવી. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, શ્રીજીમહારાજને વનમાં સેવકરામ મળ્યો હતો તેની સેવા મહારાજે કરી હતી તે તો વાત સાચી છે પણ તેનો અધ્યાત્મ ઉત્તર હોય તો કૃપા કરીને સમજાવો.

બાપાશ્રી બોલ્યા જે, સેવકરામ નામે સાધુ તે મોક્ષાર્થી જીવ જાણવો. શ્રીજીમહારાજની ને જીવની વચ્ચે જે પૃથ્વી, જળ,

તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ, પ્રધાનપુરુષ. પ્રકૃતિપુરુષ, વાસુદેવબ્રહ્મ તથા મૂળઅક્ષર એ સર્વે આવરણ છે તે વેંકટાદ્રિ જાણવો. સેતુબંધ એટલે ધર્મમર્યાદા રૂપી પાળ જાણવી. રામેશ્વર એટલે ભગવાન જાણવા. માર્ગ એટલે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જાણવું. વૈરાગ્યહીન તે મંદવાડ જાણવો. ચાકરી કરનાર એટલે જ્ઞાન આપનાર સત્પુરુષ જાણવા. ત્યાગીને દેહે કરીને અને ગૃહસ્થને દ્રવ્યે કરીને સેવા કરવાની સામર્થી તે સોનામહોરો જાણવી. સત્પુરુષને ખોળવા તે રોવું જાણવું. ગામ એટલે કુસંગ જાણવો અને ફૂલવાડી તે સત્સંગ જાણવો. વૃક્ષ એટલે દેહ જાણવો. ભૂત એટલે અંતરશત્રુ જાણવા. સત્સંગમાં સન્માન મળે તે પથારી જાણવી. આયુષ્યનો ક્ષય થતો જાય તે લોહી ખંડ પેટ બેસણું જાણવું. આત્માનું તથા શ્રીજીમહારાજના સ્વરૂપનું જ્ઞાન આપવું તે ચાકરી જાણવી. જ્ઞાન આપનાર સત્પુરુષની સેવા ન કરવી તે ખાવા ન આપ્યું કહેવાય. શ્રીજીમહારાજના સ્વરૂપનું જ્ઞાન આપનાર સત્પુરુષને બીજા કોઈ પાસે સેવા કરાવવી પડે તે વસ્તીમાં જમી આવ્યા કહેવાય. કોઈક વખતે સેવા કરનાર ન મળે તે ઉપવાસ જાણવો. વૈરાગ્યવાન કરવો તે સાજો કર્યો કહેવાય. ત્રણ દેહ, ત્રણ અવસ્થાઓ, ત્રણ ગુણ, ચાર અંતઃકરણ, પંચ ભૂત, પંચ વિષય, દસ ઇન્દ્રિયો, દસ પ્રાણ, ચૌદ દેવતા એ સર્વેથી જુદો આત્મારૂપે વર્તી શકે તથા પંચ વર્તમાનરૂપી ધર્મમર્યાદા પાળી શકે એવો સમર્થ કરવો તે ઘી પચાવી શકે એવો જાણવો. એવી સામર્થી આપ્યા છતાં પણ એ પ્રમાણે વર્તશે કે નહિ એવી સત્પુરુષને ચિંતા રાખવી પડે તે ભાર ઉપડાવ્યો કહેવાય. જો ક્યારેક દેહાદિક ભેળો ભળીને હાણવૃદ્ધિ, માન-અપમાન, સુખ-દુઃખ, હર્ષ-શોક પામે અથવા પંચ વર્તમાન રૂપી ધર્મમર્યાદામાં ફેર પાડે તો તેનું કલ્યાણ

સત્પુરુષ ન કરે તે ત્યાગ કર્યો કહેવાય. ૧/૪૯/૯૪

૩. પરોક્ષ શાસ્ત્ર ખડને ઠેકાણે છે, ને પ્રત્યક્ષના શાસ્ત્ર કણને ઠેકાણે છે અને વચનામૃત ભોજનને ઠેકાણે છે, કેમ જે શ્રીજીમહારાજના મુખમાંથી નીકળ્યાં છે, માટે તે નિત્ય વાંચવાં કેમ જે આત્યંતિક કલ્યાણ કરવા એ એક જ શાસ્ત્ર સમર્થ છે. ૧/૫૧/૯૭

૪. લોયાનું છઠ્ઠું વચનામૃત વંચાતું હતું. તેમાં ૧૫મા પ્રશ્નમાં બરોબર વર્તવારૂપી દોષનું ગ્રહણ કરવું એમ આવ્યું. આ પ્રશ્નમાં બરોબર વર્તવાનું કહ્યું તે બરોબર કેવી રીતે વર્તવું?

બાપાશ્રી બોલ્યા જે, વૈરાગ્ય, આત્મનિષ્ઠા તથા ત્યાગ એ સાધન બધાયથી સરખાં થઈ શકે નહિ તેથી ભેળાં નભી શકે નહિ. માટે શ્રીજીમહારાજે જે પ્રમાણે નિયમની બાંધણી બાંધી છે તે પ્રમાણે તો વર્તવું જ, પણ નિયમથી અધિક વર્તવું નહિ એમ કહ્યું છે અને ધ્યાન-ભજન તો સૌથી વધારે કરવું, પણ તેમાં બરોબર (એક સરખું) ન વર્તવું. શ્રીજીમહારાજે બાંધણી બાંધી છે તે કોઈને કઠણ પડે એવી નથી. તે પ્રમાણે વર્તે તો અક્ષરધામમાં ચાલ્યો જાય. શ્રીજીમહારાજે વાત મોળીએ બહુ કરી છે ને આકરી પણ બહુ કરી છે, તેમાં પણ નકરી મોળી વાત નહિ. કોઈક વર્તમાન ચૂકે તો તેને પ્રાયશ્ચિત્ત કરાવીને સત્સંગમાં રાખવો; એવું તો મહાપ્રભુજીને આવડે, બીજા કોઈને આવડે નહિ. આ વચન (વચનામૃત) મહાપ્રભુજી શ્રીજીમહારાજના પોતાના મુખનાં નીકળે છે. તે નિર્બીજ હોય તેને સબીજ કરી દે એવાં છે. ૧/૬૭/૧૨૬

૫. મધ્ય પ્રકરણનું ૪૩મું વચનામૃત વંચાતું હતું. તેમાં વાત આવી જે ભગવાનને વિષે આભા ને સજાતિ પ્રીતિ કરનારો ભક્ત બ્રહ્મરૂપ છે તે તો બ્રહ્મનો અર્થ શો હશે?

બાપાશ્રી બોલ્યા જે, બ્રહ્મ એટલે ભગવાન જાણવા. તે

ભગવાનરૂપ થયો એટલે મુક્તની પંક્તિમાં ભળ્યો. પણ જ્યાં સુધી જે દેહે સાધન કરીને મુક્તની સજાતિ થયો છે, પણ દેહનો યોગ છે ત્યાં સુધી મુક્તના જેવું સ્વતંત્રપણું જે બીજા જીવોને મહારાજના સુખમાં લઈ જવા એ સામર્થી એને મળતી નથી. જેમ બાળક જન્મે તે છોકરો હોય તે પુરુષની સજાતિ કહેવાય પણ જુવાન પુરુષની પેઠે કામ કરી શકે નહિ અને આહાર તથા અવસ્થા તે પણ સરખાં ન હોય, તેમ સિદ્ધ મુક્તમાં અને દેહના યોગવાળા મુક્તમાં ફેર છે ને તે સાધનદશાવાળો કહેવાય, જે અનાદિમુક્ત છે તે તો જેટલું શ્રીજીમહારાજ કરે તેટલું કરી શકે ને જે સાધન દશાવાળા છે તે તો પોતે નિર્લેપ રહે પણ બીજાને મુક્ત કરી શકે નહિ. તે તો જ્યારે દેહનો વિયોગ થાય ને ધામમાં જઈને ફેર સ્વતંત્રપણે આવે ત્યારે અનંત જીવોનો ઉદ્ધાર કરે, પણ જેને અહીં અનાદિમુક્તનો જોગ થયો હોય અને તે અનાદિ થકી શ્રીજીમહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું હોય અને તે અનાદિના જોગે અનાદિના જેવી સ્થિતિ થઈ હોય તે તો આ દેહે પણ અનંત જીવોને અનાદિ કરી શકે. ૧/૭૧/૧૩૩

૬. પ્રથમ પ્રકરણના ૭૦મા વચનામૃતમાં ચોથા પ્રશ્નમાં ચોરનું દૃષ્ટાંત દીધું છે.

તેમાં ગામ તે શું જાણવું? ચોરે કોને જાણવા? સાધુ કોને જાણવા? પગ તે શું જાણવું? કાંટો ક્યો જાણવો? અને પગ સૂણ્યો તે શું જાણવું? રાજા કોને જાણવા? અને ખજીનો શો જાણવો? ધર્મ તે શું જાણવું? માબાપ કોને જાણવા? સગાં કોને જાણવા? લશ્કર તે શું જાણવું? અને શૂળી તે કઈ જાણવી?

બાપાશ્રી બોલ્યા જે, ગામ એટલે જગત જાણવું. ચોર તે જીવ જાણવો. સાધુ તે સત્પુરુષ જાણવા. પગ તે અંતઃકરણ જાણવું અને કાંટો તે જ્ઞાન જાણવું. અંતઃકરણ જ્ઞાને કરીને પૂર્ણ

થાય તે પગ સૂણ્યો જાણવો. રાજા તે ભગવાન જાણવા અને ખજીનો તે શાસ્ત્ર જાણવા, ધન તે વિષય જાણવા ને મા-બાપ તે પ્રકૃતિપુરુષ જાણવા. સગાં તે ઈન્દ્રિયો જાણવી અને લશ્કર તે કાળ જાણવો. શૂળી તે યમપુરી જાણવી. જો જીવ ભગવાનની બાંધેલી શાસ્ત્રમર્યાદા મૂકીને વિષય ભોગવે તો કાળ આવીને યમપુરીમાં લઈ જાય ને ત્યાં મહાદુઃખ ભોગવવાં પડે. શ્રીજીમહારાજે શાસ્ત્રમાં જે પ્રમાણે આજ્ઞા કરી છે તે પ્રમાણે વર્તતા હોય એવા સાધુનો સંગ કરે ત્યારે તે સત્પુરુષ તેને આત્મા-પરમાત્માનું જ્ઞાન કહે. તે જ્ઞાને કરીને અંતઃકરણ પૂર્ણ થાય. તે પગ સૂણ્યો કહેવાય. તે અંતઃકરણ વિષય સંબંધી સંકલ્પ કરે નહિ એટલે સાધુ તેની સહાય કરે અને જન્મ-મરણ તથા યમયાતનાનાં દુઃખ ટાળીને શ્રીજીમહારાજ ધામમાં લઈ જાય એમ સમજવું. ૧/૧૧૦/૨૦૦

૭. મધ્ય પ્રકરણના ૫૩મા વચનામૃતમાં જીવ કાળો છે કે ગોરો છે, કે લાંબો છે કે ટૂંકો છે, એમ કહ્યું તે કેવી રીતે સમજવું?

બાપાશ્રી બોલ્યા જે, જ્યાં સુધી મૂળ માયાના કાર્યમાં જીવને રાગ હોય ત્યાં સુધી તે કાળો કહેવાય અને માયિક રાગ ટળી જાય અને માયિક પદાર્થમાં દેશકાળે કરીને પણ ક્યાંયે મોહ ન પામે, પણ ઈશ્વરકોટી, બ્રહ્મકોટી અને અક્ષરકોટીના ઐશ્વર્યમાં રાગ હોય તે ગોરો કહેવાય અને એમના ઐશ્વર્યમાં ક્યાંય રાગ ને સારપ ન રહે ને શ્રીજીમહારાજની મૂર્તિનો પ્રકાશ જે મહાતેજરૂપ અક્ષરધામ તે જેવો થાય તે લાંબો કહેવાય. અને મૂર્તિમાન થઈને મૂર્તિને સન્મુખ રહે અથવા મૂર્તિમાં લીન રહે તે લાંબો મટીને ટૂંકો થયો કહેવાય. તેવા મુક્ત મૂર્તિમાન થકા જ લીન રહે છે. ૧/૧૧૧/૨૦૦

૮. છેલ્લા પ્રકરણના ૨૧મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમને વન, પર્વત અને જંગલમાં જ રહેવું ગમે છે, પણ મોટાં મોટાં શહેર-પાટણ ગમતાં નથી. તે વન-પર્વતાદિક શું સમજવું?

બાપાશ્રી બોલ્યા જે, પર્વતને ઠેકાણે મહારાજની મૂર્તિ જાણવી, વનને ઠેકાણે મુક્તનો સમૂહ જાણવો અને જંગલને ઠેકાણે અક્ષરધામ જાણવું. તેમાં અમારા મુક્તોને રહેવું ગમે છે. પણ પાટણને ઠેકાણે અક્ષરકોટી અને શહેરને ઠેકાણે બ્રહ્મકોટી તેમાં રહેવું ગમતું નથી. તો પ્રકૃતિપુરુષના લોકમાં તો રહેવું ગમે જ કેમ? એમ મહારાજે કહ્યું છે. ૧/૧૧૧/૨૦૧

૯. વરતાલના ૨જા વચનામૃતમાં ભગવાન કાળા છે કે પીળા છે કે લાંબા છે કે ટૂંકા છે કે સાકાર છે કે નિરાકાર છે એમ કહ્યું છે તે કાળા, પીળા આદિક કેવી રીતે સમજવા?

બાપાશ્રી બોલ્યા જે, પ્રકૃતિના પતિ મૂળપુરુષ જેવા જાણે તે કાળા જાણ્યા કહેવાય; કેમ જે એમને માયાનો સંબંધ છે, માટે એટલો જ મહિમા જાણે તો કાળા જાણ્યા કહેવાય અને બ્રહ્મ તથા મૂળઅક્ષર જેવા જાણે તે પીળા જાણ્યા કહેવાય; કેમ જે એમને માયાનો સંબંધ તો નથી, પણ શ્રીજીમહારાજ આગળ પરાધીન છે તેથી. અને શ્રીજીમહારાજને દિવ્ય મૂર્તિમાન જાણે તે સાકાર જાણ્યા કહેવાય અને આકારે રહિત જાણે તે નિરાકાર જાણ્યા કહેવાય અને સર્વદેશી જાણે તે લાંબા જાણ્યા કહેવાય અને એકદેશી જાણે તે ટૂંકા જાણ્યા કહેવાય. એવી રીતે શાસ્ત્રો શ્રીજીમહારાજને જાણી શક્યાં નથી. એ તો તેમના મુખકમળમાંથી નીકળેલાં 'વચનામૃત' સમજવાથી જ મહાપ્રભુજીને યથાર્થ જાણી શકાય. ૧/૧૧૨/૨૦૨

૧૦. માળિયા ઠાકોર સાહેબ મોડજી દરબાર તથા

નડિયાદવાળા ઝવેરીલાલભાઈના નાનાભાઈ હરિલાલભાઈ જે સરકારી મોટા અમલદાર હતા અને બ્રહ્મજ્ઞાની હતા ને ઘણું બોલતા હતા, તે પણ વચનામૃતની વાતો કરી તેથી બંધાઈ રહ્યા. વચનામૃતની બરાબર યાદી હોય તેને આ બ્રહ્માંડમાં કોઈ જીતી શકે એમ નથી. ૧/૧૪૭/૨૫૪

**૧૧.** વચનામૃતમાં ન હોય ને તેથી બીજું કહેતા હોય તો તે ન માનવું પણ તેમાં બીજા કોઈ ગ્રંથની શાખ ન ગોતવી. શ્રીજીમહારાજનાં વચનની સાહેદી લેવી, પણ જાડી બુદ્ધિએ કરીને જેમ તેમ ન બોલવું. વચનામૃતમાં જે વાત હોય તે સમજાય નહિ. તે જાડી બુદ્ધિ કહેવાય. માટે વચનામૃત પ્રમાણે કહેતા હોય તેની વાત ખોટી ન માનવી. મોટાની વાતોની શાખ પણ વચનામૃતને મળતી આવતી હોય તેટલી જ લેવી અને વચનામૃતને મળતી ન આવે તો ન લેવી. વચનામૃતને મુખ્ય માનવા ને વચનામૃતમાંથી જે શબ્દ બતાવે તે માનવા પણ વચનામૃતમાં કોઈની શાખ ન લેવી. ૧/૧૫૮/૨૭૯

**૧૨.** પરોક્ષના શાસ્ત્રમાં તો પૂર્વે કોઈએ એકાદ-બે ઉગાર્યા છે, તે પણ મૂળમાયામાંથી ઉગાર્યા નથી. જ્યારે જે વચનામૃતને ભણે ને યથાર્થ સમજે તેમાં તો અનંત જીવનો ઉદ્ધાર કરવાની સામર્થી આવે છે. ૧/૧૬૦/૨૮૭

**૧૩.** અમદાવાદનું ૭મું વચનામૃત વંચાતું હતું. તેમાં સર્વેને અંતર્યામી જેવા કરીશું, અને બ્રહ્માંડની ઉત્પત્ત્યાદિક કરે એવા સમર્થ કરીશું એ વાત આવી.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, એ કેવી રીતે સમજવું? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મહારાજની મૂર્તિને વિશે શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી બ્રહ્માનંદ સ્વામી, પર્વતભાઈ આદિ અનંત મુક્ત રહ્યા છે તે જે સુખ લે છે તે એકબીજા

જાણે છે જે, આ મુક્ત આટલું સુખ લે છે ને આ મુક્ત આટલું સુખ લે છે, એમ જાણવું તે અંતર્યામીપણું કહ્યું છે અને આ લોકમાંથી જીવને વર્તમાન-નિયમ પળાવીને માયાથી પર કરીને સત્સંગમાં લાવીને ધામમાં કે મૂર્તિમાં લઈ જવા તે ઉત્પત્ત્યાદિક જાણવી. ૧/૧૭૩/૩૨૩

**૧૪.** પ્રથમ પ્રકરણના ૫૧મા વચનામૃતમાં હીરે હીરો વીંધાય એમ કહ્યું છે તે વેંધનારો હીરો કયો જાણવો ને વેંધવાનો હીરો કિયો જાણવો?

બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજ તથા તેમના મુક્ત તે વેંધનાર હીરો જાણવો ને વેંધવાનો હીરો તે મુમુક્ષુ જીવ જાણવા. શ્રીજીમહારાજ અથવા મુક્ત મળે તે જીવને મુક્ત કરે તે હીરો વીંધ્યો કહેવાય. શ્રીજીમહારાજ પોતે મળે અથવા મુક્ત મળે તો શ્રીજીમહારાજનું સર્વોપરીપણું ને સદા દિવ્ય સાકારપણું સમજાવીને મુક્ત કરે, માટે જીવને મુક્ત કરવા તેમાં જેવા શ્રીજીમહારાજ છે તેવા જ તેમના મુક્ત સમર્થ છે, પણ મુક્ત સેવક છે ને મહારાજ સ્વામી છે અને મુક્ત સુખના ભોક્તા છે ને મહારાજ સુખના દાતા છે. ૧/૨૦૪/૪૦૨

**૧૫.** શાસ્ત્રમાં શાસ્ત્ર આ વચનામૃત ને શિક્ષાપત્રી છે. શ્રીજીમહારાજનો મહિમા ને જ્ઞાન જાણવામાં વચનામૃત છે અને આજ્ઞા પાળવામાં શિક્ષાપત્રી ને ધર્મામૃત છે. તે વિના બીજા પરોક્ષ શાસ્ત્રમાં તણાવું નહિ. એક પુરાણી બાર વર્ષ ભણ્યા પણ વચનામૃત વાંચતાં ન આવડ્યું. એવું ન કરવું. વચનામૃત તો જરૂરથી જાણવા; જેવા છે તેવા જાણવા. સ્વામિનારાયણને તો બરાબર જાણવા. ૧/૨૦૫/૪૦૬

**૧૬.** બાપાશ્રીની કરેલી વચનામૃતની ટીકાની સપ્તાહ પૂરી થઈ ત્યારે બાપાશ્રીએ પુસ્તકની પૂજા કરી. પછી સ્વામી

ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને કહ્યું જે, આ આપની કરેલી ટીકા મેં લખી છે તો મને તથા પુરાણી ધર્મકિશોરદાસજીએ વાંચી તેમને તથા આ સંત-હરિજનોએ સાંભળી તે સર્વેને આશીર્વાદ આપો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, તમને તથા વાંચનારને તથા સર્વેને અક્ષરધામમાં શ્રીજીમહારાજની મૂર્તિમાં લઈ જાશું. આ ફેરો કોઈનો ખાલી નહિ જાય એવી રીતે આશીર્વાદ આપ્યો. ૧/૨૦૫/૪૦૬

**૧૭.** લોયાના ૭મા વચનામૃતમાં કહ્યું છે કે ઈન્દ્રિયો, અંતઃકરણ ને અનુભવ ત્રણેય પહોંચે નહિ તેને તો જન્મ-મૃત્યુ થાય તે તો ઠીક, પણ ચૈતન્ય પ્રકૃતિને પામ્યો જે કૈવલ્યાર્થી તેને જન્મ-મૃત્યુ કેમ છે? કારણ કે ચૈતન્ય પ્રકૃતિ જે અક્ષરબ્રહ્મ તેમાં લીન થયો જે કૈવલ્યાર્થી તે તો નદી સમુદ્રવત્ બ્રહ્મમાં ભળી ગયો તે કેમ સૃજાય?

બાપાશ્રી બોલ્યા જે, કૈવલ્યાર્થી જળમાં પાષાણવત્ તથા વૃક્ષે ખગવત્ લીન થાય છે, પણ સમુદ્રમાં નદીવત્ લીન થાતો નથી. તે જ્યારે શ્રીજીમહારાજ કૃપા કરીને જીવોનો મોક્ષ કરવા પૃથ્વી ઉપર પધારે છે ત્યારે તે કૈવલ્યાર્થી ઉપર દયા કરીને તેઓને પણ સૃષ્ટિ ભેળા સૃજે છે, કેમ જે વિષયમાં લુબ્ધ જીવો ઉપર દયા કરે છે; તો કોઈ પણ સાધને કરીને બ્રહ્મ સુધી પહોંચ્યો હોય તેના ઉપર દયા કરે એમાં શું? એ તો કરે જ. માટે શ્રીજીમહારાજ એને સૃષ્ટિમાં લાવીને પોતાની સાકારપણાની ઉપાસના કરાવીને મોક્ષ કરે છે. ૧/૨૦૮/૪૧૩

**૧૮.** આ વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકાનું પારાયણ કરે તો શું ફળ થાય?

બાપાશ્રી કૃપા કરીને બોલ્યા જે, ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરુષાર્થની સિદ્ધિને પામે અને પારાયણ કરાવનાર

પારાયણ કરાવીને તે પારાયણને અંતે નહાતા હોય તે પાણીમાં મહિમાએ સહિત જે નહાય અથવા તે પાણી માથે ચઢાવે તેનાં પંચ મહાપાપ બળી જાય.

કેટલાં પારાયણ વાંચવાથી આત્મામાં અખંડ મૂર્તિ દેખાય? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, પાંચ પારાયણો અને આજ્ઞા યથાર્થ પાળીને દિવસ દિવસ પ્રત્યે પાઠ કરે તો તેનું આત્યંતિક કલ્યાણ થાય. ૧/૨૨૫/૪૫૯

---

૧. સભામાં પ્રથમ પ્રકરણનું ૪થું વચનામૃત વંચાતું હતું, તેમાં નારદજી દ્વારકા ગયા એ વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે દ્વારકાનો અર્થ શ્રીજીમહારાજે એવો કર્યો છે જે દ્વારકા તો જ્યાં મોક્ષનું દ્વાર ઊઘડે ત્યાં જાણવું. જ્યાં મહામુક્ત બિરાજતા હોય તેનાં દર્શન-સમાગમ થાય ત્યાં દ્વારકા જાણવું અને સંત મોક્ષનું દ્વાર ઉઘાડે એટલે મોક્ષ કરે, ત્યાં દર્શને જાવું. આવું મોટાના સમાગમથી સમજાય. ૨/૯/૩૦

૨. સભામાં પ્રથમ પ્રકરણનું ૫૮મું વચનામૃત વંચાતું હતું, તેમાં રાંક હોય તે રાજા થાય એમ આવ્યું ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, બાપા! એનો અર્થ કેવી રીતે સમજવો? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, વચનામૃતના શબ્દ દ્વિઅર્થી છે. તેમાં પરભાવ તથા અવરભાવનો અર્થ જાણવો જોઈએ. મહારાજની મૂર્તિમાં તથા હજૂરમાં રહે તે રાજા જાણવા. આ પરભાવનો અર્થ છે. બીજો અવરભાવનો અર્થ એ છે જે આ લોકનું રાજ્ય મળે તે પણ રાજા કહેવાય, પણ તે તો રાંક જ છે. જ્યાં સુધી કામ, ક્રોધ, લોભ, માન આદિક દોષનો દોર્યો દોરાય ત્યાં સુધી રાંક અને એ દોષને જીતીને

વશ કરે ને એથી રહિત થાય તે રાજા કહેવાય. પરભાવમાં તો કાળ, કર્મ, માયા આદિક સર્વેથી રહિત થઈને મૂર્તિનો સાક્ષાત્કાર કરવો જોઈએ. ૨/૧૦/૩૨

૩. સભામાં વચનામૃત વંચાતું હતું. તેમાં ગાલવ રાજાની વાત આવી, ત્યારે બાપાશ્રીએ સંતોને પૂછ્યું જે, શ્યામકરણ ઘોડા ને ગાલવ રાજા તે કોને જાણવા? પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, બાપા! આ વચનામૃત તે વરુણ, જ્ઞાન તે ઘોડા, જીવ તે ગાલવરાજા અને ગુરુ તે ગરુડ, તે ગુરુ મળે ત્યારે આ વચનામૃત રૂપી વરુણમાંથી જ્ઞાન સમજાવે ને મોક્ષ કરે. ૨/૨૨/૬૦

૪. સભામાં પ્રથમ પ્રકરણનું ૩જું વચનામૃત વંચાતું હતું ત્યારે બાપાશ્રી સભા સામું જોઈને બોલ્યા જે, સંતો! આ વચનામૃત પ્રમાણે તમે અવતાર કર્યા, "જે જે અવતારે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી" તે અવતાર મચ્છ, કચ્છ, વરાહ, હયગ્રીવ, વ્યાસ, રામ, કૃષ્ણ? ના, ના, એ કોઈ નહિ. આ તમે છો તે બધા અવતાર છો. પરોક્ષ અવતારોથી આત્યંતિક કલ્યાણ ન થાય આ વાત નથી સમજાતી એટલી ખોટ કહેવાય. આ વાત સમજાય ત્યારે પૂરણકામ થઈ જવાય. ૨/૨૫/૬૮

૫. સભામાં જેતલપુરનું ૧લું વચનામૃત વંચાયું. તેમાં એમ આવ્યું જે, સો મનુષ્ય માને, હજાર મનુષ્ય માને, લાખ મનુષ્ય માને, ક્યારેક બ્રહ્મા જેવો, શિવ જેવો, ઇંદ્ર જેવો થાય તેણે કરીને મોટપ માને નહિ. આત્મા વડે અને સંતના સમાગમે કરીને મોટપ છે એમ આવ્યું. પછી સંતની મોટપ આવી. ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, પહેલી આત્મા વડે કરીને મોટપ કહી તે આત્મા ક્યો જાણવો? પછી સંતની આત્મનિષ્ઠાએ કરીને મોટપ છે, એમ કહ્યું તે આત્મનિષ્ઠા કઈ જાણવી? પછી બાપાશ્રી બોલ્યા જે પહેલી સાધનદશાવાળાને આત્મા વડે કરીને

મોટપ કહી. તે પોતાને શ્રીજીમહારાજના તેજરૂપ માનવું, તે આત્મા જાણવો અને સંતને આત્મનિષ્ઠા કહી તે આત્મા જે શ્રીજીમહારાજ તે શ્રીજીમહારાજમાં નિષ્ઠા કહેતાં સ્થિતિ તે આત્મનિષ્ઠા જાણવી. ૨/૨૯/૭૬

૬. પ્રથમ પ્રકરણનું ૬૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં અંત સમે આત્મનિષ્ઠા કેટલી સહાય કરે છે એમ આવ્યું. ત્યારે ગોરધનભાઈએ પૂછ્યું જે, આમાં અંત સમયનું લખ્યું છે તે તથા દેહને મૂકીને ભગવાનના ધામમાં જાય છે એમ કહેવાય છે તે કઈ રીતે સમજવું? ત્યારે બાપાશ્રી બોલ્યા જે દેહ મૂકીને ભગવાનના ધામમાં જાવું છે એમ કહેવાય છે એ અંતસમો જાણવો. તે દેહ મૂક્યો ક્યારે કહેવાય તો આ જીવને જ્યારે મહારાજ તથા મોટા મળે અને તેમનો જોગ-સમાગમ કરવા થકી હું દેહથી જુદો આત્મા તે પુરુષોત્તમરૂપ છું એમ મનાય એટલે દેહ મૂક્યો કહેવાય. તે છતે દેહે અંતસમો સમજવો. મહારાજ ને મુક્ત મળ્યા વિના અને તેમને વિષે આપોપું કર્યા વિના પંચભૂતનો દેહ છૂટે છે પણ પાછો બંધાય છે માટે છૂટ્યો ન કહેવાય. અને દેહ છતે જ અક્ષરધામમાં જવું, આવવું અને તે મૂર્તિને પામવું, તે ઉધારો મટીને પામવા યોગ્ય જે શ્રીજીમહારાજ તેને છતે દેહે પામ્યા પછી મોક્ષ થવાનો છે કે તે મૂર્તિ વિના અક્ષરધામ કે અનંતકોટિ મુક્ત કે બીજાં જે જે અનંતકોટિ ઐશ્વર્ય, સ્થાનક કે યત્કિંચિત સુખ તે બીજે ક્યાંય છે એમ ભાસે જ નહિ. સર્વે મૂર્તિમાં ભેગું જ છે. એવું જ્ઞાન મોટા અનાદિમુક્ત થકી પામ્યો હોય તેને મોક્ષ થવાનો બાકી છે કે પામવાનું બાકી છે કે કાંઈ સુખ હજુ રહી ગયું છે; એમ રહે નહિ. અને શ્રીજીમહારાજના નિત્ય નવાં સુખ, ઐશ્વર્ય, મહિમા તે વધતા જ જાય છે. તેને પોતે ભોગવતો થકો જળમાં માછલાં આનંદ પામે છે, તેમ આનંદ પામતો થકો અનંત મુક્ત તેણે સહિત

શ્રીજીમહારાજના સુખમાં રમે છે. ૨/૩૩/૯૩

૭. સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, પ્રથમ પ્રકરણના ૭૮મા વચનામૃતમાં નિર્મળાનંદ સ્વામીના પ્રશ્નમાં રામકૃષ્ણાદિક અવતારનો મહિમા વિચારવાનું કહ્યું છે તે અવતાર અન્વય સ્વરૂપના સમજવા કે વ્યતિરેક સ્વરૂપના સમજવા? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, એ વચનામૃતમાં કહ્યું છે તે રામકૃષ્ણાદિક તથા અક્ષરાદિક અન્વય સ્વરૂપના અવતાર છે અને મહારાજની ઈચ્છાએ અનાદિ તથા પરમ એકાંતિક મુક્ત આવ્યા હોય તે વ્યતિરેક સ્વરૂપના અવતાર સમજવા. ૨/૪૧/૧૨૭

૮. સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, મધ્ય પ્રકરણના ૬૬મા વચનામૃતમાં ભગવાનની ઈચ્છાએ કરીને ચૈતન્ય પ્રકૃતિનો દેહ બંધાય છે એમ કહ્યું છે એ ચૈતન્યપ્રકૃતિ એટલે મૂર્તિનું તેજ અને તેજ સ્વરૂપ થયેલા મુક્ત તે અહીં ચૈતન્યપ્રકૃતિ જાણવી. તે ચૈતન્યપ્રકૃતિનો દેહ બંધાય છે એટલે ચૈતન્યપ્રકૃતિરૂપ થયો જે ભક્ત તે ભગવાનની ઈચ્છાથી સાકાર થાય છે. ૨/૪૨/૧૩૦

૯. સભામાં મધ્ય પ્રકરણનું ૧૩મું વચનામૃત વંચાતું હતું. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે અમારા હૃદયમાં તેજ વ્યાપી રહ્યું છે તે તેજમાં મૂર્તિ દેખાય છે તે સાધનકાળમાં પરમ એકાંતિક ભક્તની સ્થિતિ દેખાડી છે. પછી કહ્યું છે જે અમે માતાના ઉદરમાં હતા તે દિવસ પણ મૂર્તિ દેખતા અને ઉદરમાં આવ્યા પહેલાં પણ દેખતા તે સિદ્ધ મુક્તની સ્થિતિ દેખાડી છે. સર્વે અવતાર પુરુષોત્તમમાં લીન થાય છે અને પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે તે અનાદિમુક્ત જાણવા. પુરુષોત્તમ ભગવાન રામકૃષ્ણાદિક રૂપે પ્રગટ થાય છે એટલે રામકૃષ્ણ તે મૂર્તિને પમાડનાર મુક્ત જાણવા. તે મુક્ત રૂપે સત્સંગમાં પ્રગટ

થાય છે. મનુષ્યરૂપ અને પ્રતિમા તો એક જ છે. તેથી અમે ત્યાં બેઠા થકા જ બોલીએ છીએ ને તેજને વિષે જે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ કહ્યું છે તે પોતાનું સર્વોપરીપણું બતાવ્યું છે. આ વાર્તા યથાર્થ સમજાણી હોય ને કોઈક પ્રારબ્ધ કર્મે કરીને ઊંચનીચ દેહની પ્રાપ્તિ થાય એમ કહ્યું છે તે આવું જ્ઞાન જેને થયું હોય તેનું પ્રારબ્ધ તો મહારાજ થયા કહેવાય. પણ જો ભૂંડા દેશકાળને લઈને વર્તમાનમાં ફેર પડે તો પ્રારબ્ધ પાછું વળગે છે. તેણે કરીને જન્મ લેવો પડે અને જ્ઞાન રહે તેણે કરીને પાછો ભગવાનને પામે. ૨/૪૨/૧૩૧

**૧૦.** સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, બાપા! તેજમાં મૂર્તિ ક્યારેક બેઠી દેખાય છે, ક્યારે હરતી-ફરતી દેખાય છે અને ક્યારેક ઊભી દેખાય છે તે શું સમજવું? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મનુષ્યરૂપે પ્રત્યક્ષ વિચરતા હોય ત્યારે ક્યારેક બેઠા હોય, ક્યારેક ઊભા હોય, ક્યારેક ચાખડીઓ પહેરીને ચાલે, હરે-ફરે તેમ દેખાય તે અવરભાવની વાત છે. અમદાવાદના ૯ઠ્ઠા વચનામૃતમાં કહયું છે જે ધામમાં બહુ પ્રકારના મહોલ છે, બહુ પ્રકારના ફુવારા છે અને બહુ પ્રકારના બાગ-બગીચા છે. એ શબ્દ અવરભાવના છે. માટે આ લોકને વિષે મહોલ, ગોખ, ઝરૂખા, બાગ-બગીચાને વિષે શ્રીજીમહારાજ બિરાજ્યા હોય તે કહ્યા છે.

કેટલાંક વચનામૃતમાં ભવ, બ્રહ્માદિક દેવ કહ્યા છે તે અક્ષર, મહાકાળ આદિકને કહ્યા છે એમ જાણવું. અમદાવાદના ૭મા વચનામૃતમાં અસંખ્યકોટિ બીજી ભૂમિકાઓ કહી છે તે અક્ષરકોટિના સ્થાનકને કહી છે. વળી અંતર્યામી જેવા કરવા છે એમ કહ્યું છે તે અંતર્યામી એટલે પરભાવમાં મૂર્તિનું સુખ તથા મુક્ત આદિનું જાણપણું જાણવું તે; પણ માયાના કાર્યમાં અંતર્યામી તે ન જાણવું. એવી જ રીતે અનંતકોટી બ્રહ્માંડોની

ઉત્પત્ત્યાદિકને કરે છે એવાં કરવા છે એમ કહ્યું તે પણ પરભાવમાં નિયમ ધરાવી સત્સંગ કરાવવો ને તેને શુદ્ધ એકાંતિક કરવો અને બધેથી લૂખો કરી મૂર્તિમાં જોડવો તે બ્રહ્માંડની ઉત્પત્ત્યાદિક કરે છે એમ જાણવું તથા જીવને મૂર્તિના સુખમાં પહોંચાડે તેવા કરવા એમ જાણવું. ૨/૪૨/૧૩૨

**૧૧.** સભામાં લોયાનું ૧૦મું વચનામૃત વંચાતું હતું. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, બાપા! આ વચનામૃતમાં કહ્યું છે જે પરમાત્મા છે તે તો સર્વાત્મા બ્રહ્મના આત્મા છે અને અક્ષરના પણ આત્મા છે તે કોને જાણવા? ત્યારે બાપાશ્રી બોલ્યા જે આ ઠેકાણે સર્વાત્મા બ્રહ્મ અનાદિમુક્તને જાણવા, અક્ષર તે મૂર્તિના તેજરૂપ ધામને જાણવું, મુક્ત તે પરમ એકાંતિકને જાણવા અને મહારાજ તે સર્વના આત્મા છે એટલે મૂર્તિમાન થકા આધાર છે અને સુખદાતા છે એમ સમજવું. આ પરભાવનો અર્થ છે. ૨/૪૫/૧૪૩

**૧૨.** બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, સભામાં વચનામૃત વંચાય છે તેમાં કેવળ શ્રીજીમહારાજનો અમૃતરસ ચાલ્યો આવે છે. જેમ વૃક્ષમાં ગુણ છે, જળમાં ગુણ છે, તેમ મહારાજ તથા મોટા અનાદિમાં અનંત ગુણ છે. એમ મહિમા સમજીને ધ્યાન કરવું, માળા ફેરવવી, સત્સંગમાં દિવ્યભાવ લાવવો એ બધું પાત્ર થવાનું કારણ છે. એવો પાત્ર થાય ત્યારે મહારાજ અને મોટા અનાદિની સંપૂર્ણ કૃપા થાય. આ વચનામૃતનો મુદ્દો છે, બીજાં શાસ્ત્ર વર્ષો સુધી ભણે પણ કારણ મૂર્તિ હાથ ન આવે. ૨/૫૯/૧૭૭

**૧૩.** બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે આ વચનામૃત ભણે તો બધાં શાસ્ત્ર આવી જાય. એને લઈને બેસે તો કોઈ અટકાવ કરે નહિ. આ તો ઠેઠ હજૂરનો ખુલાસો છે, જેથી

નીચલી કોર્ટવાળાનું કાંઈ ચાલે જ નહિ. માટે વચનામૃત બરાબર ભણવાં અને એમાંથી ભગવાનનો રસ આવે એટલે સુખિયો, નહિ તો લૂખો. રસ વિના જ્યાં ત્યાં ડાચિયું નાખે તો ધૂળ-કાંકરા આવે તો ય રસને ખોળવાની જીવને આસક્તિ થતી નથી. કચ્છ દેશમાં ધ. ધુ. આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ પધાર્યા હતા. ત્યારે વચનામૃતની કથા કરાવી હતી. તે વખતે માંહી ભારે ભારે વાતો આવતી પણ કેટલાંક શાસ્ત્રના ભણેલા પરોક્ષ દૃષ્ટાંતે વાતો કરે તેને અમે કહેતા જે લૂગડાં પહેર્યાં, શણગાર પહેર્યાં પણ હથેવાળો બાકી રહ્યો. તેમ જેણે આ વચનામૃત જેવાં દિવ્ય શાસ્ત્ર ન જાણ્યાં તેણે હરિ સંગાથે હથેવાળો મેળવ્યો ન કહેવાય. એક શબ્દના જેટલા અર્થ કરવા હોય તેટલા થાય એવું આ દિવ્ય શાસ્ત્ર છે. મોટા સત્પુરુષ જે અનાદિમુક્ત તે થકી જ એ સમજાય એમ છે. ૨/૬૫/૨૦૨

**૧૪.** બાપાશ્રી સંવત ૧૯૮૩માં કરાંચી પધાર્યા તે વખતે હીરાભાઈ તથા હરિભાઈએ "વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા"નું પારાયણ બેસાર્યું હતું. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા"ની કથામાં જે નાદ થાય છે તે બધાય પરભાવના છે. તે શ્રીજીમહારાજનાં ને મહામુક્તનાં વચન છે. અનંત બ્રહ્માંડમાં ફરી વળે તો ય આ નાદ ન સંભળાય. આ તો ચમત્કારિક વાતો છે. પછી હરિભાઈએ બાપાશ્રીને કહ્યું જે, બાપા! આપે બહુ દયા કરી, જેથી આ વચનામૃતના પરભાવના બધા અર્થ સૌને સમજાય તેવી રહસ્યાર્થ-પ્રદીપિકા ટીકા થઈ. તે સાંભળી સૌ હરિભક્તો અતિ રાજી થાય છે ને કહે છે કે બાપાશ્રીએ આ અતિ મોટો ઉપકાર કર્યો છે. વચનામૃતનું અધ્યાત્મજ્ઞાન આવું સુગમ કરી કોણ સમજાવે! ત્યારે બાપાશ્રી કહે, આ બધી શ્રીજીમહારાજની દયા છે. એમના સંકલ્પે આવાં કામ થાય છે. આપણે તો નિમિત્ત

માત્ર છીએ. કર્તાહર્તા શ્રીજીમહારાજને રાખીએ એટલે જે સમજવાનું છે તે સમજાણું. ૨/૬૯-૭૦/૨૧૪-૨૧૮

**૧૫.** બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, મહારાજે તો કાંઈ બાકી રાખ્યું નથી. બધું ય વચનામૃતમાં છે. તે ચોપડો લઈને બેસે તો મહાપ્રભુજીની મૂર્તિ વચનામૃતમાંથી હાથ આવે છે. એકેય શબ્દ મૂર્તિ વિના ખાલી નથી. બધાય શબ્દ એમાં છે. બીજાં શાસ્ત્ર તો વૈરાજ સુધી કે પ્રકૃતિપુરુષ સુધી પહોંચે; તે શાસ્ત્ર મહારાજ સુધી ન પહોંચે. બીજાં શાસ્ત્ર અવરભાવનાં છે ને મહારાજના વચનામૃત તો પરભાવનાં છે. ૨/૧૦૪/૩૨૯

**૧૬.** સોની મગનભાઈએ પૂછ્યું જે, બાપા! આપણા દેશમાં ૨૭૩ વચનામૃત છે અને વરતાલ દેશની પ્રતમાં ૨૬૨ છે, તે વચનામૃત એ દેશની પ્રતમાં ઓછાં કેમ હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, પહેલાં ૨૬૨ વચનામૃત હતાં તે જ્યારે સભામાં વંચાવા માંડ્યાં ત્યારે અમદાવાદના કુબેરસિંહ છડીદારે ધર્મધુરંધર આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને કહ્યું જે, મહારાજ! આ શું વંચાય છે? ત્યારે તેમણે કહ્યું જે, શ્રીજીમહારાજે જે જે ગામમાં વાર્તાઓ કરેલી તે મોટા સદ્‌ગુરુઓએ લખી હતી. એ બધી ભેગી કરીને શ્રીજીમહારાજનાં વચનામૃત લખાયાં છે, તે વંચાય છે. ત્યારે કુબેરસિંહજી છડીદારે કહ્યું જે, અહીં શ્રીજીમહારાજે જે જે વાતો કરેલી તથા તે વખતે જે જે પ્રશ્નો મેં પૂછ્યા હતા તેના મહારાજે પ્રસન્ન થઈને ઉત્તર કરેલા તે વાતો મેં પણ લખી રાખી છે. પછી જેતલપુરના આશજીભાઈએ પણ એમ જ કહ્યું જે, મહારાજે જેતલપુરમાં તથા અશલાલીમાં વાર્તા કરેલી તે મારા પાસે લખેલી છે. પછી તે બંનેને આચાર્યજી મહારાજે કહ્યું જે, તમે એ વાતો અમારી પાસે લાવો. પછી તરત જ તેમણે લખેલી વાતોના ખરડા મહારાજશ્રીને આપ્યા. તેમાં ચમત્કારી પ્રશ્નોત્તર

જોઈ ધ. ધુ. આયોધ્યાપ્રસાદજી મહારાજ તથા મોટા સંતો રાજી થયા ને કહ્યું જે, તમે આ વાતો લખી તે બહુ સારું કર્યું. પછી તેમાંથી એ સંતો પાસે વાતો એકંદર કરાવી તેનાં ૧૧ વચનામૃત થયાં. પછી ધ. ધુ. આચાર્ય મહારાજશ્રીએ વરતાલ મંદિરમાં પત્ર લખ્યો ને કહેવરાવ્યું જે, આપણે વચનામૃત તૈયાર કર્યાં છે તે ઉપરાંત અમને અહીંથી આ રીતે ૧૧ વચનામૃતો થયાં તેટલા ખરડાઓ મળ્યા છે. તેમાં શ્રીજીમહારાજનું સર્વોપરીપણાનું વર્ણન સારું છે. તેથી તમો એ વચનામૃત ૧૧ લખી લો ને તેમાં કાંઈ ફેરફાર ન કરશો કેમ કે તેમાં મહારાજનો સર્વોપરી ભાવ તથા શ્રી નરનારાયણ નામથી માહાત્મ્ય કહેલ છે. ત્યારે વરતાલથી ધર્મધુરંધર આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે સંતોને પૂછીને તે ૧૧ વચનામૃતો જેમ બીજાં વચનામૃતો શોધ્યાં હતાં તેમ શોધી નાખવા ઈચ્છા જણાવી. પછી અમદાવાદથી આચાર્ય મહારાજનો બીજો પત્ર ગયો જે, આમાં શ્રીજીમહારાજે પોતાનું પુરુષોત્તમપણું વર્ણવેલું છે તેથી તેમાં શોધવાની જરૂર જણાતી નથી એવો અહીં મોટા મોટા સંતોનો અભિપ્રાય છે. તેથી અમોને એ વચનામૃતમાં કાંઈ શોધવા જેવું જણાતું નથી. માટે તમો એ વચનામૃતો જેમ છે તેમ જ લખો તો ઠીક. ત્યારે વરતાલથી આચાર્યશ્રીનો જવાબ આવ્યો જે, અમે તો શોધ્યા વિના જેમ છે તેમ ઠીક લાગે તો લખીએ, કેમ કે બીજાં વચનામૃતો શોધાયાં છે તેથી આ વધારાનાં શોધવાં પડે. પછી અમદાવાદથી આચાર્યજી મહારાજે જાણ્યું જે, આ વચનામૃતોમાં જે સર્વોપરીભાવ છે તથા શ્રીજીમહારાજ સર્વના કારણ છે એવું શ્રીમુખે બોલ્યા છે તેવાં વચનથી આગળ ઘણો સમાસ થશે. એમ જાણી મોકલ્યાં નહિ. તેથી તે દેશની પ્રતમા એ ૧૧ વચનામૃતો લખાયાં નથી એમ અમે મોટા સંતો પાસેથી સાંભળ્યું છે. એ ૧૧

વચનામૃતમાં વાતો ચમત્કારી થઈ છે, કેમ જે તેમાં શ્રીજીમહારાજ સ્વયં પુરુષોત્તમ નારાયણ છે તેવું સ્પષ્ટ વર્ણન છે, માટે આપણા દેશની પ્રતમાં એ ૧૧ વચનામૃત વધારે છે. તેને કેટલાક સમજ્યા વિના નવાં કહે છે પણ એવું કહેનારા આવી વાત જાણે તથા એ વચનામૃતો વાંચે-વિચારે તો શ્રીજીમહારાજનો મહિમા વધુ સમજાય તેવું છે. ૨/૧૧૩/૩૬૧

**૧૭.** સભામાં પ્રથમ પ્રકરણનું ૭૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં એમ આવ્યું જે, શ્રીજીમહારાજ જીવના કલ્યાણે અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું અક્ષરધામ ને ચૈતન્ય મૂર્તિ એવા જે પાર્ષદ તથા પોતાનાં સર્વે ઐશ્વર્ય તે સહિત પધારે છે. તે વખતે પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, બાપા! આ વચનામૃતમાં મહારાજ તથા મુક્ત પધારે છે. એ ભેગું અક્ષરધામનું નામ છે. એવા વચનથી સત્સંગમાં કેટલાક અક્ષરધામ એ અક્ષર અને મહારાજ તે પુરુષોત્તમ તથા ચૈતન્ય મૂર્તિ પાર્ષદ જે મુક્તો તે સહિત પધારે છે એમ કેમ સમજતા હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, વરુણ ને જળ નોખું ન પડે, અગ્નિ ને પ્રકાશ જુદા ન રહે, સૂર્ય ને પ્રકાશનું ણ એમ જ; તેમ મૂર્તિ તેજોમય, તેથી તેજ જુદું ને મહારાજ જુદા એમ કેમ કહેવાય? મહારાજ તેજના કારણ છે, એ તેજ દેખાડવું કે નહિ તે તેમની મરજી. શ્રીજીમહારાજની મોટપ જેવી છે તેવી જેના જાણ્યામાં આવે તે તો એમ ન કહે. કેમ જે મોટા મુક્તોએ મહારાજને સર્વોપરી, સર્વકારણ, સર્વાધાર લખ્યા અને એ બધી વાત સમજાવી છે તેવો મહિમા જેને સમજાણો હોય તેને તો ચોથા ભેદવાળા મૂર્તિમાન અક્ષરાદિક બીજા કોઈની મોટાઈ નજરમાં ન આવે, કેમ કે મૂર્તિ આકારે દૃષ્ટિ થાય તે તો આત્માના સુખે કરીને તથા અક્ષરના સુખે કરીને અકળાઈ જાય ને મૂર્તિ વિના રહી શકે જ નહિ.

એવું અ. મુ. સ. ગુ. ગોપાળાનંદ સ્વામીએ ઘણું કહ્યું છે, પણ તે વિચારે તો ખબર પડે. મહારાજની મૂર્તિ પાસે અક્ષર આદિકની મોટપ શી ગણતીમાં? એ તો જેમ રાજા ને ચાકરમાં ભેદ, સૂર્ય ને પતંગિયામાં ભેદ તથા ચંદ્ર ને તારામાં ભેદ- એવો ભેદ છે. શ્રીજીમહારાજ તો એ અક્ષરાદિક સર્વના નિયંતા ને પ્રકાશક છે. કેટલાક કહે છે કે મહારાજ અક્ષરના આધારે રહ્યા છે. એવાને શ્રીજીમહારાજના મહિમાની શું ખબર પડે? "જે હરિ અક્ષર બ્રહ્મ આધાર પાર કોઈ નવ લહે" એમ એ તો અક્ષરના અને અનંતકોટિ બ્રહ્માંડના આધાર છે. મહારાજ ઘોડે બેઠા હોય ત્યારે ઘોડો મહારાજને ઉપાડીને ચાલે છે એવું દેખાય, પણ એ તો સર્વના આધાર છે; જેથી અક્ષરના આધારે મહારાજ રહ્યા છે એમ કહેનારાને મહારાજની મોટપ હાથ આવી જ નથી. શ્રીજીમહારાજ તો એ અક્ષરાદિક સર્વના આધાર છે. "અક્ષરના છો આત્મા રે અનંત ભુવનના ઈશ" એવી રીતે શ્રીજીમહારાજ સર્વના નિયંતા છે, આધાર છે, કારણ છે, સૌને પ્રકાશના દાતા છે. એમના તેજે અક્ષરાદિક સર્વે તેજોમય છે અને એ સર્વેને વિષે શક્તિએ કરીને અન્વયપણે રહ્યા થકા પણ પોતે તો પોતાના પ્રકાશરૂપ અક્ષરધામને વિષે સ્વતંત્રપણે રહ્યા છે. એ મૂર્તિને પામ્યા જે મુક્ત તે તો એ મૂર્તિના સુખભોક્તાપણે મૂર્તિમાં અખંડ રહ્યા છે. મૂળપુરુષ તથા અક્ષર એ આદિ સર્વના ભક્ત પરતંત્ર છે; અને શ્રીજીમહારાજના મુક્ત છે, તે તો સ્વતંત્ર છે, તેમને તો એ કારણ મૂર્તિને સુખે જ સુખ છે. અનંત કોટિ બ્રહ્માંડના આધાર, સર્વોપરી, કારણમૂર્તિ, શ્રીહરિ સહજાનંદ સ્વામી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિના સુખ તુલ્ય કોઈ સુખ કહેવાય જ નહિ, માટે અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયે કરીને શ્રીજીમહારાજની મૂર્તિમાં અતિ પ્રેમલક્ષણા ભક્તિએ સ્નેહ કરીને એ ર્તિના સુખમાં ગુલતાન રહેવું, પણ અક્ષર આદિકની

મોટપ તથા સુખમાં લેવાવું નહિ. કેમ જે અક્ષર સૃષ્ટિ સમે મહાપુરુષ સામું જુવે છે, ત્યારે તે મહાપુરુષ માયાને પ્રેરવાને સમર્થ થાય છે, માટે તેના સુખનું અધિકપણું પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષાદિકને હોય, પણ જેને શ્રીજીમહારાજની સાક્ષાત્ પ્રાપ્તિ થઈ છે, તે તો જ્યારે એ મૂર્તિના સુખનો વિચાર કરે ત્યારે એ અક્ષરનું સુખ પણ તુચ્છ થઈ જાય છે. માટે શ્રીજીમહારાજની મૂર્તિ તો અદ્વિતીય છે. તે મૂર્તિ પમાડવા અનાદિ મહામુક્ત વિના કોઈ અવતારાદિકની સામર્થી નથી, કેમ જે અવતારોનાં ધામ જુદાં છે ને મહામુક્તોને તો શ્રીજીમહારાજનો સાક્ષાત્ સંબંધ છે. અક્ષર, મૂળપુરુષ આદિકને તો મહારાજ પોતાની અંતર્યામી શક્તિએ કરીને પ્રકાશ કરે છે પણ તેને બીજા કોઈ જાણી શકતા નથી. જેમ કોઈ પુરુષ બરછી કે તીર નાખે તે બરછી કે તીરમાં નાખનારની શક્તિ જાય ખરી, પણ હાથમાં જેટલી શક્તિ હોય તેટલી ન જાય, લેશમાત્ર જાય; તેમ તે શક્તિ પણ એવી અને પોતાને વિષે તો અપાર શક્તિ હોય. તેથી મહારાજે કહ્યું છે જે, ક્ષર-અક્ષરને અમારી શક્તિએ કરીને ધરી રહ્યા છીએ. મોટાએ પણ એવું સમજાવ્યું, તો પણ જાણ્યા વિના અક્ષરના આધારે મહારાજ રહ્યા છે એમ જે કહે છે તેને શ્રીજીમહારાજના મહિમાની ખબર શું પડે! અને મોટા પુરુષના સામર્થ્યની પણ શું ખબર પડે! આપણે તો સદાય મૂર્તિમાં રહ્યા છીએ એમ જાણવું. શ્રીજીમહારાજને તથા મોટા મુક્તને જીવના પાત્રપણાની ખબર પડે, કેમ કે તેમને સર્વે વાત હસ્તામળ હોય, તેથી જીવને ધીરે ધીરે સમજાવવા પ્રથમ મહારાજે સત્પુરુષ રૂપે પોતાને ઓળખાવ્યા, પછી અવતારરૂપે, પછી પોતે અવતારીપણે જણાણા. મુક્તોનું પણ એવું. નારદ, શુક, સનકાદિક તથા વ્યાસાદિક કહ્યા, કોઈને દત્તાત્રેય, કપિલજી જેવા, તો કોઈને અવતાર જેવા કહ્યા, પછી અક્ષરની ઉપમા આપી. પછી

વળી સિદ્ધ મુક્ત મૂર્તિની સન્મુખ રહી એકકાળાવચ્છિન્ન મૂર્તિનું સુખ ભોગવે છે એમ જણાવી એકાંતિક, પરમ એકાંતિક મુક્તના નામે કહ્યા અને અનાદિ તો મૂર્તિમાં જ રસબસ રહ્યા છે તેમ પણ સમજાવ્યું. એ રીતે જેમ જેમ જીવો સમજતા ગયા તેમ તેમ મહારાજ તથા મોટા અનાદિમુક્ત સમજાવતા ગયા. કેટલાક એમ કહે છે જે મોટા પુરુષોએ લખ્યું તે સાચું નહિ ને તમો કહો તે સાચું? પણ તેને આવી વાતોની ખબર નહિ જે, મોટા મુક્તોએ તો ધીમે ધીમે પચ પડતું જાય તેમ વાતો કરી સમજાવ્યું છે અને જેમ છે તેમ પણ લખ્યું છે. "એક હરિજન પર્વતભાઈ આચરજકારી છે; સદા રહે મૂર્તિમાંહી આચરજકારી છે", વળી "એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ રહ્યાં છે" એમ પણ લખ્યું છે. તથા જેમ "જળ તરંગ નહિ ભેદ જદા, તેમ તેજ અગ્નિ નહિ ભિન્ન તદા; એમ હરિ હરિજન એક સદા , "રસબસ હોઈ રહી રસિયા સંગ" એમ મહારાજ તથા અનાદિની આવા દૃષ્ટાંતે એકતા બતાવી છે. તો પણ સદા સાકારપણું, સ્વામીસેવકપણું, દાતા-ભોક્તાપણું ક્યારેય ટળતું નથી. તેથી આપણે તો કારણ મૂર્તિને જ સર્વોપરી જાણી સુખિયા રહેવું. મહારાજ જેવા તો મહારાજ એક જ છે. તેથી જેને જેટલો મહારાજનો મહિમા સમજાય તેટલો તેને આનંદ આવશે તથા પ્રાપ્તિ થશે. ૨/૧૨૧/૩૭૪

**૧૮.** સભામાં વચનામૃતની કથા થતી હતી, ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આમાં મહારાજે બધું ય સમજાવ્યું છે. કંઈ કહેવાનું ને સમજાવવાનું બાકી રાખ્યું નથી, પણ જીવની વૃત્તિ અધરપધર જ રહે છે તેથી આ વાતની ખબર પડતી નથી. આ અધ્યાત્મ વાતો કેટલાક બુદ્ધિબળે સમજવા જાય તે ક્યાંથી સમજી શકે! શ્રીજીમહારાજે કહેલું શાસ્ત્રમાં લખ્યું

તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય ત્યારે તેના મુખ થકી યથાર્થ સમજાય. ૨/૧૩૬/૪૧૨

**૧૯.** સભામાં મધ્ય પ્રકરણનું ૧૨મું વચનામૃત વંચાતું હતું. તેમાં કાયાનગરને વિષે જીવ રાજા છે. તે જેમ રાજા રાજનીતિને ભણીને રાજ્ય ચલાવે છે, તેમ કાયાનગરને વિષે સર્વે ઇન્દ્રિયોને નિયમમાં રાખીને વર્તાવે તો જીવને મૂર્તિનું સુખ આવે ને સુખિયો થાય એમ આવ્યું. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, કાયાનગરને વિષે જીવ કાને કરીને નબળા શબ્દ સાંભળે નહિ, નેત્રે કરીને ભગવાન વિના બીજું રૂપ જુએ નહિ, નાકે કરીને ભગવાનની પ્રસાદી સિવાયની બીજી અત્તર-ચંદનાદિકની સુગંધી ન લે. જિહ્વાએ કરીને ભગવાનની પ્રસાદી વિના બીજો રસ ન લે. એવી રીતે દસ ઇન્દ્રિયો તથા ચાર અંતઃકરણ એ સૌને વશ કરીને ભગવાન સંબંધી ક્રિયા કરાવે તો સુખિયો થાય એટલે મહારાજની મૂર્તિને દેખે. એવું આવા સંત હોય ત્યાં થાય. આ સંત નૈમિષારણ્ય ક્ષેત્ર છે. ત્યાં દસ ઇન્દ્રિયોની ધારા બુઠ્ઠીઓ થઈ જાય. મનોમય ચક્ર તે મન છે અને દસ ઇન્દ્રિયો તે મનની ધારા છે. તે આવા સંતના સમાગમથી બુઠ્ઠીયું થાય. જીવરૂપી રાજા ગાંડો થાય તો મોક્ષના માર્ગથી પડી જાય, નહિ તો પોતે રાજ્ય કરે એવો છે; માટે ઇન્દ્રિયોને નિયમમાં રાખવી. ૨/૧૪૪/૪૩૭

**૨૦.** સભામાં પ્રથમ પ્રકરણનું ૬૩મું વચનામૃત વંચાતું હતું, તેમાં એમ આવ્યું જે તત્ત્વે કરીને ભગવાનને ઓળખવા. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, તત્ત્વે કરીને ભગવાનને જાણે એટલે મૂર્તિનું સુખ યથાર્થ આવે એમ મહારાજ કહે છે. ૨/૧૪૬/૪૪૧

**૨૧.** વચનામૃત તો શ્રીમુખનાં વચન છે. તે મનવાર જેવાં છે. એ વચનમાં જે વજની પેઠે જોડાઈને વર્તે તે કોઈ રહી જાય નહિ. ૨/૧૪૯-૧૫૧/૪૫૦-૪૫૪

૨૨ વચનામૃતમાં કેટલાક શબ્દ શ્રીજીમહારાજ પોતે ભગવાનરૂપે બોલ્યા છે, અને કેટલાક શબ્દ અનાદિમુક્તરૂપે બોલ્યા છે અને કેટલાક શબ્દ સાધનિકરૂપે બોલ્યા છે. બે પ્રકારની સમજણવાળાને અર્થે શ્રીજીમહારાજે વચનામૃત દ્વિઅર્થી કર્યાં છે.

(૧૬)

# દેવનો ધર્માદો ને દેવમિલકતની સ્પષ્ટતા

શ્રીજીમહારાજની મૂર્તિમાં ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવ તે એકાગ્ર કરીને જોડાઈ જાવું તે ઉત્તમ ધર્માદો છે.

૧. ગૃહસ્થ હોય તેમણે દશાંશ-વિશાંશ કાઢવો તે કનિષ્ઠ ધર્માદો છે; અને બાર મહિનામાં એક-બે મહિના મોટા મુક્તનો સમાગમ કરવો તે મધ્યમ ધર્માદો છે. અને શ્રીજીમહારાજની મૂર્તિમાં ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવ તે એકાગ્ર કરીને જોડાઈ જાવું તે ઉત્તમ ધર્માદો છે. આ ત્રણ પ્રકારનો ધર્માદો છે તે સર્વે ગૃહસ્થોએ કાઢવો પણ એકેય પડ્યો મૂકવો નહિ. એમ ન સમજવું જે, સમાગમ કરીએ એટલે દશાંશ-વિશાંશ કાઢવાની શી જરૂર છે? એ તો ધ્યાન કરતા હોય અને ધ્યાનમાં મૂર્તિ દેખાતી હોય અને સમાગમ કરતા હોય તેમણે પણ દેવનો ધર્માદો પૂરેપૂરો આપવો. તે ધર્માદામાંથી સાધુને પણ જમાડવા નહિ અને ધોતિયાં પણ ઓઢાડવાં નહિ અને તીર્થ કરવા જાવું તે તીર્થના ખર્ચમાં પણ એ ધર્માદો ન ગણવો. ઠાકોરજીને વસ્ત્ર, ઘરેણાં તથા જગ્યાઓ તથા ગોદડાં, વાસણ, દાણા, ઘી, ગોળ

આદિક વસ્તુ લાવી દેવામાં તે વાપરવો. ૧/૫૩/૧૦૧

૨. દેવદ્રવ્યને આચાર્ય પોતાનું કરવા ઇચ્છે તો ધર્માદાની શી રીત કરવી? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આચાર્ય, સાધુ ને સત્સંગી એ ત્રણે મળીને વહીવટ કરવો એવી શ્રીજીમહારાજની આજ્ઞા છે. તે પ્રમાણે ન વર્તે ને સ્વતંત્રપણે વર્તે તો સત્સંગમાં મોટો ઉદ્વેગ થાય ને એમાંથી મોટો વિક્ષેપ થાય ને એકબીજાનાં મન જુદાં થઈ જાય ને સરકારે પણ જવું પડે એવો મોટો ઉદ્વેગ થઈ પડે. ૧/૫૩/૧૦૨

૩. નડિયાદવાળા ઝવેરીલાલભાઈએ પૂછ્યું જે, વરતાલમાં ભાણેજને ગાદીએ બેસાડવાનું કર્યું હતું તેમાં સદ્‌ગુરુ સ્વામી બળરામદાસજી સામા પડ્યા હતા, એવો વ્યવહાર આવી પડે ત્યારે કેમ કરવું?

બાપાશ્રી બોલ્યા જે, એ તો વ્યવહાર ન કહેવાય. એ તો ધર્મની બાબત છે, માટે એમાં તો ભળવું. એ તો શ્રીજીમહારાજનો પક્ષ રાખ્યો કહેવાય, કેમ જે મહાપ્રભુજીની આજ્ઞા લોપીને ધર્મકુળ વિના બીજાને ગાદી બેસાડવાનો વિચાર કર્યો હતો તેમ જ કદાપિ વાડ ઊઠીને ખેતરને ખાય તેમ થતું હોય અથવા કોઈ આચાર્ય ભવિષ્યમાં એવા નીકળે જે દેવની મિલકતના ધણી થવા ઇચ્છે, તો તેમાં પણ માથા સાટે દેવનો પક્ષ રાખવો. એ વ્યવહારમાં ભળ્યા ન કહેવાય. એ તો શ્રીજીમહારાજની પ્રસન્નતાનું સાધન છે. દેવની માલિકી કરાવવાને સારુ ધર્માદાનો પૈસો સરકારમાં વાપરવો પડે તો વાપરવો, તેમાં શ્રીજીમહારાજ કચવાય નહિ પણ ઊલટા રાજી થાય.

પછી કણભાવાળા આશાભાઈએ પૂછ્યું જે, તેમાંથી જેમ સ્વામી બળરામદાસજીને દુઃખ આવ્યું જે મંદિરમાંથી કાઢી મૂક્યા એવું થાય તો શું કરવું? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, અન્યાય થતો

હોય ને દેવનો પક્ષ રાખતા થકા કાંઈ દુઃખ આવે તો ત્યાં હાજી હાજી ન કરવું. એક મંદિરમાં રહીને ભગવાન ભજવા, પણ શિખરબંધ મંદિર ન કરવું. ૧/૧૩૪/૨૩૨

૪. જેમ મહારાજ ને મુક્ત દિવ્ય છે તેમ જ તેમની સેવા પણ દિવ્ય છે. માટે સત્સંગીઓએ ધર્માદો પૂરો આપવો પણ દેવના લાભને અર્થે સરકારમાં જતો હોય તો સરકારમાં જાય છે (કે પહાણા ખડકે છે) કે કૂવા કરે છે એમ ન જાણવું; એ તો શ્રીજીમહારાજને જ અર્પણ થાય છે. શ્રીજીમહારાજ જડ વસ્તુને બદલે દિવ્ય સુખ આપે છે, માટે એમાં શંકાઓ કરવી નહિ. ૧/૧૫૪/૨૭૩

૫. સાચા સંતને વિષે રહીને શ્રીજીમહારાજ બોલે છે, જમે છે, માટે એવા સંત ને ભગવાન તેમની અન્ન, જળ, દ્રવ્યે કરીને સેવા કરવી. કોઈને એમ થાય જે સત્સંગમાં તો ઘણાય રૂપિયા છે એમને શી ખોટ છે તે આપીએ? આ તો દરિયામાં વરસાદ થયો તો ય શું? અને ન થયો તો ય શું? સૂકામાં વરસે તો અનાજ પાકે છે એમ ગરીબને આપીએ તો દુઃખી થતાં મટે, એમ કોઈને થાય તો તેમને અમે જણાવીએ છીએ કે સમુદ્રમાં વરસાદ થવાથી તો સાચાં મોતી પાકે, એટલે સત્સંગમાં અન્ન-દ્રવ્યાદિકે કરીને સેવા કરવાથી આત્યંતિક મોક્ષરૂપી સાચાં મોતી પાકે છે. (દીનજનને પણ અન્ન-દ્રવ્યાદિકે મદદ કરવી તો એવી રીતે કરવી કે જેથી કરીને તેને શ્રીજીમહારાજ વિષે ભાવ થાય. આ લોકના જીવો શ્રીજીમહારાજ અને તેમના મુક્તોને ઓળખે અને તેમના સંબંધને પામીને કલ્યાણને માર્ગે ચાલે તેવા પારમાર્થિક ને કલ્યાણકારી હેતુથી જે સેવા કરવી પડે તે અવશ્ય કરવી, કેમ જે "દીનજનને વિશે દયાવાન થવું" એવું શિક્ષાપત્રીમાં મહારાજે લખ્યું છે. જીવોના આત્યંતિક કલ્યાણ

અર્થે જે સેવા થાય તે સત્સંગની સેવા ગણાય. પરંતુ પોતાની નામના ખાતર કે અંગત સ્વાર્થ સારુ કરેલ ખર્ચ તે સેવા તરીકે ન લેખાય.) ૧/૧૬૦/૨૮૭

૬. કેટલાક સત્સંગીઓ વ્યવહારમાં ને સત્સંગમાં બહુ મોટા હોય ને શ્રીજીમહારાજે દ્રવ્ય ઘણું આપ્યું હોય તો પણ એ મોટપ સત્સંગમાં ને પરોક્ષમાં બે ય ઠેકાણે લોકલાજે વાપરે છે. તેમ આપણે ન કરવું. શ્રીજીમહારાજના આશ્રિતને તો આ સત્સંગમાં જ વાપરવું એટલે મહારાજ ને મુક્ત રાજી થાય તો મોટી મોજ અને સુખિયા થવાય.

જ્યારથી વર્તમાન ધરાવ્યાં ત્યારથી તન, મન, ધન ને અનેક જન્મનાં કર્મ એ બધું શ્રી સ્વામિનારાયણને અર્પણ કર્યું, માટે ત્યારથી સ્વામિનારાયણ ધણી થયા; તો તે ધણીનું નામ લઈને બીજાને કેમ અપાય? તો પણ કેટલાક માને કરીને પરોક્ષમાં વાપરે છે. ૧/૧૮૬/૩૫૧

૭. જેમ બે હજાર રૂપિયાની વાંસળીને ગળે બાંધીને સમુદ્રમાં પડે તો ડૂબી મરે અને જો તેનું વહાણ કરાવીને તે વહાણમાં બેસે તો સમુદ્ર સહેજે ઉતારી દે, તેમ દ્રવ્ય છે તે વ્યવહારમાં વાપરે તો સગુણ અને બંધનકારી છે અને શ્રીજીમહારાજના ને સંતના ઉપયોગમાં આવે તો નિર્ગુણ અને કલ્યાણકારી છે.

૮. સંત થોડાક જ હોય તો પણ સદાય રાખવા હોય તો ન રાખી શકાય અને ગૃહસ્થ એક ઘરમાં દશ-વીશ માણસ હોય તો તેનું સદાય પોષણ કરે. એમ ઘરમાં બંધાઈ રહ્યા છે.

૯. સમજણ વિના તો આવા સંત આવે ને એક જ દિવસ રહે તો પણ ઝાઝું થઈ પડે; પોતે તો પચાસ વરસ રહીને કેટલુંય ખાઈ ગયો હોય, પણ આવા સંતને એક દિવસ જમાડવા કઠણ થઈ પડે.

૧૦. મધ્ય પ્રકરણનું ૫મું વચનામૃત વંચાતું હતું, તેમાં ભગવાનના ભક્તનો પક્ષ રાખવો પણ વિમુખનો પક્ષ ન રાખવો એમ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજનો આશ્રિત હોય પણ તે શ્રીજીમહારાજના કહેલા ધર્મ ન પાળતો હોય તેને વિમુખ જાણવો. જે અધર્મીનો પક્ષ રાખે તે આ જન્મે અથવા બીજા જન્મે જરૂર વિમુખ થાય. માટે અધર્મી હોય તેનો પક્ષ ન રાખવો. અને તેનો પક્ષ ન રાખવે કરીને કોઈનો ચૂડો નહિ ભાંગે; શ્રીજીમહારાજને મૂકશો તો ચૂડો ભાંગશે એટલે કલ્યાણ નહિ થાય. જેને શ્રીજીમહારાજને વિષે ને મોટા મુક્તને વિષે દૃઢ આત્મબુદ્ધિ થઈ હોય ને દેહાભિમાન ટળી ગયું હોય તેનાથી ધર્મનો પક્ષ રહે. આ ટાણે દેવની મિલકત કરાવવા સારુ સ્વામી વૃંદાવનદાસજીએ તથા આ ઈશ્વર બાવે અમારી આજ્ઞાથી દેવનો પક્ષ રાખીને દુઃખ માથે લીધું છે, પણ લેશમાત્ર દેહાભિમાન રાખ્યું નથી. "હિંમતે મરદા તો મદદે ખુદા". માટે હિંમતમાં રહેવું તો મહારાજ સારું કરશે. અન્નવસ્ત્રાદિક નહિ આપે કે મંદિરમાં રહેવા નહિ દે, એમ બીક રાખવી નહિ અને દેવનો પક્ષ માથા સાટે રાખવો તો શ્રીજીમહારાજ પ્રસન્ન થાશે, પણ પાર્ટી બાંધીને પાર્ટીનો પક્ષ રાખવો નહિ; ધર્મનો પક્ષ રાખવો. જો પાર્ટીનો પક્ષ રાખીને ધર્મનો ત્યાગ કરે તો તે શ્રીજીમહારાજનો ભક્ત હોય તો પણ આ જન્મે અથવા બીજે જન્મે જરૂર વિમુખ થાય માટે તપાસ રાખવો. ૧/૨૦૨/૩૯૧

---

## (૧૭)

# શ્રીહરિની ચરણરજની પ્રસાદીનો મહિમા

સાધનદશાવાળાને સર્વે પ્રસાદી કરતાં
શ્રીજીમહારાજની ચરણરજની પ્રસાદી ઉત્તમ છે.

૧. સાધનદશાવાળાને સર્વે પ્રસાદી કરતાં શ્રીજીમહારાજની ચરણરજની પ્રસાદી ઉત્તમ છે. ચરણરજની પ્રસાદીને મહિમા જાણીને જેને ભૂત વળગેલું હોય તેના માથે નાખે તો ભૂત જતું રહે ને પાપીને માથે નાખે તો પાપથી મુક્ત થાય. ૧/૫/૧૨

---

૧. કરાંચીમાં સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, આ સભાની ચરણરજ વાળેલી હોય તે રજનો મહિમા જાણીને, પાપી જીવ માથે ચડાવે તો તે પાપી હોય તો પણ પાપથી મુક્ત થાય અને ભૂત-પ્રેત હોય તો તે પણ જતું રહે. ૨/૬૨/૧૯૪

---

## ૧૮

# ગૂઢાર્થવાળાં જોડકણાં અને પંક્તિઓની આધ્યાત્મિક સમજૂતી

"મુજ વિના જાણજો રે, બીજા માયિક સૌ આકાર."

૧. સાધુ પુરુષોત્તમચરણદાસજીએ પૂછ્યું જે, "નાભિ અજને થયાનું ઠેકાણું બ્રહ્માનંદનું ત્યાં મન લોભાણું" એમ કહ્યું તેનો અર્થ શો સમજવો?

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મહારાજની નાભિ જે નીરખે તે અજ એટલે મુક્ત થાય, માટે અજનો અર્થ મુક્ત સમજવો. એ નાભિમાં શ્રી બ્રહ્માનંદ સ્વામીનું મન લોભાણું એમ કહ્યું છે. આ પ્રશ્ન સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામીને શ્રીજીમહારાજને સભામાં પૂછ્યો હતો. તેનો ઉત્તર શ્રીજીમહારાજે શ્રી બ્રહ્માનંદ સ્વામી પાસે કરાવ્યો હતો.

સાધુ દેવજીવનદાસજીએ પૂછ્યું જે, શ્રી બ્રહ્માનંદ સ્વામીના કીર્તનમાં કહ્યું છે કે, "પાઘડી બાંધી છે ત્રિલોક થકી ન્યારી" તે ત્રિલોકી કઈ રીતે સમજવી? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, પ્રકૃતિપુરુષ સુધી તો બધું નાશવંત છે. તેને તો બ્રહ્માનંદ સ્વામીએ

ગણ્યું જ નથી ને તેથી પર પહેલી મૂળપુરુષરૂપ ઈશ્વરકોટી, બીજી બ્રહ્મકોટી અને ત્રીજી અક્ષરકોટી એમ ત્રિલોકી કહી છે. તેથી શ્રીજીમહારાજની પાઘડી ન્યારી કહી છે. આ કાર્ય-ત્રિલોકી છે. મૂળઅક્ષરથી પર શ્રીજીમહારાજના એકાંતિક ને તેથી પર પરમ એકાંતિક અને તેથી પર અનાદિ એ કારણ-ત્રિલોકી છે; તેથી મહારાજની પાઘડી ન્યારી છે એમ કહ્યું છે. ૧/૨૧/૪૭

૨. કણભાવાળા આશાભાઈએ પૂછ્યું જે, "હું તો જાઈશ ગિરધર જોવા રે મા મુને વારીશમા" એમ કહ્યું છે તે 'મા' કઈ જાણવી?

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજને ભજતાં અતરાય કરનારી માયા છે તે 'મા' જાણવી. ૧/૨૧/૪૮

૩. અમીચંદભાઈએ પૂછ્યું જે, "બાપ પહેલા બેટા જન્મ્યા, પીછે મોટાભાઈ; ધામધુમસે પિતા જન્મ્યા, પીછે જન્મી માઈ" તે શું સમજવું?

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, નાનાભાઈ તે જ્ઞાન છે તે સંતને સમાગમે કરીને પ્રથમ જ્ઞાન આવે. પછી વૈરાગ્ય ઉદાય થાય તે મોટો ભાઈ જાણવો, પછી ભાગવત ધર્મ આવે તે પિતા જાણવા અને પછી શ્રીજીમહારાજને વિષે પ્રેમલક્ષણા ભક્તિ આવે તે માતા જાણવી. ૧/૨૩/૪૯

૪. સરસપુરના પ્રાણશંકરભાઈ પૂછ્યું જે, "ગપ્પીને ઘેર ગપ્પી આવ્યા, કહો ગપ્પીજી, બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી" તે શું સમજવું?

બાપાશ્રી બોલ્યા જે, ચીભડું તે માયા જાણવી અને બી તે જીવ જાણવો. જીવ જ્યારે માયાના બંધનથી છૂટે ત્યારે માયાથી મોટો થાય એમ સમજવું. ૧/૨૩/૫૦

૫. હળવદના ત્રિભોવનભાઈએ પૂછ્યું જે, "કીડીબાઈ ચાલ્યાં

સાસરે, નવ મણ કાજળ સાઈ; હાથી લિયા ગોદમેં, ઊંટ લિયા લટકાઈ" એ સાખીનો અર્થ શો હશે?

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, કીડી તે જીવ જાણવો, સાસરું તે શ્રીજીમહારાજનું ધામ જાણવું, આંજણ તે નવ આવરણ જાણવાં, તે આવરણ ટળી જાય તે આંખમાં આંજી લીધાં; આગળ ચાલ્યો તે ઊંટને ઠેકાણે બ્રહ્મકોટી છે અને હાથીને ઠેકાણે અક્ષરકોટી છે, તેમને પોતાની સાથે શ્રીજીમહારાજ પાસે લઈ જાય એવો સમર્થ થાય છે. ૧/૨૩/૪૯

૬. સભામાં અમદાવાદના શેઠ બળદેવભાઈએ પૂછ્યું જે, "અંતે યા મતિ સા ગતિ" એ શ્રુતિનો શો અર્થ સમજવો?

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ભગવાનના ભક્તને સદા અંત અવસ્થા જેવું સમજવું. કેમ જે, દેહનો નિરધાર નથી. આ ક્ષણ આ ઘડીમાં જરૂર મરવું છે. જેમ ખળામાં દાણાનો ઢગલો પડ્યો હોય ને ચારેકોરથી વરસાદ ચઢીને ઘુઘવતો આવે તો દાણા ઢાંકવાની ઉતાવળ થાય તેમ અંત અવસ્થા સદા સમજાય ત્યારે પૂરું કરવાની આતુરતા થાય. સાધનિકને મોટાએ વચન આપ્યું હોય ને તેને કદાપિ માયાના ગુણ અંતરાય કરતા હોય તો પણ તેને કેફ રહે. જેમ બાપે દીકરાને કહ્યું હોય જે આ ઠેકાણે દ્રવ્ય દાટેલું છે તો તેનો કેફ છોકરાને રહે છે જે મારું દ્રવ્ય દાટેલું છે; તેમ જેને મોટા મુક્ત મળ્યા હોય તેને કેફ રહે જે મારું કામ કરશે જ, તો એને સર્વે કામ પૂરાં થઈ જ રહ્યાં છે. જેને મોટા મળ્યા નથી તેને કામ, ક્રોધ, માન, સ્વાદ એ આદિકનો ભાર ઘણો જ રહે, તેથી એનું અંતે અધૂરું રહે. માટે કલ્યાણકારી સંતને એટલે મુક્તને જાણવા; અને કામ, ક્રોધ આદિકના અંકૂર ઊઠવા દેવા નહિ. તેને ટાળવાનો આદર રાખવો તો મોટા સહાય કરીને ટાળી નાખે. ૧/૧૧૮/૨૦૯

૧. "નરનારાયણ દિવ્ય મૂર્તિ સંતનકો વિશ્રામ"

પુરુષાકાર શ્રીજીમહારાજ દિવ્ય મૂર્તિ છે અને સંત જે મુક્ત તેમને મૂર્તિમાં રાખી સુખ આપનારા એવા મહારાજ છે. (નરનારાયણને ઠેકાણે શ્રીજીમહારાજને જાણવા.) ૨/૩૮/૧૧૨

૨. "મુજ વિના જાણજો રે બીજા માયિક સૌ આકાર"

ભગવાન જે શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજા માયિક આકાર છે, એટલે પુરુષોત્તમ ભગવાન અને તેમના મુક્ત એ બે વિના સર્વે માયિક આકાર છે. સુખમાત્ર મહારાજની મૂર્તિમાં છે. જીવ માયિક પદાર્થમાં ઝાવાં નાખે અને ઐશ્વર્ય આદિકમાં ઝાવાં નાખે, એ નિશ્ચયમાં કસર છે. કીર્તનની પંક્તિમાં દર્શાવ્યા પ્રમાણે જો પરિપક્વ નિશ્ચય થયો હોય તો કોઈની ખાડમાં ન પડે, મૂર્તિમાં ખેંચાઈ જાય.

૩. "પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો" એટલે શ્રીજીમહારાજની જેટલી આજ્ઞા છે તેટલી પાળે તો પતિવ્રતા કહેવાય. વર્તમાન ધારી શ્રીહરિ સાથે સગપણ કર્યું. હવે આજ્ઞા યથાર્થ પળે તો હરિ સાથે હથેવાળો કીધો કહેવાય, પણ ગમે તેમ વરતે તો ક્યાં પતિવ્રતાપણું રહ્યું? યથાર્થ વર્તમાનધારીના પ્રારબ્ધ શ્રીજીમહારાજ છે. જેમ છોકરાનું પ્રારબ્ધ તેનાં મા-બાપ, તેમ શ્રીજીમહારાજ આપણા પ્રારબ્ધ છે. છોકરાને અગ્નિ જળાદિકથી તેનાં માબાપ જાળવે છે તેમ શ્રીજીમહારાજ કાળ, કર્મ, માયાથી જાળવે છે. દંડ દેવો હોય તો શ્રીજીમહારાજ પોતે દે. માટે એ જ આપણું પ્રારબ્ધ છે. આપણે શા સારુ બીજું પ્રારબ્ધ કહીએ?

## ૧૯

# મુક્ત પુરુષોના પ્રેરક પ્રસંગો

શ્રીજીમહારાજ રાત્રિને દિવસ કહે અને
રૂમાલને તરવાર કહે તો પણ
સ. ગુ. મુક્તાનંદ સ્વામીને જીવમાંથી હા પડે.

૧. શ્રીજીમહારાજ અરેરા ગામમાં પધાર્યા હતા ત્યાંથી ગલુજીને કહાવી મોકલ્યું જે ખાવા બેઠા હોય તો પડ્યું મૂકીને ધન, ધાન્ય, માણસ, પશુ સર્વસ્વ લઈને અહીં આવો. તે સાંભળીને પોતાના માતુશ્રી માંદાં હતાં તેમને મૂકીને બીજું બધું લઈને રાત્રિએ ગયા. એવા વચનમાં રહેતા હતા. ગલુજીને ઘેર એ જ રાત્રિએ શત્રુ આવીને સર્વસ્વ લૂંટી જવાના હતા અને ગલુજીને તથા તેમના મનુષ્યોને મારી નાખવાના હતા. એટલા સારુ શ્રીજીમહારાજે મંગાવ્યું હતું. શત્રુઓ રાત્રે ગલુજીને ઘેર આવીને પાછા ગયા અને સવારમાં શ્રીજીમહારાજે ગલુજીને સર્વસ્વ પાછું આપીને ડડુસર મોકલ્યા. એવી રીતે મહારાજે પોતાના દૃઢ નિશ્ચયવાળા ને વિશ્વાસુ ભક્તની રક્ષા કરી. ૧/૫૫/૧૦૫

૨. કુશળકુંવરબાઈએ શું કર્યું હશે? તે કૃપા કરીને કહો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, કુશળકુંવરબાઈએ શ્રીજીમહારાજને

પોતાને ઘેર ધર્મપુર તેડાવીને રાજ્ય આપવા માંડ્યું અને શ્રીજીમહારાજની મૂર્તિને નખથી શિખા પર્યંત સમગ્ર અંગ નીરખીને અંતરમાં ઉતારી લીધી અને મૂર્તિ ભૂલી જવાય તેની બીકે કરીને દેહની ક્રિયા જે નાવું-ધોવું, ખાવું-પીવું તેનો ત્યાગ કરીને મૂર્તિ ધારી રાખી ને પંદર દિવસે દેહ પડી ગયો પણ મૂર્તિ મૂકી નહિ એવાં હતાં. ૧/૫૯/૧૦૯

૩. કુશળકુંવરબાઈને શી રીતે સત્સંગ થયો હતો? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, એ પૂર્વ જન્મમાં સંગ્રામજીત રાજાની બેન રૂડબાઈ હતાં. ત્યાં અલાઉદ્દીન ખૂની દિલ્હીથી આવેલો હતો. તેણે સંગ્રામજીતને મારીને રૂડબાઈને લઈ જવાનું કર્યું. ત્યારે રૂડબાઈએ એને સમજાવ્યો જે મારે નામના કરવી છે, માટે તમે ફેર આવશો ત્યારે આવીશ. તે દિલ્હી ગયો. તે પછી રૂડબાઈએ અડાલજની વાવ કરાવીને દેહ મૂક્યો. તે ઓળક ગામમાં કુશળકુંવરબાઈ નામે થયાં. તેની કરાવેલી વાવે શ્રીજીમહારાજ ચારસો સંતોએ સહિત આવ્યા અને વાવ જોઈને બોલ્યા જે, વાવ સારી છે. આ કરાવનાર હાલ ધર્મપુરમાં રાજ્ય કરે છે. તેનું નામ કુશળકુંવરબાઈ છે. તેમણે પોતાના મોક્ષ માટે આ વાવ કરાવી છે. તેનો લેખ જુઓ. પછી નિષ્કુળાનંદ સ્વામીએ લેખ વાંચ્યો. તે મોક્ષ માટે જ કરાવી છે એવું લખ્યું હતું. પછી મહારાજે આજ્ઞા કરી જે, આ વાવમાં આપણે સર્વે સ્નાન કરીને જળ પીઓ, પછી તેનું કલ્યાણ થશે. પછી સંતોએ કહ્યું જે એને કેવી રીતે આપણો નિશ્ચય હશે? પછી શ્રીજીમહારાજે કહ્યું જે, પરમચૈતન્યાનંદ સ્વામીને પ્રેરણા થઈ ગઈ છે તે ત્યાં જઈને સત્સંગ કરાવશે. એમ શ્રીજીમહારાજ વાવ ઉપર બોલ્યા તે સમયે જ પરમચૈતન્યાનંદ સ્વામી ગઢડે હતા. તેમને ધર્મપુર જવાનો સંકલ્પ થયો ને ચાલી નીકળ્યા. તેમના ભેળા તેમના વીસ સાધુ ચાલવા તૈયાર થયા. તેમને ના પાડીને

એકલા જ એકડમલને વેષે ગયા. તે કપડવંજમાં શિવજીની જગ્યામાં ઊતર્યા. ત્યાં બ્રાહ્મણો આવતા તેમને પરોક્ષપણે શ્રીજીમહારાજનો મહિમા સમજાવી નિશ્ચય કરાવીને ચાલ્યા. તે ધર્મપુર કુશળકુંવરબાઈની ધર્મશાળામાં ઊતર્યા. ત્યાં એ બાઈને એવો નિયમ હતો જે, જે કોઈ ત્યાગી આવે તેને પોતાની ધર્મશાળામાં ઉતારે ને નિત્ય જમાડે અને એમનો મહિમા સમજીને અર્ધ રાત્રે સર્વનાં દર્શન કરીને, ચરણસ્પર્શ કરીને પાછાં જાય. તે રાત્રિએ આવ્યાં પણ તેમને સ્વામીએ સ્પર્શ કરવા દીધો નહિ. ત્યારે બાઈ બોલ્યાં જે, આ સર્વે મહાત્મા ચરણસ્પર્શ કરવા દે છે અને તેમ કેમ ના પાડો છો? ત્યારે સ્વામી બોલ્યા જે, અમે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાધુ છીએ તે એકલા ચલાય પણ નહિ ને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય પાળીએ પણ હું એકલો જુદો પડીને આવ્યો છું તેથી મારે તમારી સાથે બોલવું પડ્યું. પણ હવે સાત પ્રકારનું તો બરાબર રાખીશ. એમાં તો ફેર પડવા નહિ દઉં. પછી તે બાઈને તેમનો ગુણ આવ્યો તેથી મહિમા સમજીને તેમની વાતો સાંભળી ને શ્રીજીમહારાજનો મહિમા સમજ્યાં અને શ્રીજીમહારાજને વિષે સર્વોપરીપણાનો નિશ્ચય કરીને આશ્રિત થયા અને સ્વામીને ગુરુ કર્યા અને રાજ્ય સોંપી દીધું. જ્યારે શ્રીજીમહારાજ દંઢાવ્ય દેશમાં ફરીને ગઢડે પધાર્યા ત્યારે સર્વે સંતોએ શ્રીજીમહારાજને કહ્યું કે પરમ ચૈતન્યાનંદ સ્વામી તો એકડમલ થઈને જતા રહ્યા છે. પછી શ્રીજીમહારાજે કહ્યું જે એ તો ધર્મપુરમાં છે અને અમારી ઇચ્છાથી કુશળકુંવરબાઈને સત્સંગ કરાવવા ગયા છે. તે ત્યાં રાજ્યમાં બંધાઈ ગયા છે. તેથી તેડી લાવવા પડશે. પછી નિત્યાનંદ સ્વામીને મોકલ્યા પણ તેમના તેડ્યા આવ્યા નહિ અને બોલ્યા જે, ધણી આવે તો આવું. પછી મુક્તાનંદ સ્વામીને મોકલ્યા તે ધર્મપુર ગયા. ધર્મપુર નજીક આવ્યું

ત્યાં તો પરમચૈતન્યાનંદ સ્વામી હાથીએ બેસીને બાગમાં હવા ખાવા જતા હતા. તે હાથી ઉપર બેઠે બેઠે મુક્તાનંદ સ્વામીને આવતા જોઈને મહાવતને કહ્યું જે, મારા ગુરુ આવે છે, તે મને હાથી ઉપર બેઠેલો દેખશે માટે હાથીને બેસારો. પછી હાથી બેસાર્યો ને ઊતરીને સામા જઈને દંડવત્ કર્યા અને સ્વામીશ્રીને મળ્યા ને સાથે સાથે ધર્મશાળામાં આવ્યા ને રસોઈ કરીને જમાડ્યા. પછી ચરણ દાબતા હતા ત્યાં બાઈ આવ્યાં એટલે મુક્તાનંદ સ્વામી તો ઊઠીને છેટે જાતા રહ્યા. ત્યારે બાઈ બોલ્યાં જે એ કોણ છે? ત્યારે પરમચૈતન્યાનંદ સ્વામી બોલ્યા જે, એ મારા ગુરુ છે ને મને તેડવા આવ્યા છે. માટે મારે જવું પડશે. ત્યારે બાઈ દિલગીર થઈને બોલ્યાં જે, શ્રીજીમહારાજને અહીં લાવવાનું વચન આપો તો જવા દઉં. પછી તે વાત મુક્તાનંદ સ્વામીને કહી ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, એને કહો જે તમે કાગળ લખજો અને અમે પ્રાર્થના કરીશું. પછી બંને સ્વામીઓ ગઢડે આવ્યા અને શ્રીજીમહારાજને કાગળ લખીને બાઈએ તેડાવ્યા હતા ને ત્યાં મહારાજ પધાર્યા હતા. ૧/૫૯/૧૦૭

૪. પર્વતભાઈએ શું કર્યું હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, પર્વતભાઈ પોતાનો દીકરો કંઠપ્રાણ હતો તેને મૂકીને શ્રીજીમહારાજનાં દર્શન કરવા ચાલ્યા. તે ગામને સીમાડે પહોંચ્યા એટલામાં દીકરો મરી ગયો. તેથી મનુષ્ય તેડવા ગયું તો પણ પાછા વળ્યા નહિ ને ગઢડે ગયા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે દીકરો મરી ગયો અને પાછા કેમ વળ્યા નહિ? ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, એમાં શું? એ તો છાણમાં જીવડાં પડે ને મરી જાય એવું છે? ત્યાં સાત દિવસ સુધી જમ્યા નહિ અને પાણી પણ પીધું નહિ. તેમને શ્રીજીમહારાજે કહ્યું જે, તમે ક્યાં જમો છો? ત્યારે બોલ્યા જે, આપનાં દર્શન કરું છું તેમાં બધું આવી જાય છે અને

જે દાણા પાકે તે બધા શ્રીજીમહારાજને સદાવ્રતમાં આપી દેતા. તેમને શ્રીજીમહારાજે કહ્યું જે, થોડાક દાણા છોકરાંને ખાવા સારુ રાખતા હો તો સારું. ત્યારે તે કહે જે, કણબીનાં છોકરાં તો કુકડાનાં બચ્ચાં જેવાં હોય. જેમ કુકડાનાં બચ્ચાં ઉકરડામાંથી દાણા ખોતરી ખાય તેમ તે પૃથ્વીમાંથી પેદા કરી ખાય. માટે એવી ચિંતા શું કરવા રાખવી પડે? શ્રીજીમહારાજે સંતોને ખટરસનાં વર્તમાન આપ્યાં ત્યારે પર્વતભાઈ તથા તેમના ઘરના સર્વે માણસોએ પણ ખટરસનાં વર્તમાન રાખ્યાં; એવો મહિમા સંતનો જાણતા. ઇત્યાદિક ઘણીક વાતો છે તે લખે પાર આવે તેમ નથી. પર્વતભાઈ તો બહુ સમર્થ હતા. શ્રીજીમહારાજે પણ એમને ઘેર બહુ લીલાઓ કરીને ઘણાંક સુખ આપ્યાં છે. ૧/૫૭/૧૦૯

૫. પર્વતભાઈમાં શી સામર્થી હતી? અને શ્રીજીમહારાજે એમને ઘેર શી શી લીલાઓ કરી હતી? તે કહો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજ સર્વે સંતોને તથા કાઠીઓને લઈને ગઢડેથી ચાલ્યા તે ફરતા ફરતા અગત્રાઈ આવ્યા. ત્યાં તાપ ગાળવા એક ઝાડ તળે ઊતર્યા. ત્યાં હરિજનોએ ખાટલો લાવીને પાથર્યો તે ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન થયા અને સંતો તથા હરિજનો ખેતરમાં મોદ પાથર્યા વિના એમ ને એમ બેસી ગયા. તે વખતે શ્રીજીમહારાજ બોલ્યા જે, "મારો વ્હાલીડો કેમ ન આવ્યો?" એમ બે-ચાર વાર બોલ્યા. એટલામાં પર્વતભાઈ કપાસની સાંઠીઓ ખોદીને આવ્યા ને ખભેથી કોદાળી નાખી દઈને દંડવત્ કરવા મંડ્યા ત્યારે શ્રીજીમહારાજ ઊભા થઈને બોલ્યા જે, "મારો વ્હાલીડો આવ્યો." એમ બે-ચાર ફેરા બોલીને મળ્યા અને પોતાની પાસે મશરૂની ગાદી નાખીને તેમને બેસાર્યા. ત્યારે સર્વે સંત-હરિજનોને સંશય થયો જે આપણે સર્વે પૃથ્વી ઉપર બેઠા છીએ અને આ કણબીને શ્રીજીમહારાજે ગાદી ઉપર બેસાર્યા તે

ઠીક ન કર્યું. પછી સાંજ વખતે ત્યાંથી ચાલ્યા તે બીજે ગામ ગયા. પછી ફરતા ફરતા જ્યારે પાછા આવ્યા ત્યારે પણ એ ઠેકાણે આવ્યા ને બપોર થયા એટલે ત્યાં જ ઊતર્યા. એવામાં પર્વતભાઈ આવ્યા, તેમની કેડે કરોડો વિમાન આવ્યાં તે જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે, પર્વતભાઈ! આ લશ્કર ક્યાં ફેરવો છો? એ ક્યાંથી આવેલાં છે? ત્યારે પર્વતભાઈએ કહ્યું જે, જીવકોટી, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી ને અક્ષરકોંટી એ સર્વે નિત્ય મારી કેડે ફરે છે ને આત્યંતિક કલ્યાણ માગે છે. તેમને આપના ધામમાં મોકલું છું. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, આમને ધામમાં મોકલો તેને અમે જોઈએ. પછી પર્વતભાઈ એમના સામું જોઈને બોલ્યા જે, જાઓ અક્ષરધામમાં. એટલે બધાં વિમાન જતાં રહ્યાં. તે જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા ને સંશય ટળી ગયા. ૧/૫૭/૧૧૦

૬. પર્વતભાઈએ પોતાના દીકરા મેઘજીભાઈનો વિવાહ કર્યો. તેમના દેશમાં ગાવા આવે તેમને ખારેકો દેવી પડે તે પણ પોતાને મળે નહિ, એવો દુર્બળ વ્યવહાર હતો. તેમનાં પત્ની કેસરબાઈએ કહ્યું જે, ખારેકો નથી તેથી કોઈ ગાવા આવતું નથી. ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, જો શ્રીજીમહારાજ આપણે ઘેર પધારે તો ઘણાક લોકો ગાવા આવે માટે તમારાં કલ્લાં મને આપો. પછી તેમણે આપ્યાં. તે કલ્લાં ને એક બળદ વેચીને તેનું સિધું લઈને ઓરડામાં ભરીને પછી ગઢડે આવીને શ્રીજીમહારાજને તથા સંતોને તથા સર્વે હરિજનોને બાઈ-ભાઈને અગત્રાઈ તેડી લાવ્યા ને શ્રીજીમહારાજને ઢોલિયો પાથરી આપ્યો. તે ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન થયા અને પર્વતભાઈ પણ શ્રીજીમહારાજના ઢોલિયા પાસે બેસી ગયા. પણ કોઈની સંભાવના રાખી નહિ. ત્યારે કાઠીઓએ શ્રીજીમહારાજને કહ્યું જે, તમે તો પર્વતભાઈને બહુ વખાણતા હતા, પણ હજુ સુધી અમારી ખબર તો લેતા નથી.

ત્યારે શ્રીજીમહારાજે પર્વતભાઈને કહ્યું જે, કેમ આ સર્વેની ખબર લેતા નથી? ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, મહારાજ! હું તો ગુમાસ્તો છું અને ધણી તો આપ છો. માટે એમને ખાવું હોય તો ખાય ને મને પણ આપશે તો હું પણ ખાઈશ. પછી શ્રીજીમહારાજે સર્વે સંતો તથા હરિજનોને કહ્યું જે, તમે સર્વે જે સિધું હોય તે બધું વાપરી નાખો ને ખડ-જોગાણ હોય તે બધું ઘોડાને ખવરાવી દો ને બગાડ ઘણો કરો એટલે પર્વતભાઈ ધણી થશે. પછી એમ કર્યું પણ પર્વતભાઈ તો ઊલટા રાજી થયા. પછી કંસાર-ખીચડીની રસોઈ સંતો પાસે કરાવીને શ્રીજીમહારાજે અખંડ ધારે ઘી પીરસવા માંડ્યું. તે જોઈ પર્વતભાઈ બહુ રાજી થયા અને બોલ્યા જે, મને ન્યાલ કર્યો માટે "ન્યાલકરણ બાપો" એમ શ્રીજીમહારાજનું નામ પાડ્યું પણ ઘી બગાડ્યું એવો સંશય થયો નહિ. તે જોઈને કાઠી તથા સર્વે સંતો આશ્ચર્ય પામ્યા ને બોલ્યા જે, પર્વતભાઈના જેવી આપણી સમજણ થઈ નથી. પછી સર્વે જમી રહ્યા ને સર્વે સિધાનાં વાસણ ઊંધાં વાળી મૂક્યાં. તે બધાં જ્યારે સવારે જોયાં ત્યારે સવળાં દેખ્યાં અને ઘી-ગોળ આદિક સર્વે સામાન ભરેલો જોઈને આશ્ચર્ય પામ્યા. એવી રીતે નિત્ય ખાલી કરે ને નિત્ય ભરાઈ જાય. એમ સોળ દિવસ સુધી સર્વે જમ્યા. શ્રીજીમહારાજને રાજી કરવા સારુ લોકો ગાવા પણ બહુ આવતા. અને મેઘજીભાઈનો વરઘોડો ચઢ્યો તે સમયે રોઝો ઘોડો શણગાર્યો ને શ્રીજીમહારાજે પોતાનાં વસ્ત્ર મેઘજીભાઈને પહેરાવ્યાં ને કહ્યું જે ઘોડે બેસો. ત્યારે મેઘજીભાઈ બોલ્યા જે, હું નહિ બેસું, કાકો બેસે. પછી શ્રીજીમહારાજ ઘોડે બેઠા. પછી વરઘોડો ચાલ્યો ને પાર્ષદો તથા કાઠીઓ બંદૂકોના અવાજ કરવા લાગ્યા ને આગળ વાજાં વાગવા લાગ્યાં અને સ્ત્રીઓ મંગળ ગાવા લાગી. પછી ચાલતાં ચાલતાં જ્યાં સાધુના ઉતારા નજીક આવ્યા

ત્યારે ભૂમાનંદ સ્વામીએ વંડી ઉપર ડોકાઈને જોયું ત્યાં શ્રીજીમહારાજને દેખ્યા. તેમણે બધા સંતોને બોલાવ્યા. તે સર્વે સંત આવ્યા, ને શ્રીજીમહારાજની આગળ થઈ ગયા. શ્રી ભૂમાનંદ સ્વામીએ "સર્વે સખી જીવન જોવાને ચાલો રે" એ કીર્તન ઝીલાવવા માંડ્યું ને વરઘોડો ફેરવીને વેવાઈને માંડવે ગયા ને ત્યાં માંયરું થયું. ત્યારે શ્રીજીમહારાજે મેઘજીભાઈને કહ્યું જે, માંયરામાં બેસો, ત્યારે મેઘજીભાઈ બોલ્યા જે, કાકો બેસે. પછી શ્રીજીમહારાજ મેઘજીભાઈને સાથે લઈને માંયરામાં બેઠા અને ગોરે મેઘજીભાઈને કહ્યું જે, લાંબો હાથ કરો. ત્યારે કહ્યું જે, કાકો લાંબો હાથ કરે. એટલે શ્રીજીમહારાજે કન્યાનો હાથ ઝાલ્યો. તે વખતે શ્રી ભૂમાનંદ સ્વામી બોલ્યા જે, "હથેવાળો હરિ સંઘાથે કીધો રે, ભૂમાનંદ કહે જન્મ સફળ કરી લીધો રે." પછી ફેરા પણ શ્રીજીમહારાજ ફર્યા અને કંસાર પણ શ્રીજીમહારાજ જમ્યા. પછી વર-કન્યાને પર્વતભાઈને ઘેર વળાવવા માંડ્યા ત્યારે પણ ગાડીમાં મેઘજીભાઈ બેઠા નહિ. તેમને સાથે લઈને શ્રીજીમહારાજ ગાડીમાં બેઠા ને વાજતે-ગાજતે પર્વતભાઈને ઘેર પધાર્યા. ત્યાં કેસરબાઈએ પોંખવા માંડ્યા ત્યારે મેઘજીભાઈ બોલ્યા જે, કાકાને પોંખો. એટલે શ્રીજીમહારાજને પોંખ્યા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અમારી આંખમાં દારૂનું કણું પડ્યું છે તે કોઈ કાઢે એવું છે? પછી મેઘજીભાઈની પત્નીએ તે કણું જીભે કરીને કાઢ્યું. તેને શ્રીજીમહારાજે વર દીધો જે, અમો તમને આ જન્મે જ અક્ષરધામમાં લઈ જઈને અખંડ અમારી સેવામાં રાખીશું. એવી લીલાઓ કરીને સુખ આપ્યાં છે તેનો લખે પાર આવે તેમ નથી. ૧/૫૭/૧૧૧

૭. જીવુબા, લાડુબા અને રાજબાઈએ શું કર્યું તે કૃપા કરીને કહો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, અનંત જીવોના ઉદ્ધાર કરવાને

અર્થે શ્રીજીમહારાજે અહીં પ્રગટ મનુષ્યરૂપે દેખાવાનો સંકલ્પ કર્યો ત્યારે ઘણાક મુક્તોને આજ્ઞા કરી જે, તમે સર્વે કોઈક સ્ત્રીરૂપે અને કોઈક પુરુષરૂપે દેખાઈને જીવનો ઉદ્ધાર કરો. તે આજ્ઞા મુક્તોએ માથે ચઢાવી ને તે પ્રમાણે જુદા જુદા વર્ણમાં દર્શન આપ્યાં. જીવુબા, લાડુબા અને રાજબાઈને કહ્યું જે, તમે કાઠીની નાતમાં સ્ત્રીરૂપે દેખાઓ. તેમણે મહારાજને પ્રાર્થના કરી જે, હે મહારાજ! અમે સ્ત્રી આકારે દેખાઈએ તો લોકની રીતિ પ્રમાણે સભામાં આપની પાસે સંત તથા પુરુષો બેઠા હોય ત્યાં અમારાથી બેસાય નહિ. બીજું અમારાં માબાપ અમને જીવ સાથે પરણાવે તે અમારે મોટું લાંછન આવે. તમે જે વાર્તા કરો અને પ્રશ્ન-ઉત્તર થાય તે અમારા સાંભળ્યામાં આવે નહિ. વળી આપ દેશ-વિદેશ વિચરો ત્યાં અમારાથી સાથે અવાય નહિ અને તમે જે જે લીલા કરો તે અમારા જોયામાં આવે નહિ. માટે અમે સ્ત્રી આકારે દેખાવામાં ખુશી નથી. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, મર્ત્ય લોકમાં તમે ને અમે ભેળા એક સ્થાનમાં રહીશું. તમને નિરાવરણ રાખશું તે અમારી સર્વે લીલા ઘેર બેઠા થકા દેખશો અને તમને પુરુષનો સ્પર્શ થવા નહિ દઈએ. પછી તેમણે તે આજ્ઞા માથે ચઢાવીને સ્ત્રી આકારે દેખાયાં અને મહારાજ પણ એમને ઘેર પોતાનું ઘર કરીને રહ્યા. ૧/૫૮/૧૧૪

૮. રાજબાઈને એમનાં પિયરિયાંએ પરાણે પરણાવવાનું કર્યું ને ખાંડુ પણ તેડવા આવ્યું ને તેડીને સાસરે વહેલ પહોંચી, ત્યાં તો રાજબાઈનું સ્વરૂપ સિંહના જેવું દેખીને પાછાં વાળી મૂક્યાં. એમણે સર્વ સંબંધીનો તથા દેહનો અનાદર કરીને શ્રીજીમહારાજની પ્રસન્નતાનાં ઘણાં સાધન કર્યાં. પાશેર અનાજ ખાવું, પૃથ્વી ઉપર સૂવું, પાંચસો માળા ફેરવવી અને પુરુષથી વીશ હાથ છેટે ચાલવું; એવા નિયમ રાખીને

શ્રીજીમહારાજને પ્રસન્ન કર્યા હતા. ૧/૫૮/૧૧૪

**૯.** જીવુબાનું પણ કુંડળમાં મામૈયા પટગર સાથે સગપણ કર્યું હતું. પછી જીવુબાએ મામૈયા પટગરની માતુશ્રી રાઈબાઈને કહ્યું જે, મારે તો વ્યવહાર કરવો નથી. ભગવાન ભજવા છે. પછી રાઈબાઈએ રાજી થઈને રજા આપી ને ગઢડે મોકલી દીધાં. ૧/૫૮/૧૧૫

**૧૦.** લાડુબાઈનું ખાંડુ એમને સાસરે જતું હતું. તે ગામમાં ધાડું પડ્યું હતું તેની કેડે વ્હાર ચઢી હતી. તેમાં જે છોકરા સાથે લાડુબાઈનું સગપણ કર્યું હતું તે છોકરો વ્હારે ગયેલો તે મરાણો; તેથી લાડુબાઈ ગઢડે આવતાં રહ્યાં. એવી રીતે એ ત્રણેની શ્રીજીમહારાજે રક્ષા કરી અને એ ત્રણેએ શ્રીજીમહારાજના ભેળા રહીને શ્રીજીમહારાજની પ્રસન્નતાનાં સાધન કર્યાં. ૧/૫૮/૧૧૫

**૧૧.** મોટાં રામબાઈએ શું કર્યું હશે? તે કૃપા કરીને કહો. પછી બાપાશ્રી બોલ્યા જે, મોટાં રામબાઈ વાળાના જેતપુરનાં હતાં. તેમનાં પિયરિયાંએ તથા સાસરિયાંએ તેમને વ્યવહાર કરાવવા બહુ ઉપાધિ કરી. તેથી ભાદર નદીના ધરાના કાંઠા ઉપર રાત્રિએ પોતાનાં વસ્ત્ર મૂકીને ચાલી નીકળ્યાં ને શ્રીજીમહારાજની પાસે ગઢડે જઈને ત્યાગી થઈને રહ્યાં. ૧/૫૯/૧૧૫

**૧૨.** દાદાખાચરે શું કર્યું? તે કહો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, દાદાખાચરે પોતાનું સર્વસ્વ શ્રીજીમહારાજને અર્પણ કર્યું ને જેમ શ્રીજીમહારાજ કહે તેમ જ કરતા. કોઈ પ્રકારનો સંશય કરતા નહિ. એમની વાતો તો અપાર છે ને તે ઘણે ઠેકાણે લખાણી છે. ૧/૫૯/૧૧૬

**૧૩.** માંચા ભક્તે શું કર્યું? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, માંચો ભક્ત પ્રથમ માર્ગીના પંથમાં હતા પણ બ્રહ્મચર્ય વ્રતમાં કુશળ હતા. એક કિમિયાવાળો એમને ઘેર આવીને ઊતર્યો હતો.

તેણે ત્રાંબાનું રૂપું કરી બતાવ્યું. તેને લાકડી લઈને ગામ બહાર કાઢી મૂક્યો પણ રૂપામાં લોભાયા નહિ. જ્યારે શ્રીજીમહારાજ મળ્યા ત્યારે એકાંતિક ભક્ત થયા. જ્યારે મહારાજને દર્શને ગયા ત્યારે પોતાનો પાંચસે વિઘા કપાસ હતો તે સાંભરશે એમ જાણીને ભેળાવી દીધો. ૧/૫૯/૧૧૬

**૧૪.** મૂળજી બ્રહ્મચારીએ શું કર્યું હતું તે કૃપા કરીને કહો. ત્યારે બાપાશ્રીએ કૃપા કરીને કહ્યું જે, મૂળજી બ્રહ્મચારી મખિયાવ ગામના બ્રાહ્મણ હતા. તે યજમાનની દીકરીને તેડવા ગયા હતા, તેને તેડીને આવતાં માર્ગમાં એક ગામ આવીને રાત રહ્યા. ત્યાં એ બાઈની નજર ખોટી દેખવામાં આવી. તેથી તેને ત્યાં ને ત્યાં પડી મૂકીને ચાલી નીકળ્યા ને શ્રીજીમહારાજ પાસે આવીને બ્રહ્મચારી થયા. એવા નિષ્કામી હતા. તેમને શ્રીજીમહારાજે જોડા પહેરવાની અને ઘી-ગોળ જમવાની બંધી કરી અને પોતાની સેવામાંથી પણ કાઢી મૂક્યા. તો પણ શ્રીજીમહારાજને વિષે જેવી પ્રીતિ ને દિવ્યભાવ હતો ને જેવી દૃઢતા હતી તેવી ને તેવી જ રહી પણ તેમાં ફેર પડ્યો નહિ. એવી રીતે શ્રીજીમહારાજે ઘણીક પરીક્ષા લીધી તો પણ બ્રહ્મચારી ડગ્યા નહિ એવા પરિપક્વ નિશ્ચયવાળા હતા. ૧/૬૦/૧૧૬

**૧૫.** લાધીબાઈને એક ખેતરમાંથી કચ્છી બાર મણ (ગુજરાતી આઠ મણ) મઠ આવતા. તેમાંથી નિર્વાહ ચલાવતાં. તેમને શ્રીજીમહારાજે કહાવી મોકલ્યું જે, "તમારી પાસે માતાજીને મોકલ્યાં છે તેનું પોષણ કરજો." ત્યારે રાજી થયાં. પણ શી રીતે પોષણ કરીશ એવો સંકલ્પ પણ થયો નહિ. એવો શ્રીજીમહારાજના વચનમાં વિશ્વાસ હતો. ઇત્યાદિક ઘણી વાતો છે તે પણ સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીની લખેલી વાતોમાં છે. ૧/૬૧/૧૧૭

૧૬. માતાજી મારવાડમાં ઉદેપુરના રાજાની રાણી હતાં. તેમની કુંવરીનો વિવાહ હતો. ત્યાં જાન આવી હતી. તેમાં ઈડરના તથા માણસા આદિકના રાજા-રાણીઓ ગયાં હતાં. તેમની રાણીઓના મુખ થકી વાત સાંભળી જે, શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે. તેથી પોતાના મનમાં વિચાર થયો જે, ભગવાન પ્રગટ થયા ને હું રહી જઈશ્ તો મારું કલ્યાણ નહિ થાય. એમ જાણી રાત્રિએ પુરુષનાં લૂગડાં પહેરીને બારીએ દોરડું બાંધીને ઊતરીને ચાલી નીકળ્યાં. તેમને ખોળ્યાં પણ જડ્યાં નહિ. તેથી રાણાએ ચારે દિશાએ સ્વાર મોકલ્યા. તે ઘોડાનાં ડાબલાં વાગતાં સાંભળીને એક મરેલા ઊંટના ખોખામાં પેસી ગયાં ને સ્વાર પાછા વળ્યા ત્યારે નીકળીને ચાલ્યાં. તે વાટમાં વણઝારાની પોઠ સાથે વિસનગરના તળાવમાં ઊતર્યાં. ત્યાં રાત્રિને છેલ્લા પહોરે બાઈઓ ગામમાંથી નહાવા આવ્યાં. તેમનો સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એવો શબ્દ સાંભળીને તેમની પાસે આવીને સર્વે હકીકત કહી. પછી તે બાઈઓએ ગામમાં લઈ જઈને છાનાં રાખ્યાં અને વણઝારો ગયો, તે પછી મહારાજ પાસે ગઢડે આવ્યાં. તેમને મહારાજે માતાજી નામ ધરાવીને લાધીબાઈ પાસે ભૂજ મોકલ્યાં. ત્યાં રહીને લાધીબાઈની સેવા કરીને લાધીબાઈ ધામમાં ગયાં ત્યારે તેમને સાથે તેડી ગયાં. ૧/૬૧/૧૧૭

૧૭. મુક્તાનંદ સ્વામીએ બે-ચાર ગુરુ કર્યા પણ ગુરુને વિષે નિષ્કામી વર્તમાનમાં ખામી દેખીને પડતા મૂક્યા. અને રામાનંદ સ્વામી તથા તેમના સાધુને દૃઢ નિષ્કામી દેખીને ત્યાં રહ્યા અને મન, કર્મ, વચને દાસ થઈને સેવા કરી પણ ગુરુમાં ને અધિકારમાં ને મિલકતમાં બંધાયા નહિ. શ્રીજીમહારાજ રાત્રિને દિવસ કહે અને રૂમાલને તરવાર કહે તો પણ જીવમાંથી હા પડે પણ સંશય થતો નહિ. ૧/૬૧/૧૧૮

**૧૮.** સામત તથા મૂળજી અને કૃષ્ણજીએ તથા ગુંદાળી ગામના બે કાઠીએ શું કર્યું તે વાત કરો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, સામત એના દીકરાની સ્ત્રીને તેડવા ગયો ત્યાં તેને મહેણું દીધું જે તારા દીકરાને તો ખપ નથી ને જો તારે ખપ હોય તો તું લઈ જા. તે સાંભળીને વિચાર કર્યો જે, હું શ્રી સ્વામિનારાયણનો ભક્ત છું ને મને મેણું આપ્યું માટે ઈન્દ્રિય જ ન રાખવી. એમ વિચારીને ભસ્મ કરી નાખી. ૧/૬૨/૧૧૮

**૧૯.** મૂળજી અને કૃષ્ણજી કચ્છ દેશમાં ગામ માનકૂવાના હતા. તે શ્રીજીમહારાજ પાસે ત્યાગી થવા ગયા હતા. તેમને મહારાજે ત્યાગી ન કર્યા ને પાછા વાળી મૂક્યા. તેમણે ભગવા લૂગડાં પહેરીને ગામમાં ઝોળી માગવા માંડી. પછી તેમના સંબંધીએ રજા આપી એટલે ગઢડે આવ્યા. તેમને શ્રીજીમહારાજે વિમુખ કરીને કાઢી મૂક્યા તો પણ વિમુખપણાની માનીનતા રાખી નહિ અને ઘેલા નદીને કાંઠે દેરીમાં જઈને કીર્તન બોલવા માંડ્યા. પછી શ્રીજીમહારાજે તેડાવીને ભેળા રાખ્યા. ૧/૬૨/૧૧૯

**૨૦.** ગુંદાળી ગામના બે કાઠી હરિભક્તને ઘેર સાધુ આવ્યા. તેમને એ કાઠીની માએ ખીચડી આપી. પછી સાધુએ ખીચડી રાંધવા મૂકી. તેની ગામના ઘરડેરા કાઠીને ખબર પડી. તેમણે સાધુને રસોઈ કરવા દીધી નહિ ને કાઢી મૂક્યા. તે ઘરડેરા કાઠીને તે બે ભાઈએ મારી નાખ્યો અને પોતે પણ મરાણા એવો પક્ષ રાખ્યો હતો. ૧/૬૨/૧૧૯

**૨૧.** સુંદરજીભાઈ તથા ડોસા વાણિયા આદિકની વાત કરો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, સુંદરજી સુતાર કચ્છ-ભૂજના હતા. તે રાજાની જાને જતા હતા, તેમને શ્રીજીમહારાજે વસ્ત્ર, ઘરેણાં, થોભા ઉતરાવીને, કોપીન વળાવીને, તુંબડી આપીને કાશીએ મોકલ્યા તો પણ એમ ન કહ્યું જે, હું જાન

વળાવીને પછી જાઉં. તેમ જ મનમાં સંકલ્પ પણ થયો નહિ. એ મહિમા વિના થાય નહિ. ૧/૬૨/૧૧૯

૨૨. ગામ બંધિયાના ડોસા વાણિયાને કહ્યું જે, તારું ધન હોય તે કૂવામાં નાખી દે ને દાણા, લૂગડાં જે હોય તે બાળી દે ને કોપીન પહેરીને તુંબડી લઈને કાશીએ જા. પછી તે એમ કરીને ચાલ્યા તે વડોદરે પહોંચ્યા. ત્યાં અનાદિમુક્તરાજ સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી મળ્યા. તેમણે પાછા વાળ્યા, ને શ્રીજીમહારાજ પાસે મોકલ્યા. તે શ્રીજીમહારાજ પાસે આવ્યા ત્યારે મહારાજે કહ્યું જે, ઘેર જાઓ ને ઘરનું માણસ ઘરમાં હોય ત્યારે તમારે બહાર રહેવું અને એ બહાર નીકળે ત્યારે તમારે ઘરમાં જાવું. જો બે ય સાથે ઘરમાં જાઓ તો ઉપવાસ કરવો. એમ આજ્ઞા કરી તે આજ્ઞા દેહપર્યંત પાળી. ૧/૬૨/૧૧૯

૨૩. રાણો, ભીમ, વશરામ ને રાઘવ એ ચાર ભાઈ ગોળીડા ગામના રાજગર બ્રાહ્મણ હતા. તેના ગામમાં યમ પેઠા. તેમને પેસતા દેખીને તેમણે કાઢી મૂક્યા. તેમાંનો ભીમ દેહ મૂકી ગયો ને વશરામ ને રાઘવ એ બે સાધુ થયા. રાણે દેહ મૂકતી વખતે પોતાની માતુશ્રીને કહ્યું જે, મારા બારમાને બીજે દિવસે તને તેડી જઈશ, તે પ્રમાણે તેડી ગયો હતો. ૧/૬૨/૧૨૦

૨૪. કઠલાલની ડોશી હતાં. તેમણે શ્રીજીમહારાજનો અંગૂઠો પાણીના ઘડામાં બોળાવીને તે પાણી ગામના કૂવામાં નાખ્યું. તે એમ ધારીને કે ગામના લોકો પાણી પીશે તો બધાનું કલ્યાણ થાશે, એવો શ્રીજીમહારાજનો એને મહિમા હતો. ૧/૬૨/૧૨૦

(૨૦)

# પ્રસંગ અંતર્ગત બોધકથન

ગુરુ હોય તથા મોટા હોય તેમની
પાસે પોતાનું ધાર્યું ન કરાવવું.

૧. એક સમયને વિષે પર્વતભાઈ આદિ સંઘ સર્વે જૂનાગઢ શ્રીજીમહારાજનાં દર્શન કરવા જતા હતા. પર્વતભાઈ તો પૃથ્વીથી ઊંચા ચાલી નીસર્યા ને જૂનાગઢ પહોંચી મહારાજનાં દર્શન કર્યાં. પછી પાછળથી મયારામ ભટ્ટ, જેઠાભાઈ, કલ્યાણ ભક્ત તથા ભીમભાઈ આદિક સંઘ સર્વે ગયો. તેમને શ્રીજીમહારાજે પોતાનું શરીર બતાવીને કહ્યું જે, આ અમારે શરીરે ઊઝરડા બહુ થયા છે. ત્યારે હરિજનોએ પૂછ્યું જે, હે મહારાજ! આવડા બધા ઊઝરડા શાથી થયા છે? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, તમે પર્વતભાઈને એકલા આવવા દીધા તે અમારી મૂર્તિમાં રહીને ઊડ્યા. તે જાળા-ઝાંખળામાં અથડાવાથી ઊઝરડા થયા છે, માટે તમે પર્વતભાઈને સાથે રાખ્યા હોત તો આવું દુઃખ અમને થાત નહિ. ત્યારે હરિજનોએ કહ્યું જે, મહારાજ! હવે અમે પર્વતભાઈને સૂના નહિ મૂકીએ ને સેવા કરશું. ત્યારથી હરિજનો મહિમા

જાણીને સેવા બહુ કરતા.

ભક્ત વત્સલ મહાપ્રભુજીએ પોતાની મૂર્તિમાં સંલગ્ન રહી, જઈ રહેલા મુક્તને માર્ગમાં આવતા જાળા-ઝાંખરા વાગવાથી થતાં ઊઝરડાં પોતાના શરીર પર ઝીલી લીધા, પણ પોતાના ભક્તને વાગવા ન દીધા. કેવી અદ્‌ભુત સંભાળ! ૧/૧૧/૨૯

૨. એક વાર પર્વતભાઈ માંદા થયા. તેમની સેવા હરિજનો મહિમા જાણીને કરતા. તેમને કોઈક ગામથી કંકોત્રી આવી જે, વસંતપંચમીને દિવસે મૂર્તિ પધરાવવાનું મુહૂર્ત છે. માટે તમે સર્વે પધારજો. પછી હરિજનો ભાઈશ્રીને પૂછવા ગયા જે કંકોત્રી આવી છે ત્યાં અમો જઈએ? ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, રાજસી યજ્ઞમાં જાઓ કાં સાત્વિક યજ્ઞમાં રહો; જેમ તમારી મરજી હોય તેમ કરો. એમ બોલ્યા પણ હરિજનો સમજી શક્યા નહિ. તેથી બે-ત્રણ વાર પૂછ્યું તો પણ એવો જ જવાબ દીધો. તેને સમજ્યા નહિ, ને કંકોત્રી આવી હતી ત્યાં ગયા. તે દિવસે પર્વતભાઈએ ગામના સર્વે માણસોને બોલાવરાવ્યા ને કહ્યું જે આજ મારે દેહ મૂકવો છે. માટે જેને આ ટાણે મારા દર્શન થાય તેને હું અંત વખતે આવીને ધામમાં તેડી જઈશ. પછી સર્વે લોકોએ દર્શન કર્યાં અને બાળક, પશુ, પક્ષી સર્વેને પર્વતભાઈનાં દર્શન કરાવ્યાં. ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, જેટલા આ વખતે મારી દૃષ્ટિએ ચડ્યા તે સર્વે જીવોને હું તેડવા આવીશ. એમ કહીને પોતે દેહોત્સવ કર્યો. તે સમયે લાખો-કરોડો વિમાન અને મુક્તોએ સહિત શ્રીજીમહારાજનાં દર્શન સર્વેને થાતાં હવાં એમ અન્યથાકર્તાપણું વાપર્યું. આવી સામર્થી અનાદિમુક્તમાં જ હોય. ૧/૧૧/૨૯

૩. એક વાર સ્વામી અચ્યુતદાસજી આદિ મંડળ ગામ ચાંદ્રાયણીથી અર્ધી રાત્રે ચાલ્યા તે માર્ગમાં રાત્રિએ સૂતા અને ઊઠીને ચાલવા માંડ્યા. ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, સંતો! જે

ગામથી આવ્યા ત્યાં જવાશે. તો પણ દિશ ભૂલ થવાથી સાધુએ માન્યું નહિ. સવારે ચાંદ્રાયણી આવ્યા ત્યારે સ્વામીને વિનંતી કરી જે અમોએ તમને બે-ચાર ગાઉ પાછા ચલાવ્યા. સ્વામી બોલ્યા જે, આપણે સર્વેને ચાલવું પડ્યું છે. મોટા એવા સરળ હોય અને જીવ પોતાનું ધાર્યું કરે. ૧/૧૨/૩૧

૪. ગુરુ હોય તથા મોટા હોય તેમની પાસે પોતાનું ધાર્યું ન કરાવવું. કેમ જે, તેમાં આપણે શું જાણીએ જે કેમ થશે? શ્રી ગોપાળાનંદ સ્વામી એક ગામથી બીજે ગામ ચાલ્યા. ત્યારે પોતાના શિષ્યોને કહ્યું જે, પુસ્તકે મીણિયાં બાંધજો, પણ વાદળું (વાદળાં) નહિ હોવાથી એ વચન માન્યું નહિ. પછી માર્ગમાં વરસાદ થયો ને પુસ્તક પલળી ગયાં. વળી કોઈક સમયે સ્વામીએ કહ્યું જે, આ ટાણે દિવસ છે ત્યારે શિષ્યોએ કહ્યું જે, રાત્રિ છે. પણ મોટાને તો રાત્રિ કે દિવસ છે જ નહિ, કેમ જે એ તો સદાય મહારાજની મૂર્તિમાં સંલગ્ન જ હોય તે નાહ્યા-ધોયા વિના જમે, તો પણ એમને બાધ નહિ. જેમ આપણે દિવસે સૂઈએ છીએ પણ જાગીને નાહ્યા-ધોયા વિના જમીએ છીએ તેમ. મોટાને રાત્રિ છે જ નહિ માટે મોટાની ક્રિયામાં દોષ જોવા નહિ. જ્યારે પંચવર્તમાનમાં ફેર હોય ત્યારે દોષ જાણવો. ખરેખર મોટા હોય તેનામાં એવા દોષ સંભવે જ નહિ. ૧/૧૨/૩૧

૫. પ્રથમ પ્રકરણનું ૪૩મું વચનામૃત વંચાતું હતું. તેમાં નિષ્કામ ભક્ત ભગવાનની સેવા વિના બીજું ઇચ્છતા નથી એમ આવ્યું. તે ઉપર બાપાશ્રીએ વાત કરી જે, એક કઠિયારો અને એની સ્ત્રી એ બે ય શ્રીજીમહારાજને મળેલાં સત્સંગી હતાં. તે હંમેશા રાત્રિના ત્રણ વાગે ઊઠીને શ્રીજીમહારાજનું ધ્યાન-ભજન કરીને નાહીને પૂજા કરીને મંદિરમાં દેવનાં દર્શન કરીને સવારમાં વહેલા વગડે જાય. તે કોઈનું ધણિયાતું ન હોય એવા ઠેકાણેથી

કાષ્ટની ભારીઓ લાવીને વેચે. તેના પૈસા અથવા દાણા જે આવે તેમાંથી દશમો ભાગ શ્રી ઠાકોરજીની પાસે મૂકીને ઘેર જઈને રોટલા કરી મહારાજને થાળ ધરીને પ્રસાદી જમીને મહારાજનું ધ્યાન-ભજન-માળા-કથા-વાર્તા કરે. સાંજે મંદિરમાં જઈને કથા-વાર્તા સાંભળે ને રાત્રિએ ધ્યાન કરીને બાર વાગે સૂએ. એવી રીતે હંમેશાં ખાધા જેટલું પેદા કરીને મહારાજનું ધ્યાન-ભજન કરતાં. એમ કરતાં કરતાં એક દિવસે કઠિયારાને તાવ આવ્યો તે વગડે જવાયું નહિ. તેની સ્ત્રી પતિવ્રતા હતી, માટે એકલી ન ગઈ, તેથી બે ય ભૂખ્યાં રહ્યાં. તેને ત્રીજે દિવસે સવારમાં તાવ ઊતર્યો. એટલે નાહીને પૂજા કરી. તેની સ્ત્રીએ પૂછ્યું જે, તમારે કાંઈ ખાવાની ઇચ્છા થઈ હોય તો હું કોઈનું ઉછીનું લાવીને કરી આપું. આપણે જમીને સાંજના ભારીઓ લેવા જાશું ને તેમાંથી જે આવશે તેમાંથી ઉછીનાવાળાને પાછું આપીશું. ત્યારે કઠિયારો બોલ્યો જે, બે દિવસ શ્રીજીમહારાજની ઇચ્છાથી ભૂખ્યા રહ્યાં તો અડધો દિવસ જાણીને ભૂખ્યા રહીશું પણ આપણે ઉછીનું લાવવું નથી. પછી ભૂખ્યા ને ભૂખ્યા વગડે જઈ એક થોરિયાનું થડિયું હતું તેને ચીરવા માંડ્યું તે કુહાડો તો ઊંચો પણ થાય નહિ તો પણ તેના ટચકાથી બ્રહ્માંડ ડોલવા લાગ્યું. તેથી બ્રહ્માને ભય ઉપન્યો એટલે વૈરાજ પુરુષ પાસે જઈને રાવ કરી તે ઉત્તરોત્તર સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન પાસે આવી. પછી શ્રી સ્વામિનારાયણ ભગવાને તેજરૂપે પ્રેરણા કરી તેનો જવાબ આપ્યો તે ઉત્તરોત્તર બ્રહ્મા પાસે આવ્યો. પછી તે ઉત્તર પ્રમાણે બ્રહ્માએ તે કઠિયારા ભક્ત પાસે આવીને તેમને છળવાની કોશિષ કરી પણ તે કઠિયારા ભક્ત બ્રહ્માને ઓળખી ગયા ને બ્રહ્માને તેની સ્થિતિનું ભાન કરાવ્યું કે તેના (બ્રહ્માના) ઉપરી વૈરાજ છે ને વૈરાજના ઉપરી અહંકાર છે. અહંકારના ઉપરી

મહત્તત્ત્વ છે ને મહત્તત્ત્વના ઉપરી પ્રધાનપુરુષ છે. પ્રધાનપુરુષના ઉપરી મૂળપુરુષ ને મૂળપુરુષના ઉપરી વાસુદેવ બ્રહ્મ છે. વાસુદેવબ્રહ્મના ઉપરી મૂળઅક્ષર છે ને આ સર્વેના ઉપરી સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. આ સાંભળી બ્રહ્માએ તે કઠિયારા ભક્તને વિનંતી કરી જે હે મુક્તરાજ! હું તમને આવા મોટા જાણતો નહોતો. તમોએ જે જ્ઞાન કહ્યું તેની તો મને ખબરેય નથી. હું તો મારા ઉપરી વૈરાજથી પર બીજું કાંઈ છે જ નહિ એમ જાણતો હતો. માટે મારો અપરાધ ક્ષમા કરો. ત્યારે કઠિયારા ભક્તે કહ્યું જે, જાવ, તમારું બ્રહ્માંડ નહિ પડે. તેથી બ્રહ્મા રાજી થઈને ગયા.

પછી શ્રીજીમહારાજે એ બે યને દર્શન આપ્યાં ને બહુ પ્રસન્ન થયાને કહ્યું જે, અહીં રહેવું છે કે ધામમાં આવવું છે? જો અહીં રહેવું હોય તો વૈભવ આપીએ અને ધામમાં આવવું હોય તો તેડી જઈએ. ત્યારે તે બે ય બોલ્યા જે, આ લોકનું તો અમારે કાંઈ જોઈતું નથી. અહીં રાખો કે તેડી જાઓ એ પણ અમે કાંઈ ન કહીએ. જેમ આપની મરજી હોય તેમ કરો. શ્રીજીમહારાજ બોલ્યા જે, ચાલો આપણા ધામમાં. પછી કુહાડો નાખી દઈને બે ય જણાં દેહ મૂકીને શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થઈ ગયાં. આવા નિષ્કામ ભક્ત થાય તો શ્રીજીમહારાજ તથા તેમના મુક્ત પ્રસન્ન થઈને આવરદા હોય તો પણ પડી મુકાવીને પોતાની મૂર્તિમાં રાખીને સુખ આપે છે ને સદા ભેળા રાખે છે. એવા નિષ્કામ થાવું પણ મૂર્તિ વિના કોઈ પદાર્થની ઈચ્છા ન રાખવી. ૧/૩૫/૬૬

૬. બાપાશ્રીએ વાત કરી જે, દેવરાજભાઈ રામપરાવાળા આવ્યા. તેમને બહુ આનંદભર્યા જોઈને અમે કહ્યું જે, તમે આનંદમાં છો તેનું કારણ આ ત્યાગવલ્લભદાસજી સ્વામીને કહો.

ત્યારે તે બોલ્યા જે, શ્રીજીમહારાજે ને તમે મારા ઉપર બહુ દયા કરીને બે દીકરા ને એક મારાં માતુશ્રી તેમને ધામમાં લઈ ગયા. હવે એક ઘરનું મનુષ્ય ને બે દીકરા છે, તેનું જેમ મહારાજની મરજી હોય તેમ સારું કરજો. પણ અત્યારે તો તેઓ મહારાજના સુખમાં પહોંચ્યા તેનો આનંદ છે. ભૂજ જઈને ત્રણ રસોઈઓ દઈને આપના દર્શને આવ્યો. ત્યારે અમે કહ્યું જે, કેમ ત્યાગવલ્લભદાસજી! તમારા ચેલા ધામમાં જાય તો કેમ થાય? ત્યારે ત્યાગવલ્લભદાસજી કહે જે, આવું તો મારાથી ન રહેવાય. પછી અમે બોલ્યા જે, આ દેવરાજભાઈ આખો દિવસ વાડીનું કામ કરે છે અને રાત્રિએ રાત્રિએ અમારી પાસે આવીને સમાગમ કરી જાય છે ને નિયમ એકે ચૂકતા નથી. એવા બળિયા છે અને મહારાજની મૂર્તિને સુખે સુખિયા છે. જો મૂર્તિ રાખે તો સુખી થવાય. આવી અલૌકિક સમજણ ને સ્થિતિ થાય તો અહોનિશ મૂર્તિનો આનંદ વર્તે. ૧/૪૭/૯૧

૭. આ લોકમાંથી ઉદાસ થાય તેને દેહના ભાવ ટળી જાય છે ને એને દેશકાળના વિષમપણામાં ખસી નીકળવાની જરૂર નથી. મહાપ્રભુજીની મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય ત્યારે નાગ, વાઘ, જળ, અગ્નિ, માન, અપમાન, ગળ્યું, ચીકણું, તીખું, તમતમુ એ આદિક વિષય માત્રનો ભય ને રાગ સર્વે ટળી જાય છે. એવો મૂર્તિનો પ્રતાપ છે. જ્યારે આ ગામમાં પ્લેગ આવ્યો ત્યારે સર્વે લોકો ગામમાંથી નીકળીને બહાર જઈને રહ્યા ત્યારે ભોજો ભક્ત બોલ્યા જે, ગુરુદેવ! આ લોક સર્વે કેમ ભાગી જાય છે? ત્યારે અમે કહ્યું જે, પ્લેગ આવ્યો છે એ સારુ જાય છે. ત્યારે તે બોલ્યા જે, એ તો શ્રીજીમહારાજે પોતાના ભક્ત ઉપર દયા કરીને સેવક મોકલ્યો છે, જે મારા ભક્તને કોઈકની પાસે સેવા કરાવવી પડે ને સેવા કરનાર ન હોય તો બહુ દુઃખી થાય,

માટે સેવક મોકલીએ તો ચોવીસ કલાકમાં છૂટકો થઈ જાય એમ જાણીને સેવક મોકલ્યો છે. તે સેવક પાસે સેવા કરાવતા નથી ને ભાગી જાય છે, તે એ શું સમજતા હશે? એવા પરિપક્વ જ્ઞાનવાળા અને વિદેહી હતા. ભગવાનના ભક્તે એવા થવા કોશિષ કરવી જોઈએ. ૧/૭૭/૧૪૧

૮. એક સમયને વિષે કાંકરિયાના ઉગમણા ગરનાળા ઉપર ચાર સદ્‌ગુરુઓ સાથે શ્રીજીમહારાજ રમત કરતા હતા. તે પોતાની હથેળીમાં બબ્બે સદ્‌ગુરુઓને રાખીને વારાફરતી ઉછાળે. તે આકાશમાં જઈને પાછા આવીને હથેળીમાં પડે. એમ રમત કરતાં કરતાં શ્રી બ્રહ્માનંદ સ્વામીને મહારાજે ઉછાળ્યા તે ગંગામા રસોઈ કરતાં હતાં તે ચોકમાં જઈને પડ્યા; ત્યારે ગંગામાએ કહ્યું જે, અમને બે યને ઉપવાસ પાડ્યા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, તમને સ્ત્રી-પુરુષનો ભેદ અને વિકાર છે કે નથી? ત્યારે કહે જે, અમે તો મુક્ત છીએ. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, મુક્ત છો પણ તમો તમારી મેળે એકબીજાને અડો તો ઉપવાસ કરવો પડે, પણ આ તો અમે તેમને ચોકમાં નાખ્યા માટે તમારે બાધ નહિ. ૧/૮૪/૧૫૨

૯. આ ગામમાં રત્નો ભક્ત હતા તેમને ગામધણી તથા પટેલે ઉપાધિ કરીને કાઢી મૂક્યા. તે કેરે સદાબા પાસે જઈને રહ્યા. તે ગઢડે મહારાજનાં દર્શને ગયા ત્યારે મહારાજે કહ્યું જે, વૃષપુર ગામ મૂકશો નહિ. પછી દર્શન કરીને કેરે આવતાં વૃષપુર સોંસરા ચાલ્યા. તેમને ગામધણી તથા પટેલે માર્યા ને આંખોમાં ધૂળ ભરી, ત્યારે રત્નો ભક્ત એમ બોલી ગયા જે, તમે મને દુઃખ દો છો પણ તમને સર્પ ને કૂતરાં દુઃખ દેશે. પછી રાત્રિએ ગામધણીને સર્પ ને કૂતરા ફાડી ખાવા માંડ્યા ને ગામધણી રાડો પાડવા મંડ્યો, તેથી ગામ બધું ભેગું થયું ને કહે જે ક્યાં કૂતરા ને સર્પ છે?

ત્યારે ગામધણી કહે જે, આ રહ્યા બધા ને મને તોડી ખાય છે. પછી સવારે રત્ના ભક્ત પાસે કેરે જઈને સદાબાને બહુ કરગર્યો ને કહ્યું જે, રત્ના ભક્તને વૃષપુર મોકલો. પછી સદાબા ખાસડું લઈને ફરી વળ્યાં ને કહ્યું જે, તેં મારા હરિભક્તને બહુ દુઃખ દીધું છે તે હવે નહિ આવે. તને કૂતરા ને સર્પ ભલે ફાડી ખાતા. પછી સાત ખાસડાં ગળે વળગાડીને પગે લાગીને કહે જે, રત્ના ભક્તને નહિ મોકલો તો આજ રાત્રિએ મારું મોત છે. પછી ગામના માણસોએ સદાબાને કહ્યું જે, મોકલો. હવે એને ગરજ બહુ થઈ છે. પછી સદાબાએ હા પાડી, એટલે ગાડામાં સામાન ભરીને તેડી ગયો. એટલું દુઃખ રત્ના ભક્તને પડ્યું તો પણ સત્સંગ મૂક્યો નહિ અને પહેલાં અહીં રહેતા ત્યારે પણ નાત પટેલિયા ભેળા થઈને કંઠી તોડી નાખતા ને પટેલોનું ખાધા ખર્ચ જે થાય તે એને માથે નાખતા. તો પણ પટેલિયા જાય એટલે ફેર કંઠી બાંધતા ને ફેર આવીને તોડાવી નાખતા. એમ વારંવાર દુઃખ દેતા. તો પણ સત્સંગ મૂક્યો નહિ. આખી કણબીની નાતમાં એ એકલા જ સત્સંગી હતા. ૧/૮૫/૧૫૫

(સારાંશ : "હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને." ધન્ય છે રત્ના ભક્તની આત્મનિષ્ઠા ને સત્સંગની પરિપક્વ દૃઢતાને.)

**૧૦.** એક સમયે શ્રી બ્રહ્માનંદ સ્વામી ભૂજથી કેરે જતા હતા. તેમને નારાયણપુરની વાડીમાં મૂળજી ભક્ત તથા ભાણજી ભક્તના બાપ ગોવો ભક્ત ક્યારા વાળતા હતા તેમણે દેખ્યા અને વિચાર કર્યો જે, આ સ્વામિનારાયણના સાધુ રાત્રિ પડવા આવી છે તે ક્યાં જશે? એમ જાણીને જોઈ રહ્યા. તે સ્વામી કેરા તરફ ગયા અને ગોવા ભક્તનો બાપ કોસ છોડીને ડહેલામાં બળદ બાંધીને ઘેર ગયા ને ગોવા ભક્ત કેરે ગયા, અને ત્યાં સદાબાને

ઘેર સ્વામી હતા તેમની વાતો સાંભળી. પછી સર્વ સભા ઊઠી ગઈ પણ ગોવો ભક્ત ઊઠ્યા નહિ; ત્યારે સ્વામીએ તેને પૂછ્યું જે, તમારે ક્યાં રહેવું? ત્યારે તેણે કહ્યું જે, નારાયણપુરમાં. પછી સ્વામીશ્રીએ કહ્યું જે, તમે કેમ બેસી રહ્યા છો? તમારે કાંઈ પૂછવું છે? ત્યારે તે બોલ્યા જે, તમો અત્યાર સુધી વાતો કરી જે, સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે ને જીવનો આત્યંતિક મોક્ષ કરવા આવ્યા છે. તે આત્યંતિક મોક્ષ સ્વામિનારાયણ ભગવાન વિના કોઈ અવતારથી થાય નહિ એ ખરું, પણ અમને શી રીતે ખાત્રી થાય? ત્યારે સ્વામી બોલ્યા જે, આ પૃથ્વી ઉપર જેટલી ગાયો અને જેટલી સ્ત્રીઓ ને જેટલાં બાળક છે એમને માર્યે જેટલું પાપ થાય એટલું પાપ 'સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી ન હોય' તો અમને થાય. શ્રી સ્વામિનારાયણ ભગવાન અમારી પાસે તો છે પણ તારા દેખ્યામાં ન આવે. જો તારે મનુષ્ય દેહનો લાભ લેવો હોય અને આત્યંતિક કલ્યાણ જોઈતું હોય તો તું ગઢડે જા. ત્યાં અમે જે સમ ખાધા તે વાત તને કહે તો તું શ્રી સ્વામિનારાયણને ભગવાન માનજે. પછી તે વાડીએ આવીને બળદને નીરણ કરીને ઘેર ગયા ને વાળુ કરીને બધી વાડીઓએ ફરીને લોકોને કહ્યું જે, મારી સાથે ગઢડે આવો તો શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે ત્યાં દર્શને જાવું છે. પછી બીજા ચાર જણા તૈયાર થયા. પછી એ પાંચે જણા ગઢડે આવ્યા ત્યારે મહારાજે કહ્યું જે, ગોવા ભક્ત! તમે અમારા બ્રહ્માનંદ સ્વામીને આવા આકરા સમ ખવરાવ્યા? અમે સાક્ષાત્ ભગવાન છીએ અને આત્યંતિક મોક્ષ કરવા આવ્યા છીએ. અને બીજા જોડે ચાર જણ હતા, તેમાં ગંગદાસ નામે ભક્ત હતા તેમને શ્રીજીમહારાજે કહ્યું જે, તમે માર્ગમાં આવતાં સંકલ્પ કર્યા હતા જે ભગવાનના પગમાં સોળ ચિહ્ન હોય તો ભગવાન ખરા. તે

જુઓ! અમારા પગમાં સોળ ચિહ્ન છે? એમ કહીને બતાવ્યાં. પછી તે વર્તમાન ધારીને સત્સંગી થયા ને પાંચ દિવસ રહીને ઘેર આવ્યા. એ પાંચ ને રત્નો ભક્ત એ છ સત્સંગી આખી કણબીની નાતમાં હતા. હવે તો આખી નાત સત્સંગી થઈ છે. મનુષ્ય દેહમાં છુપાયેલા, પ્રગટ પરબ્રહ્મ પરમાત્માએ પોતે જ પોતાને ઓળખાવ્યા! કરુણાસાગરની શી કરુણા! ૧/૮૫/૧૫૬

૧૧. સદાબાને પણ એમના પતિએ ઘણું દુઃખ દીધું હતું. એક દિવસ તો ઓરડા વાસીને તરવાર તાણી, એટલામાં બધા ઓરડા ઊઘડી ગયા ને મહારાજે ફોજ દેખાડી ને બાંધીને મારવા માંડ્યો ને કહ્યું જે, આ ફેરે તો છોડી મૂકીએ છીએ, પણ જો હવે એમને દુઃખ દઈશ તો જીવથી મારી નાખીશું. એમ બીક બતાવી. ત્યારથી સદાબાને દુઃખ દેતો નહિ. એવાં કષ્ટ વેઠીને પણ આગળ સત્સંગ કર્યો છે અને આજ તો ત્યાગી-ગૃહીને સર્વ વાતે સાનુકૂળ છે. આવા સમયમાં જે શ્રીજીમહારાજની આજ્ઞા ન પાળે અને ધન, સ્ત્રી આદિમાં લેવાઈ જાય તે તો અતિશય અભાગિયા કહેવાય. ૧/૮૫/૧૫૭

૧૨. સુરાખાચરની આસક્તિ કેવી રીતે ટળી?

બાપાશ્રી બોલ્યા જે, સુરાખાચરને સ્વાદ બહુ હતો. તે દશ-પંદર વાસણમાં જુદાં જુદાં પ્રકારનાં ભોજન જમતાં અને સ્વાદુ ન થાય તો કજિયો કરતા. એક વખતે તેમનાં પત્ની શાંતિબાઈને શ્રીજીમહારાજે કહ્યું જે, તમને કથામાં આવતાં મોડું કેમ થાય છે? ત્યારે તે બોલ્યાં જે, તમારા ભક્તને જમતી વખતે ઝાઝાં વાનાં જોઈએ છે ને તેમાં મરચાં-મીઠામાં ફેર પડે તો કજિયો કરે છે. તેથી મારાથી કથાના જોગમાં અવાતું નથી. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, આજથી તમારે એક-બે વાનાં કરવાં ને તે પણ મરચા-મીઠા વિનાનાં મોળાં કરવાં. અમે સુરાખાચરને

નિયમ આપશું જે તમારે જમતી વખતે કાંઈ માગવું નહિ ને બોલવું નહિ. પછી સુરાખાચરને મહારાજે નિયમ આપ્યો અને તે બાઈએ, મહારાજે કહ્યું હતું તેવી રીતે કર્યું. પછી સુરાખાચર જમવા બેઠા, તે મીઠા મોળું ને થોડું જોઈને જાણ્યું જે, મારો ધણી આવી પહોંચ્યા; નહિ તો આવું કરે નહિ. એમ શ્રીજીમહારાજની મરજી જાણીને અમૃતની પેઠે જમી ગયા. તેવું છ મહિના જમ્યા. પછી શાંતિબાઈને મહારાજે પૂછ્યું જે, કેમ! ભક્ત કાંઈ બોલે છે? ત્યારે તે કહે જે ના, મહારાજ! તમારા ભક્ત હવે જેવું મળે તેવું જમે છે ને કજિયો કરતા નથી. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, હવેથી દેવની એટલે અમારી બુદ્ધિએ સેવા કરજો. પછી સારાં સારાં ભોજન કરીને જમાડવા માંડ્યાં પણ સુરાખાચરને રાગ ટળી ગયા ને સારા-નરસાની સ્મૃતિ ન રહી ને સારું-નરસું સરખું થઈ ગયું. એમ નિયમે કરીને આસક્તિ ટળે પણ પોતાની મેળે ત્યાગ કરે તો આસક્તિ ન ટળે. નિયમ લેવા તે પણ મોટાની પાસે દીન થઈને હાથ જોડીને લેવા તો મોટા સહાયમાં ભળીને પાર પાડે. ૧/૮૯/૧૬૨

**૧૩.** મોટાનો પ્રતાપ તો એવો છે જે, એક સમયને વિષે અનાદિ મુક્તરાજ શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ ધોળકેથી સદ્‌ગુરુ શ્રી નિર્મળાનંદ સ્વામીને તથા સ્વામી વ્રજવલ્લભદાસજીને ઉમરેઠમાં અનાદિ મહામુક્તરાજ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી પાસેથી ગીતાભાષ્યનું પુસ્તક લેવા સારુ મોકલ્યા હતા. ત્યાં નવસારી ગણદેવીના હરિભક્ત ભાદરવા આંબાની કેરીઓ લાવ્યા હતા તે સ્વામીશ્રી તથા બીજા સર્વે સંત જમ્યા. તે ગોટલાં ધોળકાની વાડીમાં વાવવા સારુ લેવા માંડ્યાં ત્યારે સ્વામીશ્રીના સંતોએ કહ્યું જે, સ્વામીશ્રીનાં જમેલાં ગોટલાં ઊગશે નહિ. માટે લેશો નહિ. પછી તે ગોટલાં સ્વામીએ જુદાં રાખ્યા ને લાવીને

ધોળકાની વાડીમાં વાવ્યાં. તો સ્વામીશ્રીનાં જમેલાં હતાં તે ન ઊગ્યાં અને બીજા સંતોનાં જમેલાં હતાં તે ઊગ્યાં. આમ મોટાના ઉપયોગમાં આવે તે સર્વેનો મોક્ષ થાય. ૧/૧૧૪/૨૦૪

**૧૪.** કપડવંજમાં ગણેશભાઈએ દેહ મૂક્યો તે વખતે અનાદિ મહામુક્તરાજ સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી મંડળે સહિત અહીં મંદિરમાં હતા. તે સવારમાં સાધુએ એક કલાક સુધી કથા વાંચી. ત્યાં સુધી તે ધ્યાનમાં બેઠા હતા, અને પછી ધ્યાનમાંથી જાગીને એક કલાક વાતો કરી. પછી બોલ્યા જે, "કપડવંજમાં ગણેશભાઈએ અમારી પાસે વર માગ્યો હતો જે, અંત વખતે દર્શન આપીને તેડી જજો. તેમણે આ ટાણે દેહ મૂક્યો ને તેમને મહારાજના સુખમાં મૂકી દીધા." એવો મોટાનો પ્રતાપ છે. ૧/૧૧૫/૨૦૫

**૧૫.** પર્વતભાઈના દીકરા મેઘજીભાઈને અડસઠ તીર્થ કરવા જવાની ઇચ્છા થઈ, તેથી પર્વતભાઈને કહ્યું જે, મારે અડસઠ તીર્થ કરવા જાવું છે. ત્યારે પર્વતભાઈએ કહ્યું જે, અડસઠ તીર્થ તો દર્શન કરવા તથા માથે રજં ચઢાવવા આપણા ફળિયામાં નિત્ય આવે છે. ત્યારે મેઘજીભાઈએ કહ્યું જે, એમ તીર્થ રજ લેવા આવતાં હોય તો લોકો હજારો રૂપિયા ખર્ચીને તીર્થ કરવા શા સારુ જાય? એ તો તમારે ખર્ચી આપવી પડે એટલા સારુ સમજાવો છો, પણ મારે તો અવશ્ય જાવું છે. પછી તેને પર્વતભાઈએ ભાતું-ખર્ચી આપ્યાં ને તે તીર્થ કરવા નીકળ્યા. પછી પર્વતભાઈએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું જે, છોકરો તો તીર્થ કરવા ગયો. ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, તમારા ચરણમાં તીર્થ છે તે બતાવ્યાં હોત તો ન જાત. હું એને પાછો વાળી લાવું એમ કહીને સ્વામી ચાલ્યા તે વાટમાં મેઘજીની આગળ થઈ ગયા. મેઘજીને સ્વામી પૃથ્વીથી ગજ ઊંચા ચાલતા દેખાયા ને એમનાં

ચરણમાં શ્વેત તેજોમય અડસઠ તીર્થ દેખાયાં. તેમાં કેટલાંક તો ચરણનો સ્પર્શ કરે અને કેટલાંક તો માથે રજ ચઢાવે ને કેટલાંક તો દંડવત્ કરે ને કેટલાંક તો પ્રાર્થના કરે. એવી રીતે જોઈને મેઘજી બોલ્યા જે, સ્વામી! આ તમારા ચરણ તળે શ્વેત તેજોમય મૂર્તિઓ છે તે કોણ હશે? ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, કેટલી છે? ગણી જો. પછી તેણે ગણી તો અડસઠ થઈ. ત્યારે કહ્યું જે, અડસઠ છે. ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, એ અડસઠ તીર્થ છે. પછી મેઘજીએ કહ્યું જે, હું તીર્થે જતો હતો તે હવે નહિ જાઉં. એમ કહીને પાછા વળ્યા ને સ્વામીશ્રી પણ પાછા વળ્યા. રસ્તામાં આવતાં સ્વામીશ્રીએ વાત કરી જે, તમારા પિતાશ્રીના ચરણમાં પણ તીરથ સદાય રહે છે. ત્યારે મેઘજીએ કહ્યું જે, મારા દેખ્યામાં કોઈ દિવસ આવ્યાં નથી. પછી સ્વામીશ્રીએ કહ્યું જે, તમે કહેશો તો બતાવશે. એમ કહીને સ્વામીશ્રી ઉતારે ગયા ને મેઘજીભાઈએ ઘેર આવીને પર્વતભાઈને વાત કરી જે, સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ એમના ચરણમાં તીર્થ બતાવ્યાં અને તમારા ચરણમાં તીર્થ છે એમ કહ્યું જે, માટે મને બતાવો. પછી પર્વતભાઈએ પોતાના ચરણમાં તે સર્વે તીર્થ બતાવ્યાં. ૧/૧૨૧/૨૧૩

૧૬. શ્રી ગોપાળાનંદ સ્વામી આદિ સંતો તથા પર્વતભાઈ આદિ ઘણા હરિજનો સાંજ વખતે દરરોજ કૂવે નહાવા જતાં. ત્યાં નાહીને એક વૃક્ષતળે બેસીને માનસીપૂજા કરીને પછી શ્રીજીમહારાજના મહિમાની ઘણીક વાર્તાઓ નિત્ય કરતા. એક વાર વાર્તા સાંભળીને વૃક્ષને ઘણો જ આનંદ થયો, તેથી ખડખડ હસવા માંડ્યું ત્યારે સભામાં બેઠેલા હરિજનો બોલ્યા જે, વાયુ વિના આ ઝાડ કેમ ખખડતું હશે? ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, એ ઝાડ હસે છે. ત્યારે હરિજનો બોલ્યા જે, ઝાડને હસવાનો ધર્મ નથી. પછી પર્વતભાઈ બોલ્યા જે, પૂછી જુઓ, પણ કોઈ

પૂછતા ન હવા. ત્યારે શ્રી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે, સત્પુરુષ જે બોલે તે સત્ય હોય માટે વિશ્વાસ લાવીને પૂછો. પછી હરિજનોએ પૂછ્યું, ત્યારે ઝાડ બોલ્યું જે, આ સભા શ્રી પુરુષોત્તમ ભગવાનની છે તે મારે છાંયે બેઠી છે, તેથી મારે સેવા થઈ ને વળી શ્રીજીમહારાજના મહિમાની વાતો સાંભળીને જ્ઞાન થયું ને મોટા મોટા અવાતારાદિકને તથા બ્રહ્મકોટીને તથા અક્ષરકોટીને પણ દુર્લભ એવા આ મુક્તોનાં મારે દર્શન થયાં. માટે મારો છેલ્લો જન્મ થઈ ગયો. હવે મારે ફેર જન્મ ધરવો નહિ પડે અને શ્રીજીમહારાજની મૂર્તિમાં તમારા ભેળે આવીને હું બેસીશ ને તમારા જેવું સુખ ભોગવીશ; તેનો આનંદ આવવાથી હું હસું છું. એવો મહિમા મોટાનો છે. ૧/૧૨૧/૨૧૪

૧૭. પર્વતભાઈની પ્રાર્થનાથી શ્રીજીમહારાજે અનાદિમુક્ત સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીને મંડળધારી કરીને એમની સાથે સંતદાસજી, વ્યપકાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, રામદાસભાઈ, આત્માનંદ સ્વામી આદિ ત્રીસ સદ્‌ગુરુઓને છ મહિના અગત્રાઈ રહેવા જવાની આજ્ઞા કરી. ત્યારે રામદાસભાઈ બોલ્યા જે, હે મહારાજ! ગોપાળાનંદ સ્વામી વિના બીજા મોટા સંતને મંડળધારી કરો તો ઠીક, કેમ જે એ તો બાર મહિનાથી સાધુ થયા છે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, આ તો અમારી મૂર્તિમાં રહેનારા અનાદિ મહામુક્ત છે અને સૌથી મોટા છે, માટે તેમને મોકલજો એમ પર્વતભાઈ કહી ગયા છે, તેથી એમને મંડળધારી કર્યા છે. તો તમે સૌ એમની આજ્ઞામાં રહેજો પણ જૂનાપણાનું અભિમાન રાખશો નહિ. પછી તે સર્વે અગત્રાઈ ગયા. ત્યાં શ્રીજીમહારાજના મહિમાની ને સુખની વાતો ગોપાળાનંદ સ્વામી તથા પર્વતભાઈ બંને વારાફરતી કરતા. તે સાંભળીને સર્વે સંત તથા હરિજનો બહુ જ આનંદ પામતા. એ

છ મહિના સુધી શ્રી ગોપાળાનંદ સ્વામીએ તથા પર્વતભાઈએ અગત્રાઈના સીમાડામાં કાળને પેસવા દીધો નહિ. ત્યારે કાળે શ્રીજીમહારાજ આગળ પ્રાર્થના કરી જે, હું અગત્રાઈના સીમાડામાં જાઉં છું ત્યારે મને શ્રી ગોપાળાનંદ સ્વામી તથા પર્વતભાઈ બાળે છે તેથી મારાથી જવાતું નથી; માટે હું કેમ કરું? ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, તું ન જઈશ. તારું કામ હશે તે એ કરશે. એમની મરજી થાય ત્યારે જજે, નહિ તો બળી મરીશ. એ છ મહિના સુધી ગામમાં તથા સીમાડામાં જે જીવ મરે તે સર્વેને શ્રીજીમહારાજ પાસે લઈ જતા હવા.

પછી શ્રીજીમહારાજે શ્રી ગોપાળાનંદ સ્વામીને કાગળ લખ્યો જે, છ મહિના પૂરા થયા માટે બીજાં ગામોમાં ફરવા જજો. પછી શ્રી ગોપાળાનંદ સ્વામી મંડળે સહિત ત્યાંથી નીકળ્યા તે ગામડાંમાં ફરતા ફરતા આવતા હતા. ત્યા માર્ગમાં ચાલતાં એક કૂવો આવ્યો. ત્યારે નહાવા ઊતર્યા. ત્યાં પ્રથમથી જ આઠ બ્રાહ્મણો ઊતરેલા હતા. તેમણે સાધુ દેખીને સાધુની તથા શ્રીજીમહારાજની નિંદા કરવા માંડી. એટલામાં તે આઠેને કોગળિયું આવ્યું. પછી તો સ્તુતિ કરવા માંડી જે, શ્રી સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન જગતના કર્તા-હર્તા છે ને તમે સર્વે સંત મુક્ત છો ને સ્વતંત્ર છો ને અમારા જેવા પામર જીવોનો ઉદ્ધાર કરવા પ્રગટ થયા છો, માટે અમારા નીચ કૃત્ય સામું ન જોતાં, તમારા બિરદ સામું જોઈને તમારે પ્રતાપે કરીને અમારી રક્ષા કરો. ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, અમે નાશવંત એવો જે દેહ તેની રક્ષા તો નહિ કરીએ પણ તમારા જીવની રક્ષા કરશું. એમ બોલીને સર્વે સંતોના દેખતાં એ સર્વેને વિમાનમાં બેસારીને ધામમાં મોકલી દીધા. પછી સર્વે સંત શ્રીજીમહારાજ પાસે ગઢડે આવ્યા અને સંતોએ શ્રીજીમહારાજને કહ્યું જે, શ્રી ગોપાળાનંદ સ્વામીએ આઠ બ્રાહ્મણ આપણી નિંદા

કરતા હતા તેમને અક્ષરધામમાં મોકલ્યા તે ઠીક ન કર્યું. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, આ ટાણે સો-બસો મહેમાન આવે, તેમની ખાવા-પીવાની સરભરા કરવાની સત્સંગીઓને ભલામણ કરવી પડે. તેમાં કોઈ સત્સંગી આપણા કહ્યા વિના જ સર્વે મહેમાનને ઘેર લઈ જઈને ખાવા-પીવાની ખબર રાખે તો આપણે રાજી થઈએ કે નહિ? ત્યારે સંતોએ કહ્યું જે, તો તો રાજી બહુ થઈએ. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, અમારે કોઈને મુક્તને આજ્ઞા કરવી પડત, તે વગર આજ્ઞાએ ગોપાળાનંદ સ્વામીએ મોક્ષ કર્યો તે તો બહુ જ સારું કર્યું એમ શ્રીજીમહારાજ બોલ્યા. ૧/૧૨૧/૨૧૫

૧૮. શ્રી પરમાનંદ સ્વામીને ગરમીનો મંદવાડ હતો. તેમને સંત ચંદન ઘસીને ચોપડવા આવ્યા ત્યારે ના પાડી જે, પાપરૂપ દેહને રાખીને શું કરવો છે? મહારાજના સુખમાં જવું છે પણ આ પાપરૂપ દેહમાં રહેવું નથી. એમ બોલ્યા. તાવ આવે, માથું દુઃખે અથવા ગમે તેવો રોગ થાય તો પણ કોઈને જણાવા દે નહિ. મૂળીના સંતદાસજીને તાવ આવતો ત્યારે તે એવા ઊંડા ઊતરી જાતા તે જાણે કાંઈ દુઃખ જ નથી. મહારાજના સુખમાં ઊંડા ઊતરી જાય એટલે બધી ઇન્દ્રિયો સંકોચાઈ જાય. આ સત્સંગમાં એવા પાકા સંત પડ્યા છે. તે લાગે ગરીબડા જેવા! એવા સંત હોય તેમની મંદિરમાં જે મોટેરા થઈને બેઠા હોય તેમણે ખબર રાખવી જોઈએ, પણ દુઃખવવા નહિ. જો દુઃખવે તો બહુ પાપ લાગે. ૧/૧૨૯/૨૨૬

૧૯. છેલ્લા પ્રકરણનું ૯મું વચનામૃત વંચાતું હતું. તેમાં અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને નિરંતર ભગવાનની સેવામાં રહેવું એમ આવ્યું. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજે પોતાના એકાંતિક ભક્તોની સ્થિતિ કહી છે. એવી સ્થિતિ કરવાનો ખટકો રાખવો. સર્વે ક્રિયામાં શ્રીજીમહારાજની મૂર્તિની અખંડ સ્મૃતિ

રાખવી. તે ક્રિયા કરતાં કરતાં મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય. ભૂજમાં શ્રી અચ્યુતદાસજી સ્વામી હતા તે વાડીમાં કોટ કરતા હતા, તે પથ્થર આઘોપાછો મુકાઈ ગયો. ત્યાં ગોવિંદાનંદ બ્રહ્મચારી નાહવા આવ્યા હતા તે બોલ્યા જે, સ્વામી! પથ્થર બરાબર સરખો બેઠો નથી. પછી સ્વામી બોલ્યા જે, પહાણો તો બરાબર કરીશું પણ તમે ઠાકોરજીને વાઘા અવળા પહેરાવ્યા છે તે સવળા પહેરાવો. પછી બ્રહ્મચારીએ નાહીને મંદિરમાં જઈને જોયું તો વાઘા અવળા જ પહેરાવેલા હતા તે સવળા કર્યા. પછી જ્યારે બીજે દિવસે વાડીએ નહાવા આવ્યા ત્યારે સ્વામીને પૂછ્યું જે, વાઘા અવળા છે એવી તમને શી રીતે ખબર પડી? તમે તો મંગળાનાં દર્શન કરીને અહીં આવ્યા હતા. ત્યારે સ્વામી કહે જે, અમારે આવરણ નથી. અહીં રહ્યા થકા દેખીએ છીએ. એવા સ્વામી સમર્થ હતા. ૧/૧૪૩/૨૪૮

૨૦. એક દિવસે ભૂજના ભંડારમાં રોટલાં કરતાં કરતાં અચ્યુતદાસજી સ્વામીને સમાધિ થઈ ને તાવડીમાં રોટલો નાખ્યો તે રોટલા ઉપર હાથ રહી ગયો; તે રોટલો બળી ગયો અને હાથ દાઝવા લાગ્યો. એવામાં અમે મંદિરમાં જઈને સ્વામી રઘુવીરચરણદાસજીને કહ્યું જે, સ્વામીને સમાધિ થઈ ગઈ છે ને હાથ બળે છે. માટે ઝટ જઈને હાથ ઉપાડી લો. પછી તેમણે જઈને હાથ લઈ લીધો ને પોતે રોટલા કરવા બેઠા. જ્યારે હરે થયા ત્યારે સ્વામી જાગ્યા ને જમીને સભામાં બેઠા. વચનામૃત વાંચી રહ્યા પછી અમે સ્વામીને પૂછ્યું જે, સમાધિમાં સિદ્ધિઓ દેખાય તે કેવી હશે? ત્યારે સ્વામી બોલ્યા જે, મને સમાધિ થઈ હતી, તે આગળ મહારાજ ને વાંસે હું. એમ ને એમ ચાલ્યો તે દેવલોકમાં થઈને, વૈકુંઠમાં થઈને આગળ ચાલ્યો ત્યાં સિદ્ધિઓ ભારે ભારે ફળ, મેવા આદિક સામગ્રીઓ લઈને પડખે આવીને

પ્રાર્થના કરવા લાગી જે, અમારી સેવા અંગીકાર કરો. પણ મેં મહારાજને મૂકીને એ પાપ સામું જોયું જ નહિ. પછી થાકીને તેમણે મારે માથે તહોમત નાખ્યું જે ફટ છે તને, જે પુરુષોત્તમ ભગવાનને મૂકીને અમારી વિષે લોભાઈ ગયો. પછી મેં મહારાજના સામું જોઈ રહીને તેમને કહ્યું જે, ફટ તો તમને ને તમારા ધણીને! હું તો મારા ભગવાનને મૂકીને તમારા સામું જોઉં તેવો જ નથી. તમે તો નર્કરૂપ છો. તે નર્કમાં હું શું લોભાઉં? એમ કહીને મહારાજની સાથે સાથે ચાલ્યો તે ઠેઠ ધામમાં ગયો. જ્યારે અહીં થાળ કર્યા ત્યારે મહારાજ દેહમાં લાવ્યા. જેને મહારાજની મોટપ યથાર્થ જાણ્યામાં આવી હોય તેને સિદ્ધિઓ પરાભવ કરી શકતી નથી. ૧/૧૪૩/૨૪૮

**૨૧.** રામપરેથી હરિજનો ભૂજ દર્શને આવ્યા હતા. તેઓ સર્વેને પગે લાગવા માંડ્યા. તેમાં પરબત નામનો એક છોકરો શ્રી અચ્યુતદાસજી સ્વામીને પગે લાગ્યો. તેના બરડા ઉપર હાથ મૂકીને સ્વામી બોલ્યા જે, આવો! બ્રહ્માનંદ સ્વામીના પોઠિયા! ત્યારે સર્વેએ પૂછ્યું જે, બ્રહ્માનંદ સ્વામી તો છેલ્લી અવસ્થામાં ઘોડે બેસતા પણ પોઠિયે બેસતા નહિ ને તમે પોઠિયા કહ્યા તેનું શું કારણ છે? ત્યારે સ્વામી બોલ્યા જે, બ્રહ્માનંદ સ્વામી સાઠ સાધુ લઈને ઝાલાવાડમાં ફરતા હતા. તેમને માર્ગમાં ચાલતાં એક વખત તાવ આવ્યો. તે વખતે એક વણઝારો પોઠ લઈને જતો હતો. તેને સ્વામીના સાધુએ કહ્યું જે, અમારા ગુરુને તાવ આવ્યો છે ને અમારે ગામમાં જાવું છે. માટે એક પોઠિયા ઉપર બેસાડો તો અમે ગામમાં પહોંચીએ. પછી વણઝારે એક પોઠિયો લાવીને કહ્યું જે, આના ઉપર બેસાડો. પછી તેના ઉપર સ્વામીને બેસાર્યા. તે ગામની ભાગોળે ઊતરીને સ્વામીએ તેના માથે હાથ મૂક્યો ને બોલ્યા જે, તારાં કર્મ બળી ગયાં. હવે એક જન્મ ધર, અમે તને

તેડવા આવશું. તે જ વખતે પોઠિયો મરી ગયો તે આ છોકરો છે ને તેને અંત વખતે શ્રી બ્રહ્માનંદ સ્વામી તેડવા આવશે. પછી પરબત ભક્તે ઓગણપચાસની સાલમાં દેહ મેલ્યો તેને મહારાજ તથા બ્રહ્માનંદ સ્વામી દર્શન આપીને તેડી ગયા. આ પ્રસંગમાં સ. ગુ. અચ્યુતદાસજી સ્વામીની ત્રિકાળજ્ઞ-નિવારણ દૃષ્ટિ ને સ. ગુ. બ્રહ્માનંદ સ્વામીના અલૌકિક સામર્થ્યનું દર્શન થાય છે. સર્વોપરી શ્રીહરિના સંતોની વાત જ ન્યારી! ૧/૧૪૩/૨૪૯

૨૨. સ્વામી અચ્યુતદાસજીના જેવી સ્થિતિ થવાનો શો ઉપાય હશે?

બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખે તો એવી સ્થિતિ થાય, અથવા અતિશય મોટા સંતની પ્રસન્નતા મેળવે તો એવી સ્થિતિ થાય. એક સમયે સંતદાસજી તથા સ્વરૂપાનંદ સ્વામી ફરતા ફરતા ગામ ધ્રૂફી અચ્યુતદાસજીને ઘેર ગયા. તે બે દિવસથી ભૂખ્યા હતા ને અચ્યુતદાસજીના પિતા ઘેર નહોતા. તો પણ અચ્યુતદાસજીએ સિધું, પાણી, બળતણ વગેરે સામાન તેમને લાવી આપ્યો. તેમણે થાળ કરીને ઠાકોરજીને જમાડ્યા અને પ્રસાદી જમ્યા. પછી તેમના ઉપર રાજી થયા ને કહ્યું જે, છોકરા માગ, જે માગે તે આપીએ. ત્યારે અચ્યુતદાસજીએ માગ્યું જે, જે તમને વહાલું હોય તે મને આપો. ત્યારે તે બે મુક્ત બોલ્યા જે, તારી પણ અમારા જેવી સ્થિતિ થશે. તે જ વખતે અચ્યુતદાસજીની નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ. એક વખતે એમના માબાપે ગઢડા શ્રીજીમહારાજને દર્શને જતાં એમને સાથે લીધા. પંદરેક ગાઉ ગયા ત્યારે વિચાર થયો જે, આ છોકરો ચાલી શકશે નહિ. માટે તેને પાછો વાળીએ. પછી ઘસિયો આપીને કહ્યું જે, તારાથી ચાલી શકાશે નહિ માટે આ ટીમણ મારગમાં ખાજે ને પાછો ઘેર જા. પછી તે ઘેર આવ્યા પણ સાથે

જવાની આતુરતા ન બતાવી, કેમ જે મહારાજને સદા અખંડ દેખતા. એવી સ્થિતિ મોટાની કૃપાએ થાય. ૧/૧૪૪/૨૫૦

૨૩. સંવત ૧૯૨૯ની સાલમાં અચ્યુતદાસજી સ્વામી અમદાવાદ આવ્યા હતા. તે સભામંડપને ત્રીજે માળ ઊતર્યા હતા. ત્યાં સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ એમને પૂછ્યું જે, તમે કેટલાં વર્ષે સમૈયે આવ્યા? ત્યારે તેમણે કહ્યું જે, તેર વર્ષ થયાં. ત્યારે સ્વામી બોલ્યા જે, ઘણે વર્ષે આવ્યા. ત્યારે સ્વામી અચ્યુતદાસજી બોલ્યા જે, સ્વામી! તમારા જેવા મોટાના પ્રતાપે કરીને નાનપણથી મારે આવરણ ટળી ગયાં છે. બધાં મંદિરોમાં સભાઓ થાય છે ને વાતોચીતો થાય છે, સર્વે હું દેખું છું ને સાંભળું છું, તેથી આવતો નથી. એમ પોતાની સ્થિતિ કહી હતી. ૧/૧૪૪/૨૫૧

૨૪. શ્રીજીમહારાજને દર્શને કોઈ ગરાસિયા આવ્યા, તે મનુષ્ય ચરિત્ર જોઈને પાછા ગયા. ફરી વાર તે ગરાસિયા પાછા ત્યાં કોઈક કાઠીને ઘેર આવ્યા, તેમને કાઠીએ જમાડ્યા તેથી પવિત્ર થયા. ત્યારે સંકલ્પ થયો જે કદાપિ ભગવાન હોય તો આપણને ખોટ જાય. માટે આપણે ફેર ચાલો ને! આપણે જે સંકલ્પ કરીએ તે સત્ય કરે તો ભગવાન ખરા. પછી સંકલ્પ કરીને આવ્યા, જે કામળાનો શણગાર પહેરીને જો હાથમાં પાનું લઈને વાંચતા હોય, એવા દર્શન થાય તો એ ભગવાન ખરા; એમ ધારીને ફરીથી આવ્યા. તે વખતે શ્રીજીમહારાજે બ્રહ્મચારી પાસે "અમને શીળો ધાયો છે" એમ કહી સર્વે પોષાક કામળાનો મંગાવીને ધારણ કરેલો અને પાનું હાથમાં લઈને બેઠેલા. એવાં તેમને દર્શન દીધાં પછી નિશ્ચય કર્યો, પણ શ્રીજીમહારાજે કહ્યું જે, હજી તમને અમારો બરાબર નિશ્ચય થયો નથી. માટે બીજો પરચો માગો. ત્યારે તે ચાર જણ બોલ્યા જે, ગઈ કાલે અમે ક્યાં

હતા તે કહો? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ગઈ કાલે તમે તમારે સંબંધીને ઘેર અનાજ ખાધું. તેના તમે ચારે સાક્ષી છો. પછી તે ચારે જણા સત્સંગી થઈને ઘેર ગયા. ભગવાન ઓળખવા તે વાત કાંઈ સુગમ નથી. એ તો ભગવાન કૃપા કરે ત્યારે જ ઓળખાય. ૧/૧૬૪/૩૦૦

૨૫. સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી અહીં ભૂજના સભામંડપની લખણી કરવા આવ્યા હતા. તેમની સાથે અમો ગામ જતા હવા. તે રસ્તામાં જતાં એક વળાકામાં સંતો આગળ જતા રહ્યા અને અમે તથા સ્વામી રહી ગયા એટલે સ્વામીએ સંતોને લાકડી ઊંચી કરીને ઊભા રાખ્યા ને બોલ્યા જે, અનંત સાધુ આપણા ભેળા છે એવા આપણે બે છીએ, તો પણ આ લોકનું રાખવું પડે છે; નહિ તો આપણા ભેળા કરોડો કરોડો મુક્ત છે, એટલા કહીએ તો ય થોડા કહેવાય, તો પણ સાધુને ઊભા રાખવા પડ્યા; કારણ કે શ્રીજીમહારાજે ધર્મ પ્રબંધ બાંધ્યો છે તે મોટા મુક્ત પાળે તો જ સાધનિક પાળે. ૧/૧૭૪/૩૨૮

૨૬. ગોરધનભાઈ છોકરાને ટાંગો ઝાલીને ખણી જાતા તે કેમ ઝલાય તેની ખબર નહિ અને સાકર છે કે મીઠું છે તેની ખબર નહિ, અને કોઈક વખતે ઘણું જમે ને ક્યારેક થોડું જમે ને ક્યારેક જમે પણ નહિ, બધું મહારાજના હાથમાં. આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજને ધ્યાન કરતાં લૂગડામાં વીંછી હતો તે સાત-આઠ ઠેકાણે કરડ્યો તો પણ ધ્યાનમાંથી ઊઠ્યા નહિ, ને ધ્યાન કરીને પછી વાત કરી જે, આ લૂગડામાં શું છે, જુઓ! પછી પાળાએ જોયું તો વીંછી નીકળ્યો; તેવી સ્થિતિ ઉપશમ કરતાં પણ અધિક કહેવાય. વળી ગામડી ગામમાં પધાર્યા હતા; ત્યારે દૂધપાકમાં સાકરને બદલે ભૂલથી મીઠું નાખ્યું હતું. તો પણ નિત્ય જમતા તેટલું જમી ગયા, તે પણ ગોરધનભાઈથી અધિક સ્થિતિ

કહેવાય, કેમ જે ગોરધનભાઈને તો ખબર નહોતી પડતી ને અયોધ્યાપ્રસાદજી મહારાજને તો આત્મનિષ્ઠા હતી. તે આત્મનિષ્ઠાને બળે કરીને વીંછીની પીડાને ખમ્યા ને મીઠું જમી ગયા, માટે તે વિશેષ કહેવાય. ૧/૧૯૪/૩૭૧

૨૭. એક સમયે વિષે શ્રી રઘુવીરજી મહારાજ અમદાવાદ પધાર્યા હતા ત્યારે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને કહ્યું જે, તમો તો આ મોટા શહેરના વ્યવહારમાં બહુ જ બંધાઈ ગયા. પછી શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે, તમો ભગવતપ્રસાદજીને વરતાલનો વ્યવહાર સોંપી દો અને અમે કેશવપ્રસાદજીને સોંપી દઈએ; અને આપણે બંને ગઢડા, મૂળી, જૂનાગઢ, ભૂજ, જ્યાં કહો ત્યાં એક ઠેકાણે બેઠા બેઠા શ્રીજીમહારાજનું અખંડ ધ્યાન-ભજન કરીએ. પછી શ્રી રઘુવીરજી મહારાજ તો કાંઈ બોલ્યા નહિ, ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે, જે દિવસના શ્રીજીમહારાજ પાસે આવ્યા છીએ ત્યારથી અમે તો ત્રણે અવસ્થામાં શ્રીજીમહારાજની મૂર્તિને અખંડ તેજના સમૂહમાં દેખીએ છીએ અને આ અમદાવાદનો સત્સંગનો વ્યવહાર તો અમને રંચ માત્ર પણ ગણતીમાં નથી; અમે તો સદાય મૂર્તિમાં જ નિમગ્ન રહીએ છીએ. એવી સ્થિતિ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની હતી. ૧/૧૯૫/૩૭૨

૨૮. બંદરામાં નારાયણજીની મા રાઈબાઈ હતાં. તેને ઘાસણીનો રોગ થયો હતો, તેથી તેને લોકો એમ કહે જે, તારા સ્વામિનારાયણ ક્યાં ગયા? પડી પડી રિબાય છે, તો ય તેડવા કેમ આવતા નથી? પછી તેને અંતકાળે શ્રીજીમહારાજ તેડવા આવ્યા, ત્યારે તેણે કહ્યું જે, હવે કેમ આવ્યા? જાવ, નહિ આવું. પછી શ્રીજીમહારાજ બધા ગામમાં પરચો દઈને તેને તેડી ગયા અને તે નારાયણજીના બાપને દીકરો નહોતો. એમને મુક્તાનંદ

સ્વામીએ કહ્યું જે, મહારાજ પાસે દીકરો માગો. ત્યારે તેમણે કહ્યું જે, હું કડે ન માગું. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સ્વામી! તમે સકામ થયા પણ એ ડોસો સકામ ન થયા. પછી નારાયણજીને દીકરા થયા અને તે નારાયણજીના દીકરા રવોજી હતા. તેનું ખેતર દેવામાં વોરા લઈ ગયા હતા. પછી ઊચક વિઘોટી કરીને તેમાં કપાસ વાવ્યો તે ઘણો થઈ પડ્યો. તેની પાંચ હજાર કોરી ઊપજી. તે કોરી દઈને ખેતરાં પાછાં લીધાં ને કહે જે, "મારા સ્વામિનારાયણ આવ્યા તે ભૂખને લત હણીને દરિયામાં નાખી દીધી." વળી એક દિવસ નારાયણજીનું શ્રાદ્ધ હતું તે રવોજીની માએ રાવળને પત્તર પૂરવા સારુ ખીર કરી હતી. તે ડોશીને આડે-અવળે મોકલીને શિક્ષાપત્રીને જમાડીને રવોજી પોતે જમી ગયા. જ્યારે એની મા આવ્યાં ને કહ્યું જે, રાવળને પત્તર પૂરવા ખીર કરી હતી તે ક્યાં ગઈ? ત્યારે રવોજી બોલ્યા જે, મેં મારા બાવાને પહોંચાડી. એ રાવળ શું પહોંચાડે? સ્વામિનારાયણ ભગવાન જમ્યા ને હું પ્રસાદી જમી ગયો ને મારા બાવાને પહોંચી ગઈ; એવા મહિમાવાળા હતા. ૧/૨૦૫/૪૦૪

૨૯. શ્રીજીમહારાજને અંતર્યામી કહે પણ જાણે નહિ, અને મારું કલ્યાણ થાશે કે નહિ એવા ઘાટ થાય તે નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થયો કહેવાય. અને પૂર્ણાનંદ સ્વામી જે ગજો ગઢવી તે માને કરીને ગયા અને ગૃહસ્થાશ્રમ કર્યો તો પણ શ્રીજીમહારાજનો નિશ્ચય જો બરાબર હતો તો અંત સમયે બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી તેડવા આવ્યા. તેમને કહ્યું જે, તમારો તેડ્યો નહિ આવું; મહારાજ આવશે ત્યારે આવીશ. પછી તે પાછા ગયા ને શ્રીજીમહારાજ પધાર્યા ને કહ્યું જે ચાલો, ત્યારે પોતે બોલ્યા જે, ગામમાં પરચો આપીને તેડી જાઓ તો આવું. તેમને પરિપક્વ નિશ્ચય હતો તો ત્યાગી મટીને ગૃહસ્થ થયા તો

પણ મારું કલ્યાણ થાશે કે નહિ થાય, એવો સંકલ્પ જ થયો નહિ; એનું નામ નિશ્ચય કહેવાય. ૧/૨૦૭/૪૧૦

૩૦. ડુમાલી ગામમાં રામજી ઠક્કર હતા. તેમને સંવત ૧૯૪૭ના વૈશાખ માસમાં બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી આદિ સાત મુક્ત તેડવા આવ્યા ત્યારે તેમણે કહ્યું જે, મેં શિક્ષાપત્રીનું કિયું વચન લોપ્યું છે, તે શ્રીજીમહારાજ ન આવ્યા? તે કહો. ત્યારે મુક્ત બોલ્યા જે, શિક્ષાપત્રીનું વચન તો લોપ્યું નથી. ત્યારે તે ભક્ત બોલ્યા જે, તો તો તમારો તેડ્યો નહિ આવું. પછી મુક્ત બોલ્યા જે, આજથી ચોથે દહાડે એકાદશીને દિવસ શ્રીજીમહારાજ તેડવા પધારશે, એમ કહીને અદૃશ્ય થઈ ગયા. પછી એકાદશીને દિવસે મહારાજે દર્શન આપ્યાં ને કહ્યું જે ચાલો, ત્યારે તેમણે એમના મોટાભાઈ જે પ્રાગજીભાઈ, તેમને તથા તેમની માતુશ્રીને કહ્યું જે, મહારાજ તેડવા પધાર્યા છે ને હું જાઉં છું. પછી તેમની માતુશ્રીએ કહ્યું જે, તારે સાટે મને લઈ જાય એમ મહારાજને કહે. ત્યારે તેમણે કહ્યું જે, મારું બગાડીને તારું કેમ સુધારું? મને આ નર્કરૂપ દેહમાંથી છોડાવીને પોતાની મૂર્તિને સુખે સુખિયો કરવા પધાર્યા છે, તે સુખ મૂકીને નર્કમાં શું કરવા રહેવું પડે? પછી એમની માતુશ્રીએ કહ્યું જે, મને મહારાજ ક્યારે લઈ જાશે તે તો પૂછી જો. પછી તેમણે મહારાજને પૂછ્યું, ત્યારે મહારાજ બોલ્યા જે, આજથી બે વર્ષે તારી માતુશ્રીને લઈ જઈશું અને પાંચ વર્ષે તારા મોટા ભાઈને લઈ જઈશું. રામજી ભક્તે એ વાત પોતાના ભાઈ તથા માતુશ્રીને કહી દેહ મેલ્યો. એ પ્રમાણે એમની માને તથા એમના ભાઈને મહારાજ તેડી ગયા હતા. એમ પરિપક્વ નિશ્ચયવાળાને ડગમગાટ ન રહે. ૧/૨૦૭/૪૧૧

૩૧. એક સમયે વડોદરામાં શ્રીજીમહારાજને ને ગોસાંઈજીવાળાને સંવાદ થયો. તેમાં શ્રીજીમહારાજના ભણેલા સૌ

સાધુ અને ગોસાંઈજીના સૌ શાસ્ત્રીઓ-તેમને સામસામો સંવાદ કરવો અને તેમાં જે હારે તેને મુસલમાન કરવા એવો ઠરાવ કર્યો. પછી નિત્ય સભા થાય ને પ્રશ્ન-ઉત્તર ને સંવાદ થાય. તેમાં ગોસાંઈજીવાળાની જીત થાય અને મહારાજના સંત હારે; તો પણ સંત કહે જે, કાલે ગોસાંઈજીવાળાને જીતી લઈશું, પણ સંત તો નિત્ય હારતા જાય અને મહારાજ શ્રી ગોપાળાનંદ સ્વામીને સંભારે ને કહે જે, અહો! અમારું રત્ન આવ્યું નહિ. એમ કરતાં એક દિવસ બાકી રહ્યો ત્યારે ગોપાળાનંદ સ્વામી આવ્યા. એમને જોઈને મહારાજ બહુ રાજી થયા ને કહ્યું જે, અમારું રત્ન આવ્યું ને હવે અમારી જીત થશે. પછી બીજે દિવસે સભા થઈ અને શ્રી ગોપાળાનંદ સ્વામી સભામાં આવીને બેઠા, ત્યારે શાસ્ત્રીઓએ તથા બીજા સર્વેએ સ્વામીશ્રીને તેજોમય ને ચારેકોરે અનંત દેવો ને અનંત અવતારો સ્તુતિ કરતા તથા અનંત નાના પ્રકારનાં ઐશ્વર્ય સહિત દેખ્યા. એટલે શાસ્ત્રીઓ તો સ્વામીશ્રીનું આવું આશ્ચર્યકારક ઐશ્વર્ય જોઈને દબાઈ ગયા ને કહેવા લાગ્યા જે, "અમે હાર્યા ને તમે જીત્યા." એમ કહીને વંદના કરવા લાગ્યા ને મહારાજની જીત થઈ. પછી શ્રીજીમહારાજ કહે જે, સંતો હારીને અમને મુસલમાન કરાવનાર હતા; પણ આ ગોપાળાનંદ સ્વામીએ આવીને અમારી જય કરાવી. આમાં સમજવાનું એ છે જે હજારો સાધનિક સંત હોય તે એક અનાદિમુક્તની તુલ્ય ન થાય, એવી અનાદિમુક્તની અલૌકિક સામર્થી છે. ૧/૨૦૮/૪૧૩

૩૨. એક બ્રાહ્મણ ચક્રવર્તી રાજા પાસે દાન લેવા ગયો. પછી રાજાએ તેની પરીક્ષા લેવા માટે સારાં સારાં ભોજન તથા પલંગ તથા સેવક તેની સેવામાં આપ્યાં અને કહ્યું જે, બપોરે બાર વાગે દાન લેવા આવજે તો પાંચ હજાર સોનામહોરો આપશું. પછી તે બ્રાહ્મણ સારી પેઠે ભોજન જમીને જરાક પલંગ

ઉપર સૂતો ને સેવક પગચંપી કરવા લાગ્યા, તેથી ઊંઘ આવી ગઈ ને દાન લેવાનો વખત વીતી ગયો. પછી રાજા પાસે ગયો. ત્યારે રાજા કહે જે, વખત વીતી ગયો, હવે નહિ મળે. તેમ આ જીવ માયાનો લહરકો લેવા જાય છે ને મહારાજને ને મોટાને ભૂલી જાય છે. તે માયાનો ત્યાગ કર્યો હોય તો પણ અંતરમાં તેનો રાગ રહી જાય છે. એવા જીવના સ્વભાવ છે; તે ભગવાનને શી રીતે ઓળખી શકે? ૧/૨૦૯/૪૧૬

૩૩. ડાંગરવામાં શ્રીજીમહારાજ પધાર્યા હતા, ત્યાં જતનબાએ પોણોસો માણસની રસોઈ કરી હતી. તે શ્રીજીમહારાજે ચાર સંતને જમાડી દીધી; અને જીવાખાચરની હજાર મનુષ્યની રસોઈ એક સચ્ચિદાનંદ સ્વામી જમી ગયા. તે પરભાવનાને (મૂર્તિ ભેળા રહેલા અનંત મુક્તોને) જમાડ્યા. એવા મોટા સંત મળે ને તેમને જમાડે તે મહારાજ ને મુક્ત જમી જાય; માટે હરકોઈ અભ્યાગત આવે તેને અન્ન આપવું, કેમ જે તેમાં મોટા મુક્ત આવ્યા હોય તે જમે તો બહુ ફળ થાય. બુધેજમાં શ્રીજીમહારાજે ખોડાભાઈની મા પાસે રોટલો માગ્યો, પણ આપ્યો નહિ તે એને બહુ ખોટ આવી. ૧/૨૧૧/૪૨૨

૩૪. દાદાખાચરનું સારું દેખાશે તે ઠીક નહિ. એમ જાણીને જીવાખાચર ઘોડીએ ચડીને મંદિર બંધ કરાવવા ભાવનગર ગયા. તે સચ્ચિદાનંદ સ્વામી પહોંચ્યા તે ઘોડીએથી હેઠે પાડી નાખ્યા. તેમને ખાટલે સુવારીને ઘેર લાવ્યા. તેમને જોવા મહારાજ પધાર્યા અને કહ્યું કે તમે ઘોડે ચઢાઉ બરાબર છો ને કેમ પડી ગયા? ત્યારે તે કહે જે, કોઈકે મારો ટાંટિયો ઝાલીને પછાડ્યો. પછી મહારાજે સભામાં વઢવા માંડ્યું, ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા જે, કોઈ બીશો નહિ. એમને પાડનારો સાક્ષાત્ હું છું તે મને વઢે છે. પછી મહારાજ બોલ્યા જે, ભાઈ,

કોઈએ એવા ભાવનગરિયા સ્વભાવ ન રાખવા. તેમ ચાલો, આપણે જઈએ ને તેમનું ખોટું દેખાડીએ એ ભાવનગરિયા (ઈર્ષાળુ) સ્વભાવ કહેવાય. ૧/૨૧૭/૪૪૩

૩૫. શ્રીજીમહારાજ જેતલપુરમાં સભાઓ કરીને નિત્ય વાર્તા કરતા. તે સમે કોઈને નિદ્રા આવે તો ઊભા કરતા. એક દિવસ શ્રી મુક્તાનંદ સ્વામીને સભામાં ડોલું આવ્યું. ત્યારે મહારાજ કહે કે ઊભા થાઓ. સભામાંથી જાઓ. ત્યારે સ્વામીશ્રીએ ઊભા થઈને વિચાર કર્યો જે, આ નિદ્રાએ વાતો સાંભળવામાં વિઘ્ન કર્યું, માટે તેને કાઢવી. પછી ચૈત્ર માસની તપેલી રેતીમાં જઈ સૂતા. તે સ્વામીશ્રીનું શરીર કોમળ હોવાથી શરીરમાં ફોલ્લાં પડ્યાં અને નિદ્રાને કહ્યું કે તેં મને અભડાવ્યો અને અક્ષરધામની સભામાંથી કાઢી મૂક્યો. પછી તો નિદ્રા મૂર્તિમાન હાથ જોડીને સામી ઊભી રહી અને પ્રાર્થના કરી કે, "મારો ગુનો માફ કરો, હવે તમારી પાસે નહિ આવું." તે જોઈને શ્રીજીમહારાજ બહુ રાજી થયા. પછી તો જ્યારે બોલાવે ત્યારે નિદ્રા આવે પણ એ વિના આવે નહિ. એવો નિદ્રા ટાળવાનો પ્રયાસ કર્યો, માટે નિદ્રા ટાળવી. ઊંઘ ને આહાર વધાર્યાં વધે છે ને ઘટાડ્યાં ઘટે છે. ૧/૨૨૪/૪૫૪

૩૬. એક સમય શ્રીજીમહારાજે જેતલપુરમાં છ મહિના લાગઠ કથા કરી અને બીજી ચાતુર્માસમાં ચાર મહિના કથા કરી. ત્યાં અલીખાં નામે પઠાણ હતો. તે પણ કથા સાંભળવા સભાથી છેટે બેસતો. પછી એક દિવસે શ્રીજીમહારાજ રમૂજમાં આવ્યા અને સૌ સંતોને પૂછ્યું કે હે સંતો! ચાર મહિનાથી કથા થાય છે તેમાં કયે વખતે કઈ કથા આવી તે કહો, નહિ તો સભામાં બેસવા નહિ દઈએ, પણ સંતો તથા આશજીભાઈ આદિ હરિભક્તો કોઈ પૂરું કરી શક્યા નહિ. પછી મહારાજે અલીખાં પઠાણને પૂછ્યું તો તે ચાર મહિનાની સોંસરી કથા કહી ગયો.

શ્રીજીમહારાજ તેના પર ખૂબ પ્રસન્ન થયા ને પ્રશંસા કરી આશીર્વાદ આપ્યા. તે પઠાણ, જાડો-કાળો સૂંથણો પહેરતા અને બગલમાં કાળું ખપ્પર રાખતા ને માગી ખાતા, પણ મહારાજનો રાજીપો થતાં તે સારા સત્સંગી થયા. ૧/૨૨૪/૪૫૪

૩૭. વડોદરાના મોટા મોટા શાસ્ત્રી આવ્યા તે બોલ્યા જે, આ તમારો ધર્મ કલ્પિત છે અને તમે તમારા સંતને વખાણો છો, તે અમને પરચો દો તો માનીએ. ત્યારે શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું જે, સ્વામી! તમારું કામ પડ્યું છે. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, હે મહારાજ! કહી દેખાડું કે કરી દેખાડું? ત્યારે મહારાજ કહે તમારી મરજી હોય તેમ કરો. પછી સ્વામીએ હેમનું પારણિયું કર્યું અને નાના બાળક થઈને માંહી પોઢ્યા. પછી વેદ આવીને પારણિયું હિંચોળવા મંડ્યા ને મહિમા ગાવા લાગ્યા ને બ્રહ્માનંદ સ્વામીએ સૂર્ય, ચંદ્ર બે યને પકડીને પારણિયાને બે છેડે લટકાવ્યા અને તારાઓનું ઝુમખું કરીને વચ્ચે લટકાવ્યું ને રમવા લાગ્યા; તે જોઈ પંડિત આશ્ચર્ય પામ્યા. ત્યારે સ્વામી બોલ્યા જે, "આ તો હું છ મહિનાનો હતો ત્યારે પારણિયામાં સૂતે સૂતે સૂર્ય, ચંદ્ર ને તારા તેને લાંબો હાથ કરીને લાવીને પારણિયે બાંધીને લીલા કરી હતી તે બતાવી. આજની સામર્થીનો તો કાંઈ પાર આવે તેમ નથી." ૧/૨૨૮/૪૬૧

૩૮. બાપાશ્રીએ કહ્યું જે, અમારા ગામમાં એક કૂવો હતો. તેમાંથી અયોધ્યાપ્રસાદજી મહારાજ પાણી પોતે સિંચીને નાહવા મંડ્યા એવા એ આચાર્યજી હતા. વાહ રે વાહ! અયોધ્યાપ્રસાદજી મહારાજ! તેઓ કારણ જે મહાપ્રભુજી તેમના સુખને સુખ માની તે સુખે સુખિયા રહેતા, તો ખારા-મોળાની ખબર ન પડી ને દૂધપાકમાં મીઠું જમી ગયા. ૧/૨૪૦/૪૮૨

૩૯. મહારાજ અને મુક્ત ગરીબ થઈને માણસ ભેળા ફરે છે.

તે ઉપર જેતલપુરના માંડણ ભક્તની વાત કરી; જેતલપુરમાં મોટા આનંદ સ્વામીને કોઈકે કહ્યું જે, આ માંડણ ભક્તને તમે ક્રિયા બતાવવી રહેવા દો; એમને ધ્યાનમાં વિક્ષેપ થાય છે. એ વચન સ્વામીથી ન મનાણું ને કહે જે, માણસનો તોટો છે માટે કામ બતાવવું પડે છે. તેમને વાડીમાં રાખ્યા હતા. તે એક વખત ચાર વાગે માનસી પૂજા કરતાં તેજનો પ્રકાશ બહુ થયો. તે તેજ પ્રથમ થોડું હતું તેમાંથી વધતું વધતું દેવ સરોવર તથા વાડી તથા મહોલ સુધી પહોંચ્યું અને એ સર્વે તેજોમય થઈ ગયું. તે જોઈ આનંદ સ્વામી વગેરે મંદિરમાં બેઠા હતા, ત્યાંથી થોડાક સાધુને સાથે લઈને એમ વિચાર કરતા ચાલ્યા જે, આ તે આપણી વાડીમાં કાંઈ બળે છે કે શું? એમ જાણી વાડીએ આવ્યા ને તેજથી વીસ હાથ છેટે ઊભા રહ્યા ને વિચાર્યું જે આ તો અગ્નિ નથી, તેજ છે. પછી સૌ સોંસરા ચાલ્યા ત્યાં માંડણ ભક્તને માનસી પૂજા કરતા દીઠા ને મહારાજની મૂર્તિના સભા સહિત તેજમાં દર્શન સ્વામીને થયાં. સ્વામીએ મહારાજની સ્તુતિ કરી. તે વખતે મહારાજે કહ્યું જે, આ માંડણ ભક્તને તમે કામ બતાવશો નહિ, કેમ જે એમને અમારા ભજનમાં વિક્ષેપ થાય છે ને એ તો મારી મૂર્તિનું અખંડ ચિંતવન કરે છે ને મારા સ્વરૂપમાં નિરંતર રહે છે. માટે કોઈ ક્રિયા બતાવશો નહિ. ત્યારે આનંદ સ્વામી, સારુ મહારાજ એમ કહીને મહારાજને પગે લાગ્યા. પછી મહારાજ તેજ સંકેલીને અદૃશ્ય થયા. પછી સાધુ મંદિરમાં આવ્યા ને તે વાત સર્વેને કરી. તે વાત સાંભળીને સર્વે આશ્ચર્ય પામ્યા કે માંડણ ભક્ત તો સમાગમ કરવા જોગ છે, પણ મંદિરના વ્યવહાર-કામમાં આપણે પ્રવૃત્તિને લીધે સમાગમ કરી શક્યા નહિ. ત્યાર પછી માંડણ ભક્તને મહારાજ એક મહિને તેડી ગયા. મૂર્તિના નિરંતર અખંડ ચિંતવનથી દિવ્ય સ્થિતિ પમાય. ૧/૨૪૬/૪૯૮

---

૧. સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, બાપા! 'સત્સંગિજીવન' ગ્રંથ લખાતો હતો ત્યારે મહારાજે સ. ગુ. નિત્યાનંદ સ્વામીની કેવી પરીક્ષા લીધી હતી?

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજે 'સત્સંગિજીવન' ગ્રંથ કરવા માંડ્યો ત્યારે મોટા મોટા સંતોને પૂછ્યું જે, આ ગ્રંથમાં અમને કેવા લખવા? ત્યારે કેટલાક સંત કહે કે આપની જેમ ઇચ્છા હોય તે પ્રમાણે લખો. કેટલાક સંત એમ બોલ્યા જે, મહારાજ! શાસ્ત્ર પ્રમાણે લખાય તો ઘણા જીવને સમાસ થાય, કેટલાક સંતોએ કહ્યું કે મહારાજ! આપ જેવા છો તેવા જ લખાવોને! સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામીએ પણ મહારાજને જેવા છે તેવા લખવા કહ્યું. ત્યારે મહારાજે કહ્યું જે, અમે તમારો અભિપ્રાય જાણી લીધો. હવે અમારી મરજી હશે તેમ કરીશું.

બીજે દિવસે મહારાજે સભામાં કહ્યું જે, 'સત્સંગિજીવન' ગ્રંથમાં અમને 'શ્રીકૃષ્ણ' જેવા લખવાની અમારી ઇચ્છા છે. તે વખતે સ. ગુ. નિત્યાનંદ સ્વામીએ મહારાજને બીજા અવતાર જેવા લખવાની ના પાડી. ત્યારે મહારાજે બીજા સંતોનો અભિપ્રાય પૂછતા મુક્તાનંદ સ્વામી તથા બીજા સંતોએ કહ્યું જે, તમે જેમ લખો એમ અમે રાજી છીએ. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, મહારાજ મને પૂછે તો હું તો નિત્યાનંદ સ્વામી જેમ કહે છે તેમ કરવાનું કહું, પણ મહારાજે તો તેમને એટલું જ પૂછ્યું જે તમે અમારા પક્ષમાં રહેશો કે કેમ? ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, મહારાજ મારો આત્મા તો નિત્યાનંદ સ્વામીના પક્ષમાં જ છે અને દેહ તો આપના પક્ષમાં રાખવો જ પડશે. ત્યારે મહારાજ બોલ્યા જે અમારે તો દેહનું જ કામ છે.

પછી મહારાજે દીનાનાથ ભટ્ટ પાસે ગ્રંથ લખાવવા માંડ્યો

ત્યારે સ. ગુ. નિત્યાનંદ સ્વામીએ ભટ્ટ પાસે જઈને લખેલાં પાનાં ફાડી નાખ્યાં. મહારાજે સ. ગુ. નિત્યાનંદ સ્વામીને સાત દિવસ સુધી સમજાવવાના પ્રયત્નો કર્યા પણ સ્વામીશ્રી તો લેશ માત્ર ડગ્યા નહિ. છેવટે મહારાજે સ. ગુ. નિત્યાનંદ સ્વામીને દેશવટો આપવા સુરાખાચરના પસાયતાઓને સ્વામીને પાછા ન આવે એવી જગ્યાએ મૂકી આવવા કહ્યું. સુરાખાચરના પસાયતાઓએ સુરાખાચરે સમજાવ્યા પ્રમાણે આખો દિવસ સ્વામીશ્રીને ફેરવી રાત્રિએ એક ઓરડામાં લાવીને સુવાડ્યા. બીજે દિવસે સભામાં સ. ગુ. મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, મહારાજ! નિત્યાનંદ સ્વામી જેવા સાધુ અનંતકોટી બ્રહ્માંડમાં ગોત્યા જડે નહિ, એવા સદ્‌ગુરુને વગર વાંકે કાઢી મૂક્યા તે ઠીક ન થયું. ત્યારે મહારાજ બોલ્યા જે સ્વામી! એ અમારી ભૂલ થઈ ખરી. હવે એ ક્યાંથી આવે! અમે તો એ સ્વામીનાં દર્શન વિના થાળ જમીશું નહિ. પછી મહારાજે સુરાખાચરના પસાયતાઓને સ્વામીશ્રીને પાછા લઈ આવવા મોકલ્યા. પસાયતાઓ તો આખો દિવસ ફરીને રાત્રે નિત્યાનંદ સ્વામીને જ્યાં ઓરડીમાં સુવાડ્યા હતા ત્યાંથી મહારાજ પાસે લઈ ગયા. મહારાજ સ્વામીશ્રીને બાથમાં ચાંપીને બહુ હેતથી મળ્યા ને સ્વામીશ્રીને પ્રસાદી જમાડી. બીજે દિવસે સભામાં મહારાજે સ. ગુ. નિત્યાનંદ સ્વામીની ખૂબ પ્રશંસા કરી. પોતાના કંઠમાંથી હાર ઉતારી સ્વામીશ્રીને પહેરાવ્યો અને મસ્તકે હાથ મૂકી સભા પ્રત્યે બોલ્યા જે સંતો! ઉપાસક તો આવા જ જોઈએ. આ સંત અમારો સંપૂર્ણ મહિમા જાણે છે. કેટલાક તો અમારા ફેરવ્યા ફરી ગયા પણ આ એક સ્વામી ફર્યા નહિ. પછી મહારાજે સ. ગુ. નિત્યાનંદ સ્વામીને સમજાવીને કહ્યું જે, આ 'સત્સંગિજીવન' ગ્રંથ અમે અનંત જીવના હિતને અર્થે લખાવીએ છીએ. આ ગ્રંથમાં અમને અવતાર જેવા લખીએ જેથી સાધારણ

જીવો ખેંચાઈને તમારી પાસે આવે. પછી તેમને તમો અમારો મહિમા સમજાવજો. આ ગ્રંથમાં તો આમ જ ઠીક. અમારી ઉપાસના માટે અમે જે વચનામૃત ગ્રંથ કરીએ છીએ તેમાં અમારું પૂરેપૂરું રહસ્ય છે અને અમારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન છે, માટે એ ગ્રંથ સર્વોત્તમ છે. તેને સમજીને તે પ્રમાણે જે વરતશે તેનો આત્યંતિક મોક્ષ થશે. ૨/૩/૯

૨. એક સમે શ્રીજીમહારાજ ગામ તેરે બિરાજતા હતા, ત્યાં પોતાના મહિમાની ઘણીક વાતો કરી. તે સમે મુક્તાનંદ સ્વામીને મહારાજે પૂછ્યું જે, સ્વામી! અમને કેવા જાણો છો? ત્યારે સ્વામીએ કહ્યું જે, હે મહારાજ! પૂર્વે થઈ ગયા જે શ્રીકૃષ્ણ તે જ તમે છો. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, તમે કાળા તળાવે રવજીભાઈ પાસે હમણાં જાઓ, ત્યાં તેમને આ પ્રશ્ન પૂછજો. આજ્ઞા થતાં મુક્તાનંદ સ્વામી કાળા તળાવે જવા માટે નીકળ્યા. મારગમાં ચાલતા એક સંત મળ્યા, તેમણે કહ્યું જે, સાધુરામ! ક્યાં જાઓ છો? ત્યારે સ્વામીના મનમાં એમ થયું જે, આ સંત દેખાય છે તો આપણા સાધુ જેવા, પણ હું ઓળખતો નથી. મને એમણે ક્યાંથી ઓળખ્યો હશે? એટલામાં તો એ સંત અદૃશ્ય થઈ ગયા. પછી સ્વામી તો આગળ ચાલ્યા. ત્યાં થોડેક છેટે એવા ને એવા બીજા સંત મળ્યા. તેમણે પણ એવી જ રીતે પૂછ્યું જે, મુક્તાનંદ સ્વામી! ક્યાં જાઓ છો? ત્યારે સ્વામીએ કહ્યું જે, કાળા તળાવે રવજીભાઈ પાસે જાઉં છું. એમ કહે છે ત્યાં તો એ સંત પણ અદૃશ્ય થઈ ગયા. પછી સ્વામી તો આશ્ચર્ય પામતા થકા આગળ ને આગળ જતા હતા. થોડેક છેટે ત્રીજા સંત મળ્યા, એમણે પણ એવી જ રીતે કહ્યું જે, મુક્તાનંદ સ્વામી! ક્યાં જાઓ છો? ત્યારે સ્વામીએ આશ્ચર્ય પામીને કહ્યું જે, કાળા તળાવ રવજીભાઈને પ્રશ્ન પૂછવા જાઉં છું. ત્યારે તે સંત બોલ્યા જે, તમારે શું પૂછવું

છે? જે પૂછવું હોય તે મને પૂછો. ત્યારે સ્વામી બોલ્યા જે, શ્રીજીમહારાજે મને પ્રશ્ન પૂછ્યો છે જે, તમે મને કેવા જાણો છો? ત્યારે મેં કહ્યું જે, પૂર્વે થઈ ગયેલા શ્રીકૃષ્ણ તે જ તમે છો. ત્યારે મને મહારાજે કાળે તળાવ રવજીભાઈ પાસે જવાની આજ્ઞા કરી છે. આમ મુક્તાનંદ સ્વામીએ કહ્યું એટલાકમાં તો એ સંતે લાંબો હાથ કરીને મુઠ્ઠી વાળીને ઉઘાડી, ત્યાં તો કોટાનકોટિ કૃષ્ણ દેખાડ્યા ને કહ્યું જે, આમાં તમારા સ્વામિનારાયણ શ્રીકૃષ્ણ કયા? તે બતાવો. એમ કહીને ચપટી વગાડી ત્યારે તે બધાં શ્રીકૃષ્ણરૂપ અદશ્ય થઈ ગયાં; પછી એ સંત બોલ્યા જે, આવા કોટાનકોટિ શ્રીકૃષ્ણ એક વાસુદેવ બ્રહ્મના તાબામાં છે, એવા કોટાનકોટિ અક્ષરોથી પર શ્રી સ્વામિનારાયણ ભગવાનના તેજરૂપ અક્ષરધામમાં અનંત પરમ એકાંતિક મુક્ત શ્રીજીમહારાજની સન્મુખ રહ્યા છે. તથા શ્રીજીમહારાજની મૂર્તિમાં અનંત અનાદિમુક્ત રહ્યા છે. તેમાંના અમે અનાદિમુક્ત છીએ અને આપણા સ્વામી શ્રીજીમહારાજ છે તે સર્વના ઉપરી છે, એથી પર કોઈ નથી. એવા શ્રીજીમહારાજને જાણીને પાછા વળો. એમ કહીને એ મુક્ત અદશ્ય થઈ ગયા, ત્યારે મુક્તાનંદ સ્વામીએ પાછા તેરે આવીને શ્રીજીમહારાજને આ વાત કહી જે, હે મહારાજ! હું અનાદિમુક્ત થકી આપનો સર્વોપરી મહિમા હવે સમજ્યો. પછી શ્રીજીમહારાજે રાજી થઈને કહ્યું જે, અમે એવા જ છીએ એમ અમને સમજજો. પછી સ્વામી સભામાં બેઠા. આવી રીતે શ્રીજીમહારાજનો મહિમા સમજવો તે બહુ કઠણ છે; બધાયથી પોતાની મેળે સમજી શકાય તેવો નથી. ૨/૩/૧૯

૩. સંવત ૧૯૦૯ની સાલમાં અમદાવાદની હવેલી પૂરી થઈ ત્યારે વડતાલથી ધ. ધુ. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને તેડાવ્યા હતા. તે વખતે અ. મુ. શ્રી ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી.

શુકાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, પવિત્રાનંદ સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી, ભોમાનંદ સ્વામી આદિ ઘણા સંતો પાર્ષદોને સાથે લઈને પધાર્યા હતા. ધ. ધુ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા શ્રી રઘુવીરજી મહારાજ બંને સભામાં એક પાટ ઉપર બિરાજતા હતા. ત્યાં વારાફરતી મોટા મોટા સદ્‌ગુરુઓ વાતો કરતા. એક દિવસ સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામીને સભામાં વાતો કરવાની આજ્ઞા આચાર્યજી મહારાજે કરી. ત્યારે પ્રથમ થોડીક વાર ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિની વાતો કરી. પછી શ્રીજીમહારાજના મહિમાની અને સર્વોપરી ઉપાસનાની વાતો કરવા માંડી. તેમાં સર્વે અવતારોથી મહારાજને મોટા કહ્યા, તે વાત કેટલાકને સમજાણી નહિ. પછી શણગાર આરતી થયા કેડે બંને આચાર્યજી મહારાજ પાસે કેટલાક સંત-હરિજનોએ જઈને કહ્યું, સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામીએ આજે સભામાં વાત કરી તેમાં ઘણાંક શાસ્ત્રોને બાધ આવે એવી વાત થઈ, માટે આપ તેમને બોલાવીને કહો તો ઠીક. પછી તેમને બોલાવ્યા ને કહ્યું જે, સ્વામી! તમારે શાસ્ત્ર વિરુદ્ધ વાતો સભામાં ન કરવી. તે વખતે આનંદાનંદ સ્વામીએ આચાર્ય મહારાજ પાસે ઊભેલા કેટલાક ન સમજનારા સંતો તથા હરિભક્તોને કહ્યું જે, તેરામાં શ્રીજીમહારાજ આવી જ વાતો કરતા. તે શું તમે નથી જાણતા? ત્યારે કેટલાક સંત બોલ્યા જે, સ્વામી! તે દિવસ તો એવું પ્રકરણ હતું. પછી આનંદાનંદ સ્વામી બોલ્યા જે, પ્રકરણ તો ક્રિયાકા ફીરતા હે, જ્ઞાન તો મુદ્દા હે, ઉસ્કા પ્રકરણ નહિ ફીરતા. ત્યારે કોઈક સંતે પૂછ્યું જે, વચનામૃતમાં આવી વાતો છે? ત્યારે શુકાનંદ સ્વામીએ કહ્યું જે, હા, ઘણે ઠેકાણે છે. જુઓને, મધ્ય પ્ર. ૩૧મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, "એવા અક્ષરાત્મક બ્રહ્મરૂપ પુરુષ ઘણાક છે અને એ અમારી ઉપાસના કરે છે." ત્યારે કેટલાક સંતોએ કહ્યું જે,

વચનામૃતમાં હોય પણ સભામાં આવી વાત ન કરવી. તે વખતે અ. મુ. ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, ગુણાતીતાનંદ સ્વામીને છૂટી. તમારે શાસ્ત્રવાળાને કરવી હોય તો કરજો ને કરવી હોય તો ન કરજો, પણ મહારાજને સર્વોપરી જાણ્યા વિના છૂટકો નથી. આ રીતે સમજાવનારા દયા કરીને સમજાવે તો પણ સમજવું તે બહુ કઠણ છે. ૨/૩/૧૮

૪. અ. મુ. સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી ઠેઠ મૂર્તિમાં ગતિ કરે, કરાવે અને મૂર્તિમાં રમે એવા મોટા તેમને મંદવાડ આવ્યો, ત્યારે બે સાધુ બાવડાં ઝાલે તો તે ઊંબરો આવ્યો ત્યારે અટકી રહ્યા. ત્યારે સાધુ કહે, સ્વામી! કેમ પગ ઉપાડતા નથી? વાતો તો ઠેઠ અક્ષરધામ અને તેથી પર મૂર્તિમાં રસબસ રહેવાની કરો છો, કેટલાયને મૂર્તિમાં મૂકી દો છો અને પગ તો ઊપડતો નથી. એમ બોલ્યા પણ મોટા તો હજારો જીવોના આત્યંતિક કલ્યાણ માટે મંદવાડ ગ્રહણ કરે છે. સાજા હોય તો તુંબડી પણ હાથે ભરે પણ કોઈને ભરવા ન દે. આ તો મંદવાડ ગ્રહંણ કરીને સેવા અંગીકાર કરે છે. ૨/૮/૨૭

૫. શ્રીજીમહારાજને જેવા છે તેવા જાણવા એ તો બહુ ભારે વાત છે. આ વાત સમજાવવા મોટા મોટા સંતોએ બહુ દાખડા કર્યા છે, ઉપાધિઓ સહન કરી છે. એક વખત ગઢપુરમાં મહારાજે ઉદાસી જણાવી, તે થાળ તૈયાર થયો તો ય જમવા ઊઠે નહિ. મૂળજી બ્રહ્મચારી કહે મહારાજ! થાળ કરી જાય છે. માટે જમવા પધારે; જ્યારે આપ જમશો ત્યારે જ સંતોની પંક્તિ થશે. ત્યારે મહારાજ કહે ચાલો. પછી થાળ જમતાં ઉદાસી જણાવતા હોય તેમ થોડુંક જમ્યા ને પાછા અક્ષર ઓરડીમાં આવીને પોઢ્યા. થોડી વાર પછી સ. ગુ. ગોપાળાનંદ સ્વામી મહારાજ પાસે ગયા ને કહ્યું જે, મહારાજ! આજ કેમ ઉદાસ જણાઓ છો? ત્યારે

મહારાજ કહે સ્વામી! આપણે અક્ષરધામમાંથી મોટા મોટા અવતારોનો તથા તેમના ભક્તોનો તથા અનંત જીવોનો આત્યંતિક મોક્ષ કરવા આવ્યા છીએ. પણ તમારા જેવા સંતો જ્યારે અમારા સ્વરૂપની જેમ છે તેમ વાતો કરે છે, ત્યારે તેઓ સમજી શકતા નથી ને પોતાની પૂર્વની સમજણને લઈને તમારા જેવા મોટા મુક્તોને વાતો કરતા અટકાવે છે ને સમજવા દેતા નથી. કેટલાક સાધારણ જીવો તો અનાદિ કાળના અજ્ઞાનથી પરવશ થયેલા તે તમારા જેવા સંતોને અનેક પ્રકારના ઉપદ્રવે કરીને કુરાજી કરે છે. તેથી આજ મને એ વાતની ઉદાસી થઈ આવી. પછી મહારાજ એમ બોલ્યા જે, સ્વામી! તમારા દાખડા બહુ છે તે અમે જાણીએ છીએ. તમે અમારા સારુ અજ્ઞાની જીવોના માર તથા અપમાન સહન કરો છો, તેથી અમને ઘણું દુઃખ થાય છે. એમ કહી મહારાજનાં નેત્ર હેતનાં આંસુથી ભરાઈ આવ્યાં. પછી ગોપાળાનંદ સ્વામી કહે મહારાજ! આપ રાજી રહો; અમને કાંઈ દુઃખ નથી. ત્યારે મહારાજ કહે સ્વામી! અનંતધામના મુક્તો તથા અધિપતિઓ જેવી મારી મૂર્તિ છે, જેવો મારો મહિમા છે, જેવું મારું સામર્થ્ય છે- તેને જાણે તો અમારો ને તમારો દાખડો લેખે આવે, એમ કહી પોઢી ગયા. આવી રીતે શ્રીજીમહારાજે પોતાની રુચિ અ. મુ. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી જેવા સર્વોપરી સંતને કહી હતી. ૨/૨૬/૭૦

૬. બાપાશ્રી મંદિરની ઓસરીમાં પોઢ્યા હતા, તે સૂતા સૂતા બોલ્યા જે, આ આકાશમાં વાદળી છે. એટલી વાદળી જોઈને મહારાજે ગઢડામાં કહ્યું હતું જે, આ વાદળી પછેડી જેટલી છે તેમાંથી આપણે પાણી લેવું છે. પછી વાદળી તૂટી પડી, તેથી ઘેલામાં પૂર આવ્યું. તેને પાછું હઠાવવા સારુ દાદાખાચર પાસે મહારાજે નદીને વધાવી. તેથી સાજા ગઢડાને વીટો

દીધો એટલું પાણી હતું, તે તુરત જ હડેડાટ કરતું પાછું વળી ગયું. પછી મહારાજ કહે, જે અહોહો! દાદાખાચરનું કેવું પરિબળ! એમ પ્રશંસા કરી. કામ તો પોતે જ કર્યું હતું, પણ દાદાખાચરને જશ આપ્યો. એવા મહારાજ છે. તે આજે પણ દિવ્ય સ્વરૂપે એમ જ કરે છે. ૨/૨૮/૭૪

૭. સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, બાપા! શ્રીજીમહારાજ છપૈયે પ્રગટ થયા ને ગઢપુરમાં અંતર્ધાન થયા- એ બે ધામમાં અધિક કિયું જાણવું? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મૂળીવાળા સ. ગુ. હરિનારાયણદાસજી સ્વામીની છપૈયે બદલી થઈ હતી ને ઘનશ્યામ મહારાજની સેવા કરતા. ત્યાં તેમણે બધાં વચનામૃત કંઠે કર્યાં હતાં. તેમને એવો સંકલ્પ રહેતો કે છપૈયા અધિક કે ગઢપુર અધિક? પછી શ્રીજીમહારાજે રાત્રિએ સ્વપ્નમાં દર્શન આપ્યાં તે સાથે અયોધ્યાપ્રસાદજી મહારાજ, રઘુવીરજી મહારાજ તથા મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિક ઘણા સંતોની મોટી સભા થઈ. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, તમારે શું પૂછવું છે? પૂછવાનું હોય તે પૂછો? ત્યારે તેમણે આ બે ધામમાં અધિક ધામ કયું? એમ પૂછ્યું. ત્યારે રઘુવીરજી મહારાજ બોલ્યા જે, ગઢપુર અધિક. પછી નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, એમાં તમે ન જાણો, આ છપૈયા અધિક, કેમ જે ભગવાનનો પ્રાદુર્ભાવ જ્યાં થયો હોય તે ધામ તુલ્ય બીજું ન કહેવાય. પછી શ્રીજીમહારાજે ઊભા થઈને સ્વામી હરિનારાયણદાસજીને કહ્યું જે, ચાલો, અમારું જન્મસ્થાન બતાવીએ. પછી સભામાંથી બંને ઊઠીને ચાલ્યા તે આગળ શ્રીજીમહારાજ ને પાછળ સ્વામી ચાલ્યા; તે જ્યાં પોતે પ્રગટ થયા હતા ત્યાં ઊભા રહીને કહ્યું કે આ સ્થાને અમે પ્રગટ થયા હતા. આ સ્થળે ધૂળની ઢગલી કરો અને આ જગ્યાએ અમારું

જન્મસ્થાન કરાવજો. એમ કહી મહારાજ તથા સંતની સભા અદૃશ્ય થઈ ગઈ. ૨/૨૯/૭૫

૮. મહારાજે કહ્યું જે, નાથ ભક્તના હજાર રૂપિયા અને ઝીંઝુવાડાનું કાસીદું કરી આવ્યો જે બ્રહ્મણ તેનો એક રૂપિયો- તે બે ય સરખું છે, કેમ જે નાથ ભક્ત પાસે હજાર રૂપિયા હતા તેથી તેણે ઘેબરની રસોઈ આપી અને એ બ્રાહ્મણ પાસે એક રૂપિયો હતો તે મહારાજને અર્પણ કર્યો. માટે બે યને બરાબર કહ્યા. ૨/૩૭/૧૦૭

૯. સ્વયંપ્રકાશાનંદ સ્વામી પરોક્ષના દ્વારમાં હતા ત્યારે કોઈક વૈરાગી મહારાજને ગાળો દેવા લાગ્યો. તે જેમ જેમ ગાળો દે તેમ મહારાજનું નામ આવવાથી તે સ્થાનમાં પ્રકાશ પ્રકાશ થઈ જાય. તે જોઈ સ્વયંપ્રકાશાનંદ સ્વામીને એમ વિચાર થયો જે, જેનું નામ લેતા આવો પ્રકાશ થઈ ગયો તો તે પોતે તો સાક્ષાત્ ભગવાન હોવા જોઈએ. એમ નિશ્ચય કરી મહારાજ પાસે સોરઠમાં આવ્યા ને સાધુ થઈને રહ્યા. ૨/૩૮/૧૧૪

૧૦. સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી જ્યારે પૂર્વાશ્રમમાં હતા, ત્યારે એક વખત મહારાજનાં દર્શને જેતલપુર આવ્યા. ત્યાં મહારાજનાં દર્શન કર્યાં તે સમે મહારાજે પણ ખુશાલભાઈને (સ. ગુ. ગોપાળાનંદ સ્વામીને) બહુ જણાવીને અત્યંત સુખ આપ્યું. પછી મહારાજ વારે વારે એમ કહે જે, આ તો બહુ મોટા મુક્ત છે. એવામાં દામોદરભાઈ શ્રીજીમહારાજને થાળ જમવા બોલાવવા આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, તમે ગંગામાને પૂછો કે અમે એકલા આવીએ કે મંડળે સહિત આવીએ? ત્યારે દામોદરભાઈએ ગંગામા પાસે આવીને મહારાજે કહ્યું હતું તેમ સર્વે વાત કરી. ત્યારે ગંગામાએ કહાવ્યું જે, મહારાજ! થાળ તમારા સારુ કર્યો છે તે તમે સર્વે જાણો છો. માટે તમારી મરજી હોય તેમ કરો.

પછી મહારાજ મંડળે સહિત જમવા ચાલ્યા, તે મહારાજ અને ખુશાલભાઈ બંને હાથ ઝાલીને આગળ ચાલ્યા આવે, ત્યાં વાટમાં એક ખાલી કૂવો આવ્યો. તેમાં કેટલાંક ભૂત કળાહોળ કરતાં હતાં, ત્યારે મહારાજ કહે કે જુઓ તો ખરા! આ શું થાય છે. એમ કહીને મહારાજ તથા ખુશાલભાઈએ કાંઠા ઉપર ઊભા રહીને તેના સામી કૃપાદૃષ્ટિ કરી અને સ્વામીશ્રીએ તે સર્વે ભૂતનો મહારાજની ઇચ્છાએ કરીને મોક્ષ કર્યો. પછી ત્યાંથી ઘેર પધાર્યા. મહારાજ તો ખુશાલભાઈ ઉપર વારે વારે બહુ હેત જણાવે. પછી ગંગામાને મહારાજે કહ્યું જે, તમે આમને ઓળખો છો? ત્યારે ગંગામાએ કહ્યું જે, ના મહારાજ. ત્યારે મહારાજે કહ્યું જે, આ તો બહુ મોટા છે. પછી ગંગામા પણ મહારાજ તથા ખુશાલભાઈના સાંમું બહુ જ જોઈ રહ્યાં. ત્યારે મહારાજ બોલ્યા જે, હવે જમવા સારુ જે થાળ કર્યો હોય તે બહાર લાવો. એમ કહીને મહારાજે સંતને પંક્તિ કરવાની આજ્ઞા આપી. એથી પંક્તિ થઈ. પછી મહારાજ પોતે પીરસવા ઊઠ્યા. ગંગામાએ જે થાળ બહાર મૂક્યો તેમાંથી મહારાજે બે ભાગ કર્યા, તે અર્ધો ભાગ લઈને મહારાજે ખુશાલભાઈને કહ્યું જે, આવો! આ પંક્તિમાં પીરસો. ત્યારે મહારાજની આજ્ઞાથી ખુશાલભાઈ થાળ લઈને પંક્તિમાં પીરસવા લાગ્યા. તે અડધા થાળમાં સર્વે સંતને બે-ત્રણ વાર પંક્તિમાં ફરીને ખૂબ જમાડ્યા. આવો એમનો પ્રતાપ જોઈને ગંગામાને બહુ જ આશ્ચર્ય થયું. પછી મહારાજ અને ખુશાલભાઈ બે ય ભેળા જમવા બેઠા, ને જમતાં જમતાં મહારાજ તેમના ઉપર બહુ હેત જણાવે. તે ગંગામા પણ સામું જોઈ રહ્યા જે, આ તે કોણ છે! નવા છે પણ ચમત્કારી બહુ જ છે. તે સમે મહારાજ તથા ખુશાલભાઈ બંનેની મૂર્તિમાંથી ઝળેળાટ તેજના સમૂહ નીકળવા મંડ્યા, તે બે ય રૂપ મહારાજ જેવા જ દેખાણાં;

એ જોઈને ગંગામા તો બહુ જ આશ્ચર્ય પામ્યાં જે, આ બેમાં મહારાજ કોણ! પછી થોડી વાર તેવાં દર્શન દઈને મહારાજે તેજ સમાવી પ્રથમનાં જેવું રૂપ ધારણ કરી દર્શન દીધાં. એમ મહારાજ અને અનાદિમુક્ત જુદા નથી. તે અનાદિમુક્ત મૂર્તિમાં રસબસ રહ્યા થકા સેવકભાવે સુખ ભોગવે છે. ૨/૪૪/૧૪૦

**૧૧.** બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, શુભ વાતોનું મનન કરવું પણ નબળી વાતોનું મનન કરવું નહિ. મોટા અનાદિની છાયામાં ઘાટ-સંકલ્પ બંધ થઈ જાય છે. પર્વતભાઈના ગામની ભાગોળે મતારોધાધલ ગયા ત્યાં અંતઃકરણમાં સત્ત્વગુણ વરતાયો. ત્યારે નારાયણપુરવાળા ધનજીભાઈએ પૂછ્યું જે, બાપા! માતરાધાધલને સત્ત્વગુણ વરતાયો તે શું? ત્યારે બાપાશ્રીએ કહ્યું જે માતરાધાધલનો બાપ ધિંગાણામાં મરાણો હતો. પછી તેને લોકો તેના બાપનું વેર લેવા માટે મેણાં દેતાં, તેથી તેના મનમાં ખેદ બહુ રહેતો, પણ મહારાજનાં દર્શન કરવા જાય ત્યારે એ વિચાર સમાઈ જાય. પાછો ઘેર આવે ત્યારે પાછું ચાનક ચડી જતું. પછી એક વખત તેના ભાઈબંધોને સાથે લઈ વેર લેવા જવાનું નક્કી કર્યું. તે પહેલા મહારાજનાં દર્શન કરી પછી જવું એમ નક્કી કર્યું. ત્યાં મહારાજનાં દર્શન કરી બધી વાત કરી. શ્રીજીમહારાજે તેનો અતિ વેગ જોઈને કહ્યું જે, ભલે જાઓ, પણ પહેલાં અગત્રાઈમાં પર્વતભાઈનાં દર્શન કરીને જજો તો તમારી જીત થશે. પછી માતરોધાધલ અગત્રાઈ જઈ પર્વતભાઈને મળ્યા ને બધી વાત કરી. ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, તમે ઠીક કર્યું. ખરા દીકરા હોય તે બાપનું વેર લે જ. પણ એક બાપનું વેર લીધે વેર વળ્યું ન કહેવાય, આ જીવે ચોરાસી લાખ જાતના દેહ ધર્યા તેમાં અનેક બાપ થયા છે. તેમાં કોઈ મોતે મર્યા હોય ને કોઈ કમોતે મર્યા હોય. એ બધાયનું વેર

લેવાય તો વેર વળે. એમ કહી મહારાજના ઐશ્વર્ય-પ્રતાપની તથા આજ્ઞાની વાતો કરવા માંડી. તેથી તેને વેર લેવાના અંકુર બળી ગયા. પછી તો તેના ભાઈબંધોએ ખૂબ ચાનક ચડાવવા કોશિશ કરી પણ પર્વતભાઈનાં દર્શન, સમાગમ ને કૃપાથી તેના અંતરમાં ગુણના વેગને લીધે જે ઉદ્વેગ હતો તે નિવૃત્ત થઈ ગયો. એમ મોટાના જોગથી બહુ ભારે કામ થાય છે. ૨/૫૭/૧૭૯

**૧૨.** બાપાશ્રીએ વાત કરી જે, મહારાજની મૂર્તિ વિના કાંઈ જોયા જેવું નથી. કેમ કે, તે વિના સર્વે વિઘ્નકર્તા છે. તે કેવી રીતે તો એક વખત ગઢપુરમાં મહારાજે સિદ્ધાનંદ સ્વામી ઉપર વાત કરી ને એમ બોલ્યા જે, મોટા સાધુ થઈને હરિભક્તના અંતર જોતા ફરે છે ને હરિજનને બિવરાવે છે તેમ શું કરવા કરતા હશે? તે જોવામાં શું ફાયદો પડતો હશે? તે તો નબળી વસ્તુનો ટોપલો લઈને કોઈ જતું હોય તેમાં જોવાનું મન થાય તેવું છે. ત્યારે સિદ્ધાનંદ સ્વામીએ જાણ્યું જે, મારા ઉપર વાત કરી છે તે હું સર્વે જીવના અંતરની વાત કરું છું તેવું મહારાજે જાણી લીધું. પછી ચૈતન્યાનંદ સ્વામી બોલ્યા જે, હે મહારાજ! એમ કોણ જુવે છે? ત્યારે મહારાજ બોલ્યા જે, આ તમે છો તે નહાવા જતા હો ત્યાંથી બીજે જ્યાં ત્યાં સ્ત્રી આદિક તથા બીજા નબળા-સબળા પદાર્થ તેના સામું જોવાની શી જરૂર? જવું ત્યાંથી જ સરત રાખવી અને આપણને મળ્યા જે ભગવાન તેમને જોવા. તે વિના બીજું જોવાનું શું પ્રયોજન હોય? ત્યારે સ્વામી કહે મહારાજ! એ ખરું. ત્યારે વળી મહારાજે કહ્યું કે આપણને જે વસ્તુનું કામ હતું તે વસ્તુ હાથ આવી તો તેના સામું જોઈ રહેવું પણ બીજું શું કામ જોવું પડે? એમ કહીને મહારાજે સિદ્ધાનંદ સ્વામીને જે પ્રતાપ આપ્યો હતો તે પાછો સંકેલી લીધો. પછી મહારાજની મૂર્તિનું સુખ રહ્યું ને બીજું સામર્થ્ય જીવના

અંતર જોવાનું હતું તે ગયું. ૨/૬૫/૨૦૪

**૧૩.** બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, મહારાજ આપણી સામું જોઈ રહ્યા છે અને તે બધું ય જાણે છે એવી સમજણ રાખવી. મહારાજથી કોઈ વાત અજાણી નથી. એમ જાણવાથી મહારાજની પ્રસન્નતા ભળે છે. એક ગામમાં ત્રણ ભાઈ ભેગા રહેતા હતા. તે જુદા થયા. ત્યારે એક ભાઈના ભાગમાં મૂળ રહેવાનું જૂનું ઘર આવ્યું. ચાર-પાંચ વર્ષે જ્યારે તે ઘર સમું કરાવતો હતો ત્યારે તે ઘરમાંથી રૂપિયાની માટલી નીકળી. તે વખતે તેણે તેના બીજા ભાઈઓને બોલાવી ભાગ વહેંચી દીધો. ત્યારે તેને પોતાના મતાવાળાઓએ કહ્યું જે, તમારા ભાઈને ક્યાં રૂપિયા નીકળ્યાની ખબર છે? ને તમારા ઘરમાંથી નીકળ્યા છે તેથી તે શેનો ભાગ માગે? ત્યારે તેણે તે કહેનારાને કહ્યું જે, તેને તો ખબર નથી પણ શ્રીજીમહારાજ તો જાણે છે ને કે આ દ્રવ્ય સહિયારું છે. માટે તેમાં તે કેમ ભાગ ન માગે! આવી રીતે ભગવાનના ભક્તની સમજણમાં ભગવાન સર્વે જાણે છે એમ રહે છે. તેથી તે એમ જાણે જે હું અન્યાય કરીશ તો શ્રીજીમહારાજનો રાજીપો મારા ઉપર નહિ રહે. માટે શ્રીજીમહારાજ કુરાજી થાય એવું હરિભક્ત ક્યારેય પણ કરે નહિ. એવા ભક્ત ઉપર ભગવાનની પ્રસન્નતા થાય છે. ૨/૭૭/૨૩૯

**૧૪.** બાપાશ્રી બોલ્યા જે, પહેલા ભગવાન અને પછી બીજા બધાય. ભાઈ હોય તો ય શું! દીકરો હોય તો ય શું! હરજી ઠક્કરની માએ મહારાજને નહાવા સારુ મોટો ચરુ આપ્યો ત્યારે ત્યારે તેના દીકરા પ્રેમજીએ કહ્યું જે, આવડો મોટો ચરુ કેમ આપ્યો? નાનો આપ્યો હોત તો ન ચાલત? એમ કહ્યું કે તરત જ તેનો સામાન ખણીને ગાડામાં ભરાવ્યો ને રજા દઈ દીધી. પછી કહ્યું કે હું તારું મોઢું નહિ જોઉં, એમ કહીને દેહ મૂક્યો ત્યાં સુધી

તેનું મોઢું જોયું નહિ. એ રીતે મહારાજની મૂર્તિ સૌથી વ્હાલી રાખવી. તે હરજી ઠક્કરની માએ વીશ વરસ સુધી તે દીકરાનું મોઢું જોયેલ નહિ, તો પણ શુભ ઈચ્છા રહી જે, મહારાજને મારા હાથથી થાળ કરીને જમાડ્યા નહિ, એવી શુભ વાસના પણ નડી. દેહ પડ્યા પછી ફેર જન્મ લીધો. તે નાનપણમાં મહારાજને દર્શને આવેલ તે વખતે મહારાજે હરજી ઠક્કરને કહ્યું જે, હરજી ઠક્કર! તમારી માને ઓળખો ખરા? ત્યારે તે કહે મહારાજ! એ ને એ રૂપે હોય તો ઓળખું. ત્યારે મહારાજ કહે, આ સામે બેઠી છે તે તમાંરી મા છે. એમ ઓળખાવ્યાં. પછી તે બાર વર્ષનાં થયાં ત્યારે મહારાજને અતિ હેતે કરીને પોતાના હાથે થાળ કરીને જમાડ્યા એટલે દેહ મૂકીને અક્ષરધામમાં પહોંચ્યાં. આવી શુભ વાસના પણ નડે, માટે સર્વે પ્રકારની વાસના ટાળી એક મહારાજની મૂર્તિ રાખવી. ૨/૮૨/૨૫૪

**૧૫.** બાપાશ્રીએ વાત કરી જે, મહારાજને રાજી કરવા તત્પર થવું. મહારાજ સાચા ભાવવાળા ઉપર તરત પ્રસન્ન થઈ જાય છે. તે ઉપર વાત કરી જે, દંઢાવ્ય દેશમાં એક ડોશી મહામુક્ત હતાં. તે હાથ જોડીને કહે મહારાજ! હું તમારો થાળ કરું? એમ કહીને મહારાજનો થાળ કરે. પછી રસોઈ સારી થવા માટે માંહીથી જરા ચાખી જુએ ને એક એક ગટ્ટો ભરે. પછી એ વાતની ભગુજીને ખબર પડી ત્યારે કહ્યું જે, મહારાજ! તમને આ ડોશી આવો થાળ જમાડે છે. ત્યારે મહારાજે પરીક્ષા લેવા કહ્યું જે, એમ કરતાં હોય તો તમે જઈને તેને મારો. તે મારવાની તો આજ્ઞા થઈ પણ ડોશી ખરેખરાં મહિમાવાળાં, તેથી રેંટિયો ફેરવતાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ બોલે, ત્યારે વિચાર્યું જે, આવા ભક્તને કેમ મરાય! પછી તે વાત બ્રહ્માનંદ સ્વામીને કહી ત્યારે તેમણે મહારાજને કહ્યું કે મહારાજ! તમે આવું વચન

કીધું છે પણ તે બહુ આકરું છે; કેમ જે ડોશી મહામુક્ત છે. ત્યારે શ્રીજીમહારાજ કહે, આવું વચન તો અમારું પણ ન માનવું. એમ કહીને તે રાજબાઈની પ્રશંસા કરી. માટે સાચા ભાવથી જે થાય તે ઠેઠ પૂગે ને મહારાજ રાજી થાય. ૨/૮૪/૨૬૩

૧૬. બાપાશ્રી બોલ્યા જે મહારાજના અનાદિમુક્તનો મહિમા બહુ ભારે છે. એવા મોટાને જમાડે તો અનંતકોટિ બ્રહ્માંડને જમાડે તેટલું ફળ થાય છે. તે ઉપર વાત કરી જે એક વખતે રાજબાઈએ પાંચસો સાધુને જમાડવાની રસોઈ કરાવી. તે તૈયાર થયા પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી એમ ચાર સંતને જમવા મોકલ્યા. આ સંતો તો ત્યાં જઈને પાંચસો સાધુની રસોઈ જમી ગયા. આ વાતની ખબર પડતાં રાજબાઈ તો દિલગીર થઈ રોવા લાગ્યાં જે, હવે આટલા સંતને હું શું જમાડીશ! એમ કહીને બીજી રસોઈ કરાવી. ફરીથી બનાવેલી રસોઈ પણ આ ચાર સદ્‌ગુરુઓ એવી જ રીતે જમી ગયા. ત્યારે તે બાઈ ઉદાસ થઈને મહારાજ પાસે ગયાં અને મહારાજને વાત કરી. ત્યારે મહારાજે એ ચારે સદ્‌ગુરુને બોલાવીને બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું જે તમે કેટલું જમ્યા? ત્યારે સ્વામી કહે મહારાજ! હું તો એક નવટાંક જમ્યો છું અને બીજા સંતો પણ નવટાંક નવટાંક જેટલું માંડ જમ્યા હશે, બીજું તો સર્વે ધામના મુક્તોને જમાડી દીધું. તે અનંતકોટિ મુક્ત જમ્યા. આ વાત સાંભળીને એ બાઈ કૂદવા માંડ્યાં ને બહુ જ પ્રસન્ન થયાં. આવા મોટા મુક્તોને ઓળખવા ને તેમની સેવા કરવી ને રાજી કરવા એટલે ભેગા મહાપ્રભુજી પણ રાજી થાય. ૨/૮૪/૨૬૪

૧૭. ભૂજમાં શામજીમલ હતા એ ખરેખરા ભક્ત હતા. તે હેતભર્યાં કીર્તન બોલતાં આવે ત્યારે કેટલાક હસે; તો પણ

તેનું તેમને કાંઈ નહિ. પ્રથમ તો એ ઘણા આકરા હતા, પણ ઓળખાણ થઈને મહારાજ તથા મોટાનો દિવ્યભાવ આવ્યો ત્યારે બહુ સુખિયા થઈ ગયા. ભોળા ને વિશ્વાસી પણ એવા હતા. તે બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને ઘણી વાર કહેતા જે, મને સેવા બતાવો. ત્યારે બ્રહ્મચારી કહે, તમે શું સેવા કરી શકશો? ત્યારે તે કહે જે તમે કહો તે કરીશ. પછી એ બ્રહ્મચારીએ સભાનો દિવ્યભાવ સમજાવીને કહ્યું જે, તમારે અહીં બેસીને હાથમાં પંખો રાખી સભાને વાયરો નાખવો ને એમ ધારવું જે મહારાજ સભામાં પ્રત્યક્ષ બિરાજે છે અને વાયરેથી છોગું ફરકે છે. પછી તો તે એવી રીતે કરતા. જ્યારે બ્રહ્મચારી પૂછે જે, શામજીભાઈ! શું કરો છો? ત્યારે કહે મહારાજને પવન નાખું છું, તેથી શ્રીજીમહારાજનું છોગું ફરક ફરક થાય છે. એમ હેત થઈ જવાથી ને મોટાનો મહિમા જણાવાથી ભાવ સાચો હતો તો મુક્ત થઈ ગયા. ૨/૯૭/૩૦૫

૧૮. બાપાશ્રી બોલ્યા જે, મોટાનો વિશ્વાસ રાખે ને તે કહે તેમ કરે તથા મહારાજની આજ્ઞામાં મંડ્યો રહે તો ખરો ભાવ આવે. માથકવાળા કલ્યાણસંગજીને પ્રત્યક્ષ દર્શનનું તાન હતું, તે અમોએ મહારાજની મૂર્તિ પાસે લઈ જઈને કહ્યું જે, જુઓ, આ ભગવાન ખરા કે નહિ? પ્રતિમા તેજોમય દેખાઈ એટલે તે કહે હા. હવે મારી ખોટ ઓળખાણી એમ બોલ્યા. આમાં સમજવાનું એ છે કે મહારાજની મૂર્તિ છે તે મહારાજ પ્રત્યક્ષ છે એવો દિવ્યભાવ સમજવો. ૨/૯૭/૩૦૬

૧૯. બાપાશ્રીએ વાત કરી જે, સેવકરામ નામનો સાધુ કૃતઘ્ની હતો, પણ મહારાજના હાથથી સેવા થઈ તેથી તેનો મોક્ષ થયો. ત્યારે સાધુ મુક્તવલ્લભદાસજીએ પૂછ્યું જે, બાપા! સેવકરામે તો કૃતઘ્નીપણું કર્યું હતું, તો ય તેનો મોક્ષ કેમ થયો? ત્યારે બાપાશ્રી બોલ્યા જે એ સેવકરામને અંત વખતે પણ

મંદવાડ બહુ થયો હતો. એના શિષ્યો તે વખતે પાસે હતા પણ તેની સેવા કોઈ કરી શક્યા નહિ. ત્યારે તે એમ બોલ્યો જે, હું પ્રથમ વેંકટાદ્રીથી રામેશ્વર જતો હતો ત્યાં માર્ગમાં મને ઘણો મંદવાડ થઈ ગયેલ, તેથી મારામાં ચાલવા જેટલી શક્તિ રહી નહિ. તે ટાણે મને એક નીલકંઠ બ્રહ્મચારી મળ્યા હતા. તેમણે મારી બહુ ચાકરી કરી હતી. તમે આટલા બધા ભેગા થઈને તેમના હજારમા ભાગની પણ ચાકરી કરી શકતા નથી. અરે! હું કેવો અજ્ઞાની કે મેં એ બ્રહ્મચારીને તે વખતે ખાવાનું પણ આપેલ નહિ અને તમે તો આ મઠના ધણી થઈ બેઠા છો, તો ય મારી કોઈ સેવા કરતા નથી. અત્યારે એ નીલકંઠ બ્રહ્મચારી અહીં ક્યાંથી આવે? મેં એ વખતે બહુ ભૂલ કરી. એમ મહારાજને સંભારી પસ્તાવો કરતો હતો; તે વખતે પોતાનું બિરદ જાણી મહારાજે તેજોમય દર્શન આપ્યાં ને બોલ્યા જે, અમે તો ભગવાન સ્વામિનારાયણ છીએ ને તને તેડવા આવ્યા છીએ. ત્યારે તે સેવકરામ અતિ સ્નેહથી કહેવા લાગ્યો જે, અહો! આ સ્વામિનારાયણ ભગવાન આવ્યા. પછી તેના શિષ્યોને બોલાવીને કહ્યું જે, આ ભગવાનનાં દર્શન કરો ને હવે સૌ એમનું ભજન કરજો. એમ કહી પ્રાર્થના કરવા લાગ્યો જે, હે નીલકંઠવર્ણી! તમને મેં આવા ભગવાન જાણ્યા નહોતા. તેથી મારે બહુ અપરાધ થયો. હવે મારો ગુનો માફ કરો. એમ પ્રાર્થના કરતો તે દેહ મૂકી દીધો. પછી શ્રીજીમહારાજે તેને સત્સંગમાં જન્મ ધરાવ્યો, પણ મહારાજને જરાય અન્ન આપેલ નહિ; તેથી તેને દેહ રહ્યો ત્યાં સુધી ખાવા-પીવાનું દુઃખ બહુ રહ્યું હતું. પછી શ્રીજીમહારાજ તેને પોતાનો શરણાગત જાણી અંત વખતે દર્શન દઈ અક્ષરધામમાં તેડી ગયા; એવી મહારાજની દયા છે. ૨/૯૭/૩૦૬,૩૦૭

૨૦. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ગામ શ્રી કેરામાં

ગંગાએ (પ્રસાદીનું સ્થળ) સ. ગુ. સ્વામી શ્રી નિર્ગુણદાસજીએ સભા કરીને મહારાજના સર્વોપરીપણાની તથા લીલાચરિત્રની બહુ વાતો કરી હતી. તે વખતે એક બાવો એ ગઢના તિલાટનો માનીતો હતો, તે સંવાદ કરવા લાગ્યો. તેને સ્વામીશ્રી શાસ્ત્રનાં વચનોથી સમજાવતા હતા, પણ તે સમજે નહિ. પછી પુરાણી દેવચરણદાસજી શ્લોક બોલ્યા ત્યારે તેણે કહ્યું જે, તમે ન બોલો, તમારું પ્રમાણ નહિ કરું. આ બુઢ્ઢા સ્વામી ભલે બોલે. પછી સ્વામી સાથે સંવાદ કરતાં કરતાં મિથ્યા જ્ઞાનીની પેઠે બ્રહ્મ નિરૂપણ કરવા લાગ્યો જે, બ્રહ્મ તો નિર્ગુણ છે, ઉનકુ કોઈ પાપ-પુણ્ય નહિ હે. પછી તો છકમાં બોલવા લાગ્યો જે, મા કોન હે? બાપ કોન હે? બહેન કોન હે? સ્ત્રી કોન હે? સબહીકા સરખા આકાર હે. પત્થરમેં ઓર મૂર્તિમેં ક્યા ભેદ હે? પછી સ્વામીએ કેટલાંક શાસ્ત્રનાં પ્રમાણ આપી પકડ્યો તેથી તે કાંઈ બોલી શક્યો નહિ. પછી સ્વામીશ્રીએ તિલાટને કહ્યું કે જુઓ! આ તમારા ગુરુ એના બોલ કેવા છે? એણે તો બધું ય બોળ્યું. પછી તે તિલાટને પણ તેના પર રીસ ચડી, તેથી તેને કાઢી મૂક્યો. જગતમાં આવા મિથ્યા જ્ઞાનીને પણ (સમજણના અભાવે) કેટલાક વળગે છે. ૨/૧૧૪/૩૬૩

**૨૧.** બાપાશ્રીએ વાત કરી જે, સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ ભૂજની ધર્મશાળા કરાવી ત્યારે દરબારી જગ્યામાં પાયો ખોદાવ્યો અને બોલ્યા જે, એ જગ્યા આપણને આવશે. પછી સ્વામીશ્રીના કહ્યા પ્રમાણે દરબારશ્રીએ તે જગ્યા આપી; એવા વચનસિદ્ધિ હતા. તેમના પ્રતાપથી એ હવેલી થઈ, તે વખતે સ્વામી અક્ષરજીવનદાસજી જેવા મોટા હતા તે સ્વામી નિર્ગુણદાસજીનો મહિમા જાણતા. ૨/૧૪૩/૪૩૪

**૨૨.** બાપાશ્રી બોલ્યા જે, અમે પુરાણી શ્રીકૃષ્ણદાસજીને

ચાર મહિના સુધી છાના ખાવાનું પહોંચાડતા. દિવસના એ પાન્યમાં સંતાઈ રહેતા અને રાત્રિએ આપણી ·છત્રી પાસે દહેરી છે તેમાં સૂઈ રહેતા, એવા દુઃખ સાધુ થવા સારુ સહન કર્યાં છે. એવા વૈરાગ્યવાન થવું જોઈએ. પૂર્વાશ્રમમાં એનો બાપ પ્રેમજી હતો તે કહેતો જે, મારો ભીમજી જો હાથ આવે તો બરાબર મારું, પણ અમે તેને હાથ આવવા દીધા નહિ અને એક ઝાલાવાડનો બ્રાહ્મણ અહીં આવ્યો હતો તેની સાથે કાગળ લખીને સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામી પાસે મોકલ્યા અને ખરચી સારુ એંસી કોરી આપી. પછી તેમણે વઢવાણ પાસે રામપરામાં સ્વામી હતા ત્યાં જઈને કાગળ આપ્યો. કાગળ વાંચીને સ્વામીશ્રી તેમના પર રાજી થયા ને સાધુ કરી ભણાવ્યા. તે પુરાણી થયા. તેને બાર વર્ષ થઈ ગયાં ત્યારે પ્રેમજીએ અમને કહ્યું જે, મારા ભીમજીનાં દર્શન કરાવો તો તમને ઇનામ આપું. ત્યારે અમે કહ્યું જે, અમારે તારું ઇનામ ખપતું નથી. પણ તને દર્શન કરાવશું. પછી અમે સ્વામીશ્રીને કાગળ લખ્યો જે, શ્રીકૃષ્ણદાસજીને સાથે લઈને કચ્છમાં પધારશો. ત્યારે સ્વામીશ્રી અમારો કાગળ વાંચીને મંડળે સહિત ભૂજ આવ્યા. એટલે અમે પ્રેમજીને ભૂજ લઈને શ્રીકૃષ્ણદાસજીને બતાવ્યા, તેના સામું જોઈને કહે જે, આ નહિ. આ તો બહુ જાડા·છે. મારો ભીમજી તો પાતળો હતો. પછી એના ગળામાં રસોળી કપાવી હતી તેનું ચિહ્ન હતું તે બતાવ્યું. ત્યારે કહ્યું જે, હા, હવે ખરા. તે વખતે અમે તેને કહ્યું જે, એમને તું ધોતિયું ઓઢાડ. ત્યારે તે કહે જે, ના, હું તો એને સારી પેઠે મારીશ પણ અમે આગળથી નાયબ દિવાન માધવલાલભાઈ ઠાસરાવાળાને સિપાઈઓ સાથે લઈને સભામાં બેસાર્યા હતા, તેમણે તેને ધમકી દીધી જે, જો તું મારીશ તો તને બેડિયું પહેરાવી દઈશ એમ કહ્યું, તેથી તે દબાઈ ગયો અને ધોતિયું ઓઢાડ્યું.

બીજા ગોવિંદપ્રિયદાસજી તે પણ અહીંના હતા. તે જ્યારે ઘેર હતા ત્યારે તેમને ભૂજના મંદિરમાંથી એનો બાપ ઊંધે માથે ઊંટિયાને કાંઠે લટકાવીને મેઘપુર પટેલિયા પાસે લઈ ગયો ને બધી વાત કરી, તેથી પટેલિયે તેને બાંધીને પાંટિયા પાસે તાજેણા મરાવ્યા. પછી શ્રીજીમહારાજે કોઈ કુસંગી દ્વારે કહેવરાવ્યું જે, તમે આવા અન્યાય કરો છો ને કોઈની બીક મનમાં રાખતા નથી, પણ આવાં કામ કરતાં બધાય જેલમાં જશો તે વિચારજો. એ વાત સાંભળીને તેને મારતા અટક્યા ને છોડી મૂક્યા. એવી રીતે શ્રીજીમહારાજે તેની રક્ષા કરી. તેમની પાસે પૂજા હતી તે આપણા કાનજીભાઈના સસરા શામજી ભક્ત હતા તે દર્શન કરાવીને પાછા લઈ લેતા. પછી એક દિવસે ઘરામાંથી મૂર્તિઓ કાઢી લઈને કહ્યું જે, આ લો, પૂજા રાખો. ત્યારે શામજીભક્તે પૂજા રાખી અને ગોવિંદપ્રિયદાસજી જતા રહ્યા તેના બીજે દિવસે પૂજા જોઈ ત્યારે ઘરામાં મૂર્તિઓ ન મળે. ખાલી ઘરાં જોઈને કહ્યું જે, આ તો લાકડાનો ભારો છે; ભગવાન તો જતા રહ્યા છે. પછી તેનો બાપ બોલ્યો જે, હવે હાથ આવે તો બાંધીને આ કૂવામાં લટકાવી મૂકું અને કાં તો પગ ભાંગી નાખું, તે ક્યાંય જઈ શકે નહિ; તેવી તેને ઉપાધિ હતી. તેમને પણ અમે સંતાડી છાના રાખતા ને ઘસિયો-સુખડી ખાવા આપી આવતા, એમ કરી કરીને સાધુ કર્યા છે. ૨/૧૪૩/૪૩૪

૨૩. બાપાશ્રીએ વાત કરી જે અનાદિ મહામુક્તનો મહિમા બહુ સમજવો. જો મહિમાની કસર હોય તો કોઈ વખત મૂંઝાઈ જવાય. દંઢાવ્ય દેશમાં જેઠાભાઈ નામના ઉત્તમ હરિભક્ત હતા. તેને અનાદિ મહામુક્તરાજ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી સાથે ખરેખરું હેત તથા અત્યંત આત્મબુદ્ધિ હતી. પછી એક સમયને વિષે સ્વામીશ્રીને અતિ મંદવાડ થઈ ગયેલો, તે મંદવાડની વાત

જેઠાભાઈએ સાંભળી તેથી ઉદાસ થઈ ગયા. પોતે પચાસ ગાઉ છેટે રહેતા હતા તો પણ મંદવાડની વાત સાંભળતા તરત જોવા સારુ ચાલી નીકળ્યા. તે જ્યાં સ્વામી હતા ત્યાં આવ્યા. તે વખતે સ્વામી અબોલ થઈ ગયા હોય ને બોલતા ન હોય તેવો ભાવ દેખાડ્યો. તે જોઈને જેઠાભાઈ મૂર્છાગત થઈ ગયા અને બોલ્યા જે, અત્યારે સ્વામી મને એક વખત જવાબ આપે ને મારી સાથે વાત કરે તો મારું સર્વે દ્રવ્ય વાપરી નાખું. પછી બીજા સાધુ હતા તે કહે જે, જેઠાભક્ત! વિચાર કરીને બોલો, સ્વામી તો હમણાં બોલશે. પછી જેઠાભાઈએ કહ્યું જે, સ્વામી! હું સત્ય બોલું છું. લાવો 'પણ' કરું. જો એક વખત જવાબ આપે તો મારું દ્રવ્ય વાપરી નાખું. આમ કહ્યું, પણ સ્વામી તો તે વખતે બોલ્યા નહિ. પછી રાત્રે સ્વપ્નમાં આવી જેઠાભાઈને દર્શન દીધાં ને કહ્યું જે, જેઠાભાઈ! તમે અમારા મંદવાડના સમાચાર સાંભળીને આવ્યા ને અમે તમારી સાથે બોલ્યા વિના રહ્યા. તે બોલત તો ખરા, પણ તમારું બધું દ્રવ્ય વાપરી નાખવાનું તમોએ કહ્યું તેથી અમો તે વખતે બોલ્યા નહિ. માટે ક્યારેય આવું 'પણ' ન કરવું. આવી રીતે મોટા અનાદિની વાત જુદી છે. ૨/૭૪/૨૨૯

(૨૧)

# પ્રકીર્ણ આધ્યાત્મિક વાતો

ચમત્કાર ઐશ્વર્ય દેખીને રાજી થવાય પણ તેથી કલ્યાણ થાય નહિં, માટે તેને જોવા કે પામવા ઈચ્છવું નહિં.

૧. નાસ્તિકભાવ તે શું? ને આસ્તિકભાવ તે શું?

બાપાશ્રી બોલ્યા જે, ભગવાનની મૂર્તિઓને વિષે ચિત્ર પાષાણાદિકનો ભાવ રહે તથા મુક્તને વિષે મનુષ્યભાવ રહે તથા મહારાજ વિના બીજો ઘાટ ઊપજે તેને પૂરો થવા દે, પણ થતા જ તે ઘાટને તોડી પાડે નહિ તે નાસ્તિકભાવ કહેવાય. મૂર્તિઓને વિષે સદા દિવ્યભાવ રહે અને મહારાજ અને મુક્તને સદા અંતર્યામી જાણે ને સદા સમીપે જાણે ને ઘાટ-સંકલ્પને પૂરાં થવા દે નહિ એ આસ્તિકભાવ કહેવાય. નાહવા-ધોવામાં, ખાવા-પીવામાં, બોલવા-ચાલવામાં એ આદિક સર્વે ક્રિયામાં બાળકિયા સ્વભાવ આવી જાય અને મહારાજની અને મોટાની મર્યાદા ન રહે, અને ભગવાનના મંદિરમાં તથા મોટા સંત-હરજિન પાસે તથા અન્ય સ્થળે પણ હાંસી, મશ્કરી, ઠઠ્ઠાબાજીના શબ્દ કાઢવા તે સર્વે નાસ્તિકભાવ છે, માટે વિનયે યુક્ત બોલવાનો સ્વભાવ રાખવો;

પણ રાજ-તમ આદિક ગુણના વેગે ચઢી જવું નહિ. વેગે કરીને બોલવું, ચાલવું, ખાવું, પીવું, સૂવું, બેસવું, જોવું, સાંભળવું નહિ અને વેગે કરીને કથા, વાર્તા, માળા, ભજન, ભક્તિ તે પણ ન કરવાં, કેમ જે વેગ ઊતરી જાય ત્યારે ઢીલો પડી જાય. સંત કહે તેમ કરવું, તો સુખી રહેવાય. મહારાજ તથા મોટા મુક્ત પોતાના આત્માને વિષે સદા વિરાજમાન છે એમ જાણીને કામ-ક્રોધાદિક માયિક ઘાટ ઊઠવા દે નહિ અને આત્માને વિષે મહારાજની મૂર્તિનું અખંડ અનુસંધાન રાખે તો અંતરમાં મર્યાદા કહેવાય. ૧/૧/૩

૨. મહારાજને રાજી કરવા સારુ કાઠીઓ ટોળ કરતા તેમ હસવું, બોલવું થાતું હોય તે નાસ્તિકભાવ કહેવાય કે નહિ.

બાપાશ્રી બોલ્યા જે, યથાર્થ મહિમા સમજીને મહારાજ રાજી થાય એવો સમય જોઈને રાજી કરવા સારુ હસવું-બોલવું થાતું હોય તે નાસ્તિકભાવ ન કહેવાય. ૧/૧/૪

૩. પૂર્વના સંસ્કારી જીવ હોય છતાં તેને સત્સંગ ઓળખાતો નથી અને કેટલાકને તરત ઓળખાય છે તેનું શું કારણ હશે?

બાપાશ્રી બોલ્યા જે, અશુભ સંગના દોષે કરીને પૂર્વના સંસ્કાર દબાઈ રહે છે. તે જ્યારે સત્પુરુષનો જોગ થાય ને સત્સંગની રીતિ પ્રમાણે ચાલે ત્યારે સંસ્કાર ઉદય થાય ને થોડાકમાં સાધન પૂરાં થાય. કોઈક સત્સંગમાં આવે ને પાધરું તેને મહારાજ દર્શન આપે છે કે ઐશ્વર્ય જણાય છે કે કોઈ સત્સંગીનો છોકરો હોય તેને લક્ષ થવા માંડે છે; તે પૂર્વના સંસ્કારી જીવ હોય છે ને પૂર્વે ભગવાન કે સંતને સેવાએ કરીને રાજી કર્યા હોય છે. એનું પુણ્ય ઉદય થઈ આવતાં મહારાજ તેને દર્શન આપે છે એટલે વૃત્તિઓ મહારાજના સ્વરૂપમાં તણાય છે ને લક્ષ થાય છે. જેમ પૃથ્વીને વિષે બીજ પડ્યાં હોય તે વરસાદના જોગથી ઊગી નીકળે

તેમ તે પૂર્વ સંસ્કારવાળો પોતાને સુખ, સામર્થી પ્રાપ્ત થઈ આવે તેને દબાવીને દાસાનુદાસ થઈને, મોટા મુક્તનો જોગ કરે તો વૃદ્ધિને પામીને મહામુક્ત થઈ જાય. ૧/૭/૨૩

૪. શ્રી ગોપાળાનંદ સ્વામી ચમત્કાર જણાવતા તેમ આજ મુક્ત કેમ નહિ જણાવતા હોય?

બાપાશ્રી બોલ્યા જે, આજ મોટા જો ચમત્કાર જણાવે તો મહારાજને મૂકીને મોટાને વિષે ચોંટે ને કહ્યું પણ માને નહિ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ એવું પ્રકરણ રાખ્યું હતું. તેમાં કેટલાક નીકળી ગયા ને કેટલાક અવળું સમજીને વાંસે અંધપરંપરા ચલવે છે, માટે એવું થાય તો બગાડ ઘણો થાય. તેથી મોટા ચમત્કાર જણાવતા નથી. કોઈકને ચમત્કાર કે ઐશ્વર્ય જણાવે કે આપે તે તો જેમ બાળકને રમકડું આપે ને તે રાજી થાય, પણ તેને કરીને ભૂખ ભાંગે નહિ ને બળિયું પણ થાય નહિ. ચમત્કાર ઐશ્વર્ય તેવાં છે. દેખીને રાજી થવાય પણ કલ્યાણ થાય નહિ. માટે તેને જોવા કે પામવા ઇચ્છવું નહિ. ૧/૧૭/૪૦

૫. શ્રીજીમહારાજ તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે, તેમને શ્રી રામાનંદ સ્વામીના શિષ્ય કહ્યા તે શિષ્યનો શો અર્થ હશે?

બાપાશ્રી બોલ્યા જે, રામાનંદ સ્વામીને પોતાની મૂર્તિનું સુખ આપનાર એમ સેવા કરનારા માટે શિષ્ય એમ સમજવા. ૧/૨૭/૫૫

૬. મુક્તના જોગે મુક્ત થાય છે તેને સુખ મહારાજ પોતે આપે છે કે મુક્ત અપાવે છે?

બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજે જીવો ઉપર દયા કરીને જે અનાદિમુક્તને પૃથ્વી ઉપર મોકલ્યા હોય તે મુક્તને વશ થઈને મહારાજ પોતે સુખ આપે છે. ૧/૩૨/૬૩

૭. મોટા મુક્ત મૂર્તિ આપી દે તો એમને શું કઠણ છે?

બાપાશ્રી બોલ્યા જે, મોટા એકદમ મૂર્તિ આપી દે તો

ઝુમખરામની પેઠે જીરવાય નહિ, માટે જીવને બોલાવે, પ્રસાદી આપે, વાતો કરે એમ કરે. જો એક જ ક્રિયા લાંબી ચલાવે તો તમોગુણ આવે ને શબ્દના સાંધા થઈ જાય એટલે યથાર્થ સમજાય નહિ. આજ એકાદશી છે તે કથા લાંબી ચલાવવી હતી પણ તમારાથી ખમાય નહિ. જેમ જીવ ખમે તેમ ક્રિયા કરીએ-કરાવીએ છીએ પણ ઠરાવ તો મૂર્તિ આપવાનો જ છે. તે પાત્ર કરીને આપશું. ૧/૨૫/૫૨

૮. અંત સમયે સો સદ્‌ગુરુનું જ્ઞાન જીવને આપે છે એમ કહેવાય છે ત્યારે તો જીવ સદ્‌ગુરુ થકી પણ વધી ગયો તે કેમ સમજવું?

બાપાશ્રી બોલ્યા જે, એ તો હિંમત દેવાનું વચન છે પણ સદ્‌ગુરુનું જ્ઞાન તો અપાર છે. ૧/૩૩/૬૫

૯. લોયાનું ૫મું વચનામૃત વંચાતું હતું. તેમાં ૧લા પ્રશ્નમાં કપટી તથા નિષ્કપટીના લક્ષણની વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય હોય પણ જો કપટી હોય ને તે જો પોતાનું કપટ જણાવા દે નહિ તો તેને જન્મ ધરવો પડે. જેમ મૂળજી લુહાણો ઘરેણાંનો ડબો ચોરી ગયો હતો તેને વીસ ગાઉથી પાછું આવવું પડ્યું તેમ થાય. એને નિશ્ચય તો હતો પણ જો ચોરી કરી તો વીસ ગાઉથી ડબો આપવા પાછું આવવું પડ્યું. તેમ કપટીને જન્મ ધરવો પડે. ૧/૫૩/૧૦૧

૧૦. મહારાજ અને મુક્ત દિવ્ય છે તે માયિક અન્નને જમતા હશે કે કેમ?

બાપાશ્રી બોલ્યા જે, જો ભક્ત સાચે ભાવે માયિક વસ્તુ અર્પણ કરે તો તે ભક્તનો ભાવ જોઈને મહારાજ ને મુક્ત એ વસ્તુને દિવ્ય કરીને અંગીકાર કરે છે અને તેનું ફળ (પોતાની

મૂર્તિનું સુખ) આપે છે. ૧/૫૪/૧૦૩

**૧૧.** ભાગવતીતનુનો અર્થ શો હશે?

બાપાશ્રી બોલ્યા જે, ભાગવતીતનુ એટલે ભગવાનની મૂર્તિ જાણવી. તે મૂર્તિમાં રાખીને સુખ આપે છે. જ્યાં સુધી સાધનનો ભાર હોય ત્યાં સુધી ધ્યાન કરે તો પણ મૂર્તિ દેખાય નહિ અને સત્સંગ પણ દિવ્ય સમજાય નહિ. કદાપિ મૂર્તિ દેખતો હોય અને તે મુક્તને ઓળખતો ન હોય પણ સર્વને વિષે દિવ્યભાવ હોય તો વાંધો નહિ. જે સત્સંગ દિવ્ય ન જાણે અને પોતાને સરસ માને અને બીજાને પોતાથી ન્યૂન માને અને તે કહે જે, હું મહારાજની મૂર્તિને દેખું છું તો એ વાત ખોટી છે. ૧/૬૭/૧૨૯

**૧૨.** ગોત્ર કોને જાણવું?

બાપાશ્રી બોલ્યા જે, જેટલા પંચવર્તમાને યુક્ત શ્રી સ્વામિનારાયણના ભક્ત હોય તે ગોત્ર જાણવું. ૧/૭૦/૧૩૩

**૧૩.** મોટાને દેન દેવા જાય છે ત્યારે ઉત્સવ કરતા કરતા કેમ લઈ જાય છે?

બાપાશ્રી બોલ્યા જે, પ્રાકૃત લોકોની પેઠે પ્રસિદ્ધ રોવું -કૂટવું નહિ પણ અંતરમાં તો શોક કરવો, પણ પ્રાકૃત જીવ જેમ દેહના સંબંધનો શોક કરે છે તેમ ન કરવો. જીવના સંબંધનો શોક તો કરવો જ, કેમ કે જીવન ગયું એમ જાણીને શોક કરે તો શ્રીજીમહારાજ રાજી થઈને ભજન, સ્મરણ આદિક સાધનમાં સહાય કરે છે, પણ શોક ન કરે ને રાજી થાય તો મહારાજ કુરાજી થાય છે. જેમ મંદિર બળતું હોય તેને દેખીને કોઈ રાજી થાય તો મંદિરમાં ભગવાન રહ્યા છે તે કુરાજી થાય તેમ. માંટે શોક કરવો પણ રાજી ન થાવું. ૧/૭૩/૧૩૬

**૧૪.** મોટા અંતર્ધાન થવા ઈચ્છતા હોય ને કોઈક ઉપાધિ કરીને ઉદાસ કરે તે નિમિત્તે અંતર્ધાન થાય તો તેનું ઉદાસી

કરનારને પાપ લાગે કે નહિ?

બાપાશ્રી બોલ્યા જે, મોટાને તો આ લોકમાં રહેવાની ઇચ્છા ન હોય પણ અનંત જીવોનો ઉદ્ધાર બંધ થઈ જાય તેનું ઘણું પાપ લાગે. ૧/૭૩/૧૩૬

**૧૫.** એક જીવને મહાપ્રભુજીની પાસે લઈ જઈએ તો જેટલું સુખ પ્રથમ આવતું હોય તેથી હજારગણું આપે. મોટાના આશીર્વાદથી મહારાજ પમાય છે. મહારાજના સુખમાં પહોંચ્યા કેડે નહાવું, ધોવું, ખાવું, પીવું, પૂજા એ આદિક કાંઈ ક્રિયા નથી. ત્યાં તો નવા નવા પ્રકારનાં સુખ આવે છે. ૧/૭૭/૧૪૨

**૧૬.** શ્રીજીમહારાજે તથા મોટા મુક્તોએ સ્વપ્નમાં દર્શન આપ્યાં હોય તે પ્રત્યક્ષ દર્શન જેવા હશે કે કાંઈ ફેર હશે?

બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજે કે મોટા મુક્તોએ સ્વપ્નમાં દર્શન દીધાં હોય તે પ્રત્યક્ષ દર્શન જેવાં જ છે. એમાં કાંઈ ફેર નથી, કેમ જે એમને જાગ્રતાદિક અવસ્થા તથા દેહ એ કાંઈ છે જ નહિ. જાગ્રતમાં દર્શન આપે છે તેમાં દર્શન કરનારને ઉદ્‌ઘોષ વધારે જણાય, કેમ જે એને પ્રત્યક્ષ થાય છે; અને સ્વપ્નમાં દર્શન આપે છે તે અંદર પડદે રહે છે, તે જીવને જાણવા દેતા નથી ને કહેવા દેતા નથી, રોકી રાખે છે. ૧/૭૮/૧૪૩

**૧૭.** પ્રથમ પ્રકરણના ૧લા વચનામૃતમાં ધર્મકુળને આશ્રિત થવાનું કહ્યું તે ધર્મકુળ તે શું જાણવું?

બાપાશ્રી બોલ્યા જે, ધર્મકુળ એટલે ધર્મના પુત્ર શ્રીજીમહારાજ જાણવા અથવા જેને ધર્મ ને ભક્તિ બે ય અતિશય દૃઢ હોય ને શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેતાં હોય એવા અનાદિમુક્ત જાણવા. તેમને આશ્રિત જે થાય તે બ્રહ્મમય દેહને પામે એટલે ભગવાનરૂપ થાય. ૧/૮૨/૧૪૮

૧૮. કેટલાક લાજે કરીને તથા દંભે કરીને વ્રત ઉપવાસ કરે ને છાનું ખાય, તેણે તો શ્રીજીમહારાજને તથા સત્સંગને છેતર્યા, માટે એને તો પાપ લાગે. જેમ દહાડિયા ધણીના દેખતાં બહુ કામ કરે અને ધણી ન હોય ત્યારે બેસી રહે તેમ દેખાડવા પ્રાર્થના કરે, તે પ્રેમીનું લક્ષણ પાળ્યું ન કહેવાય. ધણી ના દેખતાં હોય તો પણ કામ કર્યા કરે, તેમ મહારાજને રાજી કર્યા સારુ ધ્યાન, ભજન આદિક સાધન કરે ને મહારાજની વાતોમાં હીંસોરા થાય તે પ્રેમી ભક્ત કહેવાય. ૧/૮૯/૧૬૩

૧૯. શ્રીજીમહારાજ અથવા મોટા મુક્ત મૂર્તિનું સુખ જીવને આપી દે તો એમને શું કઠણ છે?

બાપાશ્રી બોલ્યા જે, જીવ વેપાર કરવા માંડે એવા છે. તે વેપાર એટલે કોઈકને જણાવે અથવા કોઈ નજરમાં જ ન આવે ને પોતાને સરસ માને માટે નથી આપતા. જ્યાં સુધી પાત્ર થાય નહિ ત્યાં સુધી મહારાજ અંદર પડદે રહે છે. પાત્ર થયા વિના દર્શન આપે તો જીવને માન આવે અને પૂજ્યપણું વધે માટે અંતે દેખાડીશું; ત્યારે કોઈકને સંશય થાય જે, પાત્ર થયા વિના મૂર્તિમાં કેમ લઈ જશો? તો જેને અધૂરું હશે તેને દેહને અંતે પાત્ર કરીને પૂરું કરાવશું પણ જન્મ નહિ ધરાવીએ. જેને મોટાનો જોગ થયો તેને તો દયા કરીને પૂરું કરાવશું. ૧/૯૨/૧૬૮

૨૦. મધ્ય પ્રકરણનું ૫૯મું વચનામૃત વંચાતું હતું. તેમાં શ્રી ગોપાળાનંદ સ્વામી જેવા મોટાને ભૂંડા દેશ, કાળ આદિકનો જોગ થાય તો ભગવાનમાં પ્રીતિ છે તેનું કાંઈ ઠેકાણું રહે નહિ એમ આવ્યું.

શ્રી ગોપાળાનંદ સ્વામી તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત છે તેમને ભૂંડા દેશ કાળાદિક લાગે એમ કહ્યું તેનું શું કારણ હશે?

બાપાશ્રી બોલ્યા જે, એ તો સાધનિકને બીક લગાડવા માટે કહ્યું છે, પણ સ્વામી તો શ્રીજીમહારાજના જેવા જ સમર્થ છે. ૧/૯૨/૧૬૮

૨૧. પાપી જીવ હોય તે પણ જો અંત વખતે સ્વામિનારાયણ નામનું ઉચ્ચારણ કરે તો તેનો મોક્ષ થાય એટલે બીજબળ થાય; અને બીજે જન્મે સત્સંગમાં આવીને પ્રતિમાને દિવ્ય જાણે ને સર્વોપરી ઉપાસના સમજે ને આત્યંતિક મોક્ષને પામે. ૧/૧૦૦/૧૮૩

૨૨. એક ગામમાં એક જણને છોકરાં જીવે નહિ. પછી પુરુષે ઠીકરામાં ખાવું એવી માતાની બાધા રાખી. તે પણ ઊભા ઊભા ખાવું. તેની સ્ત્રીએ છોકરાનું મળમૂત્ર બાર મહિના સુધી ભોંય પડવા દેવું નહિ ને બધું લૂગડામાં રાખવું. ને બાર મહિને બધું માતા પાસે લઈ જવું, ને પગે લગાડીને પછી લૂગડાં ધોવે ત્યારે બાધા છૂટે. પછી બાર મહિને લૂગડાંનો મોટો ગાંસડો બાઈએ માથે ઉપાડ્યો ને પુરુષે છોકરાને તેડેલો ને માથે ઠીબડી; એવી રીતે ચાલ્યા. તેને માર્ગમાં એક હરિજન મળ્યા તેમણે પૂછ્યું જે, આ ગાંસડો ને ઠીબ ને આ બધું શું છે? ને ક્યાં જાઓ છો? પછી તેણે બધી વાત કરી. આટલો બધો દીકરા સારુ દાખડો કર્યો, તે કેવો દીકરાનો મહિમા! અજ્ઞાની જીવને એવો મહિમા નાશવંત પદાર્થનો છે. આટલો દાખડો ભગવાનને ને સંતને અર્થે કરે તો કલ્યાણમાં કાંઈ વાંધો જ ન રહે. ૧/૧૦૮/૧૯૭

૨૩. પોતાનું પૂરું થયું કેમ જણાય?

બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજની કથા, વાર્તા, ધ્યાન, ભજન આદિક જે જે સાધન કરે તે પોતાને અર્થે ને બીજા સર્વેને અર્થે કરે અને શ્રીજીમહારાજ તથા મુક્તને આગળ રાખે ને દાસપણું મૂકે નહિ. એવાં લક્ષણ હોય ત્યારે પૂરું થયું જાણવું.

જો બીજાને જાળવવા જાય ને પોતાનું તપાસે નહિ તો પૂરું થાય નહિ. તે ઉપર સોરઠના હરિભક્તની વાત કરી જે બીજાને વાર્તા કરીને ધામમાં મોકલ્યા ને પોતાને ચાર જન્મ ધરવા પડ્યા ત્યારે પૂરું થયું. ૧/૧૧૭/૨૦૮

**૨૪.** સત્રૂપ મહારાજ ને સત્રૂપ સંત ને તેમણે કહેલા એવો સત્રૂપ ધર્મ, એ ત્રણેનું જેમાં વર્ણન હોય એવું સત્રૂપ શાસ્ત્ર એ ચારેનો સંગ કરે તો પૂરો સત્સંગી કહેવાય.૧/૧૨૨/૨૧૭

**૨૫.** આ લોકના વૈભવ ત્યાગ કરવા. તાવ આવે છે, તો પણ જમવાનું મુકાવી દે છે. જો મંદવાડનું મુકાવ્યું મુકાય છે તો શ્રીજીમહારાજનો મહિમા જાણ્યો હોય તો તે કેમ ન મુકાય? માટે સર્વે આસક્તિ ટાળીને એક મહારાજની મૂર્તિમાં જોડાવું. ૧/૧૨૩/૨૧૮

**૨૬.** ચરણની સેવા કરવી એમ કહે છે તે કેવી રીતે સમજવું?

બાપાશ્રી બોલ્યા જે, ચરણની સેવા એટલે મૂર્તિની સેવા જાણવી. ચરણની સેવા કહેવી તે નમ્ર વાણી છે, જે દાસ હોય તે એવી રીતે નમ્રતાપૂર્વક બોલે. એમ દાસને બોલવાની રીતિ છે એમ જાણવું; માટે ચરણ સેવા એટલે સમગ્ર મૂર્તિની સેવા જાણવી. ૧/૧૨૪/૨૧૯

**૨૭.** અત્યારથી નિષ્કપટ થાય તો આગલું પાપ બળે કે નહિ?

બાપાશ્રી બોલ્યા જે, ફેર પાછા એ રસ્તે ન ચાલે તો બળે અને પાછા જો એ રસ્તે ચાલે તો બમણાં વળગે. જાણતાં છતાં આજ્ઞામાં ફેર પાડે તેનું તો પ્રાયશ્ચિત્ત કહ્યું નથી. માટે સૌની હારે ત્રોહ ત્રોહ કરવું નહિ. મહારાજને અને મોટાને તો સર્વેને સુખિયા કરવા છે પણ જેમ વૈદ નિરોગી કરવા ઔષધ આપે છે પણ જો કરી ન પાળે તો વિસ્ફોટક થઈ જાય તેમ જન્મ-મરણરૂપી રોગ

ટાળવા સત્સંગમાં આવ્યા છે તે જો આજ્ઞારૂપી કરી ન પાળે તો જન્મ-મરણરૂપી રોગ ટળે નહિ. માટે મોટા કહે તેમ કરવું. જ્યારે ત્યારે બાંધણાં તોડ્યા વિના છૂટકો નથી ને નહિ તૂટે ત્યાં સુધી જન્મ-મરણ ટળવાનું નથી. આવા જોગમાં સ્વભાવ ટળતા નથી તે મહિમામાં, શ્રદ્ધામાં ને નિશ્ચયમાં ખામી છે. ૧/૧૩૯/૨૩૭

૨૮. મહારાજની અને મોટાની પ્રાપ્તિ થઈ છે તો પણ માયાના ગુણ કેમ વ્યાપે છે?

બાપાશ્રી બોલ્યા જે, જેને મહારાજની અને મોટાની પ્રાપ્તિ થઈ છે તેને જે માયાના ગુણ વ્યાપે છે, તે તો મહારાજે અને મોટાએ તેના સમાસને અર્થે રાખ્યા છે; જે એને દીનપણું રહે ને મોટાના જોગની ત્વરા રહે ને નિર્માનીપણું રહે એટલે મોટાનો જોગ ને સેવા કરે. તેણે કરીને મહારાજની ને મોટાની પ્રસન્નતા થાય ને કૃપાએ કરીને મહિમા સમજાવે ને મહારાજનું અને મુક્તનું સાધર્મ્યપણું પામે, એટલા માટે તે રાખ્યા છે. આજ તો મહારાજ ને મોટા સહાયમાં છે તેણે કરીને ભગવાનને માર્ગે ચલાય છે. શ્રીજીમહારાજની અને મોટા મુક્તની સન્મુખ થાય તો ઘાટ-સંકલ્પ થાય નહિ. ૧/૧૪૦/૨૪૫

૨૯. પ્રસાદીનું વસ્ત્ર હોય તેને વળ દઈને ગળે બાંધે તો નુકસાન કરે ને પ્રસાદીનો પથ્થર હોય તો પણ વાગે અને જો મહિમાએ સહિત દર્શન કરે તો દિવ્ય કરે. ૧/૧૫૧/૨૬૭

૩૦. ચિંતામણિ તો મળી છે પણ દરજીના સેબામાં જાય છે. મહારાજ તેડવા આવે ત્યારે અહીં રહેવાનો સંકલ્પ થાય તો દરજીના સેબા (ટભા) જેવું છે. જ્યારે શ્રીજીમહારાજ તેડવા આવે ત્યારે પૂરું થયું જાણવું. જેમ ઝાડેથી ફળ તૂટ્યું તે પાછું ઝાડે વળગે નહિ, તેમ શ્રીજી કે મોટા દેહ મુકાવે તો ફેર બીજો દેહ ન ધરાવે. એ તો પોતા પાસે જ લઈ જાય છે. ૧/૧૫૧/૨૬૭

૩૧. મધ્ય પ્રકરણનું ૬૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં નિયમ, નિશ્ચય ને પક્ષની વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ભગવાનના ભક્તનો પક્ષ ઘવાઈ પડીએ એટલો અથવા જરૂર પડે તો છેવટે મરણ થાય ત્યાં સુધી પણ રાખવો. ગુંદાળી ગામના કાઠીએ મરણ સુધી પક્ષ રાખ્યો તો મોક્ષ થયો. પક્ષ, નિયમ ને નિશ્ચય એ ત્રણે સરખા છે. માટે ભગવાનના ભક્તને દુઃખ પડે તો રક્ષા કરવી અને ભગવાનના ભક્તને પાપી દુઃખ દે તો એના ઉપર દાઝ કરવી ને સત્સંગીને પોતાના ગોત્રી જાણીને પક્ષ રાખવો. પક્ષ રાખતા થકા મરણ થાય એવો પક્ષ રાખે તો નિયમ ને નિશ્ચયથી પણ પક્ષ વધી જાય એવો છે. આપણે એક બાપના દીકરા છીએ માટે બધાએ સત્સંગનો પક્ષ રાખવો. તેમાંયે જે શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાયેલા હોય તેમનો પક્ષ શિર સાટે રાખે તો આત્યંતિક મોક્ષ થાય. શબને શણગારવું નહિ, એટલે વર્તમાનમાં ફેર હોય તો મા, બાપ, દીકરા, દીકરી તે કોઈનો પક્ષ રાખવો નહિ. વર્તમાન ન હોય તેને ભેળો રાખવો નહિ ને એનો સંગ પણ ન રાખવો. ભક્તનો પક્ષ રાખવાથી બહુ જ કામ થાય છે. માટે વાણિયાની પેઠે જાગું છું, જાગું છું એમ ન કરવું. મોટરાઓએ તો ધર્મ પાળવો ને પળાવવો ને ધર્મવાળાનો પક્ષ રાખવો. પક્ષ રાખવામાં શ્રીજી બહુ રાજી છે. ૧/૧૫૭/૨૭૭

૩૨. સભામાં મધ્ય પ્રકરણનું ૬૨મું વચનામૃત વંચાતું હતું. તેમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે તથા શ્રી રઘુવીરજી મહારાજે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યા તે એવું મોટા સદ્‌ગુરુઓએ તેમ્‌ને શિખવાડ્યું હતું. આજના આચાર્યોને સંતો કેવા ઉપદેશ આપે છે તે કહો. ત્યારે સંતોએ કહ્યું જે આજના એવી રુચિવાળા નથી. માટે શી રીતે શિખવાડાય? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજે આદિ આચાર્ય જે બે ગાદીએ બેસાર્યા હતા તે તો

પોતાના ધામમાંથી પોતાની સાથે લાવેલા હતા, તેમણે શ્રીજીમહારાજની પેઠે જ સર્વ સત્સંગને સુખિયો કર્યો. હવે તો એવાં સુખ આવે તેમ નથી. ૧/૧૫૭/૨૭૮

૩૩. આ સંપ્રદાય આત્યંતિક કલ્યાણનો અલૌકિક માર્ગ છે. શ્રીજીમહારાજે તથા મોટા મોટા સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી, શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી બ્રહ્માનંદ સ્વામી, શ્રી નિત્યાનંદ સ્વામી એવા મોટાએ પૃથ્વી ઉપર આવીને અનંત જીવોના કલ્યાણને અર્થે ચલાવ્યો છે. આજ મોટા અધિકારીઓએ પણ એ જ પ્રમાણે કાયમ ચલાવવો. અને સાધુ-સત્સંગીને તથા ગરીબ-ગુરબાને સુખી કરવા. કોઈને વિક્ષેપ ન થાય ને ત્યાગી તથા ગૃહસ્થો ભગવાન ભજે એવું કરી દેવું તો શ્રીજીમહારાજ બહુ રાજી થાય, માટે મોટેરાઓએ ધર્મમાં વર્તીને ને વર્તાવીને આ સંપ્રદાયની રીતિ ચલાવવી. શ્રીજીમહારાજના વચનમાં વર્તો ને વર્તાવો તો શ્રીજીમહારાજ અતિશે રાજી થાય. આ સત્સંગમાં ગરીબ સાધુ ને ગરીબ સત્સંગી ઉપર રહેમની નજર રાખવી ને સુખિયા રાખવા તો મહારાજ ને મોટા તથા સર્વે સત્સંગ આશીર્વાદ આપે. દેહ મૂકીને અક્ષરધામમાં ગયા કેડે પણ બધા સત્સંગના આશીર્વાદ મળે જે નિયમમાં રહેતા ને રખાવતા તેથી અહીં સર્વેને સુખિયા કર્યા ને પોતે સુખિયા રહ્યા એમ આશીર્વાદ મળે. આશીર્વાદે દિવ્યભાવ આવે છે -પ્રાપ્ત થાય છે. મોટાની સારપે સૌને સારપ છે. દાસપણામાં સુખ છે. "દાસ તમારા દાસનો મને રાખો નાથ હજૂર" એમ પ્રેમાનંદ સ્વામીએ પણ માગ્યું છે. માટે દાસપણું રાખી સત્સંગની ખબર રાખવી તો મહારાજ રાજી થઈને અક્ષરધામમાં લઈ જાશે. પોતાની સામર્થી પ્રમાણે આ સંપ્રદાય સુધારવો તેમાં શ્રીજીમહારાજનો રાજીપો બહુ છે. ૧/૧૫૮/૨૮૧

૩૪. છાણીના ઢેડ હરિજન મોઢ બ્રાહ્મણ આગળ બે-ચાર

શ્લોક બોલ્યા ને તેનો ઉત્તર કરવાનું કહ્યું તે મોઢ બ્રાહ્મણથી થયો નહિ તેથી તેણે ઢેડ હરિજનના વખાણ કર્યા. તે ઢેડ હરિજન નાતજાતને ત્યાગીને ભગવાન ભજે છે, તેમ જ અબડાશાના હરિભક્તો પણ મોક્ષનો દરવાજો આ ઠેકાણે જાણીને એંશી ગામની દશ-પંદર હજાર ઘરની નાત ત્યાગીને શ્રીજીમહારાજને શરણ થયા છે, એમના ઉપર શ્રીજીમહારાજનો બહુ જ રાજીપો છે. જેણે ભગવાન ખાતર નાત-જાત, મા-બાપ, દીકરા, ભાઈ, સંબંધી સર્વેનો ત્યાગ કર્યો તેણે લોયાના ૩જા વચનામૃતમાં કહ્યા પ્રમાણે "માહાત્મ્ય જાણે તેનાથી અમારે અર્થે શું ન થાય?" તેવું એમણે કર્યું છે. દસ-વીસ પેઢીની ભૂલ ઓળખીને શ્રીજીને શરણે થયા એમને ધન્ય છે. આવા મુમુક્ષુને શ્રીજીમહારાજ અને અમે અક્ષરધામમાં લઈ જઈશું, એ શ્રીજીનો ને મોટાનો પ્રતાપ છે. તે શ્રી પુરુષોત્તમ ભગવાન પ્રગટ્યા ને મોક્ષનો બરાબર દરવાજો આપ્યો ત્યારે સર્વેમાંથી તૂટીને આ જોગમાં આવ્યા. બીજા અવતારોના જોગમાં ન આવ્યા ને આ મોટા અવસરમાં આવીને શ્રીજીમહારાજના ને સંતના થયા. તેમને તથા છાણીના ઢેડ હરિજનને તથા સુંદરિયાણાવાળા વનાશા તથા પુંજાશાને ધન્ય છે. તેમણે કારસો વેઠીને સત્સંગ રાખ્યો છે માટે તેમનાથી સાધન, ભક્તિ ઓછા થાય તો પણ શ્રીજીમહારાજ એમના ઉપર બહુ રાજી છે. જેવો અભય પુત્રને ધન્ય, તેવો જ એમને ધન્ય છે. ધન્ય છે જીવા પટેલને જે એમણે પોતાના દીકરાને કાઢી મૂક્યો ને સત્સંગ રાખ્યો. આપણો તો સત્સંગમાં જ જન્મ છે માટે આપણા કરતાં એમને ઘણો જ ધન્ય છે. વળી પોતાની સ્ત્રીને પણ કાઢી મૂકીને કહ્યું કે જો સત્સંગી થાઓ તો રહો ને સત્સંગ ન રાખો તો સત્સંગ મૂકીને જાઓ. જો આવાનો લક્ષ લઈએ તો આપણે બહુ જ કામ આવે. ૧/૧૫૯/૨૮૩

૩૫. દેહ મૂકીને ધામમાં અથવા મૂર્તિમાં ગયા કેડે જે સ્થળમાં સાધન કર્યું હોય તે સાંભરતું હશે કે નહિ?

બાપાશ્રી બોલ્યા જે, ધામમાં અથવા મૂર્તિમાં ગયા કેડે હું અનાદિનો અહીં જ છું એમ જણાય છે, પણ બીજું કાંઈ સાંભરતું નથી. ૧/૧૬૨/૨૯૨

૩૬. આપણે મહારાજ અને તેમના મુક્તો હોય તે સ્થાન જગન્નાથપુરી જાણવું, પણ પરોક્ષનું જગન્નાથ ન સમજવું. તેમ જ જગન્નાથની પ્રસાદી લેવી એમ કહ્યું તે પરોક્ષના જગન્નાથની રાંધેલા ભાતની પ્રસાદી ન સમજવી પણ મુક્તરૂપી જગન્નાથની પ્રસાદી લેવી તે પ્રસાદી તે શું? તો મુક્તે મહારાજને જમાડીને આપેલી પ્રસાદી તે પહેલી પ્રસાદી. મુક્ત બિરાજતા હોય તે બ્રહ્મસભાનો દોષ ન લેવો ને ગુણ જ લેવો તે ગુણરૂપી બીજી પ્રસાદી જાણવી અને તે બ્રહ્મરૂપ ને દિવ્ય સનાતન સભા પાસેથી જ્ઞાન લેવું તે ત્રીજી પ્રસાદી છે. ૧/૧૬૪/૨૯૮

૩૭. શ્રી સચ્ચિદાનંદ સ્વામીને દ્વારિકામાં ગુગળીએ કહ્યું હતું જે પ્રગટ સ્વામિનારાયણ ભગવાનને મૂકીને અહીં શા પાપે આવ્યો છું? તે ભક્તચિંતામણિના ૯૨મા પ્રકરણમાં ૫૮મી ચોપાઈમાં કહ્યું છે કે, "વળી કહેવાય છે પ્રભુ આપે, તેને મૂકીને આવ્યો શે પાપે" માટે બીજે ગયા જેવું નથી. અમે નગરઠઠ્ઠામાં ગયા હતા. ત્યાં એક હરિભક્તે વૈરાગીને રસોઈ આપી ને વસ્ત્ર આપ્યાં, તેને આપણા સાધુએ કહ્યું જે, તમને વૈરાગી જે ધર્મ વિનાના છે તેને જમાડે શું મળે તેમ છે? ત્યારે તેણે શિક્ષાપત્રી બતાવી કહ્યું જે, અભ્યાગતને આપવું એમ લખ્યું છે. તે આ અર્થને જાણતા નહોતા, પણ આ અર્થ સમજવો. (બધું પ્રત્યક્ષમાં ઘટાવવું, પણ પરોક્ષમાં જાવું નહિ) જે કાંઈ કરવું તે શ્રીજીમહારાજના વચનને બરાબર

સમજી-વિચારીને કરવું. ૧/૧૬૪/૨૯૮

**૩૮.** ઝુમખરામને સોટી મારીને તરત મૂર્તિ શ્રીજીમહારાજે આપી દીધી, તેમ કરો તો મૂર્તિ દેખાય. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, જેમ ઝોળી માગીને જમવા કરતાં પોતે રળીને જમવું તે ઠીક, તેમ પોતે કાંઈક દાખડો કરીને સિદ્ધ કર્યું હોય તો તે દાખડો જોઈને મોટા બહુ રાજી થાય ને બહુ સુખ આવે; માટે જે સુખ દેહ મૂકીને પામવું છે તે છતે દેહે ભોગવવું એ કરવાનું છે. તે જરૂર કરવું જોઈએ. ૧/૧૬૭/૩૦૮

**૩૯.** પ્રથમ પ્રકરણનું ૩૩મું વચનામૃત વંચાતું હતું. તેમાં મૂઢપણું, પ્રીતિ ને સમજણ એ ત્રણે પ્રકારના આશ્રયની વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મૂઢપણું ક્યારે કહેવાય? તો જ્યારે પોતાના દેહની ને વ્યવહારની ખબર પણ રહે નહિ ત્યારે મૂઢપણું ખરું કહેવાય. ૧/૧૬૮/૩૦૯

**૪૦.** કોઈક ભક્તા દેહ મૂકે તેને જે સંતને વિષે અથવા હરિજનને વિષે હેત હોય તે અંત સમયે દેખાય છે, તે એ પોતે દેખાતા હશે કે કેમ?

બાપાશ્રી બોલ્યા જે, જેને વિષે હોય તે રૂપે શ્રીજીમહારાજ દર્શન આપે પણ સાધનદશાવાળા દર્શન આપી શકતા નથી; અને જે સિદ્ધ મુક્ત છે તે તો પોતે દર્શન આપીને તેડી જાય છે, પણ જે પરિપક્વ જ્ઞાની ન થયો હોય તેને સાધનદશાવાળારૂપે મહારાજ દર્શન આપે ને તેને જન્મ ધરવાનો બાકી રહે છે, અને જે પરિપક્વ જ્ઞાની થાય તેને તો મહારાજ ને મુક્ત પોતે દર્શન આપીને તેડી જાય છે, ને મૂર્તિના સુખે સુખિયો કરે છે. ૧/૧૭૫/૩૩૦

**૪૧.** ગોલોકમાં એટલે અક્ષરધામમાં કીર્તન ગાય છે એમ કહ્યું છે તે કણસલાં દેખાડ્યાં છે પણ ત્યાં કીર્તન ગવાતાં

નથી. એ તો જીવને ઉપાસના-ભક્તિને રસ્તે ચઢાવવાને માટે કહ્યું છે અને શ્રીજીમહારાજ તો સર્વે ઠેકાણે છે, માટે ગોલોક એટલે અક્ષરધામ જાણવું અને કીર્તન પણ અહીં ગવાય છે. અહીં ને ત્યાં એક જ છે; જુદું નથી, પણ સાધનિકને હેત થાય એટલા માટે કહ્યું છે અને પરભાવમાં તો એક સુખ જ લેવાય છે. ૧/૧૮૪/૩૪૯

૪૨. કુંભારિયામાં જયરામભાઈ મિસ્ત્રીને ઘેર એક બાવો હતો. તેણે અમને પૂછ્યું જે, સંત કોને કહીએ? ત્યારે અમે કહ્યું હતું જે, તું ઉત્તર કર. પછી એ બાવે કહ્યું જે, મનકું છૂટા મૂકે, ઓ સંત કહીએ. પછી અમે જયરામભાઈને કહ્યું જે, જુઓ! તમારા બાવાનો માલ નીકળે છે.

આવા લોકો ગુરુનો મહિમા એવો વધારે જે, ગુરુ કામી હોય તો શ્રીકૃષ્ણ જેવા જાણવા, અને ક્રોધી હોય તો નૃસિંહજી જેવા જાણવા અને લોભી હોય તો વામનજી જેવા જાણવા, અને સ્વામિનારાયણકા સાધુ તો કચ્ચા હે તે સ્ત્રી-દ્રવ્યથી દૂર ભાગતા હે, એમ બોલે. એ મિસ્ત્રી લોકો આપણા સાધુનો મહિમા તો બહુ જાણે પણ સંગદોષે આપણો આશરો કરે નહિ અને સાચી વસ્તુમાં હેત અને વિશ્વાસ ન આવે. ૧/૧૮૯/૩૫૦

૪૩. જ્યારે ભગવાન પ્રગટ થાય તે દિવસે ઉપવાસ કરાય છે અને દેહોચ્છવ કરે તો દિવસે ઉપવાસ નથી કરતા તેનું શું કારણ હશે?

બાપાશ્રી બોલ્યા જે, જ્યારે ભગવાન પ્રગટ થાય ત્યારે આનંદમાં ને આનંદમાં ભૂખની ખબર ન પડે, માટે ઉપવાસ કરાય છે અને ભગવાન પ્રગટ થઈને આત્મા-પરમાત્માનું તથા અજર-અમરપણાનું તથા સર્વત્રપણાનું જ્ઞાન પોતાના ભક્તને આપે તેણે કરીને ભક્ત એમ જાણે જે ભગવાન અદૃશ્ય થતા

જ નથી. જેવા છે તેવા ને તેવા જ અણુ અણુ પ્રત્યે છે પણ કોઈ ઠેકાણે નહિ હોય એમ નથી. ભગવાન તો છે, છે ને છે જ, પણ જ્યારે દર્શન આપ્યાં ત્યારે આપણને જાણ પડી પણ પહેલાં નહોતા એમ નહિ. આપણા જાણવામાં નહોતા પણ એ તો સદાય છે જ, અને અદશ્ય પણ થતા જ નથી એમ સમજે, માટે ભૂખ્યું રહેવાની જરૂર નથી. ૧/૧૯૩/૩૬૫

૪૪. સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ પૂછ્યું જે, યથાર્થ આજ્ઞા પાળો તો શ્રીજીમહારાજના સુખમાં આવશો એમ કહો છો તો અમે અધમ જીવને આજ્ઞા યથાર્થ પળાવ્યા વિના એમ ને એમ શી રીતે મહારાજના સુખમાં લાવીશું?

બાપાશ્રી બોલ્યા જે, અધમ નર્કે જવાનો હોય તે સંકલ્પે કરીને એનાં પાપ બળી જાય તેથી નર્કે જવાનું બંધ થાય ને આ સત્સંગમાં આવે તે કલ્યાણ જાણવું; પછી એક-બે જન્મે કલ્યાણ થાય અને ખબડદાર થઈને મંડે તો એ ને એ દેહે કલ્યાણ થઈ જાય, એમ ઉદ્ધાર થાય. ૧/૧૯૭/૩૭૭

૪૫. મૂળીમાં શ્રી નિર્ગુણદાસજી સ્વામીના આસને બેઠા હતા, ત્યાં કોઈક અધિકારીએ કહ્યું જે, આપ સ્વામિનારાયણને ભગવાન કહો છો તે તો હિન્દુસ્તાની બાવો હતા ને તેમણે ઘણાં સાધન કર્યાં હતાં ને યોગ સિદ્ધ કર્યો હતો તેથી મોટા પુરુષ તો ખરા પણ ભગવાન કહો છો તે સમજાતું નથી. તેને સ્વામીએ કહ્યું જે તમારા હાથમાં એ વસ્તુ ન આવે અને આ નાના લોકો કામ કાઢી જાય છે. એમ દૃષ્ટાંત દીધું જે, એક વેપારી રેલમાં હિન્દુસ્તાનમાંથી ખાંડ ભરીને લાવતો હતો, તે વેરાતી વેરાતી અહીં સુધી આવી. કે કીડીઓ પહોંચી તે બધી જમી ગઈ ને ખૂબ સુખી થઈ, તેમ કીડી જેવા જે જીવ હતા તે મુક્તના જોગથી ભગવાનને ઓળખીને મહાસુખિયા થઈ ગયા છે અને જે મોટાં મોટાં પશુ

હતાં તેમાથી ખાંડ ખવાણી નહિ; તેમ બહાર વૃત્તિવાળા જીવને ભગવાન ને મુક્ત ઓળખાય નહિ ને એમનું સુખ ન આવે. પછી તેને સ્વામીનો ગુણ આવ્યો ને આશ્રિત થયો. ૧/૧૯૯/૩૮૬

૪૬. ભાગવતીતનુનો અર્થ કેવી રીતે સમજવો?

બાપાશ્રી બોલ્યા જે, એક પરભાવનું ભાગવતીતનુ છે ને એક અવરભાવનું ભાગવતીતનુ છે; તેમાં આ પરભાવનું કહ્યું છે. તે ભક્તનો ચૈતન્ય મૂર્તિમાન થાય છે તેને શ્રીજીમહારાજ પોતાનું ધામ જે મૂર્તિ તેમાં રાખે છે; માટે ભાગવતીતનુ એટલે ભગવાનની મૂર્તિમાં રાખે છે; અને સર્વે સાધન સંપન્ન થઈને ઉપશમદશાને પામે ને ખાધાપીધાની તથા દેહની ખબર જ રહે નહિ એવો થાય ને પછી આત્માને વિષે મૂર્તિનો સાક્ષાત્કાર થાય, પણ જે દેહે સાધન કર્યું છે તે દેહમાં રહ્યો હોય ત્યાં સુધી અવરભાવનું ભાગવતીતનુ કહેવાય. ૧/૨૦૩/૩૯૪

૪૭. તમારે સંતનાં દર્શન કરવા, સમાગમ કરવો, પણ જ્યારે કોઈક વખત ભેખ મળે અને અવળુ સમજાવે ત્યારે હા સ્વામી, હા સ્વામી એમ ન કરશો. ઊભા થઈ રહેવું, પણ કૂદકા મારવા નહિ. એવાનાં દર્શન ને સમાગમનો ત્યાગ કરવો. જીવનું ગજું શું જે ભગવાનને ને ભગવાનના ભક્તને ઓળખી શકે? આપણે સ્વામિનારાયણને ઘેર જાવું છે તે આવરણ ઘણાં હોય તે ન જાણ્યાં હોય તો ક્યાંય બંધાઈ જવાય. જુઓને! શિવ, બ્રહ્મા, નારદ, સનકાદિક આદિ બંધાઈ ગયા? માટે ભગવાનના ભક્તે સરત રાખવી. ૧/૨૨૦/૪૪૬

૪૮. ભૂતક્રિયામાં મહારાજ એકે સેવા અંગીકાર કરે નહિ. ભૂતક્રિયા એટલે શૌચ ન જાવું તે, એટલે નાહી-ધોઈને પૂજા કરવી તેમ વચનામૃતમાં કહ્યું છે. શૌચવિધિ તે તો સત્તરમનું સાધન કહેવાય. બહાર જવાનો સંકલ્પ હોય અને બહિર્ભૂમિ ગયા વિના

નાહીને પૂજા-સેવા કરે તે દેવ અંગીકાર ન કરે. દેવ જેવો થાય ત્યારે જ દેવ પૂજા અંગીકાર કરે. ૧/૨૩૪/૪૭૦

**૪૯.** કાળ વિના દુઃખ કોણ દેતું હશે?

બાપાશ્રી બોલ્યા જે, આજ્ઞા લોપાય એટલે દુઃખ થાય છે અને સંગ દોષે કરીને દુઃખ થાય છે. અધર્મી સાથે હેત રાખે તો દુઃખ આવે. પ્રમાદ અને મોહ તે આંધળો ઘોડો છે. આંધળાને લાકડી દઈએ જે દોરી જા, તે ક્યાંય દોરી જાય અને કચરી મારે. આજ્ઞા, ઉપાસના, ધ્યાન, ભક્તિ, મહિમા ન હોય તે આંધળા કહેવાય. ૧/૨૪૧/૪૮૬

**૫૦.** તલ્લીનપણાની વાત આવી, ત્યારે એક બ્રાહ્મણે પૂછ્યું જે, આ મૂર્તિનું તલ્લીનપણું કે વૃત્તિનું સમજવું? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, વૃત્તિનું લીનપણું એ તો સાધનદશાનું છે, સિદ્ધકાળમાં તો જીવનું જ લીનપણું છે તે કરવું. વૃત્તિ તો માયિક છે ને જીવને ભગવાન તો દિવ્ય છે. તે દિવ્ય વસ્તુને વૃત્તિ હોય નહિ. એ તો આપસત્તાએ જુએ છે. ૧/૨૪૫/૪૯૭

**૫૧.** જો મોઢું વાઘનું ને પાછળ બીજું એવું હોય તો તો મૂર્તિનું સુખ ન આવે અને તે વાંઝિયું કહેવાય. તે વિના કેટલાક દીકરા, દીકરી, સ્ત્રી, ધનાદિક માગે ને તેમાં સુખ માને પણ તેમાં સુખ નથી. ત્યારે સંત બોલ્યા જે, છોકરાં હોય તે કેડે શ્રાદ્ધ કરે. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રાદ્ધ તો નારાયણજીનું ખરું; માટે શ્રીજીમહારાજનું શ્રાદ્ધ આવે તે ભેળું સવેનું શ્રાદ્ધ આવી જાય. ૧/૨૪૮/૫૦૧

**૫૨.** પ્રથમ શ્રવણ ભક્તિ, પછી અનુક્રમે પ્રેમલક્ષણા ભક્તિ આવે. તે ઉપર અમરા ભક્તની વાત કરી જે, અમરા ભક્તને રાજાની પાસે હજૂરમાં નોકરી હતી, તે રાજાની આગળ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ વારંવાર કહે પણ મર્યાદા

રાખે નહિ. એવી પ્રેમલક્ષણા ભક્તિ આવે તે ખરી કહેવાય અને આત્યંતિક કલ્યાણ પણ ત્યારે થાય. ૧/૨૫૧/૫૦૭

---

૧. પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, બાપા! ગરીબ કેને કહેવાય? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજની આજ્ઞા ને વચન ઉપર નિષ્ઠા હોય અને અજ્ઞાની જીવના ઉપદ્રવને સહન કરનારા ભગવાનના ભક્ત કે સાધુ હોય, તેને ગરીબ જાણવા. ૨/૯/૩૧

૨. એક વખત સ્વામી વૃંદાવનદાસજી પાસે બેસી શિક્ષાપત્રીનો પાઠ કરવા માંડ્યા. ત્યારે બાપાશ્રી બોલ્યા જે સ્વામી! વાંચો, ત્યારે સ્વામીશ્રી એક શ્લોક બોલીને અર્થ કરવા લાગ્યા. પછી બાપાશ્રી બોલ્યા જે, આ શિક્ષાપત્રી તે અમારું પકડ છે, આ પકડથી તમને પકડાય. આમાંની કઈ આજ્ઞા પળાય છે તે ખબર પડે. કોઈ શાસ્ત્રી આવ્યો હોય તો તેને કહીએ કે આ તમે પાળો છો કે નહિ? એમ પકડીએ છીએ. ૨/૧૩/૩૭

૩. એક વખત બાપાશ્રીએ સભામાં એમ કહ્યું જે, તમે સર્વે શ્રીજીમહારાજના સંકલ્પ છો ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે બધાય મહારાજના સંકલ્પ હોય તો માંડવીમાં ખૈયા ખત્રીના પ્રશ્નના ઉત્તર બ્રહ્માનંદ સ્વામીથી કેમ ન થયા ને શ્રીજીમહારાજે કેમ કર્યા? ત્યારે બાપાશ્રી બોલ્યા જે એ તો મહારાજની ઇચ્છા પ્રમાણે જે સંકલ્પ દ્વારે જેટલું જણાવવું હોય તેટલું જણાવે છે. ૨/૨૮/૭૫

૪. જેમ રાજાને ઘેર કુંવર જન્મે તે રાજા જ કહેવાય. તેમ જેને સ્વામિનારાયણનો આશરો છે, તે સ્વામિનારાયણના દીકરા છે. તે અક્ષરધામમાં અનાદિમુક્ત છે તે જેવા જ થશે;

માટે આજથી આપણે તેમને મુક્ત જાણવા. શ્રીજીમહારાજ પોતાના સર્વે આશ્રિતોને સરખું સુખ આપે છે. જેમ આ લોકમાં એક બાપને ત્રણ દીકરા હોય તેમાં એક ગાંડો હોય તેની ખબર પોતે રાખે છે, તેમ મહારાજ પણ નિજ આશ્રિતોની ખબર રાખે છે. ૨/૩૭/૧૦૮

૫. ઉપાસનાની વાત સર્વેથી જબરી છે. ઉપાસના દૃઢ હોય તો ધણીના ખોળામાં બેઠા અને તેમાં કાચું હોય તો કાળ, કર્મ તથા બીજા અદેવમાં વળગે. જો પાકી ઉપાસના હોય તો સેવા-ભક્તિ, મંદિર આદિ કરવામાં અટકે નહિ; અધિકારી કરશે એમ વાટ ન જુએ. ૨/૩૯/૧૧૬

૬. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "મીન સ્નેહી નીર, ચંદ્ર સ્નેહી ચકોર." એમ હેતે કરી ભગવાનમાં સર્વે ઇન્દ્રિયો તણાય ત્યારે ભગવાનના ભક્તમાં મોટા ગુણ આવે છે. એક હરિભક્તે નિરાવરણ દૃષ્ટિનું પૂછ્યું ત્યારે કહ્યું જે, ભગવાનની મૂર્તિ વિના બીજું જે કાંઈ માયિક પદાર્થ તથા દેશાંતર આદિક દેખાય અને ભીંત ને પાણી સોંસરુ ચાલ્યા જવું એવી નિરાવરણ દૃષ્ટિમાં નવાણું ટકાનું જોખમ છે. કેમ કે આગળ પણ એવી નિરાવરણ દૃષ્ટિવાળાને વિઘ્ન આવ્યાં છે. મોટા તો કેને નિરાવરણ દૃષ્ટિ કહે છે? તો એક ભગવાન તથા મુક્ત વિના માયિક પદાર્થની વિસ્મૃતિ તેને ઉપશમ અવસ્થા તથા ખરેખરી નિરાવરણ દૃષ્ટિ કહે છે. ૨/૫૨/૧૬૭

૭. જેને જેટલી સ્થિતિ થઈ હોય, મૂર્તિના સુખની પ્રાપ્તિ થઈ હોય, અનાદિમુક્તની ઓળખાણ થઈ હોય એટલા સુધીની જ બીજાને વાત કરવી તો તેટલી સ્થિતિ બીજાને પમાય પણ સ્થિતિ વિના વાત કરે તેનાથી બીજા જીવને સમાસ થાય જ નહિ. મોટાની પ્રાપ્તિનું પણ એમ જ સમજવું અને કેટલાક તો

પોતે પોતાની સ્થિતિની ઉપર વાત કરે તે પોતાનેય સમજાય નહિ અને બીજાને લોચા વળાવે તેથી સમાસ થાય નહિ. માટે પોતાની સ્થિતિ સુધીની બીજાને વાત કરવી. ૨/૬૦/૧૯૨

૮. ભૂત-પ્રેત વાસનાએ કરીને અને મોટાનો અપરાધ કરવે કરીને થાય છે. પ્રેત એટલે વાસનાવાળું, પ્રેતને લાજ હોય અને ભૂત એટલે વધારે પાપવાળું, જેણે મોટા મુક્તનો દ્રોહ કર્યો હોય, ભગવદીનો દ્રોહ કર્યો હોય તે ભૂત થાય. તેને લાજ પણ હોય નહિ. વળી તેનો આહાર મલિન એટલે ખાવા-પીવાની નકારી વસ્તુ, જેથી કરીને દિવસે દિવસે વધારે મલિન થતો જાય. ૨/૬૨/૧૯૪

૯. મહારાજે કહ્યું છે જે શાસ્ત્ર સત્પુરુષના મુખથી સાંભળવાં પણ પોતાની બુદ્ધિ બળે સમજવા જાય તો ખરી વસ્તુ રહી જાય. શ્રીજીમહારાજ પોતાનો દિવ્ય સાજ લઈને પધાર્યા છે. તેથી અક્ષરધામની ને અહીંની એકતા છે માટે ધામમાં સ્ત્રી-પુરુષોનો ભાવ નથી. લક્ષ્મીજી બહાર સેવામાં રહે છે તથા ચિહ્નરૂપે હૃદયમાં રહ્યાં છે તે બધાં વર્તમાન કાળના ભાવ છે. ધામમાં ગોખ, જરૂખા, મેડીઓ, ફુવારા છે તે બધા ભાવ અહીં (અવરભાવમાં) ઘટાડવાના છે. ભૂજ, મૂળી કે ગુજરાતના સંત તેડવા આવ્યા, રથ પાલખીઓ આવી એ બધું ય અહીં સમાસ અર્થે છે એમ ઘટાડવું. બધું ય દિવ્ય છે પણ માયિક દૃષ્ટિથી ન નિહાળવું. આ સર્વે સંતો તથા હરિભક્ત તેજોમય બ્રહ્મની મૂર્તિઓ છે એમ સમજે તેને માયિકભાવ ન આવે. ૨/૬૫/૨૦૩

૧૦. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, આપણો તો અહિંસા ધર્મ છે. અહિંસા ધર્મ એટલે કોઈને મન, કર્મ, વચને દુભાવવો નહિ. અધિકારવાળાએ કોઈને કહેવું પડે તેથી બીજા દુઃખાય અને ન કહે તો સરખું ચાલે નહિ. તે વખતે બરાબર

સત્સંગની લટક (વિનય-વિવેક જાળવી, કહેવા-સમજાવવાની કળા) શીખી રાખી હોય અને મૂર્તિમાં જોડાવાનો અભ્યાસ હોય તો ઠીક રહે. મહારાજે કહ્યું છે કે ભીમસેન જેવા ડારા દેનારા તો ઘણાય હોય પણ જે મૂર્તિ પાસે રાખે તેને વાંધો નહિ. વ્યવહાર તો બીજા પણ કરી લે. એ કાંઈ અટકે નહિ. મોટા મોટા સંતો, હરિભક્તો અધિકારવાળા હતા પણ તેમની પાસે સત્સંગની લટક હતી તેથી શોભ્યા. ૨/૬૫/૨૦૩

**૧૧.** સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, આ પૃથ્વી ઉપર ભગવાન રાજારૂપે અને રાજાધિરાજરૂપે તથા સદ્‌ગુરુ રૂપે અને સાધુ રૂપે વર્તતા હોય તે રીત જાણવી. તે જ્યારે રાજારૂપે ભગવાન વર્તે ત્યારે કોઈ સાધારણ મનુષ્યને જોગ કરવો હોય તેને કઠણ પડે, અને રાજાધિરાજરૂપે ભગવાન વર્તતા હોય ત્યારે અતિ મોટા પુરુષને પરાણે પરાણે જોગ થાય અને સદ્‌ગુરુરૂપે ભગવાન વર્તતા હોય ત્યારે પણ મોટા મોટા હરિભક્તોની સભા બેઠી ને બેઠી હોય તે કોઈને કાંઈક પ્રશ્ન પૂછવો હોય તો તે પૂછતાં પૂછતાં કેટલોક વખત વીતી જાય પણ પૂછવાનો મેળ મળે નહિ. તો બીજું તો ક્યાંથી પૂછાય? તેથી જોગ કરવો ઘણો કઠણ થઈ પડે અને જ્યારે સાધુરૂપે ભગવન વર્તતા હોય ત્યારે તો તેમને ગમે તેમ પૂછો. ગમે તે આવો, ગમે તેમ બોલો, ચાલો, વાતો કરો, તેમાં જરા પણ કોઈને કઠણ પડે જ નહિ ને સર્વેને જેવું જોઈએ તેવું સુખ આવે ને કોઈ રીતે આમન્યા નડે નહિ. નાના-મોટા સૌને જોગ કરવાનો સમય મળે અને સૌને સખાભાવ રહે. તેથી આ સમયે શ્રીજીમહારાજ સૌ જીવને સુખિયા કરવા માટે સાધુરૂપે વર્ત્યા. ૨/૯૬/૩૦૨

**૧૨.** આપણે તો પ્રેમમગ્ન થઈ માનસી પૂજા કરવી, સેવાભક્તિ કરવી. તે પ્રેમ કેવી રીતે ઉત્પન્ન થાય? તો અતિ હેતે

કરીને મૂર્તિમાં જોડાય તો અંગોઅંગને વિષે પ્રેમ પ્રગટ થાય અને જો શ્રવણ, મનન, નિદિધ્યાસથી આવી વાતો જીવમાં ઊતરી જાય તો જીવમાં સાક્ષાત્કાર થાય. ૨/૯૭/૩૦૫

**૧૩.** ભગવાનના ભક્તને પોતાના સ્વરૂપનો તપાસ કરવો. શ્રીજીમહારાજે ઢેઢના છોકરાને સો વાર આત્મા કહેવરાવ્યું પણ જ્યારે પૂછ્યું ત્યારે કહ્યું જે, બાપજી! હું તો ઢેઢ છું; એમ ન કરવું. ઢેઢ મટી જાવું. ૨/૯૮/૩૧૦

**૧૪.** બાપાશ્રી બોલ્યા જે, સાંખ્ય ને યોગ તે શું? તો શ્રીજીમહારાજ વિના સર્વે ખોટું જાણવું તે સાંખ્ય અને મહારાજની મૂર્તિમાં રસબસ રહેવું તે યોગ. ૨/૧૧૭/૩૬૯

**૧૫.** બાપાશ્રી સભામાં વાત કરતા હતા તે વખતે નારાયણપુરવાળા ખીમજીભાઈ ચંદન તથા હાર લઈને આવ્યા. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, સોઢીનું શણગારમાં ગયું તે સોઢી હતી તે શણગારમાં રહી ત્યાં તો જાન જતી રહી. તેમ તમે પૂજાની સામગ્રી કરવા રહ્યા, ત્યાં કથા-વાર્તા જતી રહી એવું થયું. અત્યારે સંત-હરિભક્તની સભામાં બ્રહ્મયજ્ઞ થાય છે. ગામોગામના હરિભક્ત આવ્યા છે અને હજી સંઘ આવ્યા કરે છે. સભામાં કાંઈની કાંઈ વાતો થાય છે, મૂર્તિના સુખના અમૃત ધન વરસે છે. માટે અત્યારે તો જેટલો લાભ લેવાય તેટલો લેવો. એમ ખીમજીભાઈ નિમિત્તે સૌ સંત-હરિભક્તોને મહિમા સમજવાની વાત કરી. ૨/૧૩૦/૩૯૯

**૧૬.** સભામાં પુરાણી કેશવપ્રિયદાસજી સંતના મહિમાની વાત કરતા હતા. ત્યારે બાપાશ્રી એમ બોલ્યા જે, પ્રથમ તો આસુરી જીવો સંતોને બહુ દુઃખ દેતા, તે જ્યાં જાય ત્યાં કોઈ મારે, કોઈ કાઢી મૂકે, કોઈ તિરસ્કાર કરે, ગામમાં મંદિર નહિ. તેથી જ્યાં ત્યાં ઉતરવાનું હોય. વળી તે વખતે ત્રણ વર્ણની તૈયાર

ભિક્ષા લેવાની આજ્ઞા હતી. તેથી જ્યાંથી મળે ત્યાંથી મહારાજને સંભારી જમી લેતા પણ અત્યારે છે એવું સાનુકૂળ નહોતું. એક વખત કોઈ હરિભક્તે સાધુઓને જમાડવા બાજરાની ઘેશ કરાવી. તે સાધુ જમવા બેઠા તેની કુસંગીને ખબર પડી એટલે ત્યાં આવીને પથરા મારવા માંડ્યા તેથી સાધુઓ જમતાં જમતાં ઊઠીને જતા રહ્યા. એવાં દુઃખ હતાં. રાજ્યમાં પણ કોઈ વાત સાંભળે નહિ. આજ તો મોટા મોટા મંદિરમાં રહેવાનું, નાહવાનું, જમવાનું સરખું, હરિભક્તો પણ બહુ બળિયા અને રાજ્ય પણ એવું જે કોઈ આંગળી ચીંધી ન શકે. અત્યારે તો એકલા છપૈયે ચાલ્યા જાઓ તો પણ કોઈ વાટમાં પૂછે નહિ. પ્રથમ તો એક ગામથી બીજે ગામ જવામાં વિચાર થતો. સાધુનાં મંડળ દેશમાં ફરીને ધર્મપ્રચાર કરી પાછા આવતાં ત્યારે અજ્ઞાની જીવોએ આપેલાં દુઃખની વાતો સાંભળીને મહારાજનાં નેત્રમાંથી આંસુ આવતાં. ૨/૧૨૦/ ૩૭૩

## ૨૨

# ન્યાલકરણ બાપાશ્રી

આજ સત્સંગમાં શ્રીજીમહારાજ
બાપાશ્રી દ્વારે સર્વ કાર્ય કરે છે.

૧. એક વખત બાપાશ્રી કેરેથી વૃષપુર આવતાં કેરાની નદીમાં ધરામાં પોતે નહાવા પધાર્યા. ત્યાંથી મૂળીવાળા પુરાણી ધર્મકિશોરદાસજી તથા બીજા એક સંતને મોકલીને વૃષપુરના મંદિરમાંથી સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિક સંતો તથા હરિભક્તોને તેડાવીને પ્રસાદીના ધરામાં બેસારીને સર્વેને માથે ખોબે ખોબે પાણી રેડીને નવરાવ્યા ને મસ્તકે ને બરડે હાથ ફેરવ્યા અને ખોબા ધરાવરાવીને ખોબામાં પાણી રેડીને સર્વેના ઘાટ બંધ થઈ જશે એ વર દીધો ને પછી ફેર ખોબામાં પાણી ધરાવીને વર દીધો જે તમારા સર્વેનું આત્યંતિક કલ્યાણ થાશે. પછી જે કોઈ હેત રુચિવાળા નહોતા આવી શક્યા તેમની વતીના પણ લોટા ભરી ભરીને રેડ્યા. પછી સર્વે સંતોને વર આપ્યો જે, તમારું તથા તમે જેના નામ લઈને અમને નવરાવ્યા તે સર્વેનું આત્યંતિક કલ્યાણ આ જન્મે જ થાશે. ૧/૩/૮

૨. લખાઈ વાડીમાં બાજરા પાસે સંતોને લઈ જઈને બાપાશ્રીએ કહ્યું જે આ બાજરો તમે આવ્યા ત્યારે નાનો હતો અને આજ કેવડો મોટો થયો છે તેમ તમો સર્વે અહીં આવ્યા પછી આ બાજરાની પેઠે વધ્યા છો. જેમ પાણીના જોગે મોલ વધે તેમ તમો અમારી વાતોરૂપી જળે કરીને વધ્યા છો. ૧/૨૭/૫૯

૩. સ્વામી ભગવત્‌સ્વરૂપદાસજીએ સ્વામી હરિનારાયણ-દાસજીને પૂછ્યું જે, સ્વામી! આ અબજીબાપાશ્રીની વાંસે માણસ બહુ તણાય છે ને મોટા મોટા સદ્‌ગુરુઓથી પણ એમનો ભાર વધારે જણાય છે તે કેવા મોટા હશે?

સ્વામી બોલ્યા જે, આજ સત્સંગમાં શ્રીજીમહારાજ બાપાશ્રી દ્વારે સર્વ કાર્ય કરે છે. એ તો અતિ મોટા છે પણ એ વાત કોઈને ખમાય નહિ માટે કરવી નહિ. ૧/૪૩/૮૯

૪. બહારથી મુક્તનો જોગ હોય ત્યારે મનુષ્યપણાના ભાવ કાંઈક રહે ખરા, કારણ તે હસે, રમે, બોલાવે એમ દેહભાવ જણાવે. જેમ મોટું માણસ છોકરું રમાડે તે છોકરાના જેવું બોલે તેમ આ મનુષ્યભાવ જણાવીએ છીએ. જો પરભાવ રાખીને પરભાવની બોલી કરીએ તો તમને સમજાય નહિ. વાતમાં પણ આ લોકનું દૃષ્ટાંત લાવીએ ત્યારે સમજાય પણ પરભાવની બોલી કરીએ તો જીવ સમજી શકે નહિ. એટલા માટે દૃષ્ટાંત આપીએ છીએ જે રસમાં રસ ઘી ને ગળ્યામાં ગળી સાકર, તેજમાં તેજ અગ્નિ ને ધોળામાં ધોળું દૂધ. એવાં દૃષ્ટાંત દીધાં તે મહારાજને કે મુક્તને લાગુ ન પડે, તો પણ સમજાવવા સારુ દેવાં પડે છે. પરભાવની વાતો સમજાય નહિ ને તુંબડીમાં કોડીઓ નાખીને ખખડાવ્યા જેવું થાય, માટે મનુષ્યની પેઠે વર્તીએ છીએ ને મનુષ્યના જેવું બોલીએ છીએ. તે જીવને હેત થાવા માટે છે. પ્રકૃતિપુરુષના કાર્યમાં મહારાજને કે મુક્તને ઉપમા

દેવાય એવું કાંઈ છે જ નહિ. ૧/૪૮/૯૩

૫. એક વખત એક સંતે આવીને બાપાશ્રીને બે હાથ જોડી આગ્રહ કરીને કહ્યું જે, મને વર્તમાન ધરાવો ને હવે કસર માત્ર ન રહે એવી દયા કરો. પછી બાપાશ્રીએ તેમને વર્તમાન ધરાવ્યાં. પછી તેમણે અંતર્વૃત્તિ કરી ત્યાં તો પોતાના આત્માને પ્રકાશમાન દીઠો ને તેમાં મહારાજની મૂર્તિ તેજોમય દેખી અને પોતાના પૂર્વ જન્મની સ્મૃતિ થઈ આવી તેથી બહુ આનંદ પામ્યા. ત્યારે સર્વે સંતે પૂછ્યું જે, સ્વામી! તમે કેમ હર્ષાયમાન જણાઓ છો? ત્યારે તેમણે ઉપરની વાત કરી. તે પછી સ્વામી વૃંદાવનદાસજીએ બાપાશ્રીને પૂછ્યું જે, આ તો બહુ મોટા છે ને એમને શી કસર રહી ગઈ હશે જે આપને વિનંતી કરી. પછી બાપાશ્રી બોલ્યા જે પૂર્વે એમણે શ્રીજીમહારાજના પાળાને હથિયાર ઉગામ્યાં હતાં, એ અપરાધ હતો તે અપરાધથી મુક્ત કર્યા એટલે મહારાજનાં દર્શન થયાં. આ સંત સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીનો સમાગમ બહુ કરતા અને તેમણે અમારી ઓળખાણ પડાવી હતી. ૧/૬૫/૧૨૪

૬. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, લાખો-કરોડો જન્મ ધરો ને સત્સંગ કરો પણ આ જોગ એક મિનિટનો પણ તેથી અધિક છે, કેમ જે એક મિનિટમાં અનાદિ કરી મૂકે. જેમ ઉત્તમ પારસને જે વસ્તુ અડે તે અડતાં જ પારસ થઈ જાય એવા આ મુક્ત છે. જ્યારે માંડવીના રામકૃષ્ણભાઈને આ મુક્ત ઓળખાણા ત્યારે માગ્યું જે, મારે કાંઈ પણ બાકી રહે નહિ ને કદાપિ બાકી રહે ને જન્મ ધરાવો તો તમારી નાતમાં જન્મ ધરાવજો પણ બ્રાહ્મણની નાતમાં ધરાવશો નહિ એ મારી અરજ છે. ૧/૭૯/૧૪૫

૭. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, મહિમામાં જ સુખ છે માટે પંચવર્તમાને યુક્ત એવા ને શ્રીજીમહારાજના યથાર્થ

નિશ્ચયવાળા સંત-હરિજનનો મહિમા સમજવો. આજ અમે જીવોના ઉપર દયા કરીને શ્રીજીમહારાજના સંકલ્પથી દર્શન આપી છીએ તે મહિમા ન કહીએ તો જીવના જાણ્યામાં શું આવે? અને શી રીતે જીવ ભગવાનને અને મુક્તને વળગે? માટે જીવના ઉપર દયા કરીને મહિમાની વાતો કરીએ છીએ પણ અમારી સારપ વધારવા સારુ અમારો મહિમા નથી કહેતાં. અમે તો સદા મૂર્તિમાં સુખ ભોગવીએ છીએ ને મૂર્તિના સુખમાં જ કલ્પેકલ્પ વીતી જાય છે, માટે અમારે આ લોકની મોટપ કે પ્રસિદ્ધિ સારુ વાત નથી કરવી. અમારે તો સદા મૂર્તિનું સુખ છે પણ દેહ નથી. આ તો શ્રીજીમહારાજની ઈચ્છાથી દેહ દેખાય છે ને શ્રીજીનો સંકલ્પ છે તેથી વાતો કરીએ છીએ; કેમ જે તમને સર્વેને અમારા જેવા કરવા છે. તે જ્યારે માયાનો પડદો તાણી લઈશું ત્યારે માયા ગોતી પણ જડશે નહિ ને બ્રહ્મકોટી ને અક્ષરકોટી એ પણ ક્યાંય મહાપ્રભુજીના તેજની કિરણોમાં લીન થઈ જશે. એક મહારાજની મૂર્તિ ને મુક્ત એ બે જ રહેશે. માટે કેડ બાંધીને ધ્યાન કરવા મંડી જવું. ધ્યાન કરવામાં દાખડો કરવાનો આગ્રહ હોય તેને મોંઘી વસ્તુ જે મહારાજની મૂર્તિ તે મળે છે. ૧/૮૦/૧૪૯

૮. બાપાશ્રીએ વાત કરી જે, આવો એકાંતિક માર્ગ હાથ આવવો ઘણો કઠણ છે. તરત હાથ આવે એવો નથી, તે તમને મળ્યો છે. પૂર્વના ઘણા સુકૃત છે તો આવો મોટાનો જોગ મળ્યો છે, તેથી કૃતાર્થ થઈ ગયા છો. આ માર્ગ જેને હાથ નથી આવ્યો ને તે સત્સંગમાં છે તો પણ સુખિયા નથી. તે પોતાને મને કરીને સુખ માને છે પણ લેશમાત્ર સુખ નથી. જ્યારે પરભાવને પામે ત્યારે આ સુખ મળે છે. આવી શાંતિ જેમની વાતે કરીને થાય છે ત્યારે એમના અંતરમાં મહારાજનું સુખ છે, એમ જાણવું. જેમ વરસાદમાંથી વાયુ ટાઢો આવે

છે અને લૂકમાંથી ઊનો આવે છે તેમ જેના અંતરમાં મૂર્તિ ન હોય ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય આદિક અનંત ગુણ હોય તો પણ તેની વાત લૂખી આવે, તે કોઈને શાંતિ કરે નહિ. જેમ મોગરા, જૂઈ, જાઈ, કસ્તુરી આદિકની સુગંધી આવે છે, તેમ જેના ભેળા મહારાજ હોય તેની વાતમાં શાંતિ, સુખ અને આનંદના ફુવારા આવે છે ને સુખિયા કરી મૂકે છે. ૧/૮૦/૧૪૭

૯. એક સમયે સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી અહીં પધાર્યા હતા. તેમણે કહ્યું જે, આ કચ્છ દેશમાં જ્યાં જ્યાં મહારાજ વિચર્યા છે, તે બધે ઠેકાણે મારે દર્શન કરવા જાવું છે. ત્યારે અમે કહ્યું કે સ્વામી! તમારું શરીર ખમે નહિ ને બધે પહોંચાય નહિ માટે અહીં બેઠા દર્શન કરો. એટલામાં તો જ્યાં જ્યાં મહારાજ વિચરેલા તે સર્વે ચૈતન્ય ભૂમિકાઓ સ્વામીએ ભાળી; પછી સ્વામી બોલ્યા જે બધે ય દર્શન થઈ ગયાં. તે જ્યાં જ્યાં મહારાજ સાત વર્ષ સુધી વિચર્યા હતા તે સર્વે સ્થાન દિવ્ય તેજોમય જણાણાં. ૧/૮૩/૧૫૧

૧૦. બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, આજ તો શ્રીજીમહારાજે ચીંથરામાં રત્ન વીંટીને રાખી મૂક્યાં છે. તે મનુષ્યની પેઠે ખાવું-પીવું સર્વે વ્યવહાર મનુષ્યના જેવો હોય તે કેમ ઓળખાય? આજ આ મોટા પુરુષ પૃથ્વી ઉપર બિરાજે છે. તેમને સમાગમે કરીને એકાંતિક માર્ગ ઓળખાય છે. એવા મોટા પુરુષ પૃથ્વીમાંથી ચાલી નીકળે ત્યારે બહુ જ પસ્તાવો થાય માટે સમાગમ કરી લેવો. ૧/૧૨૦/૨૧૧

૧૧. અનાદિમુક્ત આ વાતો કરે છે તે આ એક જ છે કે સત્સંગમાં બીજે ઠેકાણે પણ હશે?

બાપાશ્રી બોલ્યા જે, આ એક જ છે તે તમને મળ્યા છે. આવા બીજા સત્સંગમાં નથી. ૧/૧૨૦/૨૧૧

૧૨. તમે કોઈને વાતો કરો છો ને કોઈને પ્રસાદી આપો છો, કોઈ આવતા હોય તેના સામા જાઓ છો ને કોઈને વળાવવા જાઓ છો અને કોઈને કોઈ વસ્તુ જોઈતી હોય તે લાવી આપો છો, એમ સેવા કરો છો, તેનું શું કારણ હશે?

બાપાશ્રી બોલ્યા જે, એવી સેવાએ કરીને શ્રીજીમહારાજ રાજી થાય છે ને ઇનામ આપે છે એટલા માટે કરીએ છીએ અને બીજું સાધનીકને શીખવવા માટે કરીએ છીએ. ૧/૧૨૦/૨૧૧

૧૩. સંવત્ ૧૯૭૧ની સાલમાં બાપાશ્રીએ કાળી તલાવડી ઉપર શ્રીજીમહારાજે તેમના માતુશ્રીને દર્શન આપીને વર આપ્યો હતો તે ઠેકાણે છત્રી કરીને ચરણારવિંદ પધારવવાનો તથા સત્સંગિજીવનનું પારાયણ બેસાડવાનું નક્કી કર્યું. તે સર્વ ઠેકાણે કંકોત્રીઓ લખાવી મોકલી જે, "સંવત્ ૧૯૭૧ના ફાગણ વદ ૧૧ને રોજ સત્સંગિજીવનનું પારાયણ બેસશે ને તેની સમાપ્તિ ચૈત્ર સુદ ૩ને રોજ થશે, ને તે દિવસે છત્રીએ ચરણારવિંદ પધારાવશે." તે યજ્ઞમાં અમદાવાદથી બસો સંત તથા ભૂજ, મૂળી, ગઢડા, જૂનાગઢ. વડતાલ વગેરેનાં સંત-બ્રહ્મચારી મળી ચારસો હતા અને હરિજનો દેશાંતરના ત્રીસ હજાર હતા ને મહા મોટો યજ્ઞ કર્યો હતો. છત્રી કરી છે તે ઠેકાણે પથ્થરની ધાર શ્રીજીમહારાજની પ્રસાદી હતી, તેમાં ઘણાં ભૂત રહેતાં; ત્યાં કોઈથી જવાતું નહિ. તે ભૂતોને છત્રીના ખાતમુહૂર્ત વખતે અધમણ સાકરની પ્રસાદી વહેંચીને તેમનો મોક્ષ કર્યો. ચૈત્ર સુદ ૩ને રોજ કથાની સમાપ્તિ કરી. પછી છત્રીએ ચરણારવિંદ પધરાવવા સર્વે આવ્યા. તે ચરણારવિંદ પધરાવતી વખતે સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને કહ્યું જે, આ વખતે સર્વેને વર આપો. પછી બાપાશ્રી બોલ્યા જે, આ યજ્ઞમાં આવેલા સંત-હરિજનાદિક સર્વે મનુષ્યો તથા ઉપયોગમાં આવેલાં સર્વે પશુઓ તથા આકાશમાં વિમાને બેસીને દર્શન કરવા

આવેલાં અધિકારી દેવો તે સર્વેનો છેલ્લો જન્મ કરી શ્રીજીમહારાજની મૂર્તિમાં લઈ જઈશું. આ છત્રી તથા આ સ્થાનમાં જે દેવ તથા મનુષ્યો દર્શન કરશે અને ઉપર થઈને પક્ષી ઊડીને જશે તે સર્વેનો અમે આત્યંતિક મોક્ષ કરીશું. અને શ્રીજીમહારાજની મૂર્તિમાં લઈ જઈશું; એવો વર દીધો. ૧/૧૩૮/૨૪૦

**૧૪.** અશ્લાલીનાં કંકુબાએ જેતલપુરમાં સત્સંગિજીવનના દ્વિતીય પ્રકરણનું પારાયણ સાત દિવસનું કરાવ્યું હતું. ત્યાં બાપાશ્રી પધાર્યા હતા. તે છેલ્લે દિવસે કથાની સમાપ્તિ કરીને છત્રીએ ચરણારવિંદ પધરાવ્યાં. ત્યાં બાપાશ્રીએ વર આપ્યો જે, "આ છત્રીએ જે દર્શન કરશે તે સર્વેને અમે અક્ષરધામમાં લઈ જઈશું અને ઉપરથી ઊડીને પક્ષી જશે તેનો પણ મોક્ષ થશે." ૧/૧૬૫/૩૦૨

**૧૫.** આજ આ મુક્ત સખાભાવે વર્તે છે તો તમે બોલવા-ચાલવામાં, બેસવા-ઊઠવામાં, પ્રશ્ન-ઉત્તરમાં સુખ લો છો, એવું સુખ જો સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીના જેવી આકરી પ્રકૃતિ રાખી હોય તો ના આવે અને પ્રશ્ન પૂછવો પણ કઠણ થઈ પડે. આજ તો તમને સુખ આપવા સારુ સખાભાવે વર્તીએ છીએ. ૧/૧૬૭/૩૧૦

**૧૬.** આ સભા બેઠી છે તે સ્થળ પણ પવિત્ર છે, તે જ્યારે અમે અદૃશ્ય થઈશું તે પછી પણ આ સ્થાનમાં દર્શન કરશે તેને આ સભા સાંભરી આવશે, ને ઘાટ-સંકલ્પ ટળી જાશે, ને ધ્યાન કરશે તેને મૂર્તિનું સુખ આવશે, ને કામ, ક્રોધ, માન આદિ સર્વે અદૃશ્ય થઈ જશે, અને જ્યાં જુઓ ત્યાં મૂર્તિ દેખાશે. એવો આ સ્થાનનો મહિમા છે. ૧/૧૬૮/૩૧૦

**૧૭.** બાપાશ્રીને તાવ આવ્યો હતો તે પડખાભર સૂતા હતા. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, એ રોગ મને આપો

ને આપ વાતો કરો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, એ તો સકામ થવાય માટે ન અપાય. અમે તો સ્વતંત્ર છીએ ને દિવ્ય મૂર્તિ છીએ, ને અમારી ઇચ્છાથી ક્યારેક માંદા દેખાઈએ, ક્યારેક સાજા દેખાઈએ, ક્યારેક અદૃશ્ય થઈએ, ને ક્યારેક પ્રગટ થઈએ એવા સમર્થ છીએ. જેમ રાજા હોય તે તમારા જેવા લૂગડાં પહેરીને તમારા ભેળો બેઠો હોય તેને કોઈ ઓળખી શકે નહિ, તેમ આ મુક્ત તમારા ભેળા મનુષ્યરૂપે થઈને બેઠા છે. તે ઓળખી શકાય નહિ. અમારે દર્શને, સ્પર્શે ને સંકલ્પે કરીને અનંત જીવનો ઉદ્ધાર થાય છે. ૧/૧૭૯/૩૩૧

**૧૮.** મૂળીના પુરાણી સ્વામી ત્યાગવલ્લભદાસજીને કોઠારી વલ્લભજીભાઈએ પૂછ્યું જે, તમે બાપાશ્રી સાથે હેત કર્યું છે તે સમજીને કર્યું છે કે સૌનું દેખાદેખી કર્યું છે? ત્યારે તેમણે કહ્યું જે, મેં તો પ્રતાપ જાણીને હેત બાંધ્યું છે કેમ કે હું બાપાશ્રી પાસે ગયો ત્યારે મારા તમામ ઘાટ માત્ર બંધ થઈ ગયા. તેથી મેં તેમની મોટપ જાણી લીધી જે આ જેવા તો આ એક જ છે, કેમ કે બીજે ઘણે ઠેકાણે તપાસ કર્યો તો કોઈથી મારા ઘાટ-સંકલ્પ ટળ્યા નહિ, ને ત્યાં ગયો કે તરત જ ટળી ગયા અને ધ્યાન વખતે પણ કાંઈ વિક્ષેપ આવતો નથી ને મૂર્તિનું સુખ આવે છે. ત્યારે સંતોએ કહ્યું જે બાપા! અમે પણ બધે જોઈને પછી આપની પાસે આવ્યા છીએ ને આપના જોગથી સુખ આવે છે, એવું બીજેથી આવ્યું નહિ. પછી પુરાણી ધર્મકિશોરદાસજીએ વાત કરી જે, બાસઠ (૧૯૬૨)ની સાલમાં વલ્લભજીભાઈએ મને કહ્યું હતું કે, જ્યારે હું સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી પાસે ગયો હતો ત્યારે જેવું સુખ અને શાંતિ આવતી એવું જ સુખ અને શાંતિ મને અહીં આવે છે. પછી બાપાશ્રી બોલ્યા જે, આમ ને આમ હેત ને એકતા રાખજો ને આત્મબુદ્ધિ રાખજો તો શ્રીજીમહારાજની મૂર્તિમાં

નિમગ્ન કરીશું ને સુખિયા કરીશું. કોઈ આઘાપાછા થાશો નહિ એટલે અણવિશ્વાસ લાવશો નહિ. આ તો સ્વામિનારાયણની સાખે કહીએ છીએ. ૧/૧૮૫/૩૪૭

**૧૯.** સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, અમને કેવા કર્યા છે?

બાપાશ્રી બોલ્યા જે, તમને અનાદિમુક્ત કરી મેલ્યા છે ને બીજા જીવોનો ઉદ્ધાર કરો એવા કર્યા છે, એમાં અમે ખોટું કહેતા હોઈએ તો તેનો જોખો એટલે ગુનો અમને છે. આ ફેરે તો પાત્ર-કુપાત્ર જેને જેને આ જોગ થયો છે તે સર્વેને લઈ જવા છે. આ ચૌદ ઇન્દ્રિયરૂપી ચૌદ લોકમાંથી જુદા થાવું તે તમારે કરવાનું છે ને પછી કલ્યાણ કરવું તે અમે કરીશું. ૧/૧૮૫/૩૪૭

**૨૦.** સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, મહારાજ વિના બીજેથી પ્રીતિ પણ તોડાવો ને મૂર્તિનું સુખ પણ આપો એવી અમારી પ્રાર્થના છે. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આજ તો જીવને નિર્વાસનિક કરીને દેહ છતાં મૂર્તિનું દર્શન પોતાને આત્માને વિષે કરાવીએ છીએ અને દેહ મુકાવીને મૂર્તિમાં લઈ જઈએ છીએ, એવો દૃઢ વિશ્વાસ રાખશો તો જેવા મહારાજ ને અનાદિમુક્ત છે તેવા અંતર્યામી ને સુખિયા કરીશું. ૧/૧૮૫/૩૪૮

**૨૧.** બાપાશ્રી બોલ્યા જે, આ કાળી તલાવડી ઉપર છત્રી કરાવીને ચરણારવિંદ પધરાવ્યાં તે અમારું જન્મસ્થાન કર્યું છે. ત્યારે બાલુભાઈએ પૂછ્યું જે, આપ તો ગામમાં જન્મ્યા હશો અને તળાવ ઉપર જન્મસ્થાન કેમ કહો છો? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, અમારા માતુશ્રી દેવબાઈ નામે હતાં, તે તળાવમાં નાહીને તળાવમાંથી બહાર નીકળ્યાં અને જ્યાં છત્રી છે ત્યાં આવ્યાં, તે ઠેકાણે ડુંગરી હતી, તેના ઉપર શ્રીજીમહારાજે દર્શન આપ્યાં ને કહ્યું જે, બાઈ, તમારા ઉપર અમે પ્રસન્ન થયા છીએ તે જે માગો

તે આપીએ. ત્યારે અમારાં માતુશ્રી મહારાજને બહુ રૂપાળા જોઈને એમ બોલ્યાં જે, મહારાજ! તમ જેવ પુત્ર મને આપો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, અમારા જેવા તો અમે એક જ છીએ અને અમારા અનાદિમુક્ત પણ અમારા જેવા કહેવાય તે અનાદિમુક્ત તમારે ત્યાં પ્રગટ થશે અને અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરશે અને અબ પ્રગટ થશે માટે અબજી એવું નામ ધારજ્યો. એમ કહીને શ્રીજીમહારાજ અદૃશ્ય થયા. પછી અમારાં માતુશ્રી ઘેર ચાલ્યાં, ત્યારે એમને વિશ્વાસ લાવવાને માટે માર્ગમાં ચાલતાં બે બાજુએ મુક્તની પંક્તિ દેખાઈ. તે સર્વે મુક્ત એમ બોલ્યા જે, બાઈ, તમારે પુત્ર થાશે, પુત્ર થાશે. આ વાત અમારાં માતુશ્રીએ ઘેર આવીને અમારા પિતાશ્રીને કહી. જ્યાં શ્રીજીમહારાજે વર આપ્યો તે જ ઠેકાણે અમારું જન્મસ્થાન છે. ૧/૧૮૫/૩૪૮

૨૨. એક વખત વીજળીઓ બહુ થતી હતી. ત્યારે સંતોએ કહ્યું જે, બાપા! આ વીજળીને અજવાળે તમારાં દર્શન થાય છે તે એને પુણ્ય થશે કે નહિ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આ બિચારી વીજળી શું તમને દર્શન કરાવશે? તમમાં એટલો ય પ્રકાશ નથી? તમમાં તો બહુ જ પ્રકાશ છે. તમે તો તેજમાં મૂર્તિ છે, તે મૂર્તિમાં રહ્યા થકા સુખ લો છો ને કેટલાયનો મોક્ષ કરો છો. સાચું મનાય છે કે નહિ?

ત્યારે તે બોલ્યા જે, હા બાપા! તમારા પ્રતાપે એવા થયા છીએ. પછી બાપાશ્રી બોલ્યા જે, તમારા પ્રતાપની, તેજની ને સુખની ખબર તમને નથી પડતી, કેમ કે સમાસ અર્થે શ્રીજીમહારાજે રોકી રાખી છે, પણ તમારો પ્રકાશ તો અક્ષરકોટીથી પણ ઘણો વધુ છે. તમે કામ કરો તે અક્ષરકોટીથી પણ થાય નહિ એવો તમારો મહિમા છે, માટે તમે કાંઈ અધૂરું

માનશો નહિ. પૂર્ણકામ માનજો અને આપણને જે મૂર્તિ મળી છે તેથી બીજી તેજોમય મૂર્તિ ધામમાં છે તે દેખાશે ત્યારે પૂરું કલ્યાણ થાશે એમ ન માનશો. પછી સંતો બોલ્યા જે, બીજી જોવાની ઇચ્છા નથી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, તો તો પૂરું થયું જ છે ને તમારા સંકલ્પ તો જીવોને તેડવા મૂર્તિમાન થઈને જાય છે. એવી તમારી સામર્થી છે, ત્યારે વળી સંતોએ કહ્યું જે, શ્રીજીમહારાજ અમારે વિષે રહીને સદા બોલે, જમે, હાલે, ચાલે ને સર્વે ક્રિયા કરે એવી કૃપા કરજો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, બહુ સારું, મહારાજ જુદા નહિ રહે. ૧/૧૮૭/૩૫૩

૨૩. આ સમાગમ કરવા સમુદ્ર ઉલ્લંઘીને આવો છો ને દેહને દુઃખ પડે છે તે ગણતા નથી. તેનું ફળ જે આ સમાગમે કરીને સંપૂર્ણ મહિમા સમજાય છે, ને સુખ લેવાની સામર્થી સંપૂર્ણ આવે છે; એવી સામર્થી જેને અનાદિનો જોગ ન હોય તેને આવતી નથી. ૧/૧૮૯/૩૫૬

૨૪. સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ કહ્યું જે, બાપા! મારી એક અરજ છે જે, મને ભૌતિક દેહમાંથી જુદો પાડીને મૂર્તિમાં લઈ જાઓ. તમારા વિના બીજો મારે આધાર નથી ને હું દુઃખી થાઉં છું. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આ બાવો (સ્વામી ઈશ્વરચરણદાસજી) તથા તમે બીજા જે જે શરણે આવેલા સદ્‌રુચિવાળા છો, તે સર્વેનું અમારે પૂરું કરવાનું છે. એમને કોઈને માથે ગુનો નથી. બધાયનું પૂરું અમે કરીશું. ત્યારે તેમણે કહ્યું જે બાપા! મેં સાધન કર્યાં નથી ને થાય તેમ પણ નથી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, તમારે નચિંત રહેવું. તમને આ માયિક દેહમાં રહીને શું માગતા આવડે? મુક્તનું ને મહારાજનું સુખ ને મહિમા ને સામર્થી તેનો કોઈ પાર પામે તેમ નથી, માટે જે સુખ અમારે છે તે સુખ સર્વેને આપવું છે, તે દિવ્યભાવે યુક્ત થાશો ત્યારે

સમજાશે. દિવ્ય સુખ તો માયિક દેહથી ને માયિક બુદ્ધિથી માગી લેવાય એવું નથી. એ તો અમે પોતે આપી દઈશું. ૧/૧૯૩/૩૬૬

૨૫. નાનાં-મોટાં વચન શ્રીજીમહારાજનાં યથાર્થ પાળવાં પણ તેમાં ફેર પડવા દેવો નહિ. જો ફેર પડવા દે તો તેને બીજો જન્મ ધરીને પણ પાળ્યા વિના છૂટકો નથી. જે જડ-ચૈતન્ય માયાનો ત્યાગ યથાર્થ નહિ કરે તે તો બળેલો કોયલો છે ને તે અમારો નથી ને એના ધણી મહારાજ થતા નથી. અમારે અહીં જે ધર્મમાં કુશળ ન હોય તેના કાગળો આવે તે અમે વાંચતા કે વંચાવતા નથી ને જવાબ પણ લખતા નથી. એવો તમારે ધર્મ પાળવા-પળાવવાનો આગ્રહ છે. એમ વાત કરીને બોલ્યા જે, જુઓને! આપણે રામપરામાં સં.૧૯૬૪ની સાલમાં કથા સાંભળવા ગયા હતા, ત્યારે એક હરિજન બહુ સારો હતો, પણ તેને નાનપણમાં બ્રહ્મચર્યવ્રતમાં ફેર પડ્યો હતો, તેનું તેણે પ્રાયશ્ચિત્ત માગ્યું. તેને પ્રાયશ્ચિત્ત કર્યા પહેલાં પાણી પણ ભરવા દીધું નહિ, ને એની કાંઈ પણ સેવા દેહે કરીને અમે કરવા દીધી નહિ. એવી ચોખવટ અમે રાખીએ છીએ. તમે પણ જે અમારા જોગવાળા છો તે સર્વે એવી રીતે ધર્મ વિનાનો હોય તેની સેવા અંગીકાર કરશો નહિ ને શિષ્ય હોય તો જુદો કરજો ને ગુરુ હોય તો પડતો મૂકજો, એ અમારી આજ્ઞા છે તે શિર ચઢાવજો તો અમે બહુ રાજી થઈશું ને તમને ઘણાક અધમ જીવોનો ઉદ્ધાર કરો એવા સમર્થ કરીશું ને જેવા અમે છીએ એવા જ કરીશું અને આપણ સર્વે મૂર્તિમાં ભેળા રહીને મૂર્તિનાં સુખ ભોગવશું. ૧/૧૯૭/૩૭૬

૨૬. સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, આ સભાનું પૂરું થયું હશે કે કેમ?

બાપાશ્રી બોલ્યા જે, જે પૂરું થઈ રહ્યું એમ કહીએ તો

ચિંતા રહે નહિ ને ખાય, ખેલે ને ઝગઝગાટ ફેંટા બાંધે ને પોતાનું પૂરું માને ને કાંઈ સાધન કરે નહિ. માટે સૌ ધ્યાનમાં લઈ આજ્ઞા પ્રમાણે રહેશો તો અમે તમારા કલ્યાણમાં વાંધો નહિ આવવા દઈએ. અમારા વચન પ્રમાણે નહિ વર્તે તો તેનું તે જાણે, માટે આવો જોગ મળ્યો તો બીજો જન્મ ધરવો પડે નહિ એમ વર્તવું. ૧/૨૦૧/૩૯૧

૨૭. પ્રથમ પ્રકરણનું ૮મું વચનામૃત વચાતું હતું. તેમાં કોઈને દીકરો દેવો કે ધન દેવું કે રાજ્ય દેવું કે કોઈ મૂઆને જીવતો કરવો તે અમને આવડતું નથી એમ વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, તમને અમે કલ્યાણ કરવાનું કામ આપ્યું છે તે કલ્યાણ કરવામાં અમે તમારા ભેગા છીએ પણ આ લોકની માયિક વસ્તુ આપવામાં અમે ભળતા નથી. અહીં ધનબાઈ ડોસીએ અમને વાત કરી જે, હું જે જે વચન આપું છું તે સત્ય થાય છે. કોઈકને દીકરો કે દ્રવ્ય કે જે જે માગે તે આપું છું, પણ મારું વચન એકેય ખાલી ગયું નથી, પછી અમે કહ્યું જે એ તો બ્રહ્માનું કામ કરો છો, તેમાં શું કરો છો? પછી તે સમજી ગયાં જે બાપાશ્રીની મરજી તો એક કલ્યાણ કરવું એવી છે. માટે અમારી દૃષ્ટિ તો જીવોનો ઉદ્ધાર કરી જન્મ-મરણથી રહિત કરવા ને શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આપવું એ જ છે. અને તમારે પણ કલ્યાણ કરવું. તેમાં અમે તમારા ભેગા છીએ, પણ જો માયિક વસ્તુ કોઈક માગે તો કહેવું જે કલ્યાણ ખપતું હોય તો અમારી પાસે છે, બાકી માયિક વસ્તુ જે કાળી વસ્તુ તે અમારી ઝોળીમાં નથી; તમારું પ્રારબ્ધ હશે તેમ થશે. ૧/૨૦૪/૩૯૯

૨૮. અમે તો આખા ગામમાં કોઈ માંદું-સાજું હોય તેને ઘરોઘર જઈને દર્શન ને પ્રસાદી આપીએ છીએ. ગયે વર્ષે રોગ હતો તે આખા ગામમાં પ્રસાદી લઈને અગિયાર વાગ્યા સુધી

ફરતા. અમે નહિ હોઈએ તો પછી હાથ ઘસવા પડશે. જેમ પર્વતભાઈના સેવકોને કંકોત્રી આવી ત્યાં મૂર્તિ પધરાવવા ગયા પણ સાત્ત્વિક યજ્ઞમાં રહ્યા નહિ ને પર્વતભાઈ દેહોત્સવ કરી ગયા તે વખતે મનુષ્ય, પશુ, પક્ષી સર્વેને દર્શન આપીને વર આપ્યો જે, અમે આ સર્વેને તેડી જાશું; એ વાત જાણીને જે મૂર્તિ પધરાવવા ગયા હતા તેમને પસ્તાવો થયો તેમ. અમે પણ સર્વેને તેડી જાશું, માટે અમે ત્યાગી-ગૃહી સર્વે એવો મહિમા સમજીને મોટાની અનુવૃત્તિમાં વર્તજો. જેની સર્વે ઇન્દ્રિયોને વિષે શ્રીજીમહારાજ રહ્યા હોય એવા ગુરુની આજ્ઞા તે શ્રીજીમહારાજની જાણવી. એવા ગુરુ કહે જે આ કામ કરવા જાઓ તો શરીરને કારસો આવે એવું વચન હોય તો પણ તે પ્રમાણે વર્તવું. ૧/૨૦૪/૪૦૧

૨૯. જે કોઈકના સમાસને અર્થે સમાધિ કરતા હોય તે તો સ્વતંત્રપણે જાય, આવે, લઈ જાય, લાવે; એ તો સમર્થ કહેવાય. એ તો ઘણા જીવોને સમાસ કરવા માટે પોતે સ્વતંત્ર સમાધિ કરે, તેમાં બીજા જીવને સમાસ બહુ થાય. અમે એટલા સારુ સમાધિ કરતા પણ અમે તો સદાય મૂર્તિમાં ઝીલીએ છીએ, તે કેટલાકના જાણ્યામાં ન આવે. સમાધિ કરીએ ત્યારે ઘણા જીવને આશ્ચર્ય થાય જે સમાધિવાળા છે તે બહુ મોટા છે, પણ મૂર્તિમાં ઝીલીએ તેમાં આશ્ચર્ય ન થાય, કેમ જે એ કોઈના દેખ્યામાં ન આવે; માટે સમાધિ કરીને પ્રખ્યાતી કરી અને હવે વાર્તા કરીને, જ્ઞાન આપીને મોક્ષ કરીએ છીએ. અમે તો જન્મ્યા ય નથી અને આ લોકમાં છીએ પણ નહિ; સદા મૂર્તિમાં જ છીએ. તે શ્રીજીમહારાજે મધ્ય પ્રકરણના ૧૩મા વચનામૃતમાં કહ્યું છે જે "માતાના ઉદરમાં મૂર્તિ દેખતા" તે મુક્તની સ્થિતિ કહી છે. આજ આવા મોટા પુરુષને મહારાજે

મોકલ્યા છે, માટે આ દાવ હારવો નહિ. ૧/૨૧૦/૪૧૯

૩૦. અમે માંડવી ગયા હતા ત્યાં રામકૃષ્ણભાઈએ કહ્યું કે આ કણબી કેમ ફરતા હશે! ત્યારે અમે કહ્યું કે કણબી તે બીવાળા છે. તે બી તે મહારાજની મૂર્તિ તેમાં રસબસ રહેલા છે. તમારું બી બળી ગયું. તમે આવાં પુસ્તકો વાંચો છો, તે શાસ્ત્ર તો વૈરાજનારાયણની વાતો કરે છે. તે તમે વૈરાજનારાયણને ત્યાં જશો કે અક્ષરધામમાં જશો? પછી તો વાત સમજાણી એટલે મુખમાં તરણું લઈને રોયા ને બોલ્યા જે મારો મોક્ષ કરજો અને જો જન્મ ધરાવો તો કણબીના કુળમાં જન્મ આપશો, પણ બ્રાહ્મણના કુળમાં ન આપશો. આપણે તો અધમ જીવને પણ ઉદ્ધારવા છે. ૧/૨૨૨/૪૫૦

---

૧. આ અમારો મંદવાડ છે તે સર્વેને દર્શન દેવા નિમિત્તનો છે. અમે મંદવાડ ગ્રહણ કર્યો તેથી જેમ સમુદ્રમાં નદીઓ હડેડાટ આવે છે તેમ તમે સર્વે હડેડાટ આવીને ભેગા થઈ ગયા. કોઈને તેમાં સંશય થાય નહિ જે આ વારે વારે કેમ આવે છે, એટલા સારુ આ મંદવાડ નિમિત્તરૂપ છે. જે ન આવી શક્યા હોય તેને પણ એમ થાય જે, આપણે રહી ગયા તેમ જાણીને સર્વે દર્શને આવે છે. આ રીતે હેતરુચિવાળા સર્વેને દર્શન દેવા આ મંદવાડ છે. આ મંદવાડ દેખાવા માત્ર છે. અમે તો અનંત જીવનો મંદવાડ મટાડવા આવ્યા છીએ. ૨/૧/૨

૨. અમે તો બધાને ખેંચી ખેંચીને મૂર્તિમાં લઈ જવા જ આવ્યા છીએ પણ જીવ મહારાજને તથા અમને ઓળખતા નથી. તેથી સાધનનો ભાર રહે છે. ઓળખ્યા વિના શું થાય? ઓળખાય તો બધું ય થાય. ૨/૧/૨

૩. અમારો આરો કરજો એટલે આ ને આ ફેરે મહારાજના સ્વરૂપનું જ્ઞાન સમજી લેજો. સર્વે મૂર્તિમાં આવે તો અમારો આરો આવે. અમારે તો મહારાજની મૂર્તિમાં જોડવા એ જ કામ છે. બીજું નથી. અમે તો આનંદઘન અને સુખરૂપ છીએ. ૨/૧/૩

૪. મહારાજ અમને પોતાનો મહિમા કહેવા સારુ મૂકે છે તેથી મહારાજનો મહિમા જેવો છે તેવો કહીએ છીએ પણ એ મહિમાની વાતો કેટલાક સમજી શકતા નથી તેથી સંશય કરે છે જે, તમે આમ કેમ કહો છો? તેઓ મહારાજનો મહિમા, ઐશ્વર્ય, પ્રતાપ જેવો છે તેવો જાણી શકતા નથી તેથી એમ બોલે છે. આગળ પણ જેને સંશય થતા તે માનતા નહિ. ૨/૩/૫

૫. સ્વામી ઈશ્વરચરણદાસજી બાપાશ્રી પ્રત્યે બોલ્યા જે, આપે પંચોતેરની સાલમાં મંદવાડ ગ્રહણ કર્યો હતો ત્યારે અનંત જીવોનો સોથ વળી ગયો હતો. વળી આ મંદવાડ આપે ગ્રહણ કર્યો છે તે કોણ જાણે કેમ થશે. ૨/૫/૨૨

૬. એક વખત બાપાશ્રી ભારાસર પધાર્યા હતા. ત્યાંના હરિભક્ત ગાંગજી પટેલે બાપાશ્રીને કહ્યું જે, બાપાશ્રી! અમારા રંક ઉપર બહુ દયા કરીને પધાર્યા અને અમને બહુ સુખિયા કર્યા, બહુ કૃતાર્થ કર્યા. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, અમે પથારામાં અને ભટ્ટુમાં ઊંટની ગાડીમાં પછડાતા પછડાતા જીવોનો ઉદ્ધાર કરવા આવ્યા છીએ. નહિ તો વૃષપુરના મંદિરમાં ઢોલિયામાં સૂતા હોઈએ નહિ! કોણ અમારો નિયંતા છે જે અહીં લાવે? બ્રહ્મા નથી, વૈરાજ નથી, પ્રકૃતિપુરુષ નથી, મહાકાળ નથી, વાસુદેવબ્રહ્મ નથી, અક્ષર નથી, એક શ્રીજીમહારાજ જ નિયંતા છે. એવડા મોટા અમે છીએ અને એવડા લાંબા અમારા હાથ છે, એ અક્ષરધામમાંથી અમે આવ્યા છીએ. પછી બોલ્યા જે, આ મૂર્તિ ને આ સંત તે અનાદિ કરે એવા છે. આજ તો ખંપાળી નાખવા આવ્યા છીએ. તે

જેમ લાંપડામાં ઝાકળ પડે તે ભીનું કરે, પછી ખંપાળી ફેરવે તે બધું તણાઈ આવે; તેમ આ સંત ભીના કરે છે. અમે ભેળા કરીએ છીએ. એટલે મહારાજની મૂર્તિમાં લઈ જઈને સુખિયા કરીએ છીએ. તેમાં વળી કોઈ તરણું હેઠે પડી જાય તો પડ્યું રહે; તેમ કોઈ ન માને તો પડ્યા રહે છે. ૨/૭/૨૯

૭. બાપાશ્રી બોલ્યા જે, મહારાજ અને મુક્તની લીલા નટની માયા જેવી છે. આ લોક ભેળા વર્તીએ અને કુટાઈએ પણ દિવ્ય વાત તો અમારી ને તમારી જુદી છે. આપણી વાત અને અમે ને તમે જાણીએ. બીજા શું જાણી શકે? આ લોકમાં તો બધું ય ખપે. એક વાત ન રાખીએ, બે ય વાત જોઈએ. જો એમ ન રાખીએ તો લોકમાં સાનુકૂળ પડે નહિ, માટે એમ રાખીએ છીએ. ૨/૧૫/૪૦

૮. આ લોકમાં રાગ મેલવા. અમારાં છોકરાં કહે જે બાપા! તમારા સારુ ખાવા-પીવાનું આ કરીએ, તે કરીએ. ત્યારે હું કહું જે આ મને ગરમી કરે, આ ટાઢું પડે, આ વાયુ કરે, એમ કહીને ત્યાગ કરી દઈએ અને બાજરાનો રોટલો ને મઠની ખીચડી તે વિના ફરે જ નહિ. તે અમારે કોઠીમાં બાજરો ભરે તો પણ આનંદ, જુવાર ભરે તો પણ આનંદ, ઘી, ગોળ, ઘઉં ભરે તો પણ સરખો આનંદ. તેમ કોઠી જેવો દેહ કરી મેલવો. ૨/૪૩/૧૩૫.

૯. મહારાજનો ખરેખરો મહિમા તો અનાદિમુક્ત જ જાણે. એવા મોટા મુક્તને જે ઓળખે અને વળગે તેને તો અમે માયામાંથી બચાવી લઈએ અને મૂર્તિમા સુખમાં મૂકી દઈએ. અમારી નજર સદાય એવી જ છે. ૨/૫૦/૧૬૩

**૧૦.** બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા અનાદિ મહામુક્તોએ શ્રીજીમહારાજની સંપ્રદાય બાંધી છે, માટે આપણે એ સંપ્રદાયની

સેવા કરવી. અમારો તો સંકલ્પ એવો છે કે સર્વેનું મહારાજ સારું કરે. અમારે તો કોઈને મૂકવા નથી. ઠેઠ મૂર્તિના સુખમાં પહોંચાડવા છે. જગતના જીવ હાથ ઝાલે તે પણ મૂકતા નથી તો અમે કેમ મૂકીશું? ૨/૫૫/૧૭૫

**૧૧.** બાપાશ્રીએ કૃપા કરીને સભામાં વાત કરી જે, શ્રીજીમહારાજ સૌને સુખ આપે છે. તમે, અમે ને આ સતં સર્વે શ્રીજીમહારાજના સુખે સુખિયા છીએ. આ સહુ દોડ્યા આવે છે તે એમને બીજું કાંઈ ખપતું નથી, એક મહારાજ ખપે છે, તે અમે આપીએ છીએ, કેમ કે અમારે મૂર્તિનો જ વેપાર છે. જો અમને સાચો થઈને કોઈ મન સોંપે તેને તો અમે અનાદિમુક્તની પંક્તિમાં ભેળવી દઈએ. આ સમે કોઈને કેડે રહેવા દેવા નથી. ૨/૮૧/૨૫૧

**૧૨.** મહારાજનો ખપ બધાયને છે, પણ મોટા ઓળખવા જોઈએ. સ્વામી નિર્ગુણદાસજી જેવા અમારી પાસે આવતા. એવી રીતે આપણે પણ જોગ-સમાગમ કરી લેવો. મહારાજ તથા મોટાના સિદ્ધાંતની હારો કરવી. દેશકાળ, ક્રિયા, સંગ, રૂડા સેવવા. ૨/૯૦/૨૮૧

**૧૩.** સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજીએ હરિભક્તોને કહ્યું કે તમને તો જેમ મૂર્તિમાં રાખ્યા છે તેમ મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવજો. મૂર્તિ ભેળા અનંત અનાદિમુક્ત રસબસભાવે એ સુખ લીધા જ કરે છે. વર્તમાનકાળે બાપાશ્રી એ દિવ્ય સુખ પમાડવા દૃષ્ટિગોચર વર્તે છે. ગામોગામ ફરી જે જે શરણે આવે છે તેને મહારાજની મૂર્તિના સુખભોક્તા કરવાનો જ એમનો ઠરાવ છે. ૨/૧૦૦/૩૧૯

**૧૪.** ગામ શ્રી કેરાના મંદિરમાં સભામાં મનજી હરજી પાંચાણી એમ બોલ્યા જે, બાપા! આપણે શું થઈએ? ત્યારે

બાપાશ્રી બોલ્યા જે, અમને મનુષ્ય જેવા જાણો તો અમે કુટુંબી થઈએ, અને જેવા છીએ તેવા જાણો તો સર્વના સ્વામી શ્રી પુરુષોત્તમ ભગવાન તેમની મૂર્તિમાં જ રસબસ છીએ. અમે જીવોને એ મૂર્તિના સુખમાં રાખવા આવ્યા છીએ પણ અમે કોઈના બાપ, દીકરા કે સંબંધી નથી. અમે તો અનાદિમુક્ત જ છીએ. અમારી આ લોકમાં કોઈ જોડ નથી; એમ પોતાનો અલૌકિક દિવ્યભાવ જણાવ્યો. ૨/૧૧૫/૩૬૪

**૧૫.** ભૂજના સ્વામી ભક્તિપ્રિયદાસજી તથા શ્રીવલ્લભદાસજીએ પૂછ્યું જે, બાપા! આપની અમોએ માંદાઈ સંભાળી હતી તે હવે આપને શરીરે કેમ છે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, અમે માંદા નથી. માંદા તો દેહધારી હોય. અમે તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા સદાય સુખ લઈએ છીએ. અમને જે ઓળખે તેને પણ એવા જ સુખિયા કરીએ છીએ. તમે સૌ અમારા જેવા સુખિયા રહેજો. કેટલાક અમારે વિષે મનુષ્યભાવ પરઠીને દુઃખિયા થાય છે તેવું કોઈ કરશો મા. અમે તો સદાય મહારાજની મૂર્તિમાં રસબસ છીએ, તેના સ્વામિનારાયણ સાક્ષી છે અને જે અમારી સામે દૃષ્ટિ રાખશે તેને પણ મૂર્તિને સુખે સુખિયા કરીશું. ૨/૧૧૫/૩૬૫

**૧૬.** બાપાશ્રીએ મહામોટો યજ્ઞ કરવા ધાર્યું હતું તે યજ્ઞનું પરિયાણ કરવા સારુ કણબીની નાતના ગામોગામના હરિભક્તોને તેડાવેલા. તે સર્વે પ્રત્યે બાપાશ્રીએ કહ્યું જે, આ અમારો છેલ્લો યજ્ઞ છે, માટે તમો સૌ ભાઈઓ મળીને અમારો યજ્ઞ સુધારી દો. અમે તમારી નાત નથી, જાત નથી, કોઈના બાપ નથી, કોઈના દીકરા નથી, કોઈના સગા-સંબંધી નથી. અમે તો અવતારી જે શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમના અવતાર જે અનાદિમુક્ત તે છીએ. આ યજ્ઞમાં આવી જે કોઈ

જમશે તેનો આત્યંતિક મોક્ષ કરશું. માટે જેને આત્યંતિક મોક્ષ જોઈતો હોય તે જમવાની હા પાડો. પછી સર્વે બોલ્યા જે, બાપા! અમે સર્વે જમવા આવશું અને સેવા બતાવશો તે કરશું. તે વખતે બાપાશ્રી એમ બોલ્યા જે, હવે અમને તમે ત્રણ મહિના સુધી દેખશો, પછી આ મુખ જોવાની આશા રાખશો નહિ. એમ કહીને વાડીએ પધાર્યા. ત્યાં પરદેશથી બે હરિભક્તો દર્શને આવ્યા હતા, તેમને પણ બાપાશ્રીએ એમ જ કહ્યું જે આ તો કરવરિયું વર્ષ થયું, તેમાં શું શોક કરો છો; કાળ તો હવે પડવાનો છે તે થોડા વખતમાં પડશે. ૨/૧૨૯/૩૯૩,૩૯૪

૧૭. બાપાશ્રીએ મહામોટો યજ્ઞ કર્યો હતો. તે યજ્ઞમાં પોતે હરિભક્તોની પંક્તિમાં સૌને સુખડી પીરસતા હતા. તે વખતે "સુખડી સુખ દેશે અપાર, જમ્યા છે પોતે ધર્મકુમાર" એ ટૂંક બોલી અતિ પ્રસન્નતા જણાવીને કહ્યું જે, અમારે તો આમ સુખડી જમાડીને, શીરા જમાડીને, કથા-વાર્તા રૂપી બ્રહ્મયજ્ઞ કરીને સર્વેને મૂર્તિનું સુખ આપવું છે. આ સમે શ્રીજીમહારાજની અપાર દયા છે તેથી મૂર્તિમાં રહી મૂર્તિનું સુખ ભોગવવું. મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ જોયા જેવું નથી. અમે તો ગમે તે કામ કરીએ, વાતો કરીએ, કોઈને હેતે કરીને મળીએ, કોઈને વઢીએ, કોઈને વખાણીએ, જમીએ કે જમાડીએ; એવી અનેક ક્રિયા કરીએ, પણ મૂર્તિને ઘડી વાર મૂકીએ નહિ. આવી દિવ્યસભાનો જે ગુણ લેશે તેને પણ મૂર્તિમાં મૂકી દેશું. આવો અમારો અભિપ્રાય છે તે જે જાણતા હોય તેને આનંદ વર્તે. આ લોકમાં તે એકે કાંઈ કીધું ને બીજાએ કાંઈ કીધું એવું ચાલે છે. પણ જેને મહારાજ તથા મોટા મુક્ત મળ્યા છે તેને એ કામનું નથી. આપણે તો મૂર્તિના સુખરૂપ મહારસનું પાન કરવું; એ અમૃતરસ મેલીને પ્રકૃતિના કાર્યમાં કુટાવું નહિ. આ સમે મહારાજે જીવો ઉપર ઘણી દયા

કરી છે તેથી વાંક-ગુના સામું જોતા નથી. નજરે ચડ્યા તે ન્યાલ થાય છે. આ યજ્ઞમાં જે જે આવ્યા અને જે આ મહાપ્રસાદી જમ્યા તેનો છેલ્લો જન્મ થયો જાણજો. અમે તો સૌને મૂર્તિમાં રાખવાનો સંકલ્પ કર્યો છે. આ સભા દિવ્ય છે. આ મુક્ત સર્વે અક્ષરધામના છે, મૂર્તિમાં રહેનારા છે. મહારાજના અનાદિમુક્તોએ દયા કરીને મૂર્તિનું સુખ પમાડવા આવા માર્ગ કાઢ્યા છે. અમે તો આજ સુધી આવાં જ કામ કર્યાં છે. અમને બીજું કાંઈ આવડતું નથી. ૨/૧૪૦/૪૨૪

૧૮. બાપાશ્રી અમદાવાદ પધાર્યા હતા. ત્યાં સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીને આસને મહારાજના મહિમાની વાતો થતી હતી. સભામાં બાપાશ્રી પણ બેઠેલા હતા. તેથી સભા મોટી થઈ હતી. ત્યાં અમદાવાદના શેઠ ચીમનલાલભાઈ તથા વકીલ સોમેશ્વરભાઈ આદિ હરિભક્તો આવીને સ્વામીને પગે લાગીને આગળ બેસતા જાય ને બાપાશ્રી પાછા ખસતા જાય. તે જોઈને સ્વામીશ્રી બોલ્યા જે, તમે પગે લાગી લાગીને નજીક બેસો છો અને આ અનાદિમુક્ત પાછા ખસતા જાય છે. તેમની તમે મર્યાદા સાચવતા નથી, પણ એ કેવા છે તો જેતલપુરમાં સ. ગુ. શ્રી ધ્રુવાનંદ સ્વામીને મહાપથારીમાંથી મહારાજને કહીને રખાવ્યા ને ચંદનની વૃષ્ટિ કરાવી એવા છે. શ્રીજીમહારાજ આ મુક્તનું માને છે, એવા મોટા છે. તેમને તમે ગણતા નથી ને આગળ આગળ આવીને બેસો છો પણ આ તો અનાદિ મહામુક્ત છે. તેમને શ્રીજીમહારાજે અનંત જીવોના મોક્ષને માટે મોકલ્યા છે. ૨/૫૧૦

૧૯. સંવત્ ૧૯૪૪ની સાલમાં અનાદિ મુક્તરાજ સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામી મૂળીમાં ચાતુર્માસ કરવા રહ્યા હતા. ત્યાં બાપાશ્રી આવેલા. તે સ્વામી નિર્ગુણદાસજીએ બાપાશ્રીને પૂછ્યું જે, અહીં બેઠા થકા જીવને મહારાજની મૂર્તિના સુખમાં મૂકી દે

એવા કોઈ અત્યારે હશે? ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, હા. ત્યાગીમાં તો મારી પાસે બેઠા છે તે અને ગૃહસ્થમાં તમારી પાસે બેઠા છે તે. છે. એમ મર્મવચનથી દિવ્યભાવ જણાવ્યો. ૨/૫૧૧

૨૦. સ્વામી નિર્ગુણદાસજીએ મંદવાડ ગ્રહણ કર્યો ત્યારે બાપાશ્રી તેમને મળવા અમદાવાદ ગયા હતા. ત્યાં સભામાં ઈશ્વરલાલભાઈ દર્શને આવ્યા, તે સર્વે હરિભક્તોના સોંસરા પડીને સ્વામીશ્રીને પગે અડવા ગયા ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, તમે આ મોટા મોટા હરિભક્તો બેઠા છે તેમની મર્યાદા રાખતા નથી. આ અબજીભાઈ અખંડ મહારાજની મૂર્તિમાં રહ્યા છે તેમને તમારો પગ વાગ્યો. તેથી શ્રીજીમહારાજનો અપરાધ થયો. તે સાંભળીને ઈશ્વરલાલભાઈ તુરત બાપાશ્રીને દંડવત્ કરવા મંડી પડ્યા એટલે બાપાશ્રીએ ઊભા થઈને ઝાલી લીધા ને મળ્યા. પછી જ્યારે બાપાશ્રી કચ્છમાં જવા તૈયાર થયા ત્યારે સ્વામીશ્રી તથા સૌ સંતો-હરિભક્તો બાપાશ્રીને મળ્યા. તે વખતે સૌ સભાને સાંભળતા સ્વામીશ્રીએ વાત કરી જે, આ પુરુષની કોઈ જોડ નથી. શ્રીજીમહારાજે એમને અનેક જીવોના મોક્ષને માટે મોકલ્યા છે. તેથી સૌ આ પુરુષનો જોગ-સમાગમ કરજો પણ બીજે ક્યાંય ધોડા કરશો નહિ. સત્સંગમાં ક્યાંય આમના જેવા નથી. એમ બોલ્યા. ૨/૫૧૭

૨૧. એક વાર ઉપરદળના રામજીભાઈ સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીને દર્શને અમદાવાદ આવ્યા. ત્યાં સ્વામીશ્રીએ શરીરે મંદવાડ જોઈને અતિ હેતને વિષે રોવા લાગ્યા ને બોલ્યા જે, બાપજી! તમે તો ધામમાં જવા તૈયાર થયા ને હું કોને આધારે જીવીશ? મારાથી તમારો વિયોગ કેમ સહન થશે? ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું જે, અમારા વિયોગનું દુઃખ ટાળે એવા કચ્છ દેશમાં વૃષપુર ગામમાં શ્રી અબજીભાઈ અનાદિ સિદ્ધ મુક્ત

છે તે શ્રીજીમહારાજના સંકલ્પથી દેખાય છે. તે તમને સુખિયા કરશે, માટે ત્યાં જજો પણ બીજે ક્યાંય જશો નહિ. એવાં સ્વામીશ્રીનાં વચન સાંભળીને રામજીભાઈ સંતોષ પામ્યા ને થોડા દિવસ રહી પોતાને ગામ ગયા. ૨/૫૧૮

૨૨. સંવત્ ૧૯૮૪ના જેઠ માસમાં બાપાશ્રી માધાપુરના યજ્ઞમાં પધાર્યા હતા. તે ગામના કલ્યાણ ભક્તને ઘેર બાપાશ્રી પધાર્યા. તે સમયે તેના ઘરમાં બાપાશ્રીની છબી જોઈને પોતે બોલ્યા જે,ઓ છબી લાવો. પછી તે ભક્તે આપી ત્યારે બાપાશ્રી તે છબી ઉપર ત્રણ વાર હાથ ફેરવીને બોલ્યા જે, હવે આનાં દર્શન કરજો, પણ આ મૂર્તિનાં નહિ થાય; એમ ત્રણ વાર બોલ્યા. એવી રીતે મર્મમાં અતિ પ્રેમી ભક્તોને કોઈ કોઈ વાર પોતાનું અંતર્ધાનપણું અગાઉથી સૂચવી દેતા. ૨/૫૭૯

## ૨૩

# બાપાશ્રીનો દિવ્ય પ્રભાવ

બાપાશ્રીએ ઈંદ્રને કહ્યું જે, આ ગામની અંદર ન વરસીશ ને આ ગામ ફરતો બીજે બધે વરસજે.

૧. સ્વામી વૃંદાવનદાસજી બોલ્યા જે, ધ્યાન બરાબર થાતું નથી ને મૂર્તિ ધરાતી નથી. માટે કૃપા કરો તો ધરાય. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ઊંડા ઊતરો તો ધરાય. પછી તે વખતે ધ્યાન કરવા મંડ્યા ને ઊંડા ઊતરી જવાણું ને તેજ દેખાણું પણ મૂર્તિ દેખાણી નહિ. પછી બહાર આવીને બાપાશ્રીને વિનંતી કરી જે, મૂર્તિ દેખાતી નથી. ત્યારે બાપાશ્રી કહે જે, ધ્યાન કરો, દેખાશે. પછી ધ્યાન કર્યું તો મૂર્તિ દેખીને બહુ આનંદ પામ્યા. ૧/૫૦/૯૯

૨. સ્વામી ઈશ્વરચરણદાસજી પોતાના સાધુ મુક્તજીવનદાસજી માંદા હતા તેથી બાપાશ્રી પાસે રોકાયા. બીજે દિવસે સવારે સભામાં બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, તમને રોકવા હતા તેથી આ સાધુને રાખ્યા છે. નહિ તો કંકોત્રીઓ લખ્યા પછી સિનોગરામાં મિસ્ત્રી દેવજીભાઈની પારાયણ સાંભળવા ગયા ને આ સાધુ ત્યાં માંદા પડ્યા હતા, ત્યાં

ને ત્યાં દેહ મૂકવાના હતા. જો દેહ મૂક્યો હોત તો તમને સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સંતો અહીં રહેવા દેત નહિ. અમદાવાદ લઈ જાત, પણ આ સાધુને માંદા જોઈને કોઈ બોલ્યા નહિ, એમ વાત કરી.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, દેવથળના ડાહ્યાભાઈ આપની પારાયણમાં આવ્યા હતા તે નાડી જોઈને એમ કહેતા હતા જે આ સાધુને કફ સુકાઈ ગયો છે, તો પણ દેહ રહ્યો છે તેનું કારણ કાંઈ સમજાતું નથી. પછી બાપાશ્રી બોલ્યા જે, તમને રોકવા સારુ જ અમે એમને રાખ્યા છે. ૧/૧૩૮/૨૪૧

૩. સંતો માંદા સાધુને નવરાવવા સારુ ગયા અને બાપાશ્રી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી તથા વરતાલથી બ્રહ્મચારી આવ્યા હતા તે સર્વે ઓસરીમાં બેઠા હતા. સાધુ મુક્તજીવનદાસજી ખાડે જતા હતા ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને કહ્યું કે આ સાધુને ક્યારે લઈ જશો? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, તમને ખપતા નથી? ત્યારે તેમણે કહ્યું જે સાજા કરો તો ખપે. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, એમને માટે ગઈ કાલે લાકડાં તૈયાર કરી રાખ્યાં છે અને આજ લઈ જવા છે. એટલામાં તે માંદા સાધુ ખાડેથી આવ્યા અને કૂવા ઉપર જઈને દાતણ કર્યું એટલે સાધુ મુક્તવલ્લભદાસજી આદિક નવરાવવા લાગ્યા, એટલામાં તો એ માંદા સાધુ નમી પડ્યા ત્યારે બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, સાધુની પાસે જાઓ, અમે લઈ જઈએ છીએ. પછી બાપાશ્રી આદિક સર્વે તે સાધુ આવ્યા ને વસ્ત્ર પહેરાવીને ઓરડીમાં લઈ જઈને સુવાર્યા કે તરત જ તે દેહ મૂકી ગયા. પછી તેમને દેન દઈ આવ્યા ને શ્રી ઠાકોરજીને થાળ કરીને જમાડ્યા. ૧/૧૪૨/૨૪૭

૪. બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, તમે કાલે ચાલો, નહિ તો કોઈક સાધુ તમને પંદર દિવસ રોકશે. પછી સ્વામી બોલ્યા જે, પંદર દિવસ રહીએ તો ધર્માદો હાથ ન આવે. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, તો તો કાલે જ નીકળો. તેથી સર્વે સંત બારશને દિવસે સવારે નીકળ્યા તે ભૂજ ગયા ને ત્યાં રાત રહ્યા. તે રાત્રે સાધુ પુરુષોત્તમપ્રિયદાસજીને તાવ બહુ આવ્યો તેથી તેરશને દિવસે તેમણે કાંઈ ખાધું નહિ. પછી ખારીરોલ આવ્યા ત્યાં તેમને કાંઈ ભાન રહ્યું નહિ. જ્યારે વહાણમાં બેઠા અને દરિયામાં તોફાન બહુ થયું ત્યારે પાટડીનું મંદિર કરવા કાનજીભાઈ, હરજીભાઈ તથા હીરજીભાઈ એ ત્રણે ભેળા આવતા હતા તે બીન્યા ને કહ્યું જે બૂડશે કે શું? ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, વૃષપુરથી નીકળતી વખતે બાપાશ્રીએ મને કહ્યું હતું જે તમે ક્યે રસ્તે જશો? ત્યારે મેં કહ્યું જે ખારીરોલ તરફ જવા વિચાર છે. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ઠીક ખારીરોલ જાઓ; પછી જાણશો. પછી મેં કહ્યું જે, કેમ વહાણ તો નહિ બૂડે ને? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, બૂડશે તો નહિ પણ બૂડ્યા જેવું થશે. એમ બોલ્યા હતા માટે બૂડશે તો નહિ. પછી એમને હિંમત આવી ને નવલખીએ ઊતરીને મોરબી આવ્યા. પછી ગોવિંદભાઈએ ઠાકોર સાહેબનો બંગલો ઉઘાડ્યો ને તેમાં ઊતર્યા. પછી નાહી-ધોઈને પૂજા કરતા હતા તે વખતે સાધુ પુરુષોત્તમપ્રિયદાસજીને ખાટલામાં સુવાર્યા હતા, તેમને શરીરનું ભાન આવ્યું ને બાપાશ્રીનાં દર્શન થયાં. પછી બેઠા થઈને સર્વેને પગે લાગ્યા ને સ્વામીને કહ્યું જે, આ બાપાશ્રી ઊભા છે તેમને પગે લાગો. ત્યારે સ્વામીએ કહ્યું જે, બાપાશ્રી શું કહે છે? ત્યારે તે બોલ્યા જે, એમ કહે છે કે દરિયામાં તમને ટાઢ વાય, ભૂખ લાગે, તરસ લાગે ને તમે કાંઈક માગો તે ક્યાંથી લાવી આપે? એટલા સારુ દેહની વિસ્મૃતિ

કરાવી હતી એમ કહે છે. પછી બોલ્યા કે બાપાશ્રી અદશ્ય થઈ ગયા, આપણે ક્યાં છીએ? સ્વામીએ કહ્યું જે, મોરબી આવ્યા છીએ. પછી ત્યાં રસોઈ કરીને ઠાકોરજીને જમાડ્યા. પછી ત્યાંથી રેલે બેઠા તે દેવપરે આવ્યા. ત્યાં ચૈત્ર વદ ૧૧ને રોજ બપોરે તે સાધુએ દેહ મૂક્યો. બાપાશ્રી તે વખતે ચમત્કાર જણાવીને તે સાધુને તેડી ગયા. ત્યારે સૌને ખબર પડી જે બાપાશ્રી કહેતા હતા જે કોઈક સાધુ તમને પંદર દિવસ રોકશે તે આ સાધુએ બરાબર પંદર દિવસે દેહ મેલ્યો. ૧/૧૪૯/૨૫૫

૫. ફાગણ વદ ૧૨ને રોજ સવારે પાટડી જઈને મૂર્તિ પધરાવી ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આ મંદિરમાંથી હવે બીક ગઈ માટે કોઈ બીશો નહિ. પછી સંતહરિજનોની પંક્તિ જમવા બેઠી ત્યાં પહેલી પંક્તિમાં જ લાડુ ઘણા વરી ગયા ને થોડા જ રહ્યા. તેથી ખૂટવાની બીકે કાળીદાસભાઈ બાપાશ્રીને કહેવા લાગ્યા જે, આ ગામમાં લોટ પણ તૈયાર નહિ મળે અને લાડુ તો થઈ રહેવા આવ્યા અને લાજ જશે. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, તમે ફિકર રાખશો નહિ; લાડુ વધી પડશે. સ્વામિનારાયણ ભગવાન ખૂટવા નહિ દે. પછી સૌ જમ્યા અને લાડુ તો ઘણા વધ્યા. ૧/૧૬૫/૩૦૨

૬. ચૈત્ર સુદ ૧૩ ને રોજ બાપાશ્રી અમદાવાદથી નવસો માણસોનો સંઘ લઈ છપૈયે ગયા. ત્યાં ઉપરદળના ઠક્કર મોતીભાઈ જીવણભાઈએ ચૈત્ર વદ ૪ને રોજ સત્સંગિજીવનનું પારાયણ બેસાડ્યું હતું. ત્યાં કોલેરાનો રોગ હતો. તેથી વ્યાર ગામના હરિભક્તે દેહ મેલ્યો. તેને બાપાશ્રીએ દર્શન આપી અક્ષરધામમાં મૂકી દીધો. પછી સર્વે સંતોએ તથા ઘણાક દેશાંતરના હરિજનો આવ્યા હતા. તેમણે બાપાશ્રીને પ્રાર્થના કરી જે, આ ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવીએ ત્યાં સુધી આ રોગ બંધ રહે. એવી

કૃપા કરો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, હવે કોઈ નહિ મરે. તે પછી રોગ બંધ થઈ ગયો હતો. ૧/૧૬૫/૩૦૨

૭. એક દિવસ સંધ્યા આરતી વખતે બાપાશ્રીએ ખીમજીભાઈને કહ્યું જે, નહાવું છે માટે ચાલો. પછી ખીમજીભાઈ દોરી-લોટો લઈને ચાલ્યા તે માંહીલે કૂવે જઈને લોટો ભરી આપ્યો, તે લઈને બાપાશ્રી બહિર્ભૂમિ જઈ આવ્યા ને હાથ ધોયા. પછી લોટો ઊડકીને નવરાવવા માંડ્યા. એટલામાં આરતીનો ડંકો થયો, ત્યાં તો આકાશમાં તેજોમય વિમાન ને તેમાં તેજોમય મૂર્તિઓ એવું દેખવામાં આવ્યું. ત્યારે ખીમજીભાઈ બોલ્યા જે, બાપા! આ શું હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ઘનશ્યામ મહારાજની આરતી થાય છે, તેમને દર્શને આ બધા મુક્ત આવ્યા છે. ત્યારે ખીમજીભાઈ કહે જે, આમ નિત્ય આવતા હશે ને આવાં દર્શન થતાં હશે? ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, આવે તો નિત્ય, પણ આજ મહારાજની ને મોટાની ઇચ્છાથી દર્શન થાય. આ દર્શન ભૂલી ન જતા. ૧/૧૬૫/૩૦૩

૮. ચૈત્ર વદ ૧૧ ને રોજ છપૈયાથી નીકળ્યા ને મૂળી આવ્યા. સંઘમાંના પચાસ માણસોને છપૈયામાં કોલેરા થયેલો હતો. તેમને સદ્‌ગુરુ શ્રી હરિનારાયણદાસજી સ્વામીએ મૂળીમાં બાર મણ દહીં ને આઠ મણ ખાંડ પીવરાવીને બધાંયને ઠંડા કર્યા. તેમને ઊલટીઓ ને ફેરા બંધ થઈ ગયા ને સાજા થઈ ગયા. વળી બે ગાડાં તડબૂચ અને આઠ મણ દાડમ મંગાવીને સર્વેને જમાડ્યા. પછી બાપાશ્રીએ કહ્યું જે, કાનજીભાઈ અમદાવાદમાં છત્રી કરવા સારુ મહેસાણાથી જુદા પડીને ત્યાં ગયા. તેમને કોલેરા થયો ને ત્યાં દેહ પડી ગયો. પણ એમને એકને પણ કોઈ સાચવી શક્યા નહિ, કેમ કોઈ પાસે પણ ગયા નહિ. જો છત્રી કરવા તે ન ગયા હોત ને અમારા ભેળા રહ્યા હોત

તો એમને પણ આ પચાસના ભેળા રાખત, પણ મરવા દેત નહિ એમ બોલ્યા. ૧/૧૬૫/૩૦૪

૯. ખીમજીભાઈ દહીંસરે ગયા, ત્યાં તેમના પિતાશ્રી મુક્તરાજ કેસરાભાઈએ તેમને કહ્યું જે દીકરા, તમે છપૈયે જઈ આવ્યા તે કિયે કિયે સ્થળે દર્શન કર્યાં તે સર્વે વાત કરો. પછી ખીમજીભાઈએ વિસ્તારીને વાત કરી. તેમાં જે જે વાત ભૂલે તે કેસરાભાઈ સંભારી આપે. ત્યારે ખીમજીભાઈ બોલ્યા જે, બાપા! તમે ભેળા તો હતા નહિ ને વાત ક્યાંથી જાણો છો? પછી કેસરાભાઈ બોલ્યા જે, છપ્પનની સાલમાં બાપાશ્રી અને તમે છપૈયે ગયા ત્યારે મારે ભેળું આવવું હતું. ત્યારે બાપાશ્રીએ મને કહ્યું જે, તમારો દેહ ખમશે નહિ માટે તમે અહીં રહો. તેથી હું ઉદાસ થઈ ગયો. પછી બાપાશ્રીએ કહ્યું જે, તમે અહીં બેઠે અમે જ્યાં જ્યાં જઈશું ને દર્શન કરીશું ને લીલા કરીશું તે સર્વે દેખશો. ત્યારથી મારે આવરણ ટળી ગયાં છે. માટે હું દેખું છું. ૧/૧૬૫/૩૦૫

**૧૦.** કુંભારિયે કથા હતી ત્યાં કથાની ગોમટી બહાર વાડામાં જોઈને બાપાશ્રીએ ભૂજના સંત તથા કુંભારિયાના હરિજનોને કહ્યું જે, ઇંદ્ર અતિશે ઘેલો થયો છે, માટે માંડવામાં ગોમટી કરી છે તે મંદિરમાં લાવો એમ બે-ત્રણ વાર બોલ્યા. પણ સંત-હરિજનોએ મંદિરમાં સાંકડ પડે એમ જાણીને ત્યાં જ કથા કરવાનું રાખ્યું. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, બાપા! ઇંદ્રને ના પાડો જે આવે નહિ. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આ સાધુ ને સત્સંગી માનતા નથી ને ઇંદ્ર કેમ માને? ત્યારે સ્વામીએ કહ્યું જે, બાપા! આ સંત-હરિજનો તો આપનાં છોકરાં છે તે છોકરાં તો કદાપિ ન માને, પણ ઇંદ્ર તો બિચારો ચાકર છે. તે ચાકરને તો જેમ આજ્ઞા કરો તેમ કરવું પડે. પછી બાપાશ્રી બોલ્યા

જે, ત્યારે હવે તો ઇંદ્રને જ કહેશું; નહિ તો અમારી લાજ જાય જે આવા મોટા કહેવાય છે ને વરસાદે વિઘ્ન કર્યું તે ટાળી શક્યા નહિ. પછી કથા બેઠી તે જ દિવસે વરસાદ આવ્યો ને ગોમટી ઉપર ટાટપટીઓ બાંધી તો પણ ઘણો આવવા મંડ્યો. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને પ્રાર્થના કરી જે બાપા! ઇંદ્રને હવે કાંઈક કહો. પછી બાપાશ્રીએ ઇંદ્રને કહ્યું જે, આ ગામની અંદર ન વરસીશ ને આ ગામના ફરતે બીજે બધે વરસજે. પછી વરસાદ ગામ ફરતો થાય ને બીજે બધે થાય ને નદીએ પૂર આવ્યું પણ ગામમાં ન આવ્યો. પછી બારશને દિવસે સાંજની કથામાં વરસાદ બહુ ચઢી આવ્યો, ત્યારે જયરામભાઈએ કહ્યું જે બાપાશ્રીનું આસન નેવાં તળે છે તે ટાટપટી તળે લાવો. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે બાપાશ્રીનું આસન નેવાં તળેથી ટાટપટી તળે લાવશો તો વરસાદ વરસશે માટે ત્યાં ને ત્યાં રહેવા દો. તો પણ હરિભક્તો આસન ઉપાડવા ગયા પણ બાપાશ્રીએ આસન ઉપાડવા દીધું નહિ. પછી વરસાદ રહી ગયો અને ફરતાં ગામડાંમાં વરસાદ બહુ થયો ને તળાવોમાં છ-છ મહિનાનાં પાણી થયાં ને નદીઓમાં પૂર પણ ઘણાં આવ્યાં. વાગડ દેશમાં તો રાજાનું ખડ હતું તેમાં વીજળી પડી તે ચાર લાખ મણ ખડ બળી ગયું, એવું દેશાંતરમાં વરસાદનું તોફાન ઘણું થયું પણ કુંભારિયામાં ન વરસ્યો. ૧/૧૭૭/૩૩૩

**૧૧.** ભારાસરના માવજી તથા ગાંગજી પટેલ તથા તેજો ભક્ત તથા કેસરો ભક્ત આદિ હરિભક્તો બાપાશ્રી પાસે આવ્યા. તેમણે વાત કરી જે, જાદવો ધામમાં ગયો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આ બાવાને અમે રાત્રીના બે વાગે વાત કરી હતી જે, અમે એને ધામમાં મૂકી આવ્યા. કેમ બાવા! તમને કહ્યું હતું કે નહિ? ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે;

હા, કહ્યું હતું. પછી બાપાશ્રી બોલ્યા જે, વળી એટલું એંધાણ આપીએ છીએ જે, એ છોકરા પાસે કોઈ હતું નહિ ને ખાટલામાં દેહ મૂકી ગયો. ૧/૧૮૦/૩૩૮

**૧૨.** વૈશાખ વદ અમાસને રોજ કુંભારિયાના મંદિરના દરવાજાના મેડા ઉપર સિનોગરાના મિસ્ત્રી ડાહ્યાભાઈને બાપાશ્રીએ કહ્યું જે, ડાહ્યાભાઈ તૈયાર છો કે નહિ? ધામમાં તેડી જવા છે. ત્યારે ડાહ્યાભાઈ બોલ્યા જે, બાપા, મારે ત્રણ વર્ષ રહેવાની ઇચ્છા છે તે રાખો તો બહુ સારું. પછી બાપાશ્રી બોલ્યા જે, ત્રણ વર્ષે પરવારી રહેજો, પછી કહેશો તો નહિ રાખીએ. આજથી ત્રણ વર્ષે તમને તેડી જાશું. જો પરવાર્યા હોત તો તો હમણાં જ તેડી જાત, પણ તમે પરવાર્યા નથી. એટલે માયામાંથી આસક્તિ તોડી નથી, તેથી તમને ત્રણ વર્ષની અવધિએ રાખીએ છીએ, પણ જો ત્રણ વર્ષે વાસના નહિ ટાળો તો અમે તમને પછી રહેવા દઈશું નહિ. ત્યારે તે બોલ્યા જે, ત્રણ વર્ષે આવીશ, પછી ભલે તેડી જાજો. એમ આયુષ્ય વિના ત્રણ વર્ષ રાખીને બાપાશ્રી એમને તેડી ગયા. ૧/૧૮૧/૩૩૯

**૧૩.** જેઠ વદ ૧ને રોજ રાત્રીએ નવ વાગ્યા વખતે વરસાદ બહુ ચઢીને ઘૂઘવાતો આવ્યો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આયેશ (ગામધણી) બાજરી ભરવા આવ્યો નહિ ને હવે પલળી જાશે, એમ કહીને છોકરાંઓને કહ્યું જે, ખળામાં જઈને હઈયા (તુરત) બાજરી ઢાંકી વળો ને ફરતી અટાર (રેતી)ની પાળ બાંધી વાળો તો પાણી નહિ પેસે, ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે બાપા, એટલી બધી મહેનત કરાવો છો ત્યારે વરસાદ બંધ કરો ને! ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ઘૂઘવતો આવે છે પણ આથમણો જાશે. એમ કહ્યું એટલે વરસાદ ગયો. બીજે દિવસે એટલે બીજને રોજ બપોરના બાર ઉપર બે વાગે બાપાશ્રીએ સંતોને કહ્યું જે,

સંતો નાહવા ચાલો, નહિ તો વરસાદ આવશે ને પલાળશે, પણ સંતોએ ચાલતાં વાર લગાડી ને ત્રણ વાગે નાહવા ચાલ્યા. તે નાહી રહ્યા પછી ઓચિંતો વરસાદ આવ્યો ને પલાળ્યા. પછી મંદિરમાં આવતાં માર્ગમાં બાપાશ્રી બોલ્યા જે, અમે કહેતા હતા જે, નાહી આવો પણ તમે ચાલ્યા નહિ. અમે કહ્યું જે ઝાલાવાડમાં વરસાદ થાય છે તે હમણાં અહીં આવશે. ગઈ કાલે બંધ રાખ્યો હતો, તે આજ છૂટી આપી છે, માટે તરત નાહી આવો તો પણ તમે ચાલ્યા નહિ તો પલાળ્યા. એમ વાત કરતા કરતા મંદિરમાં પધાર્યા. ૧/૧૮૭/૩૫૩

૧૪. બાપાશ્રી કૃપા કરીને વાત કરતા હતા. એવામાં કેરાનો એક હરિભક્ત હતો, તેનો છોકરો, રમતો હતો તેને આંચકી આવી અને તેના બાપના ખોળામાં તે છોકરાનો દેહ પડી ગયો. પછી તેના બાપે તે છોકરાને સ્વામી ઈશ્વરચરણદાસજીના ખોળામાં નાખ્યો. ત્યારે બાપાશ્રી કહે જે, એ છોકરાને પાણી પાઓ, પછી પાણી પાયું ને તે છોકરો જીવતો થયો. પછી બાપાશ્રી બોલ્યા જે, આ નૈમિષારણ્ય ક્ષેત્ર હતું તે આ છોકરો બચી ગયો. એનું પણ કામ થઈ ગયું. જુઓને આ સ્વામિનારાયણના પરચા. આ છોકરો મરી ગયો હતો પણ જીવ્યો. આવા પરચા દેખે તો પણ જેને પ્રતીતિ આવતી નથી તેને એટલી નિશ્ચયમાં કસર છે. ૧/૨૨૮/૪૫૯

---

૧. બહેચરભાઈના પિતાશ્રી શંકરભાઈ આગબોટમાં આવતા હતા ત્યારે તેમને બીક લાગે જે આ બહુ ડોલે છે તે ડૂબી જશે કે શું? એવો સંકલ્પ થયો ત્યાં તો તેમને બાપાશ્રી આંગડી પહેરેલી, માથે પાઘ ધારણ કરેલી, કેડ બાંધેલી અને

હાથમાં લાકડી, એવા આગબોટમાં ફરતા દેખાયા ને બોલ્યા જે, ડોસા! બીશો નહિ. આગબોટ ડૂબવા નહિ દઈએ, અમે તમારા ભેળા છીએ. એમ કહીને અદૃશ્ય થઈ ગયા તેથી તેમને બીક મટી ગઈ. અને શંકરભાઈ જ્યારે વૃષપુર પહોંચ્યા ત્યારે બાપાશ્રી તો મંદવાડ ગ્રહણ કરીને સૂતા હતા. ૨/૧/૨

૨. એક વખત ગામ સુખપરના કરસન ભક્ત જે ધમડકે રહેવા ગયેલા તે ધમડકેથી દર્શને આવ્યા હતા. તેમણે બાપાશ્રીને એક પાંચિયો ભેટ મૂકીને વાત કરી કે, આ પાંચિયો બે મહિના ઉપર આપ શ્રીજીમહારાજે સહિત ધમડકે ખીમા કુંભારના છોકરા વીરજીને સોનાનો રથ અને સુવર્ણમય ઘોડા જોડીને તેડવા આવ્યા હતા; તે વખતે એ છોકરો બોલ્યો જે, મહારાજ અને બાપા આ રથમાં બેઠા છે અને મને કહે છે કે ચાલ અમે તને અમારા ધામમાં લઈ જઈએ. અહીં તો ગધેડાં ચારવા પડશે, માટે ચાલ અક્ષરધામમાં, ત્યાં બહુ સુખ છે એમ કહે છે, માટે હું જઈશ. પછી એના બાપે કહ્યું જે, મહારાજ ને બાપા ક્યાં છે? ત્યારે છોકરે કહ્યું જે, આ ઊભા, દેખોને! પછી તેને પણ એ છોકરે જેવા કહ્યા એવા જ દર્શન થયાં. ત્યારે તેણે રથમાં એક પાંચિયો નાખ્યો તે રથમાં ન પડતાં પૃથ્વી ઉપર પડી ગયો, પછી તો મહારાજ ને આપ એ છોકરાને તેડી ગયા. પછી તેના બાપે કહ્યું જે આ પાંચિયો બાપાશ્રીને પહોંચાડવાનો છે. તેણે આ પાંચિયો રાખી મૂકેલો તે હું આપને દર્શને આવતો હતો એવી ખબર પડવાથી મને એ કુંભારે આપ્યો. તે હું આપની પાસે લાવ્યો છું એમ વાત કરી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, એ ખીમા કુંભારને કહેજે કે તારા છોકરા વીરાને અમે મહારાજની મૂર્તિને સુખે સુખિયો કર્યો છે અને અનાદિમુક્તની પંક્તિમાં રાખ્યો છે. ૨/૨૪/૭૫

૩. બાપાશ્રી સંવત્ ૧૯૮૩માં કરાંચી પધાર્યા હતા તે વખતે એક જેઠીબાઈ નામની બાઈને વળગાડ હતો. તે બાઈ બાપાશ્રીને

જોતાં જ ધૂણવા મંડી, તે રાડોરાડ થઈ જતાં બાઈઓએ મળી એ બાઈને ઝાલી. બાપાશ્રી કહે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ ધૂન કરો ને પૂછો કે તું કોણ છે? તે વખતે તેને બાઈઓએ પૂછતાં કોઈ બાઈનું નામ લીધું અને કહ્યું જે, મેં એનું દોઢ રોજ કામ કર્યું હતું તેના પૈસા નથી જડ્યા, તે પૈસા સારું હું આને વળગી છું. ત્યારે બાપાશ્રી કહે કે હવે તારે પૈસા જોઈએ છે? ત્યારે તે કહે ના, પૈસાની વાસનાથી તો મારા આવા હાલ થયા છે. તમે મોટા પુરુષ છો તે મારું સારું કરો, હું બહુ દુઃખી છું. તે વખતે બાપાશ્રીએ જળ મંગાવી તે બાઈને છાંટ્યું ને કહ્યું જે, જા, બદરિકાશ્રમમાં. એ વચન કહેતાં તરત જ તે બાઈ તેના શરીરમાંથી નીકળી ગઈ. પછી બાપાશ્રીએ ભેળો થઈ ગયેલ બાઈઓનો સમૂહ તેને કહ્યું કે સૌ ભગવાન ભજજો. મહારાજની આજ્ઞા ખરેખરી પાળજો. આ લોકનું તાન હોય તો આવા હાલ થાય છે. ૨/૭૦/૨૨૦

## ૨૪

# બાપાશ્રીના અંતિમ દર્શન : કલ્યાણમસ્તુ

મૂંઝાશો મા, હું જાઉં તેવો નથી, સત્સંગમાં અખંડ
રહ્યો છું, મૂર્તિથી ક્યારેય જુદો રહેતો નથી,
પણ તમે હવે આમ નહિ દેખો

૧. નારાયણપુરના ધનજીભાઈને મંદવાડ વધુ જણાવાથી બાપાશ્રી તેમને દર્શન દેવા નારાયણપુર પધાર્યા. બાપાશ્રીએ ધનજીભાઈના શરીર પર હાથ ફેરવીને કહ્યું જે, કાંઈ ફિકર રાખશો નહિ, મહારાજ સારું કરશે. ત્યારે ધનજીભાઈએ અરજ કરી કે બાપા! આથી પહેલાં જ્યારે જ્યારે મંદવાડ થઈ ગયેલો ત્યારે ત્રણ-ચાર વખત સાંધા દઈ દઈને મને રાખ્યો છે. તો આ વખતે મારી માગણી એવી છે કે હવે મને દયા કરી મહારાજની મૂર્તિમાં જોડી દો. મારે હવે મૂર્તિ વિના બીજો કાંઈ સંકલ્પ નથી. ત્યારે બાપાશ્રી કહે જે, અમારે તમારું આ લોકમાં કામ પડે તો રાખવાય જોઈએ. ત્યારે ધનજીભાઈએ બહુ પ્રાર્થના કરી જે બાપા! હવે મને આ લોકમાં રહેવાની મુદ્દલ ઈચ્છા નથી. માટે દયા કરી મહારાજના સુખમાં મૂકી દો. ત્યારે બાપાશ્રી પ્રસન્ન થઈને બોલ્યા જે; ભલે, તમે જાઓ. અમે પણ પાછળથી આવીએ

છીએ. એમ કહી તેમના ત્રણે દીકરાઓને ભલામણ કરી જે તમો સર્વે હવે ધનજીભાઈની સેવા બરાબર કરજો. તેમની વૃત્તિ હવે મહારાજની મૂર્તિ સન્મુખ થઈ ગઈ છે. પછી ધનજીભાઈ હાથ જોડીને બોલ્યા જે, બાપા! બહુ દયા કરી. મહારાજને લાવ્યા, સંતોને લાવ્યા, સર્વે દિવ્ય તેજોમય, બાપા! તમે પણ આવા તેજોમય છો? ત્યારે બાપાશ્રી કહે, ધનજીભાઈ! મહારાજમાં વૃત્તિ જોડી મેલો. એ મૂર્તિમાં તેડની સેડ્યો તથા ફુવારા છૂટે છે. માંહી અનંત મુક્ત સાકાર થકા રહ્યા છે, માટે મૂર્તિ વિના બીજું કાંઈ જોવું નહિ અને કાંઈ બોલવુંય નહિ. એમ કહી ધનજીભાઈને શાંત કર્યા. તે વખતે તેમના સંબંધીઓએ કહ્યું જે બાપા! આ ધનજીભાઈ વિના અહીં તો દુકાળ જેવું લાગશે. તે વચન સાંભળી બાપાશ્રી બોલ્યા જે, આ દુકાળ તો બહુ નહિ જણાય. પણ જ્યારે મોટા દુકાળ પડશે ત્યારે સૌને ખબર પડશે. એમ કહી બાપાશ્રી વૃષપુર પધાર્યા.

વળી ધનજીભાઈ પાછલી રાત્રે બેઠા થઈને પગે લાગવા મંડ્યા ને બોલ્યા જે, વાહ મહારાજ! વાહ મારા બાપ! મારા પર ઘણી દયા કરી. સાથે બાપાશ્રીનાં દર્શન થતાં હતાં. તે વખતે નાના દીકરા હરજીભાઈએ કહ્યું જે, બાપા! તમે આ શું બોલો છો? ત્યારે ધનજીભાઈ બોલ્યા જે, હરજી બચ્ચા! ઘરનાં સૌ દર્શન કરો, આવડી સભા અહીં બેઠી છે ને તું મને એમ કેમ પૂછે જે, શું થાય છે? થોડીવાર થઈ ત્યારે પોતે સૂતા સૂતા હાથ જોડતા હતા. તે વખતે તેમના દીકરાઓએ પૂછ્યું જે, શું કરો છો? ત્યારે ધનજીભાઈ કહે, બાપાને પગે લાગું છું. ત્યારે તેમના દીકરાઓએ કહ્યું જે, ક્યાં છે? તો કહે, આ રહ્યા. આ નદીના ધરે નહાય. પછી તેમના દીકરા હરજીએ ખબર કાઢી તો બાપાશ્રી નહાતા હતા. તે તેડી આવી દર્શન કરાવ્યાં. એ રીતે બાપાશ્રીએ

ધનજીભાઈને નિરાવરણ કરી દીધા.

બીજે દિવસે ધનજીભાઈ જાગ્રત થયા ત્યારે તેમના દીકરાઓએ કહ્યું કે, બાપાશ્રીને તેડી આવીએ? ત્યારે ધનજીભાઈ કહે તમે બાપાશ્રીને તેડી આવીએ એમ કેમ કહો છો? બાપાશ્રી તો આ રહ્યા. મહારાજ તથા અનંત મુક્ત પણ આ બેઠા. જુઓને! આ ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આદિ અનેક સંતો બેઠા છે ને સર્વે તેજોમય છે. એમ એ વખતે ધનજીભાઈને મહારાજ તથા બાપાશ્રી આદિ અનેક મુક્તોનાં દર્શન થયાં. પછી સૌને જય સ્વામિનારાયણ કહી ધનજીભાઈએ દેહ મૂક્યો. તે વાત વૃષપુરમાં બાપાશ્રીએ હરિભક્તોને કહી. પછી પોતે નારાયણપુર જવા નીકળ્યા. ધનજીભાઈને પાલખીમાં બેસારી હરિભક્તો ઉત્સવ કરતા કરતા અગ્નિદાહ દેવા જતા હતા. તે ઝાંપામાં બાપાશ્રી સામા મળ્યા. પછી હરિભક્તોએ પાલખી ઉતારી દંડવત્ કર્યા. ત્યારે બાપાશ્રી ધનજીભાઈ ઉપર હાથ ફેરવીને બોલ્યા જે, ધનજી બચ્ચા! જા, અમે આવીએ છીએ; એમ કહીને પોતે એક કોરું વસ્ત્ર તેમના પર ઓઢાડ્યું. પછી હરિભક્તોને પાલખી લેવા કહ્યું. જ્યારે પાલખી લઈને સૌ ચાલ્યા ત્યારે ગુલાબની ધોખડ થઈ રહી અને બહુ સુગંધી આવવા માંડી. તેથી બધા ઊંચું જોવા લાગ્યા જે, આટલો બધો ગુલાલ અને આટલી બધુ સુગંધ ક્યાંથી આવે છે! પછી તેમને દેન દેવા માટે નદીને ધરે લઈ ગયા ત્યાં અગ્નિસંસ્કાર કર્યો, ત્યારે પણ બાપાશ્રી સૌની સાથે હતા. તે વખતે બોલ્યા જે, નારાયણપુરમાં આજે કાળ પડ્યો અને કચ્છમાં તથા સાજા સત્સંગમાં કાળ પડ્યો, પડ્યો અને પડ્યો એમ સમજી લેજો. એવી રીતે પોતાને અંતર્ધાન થવાની વાત મર્મમાં જણાવી.

પછી ધનજીભાઈના ખરખરે કણબીની નાતના માણસો

આવેલા, ત્યારે પણ બાપાશ્રી તે સર્વે પ્રત્યે એમ બોલ્યા જે, ધનજી ગયો તે ખાલું પડ્યું; તે આ લોકની દૃષ્ટિએ બહુ ખોટું થયું. અમો પણ મહેમાન છીએ, જાવાની તૈયારીમાં છીએ. આવું સાંભળીને હરિભક્તોને અંતરમાં બહુ દુ:ખ થયું. ૨/૧૨૭/૩૮૯

૨. અષાડ સુદ ૩ને રોજ બાપાશ્રી સવારથી જ મંદવાડ દેખાડવા લાગ્યા. સૌને એમ જે આજે બાપાશ્રીને શરદી જેવું છે. ઠાકોરજી જમાડતી વખતે પણ રુચિ નથી એમ કહી થોડી ખીચડી અને છાશ જમ્યા. બપોરે મંદિરમાં આવી ઓરડે સૂતા. રાત્રે સભામાં આવ્યા પણ સૌને એમ જણાય જે, આજે બાપાશ્રીને શરીરે ઠીક નથી. પછી સભામાંથી ઊઠતી વખતે ઊભા થઈ સભાને હાથ જોડી જય સ્વામિનારાયણ કર્યા. તે વખત લથડિયું આવી ગયું, તેથી પૌત્ર જાદવજી તથા હીરજીભાઈના દીકરા પ્રેમજીએ હાથ ઝાલ્યા ને ઓરડામાં આસન પર લઈ ગયા. ત્યારે જાદવજી કહે બાપા! આજ આપને ઠીક નથી? ત્યારે બાપાશ્રી કહે, જાદવા! મને કાંઈ નથી. જરા ટાઢ વાય છે તેથી ગોદડું ઓઢાડ, એમ કહેવાથી બાપાશ્રીને ચોફાળ તથા ગોદડું ઓઢાડ્યું. હરિભક્તો જાય, આવે ને પૂછે, તે સૌને એમ કહે જે, હું પછાડનો નાહ્યો ત્યારથી ટાઢ ચડી છે. વળી ખીચડીમાં છાશ લીધી હતી, તેથી શરદી થઈ ગઈ જણાય છે. હવે ગોદડું ઓઢીને સૂતા સૂતા મહારાજને સંભારશું એટલે વાંધો નહિ આવે. એમ સૌને કહેતાં બાપાશ્રી પોઢી ગયા. બાપાશ્રીના દીકરા બંને ઘણી વાર બેઠા ને સેવા કરવા લાગ્યા. બાર વાગ્યા એટલે સર્વે સૂતા. પછી બાપાશ્રી એક વાગ્યાને સુમારે ઓચિંતાના બેઠા થઈ ગયા ને સેવક પ્રેમજી પર ખૂબ હેત જણાવીને કહ્યું જે, પ્રેમજી! તેં મારી નિષ્કામભાવથી સેવા કરી છે તેથી હું તારા ઉપર ખૂબ જ રાજી છું. મને એમ થાય છે જે આ ટાઢ નડશે ખરી, પણ તારે આ વાત કોઈને

કહેવી નહિ. તું સંકલ્પ કરે છે કે બાપો જતા રહેશે તો! અને સ્વામી આદિકને ખબર નહિ પડે તો મને ઠપકો મળશે પણ હું જાઉં તેવો નથી. હું તો અખંડ છું. પણ હવે આ દેહ દેખાય કે નહિ તે મહારાજની મરજી. પણ આ વાત હમણાં તારે કોઈને જણાવવી નહિ. જો કોઈને કહીશ તો હું રાજી નહિ થાઉં. સ્વામી ઈશ્વરચરણદાસજીને મેં છેલ્લો મેળાપ કરવા માટે ઠેઠ ભૂજથી પાછા બોલાવી સુખિયા કર્યા છે, તેથી કાંઈ ખબર આપવાની જરૂર નથી. મેં આજ દિવસ સુધી સૌને મૂર્તિના સુખની વાત કરી પણ હવે હું બોલીશ નહિ. શ્રીજીમહારાજની મરજી આવી છે એમ જાણી તારે રાજી રહેવું, હું તને મૂર્તિના સુખમાં રાખીશ એમ કહી તેનો હાથ ઝાલીને પોઢી ગયા.

અષાડ સુદ ૪ને રોજ સવારે બાપાશ્રીએ નાહવાની ઇચ્છા જણાવી પણ શરીરમાં આસક્તિ જણાતાં ઊઠી શકાણું નહિ. તેથી ઓરડા પાસે માંચી લાવી તેમાં બેસાડીને દાતણ આપ્યું ત્યારે ઊલટી થઈ તેથી સેવકે કોગળા કરાવ્યા. પછી બાપાશ્રી એમ બોલ્યા જે, આપણે તો બધા અક્ષરધામમાં છીએ. આ મહારાજ ને આ અનંત મુક્તો રહ્યા. એમ કહી હાથ જોડ્યા ને સૌને કહ્યું જે દંડવત્ કરો. તેથી સૌ દંડવત્ કરવા લાગ્યા. પછી નવરાવી, વસ્ત્ર બદલાવી, પૂજાનાં દર્શન કરાવ્યાં ને એમ ને એમ માંચીમાં બેસાડી મંદિરમાં લઈ ગયા. ત્યારે પોતે મૂર્તિ ઉપર હાથ ફેરવી પગે લાગ્યા ને ઝાઝી વાર મૂર્તિ સામું જોઈ રહ્યા. પછી ઓરડામાં લાવી સુવાર્યા, તે વખતે મનજીભાઈએ જમવાનું પૂછતાં તેમના માથા ઉપર હાથ મૂકીને બોલ્યા જે, મનજી! હું તો સદાય મૂર્તિના સુખરૂપ દિવ્ય ભોજન જમું છું. થોડીવારે બાપાશ્રીના પૌત્ર માવજી ઘેરથી સાકર નાખીને કઢેલું દૂધ મહારાજને ધરાવીને લાવ્યા ને બહુ પ્રાર્થના કરી તેથી થોડુંક પીધું ને બોલ્યા જે, હવે મને કોઈ

જમવાનું પૂછશો નહિ. પછી એમ બોલ્યા જે, મને સાંજે ટાઢ બહુ હતી ને આ ટાણે ગરમી બહુ થાય છે. તેથી તમે મને વાડીએ લઈ ચાલો તો ઠંડક થાય. તેથી જાદવજી ગાડી લેવા ગયા. ત્યારે વળી બીજી ઊલટી થઈ એટલે સેવકે કોગળા કરાવી પાણી પાયું. તે વખતે કાનજીભાઈએ કહ્યું જે, બાપા! તમારે શરીરે અશક્તિ છે ને ઊલટી થાય છે તેથી વાડીએ ન જાઓ તો? ત્યારે બાપાશ્રી કહે મને ગરમી બહુ થાય છે. માટે વાડીએ જવું છે. પછી ગાડી આવી એટલે હરિભક્તોએ ગાડીમાં બેસાર્યા. તે વખતે પોતાના પુત્ર કાનજીભાઈ તથા મનજીભાઈ એ બંનેને પોતાની પાસે બોલાવીને કહ્યું જે, હવે મારા દેહનો નિરધાર નથી. તેથી તમે સૌ ખબડદાર રહેજો, તમે મારો ચીલો રાખજો, મૂર્તિથી ક્યારેય જુદા રહેશો નહિ; ધ્યાન, ભજન, કથા, વાર્તા નિરંતર કર્યા કરજો; હવે તમને હું વધુ કહીશ નહિ, તમે મૂંઝાશો મા, હું જાઉં તેવો નથી, સત્સંગમાં અખંડ રહ્યો છું, મૂર્તિથી ક્યારેય જુદો રહેતો નથી, પણ તમે હવે આમ નહિ દેખો. આવાં વચન સાંભળી પાસે ઊભેલા સૌ અતિ ઉદાસ થઈ ગયા. તે સર્વેને બાપાશ્રીએ કહ્યું જે, તમે કોઈ દિલગીર ન થાઓ. તમને સૌને મૂર્તિમાં રાખ્યા છે, તેથી આપણે સદાય ભેળા જ છીએ. સ્વામી ઈશ્વરચરણદાસજી આવશે ત્યારે તમને બધું ય ઠીક કરી દેશે. એમ ધીરજ આપી વાડીએ પધાર્યા. ત્યાં પાસે રહેનારા સેવકોને કહ્યું જે, મને કૂવાના થાળામાં બેસારી મારા ઉપર ખૂબ પાણી રેડો તો મને ગરમી મટે. તે વખતે સૌએ પાણી કરતા વાયરો નખાવવા પ્રાર્થના કરી. ત્યારે બાપાશ્રી કહે હું કહું તેમ કરો, એમ કહી ઘણી વાર શરીર પર પાણી રેડાવ્યું. પછી ખીમજીભાઈએ પ્રાર્થના કરી ત્યારે ધોતિયું બદલાવી ખાટલા પર આવીને સૂતા. તે વખતે નારાયણપુરથી હરિભક્તો દર્શને આવેલ. તેમણે ઘેરથી લાવેલ થાળમાંથી જમવા પ્રાર્થના કરી,

પણ પોતે રુચિ જણાવી નહિ તો પણ બહુ તાણ કરી તેથી એક ગ્રાસ જમ્યા ને બોલ્યા જે, હવે મને કંઈ જમવાની રુચિ જ થતી નથી. તે વખતે હરિભક્તો હાર લાવેલ તે પહેરાવ્યા, તેમના માથે હાથ મૂકીને બોલ્યા જે, આમ ને આમ મૂર્તિમાં રહી સુખ ભોગવજો. એમ કહી પોતે લઘુ કરવા ઊઠ્યા. તે થોડેક છેટે લઘુ કરીને નાહવાની ઇચ્છા જણાવી. તે વખતે ઘણી પ્રાર્થના કરી તો પણ નાહવાની રુચિ જણાવી. તેથી થોડી વાર નવરાવી પાછા ખાટલા પર સુવાર્યા. પછી મનજીભાઈએ ઘેર જઈ બધી હકીકત કહી તેથી સૌ ઉદાસ થઈ ગયા ને હરિભક્તોને માંચી લઈને મોકલ્યા, તેમાં બેસારી બાપાશ્રીને ઘેર તેડી લાવ્યા. પછી બહુ નાહ્યાથી ઠંડક થઈ ગઈ છે એમ જાણી પાતળી રાબ કરી બાપાશ્રીને પાવા સારુ લાવ્યા ત્યારે બાપાશ્રી કહે, હવે મને એક મૂર્તિના સુખ વિના બીજું કાંઈ રુચતું નથી, માટે કોઈ જમવાનું પૂછશો નહિ. એમ કહી પોઢી ગયા. બાપાશ્રીના પુત્ર-પૌત્રાદિક કોઈને કાંઈ સૂઝે નહિ; તેથી ભૂજ-રામપુર આદિ ગામોમાં ખબર મોકલાવી હરિભક્તોને તેડાવ્યા. સૌ હરિભક્તો આવી હાથ જોડી પ્રાર્થના કરે, ત્યારે સહેજ નેત્ર ઉઘાડી સામુ જુએ પણ બોલે નહિ. સાંજના સંતો તથા ભોગીલાલભાઈ આદિક કેટલાક હરિભક્તો પાછા ગયા; પણ કોઈને કાંઈ ચેન પડે નહિ. પછી રાત્રીએ ઘણી પ્રાર્થના કરી બાપાશ્રીને દૂધ પાયું. તે થોડું પીધું ને જાગૃત થઈ અમૃત નજરે કૃપા કરી સૌના સામું જોયું. તે સમયે પાસે રહેલા સંત, હરિભક્તોએ શ્રીજીમહારાજની મૂર્તિ આગળ ઘીનો દીવો તથા અગરબત્તીનો ધૂપ કરી મૂર્તિને હાર પહેરાવ્યા. પછી બાપાશ્રીને ચંદન ચર્ચી, કુંકુમના ચાંદલા કરી, પુષ્પના હાર પહેરાવ્યા. પછી આરતી ઉતારી સૌએ દંડવત્ કર્યા. તે સમયે બાપાશ્રીએ સૌના ઉપર પ્રસન્નતા જણાવી હોય તેમ સામું જોઈ રહ્યા. સૌએ પ્રાર્થના

કરી તો પણ કાંઈ બોલ્યા નહિ. નેત્ર મીંચી દીધાં તે જાણે સમાધિ થઈ હોય ને શું! તેમ ઘણી વાર દર્શન આપ્યાં. જેથી કોઈ સમજી શક્યા નહિ કે બાપાશ્રીએ શું કરવા ધાર્યું છે. પછી સૌ એક નજરે બાપાશ્રી સામું જોઈ ઊંચે સ્વરે ધૂન કરવા લાગ્યા. તે વખતે બાપાશ્રીએ પણ લીલા-વિગ્રહ બંધ કર્યો. એમ બાપાશ્રી આ લોકમાંથી અષાડ સુદ ૪ની રાત્રિએ એક વાગ્યે અંતર્ધાન થયા. તે વખતે બાપાશ્રીએ બધાયનાં નાડી-પ્રાણ આકર્ષણ કરી એવી તો ધીરજ પ્રેરી કે કોઈ વિલાપ કરી શક્યા નહિ.

બાપાશ્રીના પુત્ર-પૌત્રાદિક તથા પાસે રહેનારા હરિભક્તોને આ દુઃખ અસહ્ય થયું પણ શ્રીજીમહારાજની મરજી આમ હશે એમ જાણી સૌએ ધીરજ રાખી. પછી ચોવીસે ગામના હરિભક્તોને સાઈકલો, ઘોડાઓ તથા માણસો મોકલી બાપાશ્રીના અંતર્ધાન થવાના ખબર મોકલાવ્યા. કેટલેક ઠેકાણે તો તે વખતે પોતે પ્રત્યક્ષ દર્શન આપ્યાં. લાલશંકરભાઈએ ભોગીલાલભાઈને આ સમાચાર આપ્યા ત્યારે તેમણે કહ્યું જે, બાપાશ્રીએ મને હમણાં હાથ ઝાલીને ઉઠાડ્યો ને માથે હાથ મૂકી અતિ પ્રસન્નતા જણાવી મળ્યા ને કહ્યું જે, હવે અમે જઈએ છીએ એમ કહી અદૃશ્ય થઈ ગયા. તે વખતે મેં ઊઠીને જોયું તો એક વાગ્યો હતો.

ત્યારથી હું એ જ વિચાર કરું છું કે આ શું થયું! ત્યાં તો તમે આવીને આ સમાચાર આપ્યા. દિવસ ઊગ્યા પહેલાં તો ચોવીસે ગામની મંડળીઓ તથા હરિભક્તો જ્યાં જેને ખબર પડી ત્યાંથી ગાંડાઘેલાની માફક ઉતાવળા ઉતાવળા આવ્યા. દિવસ ઊગ્યા સમયે તો આઠ-દસ હજાર માણસ ભેગું થઈ ગયું. તે સર્વેના હાથમાં ઘીનો લોટો તથા નાળિયેર એવી રીતના સૌએ આવી બાપાશ્રીનાં દર્શન કર્યાં. પછી બાપાશ્રીને પાલખીમાં પધરાવી ચંદન, કુંકુમ તથા પુષ્પના હાર અને ગુલાલથી પૂજા કરી.

હરિભક્તો દર્શન કરવા લાગ્યા ને ગુલાલ ઉડાડતા, વાજતેગાજતે, વિરહનાં કીર્તન બોલતા બાપાશ્રીની પાલખી લીધી. પાલખીમાં બાપાશ્રી સામું સૌ એક નજરે જોતા ને વિરહનાં કીર્તન બોલતા ચાલતા હતા. કેટલાક તો ઊંચે સ્વરે સ્વામિનારાયણ સ્વામિનારાયણ ધૂન કરતા, કોઈ દિલગીર થઈ રૂદન કરતા, કોઈ સમજણે કરીને શોક સમાવતા હતા, કોઈકને તો પોતાના દેહનું ભાન પણ ન રહેતું. એ રીતે બાપાશ્રીનાં દર્શન કરતા કરતા સૌ ચાલ્યા આવે એમ પાંચ કલાકે છત્રીના વંડા પાસે પહોંચ્યા. પછી ભોગીલાલભાઈ તથા મોતીભાઈએ કહ્યું જે, બાપાશ્રીએ મર્મમાં એક વખત કહ્યું હતું જે, અમારા દેહનો છેલ્લો વિધિ (અગ્નિસંસ્કાર) છત્રીની દક્ષિણાદિ બાજુએ કરજો. એમ વાત કરી તે સૌને ઠીક લાગ્યું. પછી સંતહરિભક્તોએ બાપાશ્રીની ચંદન, પુષ્પહારથી પૂજા કરી આરતી ઉતારી. પછી સુખડ તથા નાળિયેરથી 'ચે' રચી તે વખતે છેલ્લાં દર્શનની તાણે હરિભક્તો ઉપરા ઉપરી પડવા લાગ્યા. તેમને ભોગીલાલભાઈએ શાંતિ પમાડી ધીરજ આપવા બાપાશ્રીના મહિમા-પ્રતાપ-આજ્ઞા વગેરેની તથા બાપાશ્રીએ તેમના જીવન પર્યંત ગ્રહણ કરેલા મંદવાડ તથા તે વખતે કરેલી મનુષ્યલીલાની વાતો કરી. પછી બાપાશ્રીને ઘૃતથી નવરાવી, અગ્નિસંસ્કાર વિધિ કર્યો. ત્યારે પણ હરિભક્તો નાળિયેર તથા ઘી હોમવા સારુ અધીરા થઈ વ્યાકુળ થયા અને વિરહની વેદના સમાય નહિ. તે વખતે બાપાશ્રીએ સર્વેને ધીરજ પ્રેરી એટલે સર્વે શાંત થયા. એમ અગ્નિસંસ્કાર થઈ રહ્યા પછી સર્વે સ્નાનવિધિ કરી વિરહનાં કીર્તન બોલતા બોલતા બાપાશ્રીને ઘેર આવી, મંદિરમાં દર્શન કરી શ્રીજીમહારાજને સંભારતા અને બાપાશ્રીએ આપેલાં સુખ તથા તેમના ગુણોનું વર્ણન કરતા કરતા સૌ પોતપોતાને ગામ ગયા.

અષાડ સુદ ૮ને રોજ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતમંડળ બાપાશ્રીના અંતર્ધાન થયાના ખબર મળવાથી કચ્છમાં ગયા. ત્યાં જઈ સૌને ધીરજ આપી બાપાશ્રીનાં કાર્ય નિમિત્તે પારાયણ બેસારી ને મોટો યજ્ઞ કરવાનું નક્કી કર્યું. આ પારાયણમાં કથા-વાર્તા સમયે તથા જમવા જતાં પંક્તિ વખતે સૌ શાંત દેખાતા હતા. બાપાશ્રીના પુત્ર-પૌત્રાદિક કુટુંબીજનો તો જેમ સત્ત્વ વિનાના પદાર્થ હોય તેવા બની રહ્યા હતા. બંને સદ્‌ગુરુઓ સવાર-સાંજ સભામાં બાપાશ્રીના મહિમા, પ્રતાપ, આજ્ઞા તથા બાપાશ્રીએ કરેલા અતિ અપાર ઉપકારોની વાતો કરી સૌને ધીરજ આપતા. પછી કાર્યની સમાપ્તિ થયે બંને સદ્‌ગુરુ આદિ સંતોની પ્રસન્નતા માગી સૌ હરિભક્તો પોતપોતાને ગામ ગયા. બાપાશ્રીના કાર્ય પ્રસંગે અમદાવાદ તથા મૂળીથી આવેલા સંતો અને આશાભાઈ જેવા બાપાશ્રીની સેવામાં નિરંતર રહેનારા હરિભક્તો પંદર-વીસ દિવસ રહીને ગુજરાત તરફ જવા માટે ભૂજ ગયા. ત્યાં ભોગીલાલભાઈ આદિ ભૂજના હરિભક્તોએ સદ્‌ગુરુઓને એકાદ માસ વધુ રોકાઈને, બાપાશ્રીને દેન દીધેલ તે ઠેકાણે સ્મૃતિરૂપ સ્થાન કરાવવા પ્રાર્થના કરી. પછી સદ્‌ગુરુઓ આદિ સંતોને એ વાત ઠીક લાગી એટલે નકશો કરાવી છત્રી બનાવડાવી. પછી સર્વે હરિભક્તોને બાપાશ્રીની પ્રસન્નતાના તથા મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપી સ્વામીશ્રી આદિ સંતો ગુજરાત તરફ આવ્યા. ૨/૧૫૩/૪૭૭

૩. એક દિવસ બાપાશ્રીને દેન દીધેલ તે ઠેકાણે સ્મૃતિરૂપ સ્થાન કરવા માટે થાંભલા ઘડવાનું કામ ચાલતું હતું ત્યારે રાત્રિના દસ વાગ્યે મિસ્ત્રી વીરજીભાઈને બાપાશ્રીએ પ્રત્યક્ષ દર્શન દઈને કહ્યું જે, તમે તો છત્રીના થાંભલા ઘડો છો ને? ત્યારે તે કહે, હા બાપા! તે વખતે બાપાશ્રીએ તેમને યાદ આપી કહ્યું જે,

માધાપુરમાં અમે તમને કહ્યું હતું જે, તમો કારીગર છો, પણ જે જે કામ કરો તે મહારાજની મૂર્તિ સંભારીને કરજો. તે સંભારી રાખજો ને કામ બરાબર કરજો. એમ કહી અદૃશ્ય થઈ ગયા. તે વાત તેમણે સ્વામીશ્રી આદિ સંતોને કહી. શ્રીહરિ ને તેમના મુક્ત સદાય પ્રત્યક્ષ જ છે, તેમને જવું-આવવું નથી તેની આ પ્રતીતિ છે. ૨/૧૫૭/૫૦૪

---

## ૨૫

# બાપાશ્રીનાં અલૌકિક સંસ્મરણો

જ્યારે કોઈક હેતવાળા હરિભક્ત અતિ
હેતે સંભારે ત્યારે મોટા સંકલ્પ કરે
તે સંકલ્પ મૂર્તિમાન થઈને દર્શન આપે.

૧. સંવત્ ૧૯૪૨ની સાલમાં બાપાશ્રીએ છસો હરિભક્તોના સંઘે સહિત કચ્છથી મૂળી આવ્યા. ત્યાં બાપાશ્રીને સમાધિ થઈ હતી. પછી ગઢડે થઈ ધોલેરા થઈ ધોળકે આવ્યા. તે વખતે જેતલપુરમાં મોટા સંત સ. ગુ. શ્રી ધ્રુવાનંદ સ્વામીને દેહ મૂકવા સમયે શ્રીજીમહારાજ તેડવા આવેલા. ત્યારે બાપાશ્રીએ મહારાજને પ્રાર્થના કરી જે આ સંઘ બે દિવસમાં જેતલપુર પહોંચી જશે, માટે સ્વામીશ્રીને બે દિવસ રાખો તો આ સંઘને સંભારવા થાય. એવાં વચન સાંભળી શ્રીજીમહારાજે ધ્રુવાનંદ સ્વામીને રાખ્યા. જ્યારે સંઘ ધોળકેથી જેતલપુર પહોંચ્યો ત્યારે જસા ભક્ત મંદિરની વાડીમાં રહેતા હતા. તેમને શ્રીજીમહારાજ માણકી ઘોડી પર બેઠેલ ને વતું વધેલું એવાં દર્શન થયાં. ત્યારે જસા ભક્તે કહ્યું જે, મહારાજ! તમે આવા દુબળા કેમ દેખાઓ છો? ઘોડી પણ દુબળી જણાય છે, વતું પણ વધેલું છે તેનું શું કારણ? ત્યારે

શ્રીજીમહારાજે કહ્યું જે, આ કચ્છનો સંઘ જ્યારથી નીકળ્યો ત્યારથી અમે એમના ભેળા ચાલીએ છીએ. એ સંઘ મોટો બહુ છે અને કેડા મોર સૌ ચાલે છે તેથી કોઈ તેમને લૂંટી ન જાય તેમ માર્ગ પણ ન ભૂલે એટલા માટે સાથે જ રહીએ છીએ, તેથી તમને આવા દેખાઈ છીએ. એટલામાં તો સંઘ જેતલપુર જઈ પહોંચ્યો ને સર્વેને દર્શન થયાં. પછી બે દિવસ રહીને જ્યારે અમદાવાદ તરફ ચાલવાની તૈયારી કરી ત્યારે સ્વામીશ્રીએ અદ્‌ભુત પ્રતાપ જણાવી દેહત્યાગ કર્યો. તે વખતે ચંદનની વૃષ્ટિ થઈ તે સર્વત્ર સુગંધ સુગંધ થઈ રહ્યો. તે ચંદનની ગોળીઓ કરીને સંઘમાંના કેટલાક મનુષ્યોએ લઈ લીધી હતી તે હજી પણ છે. પછી સંઘ અમદાવાદ આવ્યો. ત્યાં સ્વામી શ્રી નિર્ગુણદાસજીને દંડવત્ કરીને મળ્યા. પછી બાપાશ્રીએ કહ્યું જે, સ્વામી! ઘણા દિવસે દર્શન થયાં. ત્યારે સ્વામીએ કહ્યું જે, વૃષપુરમાં અણદા ભક્તે દેહ મેલ્યો ત્યારે તમે પાસે બેઠા હતા. તે વખતે તમારા ભત્રીજા ગોવિંદ ભક્તને બહુ તેજ દેખાણું તે તેજ દેખીને બીન્યા, તેમને તમે ધીરજ આપીને કહ્યું જે, આ તો મહારાજનું અને મુક્તનું તેજ છે, પછી આપણે અણદા ભક્તને તેડી ગયા. તેને બે મહિના થયા છે અને ઘણે દહાડે ભેગા થયા એમ કેમ કહો છો? ત્યારે બાપાશ્રી હસ્યા. પછી સ્વામીશ્રીના આસને સભા થઈ હતી. ત્યારે સ્વામીશ્રીએ બાપાશ્રીનો મહિમા સમજાવ્યો. તેથી શેઠ ચીમનલાલભાઈને બાપાશ્રીને વિષે ઘણું હેત થઈ ગયું. તેથી હાથ જોડી વિનય કરી બાપાશ્રીને પોતાને ઘેર તેડી ગયા ને પુત્રની ઇચ્છા જણાવી. તેમનાં વિનય વચનથી બાપાશ્રી રાજી થઈને બોલ્યા જે મહારાજ તમારી ઇચ્છા પૂરી કરશે. આપણે તો શ્રીજીમહારાજને ઘડીએ વિસારવા નહિ. એ આશીર્વાદથી તેમને હાલમાં જેઠાલાલભાઈ પ્રોફેસર છે તે દીકરા થયા. ૨/૫૦૮

૨. સંવત્ ૧૯૪૮ની સાલમાં અમદાવાદમાં સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામી માંદા હતા તે વખતે વૃષપુરમાં બાપાશ્રીએ પણ મંદવાડ ગ્રહણ કર્યો. તે વખતે બાપાશ્રી ઊંડા ઊતરી ગયા તે સત્તાવીશ દિવસે પોતાની મેળે ઊઠીને બેઠા થયા ને બોલ્યા જે, અમારો દાખડો નિષ્ફળ ગયો, કેમ જે અમારે અક્ષરધામમાં શ્રીજીમહારાજની આગળ સત્તાવીશ દિવસ ચર્ચા થઈ જે મને અક્ષરધામમાં લઈ જાઓ ત્યારે મહારાજે છેલ્લીવારે હા પાડી, પણ સ્વામી નિર્ગુણદાસજીએ ના પાડી ને સ્વામીશ્રીને લઈ જવાનું ઠરાવ્યું. માટે તમે સૌ મોટા મોટા સંત તથા હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન કરી આવો. પછી નહિ થાય. ત્યારે સંત અને હરિભક્તો બોલ્યા જે, અષાડ મહિનો બેઠો છે ને વરસાદ પણ આવું આવું થઈ રહ્યો છે, માટે આખરના દિવસમાં દરિયામાં તોફાનને લીધે હેરાન બહુ થવાય તેથી દિવાળી ઉપર જઈએ તો કેમ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ત્યાં સુધી સ્વામીશ્રી રહેશે નહિ. ત્યારે હરિભક્તો કહે જન્માષ્ટમી ઉપર જઈએ તો? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, તે દહાડે દરિયામાં તોફન હશે માટે હાલ જાઓ, તમે દરિયામાં જરાય દુઃખી નહિ થાઓ.

પછી બાપાશ્રી પણ સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીને મળવા અમદાવાદ પધાર્યા હતા. તે સ્વામીશ્રી પાસે બેઠા હતા ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, આપનાં દર્શન મને બરાબર થતાં નથી, માટે મારી પાસે આવીને દર્શન આપો. પછી બાપાશ્રી સ્વામીશ્રીની પાસે આવ્યા ત્યારે સ્વામીશ્રીએ ચશ્મા પહેર્યાં ને બોલ્યા જે, હજી બરાબર દર્શન થતાં નથી. માટે આંગડી કાઢી નાખો એટલે બાપાશ્રીએ આંગડી કાઢી કે તુરત તેજનો સમૂહ નીકળ્યો, તે ચારે કોરે તેજ તેજ છાઈ રહ્યું. એ જોઈને સ્વામીશ્રી બોલ્યા જે, અહોહો! આવા તમે તેજોમય મૂર્તિ છો? આ તો એકલું તેજ જ

ભર્યું છે. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, તમે પણ આવા જ તેજોમય છો. એમ કહી તેજ સંકેલી લીધું ને આંગડી પહેરીને બેઠા. તે વખતે મૂળીવાળા સ્વામી બાલકૃષ્ણદાસજી સ્વામીશ્રી પાસે બેઠા હતા. તેમણે આ વાત સર્વેને પાછળથી કહી.

ત્યાર બાદ સ્વામીશ્રીએ બાપાશ્રીને કહ્યું જે, મહારાજ મને ધામમાં ક્યારે લઈ જશે તે સમાધિ કરીને પૂછો. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે વૃષપુરમાં સત્તાવીસ દિવસ મહારાજ પાસે આપણી ચર્ચા થઈ હતી તે તમારો ઠરાવ થઈ ગયો છે ને હવે શું પૂછવાનું બાકી છે? આ લોકની રીત પ્રમાણે આવવાનું ને જવાનું કહેવાય છે, પણ આપણે તો મહારાજની મૂર્તિમાં જ રહ્યા છીએ ને સ્વતંત્ર છીએ તે બધું ય જાણીએ છીએ. મૂર્તિમાં રહ્યા થકા જ મહારાજના સંકલ્પથી દેખાઈએ છીએ. ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, એ તો આપણે બે જ જાણીએ પણ સમાધિ કરો તો કેટલાકને આશ્ચર્ય થાય જે, સમાધિમાં જઈને મહારાજને પૂછી આવે છે માટે સમાધિ કરો તો ઠીક. પછી બાપાશ્રીએ સમાધિ કરી ને સાંજના જાગ્યા ને પાંચ વાગે સંત-હરિભક્તોની સભામાં વાત કરી જે અમે ધામમાં શ્રીજીમહારાજની મૂર્તિમાં અ. મુ. સ. ગુ. ગોપાળાનંદ સ્વામી જેમ રસબસ રહ્યા છે તેવી રીતે આ સ્વામીશ્રી નિર્ગુણદાસજીને જોયા અને શ્રીજીમહારાજે મને કહ્યું જે, એ તો અનંત જીવોના કલ્યાણ કરવા અમારી ઇચ્છાથી અમારી મૂર્તિમાં રહ્યા થકા દેખાય છે, એવા સમર્થ છે, અને તમારી પાસે સમાધિ કરાવીને પુછાવ્યું તે તો મનુષ્ય ચરિત્ર કરે છે, એમ શ્રીજીમહારાજે કહ્યું. એમ કહીને બોલ્યા જે, આસો સુદ ૧ પડવેને રોજ રાત્રિએ એક વાગે સ્વામીશ્રી દેહોત્સવ કરશે. માટે સંતો તથા હરિભક્તો આ સ્વામીશ્રીનો મહિમા જાણી ખૂબ સેવા કરી લેજો. આ સેવા ફેર મળે એવી નથી. માટે ઊંઘ, ઉજાગરો, ભૂખ કે થાક કોઈ

ગણશો નહિ એમ વાત કરી. પછી બાપાશ્રી કચ્છ પધાર્યા. સંવત્ ૧૯૪૮ના આસો સુદ ૧ને રોજ એક વાગે રાત્રિએ બાપાશ્રીએ કહ્યું હતું તે પ્રમાણે સ્વામીશ્રીએ દેહોત્સવ કર્યો. તે વખતે સ્વામી અક્ષરજીવનદાસજી મંડળે સહિત વૃષપુર હતા. તેમને તથા ગામના હરિભક્તોને બાપાશ્રીએ જગાડીને કહ્યું જે આપણા ગુરુ આ વખતે અમાદાવાદમાં અંતર્ધાન થયા માટે આપણે સૌ સ્નાન કરીએ; પછી સર્વે નાહ્યા. ૨/૫૧૨

૩. સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી તથા ઉપરદળવાળા રામજીભાઈ આદિને બાપાશ્રીનો જોગ-સમાગમ કરવા ભલામણ કરી હતી. સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી શ્રી નિર્ગુણદાસજી ધામમાં ગયા ત્યારથી જ બાપાશ્રીનો સમાગમ કરતા અને રામજીભાઈ તો એ વાત ભૂલી ગયા. તેને બાર મહિના થઈ ગયા. ત્યારે બાર મહિને સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ દિવ્યરૂપે દર્શન આપીને કહ્યું જે, તમને મેં મુક્તરાજ અબજીભાઈનો સમાગમ કરવાનું કહ્યું હતું તે કેમ ભૂલી ગયા? પછી રામજીભાઈ સ્વામીશ્રીની આજ્ઞાથી બાપાશ્રીનાં દર્શને ગયા. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, રામજીભાઈ! તમે સ્વામીશ્રીને ફેર દાખડો કરાવ્યો ને! એમ કહીને મળ્યા. પછી પાસે બેસારીને કહ્યું જે, તમે તો અમારા જૂના સેવક છો એમ કહીને પૂર્વની સ્મૃતિ કરાવી, એટલે રામજીભાઈને બાપાશ્રી સાથે એકતા થઈ ગઈ. પછી રામજીભાઈએ જે જે વર માગ્યા તે પ્રમાણે સર્વે આપ્યા. એવી રીતે થોડા દિવસ રહી જ્યારે પાછા દેશ તરફ જવા નીકળ્યા ત્યારે બાપાશ્રીએ મહારાજના અલૌકિક પ્રતાપની વાતો કરી સુખ આપેલાં તેનું ચિંતવન કરતા આનંદમાં ને આનંદમાં ચાલ્યા જતા હતા. ત્યાં બાપાશ્રીએ આપેલાં વચનોની

પરીક્ષા કરવાનો સંકલ્પ થયો એટલામાં તો તેજનો મોટો સમૂહ પોતા પાસે હમહમાટ અવાજ કરતો ચાલ્યો આવે. તે જોઈને રામજીભાઈ ઝબક્યા ને બેસી ગયા. ત્યાં તો એ તેજ નજીક આવ્યું ને એમના દેહ સોંસરું થઈને વૃષપુર તરફ ચાલ્યું ગયું ને પોતે તે બાપાશ્રીનો પ્રતાપ જાણી રાજી થયા થકા ઘેર ગયા. પછી સંવત્ ૧૯૫૧ની સાલમાં બાપાશ્રી કચ્છથી મોટો સંઘ લઈને અમદાવાદ તરફ આવતાં રસ્તામાં ઉપરદળ આવ્યા. ત્યારે રામજીભાઈએ બાપાશ્રીને પૂછ્યું જે, હું ગયે વર્ષે, આપની પાસેથી આ દેશમાં આવતો હતો ત્યારે માર્ગમાં તેજ દેખાણું તે શું હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, તમે અમારા આપેલા વચનની પરીક્ષા લેવાનો સંકલ્પ કર્યો હતો તેથી મહારાજે અને અમે પરીક્ષા આપી હતી. તે સાંભળી રામજીભાઈ વિસ્મિત થયા. એવી રીતે તેમને આપેલાં બધાંય વરદાન સત્ય કર્યાં. ૨/૫૧૮,૫૧૯

૪. સંવત્ ૧૯૫૦ની સાલમાં ભૂજમાં સત્સંગિજીવનનું પારાયણ થયું હતું. ત્યાં કુંભારિયાવાળા મિસ્ત્રી હરજીભાઈ કારખાનામાંથી આવ્યા હતા. તેમનો ઉતારો બાપાશ્રી પાસે હતો. તે બાપાશ્રી ને જાદવજીભાઈ તથા ઉપરદળવાળા રામજીભાઈ રાત્રિએ શ્રીજીમહારાજના મહિમાની વાતો કરતા. તે સાંભળીને હરજીભાઈને એમ થયું જે મેં આટલા દિવસ સુધી સત્સંગ કર્યો પણ આવો મહિમા જાંણ્યો નહિ. આ તો સર્વે અવતારાદિકથી ને બ્રહ્મકોટીથી ને અક્ષરકોટીથી પર એવા મહામુક્ત છે ને સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે તે મેં જાણ્યા નહિ. આવા મોટા મુક્ત આગળ હું ઢોલિયામાં સૂઈ રહું છું તે મારે અપરાધ થયો, એમ જાણીને ઢોલિયેથી ઊતરી દંડવત્ કરવા મંડી પડ્યા અને પ્રાર્થના કરીને અપરાધ માફ કરાવ્યો. પારાયણ થઈ રહ્યા પછી બાપાશ્રી સાથે વૃષપુર ગયા ને મઠની ખીચડી ને જાર,

બાજરી, નાગલીના રોટલા ખાવા મંડ્યા. પછી સંવત્ ૧૯૫૩ની સાલમાં બાપાશ્રીને તેમને કહ્યું જે તમે કુંભારિયે જાઓ પણ તેમણે જવાની ના પાડી. પછી બાપાશ્રીએ કહ્યું જે એક મહિનો જઈને પાછા આવજો એટલે તે ગયા ને ત્યાં માંદા પડ્યા. દેહ મૂકવાને આગલે દિવસે તેમને સૂઝી આવ્યું જે, કાલે મારો દેહ પડશે. પછી એમની માતુશ્રીને કહ્યું જે, બાપાશ્રીને વૃષપુરથી તેડાવો. પછી ઊંટવાળાને તૈયાર કર્યો એટલામાં બાપાશ્રીએ દર્શન આપ્યાં ને સવારે દેહ મૂકવા ટાણે હરજીભાઈને કહ્યું જે, કાંઈ ચમત્કારની ઈચ્છા હોય તો તમારી સાથે જે આવવાની હા પાડે તેનો દેહ મેલાવીએ. પછી તેમણે સર્વેને પૂછી જોયું જે, જેને મારી સાથે આવવું હોય તેને બાપાશ્રી દેહ મેલાવે, ત્યારે એમના ભાઈ ગોવામલભાઈની દીકરીએ હા પાડી. પછી તેનો દેહ મેલાવ્યો ને બે યને સાથે તેડી ગયા. પછી હરજીભાઈને દેહ મેલે દશ દિવસ થયા ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી ત્યાં હતા, તેમને બાપાશ્રીએ કહ્યું જે, અમારે હરજીભાઈની લોકાઈએ જવું છે. ત્યાં એમની માતુશ્રીને કંઠી બંધાવવી છે, માટે કંઠી આપો. પછી એમણે કંઠી આપી. પછી બાપાશ્રી કુંભારિયે પધાર્યા ત્યારે હરજીભાઈની માતુશ્રી બોલ્યા જે, તમે મનુષ્ય નથી. મારા હરજીને ને મારા ગોવાભાઈની દીકરીને સાથે તેડી ગયા તે મેં નજરે જોયું, માટે તમે મોક્ષ કરો એવા સમર્થ છો, માટે મને કંઠી બાંધો ને સત્સંગી કરો. પછી બાપાશ્રીએ તેમને કંઠી આપીને કહ્યું જે, રામપરામાં ધનબાઈ ડોશી મહામુક્ત છે તેમની વાતો એક મહિનો જઈને સાંભળો તો સ્વામિનારાયણ ભગવાનનો મહિમા સમજાશે. પછી અમે તમને હરજીભાઈની પાસે તેડી જઈશું. પછી તેમણે એવી રીતે સમાગમ કર્યો ને ધામમાં ગયાં. ૨/૫૨૦

૫. સંવત્ ૧૯૫૩ની સાલમાં ધ. ધુ. આચાર્ય

શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ કચ્છમાં પધાર્યા હતા. તે જ્યારે કેરા ગામમાં પધાર્યા ત્યારે બાપાશ્રી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સૌ સંત તથા વૃષપુરના હરિભક્તો કેરામાં દર્શને ગયા હતા. ત્યાં બાપાશ્રીને પોતાના તંબુમાં તેડાવીને કહ્યું જે, તમને શ્રીજીમહારાજે જીવોના ઉદ્ધાર કરવા સારુ મોકલ્યા છે એમ અમે સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીના કહેવાથી જાણીએ છીએ, માટે અમને તમારી પેઠે મૂર્તિનું સુખ આવે એવા આશીર્વાદ આપો. તમને મારે અમદાવાદ તેડાવી બે મહિના રાખીને જોગ કરવો છે. પછી બાપાશ્રીએ કહ્યું જે, બહુ સારું મહારાજ! પછી વ્યવહારિક વાત પૂછી જે, અમારાથી અબડાશામાં જવાણું નહિ તેથી તે દેશ ફર્યા વિનાનો રહી ગયો અને મિસ્ત્રીઓનાં ગામોમાં પણ ઝાઝું રોકવાનું કહે છે, માટે ત્યાં રોકાઈએ તો શ્રીહરિ નવમીએ અમદાવાદ પહોંચાય નહિ, માટે તે સમૈયો અહીં ભૂજ કરીએ કે અમદાવાદ કરીએ? પછી બાપાશ્રીએ કહ્યું જે, એ સમૈયો તો અમદાવાદ કરવો. ત્યારે મહારાજશ્રીએ કહ્યું જે, તમે મિસ્ત્રીઓનાં ગામોમાં ભેળા આવીને તેમને સમજાવીને વહેલી રજા અપાવો તો અમદાવાદ પહોંચાય. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે; ભલે, અમે ભેળા આવીને સમજાવશું. તમે કચ્છ મૂકીને ગુજરાત તરફ ચાલશો ને ધ્રાંગધ્રે પહોંચશે ત્યારે અમદાવાદથી કાગળ આવશે જે પ્લેગના રોગથી સમૈયો સરકારે બંધ કરાવ્યો છે માટે અહીં પેસવા દેશે નહિ અને ધ્રાંગધ્રાના રાજા શ્રી માનસિંહજી બે મહિના સુધી રોકવાનો આગ્રહ કરશે અને તમારા ભેળા મોટા મોટા સંત છે તે પણ ત્યાં રોકાવાનું કહેશે પણ રોકાશો નહિ. સમૈયા નજીક અમદાવાદ ઢૂકડા થઈ જજો. પછી ફેર કાગળ આવશે કે સમૈયાની છૂટી થઈ છે, એટલે અમદાવાદ પધારશો. એમ વાત કરીને પછી બાપાશ્રી વૃષપુર ગયા. બીજે દિવસે મહારાજશ્રી વૃષપુર પધાર્યા.

ત્યાં બે દિવસ રહીને પછી મિસ્ત્રીઓનાં ગામોમાં જવા નીકળ્યા. તેમના ભેળા બાપાશ્રી ચાલીશ-પચાસ હરિભક્તોને લઈને ગયા. તે મિસ્ત્રીઓને સમજાવીને ત્રણ દિવસમાં રજા અપાવી. પછી આચાર્ય મહારાજશ્રી તથા સર્વ સદ્‌ગુરુઓ અંજારથી ચાલ્યા તે ધ્રાંગધ્રે પહોંચ્યા. ત્યાં અમદાવાદથી કાગળ આવ્યો જે અહીં સરકારે સમૈયાની બંધી કરી છે માટે અમદાવાદમાં પેસવા દેશે નહિ. ત્યાંના રાજાએ પણ બે માસ સુધી રોકાવાનો આગ્રહ કર્યો અને સ. ગુ. વૃંદાવનદાસજી સ્વામી તથા સ. ગુ. દેવચરણદાસજી સ્વામી તથા શાસ્ત્રી બાળમુકુંદદાસજી બ્રહ્મચારી આદિ ઘણા સંતોએ પણ કહ્યું જે, અહીં આગ્રહ કરીને રોકે છે ને અમદાવાદમાં પેસવા દેશે નહિ માટે રહીએ તો ઠીક, પણ મહારાજશ્રીએ કહ્યું જે ચાલો, જેમ થનાર હશે તેમ થશે. પછી ત્યાંથી ચાલ્યા તે લીલાપુર આવ્યા. ત્યાં અમદાવાદથી કાગળ આવ્યો જે, સમૈયાની છૂટી થઈ છે માટે પધારો. પછી સર્વે અમદાવાદ આવ્યા ને સમૈયો થયો. ૨/૫૨૩

૬. એક સમયે બાપાશ્રી સંતો-હરિભક્તો સહિત કુંભારિયે જતા હતા. તે ચાલતાં માર્ગમાં એક ઉંદર દરમાંથી બહાર નીકળ્યો તેને સમળીએ ઝડપ નાખી પણ સમીપે ઘણા મનુષ્ય જોઈને ઉંદરને પકડ્યા વિના ઊડી ગઈ. પણ પાંખની ઝાપટ લાગવાથી ઉંદરને કળ ચડી ને તરફડવા લાગ્યો. તેના ઉપર બાપાશ્રીએ ધૂળની ચપટી નાખીને વર્તમાન ધરાવ્યાં ને ઉંદરે દેહ મૂકી દીધો ત્યારે સ્વામી અક્ષરજીવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોએ તથા કેશરાભાઈ આદિક હરિભક્તોએ પૂછ્યું જે, એની શી ગતિ થઈ હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આત્યંતિક મોક્ષ થયો. ૨/૫૨૪

૭. એક દિવસ બાપાશ્રી તથા ઈશ્વરચરણદાસજી તથા

રામકૃષ્ણદાસજી ત્રણે વૃષપુરના મંદિરમાં સૂતા હતા. રાત્રિના બાર વાગે બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, કાલે તમારે અમારો વિયોગ થાશે. તેમણે કહ્યું જે કેમ? આપને ક્યાંય જાવું છે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આજ અમારા કુટુંબમાં નાનજીનો દીકરો દેવશી કૂવામાં પડી ગયો છે. તેને અમે ધામમાં મૂકી દીધો છે, પણ હજી સુધી એ છોકરો પાણી બહાર દેખાયો નથી. તે સવારે દેખાશે ત્યારે ભૂજથી ફોજદાર આવશે ને પંચાતનામું થાશે, પછી તેને દેન દેવાશે તે સાંજ પડી જશે ત્યાં સુધી રહેવું પડશે, માટે તમારી પાસે નહિ અવાય. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, તમે જાણો છો ત્યારે તો તમારે સ્નાન આવે, ત્યારે બાપાશ્રી બોલ્યા જે, અમે તો જીવોના આત્યંતિક કલ્યાણ કરવા સારુ અક્ષરધામમાંથી આવ્યા છીએ અને અમે તો દિવ્ય મૂર્તિ છીએ માટે અમારે તો સ્નાન-સૂતક આવે જ નહિ. બગદાલવ ઋષિ દેહધારી હતા, તો પણ એક વાળ તાણી નાખતા. તેમાં સ્નાન-સૂતક બે ય જતાં તો અમારે હોય નહિ એમાં શું કહેવું? પણ લોકના ભેળા રહ્યા તે લોકની રીતે ચાલવું જોઈએ. અત્યારે સૌ કહે છે કે જડતો નથી તો તે ભેળા અમે પણ એમ જ કહીએ છીએ અને સવારે જડ્યો કહેશે તે ભેળા અમે પણ જડ્યો એમ કહીશું. જો કૂવામાં પડ્યો છે એમ કહીએ તો ઘણા માણસો અમારું અંતર્યામીપણું જાણી જાય પણ લોકની પેઠે વરતીએ છીએ. ૨/૫૨૫

૮. સંવત્ ૧૯૫૫ના અષાડ માસમાં બાપાશ્રી તથા દહીંસરાના ખીમજીભાઈ આદિ સૌ ઉપરદળ રામજીભાઈને મંદવાડ વધુ હતો, તેમને દર્શન દેવા જતાં દરિયામાં તોફાન થયું, તેથી ખીમજીભાઈ આદિ સૌ હરિભક્તો બીન્યા અને ધ્રૂજવા લાગ્યા જે, આ વહાણ ડૂબશે ને આપણે મરી જઈશું. ત્યારે બાપાશ્રી બોલ્યા

જે, કોઈ ફિકર રાખશો નહિ. વહાણ ડૂબશે તો તમારું અધૂરું રહેવા દેશું નહિ; ઠેઠ મહારાજના સુખમાં મૂકી દઈશું, એમ કહી સૌને ધીરજ આપી. પછી વહાણનો કાંઠો ઝાલીને બાપાશ્રી ઊભા થયા ને સમુદ્રને કહ્યું જે, આ ટાણે તોફાન હોય કે? એટલે તરત પવન બંધ થઈ ગયો ને સમુદ્ર સ્થિર થઈ ગયો. પછી વહાણમાં બેઠેલા સર્વે મનુષ્યો તથા ખેવટિયા રાજી થયા ને બાપાશ્રીને પ્રાર્થના કરી જે તમે સર્વેને ઉગાર્યા નહિ તો આજ કોઈ ઉગરવાના નહોતા. પછી બાપાશ્રી ઉપરદળ આવ્યા, ત્યારે રામજીભાઈએ બાપાશ્રીને કહ્યું જે, બાપા! ત્રણ મહિના સુધી અહીં રહીને દર્શન આપો ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ત્રણ દિવસમાં તમે અમને રજા આપશો અને અમે જઈશું. પછી તો બાપાશ્રીનાં દર્શને ઘણા સંત-હરિભક્તો આવ્યા તેથી ઉતારાની, વાસણની, સીધાની સગવડ થઈ શકી નહિ. પછી રામજીભાઈએ રજા આપી જે હવે પધારો. પછી બાપાશ્રી ત્યાંથી છપૈયે પધાર્યા. ૨/૫૨૬

૯. છપૈયામાં અષાડ વદ ૧૦ને રોજ સવારના દશ વાગે બાપાશ્રી બોલ્યા જે, રામપુરના કાનજી વશરામની દીકરી આ ટાણે દેહ મૂકી ગઈ તેને અમે ધામમાં મૂકી આવ્યા. પછી જ્યારે બાપાશ્રી વૃષપુર આવ્યા ત્યારે પ્રેમજી ભક્તે પૂછ્યું તે તિથિવાર પ્રમાણે મળ્યું. ૨/૫૨૭

**૧૦.** છપૈયામાં એક વખત રાત્રિએ સૂતી વખતે નારાયણપુરના પ્રેમજી ભક્તને સંકલ્પ થયો જે, કચ્છમાંથી બાપાશ્રી અહીં આવવા નીકળ્યા ત્યારે અમદાવાદ જઈને પાછા કચ્છ તરફ વળવાનો વિચાર હતો અને અહીં આવવાનું થયું તેથી દિવસ વધારે લાગશે. વળી છોકરાને ભલામણ કરી નથી તે ખેતીનું કામ શી રીતે ચલાવશે? તે વખતે બાપાશ્રીએ એમને કહ્યું જે ઊઠો, નહાવા જવું છે. પછી તે ઊઠ્યા ને બાપાશ્રી દરવાજા તરફ

ચાલ્યા ત્યારે પ્રેમજીભાઈ બોલ્યા જે, દરવાજો બંધ છે; માટે માંહીલે કૂવે નહાવા પધારો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, તમે આંખો મીંચો એટલે એમણે આંખો મીંચી. પછી કહ્યું જે, હવે ઉઘાડો ત્યારે ઉઘાડી, તે નારાયણસરના કાંઠા ઉપર આવ્યા હોય એમ દેખ્યું. પછી બાપાશ્રીને કહ્યું જે આપ વસ્ત્ર બદલો, હું પાણીનો લોટો ભરી આવું. ત્યારે બાપાશ્રી કહે જે, હમણાં બેસો, હવા સારી આવે છે. એટલાકમાં તો આકાશમાંથી હમહમાટ કરતું વિમાન આવ્યું ને કાંઠા ઉપર ઊભું રહ્યું. પછી બાપાશ્રી માંહી બેસી ગયા અને પ્રેમજીભાઈને કહ્યું જે, તમે બેસો, પછી તે પણ બેઠા. પછી વિમાન ઊડ્યું તે બે મિનિટમાં નારાયણપુરમાં પોતાની વાડીએ આવ્યા. ત્યાં તેમના દીકરાઓએ બાપાશ્રીને દંડવત્ કર્યા અને મળ્યા. તે પ્રેમજીભાઈ ઊભા ઊભા જોતા હતા. તે વખતે બાપાશ્રીએ પ્રેમજીભાઈના દીકરાઓને કહ્યું જે, આ વર્ષમાં કાળ પડવાનો છે, માટે વાડી સિવાય બીજા ખેતરો વાવશો નહિ. એમ કહીને વિમાનમાં બેસી એક મિનિટમાં પાછા છપૈયાના મંદિરના ચોકમાં આવ્યા ને વિમાનમાંથી ઊતર્યા કે તરત વિમાન અદૃશ્ય થઈ ગયું. પછી આસને આવીને સૂતા ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, કેમ! તમારો સંકલ્પ સિદ્ધ થયો કે નહિ? ત્યારે પ્રેમજીભાઈ બોલ્યા જે, હા બાપા! તમે સત્ય કર્યો. પછી જ્યારે છપૈયેથી કચ્છમાં આવ્યા ત્યારે પ્રેમજીભાઈને એમના દીકરાઓએ કહ્યું જે, તમે ને બાપાશ્રી બે ય પંદર દિવસ પહેલાં રાત્રિએ આપણી વાડીએ આવ્યા હતા ને પાછા ફેર ક્યાં ગયા હતા? ત્યારે પ્રેમજીભાઈએ કહ્યું જે, એ તો બાપાશ્રી એમની સામર્થીએ કરીને લાવ્યા હતા. ૨/૫૨૮

**૧૧.** સંવત્ ૧૯૫૫ની સાલમાં બાપાશ્રી ઉપરદળ રામજીભાઈને દર્શન દેવા જતાં મૂળી ત્રણ દિવસ રહીને ચાલ્યા. તેમને સ્વામી હરિનારાયણદાસજી તથા સ્વામી બાલકૃષ્ણદાસજી

આદિ સંતો વળાવવા ગયા અને સ્વામી શ્વેતવૈકુંઠદાસજી કોઠારના કામમાં રોકાવાથી જઈ શક્યા નહિ, તેથી દિલગીર થયા. બાપાશ્રી તેમને દર્શન આપીને મળ્યા ને કહ્યું જે તમારે માટે અમે પાછા આવ્યા, એમ કહી અદૃશ્ય થઈ ગયા. ૨/૫૨૯

૧૨. સંવત્ ૧૯૫૯ની સાલમાં બાપાશ્રી હરિભક્તો સાથે આગબોટમાં બેસીને ગુજરાત તરફ પધારતા હતા તે આગબોટમાં મેમણ લોકો તથા બીજા માણસો પણ બેઠા હતા. આગબોટ બરાબર સમુદ્રના મધ્યોમધ્ય આવી ત્યાં તોફાન થયું તે બૂડવાનો સંભવ થયો. ત્યારે ખારવાઓએ કહ્યું જે, ભાઈઓ! સૌ સૌના ઇષ્ટદેવ સંભારો. અમારું હવે કાંઈ કારીગરું ચાલે તેમ નથી ને આગબોટ બૂડવા માંડી છે. પછી સહુ ત્રાસ પામ્યા ત્યારે બાપાશ્રીએ આગબોટમાં બેઠે બેઠા લાંબા હાથ વધારીને બે ય બાજુએ આગબોટ હેઠે ઘાલ્યા ને આગબોટને ઉપાડી. તે એક મેમણ શેઠિયો માંહી બેઠેલ તેણે જોયું. પછી તો આગબોટ તરીને સમી થઈ. પછી ખારવાઓએ ચાલતી કરી ને વવાણિયાના ખાળે આવીને સૌ ઉતારુઓ ઊતરી પડ્યા. પછી મેમણ ઊતરીને સૌના સાંભળતાં બોલ્યો જે, આ પુરુષે આપણા સર્વેને જીવતા રાખ્યા, નહિ તો આજ સર્વેનું મોત હતું. આ તો બહુ જ મોટા સમર્થ પુરુષ છે. તે લાંબા હાથ વધારીને આગબોટ હેઠે રાખીને આગબોટ ઊંચી ઉપાડી તે ઠેઠ અહીં લગી હેઠે હાથ રાખતા આવ્યા છે તે હું જોતો આવું છું. તે વાત સાંભળી સર્વે વિસ્મિત થઈ ગયા. ૨/૫૩૦

૧૩. સંવત્ ૧૯૫૭ની સાલમાં લુણાવાડામાં કાશીરામભાઈને શ્રીજીમહારાજ દર્શન આપી કહી ગયા જે, તમને આજથી ચોથે દિવસે રાત્રિના સવા આઠ વાગે અમે તેડી જઈશું. પછી એમણે પોતાના મોટા ભાઈ જે રણછોડલાલભાઈ મોરબીમાં સર

ન્યાયાધીશ હતા તેમને તાર કરીને તેડાવ્યા ને વાત કરી જે, મને આજ રાત્રે સવા આઠ વાગે શ્રીજીમહારાજ તેડી જવાનું કહી ગયા છે તે તેડી જશે. પછી રણછોડલાલભાઈએ બાપાશ્રીને પ્રાર્થના કરી જે, કાશીરામભાઈને તેડી જવા દેશો નહિ; ત્યારે બાપાશ્રીએ શ્રીજીમહારાજને વિનંતી કરી જે, કાશીરામભાઈને તેડી જશો નહિ તેથી મહારાજ તેડવા ન આવ્યા. ત્યારે કાશીરામભાઈએ મહારાજને પ્રાર્થના કરી. પછી શ્રીજીમહારાજ દર્શન દઈને બોલ્યા જે, તમારા મોટા ભાઈની અપીલ અમારી પાસે અક્ષરધામમાં આવી છે, માટે અમારાથી તેડી નહિ જવાય; કેમ જે રણછોડલાલભાઈને વશ અમારા અનાદિમુક્તરાજ શ્રી અબજીભાઈ છે ને એમને વશ અમે છીએ; માટે રણછોડલાલભાઈએ એમને પ્રાર્થના કરી ને તેમણે અમોને પ્રાર્થના કરી, એટલે હવે અમારાથી તેડી જવાશે નહિ. જો રણછોડલાલભાઈ રજા આપે તો તેડી જઈએ; એમ કહીને શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા. પછી સવારે રણછોડલાલભાઈએ કહ્યું જે, મહારાજ તમને તેડી ન ગયા ને હવે તમે સાજા થઈ જશો. ત્યારે કાશીરામભાઈ બોલ્યા જે, મને મહારાજે, રાત્રિમાં દર્શન આપીને કહ્યું છે જે, તમારા મોટાભાઈની અપીલ અમારા પાસે આવી છે જે કાશીરામભાઈને તેડી જશો નહિ. પણ મારે તો કોટી ઉપાયે રહેવું નથી, માટે તમે રાજી થઈને રજા આપો તો મહારાજ મને તેડી જાય. એમ બે દિવસ ઘણી પ્રાર્થના કરી ત્યારે રણછોડલાલભાઈએ ત્રીજે દિવસે રજા આપી. શ્રીજીમહારાજ તથા બાપાશ્રી તેડી ગયા. ૨/૫૩૦

૧૪. સંવત્ ૧૯૫૭ની સાલમાં, સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો કચ્છમાં ગયા હતા. પછી બાપાશ્રી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ વૃષપુરથી મોરબી જવા ચૈત્ર વદ ૯ને રોજ નીકળ્યા. તે ખારીરોલ જઈને આગબોટમાં બેઠા. તે એક

ખેતરવા ચાલી એટલે બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, આગબોટ તો માંદી છે. ત્યારે તેમણે કહ્યું જે, કેવી માંદી છે. ત્યારે બાપાશ્રી કહે જે, મરે એવી છે. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, પહેલાં બોલ્યા હોત તો આપણે બેસત નહિ, હવે તો જે થયું તે ખરું. પછી આગબોટ ચાલતી થઈ તે ચાર-પાંચ ગાઉ જેટલે જઈને ભાંગી. તેથી દરિયામાં ત્રણ દિવસ સૌ રહ્યા ને બીજી આગબોટ મંગાવીને ઊતર્યા. પછી વવાણીએ થઈને મોરબી ગયા. ૨/૫૩૨

**૧૫.** સંવત્ ૧૯૫૮ની સાલમાં સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો ગુજરાતમાંથી કચ્છમાં જતા; મોરબીથી નવલખીએ જઈને આગબોટમાં બેઠા. આગબોટ ચાલતી થઈને આગળ જતાં સામું વહાણ આવ્યું. તે વહાણનો શઢ આગબોટના થાંભલામાં ભરાયો તે  આગબોટને આડી પાડી દીધી. તેથી તેનો થાંભલો ભાંગી ગયો. પછી આગબોટ સમી થઈ ગઈ અને ચાલી તે ખારીરોલે ઊતર્યા ત્યાં એક ઘેલાભાઈ પુરુષોત્તમભાઈ નામે ભાટિયા અંજારના રહીશ હતા. તેમણે કહ્યું જે, આ સ્વામિનારાયણના સાધુ બહુ ધર્મવાળા છે, તેમને પ્રતાપે આગબોટ બચી. તેને સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, જેના પ્રતાપે થાંભલો ભાંગ્યો ને આગબોટ બચી તેના દર્શને અમે જઈએ છીએ. પછી તે સાથે ગયા ને બાપાશ્રી વૃષપુરના મંદિરમાં પગથિયેથી ઊતરતા હતા ત્યાં સામા મળ્યા ને સ્વામીશ્રી આદિ સંતોને મેળીને બોલ્યા જે, થાંભલો ન ભાંગ્યો હોત તો તમે ક્યાં હોત? ત્યારે સ્વામીએ કહ્યું જે તમારા ભેળા હોત. પછી બાપાશ્રી બોલ્યા જે તમને ઉગારવાને માટે અમે થાંભલો ભાંગીને આગબોટ બચાવી અને એ થાંભલો ગોઠવીને મૂક્યો તે કોઈને વાગવા દીધો નહિ એમ બોલ્યા. તે સાંભળીને તે શેઠને ઘણું આશ્ચર્ય થયું.

પછી છ દિવસ સુધી સેવા-સમાગમથી સુખિયા કરીને સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, તમે હવે જેતલપુર જાઓ અને ભૂજ, મૂળી, અમદાવાદ ક્યાંય રોકાશો નહિ. પછી સ્વામીશ્રી આદિ સંતો ભૂજ ગયા. ત્યાં માનકૂવાના હરિભક્ત સંતોને તેડવા ગાડાં લઈને આવ્યા હતા. ત્યાં પારાયણ થવાનું હતું. તેથી સ્વામીશ્રી અક્ષરજીવનદાસજી તથા હરિભક્તો આગ્રહ કરીને માનકૂવે લઈ ગયા. ત્યાં બાપાશ્રી આવ્યા ને મળીને બોલ્યા જે, તમને જેતલપુર જવાનું કહ્યું હતું અને અહીં કેમ આવ્યા? ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, સંતોના ને હરિભક્તોના આગ્રહથી આવવું થયું. હવે આ કથા થઈ રહેશે ત્યારે જવાનું કરશું. પછી બોલ્યા જે, હવે તો આપણે વૃષપુર જઈશું, કેમ જે તમારી સાથે સ્વામી ભગવત્ચરણદાસજીના નવા સાધુ બળદેવચરણદાસજી છે તે માંદા પડવાના હતા તેની તમારે ચાકરી કરવી પડે એટલા સારુ તમને રજા આપી હતી, પણ હવે તો નહિ જવાય અને કાલે સ્વામી વૃંદાવનદાસજી તથા કાણોતરના બાપુભાઈ આદિ આવશે. એટલે સેવાની ફિકર નહિ રહે. પછી કથાની સમાપ્તિ કરીને સ્વામીશ્રી આદિ સૌ વૃષપુર ગયા, ત્યાં તે સાધુ માંદા પડ્યા. તેને મંદવાડમાં વાસના સ્ફુરી આવી. તેને દેહ મૂકવા સમયે બાપાશ્રીએ સ્વામી વૃંદાવનદાસજીને તથા સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, આ સાધુનો દેહ આજ પડશે, માટે તેને ઉપદેશ કરીને મૂર્તિમાં વૃત્તિ રખાવો. પછી બંને સદ્‌ગુરુઓએ ઘણો ઉપદેશ કર્યો પણ તેમને કાંઈ સમજાયું નહિ અને વાસના પણ મૂકી નહિ. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આ સ્થાનમાં દેહ મૂકે ને ભૂત થઈને ઘેર જઈને ધૂણે તો અમારી આબરૂ જાય માટે એનું અધૂરું રહેવા દેશું નહિ. પછી બાપાશ્રી તથા સંતો એની પાસે ગયા અને ખાટલો ઓરડામાં હતો તે ઓસરીમાં લાવ્યા ને બાપાશ્રીએ

મહારાજના દર્શન કરાવીને દેહની વિસ્મૃતિ કરાવી દીધી ને દેહ મુકાવીને તેડી ગયા. પછી બીજે દિવસે સભામાં બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, તમે માંદા હતા ને તમારો વિચાર અહીં આવીને દેહ મૂકવાનો હતો પણ તમે તો સાજા થઈ ગયા ને બીજા સાધુ દેહ મૂકી ગયા, માટે તમને હમણાં રાખવા છે. પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, એ સાધુને ક્યાં મૂક્યો? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, સ્વામી ઈશ્વરચરણદાસજીને બદલે લઈ ગયા; માટે બીજે ક્યાં મુકાય? શ્રીજીમહારાજની મૂર્તિમાં મૂકી દીધા એમ બોલ્યા. ૨/૫૩૩

૧૬. સંવત્ ૧૯૫૮ની સાલમાં કાણોતરના બાપુભાઈ બાપાશ્રીનો સમાગમ કરવા આવ્યા હતા. તેમને તેમના પિતાશ્રી બોઘા પટેલનો કાગળ આવ્યો જે, તરત આવો. પછી તે જવા તૈયાર થયા. તેમને બાપાશ્રીએ કહ્યું જે, ચલો વાડીએ નાહવા જઈએ, ત્યાંથી જજો. પછી વાડીએ જઈને નાહ્યા ને માનસી પૂજા કરીને એમને ઘેર જવાની આજ્ઞા કરી. પછી તે બોલ્યા જે, બાપા! મને એકલાને જવું કેમ ફાવશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આ સામા ડુંગરામાં જુઓ. પછી ડુંગરામાં જોયું ત્યારે તેજના મંડળમાં શ્રીજીમહારાજની મૂર્તિ દેખાણી. તે જોઈ બાપુભાઈ કહે જે, આમ ને આમ દર્શન રહે એવી કૃપા કરો. પછી બાપાશ્રી બોલ્યા જે, બહુ સારું, એમ ને એમ દેખાશે. પછી તે ઘેર આવ્યા ત્યાં સુધી દર્શન થયાં. અને બીજે વર્ષે દર્શને આવ્યા ત્યારે પણ ઘેર જતી વખતે બોલ્યા જે, બાપજી! હું એકલો શી રીતે જઈશ? પછી બાપાશ્રી બોલ્યા જે, આ રસ્તામાં જુઓ. સામું કોણ દેખાય છે? પછી જોયું ત્યારે બાપાશ્રીને દેખ્યા. ત્યારે કહ્યું જે, ઠેઠ આમને આમ દેખાશે. એમ કહીને ચાલ્યા તે ઠેઠ ઘેર પહોંચ્યા સુધી છેટે ને છેટે આગળ બાપાશ્રી દેખાયા. તેમને પહોંચી વળવા સારુ બાપુભાઈ ઘણાય દોડે

પણ એટલું ને એટલું છેટું રહે ને ધીમે ચાલે તો પણ એટલું ને એટલું છેટું રહે. એવું ઘેર પહોંચ્યા ત્યાં સુધી રહ્યું. ૨/૫૩૭

૧૭. બાપુભાઈએ નવાં ઘર કર્યાં હતાં. ત્યારે બાપાશ્રીએ દિવ્ય દર્શન દઈને કહ્યું જે, તમારા વાડામાં કાંઈક બીક છે તે કાઢવા આવ્યા છીએ, માટે ચાલો વાડામાં. પછી વાડામાં ગયા. ત્યાં તો એક કાળા લૂગડાંવાળી સ્ત્રી નીકળી. તે તેમના ઘર સોંસરી થઈને દક્ષિણ તરફ ચાલી ગઈ. તે બાપુભાઈએ પણ દીઠી. પછી બાપાશ્રી બોલ્યા જે, હવે વાડામાંથી બીક ગઈ. એમ કહીને અદૃશ્ય થઈ ગયા. ૨/૫૩૭

૧૮. એક સમયને વિષે બાપુભાઈને બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું જે, તમારી સ્ત્રીને તથા મોટા દીકરાને અમે થોડાક દિવસમાં તેડી જઈશું. ત્યારે બાપુભાઈએ કહ્યું જે, આપની મરજી મુજબ હોય તેમ કરો, પણ હાથે રસોઈ કરવી પડશે. મારા પિતાશ્રીને મોટા દીકરા પર હેત બહુ છે, તેથી તેમને પણ માઠું લાગશે. તે કરતાં નાનો દીકરો જન્મવાનો છે, એમ આપ કહો છો તે દીકરાની આયુષ્ય કેટલી છે? ત્યારે બાપાશ્રીએ કહ્યું જે એની આયુષ્ય તો વધારે છે. ત્યારે બાપુભાઈ કહે જે તેની આયુષ્ય આ મોટા દીકરાને આપીને નાનો દીકરો જન્મે ત્યારે તેને તેડી જાઓ તો ઠીક અને આપની મરજી હોય તો એની માને પણ તેડી જજો. પછી બાપાશ્રીએ કહ્યું જે સારું. પછી મોટા દીકરાને રાખવાનું કર્યું ને બોલ્યા જે એની માને પણ એક વર્ષે તેડી જઈશું. પછી બરાબર એક વર્ષ થયું ત્યારે તેને દર્શન આપીને તેડી ગયા. ૨/૫૩૮

૧૯. બાપાશ્રીએ સંવત્ ૧૯૫૯ના વૈશાખ માસમાં મોટો યજ્ઞ કર્યો હતો ને 'સત્સંગિજીવન'ની ને 'શિક્ષાપત્રી ભાષ્ય'ની કથા પંદર દિવસ સુધી કરાવી હતી. તે યજ્ઞમાં બાપાશ્રીએ પોતાનો

અલૌકિક પ્રતાપ જણાવવાથી અનેક મુમુક્ષુજનો મૂર્તિને સુખે સુખિયા થતા. કેટલાકને સામા જઈને દર્શન આપતા તો કોઈને ઉતારે જઈને ખબર પૂછે, સભામાં બેઠા હોય ને પાકશાળામાં પણ દર્શન દેતા હોય, કોઈને પીરસતા જણાય, વાડીએ હરિભક્તો ગયા હોય ત્યાં કૂવે નહાતા હોય, ઘેર જાય તો ત્યાં પણ દેખાય. સભામાં તો જાણે બેઠા જ હોય. એમ સૌ સંત-હરિભક્તોને આશ્ચર્ય પમાડતા શ્રીજીમહારાજના મહિમાની ને મૂર્તિના સુખભોક્તા અનાદિમુક્તના સામર્થ્યની નવીન નવીન વાતો કરી બહુ સુખ આપ્યાં હતાં. શાસ્ત્રી બાળમુકુંદાનંદજીને મૂર્તિના સુખે સુખિયા થવા રૂપ ભાતું આપ્યું. તે પારાયણમાં ભૂજથી નડિયાદવાળા ઝવેરીલાલભાઈ તથા તેમના ભેળા સ્વામી બાળમુકુંદદાસજી તથા બીજા એક સાધુ ઘોડીગાડીમાં બેસીને ગયા હતા. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને કહ્યું જે, આ બાળમુકુંદદાસજી સ્વામી ગાડીમાં બેસતા નહિ ને દૂધ પણ પીતા નહિ ને હવે તો ગાડીએ બેસે છે તથા દૂધ પીએ છે તેનું શું કારણ? ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, બાળમુકુંદદાસજી તથા મુક્તજીવનદાસજી એ બંને માંદા થયા હતા ત્યારે બાળમુકુંદદાસજીના ચૈતન્યને દેહમાંથી કાઢીને મહારાજની મૂર્તિમાં મૂકી દીધો હતો અને મુક્તજીવનદાસજીના જીવને ફેર જન્મ ન ધરાવવો પડે એટલા માટે તપ કરાવવા બાળમુકુંદદાસજીના દેહમાં મૂક્યા છે તે મુક્તજીવનદાસજીથી એમના જેટલું તપ થઈ ન શકે. પછી ભૂજવાળા સ્વામી અક્ષરજીવનદાસજી બોલ્યા જે, અહો! તમે આવી રીતે દેહ બદલાવો છો? ત્યારે બાપાશ્રીએ કહ્યું જે; હા, મહારાજના પ્રતાપે કરીએ છીએ. તે વાત સાંભળી સંત-હરિભક્તો ઘણા આશ્ચર્ય પામ્યા. ૨/૫૩૮

૨૦. સંવત્ ૧૯૬૨ની સાલમાં દેવ દિવાળીના સમૈયે

બાપાશ્રી કચ્છનો સંઘ લઈને અમદાવાદ પધાર્યા હતા. ત્યાંથી જેતલપુર થઈને ડભાણ જતાં નવાગામમાં ડાહ્યાભાઈને રાત્રિએ અઢી વાગે દર્શન આપ્યાં. ત્યારે ડાહ્યાભાઈ પગે લાગ્યા ને બોલ્યા જે, બાપા! સ્વામી ઈશ્વરચરણદાસજી ક્યાં? એમ સ્વામીનાં દર્શનની તેમની ઇચ્છા જાણી બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીનાં દર્શન કરાવ્યાં. પછી ડભાણ થઈ વરતાલ ગયા. ત્યાં બે દિવસ રહીને બાપાશ્રી આદિક સર્વ નીકળ્યા તે સ્પેશિયલ ગાડીમાં બેસીને અમદાવાદ આવતાં નડિયાદના સ્ટેશને એક મુસલમાનના છોકરાને બાપાશ્રીએ દિવ્ય દર્શન આપ્યાં. તેથી તે છોકરો ટોપી ઉતારીને પગે લાગ્યો ને બોલ્યો જે, મેરા અચ્છા કરીએ, હમ તમારા ગુલામ હય; એમ વંદના કરવા મંડ્યો. એની પાસે બ્રાહ્મણનો એક છોકરો ઊભો હતો. તેને કહ્યું જે, અબે બમન, ક્યા દેખ રહેતા હે. પાઉંમેં શીર ધરદે, તેરા અચ્છા હો જાયગા; પણ તે છોકરો નમ્યો નહિ. ૨/૫૪૦

૨૧. પાટડીના ઠક્કર ત્રિભોવનભાઈનાં પત્ની માંદાં હતાં. તેમને ત્રણ દિવસ લાગટ શ્રીજીમહારાજે અને બાપાશ્રીએ ભૂરા હાથી ઉપર બેઠેલા એવાં દર્શન આપ્યાં. ત્યારે તે બાઈએ કહ્યું જે, મને તેડી જાઓ. પછી બાપાશ્રીએ કહ્યું જે, હમણાં નહિ. એમ કહી અદૃશ્ય થઈ ગયા. ૨/૫૪૦

૨૨. એક વખત બાપાશ્રી વૃષપુરના મંદિરમાં વાતો કરતા હતા. ત્યાં શેદલાના પુરાણી પ્રાણજીવનભાઈને ડોલું આવ્યું. તેમાં પૂર્વ જન્મની સ્મૃતિ થઈ આવી. પછી તેમણે જાગીને બાપાશ્રીને કહ્યું જે, સ્વપ્ન આવે તે સાચું હોય કે નહિ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આ સ્વપ્નું સાચું. એમ પૂર્વ જન્મનું જ્ઞાન તેમણે ક્ષણ માત્રમાં કરાવી દીધું. ૨/૫૪૧

૨૩. વનાળિયાના ભગવાન ઠક્કર બાપાશ્રીનાં દર્શન કરવા

વૃષપુર ગયા ને ત્યાં બાપાશ્રીનાં ચરણસ્પર્શ કરવા ગયા, ત્યાં તો અપાર તેજનો મોટો સમૂહ દીઠો અને તેના મધ્યે શ્રીજીમહારાજની મૂર્તિ દેખાણી. તે મૂર્તિમાંથી તેવા જ આકારવાળી બાપાશ્રીની મૂર્તિ દીઠી, એમ ઘણી વાર દર્શન થયાં. પછી બાપાશ્રી મહારાજની મૂર્તિમાં લીન થયા ને મહારાજ ને તેજ અદૃશ્ય થઈ ગયું. ૨/૫૪૧

**૨૪.** સંવત્ ૧૯૯૩ની સાલમાં ભુંભલી ગામમાં પાર્વતીબાઈને મંદવાડ હતો. તેને બાપાશ્રીએ દર્શન દઈને કહ્યું જે, હમણાં તમને તેડી નહિ જઈએ, તમને બીજો મંદવાડ આવશે, ત્યાર પછી ત્રીજો મંદવાડ આવશે ત્યારે મહારાજ ને અમે આવીને તેડી જાશું. હજી સાત વર્ષ સુધી તમને રાખવાં છે એમ કહીને અદૃશ્ય થઈ ગયા. ૨/૫૪૧

**૨૫.** એક સમયે લુણાવાડાના રણછોડલાલભાઈ વૃષપુર ગયા હતા, ત્યારે બાપાશ્રીને દાડમ જમવા આપ્યું. તે જમ્યા ને એક દાણો ચાકળા તળે નાખેલો હતો. તે કાઢીને રણછોડલાલભાઈને આપ્યો ને કહ્યું જે, તમને કેસરોભાઈ વાત કરશે, દહીસરે જાઓ. પછી તે દહીસરે ગયા ને કેસરાભાઈને કહ્યું જે વાતો કરો. પછી કેસરોભાઈ કહે જે બાપ! હું શું જાણું, ભાઈ! તમે બાપાશ્રીને દાડમ જમાડ્યું અને એક દાણો તમને ચાકળા હેઠળથી આપ્યો. પછી રણછોડલાલભાઈ કહે તમે ક્યાં હતા? ત્યારે કેસરાભાઈ કહે જે, બાપાશ્રીએ મારા પર કૃપા કરી મને નિરાવરણ કર્યો છે, તે સાંભળી આશ્ચર્ય પામ્યા. ૨/૫૪૨

**૨૬.** સંવત્ ૧૯૯૨ની સાલમાં ગામ સરસપુરમાં પટેલ જેઠાભાઈ તથા ઈશ્વરદાસભાઈની ફઈ પાર્વતીબાઈને બાપાશ્રી તેડવા આવ્યા. તે સમે બાઈ બોલ્યાં જે, બાપા! તમે મને અડશો નહિ. મને સંગ્રહણીનો રોગ છે, તેથી ખાધેલું ને પાણી પેટમાં ટકતું નથી તેથી બોળે છું. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, આ ખાટલો ને

ગોદડું બધું ય કાઢી નાખીને લીંપાવો ને બીજો ખાટલો ને ગોદડાં પાથરો અને જેટલી ચીજો જમવી હોય તેટલી આજ આખો દિવસ જમો અને પાણી પીઓ, પણ સાંજ સુધીમાં લઘુ તથા દિશાએ જવાનું નહિ થાય. પછી સર્વ વસ્તુઓ આખો દિવસ જમ્યાં ને પાણી પીધું અને બાપાશ્રીએ પાટ ઉપર બેઠેલા એવા સવારથી સાંજ સુધીનાં દર્શન આપ્યાં ને રાત્રી પડી એટલે શ્રીજીમહારાજ તથા ઘણાય મુક્તનાં દર્શન થયાં. (તેવી રીતે બીજા ઘણાક મનુષ્યને પણ બાપાશ્રીનાં દર્શન થયેલાં) એ રીતે એ બાઈને દેહ મૂકતી વખતે ચમત્કાર જણાવી તેડી ગયા. ૨/૫૪૨

૨૭. ગામ ધ્રાંગધ્રાના સલાટ હરનારાયણભાઈ શ્રી વરતાલ કામ કરતા હતા. તે ગણપતિના ઉપાસક હતા. ત્યાં સત્સંગી થયા. તેમને શ્રીજીમહારાજે દર્શન આપ્યાં અને જોડે નરનારાયણ, લક્ષ્મીનારાયણ આદિ દેખાયા ને તે મહારાજની મૂર્તિમાં લીન થઈ ગયા. પછી ગણપતિએ હરનારાયણનું કાંડું ઝાલીને શ્રીજીમહારાજને કહ્યું જે, આ તમારું બાળક. પછી તેને શ્રીજીમહારાજે સમગ્ર પરમહંસનાં દર્શન કરાવીને કહ્યું જે, આ ગોપાળાનંદ સ્વામી તારા ગુરુ, એમ કહીને અદશ્ય થયા. પછી તે જ્યારે ધ્યાન કરે ત્યારે પાંચસો પરમહંસનાં દર્શન શ્રીજીમહારાજનાં ભેળાં થાય. પછી તે ધ્રાંગધ્રાના મંદિરમાં ગયા. ત્યાં શ્રીજીમહારાજ ખુરશી ઉપર બેઠેલા એવાં દર્શન થયાં. સંવત્ ૧૯૬૪ની સાલમાં માંદા થયા તે સમયે તેને એમ જણાણું જે, મૂળીમાં સભામંડપમાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ પાસે બેઠો છું, એમ એકવીસ દિવસ સુધી દર્શન થયાં. પછી જ્યારે પુરાણી ધર્મકિશોરદાસજી ધ્રાંગધ્રે ગયા ત્યારે તેમને વાત કરી જે, આવી રીતે મને દર્શન થાય છે. પછી તેમણે કહ્યું જે, મહારાજ કે સંત તમારી સાથે બોલે છે? ત્યારે તે કહે ના. પછી તેમણે કહ્યું જે, વરતાલના

પાંચમા વચનામૃતમાં કહ્યું છે જે, પ્રત્યક્ષ સત્પુરુષ મળે તો સો જન્મની કસર મટે ને આ જન્મે શુદ્ધ કરે, માટે પ્રત્યક્ષ મળે તો કામ થાય. એમ કહીને બાપાશ્રીની ઓળખાણ કરાવીને કહ્યું જે, મહારાજ અને સંતના ભેળા બાપાશ્રીને ધારજો. પછી ઘેર જઈને ધ્યાન કર્યું ત્યારે સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી અને બાપાશ્રીની વચ્ચે શ્રીજીમહારાજનાં દર્શન થયાં. પછી બંને મહારાજની મૂર્તિમાં અદશ્ય થઈ ગયા ને એક શ્રીજીમહારાજ રહ્યા. પછી તે મૂળી ગયા. બ્રહ્મચારીને ત્યાં બ્રહ્માનંદ સ્વામીની મોટી મૂર્તિ છે. તે ઠેકાણે દર્શન કરતાં બ્રહ્માનંદ સ્વામીની મૂર્તિએ હરનારાયણભાઈ સામો હાથ કરીને કહ્યું જે, તમને અનાદિમુક્ત મળ્યા છે તે બહુ મોટા છે. તેથી કાંઈ અધૂરું નહિ રહે. પછી તે પાટણ ગયા. ત્યાં તેમના ભાઈનો દીકરો માંદો પડ્યો. તેને હરનારાયણે બાપાશ્રીને સંભારીને મહારાજની પ્રસાદીનું પાણી પાયું, તેથી તે સાજો થયો. પછી તેમને બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું જે, એની આવરદા થઈ રહી હતી, પણ તમે અમારું નામ લીધું તેથી સાજો કરવો પડ્યો. પછી મૂળી દેવનાં દર્શન કરવા ગયા. તેમની પાસે જોખમ હોવાથી બીક લાગી, ત્યારે મહારાજ ને બાપાશ્રીએ દર્શન દઈને બે બાજુ કાંડાં ઝાલ્યાં ને બે ય કોરે અનંત મુક્તો દિવ્ય તેજોમય દેખાય એવી રીતે સ્ટેશનથી મંદિરમાં આવ્યા. પછી શ્રીજીમહારાજ ને બાપાશ્રી અદશ્ય થઈ ગયા. તે વખતે મૂર્તિઓ ને સભા દિવ્ય તેજોમય દેખી. પછી રાત્રિએ તાપ કરવા સારુ સાંઠીઓ લેવા ગયા. ત્યાં સંકલ્પ થયો જે, સાંઠીઓમાં કાંટા હશે તો? ત્યારે બાપાશ્રીએ દર્શન દઈને કહ્યું જે, કાંટા નથી. પછી સાંઠીઓ લઈને આવ્યા ને સ. ગુ. રામકૃષ્ણદાસજી સ્વામી તથા પુરાણી ધર્મકિશોરદાસજીને એ વાત કહી. ૨/૫૪૩

૨૮. એક સમયે બાપાશ્રી ભૂજ પધાર્યા હતા. તે પાછા

વૃષપુર તરફ જવા તૈયાર થયા એટલે બ્રહ્મચારી તથા સંતો કહે જે, બે દિવસ રહો ને વાત કરો. પછી બાપાશ્રી કહે જે, ઘર સુધી જઈ આવીએ, પછી પાછા આવશું. એમ કહીને ચાલ્યા તે આઘા જઈને પાછા વળ્યા ને કહે જે, કોઈક સંત-હરિભક્ત અમને ખેંચે છે તે નહિ જવાય. એટલામાં તો રામજીભાઈ અંજારથી ભૂજ ગયા. ત્યાં બાપાશ્રી મંદિરના ચોકમાં મળ્યા અને ઉત્તમાનંદ બ્રહ્મચારી તથા સંત-હરિભક્તોએ કહ્યું જે, બાપાશ્રી તો ચાલ્યા હતા ને પાછા વળ્યા ને બોલ્યા જે કોઈક હરિભક્ત ખેંચે છે તે અમને નહિ જવા દે; એમ કહેતા હતા એટલી વારમાં તો તમે આવ્યા. પછી બાપાશ્રી તેમને બાથમાં ઘાલીને મળ્યા. ૨/૫૪૫

૨૯. એક વખત વૃષપુરમાં સ્વામી ઈશ્વરચરણદાસજીના સાધુ પુરુષોત્તમપ્રિયદાસજી ઠાકોરજીનાં દર્શન કરતા હતા, તે વખતે સ્વામીએ બાપાશ્રીને કહ્યું જે, આ સાધુ તમારા છે, તેમને દયા કરીને સુખિયા કરજો. ત્યારે બાપાશ્રીએ માથે હાથ મૂકીને કહ્યું જે, મહારાજની મૂર્તિ સામું જોઈ રહો, એટલે તે મૂર્તિ સામું જોઈ રહ્યા ત્યાં તો તેમને મૂર્તિમાં અનંત મુક્ત સોંસરા દેખાવા લાગ્યા. જેમ બિલોરી કાચમાં અનંત રૂપ દેખાય તેમ અનંત મુક્ત એક બીજામાં નિરાવરણ જોઈ નેત્ર સ્થિર થઈ ગયાં. એમ ઘણી વાર સુધી મૂર્તિ સામું જોઈ રહ્યા. પછી બાપાશ્રીએ કહ્યું જે, કેમ! મૂર્તિનું સુખ કેવું! ત્યારે તે કહે જે બાપા! બહુ દયા કરી, મને કૃતાર્થ કર્યો. એમ બાપાશ્રીએ તેમને મૂર્તિનો અલૌકિક ભાવ બતાવી સુખિયા કર્યા. ૨/૫૪૫

૩૦. ભારાસરના ગોવિંદ ભક્ત અંત વખતે બાપાશ્રી પાસે દેહ મુકાય એવી ઇચ્છાથી વૃષપુર રહેવા આવ્યા હતા. એક સમયે ઘણા હરિભક્તો કરાંચી કમાવા જતા હતા. તેથી તે બાપાશ્રીને પૂછવા આવ્યા ત્યારે બાપાશ્રીએ ના પાડી, તો પણ ત્યાં ગયા ને

ત્યાં માંદા પડ્યા. પછી પોતાના દીકરા લીંબાને વાત કરી જે બાપાશ્રીએ ના પાડી, છતાં આપણે અહીં આવ્યા ને મારો સંકલ્પ એવો હતો જે, બાપાશ્રી મારી પાસે બેઠા હોય ને મારો દેહ પડે, એટલામાં તો બાપાશ્રીએ તેમને દર્શન આપ્યાં. ત્યારે બોલ્યા જે, બાપાશ્રી પધાર્યા છે ને મને કહે છે જે, ચાલો ધામમાં. એમ કહીને દેહ મૂક્યો. ૨/૫૪૬

**૩૧.** એક સમયે ઘણા હરિભક્તો આફ્રિકા કમાવા જતા હતા. નારાયણપુરના પ્રેમજીભાઈ બાપાશ્રીએ પૂછવા આવ્યા જે, હું જાઉં? ત્યારે બાપાશ્રીએ ના પાડી. પછી ચોમાસામાં વરસાદ ઘણો થવાથી ડુંગરામાં ખડ ખૂબ થયું. પછી તેમને બાપાશ્રીએ આજ્ઞા કરી જે, આ ખડ લાવીને મોટી ગંજી કરો. પછી તેમણે તેમ કર્યું. પછી જેઠ મહિનામાં એક જણે એ ગંજી પાંચસો કોરીએ માગી ત્યારે બાપાશ્રીએ ના પાડી. પછી વળી એક હજાર કોરીએ માગી ત્યારે પણ ના પાડી. પછી વળી થોડાક દિવસ કેડે પાંચ હજાર કોરીએ માગી ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, હવે તારું કરજ વળી જશે માટે આપી દે. પછી તેમણે આપી દીધી ને તેમનું કરજ વળી ગયું અને બીજા આફ્રિકા ગયા હતા, તે ત્યાં પ્લેગ હોવાથી બધાને પાછા આવવું પડ્યું. ૨/૫૪૬

**૩૨.** જેતલપુરના મંદિરમાં એક બળદને ખરીમાં પૈડું વાગવાથી ખરી તૂટી ગઈ હતી. તે જોઈને બાપાશ્રી બોલ્યા જે, આ બળદને ચાકરી કરનાર હશે તો આઠ મહિને મટશે. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી કહે જે, ચાકરી કરનાર કોઈ નથી. પછી બાપાશ્રી બોલ્યા જે, એક પાટો બાંધજ્યો. આઠ દિવસે મટી જશે. પછી એમ કરવાથી તે બળદને મટી ગયું ને અગિયારમે દિવસે જોડ્યો. તે બાર ગાઉથી સુડતાળીણ મણ ઘઉં લઈ આવ્યો. ૨/૫૪૭

૩૩. માનકૂવાના વીરજીભાઈએ લસણ વેચ્યું હતું તેની કોરી છસો પોતાના ઘરમાં મૂકી હતી અને પોતે મંદિરમાં સૂતા હતા. તેમને બાપાશ્રીએ તેજોમય દર્શન આપીને જગાડીને ઘેર મોકલ્યા અને કહ્યું જ, કોઈક લઈ જશે તો મહારાજને ને અમારે માથે બદ દેશો. પછી તે ઘેર ગયા ને ચોર જતા રહ્યા. પછી કોરી ઠેકાણે મૂકીને તાળું દઈને મંદિરમાં ગયા, ત્યાં બાપાશ્રીને દેખ્યા નહિ. પછી બીજે દિવસે તે વૃષપુર ગયા. ત્યારે બાપાશ્રીએ વાત કરી જે, અમે રાત્રિએ આવીને જગાડ્યા ન હોત તો ચોર કોરીઓ લઈ જાત. ૨/૫૪૮

૩૪. સરસપુરના કોઠારી ઈશ્વરદાસ પ્લેગ હોવાથી ગામ બહાર રહેતા. તેમના ઘરમાં રાત્રિએ ચોર પેઠા ને પટારો તોડ્યો. તેમને બાપાશ્રીએ કાઢી મૂક્યા ને કોઠારીને જગાડીને કહ્યું જે, તમારા ઘરમાં ચોર પેઠા, માટે જાઓ સંભારી આવો. પછી તે ઘેર ગયા ને પટારામાં જોયું તો સર્વે વસ્તુ હતી. એમ બાપાશ્રીએ રક્ષા કરી. ૨/૫૪૮

૩૫. એક સમયે બાપાશ્રી મંદિરમાં સૂતા હતા ને પોતાની વાડીમાંથી ચોર ચાસઠિયો કાપીને ચોફાળમાં નાખે, તે પોતે મંદિરમાં સૂતા સૂતા ચોફાળ ને ચાસઠિયો ખેંચી લીધો. પછી તે ચોર ભાગી ગયો ને જાણ્યું જે, આ કોણે લીધું? પછી બે-ચાર દિવસે તે ચોરને ચોફાળ આપીને કહ્યું જે, આવું કામ હવે કરીશ નહિ અને જો કરીશ તો અમે બધે ય દેખીએ છીએ અને જાણીએ છીએ. પછી તેણે વિનંતી કરીને માફી માગી. ૨/૫૪૯

૩૬. એક સમયે નારાયણપુરના પ્રેમજીભાઈ આદિ છ-સાત જણા બાપાશ્રીની સાથે કાંઈક કામે જતા હતા. તે બીજા સર્વે આગળ ચાલતા હતા ને બાપાશ્રી વાંસે ચાલતા હતા. પછી વાટમાં કૂવો આવ્યો તે બીજા સર્વે ફરીને ચાલ્યા ને બાપાશ્રી

તો કૂવામાં પડ્યા તે ધુબાકો થયો. ત્યારે સર્વેએ પાછું વાળીને જોયું ત્યાં કાંઠા ઉપર ઊભેલા ને લૂગડાં પણ કોરાં. પછી પ્રેમજીભાઈએ કહ્યું જે, ધુબાકો થયો તે તમે પડી ગયા હતા કે શું? ત્યારે બાપાશ્રી કહે જે, અમે નાહવા પડ્યા હતા, ત્યારે તેમણે કહ્યું જે, લુગડાં તો કોરાં છે. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, અમારું નાહવાનું એવું. ૨/૫૪૯

૩૭. એક સમયે પ્રેમજીભાઈ માંદા હતા. તેમનો ખાટલો ઉગમણી વાડીમાં હતો. ત્યાં બાપાશ્રી પધાર્યા ને તેમને બોલાવી જગાડ્યા. પછી તે બેઠા થયા ને દર્શન કર્યાં. પછી કલાક વાર થઈ એટલે દિવ્ય વહેલ લાવેલા તેમાં બેસીને વૃષપુર તરફ ચાલી નીકળ્યા તે થોડેક સુધી દેખાયા, પછી ન દેખાણા. વળી એક વખત પોતે બહુ માંદા હતા ને આંખો બહુ દુ:ખતી હતી ને ફૂલાં છવાઈને આંખો ધોળી થઈ રહી હતી. તેમને બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું જે, એક આંખ સારી થશે. એમ કહીને અદૃશ્ય થઈ ગયા તે એક આંખ સારી થઈ. ૨/૫૪૯

૩૮. એક સમયે બાપાશ્રી હરિભક્તોએ સહિત અમદાવાદ આવેલા ને કચ્છમાં પોતાના સંબંધીએ દેહ મૂક્યો. ત્યારે બાપાશ્રી કહે જે, અમારે નહાવું પડશે, ગરમાઈ લાગે છે; એમ કહીને નાહ્યા પણ બીજાને વાત કરી નહિ. પછી કચ્છમાં જતા મારગમાં ખબર પડી તે સર્વે નાહ્યા. પછી બાપાશ્રીને કહ્યું જે, તમે નહાઓ ત્યારે બાપાશ્રી કહે જે હું તો એણે દેહ મૂક્યો તે દિવસે જ નાહ્યો છું. ૨/૫૫૦

૩૯. વળી એક સમયે બાપાશ્રી છપૈયા પધાર્યા હતા, ત્યાં નારાયણસરમાં સાબોળ નાહ્યા. તે વખતે સરખેજના બ્રાહ્મણ નારાયણભાઈ ભેળા હતા. તેમણે પૂછ્યું જે, બાપા! સાબોળ કેમ નાહ્યા? ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ઠીક કર્યું. પછી ત્યાંથી

અમદાવાદ આવ્યા ને કચ્છથી કોઈ સંબંધીએ દેહ મૂક્યાનો કાગળ આવ્યો. તે બીજા સર્વે નાહ્યા ને બાપાશ્રી કહે જે અમે તો તે દિવસે જ નાહ્યા હતા, તેના આ નારાયણભાઈ સાક્ષી છે. ૨/૫૫૦

૪૦. એક સમયે રામપરામાં વાઘજી પટેલ માંદા થયા. તેને દર્શન દેવા બાપાશ્રી પધાર્યા હતા. તેમની મૂર્તિમાંથી તેજ નીકળ્યું તે થોડીક વાર રહીને પાછું સમાઈ ગયું. પછી બાપાશ્રીએ તેમની ખબર પૂછી ને બેઠા. એટલામાં તો એમના ઘરના વાળામાં મોટા મોટા તેજના ગોળા વળગેલા તે ચળક ચળક થાય. તે જોઈને આશ્ચર્ય પામ્યા ને બાપાશ્રીને પૂછ્યું જે આ શું છે? ત્યારે બાપાશ્રી કહે જે, જ્યાં મહારાજ ને મોટા પધારે ત્યારે અવતારાદિક દર્શન કરવા આવે તે આવ્યા છે. પછી તે ઘડીક વાર દેખાઈને અદશ્ય થઈ ગયા. ૨/૫૫૦

૪૧. એક સમયે અમદાવાદથી ઈશ્વરચરણદાસજી આદિ સંતો વૃષપુર ગયા હતા. સાંજના નિત્ય-નિયમ પછી બાપાશ્રીના ભત્રીજા ગોવિંદભક્તે કહ્યું જે, બાપા! વાડીએ હાલશું? ત્યારે બાપાશ્રી કહે જે, આજ તો સંતો આવ્યા છે તેથી અમારાથી નહિ અવાય; અને અમારા બળદને ચરો નાખજો. પછી તે ગયા ને બાપાશ્રીના બળદને ચરો નીર્યો ને તેમાંથી પોતાના બળદને પણ નીર્યો. પછી બાપાશ્રીએ લાંબો હાથ કરીને તેના માથેથી પાઘડી લઈને પોતાના ઓસિકા તળે ઘાલી. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, બાપા! ઓસિકું નીચું પડે છે? ત્યારે કહે જે, ના. આ તો ગોવિંદભક્તે અમારો ચરો એના બળદને નીર્યો તેથી એની પાઘડી અમે લઈને ઓશિકા તળે મૂકી. પછી તે સવારે મંદિરમાં ગયા ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, અમારો ચરો તારા બળદને નીર્યો તેથી આ પાઘડી અમે લઈ લીધી. માટે હવે આવું કામ કરીશ નહિ. પછી તેણે પાર્થના કરીને કહ્યું જે,

જી બાવા! મારો ગુનો માફ કરો; હવેથી આવું નહિ કરું. ૨/૫૫૧

૪૨. બાપાશ્રીની લખાઈ વાડીમાં કૂવા ઉપર વડનું ડાળ નડતું હતું તે કાપવા બાપાશ્રીના ભત્રીજા ગોવિંદ ભક્ત ચઢ્યા હતા. તે કાપતાં કાપતાં હાથમાંથી કુહાડો નીકળીને કૂવામાં પડ્યો. તેને બાપાશ્રીએ લાંબો હાથ વધારીને કૂવામાંથી કાઢ્યો ને વડ ઉપર લાંબો હાથ કરીને ગોવિંદ ભક્તને આપ્યો, પછી હાથો ઘાલીને ડાળ કાપ્યું. ૨/૫૫૨

૪૩. એક સમયે રાત્રિએ બાપાશ્રી વાડીએ ન ગયા અને સંતો પાસે પોઢી રહ્યા. તે રાત્રિના દોઢ વાગે સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, વાડીમાં સૂવર પેસી ગયાં છે તે બાજરામાં ભંજવાડ કરે છે અને છોકરા ઊંઘી ગયા છે ને રખેવાળ બીજે ગયો છે, માટે અમારે જાવું પડશે. ત્યારે સ્વામી કહે જે; ભલે, પધારો. પછી બાપાશ્રી વાડીએ જતા હતા ત્યાં ડાબા હાથ તરફ એક ઓટો છે. તેમાં જન રહેતો હતો તે વળગવા આવ્યો. તેને પોતાની મૂર્તિમાંથી તેજ દેખાડ્યું, તેથી તેજમાં અંજાઈ ગયો ને ઊભો થઈ રહ્યો. પછી બાપાશ્રી તો ચાલ્યા ગયા ને તેજ જોઈને સૂવર પણ ભાગી ગયાં ને પછી તેજ સંકેલી લીધું. તે જોઈને જનને આશ્ચર્ય થયું જે, આ તો બહુ સમર્થ લાગે છે. પછી તો બાપાશ્રીનાં પગલાં પડેલાં હતાં તેમાં આળોટ્યો તેથી તેની બુદ્ધિ નિર્મળ થઈ, એટલે ત્યાં ને ત્યાં ઊભો રહ્યો. પછી બાપાશ્રી જ્યારે વાડીએથી પાછા મંદિર જતા હતા ત્યારે તેમના પગમાં પડ્યો ને પ્રાર્થના કરવા મંડ્યો જે, તમે તો મહાસમર્થ છો તે તમારા પ્રતાપે મારું કલ્યાણ કરો. મેં તો બહુ જીવ લીધા છે ને અત્યંત પાપી છું, પણ તમારાં દર્શન નિત્ય થાય છે એટલું પુણ્ય છે. હું તમારે શરણે આવ્યો છું ને તમો તો મોક્ષદાતા છો માટે મારો મોક્ષ કરો. ત્યારે બાપાશ્રીએ તેને કહ્યું જે; જા

બદરિકાશ્રમમાં. પછી તે બોલ્યો જે, જ્યાં તમારાં દર્શન થતાં હોય ત્યાં મૂકો. પછી બાપાશ્રીએ તેના ઉપર દયા લાવી પોતાની ઓઢેલી પછેડી હતી તેનો છેડો મારીને કહ્યું જે, જા અક્ષરધામમાં. એમ તે જનનો મોક્ષ કર્યો. પછી આ વાત બાપાશ્રીએ મંદિરમાં જઈને સ્વામી ઈશ્વરચરણદાસજીને કહી. ૨/૫૫૨

૪૪. એક સમયે બાપાશ્રી ડુંગરામાં ધૂળ ખોદતા હતા. તેમને દર્શને બે હરિભક્ત ગયા. તેમણે બાપાશ્રીના હાથમાંથી કોદાળી લઈને ધૂળ ખોદવા માંડી. પછી બાપાશ્રી ધ્યાનમાં બેસી ગયા તે સંધ્યા સમયે ઊઠ્યા ત્યારે તેમણે કહ્યું જે, અમે તો તમારી વાતો સાંભળવા આવ્યા હતા ને તમે તો ધ્યાનમાંથી ઊઠ્યા જ નહિ. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આ ગામમાં એક છોકરે દેહ મૂક્યો તેને ધામમાં મૂકવા ગયા હતા; પછી જ્યારે ઘેર આવ્યા ત્યારે તે છોકરો દેહ મૂકી ગયેલો જોઈને તે હરિભક્તો આશ્ચર્ય પામ્યા. ૨/૫૫૩

૪૫. વૃષપુરમાં આએશપીર સેવાનાથજીએ દેહ મૂક્યો ત્યારે તેના શિષ્ય આએશપીર બાળનાથજીએ બાપાશ્રીને પ્રાર્થના કરી જે, મારી પાસે પૈસા નથી તેમ કાંઈ સગવડ નથી માટે આપ કૃપા કરો તો મને ગાદી મળે. પછી બાપાશ્રીએ કહ્યું જે, ભૂજ પરબારા હજૂરશ્રી પાસે જાઓ; તમને ગાદી આપશે. પછી તે ભૂજ ગયા ને રાવસાહેબે તેને ગાદી આપવાનો હુકમ કર્યો. ત્યારથી બાપાશ્રીને બહુ મોટા પુરુષ જાણીને જ્યારે મળે ત્યારે પ્રાર્થના કરી રાજી કરતા. ૨/૫૫૩

૪૬. ગામ દહીસરામાં કેશરાભાઈના દીકરા દેવજીભાઈના પૌત્ર હરજીએ દેહ મૂક્યો તે જોઈને દેવજીભાઈ બહુ ઉદાસ થઈ ગયા. તે વખતે બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું જે, તમે ઉદાસ કેમ થઈ ગયા છો? અમે તમારા હરજીને સાજો

કરવા આવ્યા છીએ. ત્યારે દેવજીભાઈ કહે બાપા! એ તો દેહ મૂકી ગયો. પછી બાપાશ્રી બોલ્યા જે, જુઓ! તે તો સાજો થયો છે. ત્યારે દેવજીભાઈએ તેની પાસે જઈને જોયું ત્યાં તો હરજી બેઠો થયો ને બાપાશ્રી અદૃશ્ય થઈ ગયા. તે જોઈ દેવજીભાઈ અતિ આશ્ચર્ય પામ્યા. ૨/૫૫૪

૪૭. એક સમયે નારાયણપુરમાં ફૂલડોલને દિવસે બાપાશ્રી ધનજીભાઈની વાડીએ ગયા હતા. ત્યાં આંબા તળે ધ્યાનમાં બેસી રહ્યા. પછી અર્ધા કલાકે જાગ્યા, ત્યારે ધનજીભાઈ આદિક હરિભક્તોએ કહ્યું જે અમારે રંગ નાખવાની હોંશ હતી, પણ આપ તો ધ્યાનમાં બેસી રહ્યા. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે ગોડપરમાં કુંવરજીએ દેહ મૂક્યો તેને ધામમાં મૂકવા ગયા હતા. પછી કુંવરજીનો ભાઈ કાનજી ત્યાં હતો તેને જોઈને બાપાશ્રી બોલ્યા જે, કાનજી! તારો ભાઈ દેહ મૂકી ગયો છે. માટે તું ઝટ ઘેર જા. ત્યારે તે કાનજી ઘેર ગયો. ત્યાં કુંવરજીને દેન દેવા લઈ ગયા હતા. તે અગ્નિસંસ્કાર કરતી વખતે ભેગો થયો, ને બાપાશ્રીએ કરેલી વાત કહી તે સાંભળી સૌ આશ્ચર્ય પામ્યા. ૨/૫૫૪

૪૮. એક સમયને વિષે બાપાશ્રી નારાયણપુર જાદવજીભાઈને ઘેર પધાર્યા હતા ને મેડા ઉપર રાત્રિએ ખાટલા ઉપર સૂતા સૂતા ઘણી વાર વાતો કરી તે ધનજીભાઈના ઘરનાં કેશરબાઈ પણ સાંભળતાં હતાં. પછી જાદવજીભાઈએ કહ્યું જે, સર્વે સૂઈ રહો. પછી સર્વે સૂઈ ગયા, પણ કેશરબાઈ તો નિસરણીનાં પગથિયે બેસી રહ્યાં અને ઘડીક વાર થઈ ત્યાં તો તાળીઓ પડવા મંડી, પછી ઘણાક મોટા મોટા સંતો આવ્યા. તે પરસ્પર મળ્યા ને સામસામી વાતો કરે તે આપણા જેવું બોલે, તે બધું ય સંભળાય પણ સમજાય નહિ. એમ આખી રાત્રિ દેખ્યું. પછી તો પરોઢિયું થયું ત્યારે બાપાશ્રીએ ઊઠીને નિસરણીનાં

પગથિયાં તરફ જોયું, ત્યાં કેશરબાઈને પગથિયે બેઠેલાં દેખીને કહ્યું જે, અમે તો સૂઈ રહ્યા હતા અને તમે તો હજી બેઠાં છો? ત્યારે તેમણે કહ્યું જે, તમારું સૂઈ રહેવું તે બધું આજ જાણ્યું. ત્યાં જાદવજીભાઈ ઊઠ્યા ને કહ્યું જે, શું જાણ્યું? પછી તે કહે જે કાંઈ નહિ. પછી જાદવજીભાઈએ કહ્યું જે ના, કાંઈ છે ખરું. પછી કેશરબાઈએ આ બધી વાત કહી. ત્યારે જાદવજીભાઈ કહે જે, જેમ ઇતરડી ઔમાં રહે તો ય દૂધનો સ્વાદ ન લે અને વાછરડું છેટે રહે તો ય દૂધ ધાવે. તેમ હું ભેગો પાસે સૂઈ રહ્યો ને કાંઈ જાણ્યું નહિ અને તમે જાગીને બધી વાતનું સુખ લીધું. ૨/૫૫૫

**૪૯.** એક સમયે કેશરાભાઈ નારાયણપુર ગયા ત્યાં રાત્રિએ સૂતા હતા. તેમને બાપાશ્રીએ દર્શન દીધું. ત્યારે તે ઊઠીને બાપાશ્રીને મળવા ગયા ત્યાં તો બાપાશ્રી અદૃશ્ય થઈ ગયા, એટલે તે નિરાશ થઈને બેઠા. પછી સવારે ઊઠીને વૃષપુર બાપાશ્રી પાસે ગયા ને મળ્યા ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, રાત્રિએ કેમ ન મળ્યા? ત્યારે કેશરાભાઈએ કહ્યું જે, બાપા! હું તો તમને મળવા ઘણો ય ઊઠ્યો, પણ તમે સંતાઈ ગયા. પછી હું કોને મળું! પણ તમે રાત્રે નારાયણપુરના મેડા ઉપર શી રીતે આવ્યા? ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, જ્યારે કોઈક હેતવાળા હરિભક્ત અતિ હેતે કરીને સંભારે ને ચિંતવન કરે ત્યારે મોટા સંકલ્પ કરે તે સંકલ્પ મૂર્તિમાન થઈને દર્શન આંપે, એમ વાત કરી. ૨/૫૫૬

**૫૦.** એક સમયે બાપાશ્રી દહીસરા કેશરાભાઈને ઘેર પધાર્યા. ત્યાં કેશરાભાઈએ કહ્યું જે; બાપા, આપની ગગીનું સગપણ ઝીણોભાઈ આ ગામમાં કરી ગયા છે. તેનું તો અમે પાણી પણ પીતા નથી, એવા આચાર-ભ્રષ્ટ છે. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, આપણે સારે ઠેકાણે આવતી કાલે સગપણ કરીશું તે તમે પરમ દિવસે જાણશો. એમ કહીને સવારે વૃષપુર પધાર્યા ને તે દીકરીને

માતા નીકળ્યા. તેની પાસે બાપાશ્રી તથા ગામના હરિભક્તો તથા નારાયણપુરના જાદવજીભાઈ તથા પ્રેમજીભાઈ આદિ ફરતા ગામોના કેટલાક હરિભક્તો રાત્રે બેઠા હતા, તે વખતે બાપાશ્રીએ તે દીકરીને કહ્યું જે, તારે ધામમાં જાવું છે કે મટાડવું છે? ત્યારે તે બોલી જે, ઠેઠ મહારાજ પાસે મૂકો તો જાવું છે! અમે તેને કહ્યું જે, અમારા સામું જોઈ રહે. પછી તે દીકરી બાપાશ્રી સામું જોઈ રહી અને દેહ પડી ગયો ને ધામમાં મૂકી દીધી અને બે દીકરાઓને પણ માતા નીકળ્યાં હતાં. તે મેડા ઉપર સૂતા હતા. તેમને પૂછ્યું જે, તમારી બહેનને તો ધામમાં મૂકી દીધી ને તમારે જાવું હોય તો વગર સાધને ઠેઠ મૂકી દઈએ. ત્યારે તે દીકરા બોલ્યા જે, કલ્યાણ તો તમે મળ્યા ત્યારથી થઈ જ રહ્યું છે, પણ અમારે આપની સેવા કરવાની ઇચ્છા છે. પછી તેમને રહેવા દીધા. ૨/૫૫૯

**૫૧.** એક સમયે નારાયણપુરમાં જાદવજીભાઈ માંદા થયા હતા. તેમને તેડવા બાપાશ્રી પધાર્યા. તે વખતે જાદવજીભાઈના મનમાં એમ થયું જે, મને તેડવા તો આવ્યા પણ મેં પૂરાં સાધન કર્યાં નથી, માટે મને બીજે ક્યાંઈક મૂકશે તો શું થશે એવો વહેમ આવ્યો. પછી બાપાશ્રીએ રહેવા દીધા ને સાજા થયા ને થોડા દિવસ પછી ધનજીભાઈનાં માતુશ્રી માંદાં પડ્યાં. તેમને જોવા સારુ દિવસમાં એક વાર બાપાશ્રી આવતા. તે એક દિવસ કાંઈક કામ આવ્યું, તેથી જવાણું નહિ ને બીજે દિવસે ગયા ત્યારે તે બાઈ બોલ્યાં જે, ગઈ કાલે કેમ ન આવ્યા? ત્યારે કહે જે, કામ હતું તેથી અવાણું નહિ. ત્યારે તે બાઈ બોલ્યાં જે, આવતી કાલે કેમ કરશો? ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, આવતી કાલે તો આવ્યા વિના છૂટકો જ નથી, માટે જરૂર આવીશું. પછી બીજે દિવસે સવારમાં વહેલા વૃષપુરથી ચાલ્યા તે નારાયણપુરના ઝાંપામાં આવ્યા. ત્યાં

શ્રીજીમહારાજ તથા બાપાશ્રી આદિ અનંત મુક્ત રંગ રમે છે એવું એ બાઈને દેખવામાં આવ્યું. પછી બાપાશ્રી એમના ઘરમાં આવ્યા ત્યારે તે બાઈએ શ્રીજીમહારાજ સાથે રંગ રમેલા તે રંગવાળી પછેડી બાપાશ્રી પાસેથી માગી લીધી અને કહ્યું જે, આ પછેડી મારી ઉપર ઓઢાડજો. પછી એમણે દેહ મેલ્યો. તેમના ઉપર એ પછેડી ઓઢાડી તેમાંથી ખુશબો ઘણી આવતી હતી, તે જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા જે આ પછેડીમાંથી આવી અલૌકિક ખુશબો ક્યાંથી આવતી હશે? ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, અમે તથા શ્રીજીમહારાજ અને અનંત મુક્ત આ નારાયણપુરના ઝાંપામાં હમણાં જ રંગ રમ્યા તેની ખુશબો છે. પછી જાદવજીભાઈને કહ્યું જે, તમારા કલ્યાણનો વહેમ છે કે મટી ગયો? ત્યારે તે બોલ્યા જે, આ ધનજીની માનું કલ્યાણ કર્યું. એ પ્રમાણે તો મારે હવે વહેમ નથી રહ્યો. પછી જાદવજીભાઈને પણ તેડી ગયા. ૨/૫૫૭

**૫૨.** બાપાશ્રીને ત્રણ વાર સર્પ કરડ્યો. તેમાં એક વાર ગાડામાં નાખવા ઘરમાં આડા લેવા ગયા ત્યાં કરડ્યો. તે ગાડું જોડીને ચાલ્યા ને વાટમાં જતા ચડ્યો. તે ગાડું બીજા મનુષ્યે હાંક્યું ને ઘેર લાવ્યા, પણ ઉતરાવ્યો નહિ ને કોઈને વાત પણ કરી નહિ ને ઊતરી ગયો. બીજી વાર વાડીમાં બપોર વખતે સામો આવીને કરડ્યો તેને ચડવા દીધો નહિ. તે વાત વાદીના જાણવામાં આવી. તેણે વાડીએ આવીને બાપાશ્રીને કહ્યું જે, તમને નાગ ચડ્યો નહિ, માટે તમારી પાસે બહુ ચમત્કારી મંત્ર અથવા બુટ્ટી હોવી જોઈએ તે મને આપો. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, અમારો તો સ્વામિનારાયણ એ જ મંત્ર અને એ જ બુટ્ટી છે. પછી તે વાદીએ પોતાની વિદ્યાથી ઝેર ચડાવ્યું એટલે બાપાશ્રી ઊંડા ઊતરી ગયા ને વાદી બેસી રહ્યો. પછી થોડીક વારે બાપાશ્રી બહાર આવ્યા તે જોઈને આશ્ચર્ય પામ્યો જે આ મંત્ર કે

બુટ્ટીવાળા નથી. આ તો કોઈક મોટા પુરુષ છે. એમ જાણીને પગમાં પડ્યો અને પ્રાર્થના કરી જે, મેં તમને ઝેર ચડાવીને દુઃખ દીધું તે મારો ગુનો માફ કરો. પછી બાપાશ્રીએ કહ્યું જે, અમને તો કાંઈ દુઃખ જ નથી. તમે જ્યાં જતા હોય ત્યાં જાઓ. પછી તે ચાલી નીકળ્યો. વળી ત્રીજે ફેરે કરડ્યો ત્યારે પણ ચડવા દીધો નહિ. તે સર્પ એ ગામનો કણબી હતો. તેની સ્ત્રીને ભગવાન ભજવા દેતો નહિ. પછી બાપાશ્રીએ ત્યાગી બાઈઓના ભેળી તેની સ્ત્રીને મોકલી દીધી. તેનું વૈર હતું તે મુઆ પછી સર્પ થઈને કરડ્યો હતો. ૨/૫૫૮

**૫૩.** એક સમયે અમદાવાદ અને મૂળીના સંતો તથા ગુજરાત ઝાલાવાડના ઘણાક હરિભક્તો વૃષપુરના મંદિરમાં રાત્રે નવ વાગે બેઠા હતા. તેમાં એક હરિભક્તને એમ સંકલ્પ થયો જે, બાપાશ્રીની આગળ હજારો માણસ હાથ જોડીને ઊભા રહે છે અને મોટા મોટા સંત પણ સમાગમ કરે છે, તેથી મોટા તો હશે પણ કાંઈક ચમત્કાર જણાવે તો ખાત્રી થાય. એટલામાં તો મંદિરમાં અને ફળિયામાં પ્રકાશ પ્રકાશ થઈ ગયો તે ઘણી વાર સુધી દેખાયો. પછી ઘરેરાટ શબ્દ ઘણી વાર થયો તે જોઈને સૌ આશ્ચર્ય પામ્યા ને બાપાશ્રીને પૂછવા લાગ્યા જે આ શું હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, કોઈને ચમત્કાર જોવાની ઇચ્છા થઈ હશે તેને ખાતરી થવા સારુ જણાવ્યું. પછી બીજે દિવસે સંત-હરિભક્તો નારાયણપુર ગયા. ત્યાં ધનજીબાઈએ વાત કરી જે, કાલે રાત્રે અગાસી ઉપર બેઠો હતો તે વખતે વૃષપુર તરફથી તેજોમય વિમાન આવ્યું તે મારા માથા ઉપર બે હાથ ઊંચું ઊભું રહ્યું. તેમાં શ્રીજીમહારાજ તથા બાપાશ્રી તથા સ્વામી શ્રી અક્ષરજીવનદાસજી તથા સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી તથા મારા પિતા જાદવજીભાઈ બેઠેલા તે હું

જરાવાર દર્શન કરીને લાંબો હાથ કરી સ્પર્શ કરવા ગયો, ત્યાં તો ઉત્તર દિશા તરફ ચાલ્યું ગયું. ૨/૫૫૯

**૫૪.** મૂળીમાં બાપાશ્રી પાસે લીંબડીથી દીવાનજી સાહેબ, ઝવેરભાઈ તથા મેઘાભાઈ આવ્યા અને દીવાનજીએ બાપાશ્રીને હાર પહેરાવ્યો. પછી સ્વામી હરિનારાયણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી ત્રણેએ બાપાશ્રીને કહ્યું જે, આ હાર ઝવેરભાઈને પહેરાવો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, આ મેઘાભાઈનો એવો સંકલ્પ છે જે, મને હાર પહેરાવે તો હું મોટા માનું માટે એમને પહેરાવવો પડશે. એમ કહીને તે હાર મેઘાભાઈને આપ્યો. ત્યારે મેઘાભાઈએ કહ્યું જે, અંતર્યામીપણાની ખાત્રી કરવા સારુ મેં આવો સંકલ્પ કર્યો હતો. ૨/૫૬૧

**૫૫.** ભૂજના કોટવાળસાહેબ ધનજીભાઈ બાપાશ્રીના યજ્ઞ ઉપર રજા ન મળી તેથી નોકરી છોડી દેવાનો સંકલ્પ કરીને વૃષપુર ગયા ને બાપાશ્રીનાં દર્શન કર્યાં. ત્યારે બાપાશ્રીએ તેમને કહ્યું જે, તમે નોકરી છોડી દેવાનો સંકલ્પ કરી અહીં આવ્યા છો તે મૂકી દો અને જેમ ચાલે છે તેમ ચલાવો. તમને અમે મહારાજની મૂર્તિમાં રાખ્યા છે; કાંઈ પણ અધૂરું માનશો નહિ. પછી તે યજ્ઞની સમાપ્તિનાં દર્શન કરી ભૂજ પાછા ગયા. ૨/૫૬૩

**૫૬.** પાટડીમાં એક જણના ઘરમાં જન રહેતો. તે ઘરમાં રાત્રિએ કોઈથી રહેવાતું નહિ ને જે રહે તેનો જીવ લેતો. તે ઘર લઈને ભાઈઓનું મંદિર કરવાની બાપાશ્રીએ નાગજીભાઈને આજ્ઞા કરી, તેથી નાગજીભાઈએ તે ઘર લઈને મંદિર કરાવ્યું. ત્યાં મૂર્તિની પ્રતિષ્ઠા કરવા બાપાશ્રી સંવત્ ૧૯૭૨ના ફાગણ વદ ૧૨ ને રોજ પધાર્યા હતા. તે દિવસે પ્રતિષ્ઠા કરતી વખતે બાપાશ્રી બોલ્યા જે આ ખૂણામાં જન ઊભો છે તે અમારાં દર્શન કરવા સારુ રહ્યો હતો. તેને અમે મૂર્તિના સુખમાં મૂકી દીધો. એના રહેવાથી ઘર

સોંઘું મળ્યું, એટલી એની સેવા માની એનો મોક્ષ કર્યો. ૨/૫૬૫

**૫૭.** બાપાશ્રી કચ્છમાંથી ગુજરાત તરફ સંઘે સહિત આવ્યા હતા. તે પાછા કચ્છમાં જતા વાંકાનેર ઊતર્યા. ત્યાં ઢુવાવાળા દરબાર રવાજીભાઈએ આવીને બાપાશ્રીને ઢુવા લઈ જવા પ્રાર્થના કરી ત્યારે બાપાશ્રી બોલ્યા જે, હાલ ઢુવા આવી શકાશે નહિ પણ અમે ઢુવામાં સદાય છીએ. એમ કહીને બોલ્યા જે, આવો આપણ મળીએ. પછી મળ્યા તે રવાજીભાઈની દૃષ્ટિ નિરાવરણ થઈ ગઈ. તેથી તે બહુ રાજી થયા. ૨/૫૬૫

**૫૮.** રાજકોટના મિસ્ત્રી કલ્યાણજીભાઈની દીકરીને જન વળગ્યો હતો તે ઘણા ઉપાયથી ન ગયો. પછી બાપાશ્રી મૂળીએ સમૈયો કરવા આવ્યા હતા, ત્યાં એ દીકરીને લઈને આવતાં રેલમાં એ બાઈને બાપાશ્રીનાં શ્વેત વસ્ત્ર પહેરેલાં એવા તેજોમય દર્શન થયાં. પછી તે ધ્રૂજવા લાગી ને તેમાં જન હતો તે બોલ્યો જે, આ મને બાળે છે. એમ બોલતાં બોલતાં મંદિરમાં આવ્યા ને ઉતારો કરીને ઠાકોરજીનાં દર્શન કર્યાં. પછી કલ્યાણજીએ બાપાશ્રીને આસને આવીને પ્રાર્થના કરી જે, મારી દીકરીને જન વળગ્યો છે તેથી હું બહુ દુઃખિયો છું. માટે કૃપા કરીને એને કાઢો. પછી બાપાશ્રીએ કહ્યું જે, આ સભાની ચરણરજ લઈ જઈને એ બાઈને માથે નાખજે. પછી તે બાઈને માથે નાખી એટલે તરત જન ભાગી ગયો. ૨/૫૬૬

**૫૯.** મૂળીમાં સ. ગુ. સ્વામી હરિનારાયણદાસજી માંદા થયા ત્યારે ઢુવાવાળા રવાજીભાઈએ શ્રીજીમહારાજની ને બાપાશ્રીની પ્રાર્થના કરી જે, સ્વામીશ્રીને પાંચ વરસ રાખો તો ઘણો સમાસ થાય. ત્યારે બાપાશ્રીએ તેમને દર્શન આપ્યાં ને બે પડખે સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી દેખાયા. પછી બાપાશ્રી બોલ્યા જે, એમને અહીં રહેવાની મરજી નથી માટે અમે

તેડી જઈશું. એમ કહીને અદૃશ્ય થયા. ત્યાર બાદ સ્વામીશ્રીએ દેહોત્સવ કર્યો. ૨/૫૬૬

૬૦. એક સમયે ગોધાવીના માસ્તર જગન્નાથ વૃષપુર ગયા ત્યારે તો એમનો પગાર કપાશે, ત્યારે બાપાશ્રી બોલ્યા જે, પગાર નહિ કપાય. ૨/૫૬૭

૬૧. સંવત્ ૧૯૭૬ના માગશર વદ ૮ને રોજ ગામ મેડાના મંદિરમાં મૂર્તિ પધરાવવાનું મુહૂર્ત હતું. તેથી નરભેરામ પૂજારીને બાપાશ્રીને તેડી લાવવા કચ્છમાં મોકલ્યા. તેને બાપાશ્રીએ કહ્યું જે, વચલી મોટી મૂર્તિ પધરાવવાની ઉચ્છવણી રૂ.૫૦૦ની મોહનભાઈ ભલાભાઈ બોલશે, તે મૂર્તિ તમારે હાથે પધરાવાય તો જાણજો જે અમે આવ્યા છીએ. પછી નરભેરામ મેડા ગયા અને મૂર્તિ પધરાવતી વખતે મોહનભાઈને બોલાવવા ગયા, પણ તે ઉચ્છવણીના કામમાં રોકાવાથી તેમણે નરભેરામને કહ્યું જે, મારે સાટે તમે પધરાવજો. પછી તે મૂર્તિ નરભેરામે પધરાવી ને સૌને ઉપરની વાત કરી. ૨/૫૬૮

૬૨. એક સમયે બાપાશ્રી તથા સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો-હરિભક્તો કરાંચી પધાર્યા હતા. ત્યાં એક દાક્તરે નીકળતી વખતે રોકવાનો આગ્રહ કર્યો, ત્યારે બાપાશ્રી બોલ્યા જે, અમારા દાક્તર નાગરદાસભાઈ વિરમગામમાં માંદા છે ત્યાં જવું છે, તો પણ બહુ આગ્રહ કરીને રોક્યા તેથી રહ્યા. તે વખતે વિરમગામમાં નાગરદાસભાઈને બાપાશ્રી તથા સંતોનાં દર્શન થયાં તેથી બહુ આનંદ પામ્યા ને બોલ્યા જે, બાપા! આપ કરાંચી હતા ને ત્યાંથી અહીં ક્યારે આવ્યા? આપે મને દર્શન આપીને સુખિયો કર્યો; ત્યારે બાપાશ્રી બોલ્યા જે, અમે એક દાક્તરના રોકવાથી કરાંચી છીએ, પણ તમે બહુ સંભાર્યા તેથી દિવ્યરૂપે દર્શન આપ્યાં; એમ

કહીને અદૃશ્ય થઈ ગયા. ૨/૫૬૭

૬૩. મોરબીના ફોજદાર સાહેબ કાળુભાને સ્વામી શ્વેતવૈકુંઠદાસજીએ કહ્યું જે, તમે વર્તમાન ધારો. ત્યારે તેમણે કહ્યું જે, શ્રીજીમહારાજ અને બાપાશ્રી મને દર્શન આપે તો કંઠી બાંધું. પછી તે માંદા થયા. તેમને શ્રીજીમહારાજ તથા બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું જે, તમારી આયુષ્ય પૂરી થઈ છે પણ તમને રાખવા છે ને કંઠી બાંધજો એમ કહીને અદૃશ્ય થઈ ગયા. પછી તે સાજા થયા ને મંદિરમાં આવીને વર્તમાન ધરાવ્યાં. પછી જ્યારે બાપાશ્રી સંઘે સહિત છપૈયે જતા હતા ત્યારે મોરબીથી ગોવિંદભાઈ તથા કાળુભા રાજકોટમાં આવીને મળ્યા. પછી કાળુભા બોલ્યા જે, તમે મને મંદવાડનાં દર્શન આપ્યાં હતાં ત્યારે તો તેજોમય દેખાયા હતા, એમ કહીને બીજી વાર મળ્યા. તેમને બાપાશ્રીએ ફેર વર્તમાન ધરાવીને પ્રસાદીની કંઠી આપી અને બોલ્યા જે, અમે તમને તેડવા આવશું. પછી બાપાશ્રી મૂળી ગયા અને તે બંને મોરબી ગયા. તેમણે દેહ મૂક્યો ત્યારે બાપાશ્રી ઘણાકને દર્શન આપી તેડી ગયા હતા. ૨/૫૭૦

૬૪. સંવત્ ૧૯૭૯ની સાલમાં ધ્રાંગધ્રાના સોની લીલાધર કુટુંબે સહિત વૃષપુર ગયા હતા. પછી પોતાના ગામ પાછા આવતી વખતે બાપાશ્રીએ એમના ત્રણ દીકરાનાં કાંડાં ઝાલ્યાં, તે બે ભાઈનાં મૂકી દીધાં ને નાના ભાઈ મોહનનું કાંડું ઝાલી રાખ્યું ને કહ્યું જે, તને તો સેવામાં રાખવો છે; એમ કહીને એનું કાંડું પણ મૂકી દીધું. પછી તે ધ્રાંગધ્રે ગયા. ત્યાં મોહનને મંદવાડ થઈ ગયો તેને બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું જે, તને પૂનમના રોજ બપોરે બાર વાગે તેડી જઈશું એમ કહીને અદૃશ્ય થઈ ગયા. પછી આ વાત તેના બાપને કરી તેથી તેના બાપે બાપાશ્રીને તાર કર્યો જે, મોહનને સાટે મને લઈ જાઓ પણ એને રાખો.

પછી બાપાશ્રીએ તારનો જવાબ આપ્યો જે. તમારી પ્રાર્થના મંજૂર. તે જોઈને તાર માસ્તર મણિલાલભાઈ સત્સંગી થયા અને મોહનને મંદવાડ મટી ગયો. ૨/૫૭૧

૬૫. એક સમયે વિરમગામના મંદિરમાં એક માણસ આવ્યો તેને રાત્રિએ મંદિરમાં સૂવા દીધો. પછી તે માણસ રાજકવિ હમીરદાનજીનો ટ્રંક ઉપાડી બહાર જતો રહ્યો. ત્યારે પૂજારી નરભેરામને બાપાશ્રીએ દર્શન આપી કહ્યું જે, પેલો માણસ ટ્રંક લઈને બહાર જતો રહ્યો, તેની કેડે જાઓ. પછી તે તથા સાધુ ગોપીવલ્લભદાસજી આદિક કેડે ગયા. પછી એને પકડીને ટ્રંક લઈ આવ્યા. ૨/૫૭૨

૬૬. એક સમયે માનકૂવાથી બે બાઈઓ બાપાશ્રીને દર્શને જતાં ડુંગરામાં શ્રીજીમહારાજની પ્રસાદીનું સ્થાન છે ત્યાં આગળ વાતો કરતાં જતાં હતાં, જે બાપાશ્રીનાં દર્શન કરશું, પછી અન્ન-જળ લઈશું. તે સાંભળી જુમલો નામનો જન હતો તેણે જાણ્યું જે આ કોઈક મહાત્મા પુરુષ પાસે જાય છે માટે હું પણ ભેળો જાઉં તો મારો મોક્ષ થાય. એમ જાણી એક બાઈમાં પ્રવેશ કર્યો. પછી તે બાઈઓએ જાંબુડાવાળી નવી વાડીમાં આવી બાપાશ્રીનાં દર્શન કર્યાં. ત્યાં જે બાઈમાં જને પ્રવેશ કર્યો હતો તે બાઈ ધૂણવા લાગી. ત્યારે બાપાશ્રીએ પૂછ્યું જે, તું કોણ છે? ત્યારે તે બોલ્યો જે, હું જુમલો છું, મારો મોક્ષ કરો. તમે બહુ મોટા છો અને હું મોક્ષ માટે જ આવ્યો છું. પછી એને અક્ષરધામમાં પહોંચાડી દીધો. ૨/૫૭૨

૬૭. સંવત્ ૧૯૮૧ની સાલમાં નારાયણપુરના રામજી ધનજીનો દીકરો દેવરાજ અઢી વરસનો હતો તે ઊંડી કુંડીમાં પાણી ભરેલું હતું. તેમાં પડી ગયો. તેને બાપાશ્રીએ દર્શન આપીને હાથે ઝાલીને બહાર કાઢી લીધો. તે ભીને લૂગડે રોતો

રોતો વાડીમાં રામજીભાઈ આદિ માણસો કામ કરતા હતા ત્યાં આવીને વાત કરી જે, હું કૂંડીમાં પડી ગયો હતો ને બુડાતો હતો. ત્યાં અજવાળું થઈ ગયું ને બાપા દેખાણા. તેમણે હાથે ઝાલીને મને બહાર મૂકી દીધો. ૨/૫૭૩

૬૮. સંવત્ ૧૯૮૨ની સાલમાં બાપાશ્રી સરસપુરમાં હતા અને કાનજીભાઈ તથા મનજીભાઈનાં માતુશ્રીને જે દિવસે તાવ આવવાનો હતો તે દિવસે બાપાશ્રીએ અનંત સંતો ને મહારાજ સાથે વૃષપુરમાં એક હરિભક્તને દર્શન આપ્યાં. ત્યારે તેણે કહ્યું જે, આટલા બધા સંતોને ક્યાં ઉતારશો? ને શું ખાવા આપશો? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, તારાં માતુશ્રીને આજ તાવ આવશે ને પરમ દિવસે અમે તેડવા આવીશું; એમ કહીને અદૃશ્ય થઈ ગયા પછી તેમને તાવ આવ્યો ને ત્રીજે દિવસે બાપાશ્રી એવી જ રીતે તે હરિભક્તને દર્શન આપી તેડી ગયા. તેમને દેહ મૂક્યાનો તાર બાપાશ્રી ઉપર આવ્યો. પછી બાપાશ્રીએ સ્વામીને કહ્યું જે, ગયે વર્ષે એ મેડીથી પડ્યાં હતાં અને બહુ વાગ્યું હતું. તેમને ધામમાં મૂકવા હતાં પણ તમે ના પાડી. પછી અમે કહ્યું જે, તમે રાખવાનું કહો છો પણ તમને આડાં આવશે તો પણ તમે રખાવ્યાં. તે આજ આડાં આવ્યાં, કેમ જે આપણે પંદર-વીસ દિવસ અહીં રહેવું હતું તે હવે જવું પડશે. એમ વાત કરી તૈયાર થઈ પોતે વૃષપુર પધાર્યા. ૨/૫૭૩

૬૯. બામણવામાં પુરુષોત્તમ-લીલામૃત-સુખસાગરની કથા વંચાતી હતી. તે વખતે હરિભક્તોને શ્રીજીમહારાજ તથા બાપાશ્રીનાં તેજોમય દર્શન થયાં, તે જોઈ સૌ આશ્ચર્ય પામ્યા. ૨/૫૭૬

૭૦. સંવત્ ૧૯૮૪ના અષાડ સુદ ૪ને રોજ ગામ કણભામાં આશાભાઈને બાપાશ્રી કેરીનો રસ, પૂડલાં આદિ ભોજનનો થાળ લાવેલા એવાં દર્શન દઈને કહ્યું જે, જમો. ત્યારે

આશાભાઈ કહે અત્યારે આ થાળ લઈ આપ ક્યાંથી પધાર્યા? ત્યારે બાપાશ્રી કહે જે, તમને જમાડવા આવ્યા છીએ, તે જમો. પછી આશાભાઈ જમ્યા ત્યારે બાપાશ્રી કહે જે, હવે અમે જઈએ છીએ; એમ કહી અદૃશ્ય થઈ ગયા. ૨/૫૭૭

૭૧. ભૂજના તાર માસ્તર શંકરભાઈને બાપાશ્રીએ અંતર્ધાન થયા તે વખતે દર્શન દઈને ખભા ઉપર હાથ મેલીને કહે જે, હવે જય સ્વામિનારાયણ; અમે જઈએ છીએ. એમ દર્શન દઈને અદૃશ્ય થઈ ગયા એટલે માસ્તર ઘણા શોકાતુર થઈ ગયા ને જાણ્યું જે બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો હતો તે નક્કી અંતર્ધાન થયા હશે. એમ ધારીને શોકમાં બેઠા હતા, ત્યાં તો લાલશંકરભાઈ વૃષપુરથી આવ્યા અને કહ્યું કે બાપાશ્રી ધામમાં પધાર્યા. પછી આ વાત એમણે લાલશંકરભાઈને કહી. ૨/૫૭૭

૭૨. વિરમગામમાં વઢવાણવાળા દેપાળા અમરશીભાઈને રાત્રિના બાર વાગે અંતર્ધાન થયા તે વખતે બાપાશ્રીએ સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું જે, સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો બાઈઓના મંદિરમાં ચરણારવિંદ પધરાવવા ગયા છે તે ચાલો આપણે જઈએ; એમ કહીને મંદિરમાં ગયા. પછી બાપાશ્રીએ ચરણારવિંદ ઉપર હાથ ફેરવ્યો, એટલામાં તો તેજ તેજ થઈ રહ્યું અને મહા ઘાટો પ્રકાશ થઈ ગયો. તે પ્રકાશમાં એક વિમાન દેખાયું. પછી તેમાં બાપાશ્રી બેસીને તેજના સમૂહમાં આકાશ માર્ગે પધાર્યા; એવાં દર્શન થયાં. ૨/૫૭૮

૭૩. ભૂજના સાધુ રામચરણદાસજી (વૃષપુરવાળા)ને ભૂજની સભામાં અષાડ વદ ૧૦ને રોજ શ્રીજીમહારાજનાં દર્શન થયાં. તે દિવ્ય તેજોમય અને ચારેકોરે અનંતકોટિ મુક્તો પ્રાર્થના કરતા, એવાં ઝળઝળાટ તેજમાં દર્શન થયાં અને ચરણારવિંદમાં સોળ ચિહ્‌ન જોયાં અને પડખે એવા જ તેજોમય બાપાશ્રીને

દેખ્યા. પછી તેમણે પૂછ્યું જે હે બાપા! તમે તો અપાર તેજોમય છો. તે સાંભળી બાપાશ્રી કહે અમે તો સદાય દિવ્ય તેજોમય છીએ. પછી તે સંત શિખરમાં મૂર્તિઓનાં દર્શન કરવા ઊઠ્યા તે સુખ સજ્જામાં શ્રીજીમહારાજની મૂર્તિ પાસે પણ બાપાશ્રીનાં દિવ્ય તેજોમય દર્શન થયાં અને સર્વે અંગોઅંગમાં દિવ્ય તેજની શેડો છૂટે અને મોતી જડ્યાં હોય તેમ ભાસ્યું, એવું અતિ અલૌકિક તેમને દર્શન થયું. ૨/૫૮૦

**૭૪.** સંવત્ ૧૯૮૪ના શ્રાવણ વદ ૬ને રોજ સવારે બે વાગે વૃષપુરમાં બાપાશ્રીની ત્રણે વાડીમાં ચંદનનો વરસાદ થયો ને ભેગો અત્તરનો સુગંધ પણ હતો. તેની ખબર વદ સાતમને રોજ સાંજના સાત વાગે પડી. પછી સભામાં સદ્‌ગુરુઓ તથા સંત પાર્ષદ તથા દેવરાજભાઈ આદિ ઘણા હરિભક્તો આશરે પચાસેક હતા. તે જાદવા આશાએ બાપાશ્રીના ઘેરથી કણજરા આદિનાં ઘણાં પાંદડાં ઉપર ચંદન વળગેલું એવાં લાવીને મૂક્યાં. તેને જોઈને સૌ ઘણું આશ્ચર્ય પામ્યા. પછી તરત વરસાદ થયો ને બધું ધોવાઈ ગયું. પછી સંત-હરિભક્તો તેવે ટાણે વાડીમાં ગયા પણ હાથ ન આવ્યું ને અંધારું થઈ ગયું. તે કોઈ કોઈને દેખે નહિ. પછી બાપાશ્રીના પૌત્ર હરજીભાઈ કેળનાં પાંદડાં ઉપર વરસાદથી ધોવાતાં ધોવાતાં થોડું રહી ગયેલું તે લાવ્યા; તેને જોઈને સૌને ઘણો આનંદ થયો. પછી તે દિવસે રાત્રિએ રામજી કરસન જેસાણીને બાપાશ્રીએ દર્શન દઈને કહ્યું કે ચંદનનો વરસાદ તો અમે છઠના બપોરે બે વાગે કર્યો હતો પણ તમો સર્વેએ બીજે દિવસે જાણ્યું છે. અને આવતી કાલે આઠમને દિવસે કાકરવાડીમાં ચંદનનો વરસાદ કરીશું, જેને જોવું હોય તે જોજો. વળી તે દિવસે રામજીને કોઈક દ્વેષબુદ્ધિવાળાએ પાણીમાં ઝેર પાયું તે બહુ ચડ્યું ને ગળુ બંધ થઈ ગયું, પણ બાપાશ્રીએ ઊલટી કરાવી. પછી

સાંજે આરતી થયા કેડે મંદિરમાં તેમને લાવ્યા અને સ્વામીશ્રી વૃંદાવનદાસજીને કહ્યું જે આને કાંઈક વળગાડ જેવું લાગે છે તે પાઠ કરો. પછી સ્વામી બોલ્યા જે તેને વળગાડ નથી; એમને કોઈકે ઝેર પાયું છે. ઘેર જઈને ખૂબ ઘી પાઓ. પછી ઘેર જઈને ઘી પાયું એટલે તુરત બોલવા માંડ્યો ને સાજો થઈ ગયો. પછી વદ સાતમની રાત્રે બાપાશ્રીએ દર્શન દીધાં તે સમે વરસાદની તથા આ ઝેરની વાત કરી કે તુને ઝેર બહુ આકરું દીધું હતું; થોડીક મુદતમાં પ્રાણ નીકળી જાય એવું હતું પણ અમોએ ઊલટી કરાવીને સ્વામી વૃંદાવનદાસજી દ્વારે ઘી પાવાનું કહ્યું. માટે હવે ભૂલીશ મા. જ્યાં ત્યાં પાણી પીવું નહિ ને ખાવું નહિ. પછી તે કહે જે, બાપા એ તો મારે ન ચાલે, માટે રક્ષા કરજો, નહિ તો મને ધામમાં વહેલા લઈ જજો. પછી બાપાશ્રી બોલ્યા જે, અમે તારી રક્ષા કરતા આવીએ છીએ એમ કહી અદૃશ્ય થઈ ગયા. ૨/૫૮૩

**૭૫.** એક સમયે કરાંચીમાં લાલુભાઈની દીકરી દિવસના પાંચ વાગે સિંહાસન પાસે કૂંચીઓ હતી તે લેવા જતાં પડખે બાપાશ્રીની મૂર્તિ સામું જોયું તો બાપાશ્રીની આંખો મોટી જણાવા લાગી અને નેત્રમાંથી તેજની શેડો નીકળવા માંડી, તે જોઈ બહુ આનંદ પામી. એટલામાં લાલુભાઈ આવ્યા ને તેમને શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના હસતે મુખે દર્શન થયાં તેથી આનંદ પામ્યા. વળી એક સમયે ઠાકોરજી આગળ થાળ ધરેલ તેમાંથી મહારાજ તથા બાપાશ્રી જમવા લાગ્યા. તે જોઈ લાલુભાઈ બહુ જ આનંદ પામ્યા. ૨/૫૮૪

**૭૬.** એક સમયે લુણસરના મંદિરમાં સ્વામી શ્વેતવૈકુંઠદાસજી બાપાશ્રીની વાતો વાંચતા હતા. તે વખતે ભગવાન ભક્તને બાપાશ્રીનાં તેજોમય દર્શન થયાં, પછી તેણે વાત કરી જે, આ

કથા વાંચવા માંડી ત્યારથી વાંચી રહ્યા ત્યાં સુધી મને બાપાશ્રીનાં તેજોમય દર્શન થયાં. ૨/૫૮૫

૭૭. સંવત્ ૧૯૯૨ની સાલમાં સવારના પાંચ વાગે કરાંચીમાં લાલુભાઈને ઘેર બાપાશ્રી આદિ અનંત મુક્તો ઓસરીમાં તેજોમય ફરતા હતા, એવાં દર્શન થયાં. પછી તેમણે દંડવત્ કર્યા ને તેમના દીકરા હરિલાલને કહ્યું જે, તું સૌ હરિભક્તોને ખબર આપ જે, અમારે ઘેર બાપાશ્રી આદિક મુક્તો નવીન રૂપે દર્શન આપે છે, તે જેને દર્શન કરવાં હોય તે આવો. પછી સૌ આવ્યા ને પગે લાગીને નવીન સ્વરૂપ જોઈ રહ્યા અને લાલુભાઈ તો પલાંઠી વાળીને બાપાશ્રીના સામા બેઠા. તેમને બાપાશ્રીએ દિવ્ય હાર પહેરાવ્યો. તે હારમાંથી બહુ સુગંધી આવવા માંડી. પછી બાપાશ્રી કહે જે લાલુભાઈ! અમને પાણી પાઓ ત્યારે લાલુભાઈએ તેમનાં ઘરના માણસોને કહ્યું જે, પાણી લાવો, ત્યારે બાપાશ્રી કહે જે, આ સામા લોટામાં છે તે આપો. પછી બાપાશ્રીએ જળ પીધું અને કહે જે ખુરશી મંગાવો તો બેસીએ. પછી વળી કહ્યું જે, અમને ઊંઘ બહુ આવે છે તે આસન પાથરી દો; સૂવું છે. એમ કહીને જમીન ઉપર પાથર્યા વિના સૂઈ ગયા. પછી લાલુભાઈએ કહ્યું જે, આમ ને આમ સૌને દર્શન આપો. હું પાથરવા આસન લાવું છું. એમ કહી આસન લેવા ગયા. ત્યાં બાપાશ્રી અદૃશ્ય થઈ ગયા. વળી એક સમયે લાલુભાઈની દીકરી મેડેથી ઊતરતાં પગથિયું ભૂલવાથી પડી ગયાં. તેને બાપાશ્રીની છબીએ લાંબો હાથ કરીને ઝાલી લીધી. તેણે લાલુભાઈને વાત કરી જે, આ મૂર્તિઓ લાંબો હાથ કરીને મને ઝાલી લીધી. ૨/૫૮૬

૭૮. એક સમયને વિષે રાત્રિના ૧૨ વાગે ગામ કણભામાં આશાભાઈ તથા તેમના દીકરા ગોવિંદભાઈ સૂતા હતા. તેમને બાપાશ્રીએ દર્શન આપી જમાડ્યા ને કહ્યું જે, તમને મારવાને માટે

શત્રુ આવે છે, પણ અમે તમારી રક્ષા કરશું; તો પણ તમે સાવધાન રહેજો ને ઊંઘશો નહિ. એમ કહી અદશ્ય થઈ ગયા. પછી શત્રુઓ આવી દાંતીઓના ઘા કરવા માંડ્યા પણ બાપાશ્રીએ એમના ઉપર લોઢાનું પાંજરું કરી દીધું અને વાગવા દીધું નહિ અને એક-બે દાંતીઓ ભાંગી ગઈ. પછી એ લોકોને બહુ મનુષ્ય દેખાડ્યાં, તેથી ભય પામી ભાગી ગયા. ૨/૫૮૭

૭૯. બાપાશ્રીનો સ્વભાવ ખૂબ જ દયાળુ હતો. તેમાં પણ તેમના હેતવાળા હરિભક્તોનું દુઃખ તો તેઓ જરાય જોઈ શકતા નહોતા. હરિભક્તને દુઃખ પડે તો તરત જ વ્હારે ધાતા અને દુઃખથી મુક્ત કરતા. તેમના પરમ કૃપાપાત્ર સ્વામી ઈશ્વરચરણદાસજીને આંખના રોગની તથા કેડની આંટીની તથા શૂળની પીડા મટાડી, સાધુ પુરુષોત્તમપ્રિયદાસજીને કૂતરું કરડ્યાની વેદનાથી છોડાવ્યા. વઢવાણના મણિલાલભાઈ લપસી પડ્યા હતા ને વાગ્યું હતું. તેમની પીડા હરી લીધી. કરાંચીના લાલુભાઈને ગાડી ભટકાવાથી ઘણું વાગ્યું હતું. તેમને પાટા છોડી હાથ ફેરવીને સાજા કર્યા, માથકના ભગવાનજીભાઈનાં દીકરી શાંતિબાઈને તથા અમૃતલાલભાઈના ઘરનાં મનુષ્ય કસ્તુરબાઈને અગ્નિથી દાઝવાથી થતી બળતરા મટાડી. સરાના મણિલાલભાઈના દીકરાને તાવથી ઉગાર્યો, સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજીને આંખેથી મોતિયા કઢાવ્યાની ગરમીથી મુક્ત કરી શાંતિ પમાડી. લુણાવાડાના રણછોડલાલભાઈને એલચી આપી મરડો મટાડ્યો. પોતાનાં દીકરી રાધાબા તથા કણભાના પટેલ ભલાભાંઈની મંદવાડ થકી રક્ષા કરી હતી ઇત્યાદિ ઘણા હરિભક્તોની દેહના દુઃખથી પોતાના પ્રતાપે રક્ષા કરી હતી.

૮૦. શ્રીજીમહારાજે આ પૃથ્વી પર દૃષ્ટિગોચર થઈ આત્યંતિક મોક્ષની નૌતમ રીત ચલાવી છે. પોતાના આશ્રિતોને

અંત સમે દર્શન દઈ પોતાના ધામમાં લઈ જવાનો અદ્વિતીય ચીલો પાડ્યો છે. પરમકૃપાળુ બાપાશ્રીએ પણ શ્રીજીમહારાજનો આ ચીલો ચાલુ રાખ્યો. બાપાશ્રી પણ શ્રીજીમહારાજના આશ્રિત અને આજ્ઞામાં ખબડદાર રહી વર્તનાર તથા પોતાને વિષે હેતવાળા હરિભક્તોને અંત સમે શ્રીજીમહારાજ સહિત દર્શન આપી ધામમાં તેડી જતા. આવા કેટલાંક કૃપાપાત્રોમાં ધનબા ડોશીના ભત્રીજા કાનજી ભક્ત, વાંકાનેરના સોની રવજીભાઈ, વિરમગામના ઠક્કર મોરારજીભાઈ, વઢવાણ કાંપના પોસ્ટલ ઈન્સ્પેક્ટર મોહનલાલભાઈની બે દીકરીઓ ઝવેરબાઈ તથા નાની બહેન મંગળા, લુણાસરના જેઠા ભક્ત, મોરબીવાળા શામજીભાઈ, કરાંચીના લાલુભાઈનાં ઘરનાં ગંગાબાઈ તથા મૂળી મંદિરના સ્વામી રામકૃષ્ણદાસજી ઇત્યાદિ હતા. વળી ઘણાને તો બાપાશ્રી અગાઉથી ધામમાં તેડી જવાનો સમય અથવા દિવસ જણાવી તે પ્રમાણે તેડી જતા. આવો અનેરો લાભ મેળવનારાઓમાં કાણોતરના બાપુભાઈ, ઉપરદળના રામજીભાઈ, મૂળીના સ્વામી શ્વેતવૈકુંઠદાસજીના સાધુ સનાતનદાસજી, કરાંચીના સાંખ્યયોગી ભાણુબાઈ, વિરમગામના કોઠારી ફૂલચંદભાઈ, ડાંગરવાના દલસુખભાઈ મિસ્ત્રીનાં મા ઝવેરબાઈ, ધ્રાંગધ્રાનાં સાંખ્યયોગી ચંચળબાઈ, વૃષપુરના રામજીભાઈ ગરાળાના દીકરા હરજીભાઈ, કરાંચીના મિસ્ત્રી નાજુભાઈનાં બહેન સાકરબાઈ, ધરમપુરના દેવજીભાઈ વરમોળા, બળોલના કોળી હરિભક્ત, મૂળીના સાધુ સંતદાસજી, અમદાવાદનાં નાગર બ્રાહ્મણ દિવાળીબાઈ તથા પાટડીવાળા નાગજીભાઈના ભાઈ ત્રિભોવનભાઈ આદિનો સમાવેશ થાય છે. હાલ પણ શ્રીજીમહારાજ તથા બાપાશ્રી પોતાના ખરેખરા હરિભક્તોને અંત વખતે દર્શન આપી, ચમત્કાર દેખાડી તેડી જાય છે.

૮૧. શ્રીજીમહારાજ અંતર્ધાન થયા ત્યારે ઘણા હરિભક્તો શોકાતુર થયા હતા તથા ઘણા હેતવાળાના સંકલ્પ અધૂરા રહી ગયા હતા. તે સર્વેને શોકથી મુક્ત કરવા તથા તેમના મનોરથ પૂર્ણ કરવા શ્રીજીમહારાજ દિવ્યરૂપે દર્શન દેતા. બાપાશ્રીએ પણ પોતે અંતર્ધાન થયા પછી શ્રીજીમહારાજ તથા પોતાને વિશે અનન્ય પ્રીતિવાળા હરિભક્તોના શોકનું નિવારણ કરવા તથા તેમના મનોરથ પૂર્ણ કરવા તેમને દિવ્યરૂપે દર્શન આપ્યા હતા. બાપાશ્રીના દિવ્યરૂપનાં દર્શન કરવાનો લાભ બાપાશ્રીનાં દીકરી વાલબા, વૃષપુરના મૂળજી પર્વતનાં ઘરનાં તેજાબાઈ, અણદાભક્ત કેરાઈ, પ્રેમજી હીરજી, જાદવજી કાનજી, રામજી હીરજી, રામપુરનાં કાનબા, પ્રેમબા, નારાયણપુરના અમરબા, મેઘપરનાં અમરબા, બામણવાના ગોવાભાઈ તથા કણભાના આશાભાઈ આદિ બાપાશ્રીને વિષે અનન્ય પ્રીતિ ધરાવતાં હરિભક્તોને મળ્યો હતો. આજે પણ શ્રીજીમહારાજ તથા બાપાશ્રીને અતિ હેતે સહિત સંભારનાર 'હરિભક્તોને શ્રીજીમહારાજ તથા બાપાશ્રી પ્રત્યક્ષ દર્શન આપે છે.

---

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે–

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવાએકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.